**અમદાવાદના મે. સ્પે. સીટી સેસન્સ જજ સાહેબ ની કોર્ટમાં**

**સે. કે. નં. ૨૩૫/૦૯ અને બીજા**

**ફરીયાદી :-** સરકાર

**વિરૂધ્ધ**

**તોહમતદારો :-** નરેશ અગરસિંગ છારા અને બીજાઓ

ઈ.પી.કો.ક.૧૨૦(બી),૧૫૩, ૧૫૩(ક)(૨),૧૮૬, ૧૮૮, ૨૦૧, ૨૯૫, ૨૯૫(૫), ૨૯૮, ૩૦૨, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૩૩૨, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૪૩૫, ૪૩૬, ૪૨૭, ૪૪૦ સાથે વાંચતા ૧૪૯ તથા ૧૪૩,૧૪૪, ૧૪૫, ૧૪૭, ૧૪૮ સાથે વાંચતા ૧૪૯, તેમજ ૩૫૪ સાથે વાંચતા ૩૪ તથા ૩૭૬ (૨)(જી), ૩૫૪ તથા સાથે વાંચતા કલમ ૩૪, તથા ૩૧૫ સાથે વાંચતા કલમ ૩૪ તથા બોમ્બે પોલીસ એક્ટની કલમ ૧૩૫(૧) મુજબ .

**બાબતઃ મજકુર કામના અસરગ્રસ્ત Victims સાહેદો તરફે લેખિત દલીલો.**

મજકુર કામ ના Victims ના અમો એડવોકેટ આ લેખિત દલીલો આપ નામદાર કોર્ટમાં રજુ કરી જાહેર કરીએ છીએ.

(૧) ગઈ તા.૨૭.૨.૦૨ ના રોજ રામમંદિરના બાંધકામ અન્વયે અયોધ્યા મુકામે ગયેલ કારસેવકો રેલ્વે મારફતે પરત આવતા હતા ત્યારે ગોધરા રેલ્વે સ્ટેશને રેલ્વે ટ્રેનના ડબ્બામાં બેઠેલા કારસેવકો બાબતે જે બનાવ બનેલ તે બનાવના પ્રત્યાઘાત રૂપે તેના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગદળ તથા ભાજપ તરફથી તા.૨૮.૨.૦૨ ના રોજ ગુજરાત બંધનું એલાન આપવામાં આવેલું.

(૨) તા.૨૮.૨.૦૨ ના રોજ ગુજરાત બંધના એલનના દિવેસે નરોડા પાટિયા વિસ્તારમા સવારના ૮.૦૦ કલાકથી રાત્રીના ૧૦.૦૦ કલાક સુધીમાં નરોડા પાટિયા ના જુદા-જુદા વિસ્તારમાં જુદા-જુદા સમયે હિન્દુ કોમના ટોળાઓ તથા આ કામના તમામ

આરોપીઓ, ગુજરી ગયેલા તોહમતદારો તથા નાસતા ફરતા તોહમતદારો તથા વણઓળખાયેલાઓ તમામ હિન્દુ કોમના ટોળાઓએ ગોધરા હત્યાકાંડમાં હિન્દુ કારસેવકોને જીવતા સળગાવેલા તે બનાવના પ્રત્યાઘાત રૂપે રોષ ઠાલવવા મુસ્લીમ કોમ સાથે બદલો લેવા મુસ્લિમ કોમની જાનમાલનું નુકશાન કરવાના ઈરાદે, મુસ્લીમ કોમ ઉપર હુમલો કરી ગુજરાત બંધના એલાનના દિવસે પુર્વયોજના બધ્ધ રીતે (આ કામના તમામ તોહમતદારો તથા ગુજરી ગયેલા તોહમતદારો તથા નાસતા ફરતા તોહમતદારો તથા વણઓળખાયેલા તોહમતદારો એમ તમામ હિન્દુકોમના ટોળાએ) મુસ્લીમ કોમને ગભરાવવાના તથા ડરાવવાના હેતુથી ગોધરાના બનાવનો બદલો લેવાના હેતુથી તમામ તોહમતદારોએ તેમનો સામાન્ય હેતુઓ પાર પાડવા માટે કેટલાક તોહમતદારોના નેતૃત્વ હેઠળ ગેરકાયદેસર મંડળી રચી, નેતા આરોપીઓની ઉશ્કેરણીથી ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે તમામ તોહમતદારોએ તા.૨૮.૨.૦૨ ના રોજ સવારના ૮.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ સુઘીના સમયગાળામાં નરોડા પાટિયા વિસ્તારમાં જુદા જુદા સ્થળે તથા સમયે એક સળંગ વ્યવહારમાં ગેરકાયદેસર મંડળીના સભ્ય બની જઈ કોમી તંગદીલીમાં પરીણમતા ગુનાહિત કૃત્યો જેવા કે ગેરકાયદેસર મંડળીના સભ્ય બની જે સામાન્ય હેતુઓ તથા સામાન્ય ઈરાદાઓ થી પુરેપુરા વાકેફ થઈ સામાન્ય હેતુઓ તથા ઈરાદાઓ પરિપુર્ણ કરવાના હેતુથી જુદા જુદા સમયે જુદા સ્થળોએ જુદા-જુદા પ્રાણઘાતક હથીયારા તથા ગોદડીઓ,જવલનશીલ પ્રવાહીવાળા કેરબા તથા કેરોસીનના કેરબા વગેરે હથીયારો ધારણ કરી, મુસ્લીમોની ધાર્મિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારી નરોડા પાટિયા વિસ્તારના જુદા – જુદા સ્થળોએ જુદા જુદા સમયે ગુનાહિત કૃત્યો કરેલા તે મુખ્યત્વે એસ.ટી. વર્કશોપની બાજુમાં આવેલ હુકમસીંગની ચાલી, ચેતનદાસની ચાલી, પંડિતની ચાલી, કાશીરામ મામાની ચાલી, ગંગોત્રી અને ગોપીનાથ સોસાયટી, બાદરસીંગની ચાલી, હુસેનનગર, જવાનનગર, કુંભાજીની ચાલી, ઈમામબીબીની ચાલી, તથા નુરાની મસ્જીદની આસપાસનો વિસ્તાર તથા ચાલીઓ તથા એસ.ટી. વર્કશોપની બાજુમાં, ઠક્કરનગર વિસ્તાર, ભાગ્યોદય હોટલ, કૃષ્ણનગર ચાર રસ્તા, નટરાજ હોટલ પાસે, પાણીની ટાંકી પાસે, ખાડાવાળી ચાલી, સૈજપુર ટાવર, એકસાઈઝ ચોકી, વિગેરે સ્થળો ખાતે આવેલુ મુસ્લિમોના મકાનો દુકાનો તથા ધાર્મિક સ્થળો વિગેરે જગ્યાઓમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી ઘરવખરીનો તમામ સરસામાન તથા દુકાનોમાંની તમામ મિલ્કતોને તથા ધાર્મિક સ્થળોમાં તોડફોડ કરી, લુંટફાટ કરી આગ લગાડી નાશ કરી આર્થિક નુકશાન કરેલ છે.

(૩) આ કામના તમામ તોહમતદારો તેમનો સામાન્ય હેતુ, સામાન્ય ઈરાદો પાર પાડવાના ઈરાદે ગેરકાયદેસર મંડળી રચી, મંડળીના તમામ સભ્યોએ પ્રાણઘાતક હથીયારો ધારણ કરી તે હથિયારો વડે મુસ્લીમ કોમના ઘણા બધા પુરૂષો, સ્ત્રીઓ, બાળકોને માર મારી ઈરાદાપુર્વક જીવલેણ ઈજાઓ પહોંચાડી મારી નાંખી તેઓનું ખુન કરી, તેઓને સળગાવી દઈ, તેઓનું મોત નિપજાવી ગુનાના પુરાવાનો નાશ કરવાના આશયથી જીવતા સળગાવી દઈ મારી નાંખેલા ઈસમોને લાશોને સળગાવી દઈ પુરાવાનો નાશ કરેલ. તદઉપરાંત મુસ્લીમ કોમના માણસો ઉપર પથ્થરમારો, ફાયરીંગ, મારામારી, કાપાકાપી, આગ લગાડી, જીવલેણ હુમલાઓ કરી વ્યથા તેમજ મહાવ્યથા જેવી ગંભીર ઈજાઓ પહોંચાડેલ છે. તદ્ઉપરાંત મુસ્લીમ કોમની સ્ત્રીઓ અને છોકરીઓ ઉપર સામુહિક બળાત્કાર કરવાના સામાન્ય ઈરાદાથી આ કામના તમામ તોહમતદારો પૈકીના અમુક તોહમતદારોએ એકબીજાની મદદગારીથી, એકસંપ થઈ ગુનાહિત બળ વાપરીને તેઓની લાજ લેવાના સામાન્ય ઈરાદાથી સામુહિક બળાત્કાર કરી, ઈજ્જતો લુંટી, તેઓને મારી નાંખી પુરાવાઓના નાશ કરવાના આશયથી જીવતી સળગાવી દઈ મૃત્યુ નીપજાવેલ છે. તેમજ તો.દાર નં.૧૮ બાબુ બજંરગીએ કૌશરબાનું નામની સગર્ભા સ્ત્રીના પેટને તલવારથી ચીરી ને ગર્ભમાના શિશુને બહાર કાઢી તલવારની અણી ઉપર ફેરવી નીચે ફેંકી દઈ, તેઓ બંન્નેને આગમાં નાંખી જીવતા સળગાવી દઈ મૃત્યુ નિપજાવી ખુન કરેલ છે,

(૪) ઉપરોક્ત તમામ બનાવોના અનુસંધાને તેમજ બનાવમાં થયેલ જાની તથા માલી નુકશાન બાબતે જુદી જુદી ફરીયાદો અસરગ્રસ્ત દ્વારા કરવામાં આવેલ. તદઉપરાંત તા.૨૮.૨.૦૨ ના રોજ બનેલ બનાવના અનુસંધાને પો.ઈ. વી.કે. સોલંકી નરોડા પો.સ્ટે.દ્વારા તે જ દિવસે નરોડા પો. સ્ટે. માં ફરીયાદ આપવામાં આવેલ જે ફરીયાદ નો ફ.ગુ.ર.નં.૧૦૦/૦૨ આપવામાં આવેલ. ત્યારબાદ નરોડા પો.સ્ટેશનમાં નોંધવામાં આવેલ જુદી-જુદી ફરીયાદનો સમાવેશ ફ.ગુ.ર. નં. ૧૦૦/૦૨ વાળી ફરીયાદમાં કરવામાં આવેલ. ત્યારબાદ આ ફરીયાદના આધારે ગુનાની તપાસ શરૂ કરવામાં આવેલ. ત્યારબાદ સદરહુ ફરીયાદની તપાસ ડી.સી.બી ક્રાઈમ અમદાવાદને સોંપવામાં આવેલ. ત્યારબાદ ડી.સી.બી. ક્રાઈમે જરૂરી તપાસ કાર્યવાહ કરી પ્રથમ ચાર્જશીટ મેટ્રો.મેજી. કોર્ટ નં.૧૧ સમક્ષ કુલ . . . . આરોપીઓ વિરૂધ્ધ કરેલું. ત્યારબાદ નાસતા ફરતા આરોપીઓ પકડાતા ગયા તેમ ડી.સી.બી ક્રાઈમ બ્રાન્ચનાઓ એ અટક કરી પુરવણી ચાર્જશીટો રજુ કરતા ગયેલા. આમ કુલ-૪ (ચાર) ચાર્જશીટો ડી.સી.બી ક્રાઈમ બ્રાન્ચનાઓએ મેટ્રો.મેજી.કોર્ટ નં. ૧૧ રૂબરૂ રજુ કરેલ.

(૫) ત્યારબાદ ભોગબનનારા ઈસમોને તપાસ બાબતે ગંભીર પ્રકારની ગેરરીતીઓ લાગતા તેઓએ નામદાર સુપ્રીમ કોર્ટમાં પીટીશન દાખલ કરેલી જે પીટીશનનો નંબર ૧૦૯/૦૩, રી.પી.(ક્રિ) નં. ૩૭-૫૨/૦૨, સી.આર.એલ.એમ.પી. નં. ૧૯૮૧૬/૦૯ છે. સદર પીટીશન દાખલ થતાં નામદાર સુપ્રીમ કોર્ટે સીટ ની રચના કરેલ. સને ૨૦૦૨ ના વર્ષમાં થયેલ કોમી તોફાનોની કોમી રમખાણો ના બનાવો અંગેની તપાસ નામદાર સુપ્રિમ કોર્ટની દેખરેખ હેઠળ ગુનાની તપાસ તટસ્થ અને સાચી રીતે કરવામાં આવે તેથી સરકારશ્રી તરફથી તા.૧.૪.૦૮ ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરી ખાસ તપાસ દળની રચના શ્રી આર.કે. રાઘવનના અધ્યક્ષપણા નીચે કરવામાં આવેલ જેનું નોટીફિકેશન બહાર પાડેલ જે નામદાર કોર્ટમાં રજુ થયેલ છે. અને તેના કારણે સને ૨૦૦૮ ના વર્ષમાં સદરહુ ગુના અંગે વધારાની તપાસ (ફરધર ઈન્વેસ્ટીગેશન) શીટ દ્વારા શરૂ કરવામાં આવેલ અને સીટ દ્વારા જરૂરી તપાસ કાર્યવાહી કરતાં જે કાઈ પુરાવા મળ્યા તે તથા આરોપીઓ પકડાયા તેઓને અટક કરી સીટ દ્વારા નવા ચાર પુરવણી ચાર્જશીટો નામદાર મેટ્રો. કોર્ટમાં રજુ કરવામાં આવેલ. ત્યારબાદ તે તમામ કેસો નામદાર મેટ્રો.મેજી. કોર્ટ સમક્ષ ભોગ થતાં એટલે કે એક મુખ્ય ચાર્જશીટ તથા અન્ય સાત પુરવણી ચાર્જશીટો એમ કુલ આઠ ચાર્જસીટો નામદાર મેટ્રો.મેજી.કોર્ટમાં રજુ કરેલ. ત્યારબાદ નામદાર મેટ્રો.મેજી. કોર્ટ સદર કેસ સેસન્સ ટ્રાયેબલ હોઈ તમામ ચાર્જશીટો નામદાર સેસન્સ કોર્ટ તરફ કમીટ કરેલ. ત્યારબાદ નામદાર મેટ્રો.મેજી. કોર્ટ તરફથી કમીટ થઈ આવેલ તમામ કેસોને અનુક્રમે સેસન્સ કેસ નં.૨૩૫/૦૯, ૨૩૬/૦૯, ૨૪૧/૦૯, ૨૪૨/૦૯, ૨૪૩/૦૯, ૨૪૫/૦૯, ૨૪૬/૦૯ તથા ૨૭૦/૦૯ આપવામાં આવેલ. ત્યારબાદ મજકુર તમામ સેસન્સ કેસોને કલબ કરી સંયુક્ત ચાર્જસીટનો કોમન ચાર્જ કરવાની અરજીને આંક ૨૨ થી મંજુર કરી તમામ કેસો સાથે ચલાવવાનો હુકમ નામદાર કોર્ટે કરેલ ત્યારબાદ મજકુર નંબરના કામમાં આપ નામદાર કોર્ટે ઈ.પી.કો.ક.૧૨૦(બી),૧૫૩,૧૫૩(ક)(૨), ૧૮૬, ૧૮૮, ૨૦૧, ૨૯૫, ૨૯૫(૫), ૨૯૮, ૩૦૨, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૩૩૨, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૪૩૫, ૪૩૬, ૪૨૭, ૪૪૦ સાથે વાંચતા ૧૪૯ તથા ૧૪૩,૧૪૪, ૧૪૫, ૧૪૭, ૧૪૮ સાથે વાંચતા ૧૪૯, તેમજ ૩૫૪ સાથે વાંચતા ૩૪ તથા ૩૭૬ (૨)(જી), ૩૫૪ તથા સાથે વાંચતા કલમ ૩૪, તથા ૩૧૫ સાથે વાંચતા કલમ ૩૪ તથા બોમ્બે પોલીસ એકટની કલમ ૧૩૫(૧) મુજબ આંક ૬૫ થી તોહમતનામું ફરમાવેલ છે.

(૬) સદર કામે ગુનાની શરૂઆતની તપાસમાં ઘણી અનિશ્ચિતતા માલુમ પડેલ જેના માટે ઘણાં બધા કારણો છે જે તે પૈકીના નીચે પ્રમાણેના કારણો મુખ્યત્વે છે.

(એ) આ ગુનાની શરૂઆતની તપાસ કરનાર તમામ તપાસ અધિકારીઓએ ગુનાની તપાસ શંકાસ્પદ રીતે આરોપીઓને બચાવવાના ઉદ્દેશથી કરેલ હતી.

(બી) આ કેસમાં પડેલ પુરાવો જોતાં સ્પષ્ટ જણાય છે કે બનાવમાં ભોગ બનનારાઓને પોલીસે બચાવવાની કોશિશ કરેલ નથી. પોલીસે ખરેખર બચાવવાની કોશીશ કરી હોત તો આટલી મોટી જાનહાનિ રોકી શક્યા હોત પરંતુ પોલીસે આવી કોઈ કામગીરી કરી નથી. પોલીસે આરોપીઓ સાથે ટોળામાં ભળી ગયેલ અને ભોગ બનનારાઓ ઉપર ગોળીઓ છોડેલ જેમાં જાનહાનિ થયેલ છે. તે બાબતે અગાઉના તપાસ અધિકારીઓએ કોઈ તપાસ કરેલ નથી.

(સી) તા.૨૮.૨.૦૨ પછી પણ બનાવો બનેલા છે અને આરોપીઓ બનાવ બાદ પણ નરોડા પોલીસ સ્ટેશનની હદમાં રહેતા હતા અને પુરાવાનો નાશ કરવાની તેમની પાસે પુરી તક હતી.

(ડી) આ કેસમાં પડેલ પુરાવો જોતાં સ્પષ્ટ જણાય છે કે નરોડા પાટિયા વિસ્તારમાં એસ.ટી. વર્કશોપની સામે અને બાજુની ચાલીઓમાં તથા નુરાની મસ્જીદની પાછળની બાજુએ આવેલ ચાલીઓમાં મુસ્લિમ સમુદાયના લોકો રહેતા હતા. સૌપ્રથમ તોફાની ટોળાના માણસોએ આ વિસ્તારમાં હુમલો કર્યો ત્યારે પોલીસ હાજર હતી પણ પોલીસે ટોળાને રોકવાને બદલે મુસ્લિમો ઉપર ગોળીબાર કરેલ અને પોલીસે આરોપીઓ સાથે મળી જઈ તોફાનોમાં આરોપીઓને મદદ કરેલ જેથી કમનસીબે આટલી મોટી જાનહાની થયેલ છે.

(ઈ) નરોડાપોલીસ સ્ટેશનમાં નરોડા પાટિયા થયેલ કોમી બનાવોની ધણીબધી ફરીયાદો થયેલ તે તમામ ફરીયાદોને ૧૦૦ નંબરની ફરીયાદમાં સામેલ કરી સને ૨૦૦૨ માં તપાસ ચાલુ કરેલ. ત્યારબાદ ઘણાબધા તપાસ કરનાર અમલદારો બદલાયેલા હોવાથી આ ગુનાની તપાસમાં અનિયમીતતા થયેલાની શક્યતા છે.

(૭) આમ સદર કામે ગુનાની તપાસ પુરી કરી અલગ અલગ તપાસ અધિકારીઓએ નામદાર કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલ પરંતુ ત્યારબાદ ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ ગોધરાકાંડ બાદ થયેલ મોટી જાનહાનિના બનાવો સંદર્ભે ભોગ બનનાર ઈસમો અને એન.જી.ઓ. દ્વારા નામદાર સુપ્રિમ કોર્ટમાં થયેલ રજુઆતોના આધારે ગુનાઓની પુનઃતપાસ અને વધારાની તપાસ કરવામાં આવેલી જેના અનુસંધાને સદર કામે નરોડા પાટિયા ગુનાના સંદર્ભે ૧૦૦/૦૨ ના કામે પણ વધુ તપાસ તથા

સાહેદોના નિવેદનો લીધેલા અને બનાવમાં મૃત્યુ પામેલાઓના વિષય સબબે કાર્યવાહી કરવામાં આવી છે. જેના તમામ દસ્તાવેજો નામદાર કોર્ટના રેકર્ડ ઉપર મોજુદ છે.

(૮) આ કામમાં કુલ ૬૨ આરોપીઓ સામે ઈ.પી.કો કલમ-૧૨૦(બી),૧૫૩, ૧૫૩(ક)(૨),૧૮૬, ૧૮૮, ૨૦૧, ૨૯૫, ૨૯૫(૫), ૨૯૮, ૩૦૨, ૩૦૭, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૨૬, ૩૩૨, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૪૩૫, ૪૩૬, ૪૨૭, ૪૪૦ સાથે વાંચતા ૧૪૯ તથા ૧૪૩,૧૪૪, ૧૪૫, ૧૪૭, ૧૪૮ સાથે વાંચતા ૧૪૯, તેમજ ૩૫૪ સાથે વાંચતા ૩૪ તથા ૩૭૬ (૨)(જી), ૩૫૪ તથા સાથે વાંચતા કલમ ૩૪, તથા ૩૧૫ સાથે વાંચતા કલમ ૩૪ તથા બોમ્બે પોલીસ એક્ટની કલમ ૧૩૫(૧) મુજબનો ચાર્જ ફ્રેમ આંક. ૬૫ થી કરવામાં આવેલ છે.

(૯) આ કામે આરોપીઓ વિરૂધ્ધ કેસ સાબીત કરવા ફરીયાદ પક્ષ તરફથી કુલ ૩૨૭ સાહેદોની જુબાની નામદાર કોર્ટ રૂબરૂ લેવામાં આવેલ છે.

(૧૦) પ્રોસીક્યુસન તરફથી આંક ૧૩૪ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ ત્યારબાદ બીજા દસ્તાવેજો કેસ ચાલતાં સાહેદોની જુબાની દરમ્યાન રજુ કરવામાં આવેલા છે.

(૧૧) આમ, કોમી તોફાનો દરમ્યાન બનેલ મોટા પાયા પરના હિંચકારા ગુનાઓમાં સહન કરનાર મુસ્લિમ અસરગ્રસ્તોને સાચી દાદ મેળવવામાં મોટા અંતરાયો ઉભા થયેલ અને તેમને થયેલ અન્યાય બાબતે ગુનેગારો સુધી પહોંચવાની તપાસનો મુખ સાચી દિશામાં રહે તે બાબતે તપાસ ન કરી ઈન્વેસ્ટીગેશનમાં છીદ્રો રહે તે માટે જાણીબુઝીને સાહેદો તરફથી આપવામાં આવતા સ્ટેટમેન્ટસ વિરોધાભાસી ઉભા થાય તે રીતે નોંધી તપાસ શરૂ કરવામાં આવેલ.

(૧૨) આ સંજોગોમાં નામદાર કોર્ટમાં સાહેદોની જુબાનીમાં ઉભા થયેલ મનાતા contradictions –omissions નું મહત્વ રહેતું નથી આ સાહેદોની નામદાર કોર્ટ સમક્ષની જુબાનીનું કાયદાની રીતે મુલ્યાંકન કરવું ન્યાયના હિતમાં છે.

(૧૩) આ કેસમાં પુરાવાના આધારે કુલ-૯૫ લોકોને મારી નાખી જીવતા સળગાવી દઈ, ખુન કરવામાં આવેલ છે. આટલી મોટી સંખ્યામાં સામુહિત હત્યાકાડ તે ભારતનો નહીં પણ દુનિયાનો સૌથી મોટો હત્યાકાંડો માંનો એક છે.

આ કેસમાં પુરાવા પ્રમાણે આ કામના આરોપીઓએ અને હિન્દુ કોમના ટોળાએ તા.૨૮.૨.૦૨ ના રોજ સવારના આશરે સાડા આઠથી નવ વાગ્યા થી રાતના ૧૦.૦૦ વાગ્યા સુધી ગુનાહીત કૃત્યો આચરેલા છે. તા.૨૮.૨.૦૨ ના સવારના આશરે સાડા આઠથી નવ વાગે નુરાની મસ્જીદ પાસે હિન્દુલોકોના ટોળા ભેગા થયેલ

હતા. ટોળા ધીમે - ધીમે વધતા ગયા ટોળા કૃષ્ણનગર અને નટરાજ હોટલ તરફથી આવેલા અને આ ટોળાએ નુરાની મસ્જીદ અને એસ.ટી.વર્કશોપ વચ્ચે રોડ ઉપર ભેગા થયેલા અને ત્યારબાદ ટોળામાં માયાબેન કોડનાની આવેલા અને તેમની સાથે કિરપાલસીંઘ પણ હતો અને તેમણે ટોળાને ઉશ્કેરેલ અને મીંયાઓને મારીનાંખો કાપીનાંખો તેવુ જણાવેલ અને ત્યારબાદ ટોળાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરી સૌ પ્રથમ નુરાની મસ્જીદ પર હુમલો કરેલ અને નુરાની મસ્જીદ માં તોડફોડ કરી આંગ લગાવેલ અને ત્યારબાદ આ વખતે સ્થળ પરની પોલીસ અને અન્ય પોલીસ કાફલો ટોળામાં ભળી ગયેલ અને ટોળાના આગેવાનોના નિર્દેશ અને ઈશારા મુજબ મુસ્લીમ ચાલીઓમાં અંદરની તરફ જાન બચાવવા જતા રહેલા. મુસ્લીમ લોકો ઉપર હિસંક હુમલાઓ કરેલા.

આ કામના આરોપીઓ તેમની સાથેના હિન્દુ કોમના તોફાની ટોલા નુરાની મસ્જીદની પાછળથી મુસ્લીમોની ચાલીઓમાં અને એસ.ટી.વર્કશોપની બાજુમાં આવેલ મુસ્લીમ ચાલીઓમાં ઘુસી ગયેલા અને આ આરોપીઓએ તેમની સાથેના તોફાની ટોળામાં સામેલ થઈ ચાલીઓમાં લુંટફાટ, તોડફોડ અને આગ લગાડેલ. આ કામના આરોપીઓ અને ટોળાઓના ઈસમો પાસે ઘાતક હથીયારો તથા કેરોસીન, પેટ્રોલ જેવા જવલનશીલ પદાર્થો હતા અને તેઓ મુસ્લીમો ઉપર હુમલો કરતા હતા. આ વખતે મુસ્લીમ લોકોની ચાલીઓના રહીશો એટલે કે આ કામના સાહેદો અને તેમના પરિવારજનો જાન બચાવવા ગંગોત્રી અને ગોપીનાથ સોસાયટી તરફ ભાગેલા અને ત્યાં આવેલ એક ગોડાઉનમાં તથા અન્ય જગ્યાઓએ પોતાનો જીવ બચાવવા સંતાઈ ગયેલ. આ વખતે આરોપીઓ ત્યાં આવેલા અને આ મુસ્લીમોને ત્યાંથી કાઢી ગંગોત્રી અને ગોપીનાથ સોસાયટી પાસે આવેલ ખુલ્લા મેદાનમાં તીસરા કુવા તરફ અને નરોડા તરફ દોરવાનું સુયોજીત કાવતરૂ કરેલ અને આ કાવતરા મુજબ મુસ્લીમો ભાગીને મેદાન તરફ અને નરોડા તરફ ભાગતા હતા. ત્યાં અગાઉથી નક્કી થયેલ આયોજન મુજબ આરોપીઓ અને હિન્દુકોમના ટોળા મેદાનમાં તીસરા કુવા તરફ ઉપસ્થિત હતા અને આ વખતે આ આરોપીઓએ તથા ટોળાના માણસોએ મુસ્લીમો ઉપર હુમલો કરેલ અને મેદાનમાં આવેલ તીસરા કુવામાં મુસ્લીમોને મારી-કાપી નાંખી દીધેલ અને તેમની ઉપર કેરોસીન- પેટ્રોલ નાંખી સળગાવી દીધેલ અને પુરાવાનો નાશ કરેલ. ત્યારબાદ આ બનાવમાં બચી ગયેલ મુસ્લીમો ગંગોત્રી ગોપીનાથ તરફ જીવ બચાવવા પરત ભાગેલા. આ વખતે આરોપીઓના અગાઉથી નક્કી યોજના મુજબ હુસેનનગર એટલે કે એસ.ટી.વર્કશોપ ના રસ્તા તરફ અને મેદાન તરફના રસ્તેથી

આમ બંને રસ્તા વચ્ચે એસ.ટી.વર્કશોપની દિવાલ સામે આવેલ ગંગોત્રી ગોપીનાથ સોસાયટી વચ્ચે આવેલ પાણીની ટાંકી પાસે મુસ્લીમોને ઘેરી લીધેલ અને આ વખતે આરોપીઓએ મુસ્લીમોની કત્લેઆમ શરૂ કરી દીધેલ અને મુસ્લીમોમાંથી જુવાન છોકરીઓને ખેંચી લઈ તેઓ પર નિર્દય રીતે બળાત્કાર કરેલ અને બળાત્કાર કર્યા બાદ આ જુવાન છોકરીઓને મારી નાંખી સળગાવી દીધેલ અને જે મુસ્લીમોને પાણીની ટાંકી પાસે માર-કાપ કરેલ તેમની ઉપર કેરોસીન- પેટ્રોલ જેવા જવલનશીલ પદાર્થો તેમજ કેરોસીન-પેટ્રોલથી પલાળેલ ગોદડીઓ આરોપીઓએ નાંખી મુસ્લીમોનો સામુહિક હત્યાકાંડ કરેલ અને તેમના પુર્વયોજીત કાવતરા મુજબ અંજામ આપેલ. આ સામુહિક હત્યાકાંડમાં માસુમ બાળકોને નિર્દયી રીતે મારી તેમને પાણીની ટાંકી ઉપર લઈ જઈ સળગતી આગમાં નાંખી માસુમ બાળકોને પણ જીવતા સળગાવી નાંખેલ. ત્યારબાદ આરોપીઓએ પુરાવાનો નાશ કરવાના હેતુથી લાશોને સગેવગે કરવાની કોશીષ કરેલ છે અને જે તીસરાકુવામાં મુસ્લીમોને કાપી અને સળગાવી નાંખેલ. તે કુવાને પુરાવાનો નાશ કરવાના હેતુથી આરોપીઓએ કુવો પુરી નાંખેલ એટલે કે તે કુવામાં મરેલા ભુંડ નાંખી તેને પુરી દીધેલ. આમ, સમગ્ર બનાવમાં પુરાવા મુજબ કુલ ૯૫ વ્યક્તિઓના મોત નીપજેલ છે.

આમ, સમગ્ર બનાવના ભાગરૂપે હુસેનનગરથી મુસ્લીમો જવાનનગર તરફ ભાગીને આવતા હતા આ વખતે પોણબાર વાગ્યાના સુમારે નરોડાના પોલીસ ઈન્સ્પેકટર શ્રી મૈસુરવાલા ઉદયગેસવાળા રસ્તેથી આવતા હતા. તેઓ તેમની જીપમાં આવેલા અને ગાડી પંચવટી એસ્ટેટ પાસે ઉભી રાખેલી તેઓ તથા ચાર પોલીસવાળા જીપમાંથી ઉતરેલા અને દસમીનીટ પછી સફેદ કલરની મારૂતિ ગાડીમાં માયાબેન કોડનાની આવેલા. તેઓ ગાડીમાંથી ઉતરેલા અને ત્યારપછી મારૂતિમાંથી બીપીન પંચાલ, મુરલી સીંધી, ગુડુ છારા નીકળેલા. આ મારૂતિ પાછળ આશરે ૨૦ હજારનું હિન્દુ માણસોનું ટોળુ આવેલુ અને મારૂતિનો દરવાજો ખોલી તલવારો કાઢી વહેચેલી અને ત્યારબાદ જવાનનગર ખાડામાં મારો કાપો કરેલ. ત્યારબાદ ટોળાના માણસોએ સાહેદ દિલદાર સૈયદની ગાડીથી જવાનનગરની કોટની દિવાલ તોડી નાખેલ અને જવાનનગરનો કોટ તોડીને હિન્દુ કોમના ટોળા હુસેનનગરની ચાલીઓમાં ઘુસી ગયેલા અને આ ટોળાએ પણ મારકાપ, લુંટફાટ કરી ઘરોને આગ લગાડવાનું ચાલુ કરેલ. આમ આ કામના આરોપીઓ ટોળાના માણસો સાથે સમગ્ર બનાવમાં અલગ અલગ જગ્યાએ અલગ અલગ આતંક મચાવેલ છે અને ગુનાહિત કાવતરાને અંજામ આપેલ છે અને આરોપીએ તેમનો સામાન્ય ઈરાદો પાર પાડેલ છે.

## -: મોટીવ : (સામાન્ય ઉદ્દેશ) :-

નરોડા પાટીયામાં બનેલ આ હિંચકારો બનાવ કોઈ આકસ્મિક બનાવ નથી આ બનાવ એક સામાન્ય ઉદ્દેશથી પાર પાડવા માટે આ કામે કોમવાદી સંસ્થાઓ કે જેમણે તા.૨૭-૨-૦૨ ના કહેવાતા ગોધરાકાંડના બનાવ પછી સુયોજીત કાવતરાના ભાગરૂપે મુસ્લિમોથી બદલો લેવા અને મુસ્લિમોને ખતમ કરી નાંખવાના ઉદ્દેશ સાથે આ કોમવાદી સંસ્થાઓ ૨૭-૨-૦૨ના રોજ રાત્રે આ કામના તો.દાર બાબુબજંરગી અને બીજા આગેવાનોએ ભેગા મળી નરોડા વિસ્તારમાંથી પોલીસ રીવોલ્વર ઘરે ઘરે જઈ ઉઘરાવેલ છે અને આ વાતને સમર્પન આશિષ ખેતાનની જુબાની ઉપરથી મળેલ છે તેમાય તેમની જુબાની દરમ્યાન રજુ કરેલ ટ્રાન્સક્રિપ્ટ વંચાણે લેતા કોમન ઉદ્દેશ અને ગુનાહિત કાવતરૂ કેવી રીતે ઘડવામાં આવ્યુ તે સ્પષ્ટ થાય છે આમ ૨૭-૨-૦૨ના રોજ રાત્રે થી રીવોલ્વરો ઉઘરાવી તે વાત આ ગુનાહિત કાવતારનો એક ભાગ છે અને આ રીવોલ્વપરો ઉઘરાવી ત્યારબાદ કોમવાદી સંસ્થાઓએ તા.૨૭-૨-૦૨ રાત્રીના સમય દરમ્યાન કેવી રીતે હુમલો કરો અને શું કરવુ તે તમામ બાબતે મિટીંગ ગોઠવી નરોડા પાટીયાના આગેવાનો જે આ કામમાં તો.દારો છે તેવા કોમવાદી માનસ ધરાવતા લોકોએ એક દિવસ અગાઉ હુમલાની તૈયારી કરી રાખેલ અને ૨૮-૨-૦૨ના સવારથી જ આ કાવતરાના ભાગરૂપે કાવતરાને અંજામ આપવા તોફાનો શરૂ કરેલા અને સવારે આઠ વાગ્યા થી જ નટરાજ અને કૃષ્ણનગરથી હિન્દુઓના ટોળા નુરાની મસ્જીદ પાસે એકઠા થયેલા અને ત્યારબાદ આ ટોળામાં હિન્દુ કોમવાદી સંસ્થાના આગેવાને જે આ ગુનાના તો.દારોએ તેમાંથી એક માયાબેન કોડનાનીનાઓએ તેમની ગાડીમાં આવી ઉશ્કેરણીજનક ભાષણ આપી ટોળાને ઉશ્કેરેલ અને ત્યારબાદ ઉશ્કેરાયેલ ટોળુ તેમના ઉદ્દેશ પાર પાડવા નુરાની મસ્જીદ ઉપર હુમલો કરેલ મસ્જીદમાં ટેન્કરનાંખી ગેસના બાટલામાંથી આગ લગાડેલ ત્યારબાદ મુસ્લિમો સહાય માંગવા મદદ માંગવા પોલીસ સમક્ષ જતા પોલીસે મદદ કરવાનો ઈન્કાર કરેલ અને સ્પષ્ટ જણાવેલ કે ઉપરથી ઓર્ડર છે ‘‘આજે તમારે મરવાનું છે.’’ તેવુ ઘણાં સાહેદો ના.કોર્ટ સમક્ષ બોલી ગયા છે અને આ વાત ગુનાહિત કાવતરાને સમર્થન આપે છે કારણ કે પોલીસની ફરજ તોફાનો રોકવાની હતી મુસ્લિમોને બચાવવાની હતી અને તોફાની ટોળાને કાબુમાં કરવાની હોવા છતા પોલીસે પોતાની ફરજ બજાવેલ નથી ઉલ્ટાનું પોલીસપણ ટોળામાં ભળી જઈ ટોળાના કહેવા પ્રમાણે તેમના માર્ગદર્શન મુજબ મુસ્લિમો ઉપર ફાયરીંગ કરવા લાગેલ ફાયરીંગમાં મુસ્લિમ વ્યક્તિના મરણ થયેલ છે એ વાત ઉપરથી

ચોક્કસ પણે ફલીત થાય છે કે પોલીસ કોમવાદી હિન્દુ સંસ્થાની સાથે હતી તેમણે મુસ્લિમોને બચાવવાને બદલે મારી નાંખવામાં સક્રિય ભુમિકા ભજવી છે

વધુમાં આ સળંગ બનાવમાં પોલીસે ટોળાના આગેવાનોના કહેવા મુજબ મુસ્લિમો ઉપર ફાયરીંગ કરતા ચાલીઓમાં નાસભાગ કરવા લાગેલ અને હિન્દુનું તોફાની ટોળુ નુરાની મસ્જીદ પાછળની ચાલી, એસ.ટી. વર્કશોપ પાસે હુસેનનગરની ચાલીઓમાં ઘુસી ગયેલ આ ટોળાના માણસો તા.૨૭-૨-૦૨ના ગોધરાકાંડના બનાવના ન્યુઝ પેપર બનાવી મુસ્લિમોને માર, કાપ, સળગાવતા હતા તેમના ઘરોને લુંટફાટ કરી આગ લગાડતા હતા અને સમગ્ર બનાવ સળંગ બનેલ છે હોવાના માણસો અને આગેવાનો આખા દિવસ દરમ્યાન અલગ અલગ જગ્યાએ સમયે, કરેલ છે અને ટોળાની સાથે ગુનાહિત કાવતરાને સફળ બનાવે છે આ ગુનાના ગુનાહિત કાવતરાના ભાગરૂપે માયાબેન કોડનાની તેમજ અન્ય તો.દારો એક ગાડીમાં બપોરના ૧૧:૪૫ થી ૧૨:૦૦ ના સમયમાં આવેલ તેમની ગાડી પાછળ પી.આઈ. મયસોરવાલાની ગાડી આવેલ અને પોલીસની હાજરીમાં માયાબેન કોડનાનીઓ આ કામના તો.દારો ગાડીમાંથી ઉતરેલા અને ગાડીમાંથી તલવારો કાઢી હિન્દુઓના માણસોને આપેલ આ બનાવ આ કામના સાહેદ દિલદાર ઉમરાવ સૈયદનાઓ તેમની નજરોથી નિહાળેલ ના.કોર્ટમાં જણાવેલ પણ છે આ વખતે તો.દારોના એક સાહેદને ધમકી પણ આપેલ અને જણાવેલ કે જતો રહે નહિતો તને મારી નાંખીશું આ ઘટનાપણ આ કામે તો.દારોના ગુનાહિત ઉદ્દેશને સમર્થન આપે છે કારણ કે આ તલવારો બપોરના ૧:૪૫ થી ૧૨:૦૦ માં વહેંચવામાં આવેલ હતી અને ત્યારબાદ જે કત્લેઆમ થયેલ છે તે ના.કોર્ટમાં સાહેદોની જુબાનીથી જણાઈ આવે છે અને આ તલવારોથી ઘણાં બધા મુસ્લિમોને મારી નાંખવામાં આવેલ આ કોપી આકસ્મીક કૃત્ય નથી આ એક પુર્વ યોજીત કાવતરાનો ભાગ રૂપે ગુનાહિત કૃત્યને અંજામ આપવામાં આવેલ કૃત્ય છે તે સાહેદોની જુબાની થી સાબીત થાય છે.

## -: ગુનાહિત કાવતરૂ :-

આ કેસમાં બનેલ હિચકારો બનાવ તે કોઈ આકસ્મીક રીતે  બનેલ બનાવ નથી. આ કામના તો.દારોએ બનાવ અગાઉથી ગુનાહિત કાવતરું રમેલ છે. અને તે કાવતરાના ભાગરૂપે આ કામના તો.દારોએ એક સંપ થઈ ભેગા મળી તા.૨૭-૨-૨૦૦૨ના રોજ આ કામના તો.દાર બાબુબજરંગી તથા બીજા તો.દારોએ ભેગામળી કાવતરાને સફળ બનાવવાના ભાગ રૂપે નરોડા વિસ્તારમાં બંદૂક-રીવોલ્વર ધરાવતાં લોકો પાસેથી કુલ ૨૩ રીવોલ્વરો ઉઘરાવેલ છે આ વાતને આ કામના સાહેદ નં.૩૨૨ આશિષ ખેતાનની જુબાની પરથી સ્થળ ફલીત થાય છે. અને આ વાત આ કામના તો.દાર બાબુબજરંગીએ સ્ટીંગ ઓપરેશનમાં કબૂલ કરેલ છે. જે ગુનાની કબૂલાત છે. આમ સ્પષ્ટ રીતે ફલીત થાય છે કે બનાવના એક દીવસ અગાઉ મુસ્લીમોને નેસ્તોનાબુદ કરવાના સામાન્ય ઉદ્દેશ--હેતુથી યોજનાઓ ઘડવામાં આવેલી આ યોજનાઓ ૨૮-૨-૨૦૦૨ના રોજ સફળ થયેલ તે આ કામનો પૂરાવો જોતા જણાઈ આવેલ છે અને આ કાવતરાના ભાગ રૂપે ૨૬-૨-૦૨ના રોજ સવારથી જ આ કામના તો.દારોએ મુસ્લીમ વિસ્તાર તેમજ નુરાની મસ્જીદ પર હમલો કરેલ અને આ કાવતરાના ભાગ રૂપે આ કેસનો તો.દાર-૩૭ માયાબેન કોડનાનીએ બનાવતા દિવસે તો.દારોને હથિયારો વહેંચલા આ હથિયારોની વ્યવસ્થા અચાનક શક્ય નથી એ વાત ઉપરની સાબીત થાય છે કે માયાબેને અગાઉથી જ મારક હથિયારોનો બંદોબસ્ત કરી રાખેલ હાવોનું સ્પષ્ટ પણે ફલીત થાય છે અને આ હથિયારો કાવતરાના ભાગ રૂપે માયાબેને કોડનાનીએ સહ તો.દારોને વેંહચેલી છે અને તે હથિયારોની સમગ્ર વિસ્તારમાં કત્લે આમ થયેલ છે. આ કામનો પોળ પૂરાવો ઉપરથી સાબીત થાય છે.

વધુમાં જણાવવાનું કે બનાવના દિવસે પોલીસે પણ મુસ્લીમોને મદદ કરેલ ન હોતી નીસહાય નિર્દોષ,ગરીબ મુસ્લીમો પોલીસની મદદ માંગવા પોલીસ પાસે આજીજીઓ કરતા પોલીસે મદદ કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ અને જણાવેલ કે ''આજે તમારા મરવાનું છે.'' ''આજે અમારી રજા છે.''  તમારે મરવાનું છે, ઉપરથી ઓર્ડર છે તેવુ જણાવેલ છે જે આ કેસમાં સાહેદોએ પોતાની જુબાની જણાવેલ છે. આ ઉપરાંત આવા નિસદાય,ગરીપ,નિર્દોષ મુસ્લીમો પર પોલીસે ટોળામાના તો.દારોના માર્ગદર્શન મુજબ મુસ્લીમો પર ફાયરીંગ કરેલ છે. આમ પોલીસ પોતાની ફરજ ભૂલી તો.દોરો સાથે ગુનો આચરવા સામેલ થયેલી તેવું આ કામે પડેલ પુરાવા પરથી સ્પષ્ટ પણ જણાઈ આવે છે.

આમ આ હકીકત ઉપરથી સ્પષ્ટ પણે કહી શકાય કે પોલીસને પણ અગાઉથી નિષ્કીય રહેવાની સૂચના મળેલ હતી અને તે પણ કાવતરાનો એક ભાગ હતો અને આવા સુયોજિત

**આયોજન પ્રમાણે બનાવતા દિવસે પોલીસે નિષ્ક્રીય રહેલ છે અને તેમણે તો.દારોના ઈશારે મુસ્લીમો ઉપરે કહેર વરસાવેલ છે.**

**આમ ઉપર તમામ હકીકતો અને આ કામમાં પડેલ પૂરાવો વેચાણે લેતા સ્પષ્ટપણને જણાઈ આવે છે કે આ કામમાં થયેલ લૂંટ ફાટ,બળાત્કાર,ધાર્મિક સ્થળ પર હુમલો, મુસ્લીમોની મીલ્કતોને આગ લગાડી, ગેસના સીલીન્ડરો ફોડી, તેમજ શારીરક હત્યાંકાંડ આચરેલ તે કોઈ અકસ્માક બનાવતાની આ તમામ કૃત્યો એક સુયોજીત રીતે અગાઉથી કરેલ યોજના મુજબ પાર પાડવામાં આવેલ છે તેવું નહિ માનવાને કોઈ કારણ નથી.**

**આ કામમાં પડેલ પુરાવો અને ખાસ કરીને આશીષ ખેતાનની જુબાની જોતા તથા પોલીસ અમલદારો અને એસ.આર.પી.અમલદારોનું વર્તન જોતાં એક કોમ વિરુધ્ધ મોટા પાયે ગુનાઓ આચરવાનું ષડયંત્ર રચવામાં આવેલ અને તેમાં કોમવાદી તત્વો, કોમવાદી સંસ્થાઓ તથા મોટા ગણાતા પોલીસ અને એસ.આર.પી.ઓફિસરો અને રાજકીય શક્તિશાળી વ્યક્તિઓ પણ સામેલ હતી તે સ્પષ્ટ જણાઈ આવે છે.**

## -: આરોપીઓનો ઈરાદો :- Intention of Accrued :-

નરોડા પાટીયામાં બનેલ આ બનાવ કોઈ આકસ્મિક બની ગયેલ બનાવ નથી. આ બનાવ ૨૭-૨-૦૨ના રોજ ગોધરા ખાતે હત્યા સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના ડબ્બામાં હિન્દુ કાર સેવકોને સળગાવી દેવાનો જે હત્યાકાંડ સર્જાયેલ તે મુસ્લિમ કોમના લોકોએ અંજામ આપેલ છે. તેવા મોટા ઉહાપો અને પ્રચાર બાદ આ કામના તમામ હિન્દુ કોમના તો.દારોએ મુસ્લીમ કોમથી બદલો લેવા અને મુસ્લીમોના જાન-માલ મીલ્કત ધર્મસ્થાન ની ઈજ્જત આબરૂને જે રીતે થઈ શકે તે રીતે ખત્મ કરવા અને ગોધરા ટ્રેન કાંડમાં મૃત્યુ પામેલ હિન્દુ લોકોથી પણ વધુ સંખ્યામાં મુસ્લીમોની સામૂહિક હત્યા (જનસંહાર) કરી મુસ્લીમોને આ સમગ્ર વિસ્તારમાંથી નેસ્તોનાબુદ કરવાના સામાન્ય ઈરાદે યોજનાબધ્ધ રીતે તમામ ગુન્હાઓને અંજામ આપવામાં આવેલ છે. અને તેની સામૂહિક હત્યા કરવાં આવેલ હોવાનું સ્પષ્ટ ફલીત થાય છે.

આ કેસનો પુરાવો જોતાં જે રીતે આ હત્યાકાંડ ને અંજામ આપવા પુર્વ તૈયારીઓ કરવામાં આવેલ છે. રીવોલ્વર ઉઘરાવવામાં આવેલ છે. તલવારો વહેંચવામાં આવેલ છે. જવલંનશીલ પદાર્થો એકઠા કરવામાં આવેલ છે. ગેસ સીલીન્ડરોનો ઉપયોગ કરવામાં આવેલ છે. ઉપરાંત નિર્દોષ લોકોની હત્યા નિર્દયે રીતે કર્યા બાદ મૃત શરીરોને લાતો મારી-મારીને,પાઈપો મારી મારીને મૃત હોવાની જે રીતે ખાતરી કરવામાં આવેલ છે તથા જે રીતે માસૂમ બાળકોને આગમાં ફેંકી પાશવી આનંદ લૂંટવામાં આવેલ છે.

# **-: Missing Person :-**

**મૃત્યુ પામેલા વ્યક્તિઓના અવશેષો પ્રાપ્ત થયા નથી અને તેઓના મૃત્યુ હોમીસાઈડલ ડેથ છે. તેવી હકીકતો પુરવાર કરવા સારૂ પુરાવાની ચર્ચા.**

**પુરાવાના કાયદાની કલમ-૫૯ મુજબ દસ્તાવેજ સિવાયની કોઈપણ હકીકતો મોખીક પુરાવાથી સાબિત થઈ શકે. હાલના કિસ્સામાં કેટલાક ઈસમોના અવશેષો પ્રાપ્ત થયા નથી અને તેઓના મૃત્યુ હોમીસાઈડલ ડેથ છે તેવી હકીકત પુરવાર કરવાની છે.**

**સામાન્ય સંજોગોમાં ખુન કેસના કિસ્સામાં મૃત્યુ પામનાર ઈસમના મૃતદેહ પ્રાપ્ત થતા હોય છે. અને તે મૃતદેહનું શબ પરીક્ષણ કરવામાં આવે છે.અને ઈજા પામનારનું મૃત્યુ કેવી રીતે થયેલુ છે તેનો અભીપ્રાય ડોકટર તરફથી આપવામાં આવતો હોય છે. શબ પરીક્ષણ દરમ્યાન ઈજા પામનારને બ્રાહ્ય તથા આંતરીક ઈજાઓ કેટલી અને કેવા પ્રકારની થયેલી છે વગેરે હકીકતો દર્શાવવામાં આવે છે. પરંતુ જે કિસ્સાઓમાં ઈજા પામનારનો મૃતદેહ મળી આવેલ ન હોય, તેવા કારણોસર ખુનનો ગુનો બન્યો નથી તેવું માની શકાય નહી. જો એવો સિધ્ધાંત અમલમાં હોત તો દરેક આરોપી મૃત્યુ નિપજાવી મૃત્યુ નિપજાવેલ વ્યક્તિના મૃતદેહનો નાશ કરી નાંખે અને ખુનનો ગુનો પુરવાર જ થઈ ના શકે. સામાન્ય રીતે મૃતદેહ મળવો જોઈએ તેવો નિયમ છે. પરંતુ તેવો કાયદો નથી કે દરેકે દરેક કિસ્સામાં મૃતદેહ મળવો જ જોઈએ. અને જે કિસ્સામાં મૃતદેહ ન મળી આવ્યો હોય તો તેમ છતાં સાંયોગીક પુરાવા મજબુત હોય તો આરોપીને સજા થઈ શકે. અને તેથી જ નામદાર સુપ્રીમ કોર્ટ AIR ૨૦૦૨ (SC) page પેજ ૨૯૨૦માં જણાવેલ છે.**

**AIR 2002 (SC) page 2920**

It is a well- settled principle in law that in a trial for murder, it is neither an absolute necessity nor an essential ingredient to establish corpus delicti. The fact of the death of the deceased must be established like any other fact. Corpus delicti in some cases may not be possible to be traced or recovered. There are a number of possibilities where a dead body could be disposed of without trace, therefore, if the recovery of the dead body is to be held to be mandatory to convict an accused in many a case the accused would manage to see that the dead body is

destroyed which would afford the accused complete immunity from being held guilty or from being punished. What is therefore required in law to base a conviction for an offence of murder is that there should be reliable and plausible evidence that the offence of murder like any other factum of death was committed and it must be proved by direct or circumstantial evidence albeit the dead body may not be traced. See Sevaka Perumal and other V/S. State of Tamil Nadu, 1991 (3) SCC 471. Therefore the arguments that in the absence of corpus delicti the prosecution case should be rejected cannot be accepted.

## -: પુરાવાના કાયદાની કલમ ૧૦૮ વિશે :-

નરોડા પાટીયાનો બનાવ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ બનેલ છે. અને ના.કોર્ટ સમક્ષ આ કેસનો પૂરાવો આશરે ૮ વર્ષ બાદ નોંધવામાં આવેલો છે. પુરાવાના કાયદાની કલમ ૧૦૮ અન્વયે જો કોઈ વ્યકિત ૭ કે તેથી વધુ વર્ષ સુધી મળી આવતો ન હોય ત્યારે તે મૃત્યુ પામ્યો છે તેવું અનુમન કરી  શકાય. અને જે લોકો એમ જણાવતા હોય કે ગુમ થનાર વ્યક્તિ જીવતા છે તો તે સાબીત કરવાની જવાબદારી તેઓની છે. હાલના કેસમાં ત્રણ વ્શકિતઓ જે મૃત્યુ પામેલ છે પરંતુ તેમના કોઈ અવશેષો પ્રાપ્ત થયા નથી અને આ વ્યક્તિઓ હયાત હોવા બાબતે બચાવ પક્ષ પુરવાર કરી શકેલ નથી. આમ આ કેસમાં ના.કોર્ટ રૂબરૂ લીધેલ સાહેદોના પુરાવા પરથી સ્પષ્ટ થાય છે કે ત્રણ વ્યક્તિઓના અવશેષો પ્રાપ્ત થયેલ નથી. અને તેઓ નરોડા પાટીયા ખાતે થયેલ નરસંહારમાં સળગી મરી ગયેલ છે. ના.દાર સુપ્રીમ કોર્ટના ૨૦૦૮(૩) SCC પેજ-૬૮૧નાં પેરા ૧૮અને ૨૭ થી ઉપરોક્ત હકીકતને સમર્થન મળે છે.

**2008 (3) SCC Page 681 Relevant Para 18, 27**

18. Indisputably, Suraj Pal Singh has not been seen thereafter. He was not been heard of. Nobody in his family has heard from Suraj pal Singh for the last 27 years. In terms of sec. 118 of the Indian Evidence Act, he is presumed to be dead. But in absence of any proof of death having been caused to him, a charge u/s. 302 of the Indian Penal code could not be made. Fact remains that he has not been heard or seen from the date of the incident, the law presumes him to be dead.

27. In Ramjee Rai & Ors. V/S State of Bihar, 2006 8 SCALE 440, this court observed:

"It is now a trite law that corpus delicti need not be proved. Discovery of the dead body is a rule of caution and not of law. In the event, there exists strong circumstantial evidence; a judgment of conviction can be even absence of the dead body."

## -: પંચનામા અંગે :-

આ ગુનાના કામે જુદા જુદા સમયે અને જુદા જુદા સ્થળે ચીજવસ્તુઓ કબજે કરવાના તથા ગુનાવાળી જગ્યાઓના તથા લાશોની ઓળખ અંગેના તથા ઈન્કવેસ્ટ પંચનામાઓ કરવામાં આવેલા છે. જે પૈકીના અમુક પંચનામા ના પેટા સાક્ષીઓએ પ્રોસીક્યુશન કેસને સમર્થન આપેલ નથી. પચનામાં અંગેના પંચો કેસને સમર્થન આપવા માટેના ઘણા કારણો હોઈ શકે. પરંતુ તેના કારણે પંચનામાઓની હકીકત પુરવાર થયેલ નથી તેવો કાયદો નથી. પંચનામાઓ બાબતે તપાસ કરનાર અધીકારીની જુબાનીથી તેને સમર્થન પ્રાપ્ત થાય છે.

ફરીયાદ પક્ષ તરફથી દસ્તાવેજોના લીસ્ટથી પંચનામાઓ રજુ કરવામા આવેલા છે. તે અનુસાર પંચનામામાં પંચોએ બનાવનાં સ્થળે જે કાંઈ જોયેલ હોય તથા જે કાંઈ ચીજવસ્તુઓ કબજે લીધેલ હોય તે સિવાયની કેટલીક હકીકતોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. પર ંતુ પંચનામામાં પંચોએ સ્થળ ઉપર જે જોયેલુ છે તે સિવાયની તમામ હકીકતો ક્રિ.પો.કોડ ૧૬૨ મુજબનું નિવેદન ગણાય અને તે પુરાવામાં ગ્રાહ્ય નથી.

આંક ૧૭૪૯ થી બનાવવાળી જગ્યાનુ પંચનામું કરવામાં આવેલ છે. જે પંચનામામાં જણાવ્યા અનુસાર નરોડા પાટીયા વિસ્તારમાં મોટા ભાગના મકાનો,દુકાનો વગેરેને તોડફોડ કરી, લુંટી લઈ સળગાવવામાં આવેલ છે.દલીલ ખાતર માની લેવામાં આવે કે ફરીયાદ પક્ષ જણાવે છે તે અનુસાર પંચનામાઓ કરવામાં આવેલ નથી. તો પણ મુસ્લીમોની મિલકતોનો નાશ કરવામાં આવેલ તથા સળગાવી દઈ લુંટફાટ કરવામાં આવેલ છે.અને નરોડા પાટીયા વિસ્તારના મુસ્લીમોને નામદાર કોર્ટ રૂબરૂ સાહેદ તરીકે તપાસવામાં આવેલ છે. અને સરકાર તરફથી નુકશાનીમાં ભોગ બનનારાઓને નુકશાન બદલ વળતર પણ ચુકવવામાં આવેલ છે. આમ બનાવવાળા દિવસે બનેલ બનાવોમાં મુસ્લીમોની માલ મીલકતોનો સંપુર્ણ નાશ કરી લુંટફાટ કરી સળગાવવામાં આવેલ છે તે તમાામ હકીકતો સ્પષ્ટ રીતે પુરવાર થાય છે.

તદ ઉપરાંત ફરીયાદ પક્ષના સાહેદ નં.૧૯૬ નાઓ જે પંચ સાક્ષી છે.જ ેલાશો ઓળખી બતાવ્યા અંગેના પંચનામાના પંચ સાક્ષી છે. આ પંચનામા અનુસાર સાહેદ જાયદાબીબી મોહંમદ મશાક કુરેશી નાઓએ લાશો ઓળખી બતાવેલ છે જે અંગેનું પંચનામુ આંક ૧૩૪૯ થી રજુ કરેલ છે. અને તેમણે પંચોની હાજરીમાં લાશોને ઓળખી બતાવેલ છે તે રીતે પંચનામાની હકીકતો સ્પષ્ટ રીતે પુરવાર થાય છે.

## -: ગુનાવાળી જગ્યાના નકશા બાબતે :-

આ કેસમાં ગુનાનો મુખ્ય બનાવ નરોડા પાટીયા વિસ્તારમાં બનેલ છે. અને નરોડા પાટીયા વિસ્તારમાં આવેલ ગંગોત્રી-ગોપીનાથ સોસાયટી પાસે આવેલ પાણીની ટાંકીના ખાંચામાં ૫૮ માણસોને જીવતા સળગાવી દઈ મોતને ઘાટ ઉતારવામાં આવેલ છે. અને બીજા અન્ય બનાવો મળીને કુલ ૯૫ માણસોને મારી નાંખી સળગાવી દઈ મોતને ઘાટ ઉતારવામાં આવેલા છે. તે તમામ વિસ્તારોને સાંકળતો સ્થળ સ્થિતિ વિશે પ્રોસીકયુશન સાહેદોએ માહીતી આપેલ છે. તે રીતે નુરાની મસ્જીદની આસપાસની ચાલીઓ તથા એસ.ટી.વર્કશોપના ઝાંપાથી લઈ નરોડા પાટીયા વિસ્તારની તમામ મુસ્લીમ ચાલીઓ દીલીપની ચાલીથી લઈ જવાનનગર, હુસેનનગરની ચાલીઓ સુધી આવેલા મુસ્લીમોના મકાનો,દુકાનો, મસ્જીદો, વાહનો વગરેને તોડફોડ કરી નુકશાન પહોંચાડેલ છે અને સળગાવી દીધેલ તથા લુંટફાટ કરેલ છે.વગેરે મતલબની તમામ હકીકતો ભોગ બનનારા સાહેદોએ જણાવેલ છે. તથા આ ગુનાની તપાસ કરનાર અધીકારીએ પણ આ હકીકતો જણાવેલ છે.તેમજ આ કામે રજુ થયેલા નકશાઓ પરથી પણ સ્પષ્ટ  જણાય છે કે આ વિસ્તારમાં મુસ્લીમોની વસ્તી હતી અને તેમની ચાલીઓની આસપાસના વિસ્તારમાં હિન્દુઓની વસ્તી આવેલ છે તેવું પણ સ્પષ્ટ ફલીત થાય છે.

આ કામમાં ગુનાવાળી જગ્યાનો નકશો પી.ડબલ્યુ નં.૬૩ થકી પાંચ ભાગમાં નામદાર કોર્ટમાં આંક ૪૭૪/૧ થી ૪૭૪/૫ થી રજુ થયેલ છે. તેમજ  પી.ડબલ્યુ નં.૬૩ થકી નિશાની ૧૭૩૨/૩૨ થી સ્થળ સ્થિતિનો નકશો આંક ૨૨૨૧ થી રજુ થયેલ છે.  નકશો તૈયાર કરનારને નામદાર કોર્ટમાં  તપાસવામાં આવેલા છે અને તેઓને આ નકશો બનાવવાની સુચના શીટ તરફથી મળેલ હોઈ આ નકશો પ્રોસીક્યુશનની તરફેણવાળો તૈયાર કરેલ હોય તેવું નથી. પરંતુ નામદાર કોર્ટને બનાવવાળી જગ્યાનો તથા તેની આસપાસના વિસ્તારનો સંપુર્ણ ખ્યાલ આવે તે પ્રમાણે નકશો તૈયાર કરેલ છે. આ કામે રજુ થયેલ નકશામાં કોઈ ખોટી હકીકતો દર્શાવી હોય તેવું બચાવ પક્ષ દર્શાવી શકેલા નથી. નકશો પાછળથી તૈયાર કરવામાં આવેલ હોય તો પણ બનાવના સ્થળો કે જગ્યા બદલાતા નથી. તે તો ત્યાંના ત્યાંજ રહે છે. હાલના કેસમાં નામદાર કોર્ટના જજ સાહેબ તરફથી પણ બનાવના સ્થળો તથા જગ્યાની મુલાકાત લીધેલ છે. આમ ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા પાછળનો એક માત્ર ઉદ્દેશ નામદાર કોર્ટને બનાવવાળા સ્થળ અને જગ્યાની હકીકતમાં સ્થળ સ્થિતિ શું છે તેનાથી વાકેફ કરવાનો હોય છે.

## -: સાહેદાની જુબાનીની મુલવણી વખતે ધ્યાનમાં રાખવાની મહત્વની બાબત :-

આ કામના તમામ સાહેદો એકદમ નીચલી કક્ષાનું જીવન નિર્વાહ કરનાર લોકો છે. વધુ પડતા સાહેબે અભણ છે. તેમજ મજુરી કામ કરનારા વર્ગના વ્યકિતઓ છે. તદઉપરાત મોટા ભાગની સાહેદણ સ્ત્રીઓ મજુરી કામ કરે છે. તેથા ઘરેલું સ્ત્રી છે. અને પૂર્ણ રીતે અભણ છે. અને આ કામના તમામ સાહેદો રસ્ટીક વીટનેસ છે. આ કામના તમામ સાહેદોએ બનાવના દિવસે બનેલ બનાવોમાં પોતાના સ્વજનોને કે પાડોશી કે સગાઓને બિલકુલ નજીકથી મરતા, ઈજા પામતા, તેમજ આગમાં દાઝી ગયેલ તથા બાબતો અને જીવ બચાવવા હવાતીયા મારતા જોયેલા છે. આવા કપરા અને ભયંકર સમયમાં બનેલ બનાવો બાબતે સાહેદ બીલકુલ પરફેક્ટ બનાવનું વર્ણન કરે કે તે અંગે જુબાની આપે તેની અપેક્ષા ન રાખી શકાય કારણકે બનાવના દિવસનો માહોલ એટલો ભયાનક હતો કે લોકો પોતાનો જીવ કેમ બચાવવો તેની જ ચીંતામાં હતા. તેથી બનાવની હકીકતો તે સંભવિત છે. આથી આ સાહેદોની જબાનીને નહી માનવાને કોઈ કારણ ઉદ્દભવાનું નથી.(સાઈટેશન – નં.૯ થી છે.)

જેવી કે બનાવનો સમય બનાવ ચોક્કસ કઈ રીતે બનવા પામેલ બનાવમાં કયા કયા ઈસમે ભાગ લીધેલો કયા સ્થળે બનાવો બનવા પામ્યા છે. તે તમામ હકીકતોની ચોક્કસતા અને પરફેકશન બાબતે ઉંચ નીચ થઈ જાય તે સંભવીત છે.

આમ આવા સાહેદો પોતાની જુબાનીના કોર્ટમાં અમુક ચોક્કસ બાબતે કે ચોક્કસ બનાવ કે સ્થળ બાબતે સ્પષ્ટતા ન કરી શક્યા હોય તો તે સાહેદનો ના કોર્ટ રૂબરૂ પડેલ પુરાવાને અમાન્ય ન કરી શકાય. કારણકે આ સાહેદો અભણ છે. રસ્ટીક સાહેદો છે. અને ગુજરાતી ભાષાના જાણકાર નથી. તેથી જ તેમણે ના.કોર્ટ રૂબરૂ હિન્દીમાં જુવાની પણ આપેલ છે. આમ આ સાહેદોએ નામદાર કોર્ટ રૂબરૂ આરોપીયો વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

### (૧૪) આ કેસમાં તપાસવામાં આવેલ સાહેદોને કુલ ૭ વિભાગમાં વહેંચાયેલા છે જે નીચે મુજબ છે.

-ભોગ બનનાર અને મરણ ગયેલાઓના સગાવ્હાલા નજરે જોનાર સાહેદો (કુલ ૧૭૫ સાહેદો)

- પંચ સાહેદો ( કુલ ૩૯ સાહેદો)

- ઓફીસીયલ સાહેદો ( કુલ -૧૭ સાહેદો)

- ડોકટર્સ સાહેદો (કુલ-૪૨ સાહેદો)

- પોલીસ સાહેદો ( કુલ-૪૪ સાહેદો)

- એફ.એસ.એલ નિષ્ણાંત સાહેદો (કુલ -૧ સાહેદ)
- અન્ય સાહેદો (કુલ -૯ સાહેદો)

ઉપરોક્ત જણાવેલ સાહેદોએ નામદાર કોર્ટ રૂબરૂ આપેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં પહેલા કાયદાકીય પરિસ્થિતિ સંબંધે નીચે મુજબના મુદ્દાઓ ઉપરના ચુકાદાએ મહત્વના છે.

આ કામમાં નરોડા પોલીસ સ્ટેશનમાં સદર બનાવ સંદર્ભે થયેલ ફરીયાદો ભેગી કરી ગુ.ર.નં.૧૦૦/૦૨ ના કામે શરૂઆતમાં થયેલી તપાસ કરનારા અમલદારો વિરૂધ્ધ ભોગબનનારાઓ દ્વારા ગુનાની તપાસ યોગ્ય રીતે  કરવામાં આવેલ નથી. તેવી રજુઆત થયેલી અને તે બાબતે સાહેદોએ શીટ રૂબરૂ અને નામદાર કોર્ટ રૂબરૂ પોલીસે જવાબ તેમના લખાવ્યા મુજબ લખ્યા નથી તેવા આક્ષેપો કરેલા છે અને તેથી જ શીટ ની રચના કરવામાં આવેલ છે અને સાહેદોએ શીટ રૂબરૂ તેમના નિવેદનો લખાવેલા છે. જેથી પોલીસ રૂબરૂ સને-૨૦૦૨ ના નિવેદનોમાં વિરોધાભાસ આવેલ છે. આવા સંજોગોમાં સાહેદોની કોર્ટ રૂબરૂની જુબાનીમાં આવેલ વિરોધાભાસનું મુલ્યાંકન ઉપર જણાવેલ સંજોગોને ધ્યાનમાં રાખી કરવું જરૂરી છે.

# -: Judgements :-

## AIR 1956 PAGE 181

Statements made by prosecution witnesses before the investigating police officer being the earliest statements made by them with reference to the facts of the occurrence are valuable material for testing the veracity of the witnesses examined in court, with particular reference to those statements which happen to be at variance with their earlier statements; but the statements made during investigation are not substantive evidence.

Hence the record made by a police investigating officer has to be considered by the court only with a view to weighing the evidence actually adduced in Court. If the police record becomes suspect or unreliable police record becomes suspect or unreliable as in the present case, on the ground that it was deliberately perfunctory of dishonest, it loses much of its value and the court in judging the case of a particular accused has to weigh the evidence given against him in court keeping in view the fact that the earlier statements of witnesses as recorded by the police is tainted record and has not as great as it otherwise would have in weighing all the material on the record as against each individual accused. In so far as the High Court mislead itself into relying upon the record made by the Sub – Inspector of Police to discard the evidence given in the court it fell into a serious error.

## GLR 1697 page 350

The mala fide conduct of the investigating officer could certainly be urged on behalf of the State & the Court can consider it on the basis of circumstances other than the mere discrepant larguage of the recorded statements of the witness

(૨) ક્રિમીનલ ટ્રાયલમાં તપાસ કરનાર અમલદારે કરેલી ભુલોને લક્ષમાં લેવાની નથી, અને જો એમ કરવામાં આવે તો સમગ્ર કેસનુ ભાવિ નક્કી કરવાનું તપાસ કરનાર એજન્સીના હાથમાં આવી જાય, જે યોગ્ય નથી

## AIR 2000 SC PAGE 185

19. But can the above finding (that the Station House Diary is not genuine) have any inevitable being on the other evidence in this case? If the outer evidence, on scrunity, is found credible and acceptable, should the Court be influenced by the machinations demonstrated by the investigating Officer in conductive investigation or in preparing the records so unscrupulously. It can be a guiding principle that as investigation is not the solitary area for judicial scrutiny in a criminal trial, the conclusion of the Court in the case cannot be allowed to depend solely on the probity of investigation. It is well high settled that even if the investigation is illegal or even suspicious the rest of evidence must be scrutinized independently of the impact of it. Otherwise criminal trial will plummet to the level of the Investigating Officer ruling the roost. The court must have predominance and pre-eminence in criminal trials over the action taken by Investigation Officers. Criminal justice should not be made the casualty for the wrongs committed by the Investigating Officer in the case. In other words, if the Court is convinced that the testimony of a witness to the occurrence is true the Court is free to act on it albeit Investigating Officer’s suspicious role in the case.

(૩) આ કેસના બનાવમાં નરોડા વિસ્તારના જ માણસો સંડોવાયેલા છે. જેમાં આરોપીઓની સંખ્યા પણ ઘણી મોટી છે. જયારે આરોપીઓ સાહેદોના પરિચિત હોય, અને બનાવ દિવસના સમય દરમ્યાન બનેલો હોય, ત્યારે ઓળખ પરેડ

**કરાવવાની જરૂરિયાત નથી. તે જ રીતે પરિચિત વ્યક્તિ હોય તો પણ નામથી ન પણ ઓળખતા હોય, તેવુ બની શકે.**

## **2002(1)GLH PAGE 176**

(D). Indian Penal Code, 1860- Ss. 302 and 149- Identification Parade – Two of the accused out of six, not named initially – Witnesses were knowing them by face – There is a difference between persons unknown and persons whose name may not be known – Failure to hold an identification parade does not make inadmissible the evidence of identification in Court – The evidence of identification in Ti Prade is not a substantive evidence but is only corroborative evidence but is only corroborative evidence – if a witness identifies the accused in Court for the first time after a long time the probative value of such uncorroborated evidence becomes minimal, so much so that it becomes unsafe to rely on such a piece of evidence – However, if a witness has known an accused earlier and if there is no inherent improbability or inconsistency, there is no reason why his statement in court about identification of accused should not be relied upon – On facts, held that the complaint knew all the accused and therefore not naming two of them in FIR does not help the accused not named as complaint identified all of them in Court and her evidence also gets support from the evidence of other witnesses who had known all the accused and had named them – conviction of all accused confirmed – Appeals dismissed.

The criticism against some of the witnesses who had not initially given the names of the two of the accused persons on the ground that their version should be discarded because no identification parade was held, is fallacious. There is a difference between persons unknown and persons

whose names may not be known. Latter may not necessarily be persons not known to the witnesses though the witness does not know their names. If you know your neighbour by face, but do no know his name, he does not thereby become on unknown person. An known person would be a person whose identity is not perceived by the witness either by looks or by name. A person known need not be an acquaintance. We are satisfied that the witnesses who did not name the accused Nos. 5 and 6 initially had already known them by face and were in a position to identify them as persons who were amongst the assailants. Failure to hold an identification parade does not make inadmissible the evidence of identification in Court, as held by the Supreme Court in Kanta Prasad v. Delhi Administration, reported in AIR 1958 SC 350. In Jadunath Singh V. The State of UP., reported in 1970(3) SCC 518, it was held that absence of test identification in all cases is not fatal and if the accused person is well known by sight, it would be waste of time to put him up for identification. In Mehtab Singh v. The State of Madhya Prasad reported in (1975) 3 SCC 407, it was held that the need for identification parade arises only if the assailants are not previously known to the witnesses.

## (૪) **‘Falsus in uno falsus in omnibus’ નો સિધ્ધાંત**

**2010 SCC (CRI)-1 PAGE 224**

5.Stress was laid by the accused – appellants on the non-acceptance of evidence tendered by PW 1 to a large extent to contend about desirability to throw out entire prosecution case. In essence prayer is to apply the principle of “falsus in ombinus” (false in one thing, flase in everything). This plea is clearly untenable. Even if major portion of evidence is found

to be deficient in case residue is sufficient to prove guilt of an accused, his conviction can be maintained. It is the duty of the Court to separate grain from chaff. Where chaff can be separated from grain, it would be open to the court to convict an accused notwithstanding the fact that evidence has been found to be deficient, or to be not wholly credible. Falsity of material particular would not ruin it from the beginning to end. The maximum “falsus in uno falsus in omnibus” has not received general acceptance not has this maxim come to occupy the status of rule of law. It is merely a rule of caution.

(૫) **સાહેદોની જુબાનીમાં જે હકીકતો વિરોધાભાસ તરીકે લેવામાં આવી હોય, તે હકીકતો રેકર્ડ પરના અન્ય પુરાવાથી સાબિત થતી હોય તો તેવા વિરોધાભાસનું મહત્વ રહેતું નથી.**

**<u>2002(3) GLH Page 1</u>**

According to all these witnesses, the lamp which was hanging on a bamboo stick gave sufficient light at the place where door of Navela is situated and where the incident of inflicting injury on Rameshbhai had taken place. It is the say of PSI Mr. Dayatar that there was a tubelight on the bamboo stich which gave sufficient light to ascertain the identity of the assailants. The defence has, however, brought out from the witnesses that this fact was never stated by them in the police statement and this omission has been duly proved during the cross-examinations of PSI Mr. Dayatar and Mr. Bhadoriya. However, if the map of the scene of offence which has been produced at Exh. 47 and the panchnama of the scene of offence are persued, the dearly show presence of the electric light at the place stated by the witnesses. The said light was found to be in working condition when the panchnama was drawn early in the morning of 23rd. Assuming that the

said fact had not been stated by the witnesses in [@page 13] their police statements, such omission cannto be of such a nature that it can be termed as contradiction. It is more so when the say of the witnesses gets ample corroboration from the map and panchnama of the scene of offence and the omission becomes totally insignificant and on that aspect the say of the prosecution witnesses becomes absolutely reliable.

**(૬) ગેરકાયદેસર મંડળીના સભ્યો કોને કહેવાય, અને તેઓને કયારે જવાબદાર ઠેરવી શકાય.**

**2004 (1)GLH Page 534**

12. Another plea which was emphasized relates to the question whether Section 149, IPC has any application for fastening the constructive liability which is the sine qua non for its operation. The emphasis is on the common object and not on common intention. Mere presence in an unlawful assembly cannot render a person liable unless there was a common object and he was actuated by that common object and that object is one of those set out in Section 141. Where common object of an unlawful assembly is not proved, the accused persons cannot be convicted with the help of Section 149. the crucial question to determine is whether the assembly consisted of fie or more persons and whether the said persons entertained one or more of the common objects as specified in Sectin (@page 539) 141. It cannot be laid down as a general proposition of law that unless an overt act is proved against a person, who is alleged to be a member of unlawful assembly, it cannot be said that he us a member of an assembly. The only thing required is that he should have understood that the assembly was unlawful and was likely to commit any of the acts which fall within the purview of Section 141. The word ‘object’ means the purpose or

design and in order to make it ‘common’. It must be shared by all. In other words, the object should be common to the persons, who compose the assembly, that is to say, they should all be aware of it and concur in it. A common object may be formed by express agreement after mutual consultation, but that is by no means necessary. It may be formed at any stage by all or a few members of the assembly and the other members may just join and adopt it. Once formed, it need not continue to be the same. It may be modified or altered or abandoned at any stage. The expression ‘in prosecution of common object’ as appearing in Section 149 have to be strictly construed as equipment to ‘in order to attain the common object’. It must be immediately connected with the common object by virtue of the nature of the object. There must be community of object and the object may exist only up to a particular stage and not thereafter. Members of an unlawful assembly may have community of object up to certain point beyond which they may differ in their objects and the knowledge, possessed by each member of what is likely to be committed in prosecution of their common object may vary not only according to the information at his command, but also according to the extent to which he shares the community of object, and as a consequence of this the effect of Section 149, IPC may be different on different members of the some assembly.

13. Common object is different from a common intention as it does not require prior concert and a common meeting of minds before the attack. It is enough if each has the some object in view and their number is five or more and that they act as an assembly to achieve that object. The common object of an assembly is to be ascertained from the acts and language of the

members composing it, and from a consideration of all the surrounding circumstances. It may be gathered from the course of conduct adopted by the members of the assembly. What the common object of the unlawful assembly is at a particular stage of the incident is essentially a question of fact to be determined keeping in view the nature of the assembly, the arms carried by the members, and the behaviour of the members at or near the scene of the incident. It is not necessary under law that in all cases of unlawful assembly, with an unlawful common object, the same must be translated into action or be successful. Under the Explanation to Section 141, an assembly which was not unlawful when it was assembly, may subsequently becomes unlawful. It is not necessary that the intention of the purpose, which is necessary to render an assembly an unlawful one comes into existence at the outset. The time of forming an unlawful intent is not material. An assembly which, at its commencement or even fore some time thereafter, is lawful may subsequently becomes unlawful. In other words it can develop during the course of incident at the spot co instant.

17.In state  of U.P. v. Dan Singh and ors, it was observed that it is not necessary for the prosecution to prove which of the members of the unlawful assembly did which or what act. reference was made to Lalji's case (supro) where it was observed that "while overt act and active participation may indicate common intention of the person perpetrating the crime, the mere presence in the unlawful assembly may fasten vicariously criminal liability under section 149.

(૭) વિરોધાભાસ યોગ્ય રીતે લેવામાં આવેલ છે કે કેમ, તે જોવા માટે કોર્ટ પોલીસે લીધેલા નિવેદનો જોઈ શકે છે.

**2004 TLGJ-0-52**

(7) The learned Advicate General, addressing the Court on the question as to whether appellate Court can refer to the police statements which are on record for the purpose of ascertaining as to whether the contradiction or omission was correctly brought on record in the evidence of witnesses, submitted that the extreme proposition, canvassed on behalf of the accused persons that the appeliate Court can under no circumstance refer to the police statements is duly proved at the trial in the contradictions was not warranted. He submitted that when omission to be brought on record is to be ascertained, necessarily the entire statement has to be viewed to find out whether the omission existed or not. The learned Advocate General argued that whatever the trial Court can do with regard to the police statements, the appellate court also can do.

(૮) પુરાવાનાં કાયદાની સેકશન-૬ (રેસજેસ્ટી)

**2009 ILRDLH – 19-244**

26. Section 6 of the Evidence Act makes relevant, facts which, though not in issue, are so connected with a fact in issue as to form part of the same transaction, whether they occur at the same time and place or at different times and places. It is important to bear in mind that what is admissible under Section 6 are facts which are connected with the facts in issue as part of the transaction under investigation. In order that different acts constitute the same transaction they must be connected by proximity of time, unity of proximity of place, continuity of action and community of purpose of design.

**(૯) સાહેદ એકઝોરાઝેટ તથા વાત લંબાવીને જણાવતો હોય, ત્યારે સાહેદને માનવો ન જોઈએ, તેવો સિધ્ધાંત નથી.**

**AIR 1988 (SC) page 1998**

With regards to falsehood stated or embellishments added by the prosecution witnesses, it is well to remember that there is a tencency amongst witnesses in our country to back up a good case by false or exaggerated version. The Privy Counsiil had an occasion to observed this, in Bankim Chander v/s. Matagini. 24 Cal WN 626, the Privy Council had this to say:

That in Indian litigation it is not safe to assume that a case must be false it some of the evidence in support of it appears to be doubtful or is clearly untrue, since there is, on some occession, a tendency amongst litigants to back up a good case by false or exaggerated evidence."

15. It is also our experience that invariably the witnesses add embroidery to prosecution story, perhaps for the fear of being disbelieved. But that is no ground to throw the case overboard, if true, in the main. If there is a ring of truth in the main, the case should not be rejected. It is the duty of the court to cull out the nuggets of truth from the evidence unless there is reason to believe that the inconsistencies or falsehood are so glaring as utterly to destroy confidence in the witnesses it is necessary to remember that a judge does not preside over a criminal trial merely to see that no innocent man is punished. A judge also presides to see that a guilty man does not escape. One is as important as the other Both are public duties which the judge has to perform.

**(૧૦) ડોક્ટર સમક્ષ સાહેદ આરોપીઓના નામ ન આપે, તેથી જુબાનીમાં આપેલ નામો ખોટા આપેલા, તેવુ અનુમાન થઈ શકે નહીં.**

**<u>2004 (1)GLH Page 534</u>**

19. So far as non-disclosure of names to the doctor, same is really of no consequence. As rightly noted by the courts below, his primary duty is to treat the patient and not to find out by whom the injury was caused. The plea in this regard is clearly unacceptable. The question was examined by this Court, in Pattipati Venkaiah v. State of Andhra Pradesh and similar view was taken.

**<u>AIR 2003 (SC)Page 199</u>**

Undisputedly from the inquiry certificate at Exh. 128, it appears that the victim had received multiple injuries all over the body and some of them were on vital parts. Immediately he was carried from the spot to the District Hospital. Dr. Bhagwat attended him. Even if it is proved that he could not disclosed the names of the assailants to Dr. Bhagwat, it could not lead to an inference that at that stage he was not aware of the accused agony could be imagined and he was in a shock and strain, in that mental set up his immediately not disclosing to Dr. Bhagwat the names of the assailants was quite natural and more probable in a condition in which the victim was placed. We therefore, do not agree with the submittion of Mrs. Sirpurkar that the victim was not aware of the names of the assailant.

(૧૧) સાહેદ આરોપીને સહાય કરવા માટે પુરાવો આપે ત્યારે.

**AIR 2003 (SC) Page 4466**

This witness was declared ad hostile and suggestions were made to him that the facts deposed by him had not been narrated in his statement to the police, that they had been so narrated at the instance of the accused and that he had deposed falsely under the cross-examination. We have no hesitation in rejecting that part of the testimony of PW 7 which appears to have found its way on the record so convenient for the accused.

It appears to us that Jit Singh (PW 7) must have been won over by the accused and made bold to give convenient evidence under cross examination. We are not indicate to accept this very convenient testimony of Jit Singh(PW 7) as detracting from the veracity and weight to be attached to the dying declaration (exhibit PN).

(૧૨) **Legal Proof.**

**1974 (2) SCC page 544**

It cannot be disputed that in proceedings for imposing penalities under Clause (B) of Section 167, to which Section 178-A does not apply, the burden of proving that the goods are smuggled goods, is one the Departmental. This is a fundamental rule relating to proof in all criminal or quasi-criminal proceedings, where there is no statutory provision to the contrary. But in appreciating its scope and the nature of the onus cast by it, we must pay due regard to other kindred principles, no less fundamental, of universal application. One of them is that the prosecution or the Department is not required to prove its case with mathematical precision to a demonstrable degree; for, in all human affairs absolute certainty is a

myth, and as Prof. Brett felicitously puts it – "all exactness is a fake" El Dorado of absolute proof being unattainable, the law accepts for it, probability can working substitute in this work-a-day-world. The law does not require is the establishment of such a degree of portability that a prudent man may, on its basis, believe in the existence of the fact in issue. Thus legal proof is not necessarily perfect proof, often it is nothing more than a present man's estimate as to the probabilities of the case.

## <u>તોહમતદાર નં.(૧) નરેશ અગરસિંહ છારા વિરૂધ્ધ ના.કોર્ટમાં નોંધાયેલ પુરાવો.:-</u>

### (૧) બાસુદ્દીન મૈયુદ્દીન સૈયદ સાહેદ નં. ૭૩, આંક-૫૧૪

- ના. કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.
- સીટના જવાબમાં નામ :- નરેશ
- પોલીસ જવાબમાં નામ છે.
- સીટના જવાબમાં હથિયારો સાથે ટોળામાં હતા.
- <u>પેરા નં.૮ પેજ નં.૫</u>

તે દીવસે સવારે આઠ વાગ્યાના સુમારે કૃષ્ણનગર તરફથી એક મોટુ હિન્દુઓનું ટોળુ આવતું હતુ. આ ટોળાના અવાજો સાંભળી હું નેશનલ હાઈવે રોડ ઉપર આવી ગયેલો. હું બહાર આવી જય અંબે પાનના ગલ્લા પાસે ઉભો રહેલો. મારી સાથે ચાલીના મુન્નાભાઈ પણ હાજર હતા. આ હિન્દુઓનું ટોળુ કૃષ્ણનગરથી નુરાની મસ્જીદ તરફ આવતું હતુ. <u>આ ટોળાની આગેવાની</u> બીપીન પંચાલ, <u>ગુડ્ડુ છારા અને તેના બે સગાભાઈઓની હતી.</u> આ હિન્દુ ટોળાના માણસો પાસે તલવારો, ત્રિશુલ, ભાલા, રીવોલ્વર તથા લોખંડની પાઈપો જેવા હથીયારો હતા.

- બે સગા ભાઈ (નરેશ- હરેશ)
- <u>પેરા નં.૧૦ પેજ નં.૬</u>

આ ટોળાના માણસો મસ્જીદની બાજુમાં આવેલી મુસલમાનોની દુકાનને આગ લગાડતા હતા અને આ ટોળાના માણસો પથ્થરમારો પણ કરતા હતા. મે આ તમામ જોયુ ત્યારે આશરે સાડા નવ વાગ્યા હશે.

<u>પેરા નં.૧૪ પેજ નં.૮</u>

ટોળાના માણસોમાંથી કોઈ દુકાન સળગાવતું હતુ, કોઈ મસ્જીદને નુકશાન કરતુ હતુ અને આ ટોળાના ઉભેલા એક માણસે મસ્જીદની નજીકમાં ઉભેલા ટેન્કરને ચાલુ કરી આ મસ્જીદના દરવાજાની અંદર ઘુસેડી દીધેલું. આનાથી મસ્જીદનો દરવાજો તથા તેની બાજુમાં આવેલ મિલન હોટલ તુટી ગયેલી.

આ સાહેદ ના.કોર્ટમાં જુબાની આપેલ છે તે પ્રમાણે મજકુર તો.દાર બનાવ વખતે ગુનાહીત કૃત્ય કરતા ટોળામાં સામેલ હોવાનું જણાવેલ છે. આ સાહેદ તેના પોલીસ જવાબમાં તેમજ સીટ રૂબરૂ ના નિવેદનમાં મજકુર તો.દારનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂ સાહેદે તો.દારનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ આરોપી સામે આ સાહેદની જુબાની પ્રમાણે તેની જુબાની મુજબ પુરાવો નોંધાયેલ છે.

આ સાહેદ બનાવનો નજરે જોનાર સાહેદ છે સાહેદના કહેવા મુજબ તેમને બનાવ વખતે પોતાનો જીવ બચાવવા દોડતી વખતે પડી જવાથી કમ્મરમાં ઈજા થયેલ છે તેમજ સાહેદના દીકરા અહેસાનને પણ જીવ બચાવવા ભાગતી વખતે ઘુંટણમાં ઈજા થયેલ છે તેમણે સહન કેમ્પમાં સારવાર લીધેલ છે આ સાક્ષી મોતના મુખમાંથી બચી ગયેલો સાક્ષી છે તેમણે સરતપાસમાં જણાવેલ હકીકતને ન માનવાનું કોઈ કારણ નથી.

(૨) શાહનવાઝ અબ્બાસખાન પઠાણ સાહેદ નં. ૧૪૫, આંક-૯૯૯

- તા.૯.૩.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે. તોફાની ટોળામાં

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૨ પેરા.૩</u>

બનાવ બન્યો તે દિવસે ગુજરાત બંધનું એલાન હતું. બનાવના દીવસે સવારે સવાનવ વાગે મારા ઘરની બહાર ટોળુ આવી ગયેલું. તેઓ દુકાનો તોડતા હતા જે તમામ ૧૧ વાગ્યા સુધી ચાલતું હતુ. ત્યારબાદ પોલીસે ગોળીબાર કરેલો. ત્યાં અમારા મુસ્લીમોના ટોળા હતા તે અંદર ગલીમાં જતા રહેલા. ત્યારપછી હિન્દુઓના ટોળાના માણસો આગળ વધેલા. તે અમારી ચાલીમાં ઘુસી ગયેલા. આ હિન્દુઓના ટોળાએ હુકમસીંગના ચાલી તથા દિલીપની ચાલીમાં આગ લગાડેલી અને સરસામાન લુંટી લીધેલો. ટોળાના માણસો ચાલીઓમાં ઘુસી આવેલા.

<u>-પેજ નં.૩ પેરા .૪</u>

ટોળું નટરાજ હોટલ તરફથી આવેલું. એસ.ટી.વર્કશોપના સામેના પાટીયા તરફતી આ ટોળું આવેલું. આ ટોળુ પંદરથી વીસ હજાર માણસોનું હતું. ટોળાના માણસોએ મારૂ મકાન બાળી નાંખેલું તથા મારા મકાનમાં લુટફાટ કરેલી. બહારના ભાગે પથ્થરમારો તથા મારામારી ચાલતી હતી તેથી અમે અંદરના ભાગે હુસેનનગરમાં જતા રહેલા. અમે હુસેનનગરમાં સંતાઈ ગયેલા. ત્યારપછી રાત્રે પોલીસની ગાડી અમોને શાહઆલમ કેમ્પ ખાતે લઈ ગયેલી.. . . બનાવમાં મારા પિતાને પથ્થરમારથી પગમાં ઈજા થયેલી.

<u>- પેજ નં.૪ પેરા.૬</u>

જે ટોળુ ઘુસી ગયેલું તથા મે કહ્યું તેવા બનાવમાં તથા મારા ઘરને તોડફોડ કરી આગ લગાડતા હતા. તે ટોળામાં બિપીન પંચાલ, મનોજ સિંધી, મુરલી સીંધી, કાળુ ભૈયા, સુરેશ છારો, હરેશ છારો તથા નરેશ છારાનાઓ એમ કુલ સાત જણાં હતા. ટોળામાના આ સાતને જ હુ ઓળખતો હતો. ટોળાના અન્ય વ્યક્તિને હું ઓળખતો ન હતો.

- આરોપીની હાજરી મુક્તિની અરજી ઓળખની તકરાર નથી.

આ સાહેદ તા.૯-૩-૦૨ ના પોલીસ જવાબમાં મજકુર તો.દારનું નામ આપેલ છે. તેઓ તોફાની ટોળામાં હતા તેવુ જણાવેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં તો.દારનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદની જુબાની પ્રમાણે આરોપી વિરૂદ્ધ પુરાવો નોંદાયેલ છે. આ સાહેદના પિતાને પથ્થરમારાથી પગમાં ઈજા થયેલ છે. તેમણે શાહેઆલમ રાહત કેમ્પમાં સારવાર લીધેલી છે. આ સાહેદનું મકાન તો.દારોએ બાળી નાંખેલ છે આ સાહેદ સદર આરોપીને ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં ઓળખેલ છે અને ના.કોર્ટમાંની જુબાનીમાં પણ નામ આપી ઓળખી બતાવેલ છે.

(૩) ફરીદા અબ્દુલ કાદર ખલીફા સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં નામ આપેલ છે.

- તા.૩.૬.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી જુબાની આપેલ છે.

<u>- પેજ નં. ૪ પેરા.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપત છારાનો જમાઈ ટીનીયો છારા, સહેજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ધરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

<u>- પેજ નં.૭ પેરા. ૧૪</u>

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો

<u>- પેજ નં.૮ પેરા.૧૫</u>

આજ  ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા. આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દાર તરફથી ગેરહાજર રહેવાની ના.કોર્ટની સંમતી મેળવવામાં આવેલ અને ઓળખ બાબતે તેમને તકરાર નથી તેવું જાહેર કરવામાં આવેલ તેથી આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દારને  ઓળખી બતાવવાનો સવાલ ઉભો થતો નથી.

આ સાહેદે મજકુર તો.દાર સદર ગુનામાં સામેલ હોવાનું તેના તા.૧૨-૫-૦૨ ના પોલીસ નિવેદનમાં તથા ૩-૬-૦૮ ના શીટ સમક્ષના નિવેદનમાં તો.દારનું નામ આપેલ છે. આ તો.દાર ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં તેમના ઈરાદો પાર પાડવામાં સામેલ હોવાનું જણાવેલ છે આ સાહેદે ના.કોર્ટ સમક્ષ તેમની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી સામે પુરાવો નોંધાયેલ છે. આ સાહેદનું બનાવ વખતે પી.આઈ. મૈયસોરવાલાએ દંડાથી મારી ભગાડેલ છે. આમ આ સાહેદ સદર બનાવના નજરે જોનાર સાક્ષી છે અને તેમને નહિ માનવાને કોઈ કારણ નથી.

### (૪) અ.મજીદ મો.ઉસ્માન શેખ, સાહેદ નં. ૧૫૬, આંક-૧૦૭૨

- તા.૧૫.૪.૦૨ ના  પોલીસ નિવેદનમાં નામ આપેલ છે.
- તા ૨૦.૫.૦૮ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.
- તા. ૧૩.૯.૦૮  ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.(ગુડ્ડુના ભાઈ તરીકે)

નોંધઃ- કેરોસીનના કેરબા સાથે ૨૦.૫.૦૮ ના નિવેદનમાં નામ આપેલ છે.

નામ આપેલ છે.

આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દાર તરફથી ગેરહાજર રહેવાની ના.કોર્ટની સંમતી મેળવવામાં આવેલ અને ઓળખ બાબતે તેમને તકરાર નથી તેવું જાહેર કરવામાં આવેલ તેથી આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દારને ઓળખી બતાવવાનો સવાલ ઉભો થતો નથી.

<u>- પેજ નં.૭,૮ પેરા નં.૧૫</u>

અમે તે વખતે તે દીવસે દસેય જણાં અમારૂ ઘર છોડીને નીકળી ગયેલા. મને ચોક્કસ સમય ખબર નથી. પરંતુ પછી અમે ગંગોત્રી સોસાયટીના ધાબે ગયેલા તે સમયે બપોરનો સમય હતો. આ ગંગોત્રીવાળા ધાબેથી મેં જોયેલું કે, ગુડુ છારાના બે ભાઈઓ, ટીનીયો તથા બીજાઓ હાજર હતા. આ તમામનાઓના હાથમાં તલવાર, લાકડી, કેરોસીનનો ડબ્બો વગેરે હતા. તેઓએ અલ્લાબક્ષના દીકરા ઐયુબ પર હુમલો કરેલો. તેને અમારી જવાનનગરની છેલ્લી ચાલીમાં આબેદાના ઘર પાસે તથા એસ.આર.પી. કવાર્ટસની દિવાલ પાસે રીક્ષામાં નાંખીને આ લોકોએ સળગાવી દીધેલો. જે મેં પોતે જોયેલું. જેમાં, ગુડુ છારાના હાથમાં તલવાર હતી, ગુડુના એક ભાઈના હાથમાં કેરોસીનનો કેરબો હતો તથા બીજા ભાઈના હાથમાં એક લાકડી હતી. ત્યાં પાંચ છ બીજા મરાઠીના છોકરાઓ પણ હતા, ટીનીયો કદમનો દીકરો થાય.

<u>*- પેજ નં.૧૦ પેરા નં.૧૯*</u>

મેં જોયેલું કે, મારા પત્ની સળગત હતા અને મારી દીકરી સુપ્રિયાને લોકો ખેંચીને લઈ જતાં હતા જે લઈ જવામાં જયભવાની, તેનો છોકરો, ટીનીયો, સુરેશ લંગડો તથા અન્ય બે ચાર જણાં હતા. મે મારી દીકરીને આ રીતે ખેંચવામાં આવતી હતી ત્યારે અલ્લાહને યાદ કરીને પોકાર કરેલો કે, નારએ તકબીર અલ્લાહ અકબર આ વખતે મારા માથા પર પાછળથી કોઈએ હુમલો કરેલો તેથી હું ત્યા જ પડી ગયેલો.

<u>*- પેજ નં.૧૧ પેરા નં.૨૦*</u>

મને હોશ આવતા અગાઉ મેં જોયેલું કે, મારી દીકરી સુપ્રિયાને ઘસડીને લઈ જતાં હતા અને મારી પત્ની લાલબી તથા આફરીનબાનું તથા સાહીનબાનું, દીકરો મહંમદહુસેન, દીકરો ખાજાહુસેન અને દીકરી સુફીયાબાનુનાઓ ત્યાં સળગતા હતા. મને ભાન આવતા મને મારા બાકી રહેલા બાળકોનું શું થયું હશે તેવો વિચાર આવતા મેં બાકી રહેલા બાળકો ચાંદ, યાસીન અને મહેબુબના નામની બુમો પાડેલી.

<u>- પેજ નં.૧૧ પેરા નં.૨૧</u>

મને તે સમયે બીબીબાનું નામક સ્ત્રીનો પતિ મહેબુબ સળગી ગયેલી હાલતમાં મળેલો. ત્યારપછી મે મારા દીકરા યાસીનનો મને અબ્બા તરીકે બોલાવતો અવાજ સાંભળેલો. મારો દીકરો યાસીન સળગી ગયેલી હાલતમાં હતો. મારો દીકરો યાસીન દાઝી જવાની જલનને

કારણે ત્યાં આવેલી ટાંકીમાં બેસી ગયેલો. મે તેને પાણીમાં બેસવાની ના પાડેલી, કારણકે, તેની ચામડી ફુલાઈ જાય. મે તેને ટાંકીની બહાર લઈ લીધેલો.

આ સાહેદ તેના ૧૫-૪-૦૨ના પોલીસ નિવેદનમાં ૨૦-૫-૦૮ ના શીટના નિવેદનમાં તા.૧૩-૯-૦૮ના શીટના નિવેદનમાં આરોપીનું નામ ગુડ્ડુના ભાઈ તરીકે આપેલ છે. આ આરોપીને સાહેદ કેરોસીનના કેરબા સાથે જોયેલ છે. તેવુ તેના ૨૦-૫-૦૮ ના નિવેદનમાં જણાવેલ છે. આ સાહેદ  બનાવ વખતે બનાવના સ્થળે હાજર હતા સાહેદની દીકરી સુપ્રિયાને ટોળાના માણસો ઘસડીને લઈ ગયા હતા અને તેની ઉપર બળાત્કાર કરેલ છે અને તેને મારેલ છે. જે સારવાર દરમ્યાન ગુજરી ગયેલ છે. સાહેદની પત્નિ લાલબી બે દિકરીઓ આફરીનબાનું, શાહીદબાનુ તથા બે દિકરા મો.હુસેન અને ખ્વાજાહુસેન વિગેરેને બાળીને મારી નાંખેલ છે. આમ આ સાહેદના કુટુંબના પાંચ વ્યક્તિઓ આ હિંચકારા બનાવમાં મરણ પામેલ છે. સાહેદનો દિકરો યાસીન સળગતો હાલતમાં હતો તેણે સાહેદે બતાવેલ જે સારવાર દરમ્યાન બચી ગયેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ તેમની જુબાનીમાં મુજબ સદર આરોપી સામે પુરાવો આપેલ છે. ના.કોર્ટમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

આમ આ સાહેદના કોર્ટ રૂબરૂ આપેલ જુબાની ખુબ જ હૃદય દ્રાવક છે. આ સાહેદે અલાબક્ષના દીકરા ઐયુબને તો.દારોએ જીવતો સળગાવેલા તે જોયેલ છે, જે બાબતે તેણે તો.દાર ગુડ્ડુ છારાને તલવાર સાથે,  ગુડ્ડુના ભાઈ નરેશના હાથમાં કેરોસીનના કેરબા સાથે તથી ટીનીયા કદમનો દીકરાને તો.દાર તરીકે જોયેલ છે. આ સાહેદે પોતાની પત્નીને બનાવ બનાવ વખતે સળગતી જોયેલ છે. અને પોતાની દીકરી સુપ્રીયાને જયભવાની તથા જયભવાનીનો છોકરો, ટીનીયો સુરેશ લંગડા તથા બીજા ચાર જણાને જોયેલ છે અને આ સાહેદને પણ ઈજા પહોંચાડવામાં આવેલ અને તે બેહોશ હાલતમાં પડી ગયેલ. રૂા સાહેદે પોતાની પત્નિ, લાલબી તથા દિકરી આફરીન, શાહીનબાનું તથા દીકરો મહંમદહુસેન અને ખ્વાજાહુસેન તથા સુફીયાબાનુને સળગતા જોયેલ છે. દીકરા યાસીનને પણ સળગતી હાલતમાં બુમો પાડતો જોયેલ. આ સાહેદના કુટુંબની પાંચ વ્યક્તિઓ આ હિચંકારા બનાવમાં મરણ પામેલ છે. અને અન્ય તો.દારોની ઓળખ ઉપરોક્ત આ તો.દાર નં.૧ નરેશને પણ ના.કોર્ટમાં ઓળખી બતાવેલ છે. આ સાહેદે પોતાના ૧૫-૪-૦૨ના પોલીસ નિવેદનમાં તથા ૨૦-૫-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમા પણ મજકુર તો.દારનું નામ આપેલ છે. તેથી આ સાહેદ ખુબ જ ભરોસાપાત્ર સાહેદ છે અને તેની જુબાની ન માનવાનું કોઈ કારણ નથી.

આ સાહેદ પોતાની દિકરી સુપ્રીયાને હોસ્પીટલમાં મળેલ ત્યારે તેણીએ સ્પષ્ટ રીતે જણાવેલ છે કે બનાવના દિવસે આ તો.દાર બીજા તો.દારો સાથે મળી તેણીની સાથે  બળાત્કાર

કરેલ છે. આ પુરાવો પણ મજકુર તો.દાર ના ખુબ જ હિંચકારા કૃત્ય સામે મજબુત અને અવગણી ન શકાય તેવો પુરાવો છે.

## (૫) આરીફઅલી કાસમઅલી સૈયદ, સાહેદ નં. ૧૭૨, આંક-૧૧૮૬

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં તોફાની ટોળામાં નજરોનજર જોયેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ

*- પેજ નં. ૨ પેરા નં.૫*

મે ટોળુ મારા ધરની બહાર જ જોયેલું. હું બહાર નીકળ્યો ત્યારે એક ટોળું પાટીયા તરફ અને એક ટોળું કૃષ્ણનગર તરફ હતુ જે બંને ટોળા મે જોયેલા. આ ટોળુ દુકાનોને તોડફોડ કરી આગ લગાડતુ હતુ

- પેજ નં.૩ પેરા નં.૯

મેં બનાવવાળા દિવસે કૃષ્ણતરફ જોયેલા ટોળામાં ગુડ્ડુ છારા તથા નરેશ છારાને જોયેલા. ગુડ્ડુ છારા હાલમાં મરણ ગયેલ છે. હું નરેશ છારાને ઓળખું છું. હું આજે પણ તેને ઓળખી શકું.

આ સાહેદ તા.૧૨-૫-૦૨ના પોલીસ નિવેદનમાં જણાવ્યા મુજબ આરોપીને તોફાની ટોળામાં નજરો નજર જોયેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ પેરા-૫, ૯ માં જણાવ્યા મુજબ સાહેદે આરોપીને દુકાનોની તોડફોડ કરી આગ લગાડતા ટોળામાં જોયેલો છે આમ આરોપી ગુનાહિત કૃત્ય કરવા રચાયેલ ગેરકાયદેસર મંડળીનો સભ્ય હતો અને તેણે બનાવમાં સક્રિય ભાગ ભજવેલ છે તેવું સાબિત થાય છે. સદર સાહેદ ના.કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાની નહિ માનવાને કારણ નથી અને આ સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૬) ભીખાભાઈ હબીબભાઈ મનસુરી, સાહેદ નં. ૧૮૨, આંક-૧૨૫૯

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં નામ છે.
- તા ૧૮.૬.૦૮ના સીટના નિવેદનમાં નામ નથી.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલ છે.

- પેજ નં. ૨ પેરા નં.૬

તે દિવસે સવારના આશરે નવ સાડા નવ વાગ્યે કૃષ્ણનગર તેનજ પાટિયા તરફથી બજરંગદળ, શિવસેના તથા હિન્દુઓના ટોળા હાથમાં ત્રિશુળ, તલવાર રાખી રોડ પર આવેલા.

<u>- પેજ નં. ૩ પેરા નં. ૭</u>

તે દિવસે મારી બહેન રાણી નુરાની મસ્જીદમાં આવેલ મદ્રેસામાં ગયેલી તેને હું લેવા ગયેલો ત્યારે મેં રોડ ઉપર હું જણાવી ગયો તેવા ટોળા જોયેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

આ ટોળામાં ગુડુ છારા, હરેશ છારા તથા નરેશ છારાનાઓ હતા. આ ટોળાના માણસો નુરાની મસ્જીદ પર તથા અમારા લોકો તરફ પથ્થરમારો કરતા હતા. તેઓ જયશ્રી રામ નો નારો લગાવી મુસલમાનોને મારો કાપો તેમ કહેતા હતા. હું મારી બહેન રાણીને મસ્જીદમાના મદ્રેસામાંથી લઈને મારા ઘરે ગયેલો. મને લાગતું હતુ કે, થોડીવારમાં વાતાવરણ શાંત થયેલું નહીં. તેથી હું મારા મકાનને તથા મારા મા બાપના મકાનને તાળુ મારી મારા તમામ પરીવારજનોને લઈને હુસેનનગર, ગલી નં.૪ માં બે માળના આવેલ એક મકાનમાં જઈને છુપાઈ ગયેલ.

આ સાહેદ ૧૩-૫-૦૨ ના પોલીસ નવિેદનમાં તેમજ ૧૮-૬-૦૮ના સીટ રૂબરૂના નિવેદનમાં પણ આરોપીનું નામ જણાવેલ છે. આ સાહેદ સવારે ૯ઃ૦૦ - ૯ઃ૩૦ વાગે રોડ ઉપર હતો ત્યારે તેની જુબાનીના પેરા-૬, ૭ માં જણાવ્યા મુજબ હથિયારો સાથે સાહેદે રોડ ઉપર ટોળા જોયેલા છે અને તે ટોળામાં તેણે આરોપી નરેશ અગરસીંહ છારાને નજરો નજર જોયેલો છે જે ટોળુ મારો કાપોની બુમો પાડતુ હતુ. એ રીતે સદર સાહેદે આરોપીને ગુનાહિત કૃત્ય કરતા નજરો નજર જોયેલ છે અને ત્યારબાદ સાહેદે આ આરોપીને ના.કોર્ટની રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

આમ સદર સાહેદને તેની સરતપાસની હકીકતો જોતા નહિ માનવાનું કોઈ કારણ નથી આ સાહેદ તેની બહેન રાની નુરાની મસ્જીદના મદ્રસામાં લેવા ગયેલ ત્યારે તેણે આ બનાવ તથા આરોપીને પોતાની નજરોથી જોયેલ છે. આમ આ સાક્ષી નજરે જોનાર સાહેદ છે અને સ્થળ ઉપર હાજર હોઈ તેને માનવાને કોઈ કારણ નથી.

### (૭) મો.હનીફ યુસુફભાઈ શેખ, સાહેદ નં. ૧૮૪, આંક-૧૨૭૧

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલ છે.

*<u>- પેજ નં. ૨ પેરા નં.૪</u>*

બનાવ તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. જે તા.૨૭ મીએ ગોધરાકાંડ થયા પછી બનેલો. તે દિવસે વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા બંધનું એલાન હતું.

<u>- પેજ નં.૨ પેરા નં.૫</u>

તે દિવસે સવારે સાડા નવ વાગ્યે હું મારા ઘરે હતો. તે વખતે બહાર રોડ ઉપર અફરાતફરી થયેલી. તે દિવસે કૃષ્ણનગર તથા નટરાજ હોટલથી ટોળા આવેલા અને બંને ટોળા ભેગા થઈ ગયેલા.

<u>- પેજ નં. ૨ પેરા નં.૬</u>

આ ટોળાવાળાઓએ મસ્જીદ પર હુમલો કરેલો. તે દિવસે એસ.ટી.વર્કશોપની સામે પોલીસનો પોઈન્ટ હતો. આ ટોળાવાળાઓએ મુસલમાનના ટોળા ઉપર પણ હુમલો કરેલો.

<u>- પેજ નં.૩ પેરા નં. ૭</u>

આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર તથા હથિયારો હતા. મેં આ ટોળામાં કિશન કોરાણી તથા મનોજ સીંધીને ફાયરીંગ કરતા જોયા છે. તેઓ મુસ્લીમના ટોળા ઉપર ફાયરીંગ કરતા હતા.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

આ ટોળામાં નરેશ છારા, હરેશ છારા, સહેજાદ છારા, મુરલી સીંધી, અશોક સીંધી પાનવાળો, સુરેશ છારા, બિપીન ઓટોવાળો, ભવાનીનો છોકરો જેનું નામ મને યાદ નથી તેઓના હતા. હું આ તમામને ઓળખું છું. આ તમામનાઓ ટોળાના લોકોને ઉશ્કેરણી કરતા હતા તથા અમો મુસ્લીમો ઉપર હુલો કરતા હતા.

<u>- પેજ નં. ૩ પેરા નં. ૯</u>

આ વખતે પોલીસવાળાએ પણ ટિયરગેસ છોડેલા. કિશન કોરાણી તથા મનોજ સીંધીએ પોલીસ પાસેથી બંદુક ઝુટવીને ફાયરીંગ કરેલું જયારે બાકીના હું નામ જણાવી ગયો તેઓ પાસે પાઈપ, તલવાર, ધારીયા વગેરે હથીયારો હતા.

<u>- પેજ નં. ૪ પેરા નં. ૧૦</u>

આ રીતે કિશન તથા મનોજે કરેલ ફાયરીંગમાં એક આબીદ નામનો છોકરો ગુજરી ગયેલો. અમે તમામ પછી ગલીમાં છુપાઈ ગયેલા જયારે આ લોકોનું ટોળું વધુ ગયેલું. હુ જવાનનગર અંદરના ભાગે એસ.આર.પી.કવાર્ટસના કોટ પાસે જતો રહેલો. હુ આ રીતે પહોંચ્યો ત્યારે બપોરના આશરે બાર વાગેલા.

આ સાહેદ બનાવનો નજરે જોનાર સાક્ષી છે તેણે તેના ૧૨-૫-૦૨ ના પોલીસ જવાબ અને ૧૪-૯-૦૮ ના શીટ રૂબરૂના જવાનમાં આરોપીનું નામ આપી તેની સંડોવણી બતાવેલ છે ત્યારબાદ આરોપીની મજકુર ગુનાની સંડોવણી અંગે ના.કોર્ટ રૂબરૂની જુબાની માં જણાવ્યા મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલો છે અને તે ઉપરથી સાબીત થાય છે. આરોપી બનાવના દિવસે હથિયાર આપે હતો અને તેણે નરોડા પાટીયા આચરેલ હિંસક બનાવમાં સક્રિય ભાગ

ભજવેલ છે તેવુ સાબીત થાય છે. સાહેદે મજકુર આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. આમ સાહેદે ના.કોર્ટ સમક્ષ આપેલ પુરાવો ધ્યાને લઈ તેને નહિ માનવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

વધુમાં આ સાહેદે ના.કોર્ટમાં એવુ પણ જણાવેલ છે કે સદર આરોપી ટોળાના તમામ લોકોને ઉશ્કેરણી કરનારના અને મસ્જિદ ઉપર હુમલો કરતા હતા આમ આ આરોપી એક સમાન ઉદ્દેશ પુરી પાડવામાં કાયદા વિરૂધ્ધની મંડળીનો સભ્યો હોવાનું સાબીત થાય છે.

## (૮) મો. ઈમરાન ઈમ્તીયાઝ હુસેન મોમીન, સાહેદ નં. ૧૮૯, આંક-૧૨૮૯

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં તોફાની ટોળામાં હતા.
- તા ૧૦.૬.૦૮ના સીટના જવાબમાં તોફાની ટોળામાં તલવાર સાથે નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

આ મકાનના ત્રીજા માળવાળા ધાબેથી મેં જોયેલું કે, ટોળાના માણસો અમારા ઘરની ઘરવખરીનો સામાન લુંટતા હતા અને તેઓ આગ લગાડતા હતા. તેઓ મારમારી તથા કાપાકાપી કરતા હતા. આ ટોળામાં ત્રણ ભાઈઓ હતા. આ ત્રણ ભાઈઓ ગુડુ છારો, હરીયો છારો તથા નરીયો છારાનોઆ હતો. તેઓ મારામારી તથા કાપાકાપી કરતા હતા તથા આ ત્રણેયએ ટોળાની આગેવાની લીધેલી તથા અમારા માણસો જયાં છુપાયેલા હતા ત્યાં ઈશારો કરી ટોળાને બતાવતાં હતા. આ લોકો અમારા ઘરને લુંટીને આગ લગાડતા હતા. આ ત્રણેય ભાઈઓ યાને કે ગુડ્ડુ, હરીયો અને નરીયોના હાથમાં તલવારો હતી. આ સમયે આશરે અઢી થી ત્રણ વાગ્યાનો બપોરનો સમય થયેલો. તેઓ અમારી ચાલીમાં તોડફોડ કરતા હતા તે તમામ અમે જોતા હતા.

<u>- પેજ નં.૬ પેરા નં, ૧૧</u>

બપોર પછીના ટાઈમે અમે આ જ ધાબા પરથી ગંગોત્રી સોસાયટી તરફ જોયેલું. ત્યાં છારાઓ થાળીઓ વગાડી અમારા હુસેનનગર તરફ ટોળાના માણસો જે ગંગોત્રી પાછળથી આવતાં હતા તેમને મોકલતા હતા. આવુ કરવામાં દલપત તથા ભવાનીનાઓ હતા. હુસેનનગર, ગલી નં.૪ માં ધાબા પર અમે રાતના બાર થી એક વાગ્યા સુધી રોકાયેલા.

આ સાહેદે સદર આરોપી વિરૂદ્ધ પુરાવો આપેલ છે કે તા.૧૩-૫-૦૨ના પોલીસ જવાબ અને ૧૦-૬-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આરોપીની સંડોવણી કરેલ છે તેમજ આરોપી તલવાર સાથે હોવાનું જણાવેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાની માં પુરાવો આપેલ છે. બનાવના દિવસે સાહેદ બનાવના સ્થળે ત્રણ માસના મકાનના ધાબા ઉપર હતા

અને ત્યાંથી આ સાહેદે સરતપાસમાં જણાવ્યા મુજબનો બનાવ નજરો નજર થયેલ છે તે પ્રમાણે આરોપી નરેશ અગરસીંગ છારા પ્રાણઘાતક હથિયારોથી સજ્જ ગુનાહિત કૃત્ય કરતી મંડળીમાં સામેલ હતો અને તેમનો સામાન ઉદ્દેશ પાર પાડવા ટોળામાં સામેલ હતા.

આ તો.દારને સાહેદે લૂંટફાટ મારા મારી, કાપા – કાપી, કરતા ટોળામાં જોયેલ છે અને ટોળાની આગેવાની કરતો હતો, ઘરોને લૂંટી આગ લગાડતા પણ સદર આરોપીને જોયેલ છે. આ સાહેદે જે ધાબા ઉપરથી સમગ્ર બનાવ જોયેલ છે તે હુસેનનગર ગલી નં.૪ના મકાનના ધાબા ઉપર રાત્રીના ૧૨:૦૦ થી ૧:૦૦ સુધી રોકાયેલ છે. આથી આરોપી સમગ્ર બનાવ દરમ્યાન બનાવ સ્થળે હાજર હતો અને સાહેદે આરોપીને ના.કોર્ટની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદનો ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતા સાહેદને નહિ માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

## (૯) રસીદાબાનું ઈમ્તિયાઝહુસેન મોમીન, સાહેદ નં. ૧૯૨, આંક-૧૩૧૨

- તા ૧૦.૬.૦૮ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫-૬ પેરા નં.૯</u>

કૃષ્ણનગર તરફથી આવેલ ટોળાના માણસો મસ્જીદ પર તથા અમારા ઉપર પથ્થરમારો તેમજ બોટલમારો કરતા હતા. નટરાજ તરફથી આવેલ ટોળાના માણસો પણ અમારા ઉપર પથ્થરમારો તથા બોટલમારો કરતા હતા. આ ટોળામાં માયાબેન કોડનાની હતા. આ ટોળામાં મનોજ હતો. તેનું નામ મારા ખ્યાલ મુજબ મનોજ વિડીયોવાળો છે. આ નટરાજવાળા ટોળામાં વધુમાં બિપીન ઓટોવાળો પણ હતા. આ ઉપરાંત આ ટોળામાં સંતોષ દુધવાળો હતા. આ સંતોષ દુધવાળાની દુકાન કુબેરનગર જતાં કમલા વેલ્ડીંગની બાજુમાં છે. નટરાજવાળા ટોળામાં વધુમાં ગુડ્ડુ છારા, નરેશ છારા, સુરેશ લંગડો તથા સુરેશ લંગડાનો નાનો ભાઈ પણ હતા. આ ટોળામાં માયાબેન ચલો આગળ તથા મારો તેવુ કહીને પબ્લીકને ઉશ્કેરતા હતા. આ સમયે પોલીસ ત્યાં આવી ગયેલી. પોલીસે ત્યાં આવીને નાકા પર ઉભેલા મુસ્લીમો પર જ ગોળીબાર તથા ટિયરગેસ છોડેલા. તેથી ચાર પાંચ મુસ્લીમ છોકરાઓને ગોળી વાગેલી.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૦</u>

ત્યાં ઉભેલા માણસોમાં આબીદ, ખાલીદ, પીરૂ, મહંમદ તથા મુસ્તાક કલાડીયાને ગોળીઓ વાગેલી. ગોળી વાગેલી તેવા પીરૂ વગેરે મુસ્લિમ છોકરાઓને મારા દીકરા ઈમરાન

જેવા અન્ય છોકરાઓએ ઉંચકી લાવીને મારી દુકાનના ઓટલે સુવડાવેલા. આ સમયે અંદાજે બપોરના બાર કે સાડા બાર વાગ્યાનો સમય થયો હશે.

- પેજ નં.૭ પેરા નં. ૧૩

મે રમજાનીભાઈના ધાબા પરથી જોયેલું કે, રમજાનીભાઈ રહે છે તે ગલીનું પહેલું મકાન ટોળાના માણસોએ સળગાવેલું. આ ટોળાના માણસો ગમે તેમ બોલતા હતા અને બુમો પાડતા હતા. તેઓ મારો કાપો તેવી બુમો પાડતા હતા. રમજાનીભાઈના મકાનમાં કાયમ લાગેલા તે પડદાની પાછળના ભાગેથી મેં આ બધુ જોયેલું. પછી હું મારા બાળકોને લઈને રમજાનીભાઈના ધાબા પર જતી રહેલી. આ ધાબા પરથી મેં જવાનનગરમાં આવેલ જાહેર શૌચાલય તરફ જોયેલું કે, ટોળાના લોકો બધું જ સળગાવતા હતા. આ ટોળાના માણસોને અમે મારતા તથા સળગાવતા જોયેલા. આ ટોળાના માણસો મુસ્લીમોને માર કાપ કરતા હતા. મને આ સમયે કેટલા વાગેલા તે ખબર નથી.

આ સાહેદે તા.૧૦-૬-૦૮ના શીટનો જવાબમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પ્રમાણે આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવવાળા સ્થળે વર્ષોથી વસવાટ કરતા હતા અને બનાવવાળી જગ્યામાં કરીયાણાની દુકાન આવેલી છે. આ સાહેદ બનાવના દિવસે સ્થળ ઉપર હાજર હતા તેમણે સમગ્ર બનાવ નજરો નજર જોયેલ છે તેમણે તોફાની ટોળામાં આરોપીને જોયેલ છે. સરતપાસમાં જણાવ્યા મુજબ સાહેદે તો.દારને જોયેલ છે. આ સાહેદે રમજાનીભાઈના ધાબા ઉપરથી જોયેલ છે.

સાહેદના જણાવ્યા મુજબ આરોપી જે ટોળામાં હતા તે ટોળાના માણસો મારોકાપો ની બુમો પાડતા હતા, મકાનોને આગ લગાડતા હતા, અને માર કાપ કરતા હતા આ ટોળામાં આરોપી સામેલ હોવાનું સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે.

આ સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

## ૧૦) સમસુદ્દીન શાહબુદ્દીન રાઠોડ, સાહેદ નં. ૨૦૨, આંક-૧૩૯૪

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ છે.
- પેજ નં.૨ પરા નં.૫

બનાવ તા.૨૮.૨.૦૨ ના રોજ બનેલો. તે દિવસે સવારના આશરે નવેક વાગ્યે હું સવારે ચાની લારી કે જે નુરાની મસ્જીદ પાસે આવેલી છે ત્યાં ચા પીવા ગયેલો. તે દિવસે ત્યાં નુરાની મસ્જીદ પાસે પોલીસનો પોઈન્ટ હતો. મેં નટરાજ હોટલ તરફથી એક ટોળું નુરાની

મસ્જીદ તરફ આવતું જોયેલું. ટોળાના માણસોના હાથમાં હથીયાર હતા, તેઓ પથ્થરમારો કરતા હતા તથા નુરાની મસ્જીદની દિશા તરફ આ ટોળાના માણસો આગળ વધતા હતા. આ ટોળું અમારા વિસ્તારમાં દુકાનો તથા મકાનોને આગ લગાડતુ હતુ. આ મેં જોયેલું. આ વખતે નુરાની મસ્જીદના ભાગે પોલીસ હતી.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

મેં જોયેલ ટોળામાં કિશન કોરાણી, મનોજભાઈ, બિપીન ઓટો, ગુડ્ડુ છારા, નરેશ છારા, સુરેશ છારા તથા મુંગડા છારાને મેં જોયેલા. ત્યારબાદ કૃષ્ણનગરબાજુથી એક ટોળું આવેલું.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

બીજુ એક ટોળુ અડધા કલાક પછી આવેલું જેની આગેવાની બિપીન ઓટોવાળાએ લીધેલી. આ બે ટોળા ભેગા થઈ ગયેલા. આ ટોળાએ અમારા સમગ્ર વિસ્તાકમાં લુંટફાટ કરેલી. મારા ઘરમાં પણ લુંટફાટ થયેલી. આ વખતે સવારે નવ સવા નવ વાગ્યે પોલીસે અમો મુસ્લીમોની ટોળા પર ફાયરીંગ કરેલું તેમાં આબીદહુસેનને ગોળી વાગેલી. આથી હું મારા ઘર તરફ જતો રહેલો. હું મારા ઘેર પાછો આવ્યો પછી મેં મારા ઘરની બાજુમાં રહેતા મીરાબેનને મારી બે દિકરીઓ સોંપેલી. મીરાબેન અને મારા ઘર વચ્ચે બે મકાનો આવેલા છે. તેણીના ઘર પછી કોટ આવેલો છે.

<u>- પેજ નં. ૪ પેરા નં. ૮</u>

મેં મીરાબેનને એવુ કહેલું કે, હુ અને મારી પત્ની જો તોફાનો વધુ થશે તો મારા દિકરાને આવી લઈ જઈશું. તે દિવસે બપોરે દોઢ વાગ્યે હું મારા ઘર પાસે હતો ત્યારે મારી સાથે મીરાબેનનો દિકરો તથા પતિ પણ હતા. તે સમયે કૃષ્ણનગર તરફથી એક ટોળું આવેલું. આ ટોળુ જવાનનગરના ખાડામાં આવેલું. આ ખાડો મારા ઘરથી અંદાજે ૩૦-૩૫ ફુટના અંતરે આવેલો છે. જેની વચ્ચે તે વખતે કોટ હતો. આ ટોળાની આગેવાની બિપીન ઓટોવાળાએ લીધેલી. મને આ વખતે મીરાબેનના પતિએ તે સમયે ટોળુ નજીક આવી જવાથી એવુ કહેલું કે, તમારૂ શરીર ભારે છે, તમે જતાં રહો તેથી હું મારી પત્ની તથા મારા દીકરાને લઈને ગંગોત્રી સોસાયટી બાજુ જતો રહેલો. હું ગંગોત્રી સોસાયટીમાં મારા મિત્રના સાઢુભાઈના ત્યાં જે એસ.ટી. માં નોકરી કરતા હતા તેમને ત્યાં ગયેલો. તે દિવસના સાંજના આશરે સાડા છ વાગ્યા સુધી હું રોકાયેલો.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે. તા.૧૩-૫-૦૨ના પોલીસ જવાબમાં આરોપી ગંભીર પ્રકારનો ગુનો કરતા ટોળામાં સામેલ હોવાનું

જણાવી નામ આપેલ છે. સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

સાહેદે બનાવ નજરો નજર જોયેલ છે સાહેદે તેની જુબાનીમાં ટોળાઓ જુદી જુદી જગ્યાએથી આવતા હતા તેવો સ્પષ્ટ નિર્દેષ કરેલ છે. સાહેદ ટોળુ હથીયારો સાથે આવેલું, પથ્થર મારો કરતો આવેલું, મકાનો દુકાનોને આગ લગાડતા, લુંટફાટ કરતા ટોળાને જોયેલ છે. તે ટોળામાં આરોપીને સાહેદે જોયેલ છે. તેવો નિર્દેષ કરેલ છે. સાહેદ સાંજના ૬ વાગ્યા સુધી બનાવના સ્થળે જીવ બચાવવા લપાતા છુપાતા રહેલ છે અને બનાવ જોયેલ છે.

આ સાહેદે મજકુર આરોપીને ના.કોર્ટની રૂબરૂની જુબાનીમાં આરોપી ગુનાહિત કૃત્ય આચરતા ટોળામાં સામેલ હોવાનું જણાવી તેનું નામ આપી ઓળખી બતાવેલ છે.

### ૧૧) શબાના બુન્દુભાઈ કુરેશી, સાહેદ નં. ૨૦૯, આંક-૧૪૬૩

- તા ૨૩.૫.૦૮ તથા ૧૪.૯.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૨</u>

અમે પાછા આવતા હતા ત્યારે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટી પાસે ઉભેલા ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર, હોકી વગેરે હતા તેઓ અમારી પાછળ રહી ગયેલ મુસ્લીમોને મારવા લાગેલા. આ વખતે અમે તીસરા કુવાથી ગંગોત્રી તરફ ભાગતા હતા જયારે ગંગોત્રી ગોપીનાથવાળાઓ અમારી તરફ આવતા હતા. આ વખતે પબ્લીક આમતેમ ભાગવા લાગેલી. આ સમયે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટીની વચ્ચે એક ખાંચ આવેલો છે. ત્યાં ઉપર એક પાણીની ટાંકી છે. અમે આ ખાંચામાં ઘુસી ગયેલા. આ વખતે અમારા ઘરના બધા છુટા પડી ગયેલા. પરંતુ આ ખાચામાં ગયા ત્યારે હું, મારી મમ્મી, મારી બહેન નસીમ તથા મારો ભાઈ રાજાનાઓ સાથે હતા.

<u>- પેજ નં.૭ પેરા નં. ૧૩,</u>

અમે ખાંચામા ઘુસ્યા ત્યાં ચારેય તરફથી ટોળાએ અમને લોકોને ઘેરી લીધેલા. આ ટોળામાં મેં સુરેશ લંગડા, દલપતનો છોકરો, જયભવાનીનો છોકરો, નરેશ, હરેશ, મનુ, મરાઠીના બે છોકરા, જયભવાની, દલપત તથા ગુડુ છારા તેમજ બીજા અનેક લોકોને જોયેલા.

<u>- પેજ નં. ૭ પેરા નં.૧૪</u>

આ સમયે ખાંચાની સામેના રોડ પર ટોળાએ કે જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ પણ હતા તે ટોળાએ એક સીદીક નામના છોકરાનું ખંજરથી તાવીજ કાપી તેના પર હુમલો કરેલો. આથી તેને ગળામાં ઈજા થયેલી તથા તાવીજ કાપતા ખંજર તુટીને પડેલું અને આ

સીદીકને પછી પાઈપથી મારવા લાગેલ ત્યારે માથે હાથ રાખીને તેણે બચાવ કરવા પ્રયત્ન કરેલો. જે તમામ મેં પોતે જોયેલુ છે. ત્યારપછી આ સીદીક પર કાંઈક જવલનશીલ પ્રવાહી કેરોસીન નાંખી તેને સળગાવી દીધેલો. આ રીતે સીદીક ત્યાં જ મરી ગયેલો.

- પેજ નં.૮ પેરા નં.૧૫

સીદીકના બનાવ પછી મેં જોયેલું કે, ટોળાના માણસો જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ હતા તે ટોળાના માણસોએ એક હુસેનનગરની છોકરીને ખેંચીને લઈ ગયેલા. આ વખતે મારી બહેન નસીમને ઘેરી લીધેલી. પછી તેઓએ તેણીના માથામાં પાઈપ મારેલી. મારી બહેનને તેઓએ પછી તે જ જગ્યાએ કેરોસીન નાંખીને સળગાવી દીધેલી તેણી પણ મરણ ગયેલી.

- પેજ નં. ૮ પેરા નં.૧૬

આ વખતે મારી મા આ જોઈને બુમો પાડીને ભાગવા લાગેલી ત્યારે સુરેશ લંગડાએ મારી મા ને પકડી લીધેલી. સુરેશ લંગડાએ મારી મમ્મીને પકડીને પેટમાં ગુપ્તી મારેલી ત્યારપછી આ બધાએ કે જેઓના નામ હું જણાવી ગઈ તથા ટોળાના માણસોએ મળીને મારી મા ને જીવતી સળગાવી દીધેલી. મારી મમ્મી પછી ત્યાં જ મરી ગયેલી.

- પેજ નં.૯ પેરા નં. ૧૭

આ સમયે ખાંચામાં જે મુસ્લીમો હતા તેઓ બહાર નીકળતાં જ તેમને પકડીને આ ટોળાના માણસો મારીને સળગાવી દેતા હતા. આ સમયે ટોળાના માણસોને એવુ લાગતા કે કદાચ આ ખાંચામા મારામારી શરૂ કરી દીધેલી અને કેરોસીન નાંખીને તમામને એક સાથે સળગાવી દીધેલા.

- પેજ નં.૯ પેરા નં.૧૮

આ વખતે આગ લાગતાં ખાંચા પાસે એક દિવાલ હતી તે દિવાલ પર કુદીને હું બેસી ગયેલી. આ વખતે ટોળાના માણસોએ મારા પગ પર પથ્થર મારેલો. હું આ પથ્થર વાગતાં દિવાલની બીજી તરફ પડી ગયેલી. આ વખતે હું આ બધુ જોતા ડરી ગયેલી. ટોળાના માણસો ખુબ જ ગંદી ગાળો બોલતા હતા તથા સળગાવતા હતા તેથી હું ગભરાઈ ગયેલી હતી. દિવાલની બીજીબાજુની દિવાલ પાસે બેએક મીનીટ બેસીને પછી ત્યાં આવેલ ઝાપામાથી નીકળી હું ગંગોત્રી સોસાયટીના એક ધાબા પર જતી રહેલી.

- પેજ ને. ૧૦ પેરા -૧૯

હું ધાબે ગઈ ત્યાં અન્ય મુસ્લીમો પણ હતા. ગંગોત્રી સોસાયટીના ત્રણ ધાબાઓ પર મુસ્લીમો હતા. ધાબા પર મોડી રાત સુધી અમે હતા.

આ સાહેદે તેમના તા.૨૩-૫-૦૮ તથા તા.૨૪-૯-૦૮ના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. આ બનાવમાં સાહેદની માતા – બહેન મરણ ગયેલ છે.

આ સાહેદે બનાવવાળી જગ્યાએ વર્ષોથી રહે છે. બનાવના દિવસે તેઓ ઘરે જ હતા અને બહાર નીકળી હથીયારો સાથે ટોળાને જોયેલ છે. આ સાહેદ તીસરા કુવા તરફ પોતાનો જીવ બચાવવા ભાગતા હતા ત્યાંથી ટોળું આવતા ગંગોત્રી તરફ ભાગેલ અને ગંગોત્રી ગોપીનાથ વચ્ચે પાણીની ટાંકીના ખાંચામાં જ્યાં નરસંહાર કરવામાં આવેલ તે જગ્યાએ ઘેરાઈ ગયેલ. આ જગ્યાએથી પાણીના ટાંકી પાસેના ટોળામાં સાહેદે આરોપીને જોયેલ છે. આ સાહેદ સીદીકનામના છોકરાનું ગળુ કાપી મારતા જોયેલ છે અને સિદીકને સળગાવતા પણ જોયેલ છે. આ સીદીક નામની વ્યક્તિને આરોપીએ ટોળાએ તેને મારી સળગાવેલ છે તે સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. ત્યારબાદ આજ આરોપી અને તેની સાથેના બીજા તો.દારોએ એક હુસેન નગરની છોકરીને ખેંચી લઈ જતા જોયેલ છે. તેમજ સાહેદની બહેન નસીમ ઉપર કેરોસીન નાંખી સળગાવતા સાહેદે જોયેલ છે. સાહેદની માતૃશ્રીને પણ આરોપી અને ટોળાના માણસોએ જીવતા સળગાવેલ છે. આ ખાંચામાં મુસ્લીમો જે બહાર નીકળતા આરોપી અને તેમની સાથેના માણસો પકડીને સળગાવી દેતા હતા અને આજ ખાંચામાં આરોપી અને સહ તો.દારોએ ઘણાખરા મુસ્લીમોને એક સાથે જ્વલનશીલ પ્રવાહી નાંખી સળગાવી દીધેલ છે. આમ આ આરોપીઓએ પાણીના ટાંકી પાસેના સામુહીક નરસંહારના બનાવમાં સક્રીય ભાગ ભજવેલ છે. તેવું આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે.

આ સાહેદને બનાવના દિવસે પાણીની ટાંકી પાસેની દિવાલ કુદતા પથ્થર વાગતા પગમાં ઈજા થયેલ છે. સમગ્ર બનાવ જોયા બાદ સાહેદ ગંગોત્રી સોસાયટીમાં ધાબા ઉપર જતા રહેલા અને મોડી રાત સુધી પોતાનો જીવ બચાવી બેસી રહેલા.

આ સાહેદને બનાવમાં તેના કહેવા મુજબ પગમાં ઈજા થયેલ છે. અને સાહેદે કેમ્પમા સારવાર લીધેલ છે જેથી સાહેદની બનાવવાળી જુબાની નકારી શકાય તેમ નથી તેઓ બનાવના નજરે જોનાર સાક્ષી છે. તેમની હાજરી બનાવના સ્થળે સ્પષ્ટ થાય છે. અને સાહેદની સરતપાસમાં જણાવેલ હકીકતો નકારવા કોઈ કારણ ઉપસ્થિત થતો નથી અને સાહેદે ના.કોર્ટ રૂબરૂની પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીના નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

## ૧૨) રૂકસાના બુન્દુ કુરેશી, સાહેદ નં. ૨૧૨, આંક-૧૫૦૭

- તા ૩.૬.૦૮ તથા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.
- <u>પેજ નં. ૫ પેરા નં.૮</u>

હું હોલમાંથી નીકળતાં જ મારા ભાઈ,બહેન,તથા મા થી અલગ પડી ગયેલી. હુ છુટી પડી ગયેલી. અમારી કોમના લોકો તીસરા કુવા તરફ જવા લાગેલા. અમારામાં જે લોકો આગળ નીકળી ગયેલા તેઓ એકદમ ઝડપથી પાછા આવેલા અને જણાવેલું કે, ત્યાં હિન્દુઓનું મોટુ ટોળુ છે. તેઓના હાથમાં હથિયાર છે. હું ગભરાઈને ચારેબાજુ મમ્મી મમ્મી કરતી હતી. અમારી કોમના પાછા આવતા લોકોને મેં પુછેલું કે, શુ થયુ ત્યારે તેમણે હિન્દુઓનું મોટું ટોળુ હાથમાં હથિયાર સાથે આવ્યું હોવાનું જણાવેલું.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૯</u>

હું અમારી કોમના લોકો સાથે ભાગવા લાગેલી. ભાગતા ભાગતા એકદમ મારી નજર પડી તો મેં જોયેલું કે, સુરેશ લંગડો મારી માના પેટમાં ગુપ્તી મારી રહયો હતો. મારી મમ્મીને મારનાર ટોળામાં નરેશ, હરેશ, સુરેશ લંગડો, ગુડુ છારાના વગેરેનાઓ હતા. આ ટોળાના માણસોને જયભવાનીની દીકરી પાણી પીવડાવતી હતી. તેમાં જયભવાની, જયભવાનીનો દીકરો, દલપત, દલપતનો છોકરો, ચીન્ટુ તથા એક માંજરી આંખવાળો તથા વાંકડીયાવાળવાળો પણ હતો. આ માણસના હાથમાં લોખંડની પાઈપ હતી.

<u>- પેજ નં ૬ પેરા નં, ૧૦</u>

આ ટોળાના માણસો સાથે અન્ય લોકો પણ હતા. તેઓ અમારી કોમના લોકોને સળગાવતા હતા અને મારતા હતા અને જયભવાનીની દીકરી આ ટોળાના માણસોને કેરોસીન તથા ગોદડી સળગાવવા માટે આપતી હતી.

<u>- પેજ નં. ૬ પેરા નં. ૧૧</u>

તે વખતે અજવાળું હતું અને અંધારૂ ન હતુ. અને સમયના આશરે સાડા પાંચ છ વાગ્યા જેવો થયો હશે. હું રડતી રડતી ગંગોત્રીના ધાબે જઈને બેસી ગયેલી. ગંગોત્રીના ધાબે અમારી કોમના અન્ય લોકો પણ હતા. હું ધાબે હતી તે વખતે ધાબા પર એક સળગી ગયેલી સ્ત્રી હાથમાં નાનુ બાળક ઉચકીને આવેલી અને આ બાળક પણ દાઝી ગયેલું. આ સ્ત્રી બચાવો બચાવો એમ કહેતી હતી અને એવુ કહેતી હતી કે, અમારી કોમના ઘણાં લોકોને આ લોકોએ મારી નાંખ્યા છે તથા સળગાવી નાંખ્યા છે.

આ સાહેદ પોતાના તા.૩-૬-૦૮ તથા ૧૪-૯-૦૮ ના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીના નામ આપેલ છે. બનાવના દિવસે સાહેદ સ્થળ ઉપર હાજર હતા તેઓ નાનપણથી ગલી નં.૧ જવાનનગરમાં રહે છે. સાહેદે બનાવ તેમના ઘરના ધાબા ઉપરથી જોયેલ છે. નુરાની મસ્જીદ પાસે ટોળા જોયેલા નીચે ઉતરી એસ.આર.પી. ક્વાટ્સ માં જવાની કોશીષ કરેલ એસ.આર.પી.વાળાઓએ અંદર જવા નહી દેતા તરફવાળાના ઘરે ગયેલા અને ત્યાંથી

એક હોલમાં ગયેલા અને હોલમાંથી તીસરા કુવા તરફ ગયેલા ત્યા ંહિન્દુઓનું મોટુ ટોળુ હથીયારો સાથે ભાગતા ભાગતા સાહેદે આરોપીને જોયેલ છે જે આરોપી સાહેદની મમ્મીને મારનાર ટોળામાં સામેલ હતો સાહેદની માતા અને બહેનને આરોપી જે ટોળામાં હતા તે ટોળએ મારીને સળગાવી નાંખેલ છે જે બનાવ સાહેદે પોતાની નજરે નજર જોયેલ છે.

આ સાહેદે બનાવ નજરે જોયેલ છે. આરોપીને બનાવમાં માર કાપ કરતા સળગાવતા ઓળખેલ છે અને ના.કોર્ટ રૂબરૂ પણ આરોપીને નામ આપી ઓળખી આપેલ છે. આમા સાહેદને નહી માનવાનું કોઈ કારણ નથી.

## ૧૩) કીરણકુમાર પરસોત્તમભાઈ મકવાણા, સાહેદ નં. ૨૬૪, આંક-૧૭૭૮

- તા.૭.૩.૦૨ ના પોલીસ નિવેદનમાં આરોપીને હથીયારો સાથે ટોળામાં જોયેલ છે તે રીતે નામ આપેલ છે
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે

<u>- પેજ નં. ૫ પેરા નં, ૯</u>

આ દરમ્યાન નુરાની મસ્જીદની સામે આવેલ પંડીતની ચાલી, હુસેનનગરની ચાલીઓ તથા જવાનનગરના છાપરાઓમાં પણ લોકોના ટોળા પથ્થરમારો કરી અંદર ઘુસાવાની કોશિશ કરતા હતા તેથી ચાલીઓની અંદરથી પણ રોડ પરના ટોળા પર સામો પથ્થરમારો તથા ટયુબલાઈટો વગેરે ફેંકી વિરોધ કરવામાં આવેલો.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૧</u>

આ ટોળામાં અમોને સૈજપુર સ્મશાન પાસે રહેતો નરેશ અગરસિંહ છારા તથા કૃષ્ણનગર હાઉસીંગમાં રહેતો ઉમેશ ભારવાડને મારો કાપોની બુમો પાડતા જોયેલા તથા તેઓની સાથે કૃષ્ણનગર ફદેલીમાં રહેતો કાળુ ઉર્ફે કાળીયો હઠીસીંગ રાઠોડ પણ ચાલીના મકાનો પર સળગતા કાકડા ફેકતો હતો. આ દરમ્યાન કેટલાક માણસો ભાગદોડ થતા એસ.ટી. વર્કશોપની બાજુમાં આવેલ ગલીઓમાં ઘુસી ગયેલ.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૨</u>

આ બનાવમાં કેટલાક માણસો જીગરહસનની ચાલીમાં પણ ઘુસી ગયેલા. તેઓ ત્યાં લુટફાટ તથા મારામારી કરવા લાગેલા. આ ટોળાઓ હિન્દુ કોમના હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૩</u>

આ ટોળા સાંજના આશરે સાડા સાત વાગ્યે શાંત થઈ ગયેલા અને માણસોના ટોળા વિખેરાઈ ગયેલા.

અમોને જાણવા મળેલું કે, હુસેનનગરની પાછળની બાજુએ આશરે ૫૮ જેટલા સ્ત્રી, પુરૂષ તથા બાળકોને બાળી મુકી મોતને ઘાટ ઉતારી દેવામાં આવેલા.

આ સાહેદ પોલીસ વીટનેસ છે બનાવના દિવસે પોતે નુરાની મસ્જીદના પોલીસ પોઈન્ટ ઉપર નોકરી ઉપર હાજર હતા. બનાવના સ્થળે ફરજ બજાવતા હતા તેમણે તેમના તા.૭-૩-૦૨ના નિવેદનમાં આરોપીને હથીયારો સાથે તોફાની ટોળામાં જોયેલ છે જે ટોળાએ લુંટફાટ અને માર કાપ કરેલ છે અને તેવુ સાહેદ જણાવે છે આ સાહેદ આરોપીને નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી આરોપીને ઓળખી બતાવેલ છે.

## (૧૪) મનુભાઈ માધાભાઈ રાઠોડ, સાહેદ નં. ૨૯૭, આંક-૧૭૮૯

- તા ૩.૩.૦૨ ના પોલીસ નિવેદનમાં આરોપી સળગતા કાકડા ચાલીઓ ઉપર ફેંકતા હતા તે રીતે નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૧૧</u>

ટોળાએ નુરાની મસ્જીદમાં તોડફોડ કરેલી. તથા નુરાની મસ્જીદની આજુબાજુની દુકાનોમાં પણ તોડફોડ કરવામાં આવેલી એસ.ટી.વર્કશોપની દિવાલની સામે આવેલ હુસેનનગરની ચાલીઓ,જવાનનગરના છાપરા, પંડીતજીની ચાલીમાં આ ટોળાઓએ અંદર પ્રવેશ કરવાનો પ્રયત્ન કરતાં હતા. આ ટોળુ હિન્દુઓનું હતુ. આ રીતે હુસેનનગરની ચાલીઓમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરતા હતા ત્યારે મુસ્લીમોનું ૪૦૦-૫૦૦ માણસોનું ટોળુ સામે આવી પથ્થરમારો તેમજ લાકડી, પાઈપ, ધારીયા જેવા હથીયારોથી સામને કરી ટોળા સામસામે આવી ગયેલા. આ વખતે હિન્દુ ટોળાને વિખેરવા માટે પ્રયત્નો કરેલા.

<u>- પેજ નં. ૬ પેરા નં. ૧૨</u>

આ હિન્દુઓના ટોળામાં નરેશ અગરસિંગ, ઉમેશ ભરવાડ અને કાળુ ઉર્ફે નવાબનાઓ હતા. તેઓ મારો કાપોની બુમો પાડતા હતા. આ વખતે કાળુ સળગતા કાકડા ફેંકતો હતો. તે સળગતા કાકડા મુસ્લીમ ટોળ ઉપર ફેંકતો હતો. અમે આ વખતે પણ ફાયરીંગ કરેલું. બંને ટોળા વચ્ચે મારા મારી તથા કાપાકાપી ચાલુ થઈ ગયેલી. ટોળું ચાલીની ગલીઓમાં તેમજ દિવાલો કુદીને અંદર ઘુસી ગયેલું. ટોળાએ લુંટફાટ, મારામારી ચાલુ કરેલી.

<u>- પેજ નં. ૭ પેરા નં. ૧૬</u>

ટોળામાં નરેશ અગરસિંગ, ઉમેશ ભરવાડ તથા કાળુ ઉર્ફે નવાબને હું ઓળખુ છું. અત્રે નામદાર કોર્ટમાં તેઓ હશે તો હું તેઓને ઓળખી આપીશ. હું આરોપીઓ બેઠા છે ત્યાં જઈને તેઓને ઓળખી આપીશ.

આ સાહેદ પોલીસ વીટનેસ છે તેઓ બનાવના દિવસે બનાવ સ્થળે પેટ્રોલીંગમાં હતા તેમના તા.૩-૩-૦૨ના પોલીસ નિવેદનમાં તેમણે આરોપીને સળગતા કાંકડા ચાલીઓ ઉપર ફેંકતા જોયેલ છે. આ સાહેદ ના.કોર્ટ રૂબરૂ જુબાની મુજબ આરોપી સામે પુરાવા આપેલ છે.

આરોપી હથિયારો સાથેના હિન્દુના ટોળામાં સામેલ હતો તેમ જણાવેલ. મારો કાપોની બુમો પાડતો હતો તેમજ ટોળાના માણસો ચાલીઓ ઉપર સળગતા કાંકડા ફેંકતા હતા આ સાહેદની જુબાની આરોપી હિન્દુઓના ટોળામાં સામેલ હતો મુસ્લિમોના મકાનોમાં લુંટફાટ માર-કાપ કરેલ છે.

આ સાહેદ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આરોપી સામે આપેલ પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૫) સજજનસિંહ જસવંતસિંહ પુવાર, સાહેદ નં. ૨૬૫, આંક-૧૭૮૧

- તા.૭.૩.૦૨ ના પોલીસ નિવેદનમાં આરોપી સળગતા કાકડા ઘરો ઉપર ફેકતા સાહેદે જોયેલ છે. તે રીતે નામ આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૬ પેરા નં.૧૨

જે હિન્દુઓનું ટોળું નુરાની મસ્જીદ તરફથી તથા કૃષ્ણનગર તરફથી આવેલું તે ટોળાએ મારો કાપોની બુમો પાડેલી. આ ટોળાના માણસો આગચંપી તેમજ મકાનો બાળવાનું કામ કરતા હતા. આ ટોળામાં મેં નરેશ છારા, જે સૈજપુર સ્મશાનગૃહની બાજુમાં રહે છે તે તથા કાળુ ઉર્ફે કાળીયો હરીસીંગ, સૈજપુર ફદેલીવાળો તથા બીજા એક જણાંને પણ જોયેલો જેનું નામ મને હાલમાં યાદ આવતું નથી. આ લોકો સળગતા કાકડા ફેંકતા હતા. ટોળામાં આ ત્રણજણાં સાથે રહી કાકડા તથા પથ્થરમારો ફેંકતા હતા. તેઓ વધુ શું કરતા હતા તે મને હાલમાં યાદ આવતું નથી.

આ સાહેદે આરોપીનું નામ પોલીસ નિવેદનમાં ચાલીના ઘરો ઉપર સળગતા કાકડા ફેંકતો હતો તે રીતે આપેલ છે. આરોપી સામે ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નુરાની મસ્જીદ અને કૃષ્ણનગર તરફથી આવેલા ટોળામાં સામેલ હતો અને તે તેમાં સાથે મારો કાપોની બુમો પાડતો હતો અને મકાનો બાળવાનું કામ કરતો હતો આ રીતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે.

આમ ઉપરોક્ત સમગ્ર પુરાવો દયાને લેતા મજકુર આરોપી સામે ૧૫ જેટલા સાહેદોને પુરાવો આપી ના.કોર્ટમાં આરોપીને ઓળખી બતાવેલ છે.આરોપીને સદર બનાવમાં સક્રિયરીતે ભાગ ભજવેલ છે. આરોપી બનાવના સમયે સ્થળે હાજર હતા. તેમણે સદરહું બનાવમાં લુંટફાટ,મારકાપ,મુસ્લિમોને મારી સળગાવતામાં તેમની મિલકતોને આગ લગાડી તોડફોડ કરવામાં સક્રિય ભાગ ભજવેલ છે. તેવુ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફલીત થાય છે.આ તો.દારને યોગ્ય નસિહત થવી ન્યાયના હિતમાં ખુબ જ જરુરી છે.

## <u>તોહમતદાર નં.(૨) મોરલી નારણભાઈ સીંધી વિરૂધ્ધ ના.કોર્ટ રૂબરૂ નોંધાયેલ પુરાવો.</u>

### (૧) મો.સલીમ મો.હુસેન શેખ સાહેદ નં. ૧૦૪, આંક-૬૬૮

- પોલીસ જવાબમાં નામ નથી.
- સીટના ૧૨.૯.૦૮ ના જવાબમાં નામ છે.
- સીટના ૨૯.૫.૦૮ ના જવાબમાં ટોળામાં હાજર રીવોલ્વર સાથે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે તથા ઓળખેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

તે દરમ્યાન કુબેરનગર તરફથી આશરે પંદરસો માણસોનું ટોળુ આવેલુ આ ટોળાની આગેવાની કિશન કોરાણી, મનોજ વિડીયોવાળા અને મુરલી સીંધીનાઓએ લીધેલી...... આ ટોળુ મારાથી આશરે ત્રીસ ફુટના અંતરે હતું. જતા જતા મેં જોયેલુ કે, આ ટોળાના હાથમાં હથીયારો હતા, આમાં મેં કિશન કોરાણી પાસે તલવાર, મુરલી સીંધી તથા મનોજ પાસે રીવોલ્વર હોવાનું જોયેલું.

<u>- પેજ નં. ૫ પેરા નં.૯</u>

ત્યારબાદ એક પોલીસની જીપ આવી જે એસ.ટી. વર્કશોપના ઝાંપા પાસે ઉભી રહેલ. આ જીપની પાછળ પાછળ કિશન કોરાણી, મનોજ વિડીયોવાળો અને મુરલી સીંધી આવેલા. થોડીવાર પછી ત્યાં એક સફેદ મારૂતી ફ્રન્ટી આવેલી. મેં જોયેલુ કે, આ ગાડીમાં ધારાસભ્ય માયાબેન કોડનાનીનાઓ હતા જેઓ આવી ગયા બાદ કિશન, મુરલી અને મનોજ અને પોલીસ સાથે વાતચીત કરેલી. આ વાતચીત માયાબેન ઉગ્ર સ્વરે કરતાં હતા. તેઓ અમારા વિસ્તાર તરફ ઈશારો કરી કાંઈક જણાવતાં હતા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

આ તમામનાઓએ યાને કે માયાબેન, કિશન, મુરલી, મનોજ તથા પોલીસવાળાઓએ નટરાજ હોટલ તરફ ભાગી ગયેલું. તે ટોળાને હાથ દ્વારા ઈશારો કરી પરત બોલાવેલું. માયાબેને ટોળા સાથે એ જ ઉગ્ર સ્વરમાં ચર્ચા કરી ત્યારબાદ તેઓ જે ગાડીમાં આવેલા તે જ ગાડીમાં બેસીને તે જગ્યા પરથી રવાના થયેલા.

આ સાહેદ સીટ રૂબરૂના તા.૧૨-૯-૦૮ અને ૨૯-૫-૦૮ ના નિવેદનમાં આરોપી રીવોલ્વર સાથે ટોળામાં હાજર હતો તેવુ જણાવે છે અને પોતાની ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે આ આરોપી એ ટોળાની આગેવાની લીધેલી સાહેદે આરોપીને ૩૦ ફુટના અંતરેથી જોયેલ છે અને તેના હાથમાં રીવોલ્વર હોવાનું જણાય છે. ત્યારબાદ એસ.ટી. વર્ક શોપ પાસે પોલીસની જીપ પછી મારૂતી ફ્રન્ટીમાં માયાબેન

કઅને તેમણે ઉગ્ર સ્વરે કંઈક કહેતા હતા અને ત્યારબાદ આરોપીએ પોલીસ સાથે વાતચીત કરેલી ટોળાના માણસોએ હાથથી ઈસારો કરી બોલાવેલ આમ સદરહુ બનાવમાં આરોપીએ ટોળાની રીવોલ્વર સાથે આગેવાની લઈ હાજર રહી ટોળાના માણસોને ઉશ્કેરણી કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ ઉશ્કેરણીબાદ સમગ્ર નરોડા પાટીયા વિસ્તારમાં ભય અને આતંકનું માહોલ ફેલાઈ ગયેલ અને હિન્દુકોમના ટોળાએ ૯૩ જેટલા મુસ્લીમોને જાનથી મારી નાંખી સળગાવેલ બળત્કાર કરેલ, મકાનોમાં લુંટફાટ, તોડ ફોડ, આગલગાડેલ આમ સમગ્ર બનાવ માટે આરોપી જવાબદાર ગણાય તેવુ કોર્ટ રૂબરૂની જુબાનીથી ફલીત થાય છે. કારણ કે આ આરોપીએ બીજી આરોપીઓ સાથે મળી ટોળાને ઉશ્કેરણી ન કરી હોય તો આટલો મોટો નરસંહાર ન થયુ હોત આ આરોપીને સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળકી બતાવેલ છે આમ આ સાહેદની જુબાનીને નહી માનવાનું કોઈ કારણ નથી.

## (૨) ઈબ્રાહીમ છોટુભાઈ શેખ, સાહેદ નં. ૧૧૫, આંક-૭૪૭

- ૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ નથી
- ૧૮.૬.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખ્યા છે

<u>- પેજ નં.૨ પેરા નં.૩</u>

બનાવ તા. ૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. હું સવારે સાડા નવ દસ વાગે મારે ઘેર હતો. . .. . હું રોડ પર એસ.ટી. વર્કશોપની બાજુમાં જોવા આવેલો. ત્યાં હિન્દુઓનું ટોળું મેં જોયુ ત્યારે ભેગુ થયેલું હતું. આ ટોળું નુરાની મસ્જીદ પાસે ભેગું થયેલું. આ ટોળાના માણસો મસ્જીદની પાસે તથા મસ્જીદની અંદર તોડફોડ કરતા હતા અને મારો કાપોની બુમો પાડતા હતા.

- <u>પેજ નં.૨ પેરા નં.૪</u>

આ ટોળામાં આગેવાનમાં બિપીન ઓટોવાળો, મુરલી સીંધી, ગુડ્ડુ છારાનાઓ હતો. આ ત્રણજણાં હિન્દુઓના ટોળાને ઉશ્કેરતા હતા અને મારો કાપો કરતા હતા.. . . . . . મે મારા ઘરે ફાયરીંગના અવાજ સાંભળેલા. ટોળું અમારી ચાલીમાં ધુસી ગયેલું. તેઓ મારા ઘર પાસેના રોડની દુકાનો સળગાવતા હતા.

આ સાહેદ તેમના શીટ રૂબરૂના ૧૮-૬-૦૮ ના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. આ સાહેદ અગાઉના સાહેદ નં.૧૦૪ ની જુબાનીને સમર્થન આપેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાની આપ્યા મુજબ સાહેદ સવારે ૯:૦૦ – ૧૦:૦૦ વાગે રોડ ઉપર ગયેલા ત્યાં તેમણે મસ્જિદને તોડફોડ કરતા મારો કાપોની બૂમો પાડતા જોયેલા આ ટોળાની

આગેવાની બીજા આરોપી સાથે આ આરોપીએ લીધેલી અને ટોળાને ઉશ્કેરણી કરી મારો-કાપોની બુમો પાડતા હતા. આ સમગ્ર બનાવ સાહેદ એસ.ટી. વર્કશોપની બાજુમાંથી જોયેલ છે. અને ત્યારબાદ ટોળા ચાલીઓમાં ઘુસી ગયેલા અને દુકાનોને સળગાવેલ આમ સદર આરોપીએ સદર બનાવમાં સક્રિય ભાગ ભજવેલ છે તેઓએ બીજા તો.દારો સાથે મળી ટોળાની આગવાની લઈ ગુનાહિત કાવતરાને સફળ બનાવેલ છે. જેના ફળસ્વરૂપે સદર બનાવમાં ૯૮ જેટલા મુસ્લિમોના મે મારી નાંખેલ છે સ્ત્રીઓ ઉપર બળાત્કાર થયેલ છે. મકાનો દુકાનોને આગ લગાડેલ છે. જો આ આરોપી ટોળાની આગેવાની લઈ ટોળાને સહકાર ન આપ્યો હોત તો આટલી મોટી ખુંવારી ન થઈ હોત આમ આ સાહેદની જુબાની જોતા આરોપી સામે ગંભીર પુરાવો આવે છે. આ સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની સરતપાસ નહી માનવાને કોઈ કારણ નથી.

(૩) દિલદાર ઉમરાવ સૈયદ સાહેદ નં. ૧૪૩, આંક-૯૭૫

- પોલીસ જવાબમાં નામ નથી.
- ૧૪.૯.૦૮ ના શીટના જવાબમાં નામ છે
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખ્યા છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૭</u>

આ પછી દસમીનીટ પછી સફેદ કલરની એક મારૂતી ગાડી જીપની બાજુમાં આવીને ઉભી રહેલી. માયાબેન કોડનાની જે અમારા ધારાસભ્ય છે તે આ મારૂતીમાંથી ઉતરેલા. તેમણે સફેદ કલરની સાડી પહેરેલી અને માથે કેસરીપટ્ટી બાંધેલી. આ મારૂતિમાંથી ત્યારપછી બીપીન પંચાલ નીકળેલા, મુરલી સીંધી નીકળેલા, તેમાંથી ગુડુ છારો પણ નીકળેલ. આ મારૂતી ગાડીની પાછળ ટોળુ આવેલું. આ ટોળુ આશરે વીસહજાર માણસોનું હશે. આ ગાડીનો દરવાજો ખોલી તેમાંથી તલવારો કાઢી તે તલવારો વહેંચેલી. આ વખતે મને બીપીન પંચાલ જોઈ ગયેલો તો તેઓ મારી પાછળ ભાગેલા. તેમણે મને કહેલું કે, જતો રહે, સાલા નહીંતર કાપી નાંખીશ. આ વખતે હું ભાગીને મરાઠાના ઘરમાં જતો રહેલો. આ મરાઠાના ઘરમાં એક ડોસા, ડોસી હતા. ટોળાના માણસોએ મારી ગાડી ચાલુ કરવાની કોશિશ કરેલી. તેઓથી ગાડી ચાલુ થયેલી નહીં.

<u>- પેજ નં. ૬ પેરા નં. ૧૦</u>

સાંજના આશરે સાડા પાંચ વાગ્યાના સમયે અમે એસ.આર.પી. કોટમાં હતા ત્યારે ખેતરમાંથી તથા ગંગોત્રીમાંથી એમ ત્રણ ટોળા આવેલા. મેં આ ટોળાઓ જોયેલા. આ ટોળામાં

ગુડ્ડુ છારો, મુરલી સીંધી, ગોવિંદ યાને કે ગોંવિદનો છોકરો ટીનાયોનાઓને જોયેલા. આમા ગુડ્ડુ, મુરલી અને ટીનીયા પાસે તલવાર હતી. આ ટોળાના માણસો પાસે ત્રિશુલ, લાકડી, ધારીયા, પાઈપો જેવા હથિયારો હતા.

- પેજ નં.૭ પેરા નં. ૧૨

આ વખતે હું ભાગવા જતા મારા જમણા પગ પર કોઈએ તલવાર મારેલી, જેથી મારો પગ છોલાઈ ગયેલો. હું તે વખતે ત્યાં નજીકમાં આવેલી સીડીના પગથિયા પર જઈને બેસી ગયેલો. આ બનાવમાં ઐયુબ ધાબા પરથી આ બનાવમાં બીકના માર્યો કુદતા તેના બંને પગે ફ્રેકચર થયેલું. આ ઐયુબને દાતણીયા, બીપીન, મુરલી તથા ગુડ્ડુએ ઉંચકીને ત્યાં પડેલી રીક્ષામાં નાંખીને રીક્ષા સાથે ઐયુબને સળગાવેલો. આ બનાવ વખતે હુ સીડી પાસે હતો.

- પેજ નં.૧૧ પેરા નં. ૨૩

આ બનાવમેં પોતે જોયેલો છે. આ બનાવ આશરે સવા છ થી સાડા સાત વાગ્યામાં બનેલો. ત્યારે હું પગથીયે બેઠેલો હતો. ત્યારપછી દાતણીયાએ આવીને મને બંદુકનો બટ મારેલો. મને આ બટ પગમાં અગાઉ થયેલા ફ્રેકચર પર જ મારેલો.

આ સાહેદના તા.૧૯-૯-૦૮ ના સીટના જવાબમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂ ની સરતપાસ મુજબ આરોપી સામે પુરાવો  આપેલ છે. આ સાહેદ વર્ષોથી નરોડા પાટીયા વિસ્તારમાં રહે છે.

આ સાહેદે પણ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેમણે માયાબેન કોડનાની સાથે આવેલા આગેવાનોમાં મજકુર તો.દારનું નામ આપેલ છે અને તેમની પાછળ ટોળા આવેલા અને ટોળા ૨૦ હજાર માણસોનું હશે અને તેની સાથેના તો.દારોએ ટોળાને તલવારો વહેંચેલી જે તલવારોથી ટોળાએ કત્લેઆમ કરેલ છે. ત્યારબાદ આજ સાહેદે સાંજના ૫ઃ૩૦ વાગ્યાના સમયે જે ટોળા જોયેલા તે ટોળામાં તે વખતે પણ આરોપીને જોયેલ ને ટોળામાં આરોપી પાસે તલવાર હતી અને આરોપી ભાગવા જતા તેના પગ ઉપર કોઈએ તલવાર મારેલ આજ વખતે સાહેદે વધુમાં એવુ પણ જોયેલ કે ઐયુબ નામનો છોકરો દાદરા ઉપરથી કુદી ગયેલો તેને આ આરોપી તથા તેની સાથેના દાંતણીયા, બિપીન, ગુડ્ડુ જેઓ આ કેસના તો.દારો છે તેમણે રીક્ષામાં નાંખી ઐયુબને સળગાવેલ આમ આરોપીને ઐયુબને ખુબ જ નિર્દયતાથી મારી નાંખેલ છે. આ બનાવ સાહેદે નજરો નજર જોયેલ છે. સદર સાહેદની જુબાની વંચાણે લેતા સદર આરોપી સાથે ખુન ઉપરાંત, ટોળાની ઉશ્કેરણી, ટોળાને તલવાર આપી, ટોળાનું મનોબળ મજબુત કરી સમગ્ર કાવતરાને આખરી અંજામ આપવામાં સફળ બનાવેલ છે. આરોપીએ ટોળાની આગેવાની લઈ સક્રિય ભુમિકા ભજવેલ છે તે ફલીત થાય છે.

આ સાહેદે ઉપર મુજબનો પુરાવો આપી આરોપીને ના.કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદને નહી માનવાનું કોઈ કારણ નથી.

## (૪) શાહનવાઝ અબ્બાસખાન પઠાણ, સાહેદ નં. ૧૪૫, આંક-૯૯૯

- તા.૯.૩.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે. તોફાની ટોળામાં
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૨ પેરા નં. ૩

બનાવ બન્યો તે દિવસે ગુજરાત બંધનું એલાન હતું. બંધના એલાનના દિવસે હું મારા ઘરે હતો. બનાવના દિવસે સવાનવ વાગે મારા ઘરની બહાર ટોળું આવી ગયેલું. તેઓ દુકાન તોડતા હતા, મસ્જીદ તોડતા હતા જે તમામ ૧૧ વાગ્યા સુધી ચાલતું હતુ. ત્યારબાદ પોલીસ ગોળીબાર કરેલો. ત્યાં અમારા મુસ્લીમોના ટોળા બતા તે અંદર ગલીમાં જતાં રહેલા. ત્યારપછી હિન્દુઓના ટોળાના માણસો આગળ વધેલા. તે અમારી ચાલીમાં ઘુસી ગયેલા. આ હિન્દુઓના ટોળાએ હુકમસીંગની ચાલી તથા દિલીપની ચાલીમાં આગ લગાડેલી અને સરસામાન લુંટી લીધેલો. ટોળાના માણસો ચાલીઓમાં ધુસી આવેલા.

- પેજ નં.૩ પેરા નં.૪

ટોળુ નટરાજ હોટલ તરફથી આવેલું. એસ.ટી.વર્કશોપના સામેના પાટીયા તરફથી આ ટોળું આવેલું. આ ટોળું પંદરથી વીસ હજાર માણસોનું હતુ. ટોળાના માણસોએ મારૂ મકાન બાળી નાંખેલું તથા મારા મકાનમાં લુંટફાટ કરેલી. બહારના ભાગે પથ્થરમારો તથા મારામારી ચાલતી હતી તેથી અમે અંદરના ભાગે હુસેનનગરમાં જતા રહેલા. અમે હુસેન નગરમાં સંતાઈ ગયેલા. ત્યારપછી રાત્રે પોલીસની ગાડી અમોને શાહઆલમ કેમ્પ ખાતે લઈ ગયેલી. આ સમયે મારા પરિવારજનો કયાં જતા રહેલા તે મને ખબર નથી.

- પેજ નં. ૪ પેરા નં. ૬

જે ટોળુ ઘુસી ગયેલું તથા મે કહ્યુ તેવા બનાવમાં તથા મારા ઘરને તોડફોડ કરી આગ લગાડતા હતા. તે ટોળામાં બિપીનભાઈ પંચાલ, મનોજ સીંધી, મુરલી સીંધી, કાળુ ભૈયા, સુરેશ છારો, હરેશ છારો તથા નરેશ છારાનાઓ એમ કુલ સાત જણાં હતા. ટોળામાંના સાતનેજ હું ઓળખતો હતો........

આ સાહેદ તેમના ૯-૩-૦૨ ના પોલીસ જવાબમાં આરોપીનું નામ આપેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાની પ્રમાણે પુરતો પુરાવો આપેલ છે. આ આરોપીએ જે હિન્દુના ટોળા ચાલીઓમાં ઘુસી ગયેલા સાહેદના મકાનને લુંટફાટ કરી કરી બાળી નાંખેલુ તે ટોળામાં આરોપી મુરલી સીંધીને સાહેદે જોયેલ છે અને ના.કોર્ટ રૂબરૂની

જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદની જુબાની વંચાણે લેતા આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે જેને નહિ માનવાને કોઈ કારણ નથી.

## (૫) ફરીદા અ.કાદર શેખ સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા.૩.૬.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે,
- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૪ પેરા નં.૮

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપતભાઈનો જમાઈ ટીનીયો છારા, સેહજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

- પેજ નં.૫ પેરા. ૧૧

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ધરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

- પેજ નં.૭ પેરા. ૧૪

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો

<u>- પેજ નં.૮ પેરા.૧૫</u>

આજ ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

આ સાહેદે તેમના તા.૩-૬-૦૮ના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. આ સાહેદે માયાબેન કોડનાની સાથેના ટોળામાં આરોપીને જોયેલ છે અને આ ટોળું આગળ વધતુ, તોડ ફોડ કરતા, ઘરોને સળગાવતા, માર કાપ કરતા હતા. આ સાહેદે તેમની ના.કોર્ટની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદે પણ સાહેદ નં.૧૪૩ ની જુબાની સમર્પણ આપી ઐયુબ નામની વ્યક્તિને નિર્દયતાથી સળગાવેલ બનાવને સમર્થન આપે છે.

આમ સાહેદની સરતપાસમાં આપેલ જુબાનીને નહી માનવાને કોઈ કારણ નથી. આ સાહેદનો પુરાવો જોતા આરોપી વિરૂધ્ધ પુરાવો મળી આવે છે. સાહેદે આરોપીનું ના.કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૬) મો.હનીફ યુસુફભાઈ શેખ, સાહેદ નં. ૧૮૪, આંક-૧૨૭૧

- તા.૧૨.૫.૦૨ માં પોલીસ જવાબમાં નથી
- તા. ૧૪.૯.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલા છે.

<u>- પેજ નં.૨ પેરા નં, ૪</u>

બનાવ તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. જે તા.૨૭ મીએ ગોધરાકાંડ થયા પછી બનેલો. તે દિવસે વિશ્વ હિન્દુ પરિષદ ધ્વારા બંધનું એલાન હતુ.

<u>- પેજ નં.૨ પેરા નં.૫</u>

તે દિવસે સવારે નવ સાડા નવ વાગ્યે હું મારા ઘેર હતો. તે વખતે બહાર રોડ ઉપર અફડાતફડી થયેલી. તે દિવસે કૃષ્ણનગર તથા નટરાજ હોટલથી ટોળા આવેલા અને બંને ટોળા ભેગા થઈ ગયેલા

<u>- પેજ નં.૨ પેરા નં. ૬</u>

આ ટોળાવાળાઓએ મસ્જીદ પર હુમલો કરેલો. તે દિવસે એસ.ટી.વર્કશોપની સામે પોલીસનો પોઈન્ટ હતો. આ ટોળાવાળાઓએ મુસલમાનના ટોળા ઉપર પણ હુમલો કરેલો.

<u>- પેજ નં. ૩ પેરા નં.૭</u>

આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર તથા હથિયારો હતા. મે ટોળામાં કિશન કોરાણી તથા મનોજ સીંધીને ફાયરીંગ કરતા જોયા છે. તેઓ મુસ્લીમના ટોળા ઉપર ફાયરીંગ કરતા હતા.

<u>- પેજ નં.૩ પેરા નં. ૮</u>

આ ટોળામાં નરેશ છારા, હરેશ છારા, સહેજાદ છારા, મુરલી સીંધી, અશોક સીંધી પાનવાળો, સુરેશ છારા, બિપીન ઓટોવાળો, ભવાનીનો છોકરો જેનુ નામ મને યાદ નથી તેઓના હતા. હું આ તમામને ઓળખું છું. આ તમામનાઓ ટોળાના લોકોને ઉશ્કેરણી કરતા હતા તથા અમો મુસ્લીમો ઉપર હુમલો કરતા હતા.

<u>- પેજ નં.૩ પેરા નં.૯</u>

આ વખતે પોલીસવાળાએ પણ ટિયરગેસ છોડેલા. કિશન કોરાણી તથા મનોજ સીંધીએ પોલીસ પાસેથી બંદુક ઝુટવીને ફાયરીંગ કરેલું જયારે બાકીના હું નામ જણાવી ગયો તેઓ પાસે પાઈપ, તલવાર, ધારીયા વગેરે હથીયારો હતા.

<u>- પેજ નં.૪ પેરા નં. ૧૦</u>

આ રીતે કિશન તથા મનોજે કરેલ ફાયરીંગમાં એક આબીદ નામનો છોકરો ગુજરી ગયેલો. અમે તમામ પછી ગલીમાં છુપાઈ ગયેલા જારે આ લોકોનું ટોળું વધી ગયેલું. હું જવાનનગર અંદરના ભાગે એસ.આર.પી.કવાર્ટસના કોટ પાસે જતો રહેલો. હું આ રીતે પહોંચ્યો ત્યારે બપોરના આશરે બાર વાગેલા.

આ સાહેદ તેમના ૧૪-૯-૦૮ ના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે તે મુજબ આરોપી મસ્જિદ ઉપર હુમલો કરવામાં તેમજ મુસ્લિમો ઉપર હુમલો કરવામાં આવેલ હોવાનું જણાય છે આરોપીએ ટોળાને ઉશ્કેરણી કરેલ છે તેવુ જણાય છે આરોપીની ઉશ્કેરણીથી ટોળાએ હુમલો કરેલો છે તેવુ ફલીત થાય છે. આ આરોપીના કૃત્યથી ઉશ્કેરણી કરવાથી ટોળાએ સમગ્ર નરોડા પાટીયા વિસ્તારમાં મુસ્લિમો ઉપર ખુબ જ બરહેમીથી માર કાપ કરી મુસ્લિમોને સળગાવી દીધેલ છે તે નહી માનવાને કોઈ કારણ નથી. આ આરોપીએ ટોળાને ઉશ્કેરણી કરી વધુ ઉગ્ર બનાવેલ છે તેવુ ફલીત થાય છે.

આમ આ સાહેદની જુબાનીથી આરોપી વિરૂધ્ધ પુરાવો મળી આવે છે. સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં તો.દારનું નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

## (૭) સીદીકભાઈ અલાબક્ષ મનસુરી સાહેદ નં. ૨૩૬, આંક-૧૬૬૨

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઉલ્લેખ કરેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪,૫ પેરા નં. ૧૦</u>

આ સમયે સવારે આશરે અગીયાર વાગ્યાની આસપાસ એસ.ટી.વર્કશોના ઝાંપે માયાબેન કોડનાની સફેદ કલરની મારૂતિ ફ્રન્ટી કાર અને તેની પાછળ ટેકસ જીપ હતી એ બંને લઈ આવી કૃષ્ણનગર તરફથી એસ.ટી. વર્કશોપ પાસે ઉભી રાખેલી જે એસ.ટી.વર્કશોપના ઝાંપા તરફ મોઢુ રાખીને ઉભેલી. આ મારૂતિ ગાડીમાંથી માયાબેન ઉતરેલા. ઉતર્યા પછી તેણીએ આ ટોળાને ઈશારો કરી એસ.ટી.વર્કશોપના ઝાંપે બોલાવેલું. આ વખતે જે સોએક આગેવાન માણસો આવેલા તેમાં માયાબેનનો પી.એ. પણ હતો. માયાબેને તે લોકો સાથે કાંઈ વાતચીત, ચર્ચા જેવુ કરેલું. પછી તેમના પી.એ. ને ઈશારો કરી સુચના આપેલી.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

આ સમયે માયાબેનના પી.એ.એ ટ્રેક્સ જીપમાંથી હથિયારો બહાર કાઢેલા. હથીયારોમાં તલવાર, ભાલા, ત્રિશુલ, રિવોલ્વોર જેવું દુરથી દેખાતુ હતું તે પણ હતું. માયાબેનની સુચનાથી માયાબેનના પી.એ.એ આ તમામ ટોળાના આગેવાનોને આપેલ. તે પછી માયાબેનની ગાડી તથા પેલી જીપ કૃષ્ણનગર તરફ જવા લાગેલી ત્યાં જતા ઉદય ગેસ સર્વિસની ગલીમાં ગાડીઓ વળી ગયેલી. માયાબેનના ગયા પછી પેલા ટોળાના માણસો કે જેમાં, તેમનો પી.એ. પણ હતો. તેઓએ નુરાની મસ્જીદમાં ટોળાના માણસોએ ગેસના બાટલા નાંખી તોડફોડ કરેલી અને કેરોસીનનું આખુ ટેન્કર નુરાની મસ્જીદ ની અંદર ઘુસાડી દીધેલું.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

ત્યારપછી નુરાની મસ્જીદની આસપાસ આવેલી દુકાનો ટોળાના માણસોએ સળગાવેલી. તે પછી તે આખુ ટોળુ હુસેનનગર, જવાનનગર જવાના રસ્તે અંદરના ભાગે ઘુસી ગયેલું. આ ટોળાએ જવાનનગર, હુસેનનગર વગેરેમાં મકાનો બાળી દીધેલા અને સ્ત્રી, પુરૂષ અને બાળકોને જીવતા સળગાવેલા જે હકીકત મેં જોયેલી યાને કે ટોળા જવાનનગર, હુસેનનગરમાં ધુસી ગયેલા ત્યાં સુધીની હકીકતો મેં જોયેલી છે.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૯</u>

મને માયાબેનના પી.એ.નું નામ ખબર નથી પરંતુ હું તેઓને દીઠે ઓળખું છું. હુ ટોળાના આગેવાનોને જોયે ઓળખું છુ. મને તેઓના નામ ખબર નથી. હું આજરોજ પણ આ તમામને ઓળખી આપીશ. હું આરોપીઓ બેઠા છે ત્યાં નજીક જઈને તેઓને ઓળખી આપીશ.

- પેજ નં.૧૦ પેરા નં. ૨૦

આરોપીઓ બેઠા છે ત્યા જઈ મેં જેઓને નામજોગ વારાફરતી ઓળખી બતાવ્યા તે અનુક્રમે માયાબેનના પી.એ. તથા માયાબેનનાઓ છે.

આ ઉપરાંત હું જણાવી ગયો તે ટોળાના આગેવાન તરીકે હતા તેમાં મે ઓળખી બતાવયા તેઓ અનુક્રમે આરોપી નં. ૨૪,૨૦,૧૭,૨ તથા ૪૪ નાઓ હતા. આ બનાવ પછી મને ધમકી આપેલી હતી તે હું આરોપી બેઠા છે ત્યાં જઈ આવ્યો ત્યાં આ સહેજાદ અત્રે નામદાર કોર્ટમાં ઉપસ્થિત નથી પણ હું તેને ઓળખું છું.

આ સાહેદ ૨૬-૫-૦૮ના સીટના જવાબમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે નામ આપેલ છે આ સાહેદ અગાઉના સાહેદ નં.૧૦૪, ૧૧૫ ની જુબાનીને સમર્થન આપે છે. આ સાહેદ પોતાની કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે સચોટ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી માયાબેન કોડનાની સાથે આવેલ સાત આગેવાનોમાંથી એક હતો અને તેમણે માયાબેન સાથે ચર્ચા પણ કરેલી અને ત્યારબાદ માયાબેન સાથે આવેલા ટ્રેક્સ ગાડીમાંથી હથિયારો કાઢી આ આરોપી તથા બીજા આગેવાનોને આપેલા આમ આ આરોપીએ હથીયાર ધારણ કરેલ અને ત્યારબાદ નુરાની મસ્જીદમાં તોડફોડ કરી આગ લગાડેલ અને દુકાનો મકાનો બાળી નાંખેલા સ્ત્રી, પુરુષ, બાળકોને જીવતા સળગાવેલા સમગ્ર બનાવમાં આરોપી સામેલ હોવાનું જણાઈ આવે છે.

આમ આ સાહેદની જુબાની વંચાણે લેતા આરોપીએ મસ્જીદ ઉપર હુમલો કરી, મુસ્લિમોના હુસેનનગરમાં મકાનોને આગ લગાડી, સ્ત્રી , પુરુષ બાળકોને જીવતા સળગાવેલા છે જે હકીકત આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે. અને આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

### (૮) મરીયમબીબી હસનભાઈ સૈયદ સાહેદ નં. ૨૬૧, આંક-૧૭૬૬

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં સાહેદના છોકરાને ટોળાના માણસોએ મારીને સળગાવેલ તે ટોળામાં હાજર હતા તે રીતે નામ આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં. ૫ પેરા નં.૧૦

આ સમયે હિન્દુઓનું ટોળુ અમારી ચાલીના મકાનોમાં તોડફોડ તેમજ લુંટફાટ કરતું હતુ. આ હિન્દુઓનું ટોળુ મારા ઘરનો દરવાજો તોડીને જે લોકોએ મારા અપંગ દીકરા મૈયુદ્દીનને મારા ઘરની બહાર કાઢયો તેઓ મુરલી સીંધી, સુરેશ લંગડો, સુરેસ મામા તથા ગુડ્ડુ છારાનાઓ હતા. જે મે જોયેલું, તે લોકોએ મારા દીકરાને શ્રી રામ બોલવાનુ કહેલું ત્યારે મારા દીકરા મૈયુદ્દીનને શ્રી રામ નહીં બોલુ તેમ કહેતા તેઓએ તલવાર, લાકડી, પાઈપ વગેરેથી તેને મારીને તેના પર પેટ્રોલ કે ઘાસલેટ નાંખી તેને જીવતો સળગાવી દીધેલો. જે મેં જોયેલું. મે આ તમામ હું મદ્રેસામાં હતી તે મદ્રેસાની બારીમાંથી જોયેલું.

આ સાહેદ તા.૧૨-૫-૦૨ ના પોલીસ જવાબમાં આરોપીનું નામ આપેલ છે. અને આરોપી તેના છોકરાને મારીને સળગાવતા હતા તે ટોળામાં સામેલ હતો તેવુ જણાવે છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપે છે જે પ્રમાણે એવુ ફલીત થાય છે કે આરોપીએ સાહેદના દીકરાને આરોપી સુરેશ લંગડા, સુરેશમામા, ગુડ્ડુ, સાથે મળી સાહેદના દીકરા મૈયુદ્દીનને મારીને પેટ્રોલ, કેરોસીન નાંખી ક્રુરતા પુર્વક જીવતો સળગાવી દીધેલ છે અને પોતાના દીકરાને જીવતો સળગાવતા આ સાહેદે નજરો નજર જોયેલ છે આ બનાવ સાહેદે તેના ઘર સામેના મદ્રેસાની બારીમાંથી જોયેલ છે આમ આ આરોપી સામે મૈયુદ્દીનનું ખૂન કરવા અંગેનો પુરતો સબળ પુરાવો મળી આવેલ છે.

આ સાહેદ નજરે જોનાર સાહેદ છે તેણે આરોપીને તેના દીકરાને બાળી મારતા જોયેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. આમ સાહેદનો પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

આમ ઉપરોક્ત સમગ્ર પુરાવો ધ્યાને લેતા મજકુર આરોપી સામે જેટલા સાહેદોએ પુરાવો આપી ના.કોર્ટમાં આરોપીને ઓળખી બતાવેલ છે આરોપી સદર બનાવમાં સક્રિય ભાગ ભજવેલ છે. આરોપી બનાવના સમયે સ્થળે હાજર હતા તેમણે સદરહુ બનાવમાં લુંટ ફાટ, મારકાપ તથા મુસ્લિમોને મારી સળગાવવામાં તેમની મિલ્કતોને આગ લગાડી તોડ ફોડ કરવામાં સક્રિય ભાગ ભજવેલ છે તેવુ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફલીત થાય છે. આ તો.દારને યોગ્ય નસીયત થવી ન્યાયના હિતમાં ખુબ જ જરૂરી છે.

# <u>તોહમતદાર નં.(૩) ઉમેશભાઈ સુરાભાઈ ભરવાડ</u>

**(૧) કીરણકુમાર પરસોત્તમભાઈ મકવાણા, સાહેદ નં. ૨૬૪, આંક-૧૭૭૮**

- તા.૭.૩.૦૨ ના પોલીસ નિવેદનમાં આરોપીને હથીયારો સાથે ટોળામાં જોયેલ છે તે રીતે નામ આપેલ છે

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૫ પેરા નં, ૯</u>

આ દરમ્યાન નુરાની મસ્જીદની સામે આવેલ પંડીતની ચાલી, હુસેનનગરની ચાલીઓ તથા જવાનનગરના છાપરાઓમાં પણ લોકોના ટોળા પથ્થરમારો કરી અંદર ઘુસાવાની કોશિશ કરતા હતા તેથી ચાલીઓની અંદરથી પણ રોડ પરના ટોળા પર સામો પથ્થરમારો તથા ટયુબલાઈટો વગેરે ફેંકી વિરોધ કરવામાં આવેલો.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૧</u>

આ ટોળામાં અમોને સૈજપુર સ્મશાન પાસે રહેતો નરેશ અગરસિંહ છારા તથા કૃષ્ણનગર હાઉસીંગમાં રહેતો ઉમેશ ભારવાડને મારો કાપોની બુમો પાડતા જોયેલા તથા તેઓની સાથે કૃષ્ણનગર ફદેલીમાં રહેતો કાળુ ઉર્ફે કાળીયો હઠીસીંગ રાઠોડ પણ ચાલીના મકાનો પર સળગતા કાકડા ફેકતો હતો. આ દરમ્યાન કેટલાક માણસો ભાગદોડ થતા એસ.ટી. વર્કશોપની બાજુમાં આવેલ ગલીઓમાં ઘુસી ગયેલ.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૨</u>

આ બનાવમાં કેટલાક માણસો જીગરહસનની ચાલીમાં પણ ઘુસી ગયેલા. તેઓ ત્યાં લુટફાટ તથા મારામારી કરવા લાગેલા. આ ટોળાઓ હિન્દુ કોમના હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૩</u>

આ ટોળા સાંજના આશરે સાડા સાત વાગ્યે શાંત થઈ ગયેલા અને માણસોના ટોળા વિખેરાઈ ગયેલા. અમોને જાણવા મળેલું કે, હુસેનનગરની પાછળની બાજુએ આશરે ૫૮ જેટલા સ્ત્રી, પુરૂષ તથા બાળકોને બાળી મુકી મોતને ઘાટ ઉતારી દેવામાં આવેલા.

આ સાહેદ પોલીસ વીટનેસ છે. નુરાની મસ્જીદના પોલીસ પોઈન્ટ ઉપર હાજર હતા અને ફરજ બજાવતા હતા. તેમણે તેમના તા.૭-૩-૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપીના ટોળામાં જોયેલ તેઓ ચાલીના ઘરો પર સળગતા કાંકડા ફેંકતા હતા. વધુમાં તેઓ ચાલીના ઘરોમાં તોડફોડ લુંટફાટ કરી બાળી મુકેલા છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી

બતાવેલા છે. આમ આ સાહેદને ના.કોર્ટ રૂબરૂ આરોપી સામે આપેલ પુરાવા નહી માનવાનું કોઈ કારણ નથી.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે નુરાની મસ્જીદ પાસે ગેરકાયદેસર મંડળીના સભ્ય હતા અને તેઓએ ગેરકાયદેસરના મંડળીના સભ્ય બની સમાન ઉદ્દેશ પાર પાડવા ગેરકાયદેસરનું કૃત્ય કરેલ છે.

## (૨) મનુભાઈ માઘાભાઈ રાઠોડ, સાહેદ નં. ૨૬૭, આંક-૧૭૯૫

- તા ૩.૩.૦૨ ના પોલીસ નિવેદનમાં આરોપી સળગતા કાકડા ચાલીઓ ઉપર ફેંકતા હતા તે રીતે નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૧૧</u>

ટોળાએ નુરાની મસ્જીદમાં તોડફોડ કરેલી. તથા નુરાની મસ્જીદની આજુબાજુની દુકાનોમાં પણ તોડફોડ કરવામાં આવેલી. એસ.ટી.વર્કશોપની દિવાલની સામે આવેલ હુસેનનગરની ચાલીઓ,જવાનનગરના છાપરા, પંડીતજીની ચાલીમાં આ ટોળાઓએ અંદર પ્રવેશ કરવાનો પ્રયત્ન કરતાં હતા. આ ટોળુ હિન્દુઓનું હતુ. આ રીતે હુસેનનગરની ચાલીઓમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરતા હતા ત્યારે મુસ્લીમોનું ૪૦૦-૫૦૦ માણસોનું ટોળુ સામે આવી પથ્થરમારો તેમજ લાકડી, પાઈપ, ધારીયા જેવા હથીયારોથી સામને કરી ટોળા સામસામે આવી ગયેલા. આ વખતે હિન્દુ ટોળાને વિખેરવા માટે પ્રયત્નો કરેલા.

<u>- પેજ નં. ૬ પેરા નં. ૧૨</u>

આ હિન્દુઓના ટોળામાં નરેશ અગરસિંગ, ઉમેશ ભરવાડ અને કાળુ ઉર્ફે નવાબનાઓ હતા. તેઓ મારો કાપોની બુમો પાડતા હતા. આ વખતે કાળુ સળગતા કાકડા ફેંકતો હતો. તે સળગતા કાકડા મુસ્લીમ ટોળ ઉપર ફેંકતો હતો. અમે આ વખતે પણ ફાયરીંગ કરેલું. બંને ટોળા વચ્ચે મારા મારી તથા કાપાકાપી ચાલુ થઈ ગયેલી. ટોળું ચાલીની ગલીઓમાં તેમજ દિવાલો કુદીને અંદર ઘુસી ગયેલું. ટોળાએ લુંટફાટ, મારામારી ચાલુ કરેલી.

<u>- પેજ નં. ૭ પેરા નં. ૧૬</u>

ટોળામાં નરેશ અગરસિંગ, ઉમેશ ભરવાડ તથા કાળુ ઉર્ફે નવાબને હું ઓળખુ છું. અત્રે નામદાર કોર્ટમાં તેઓ હશે તો હું તેઓને ઓળખી આપીશ. હું આરોપીઓ બેઠા છે ત્યાં જઈને તેઓને ઓળખી આપીશ.

આ સાહેદ પોલીસ વીટનેસ છે તેઓ બનાવના દિવસે પેટ્રોલીંગમાં હતા તેમણે તેમના તા.૩-૩-૨૦૦૨ના પોલીસ રૂબરૂ જવાબમાં આરોપીને સળગતા કાંકડા ચાલીઓ ઉપર ફેંકતા

જોયેલા છે. અને ટોળાના માણસો ચાલીમાં ઘુસી મારકાપ કરેલી આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં ઉપર જણાવેલ પેરા મુજબ પુરાવો આપેલ છે અને આ આરોપીને ના.કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આપેલ પુરાવો નહી માનવાનું કોઈ કારણ નથી.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી બનાવના સ્થળે હાજર હતા અને તેઓએ ગેરકાયદેસરના મંડળીના સભ્ય બની સમાન ઉદ્દેશ પાર પાડવા ગેરકાયદેસરનું કૃત્ય કરેલ છે.

આમ ઉપરોક્ત સમગ્ર પુરાવો ધ્યાને લેતા મજકુર આરોપી સામે ત્રણ  સાહેદોએ પુરતા પુરાવો આપી ના.કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવેલ છે આરોપી સદર બનાવમાં સક્રિય રીતે ભાગ ભજવેલ છે. આરોપી બનાવના સમયે અને સ્થળે ટોળામાં હાજર હતા તેમણે સદરહુ બનાવમાં મુસ્લીમોની,મારકાપ મુસ્લિમોને મારી સળગાવવામાં તેમની મિલ્કતોને આગ લગાડી તોડ ફોડ કરવામાં સક્રિય ભાગ ભજવેલ છે તેવુ આ ત્રણેય સાહેદોની જુબાની ધ્યાને લેતા ફલીત થાય છે. આ તો.દારને યોગ્ય નસીયત થવી ન્યાયના હિતમાં ખુબ જ જરૂરી છે.

# <u>તોહમતદાર નં.(૪) ગણપત છનાજી દીદાવાલા (છારા)</u>

## (૧) ઈસરતજહાં પરવેઝહુસેન, સાહેદ નં. ૧૭૭, આંક-૧૨૧૮

- પોલીસ જવાબમાં નામ નથી.

- સીટના તા.૨૩.૫.૦૮ માં નામ આપેલ છે.

-કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલ છે

<u>- પેજ નં. ૫ પેરા નં.૧૦</u>

બપોરના આશરે બે અઢી વાગ્યાના સમયગાળામાં ટોળું તોડફોડ કરતું, આગ લગાડતુ તથા લુંટફાટ કરતું અમારી ચાલીઓમાં ઘુસેલું. અમે ઉપરથી જોયેલું કે, ટોળું અમારી ચાલીમાં ઘુસી ગયેલું. આ ટોળામાં સૌથી આગળ સહેજાદ છારા, ગણપત છારા તથા બે છારા સ્ત્રીઓ હતી. બે છારા સ્ત્રીઓ લુંટફાટ કરતી હતી. સહેજાદ છારાએ અમારી ચાલીના પહેલા ઘર કે જે જાયેદાઆપાનું ઘર છે ત્યાં દિવાસળી ચાંપેલી. સહેજાદે આગ લગાડયા પછી અમારી ચાલીમાં ટોળાના માણસો ફરવા લાગેલા. ટોળાના માણસોએ પાછા આવી અમે જયાં છુપાયેલા તે રૂમનો દરવાજો ખખડાવેલો. ત્યાં સહેજાદ છારાએ મોટેથી બોલીને એવુ કહેલું કે, તમે જેટલા પુરૂષો અંદર છો, તેટલા લોકો બહાર આવે. અમે અંદર ખુબ જ ડરી ગયેલા. મારો અવાજ જ બંધ થઈ ગયેલો. અન્ય મુસ્લીમ સ્ત્રીઓએ સહેજાદ છારાને એવો જવાબ આપ્યો કે અંદર માત્ર સ્ત્રીઓ અને બાળકો જ છીએ ત્યારે સહેજાદ છારાએ એવુ કહેલું કે, તમારા બાળકો આપી દો. ત્યારે અંદરની સ્ત્રીઓ કરગરીને કહેવા લાગેલી કે, અમે તમારૂ શુ બગાડયું છે અમારા બાળકોને લઈને તમે શું કરશો. ત્યારે સહેજાદે કહેલું કે, અમે આ બાળકોને રોડ પર લઈ જઈને જીવતા સળગાવી દઈશું. અમે અંદરના રૂમમાં હતી. તે તમામ સ્ત્રીઓ ડરના માર્યા ચુપ થઈ ગયેલા પણ બધા રડવા લાગેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

આ ટોળાના માણસો થોડીવાર ઉભા રહેલા અને જતા જતા એવુ કહેલા લાગેલા કે, તમે આજે બચવાના નથી, અને જો બાયચાન્સ બચી પણ જા તો તમે પાકિસ્તાન જતાં રહેજો.

આ સાહેદે તેમના સીટ રૂબરૂના તા.૨૩-૫-૦૮ ના નિવેદનમાં આ તો.દારને સદર ગુનામાં સામેલ હોવાનું જણાવેલ છે. અને સીટ રૂબરૂના નિવેદનમાં તો.દારનું નામ આપેલ છે. આરોપી બનાવના દિવસે સ્થળ ઉપર ટોળામાં હાજર હતા અને ગુનાહીત કૃત્ય કરવામાં પણ ટોળામાં સામેલ હતા. તેવુ આ સાહેદે તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે. આ સાહેદના ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી ની વિરૂદ્ધમાં પુરતો પુરાવો મળી આવેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવેલ છે. આ સાહેદ બનાવના દિવસે

હાજર હતા અને નજરે જોનાર સાક્ષી છે. આ આરોપીને ટોળામાં સક્રીય ભુમિકા ભજવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાનું કોઈ કારણ નથી.

## (૨) ખૈરૂન્નિસાં રીયાઝુદ્દીન શેખ, સાહેદ નં. ૧૯૭, આંક-૧૩૫૪

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે
- તા. ૩૧.૫.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં નામ આપેલ છે

<u>- પેજ નં. ૩ પેરા નં.૪</u>

હું નવ સાડા નવ વાગ્યે સિરાઝુદ્દીનના કારખાને તેને બોલાવવા ગયેલી ત્યારે શેઠે મને જણાવેલું કે, કશું થશે નહીં અને તેણે જણાવેલ કે, કામ પુરૂ થશે એટલે હું મુકી જઈશ. હું પાછી આવતી હતી અને નુરાની મસ્જીદ પાસેથી આવતી હતી ત્યારે ત્યાં ટોળા ઉભા હતા. તે ટોળાના માણસોએ માથે કેસરી પટ્ટી બાંધી હતી અને નુરાની મસ્જીદ પર પથ્થર મારતા હતા. પછી હું મરા ઘરે આવી ગયેલી. હું ઘરે આવી ત્યારે બીજા લોકો ઘરની તાળું મારીને જતા હતા અને મારા છોકરાઓ ઉભા હતા. ત્યારે ટોળા અંદર આવવા લાગેલ એટલે અમે એસ.આર.પી.ની દિવાલ છે તે બાજુ જતા રહેલા. તે ટોળું અમારા ઘર ઉપર પથ્થરબાજી કરતુ હતું અને અમારા ઘર સળગાવતુ હતુ અમને એસ.આર.પી. એ અંદર જવા દીધેલ નહીં. અમે ત્યાં જ એસ.આર.પી.ની દીવાલ પાસે બેઠા રહેલ અને અંધારૂ થતાં અમે ગંગોત્રી સોસાયટીના ધાબે જતા રહેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૫</u>

ટોળામાં ગણપત છારા, ગુડુ છારા અને સહેજાદ છારા જયભવાની છારા એમ બધા હતા.

આ સાહેદે તેમના પોલીસ રૂબરૂના તા.૧૨-૫-૨૦૦૨ના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. ત્યારબાદ સીટ રૂબરૂ તા.૩૧-૫-૦૮ના નિવેદનમાં પણ આ આરોપીનું નામ આપેલ છે. આરોપી બનાવના દિવસે ટોળામાં હાજર હતા અને તેમનું સામાન્ય ઉદ્દેશ પાર પાડવાના આશયતી ગુનાહિત કૃત્યો કરવામાં પણ ટોળામાં સામેલ હતા. અને ટોળાના માણસો મુસ્લિમોના ઘરો ઉપર પથ્થર મારો કરતા હતા અને સળગાવતા હતા. આ આરોપીને સાહેદે ટોળામાં જોયેલ છે. તેવું તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાઈ આવે છે. આમ આ સાહેદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપે છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીને નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ આરોપીએ સદર બનાવમાં ગુનાહીત કૃત્યો કરતા ગેરકાયદેસરના ટોળામાં સામાન્ય ઉદ્દેશ પાર પાડવામાં સક્રીય રીતે ભાગ ભજવેલ છે. તેવું આ

સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટ પણે ફલીત થાય છે. આમ આ આરોપી સામે પુરતો પુરાવો મળી આવેલ હોઈ તેમને નહી માનવાનું કોઈ કારણ નથી.

### (૩) નસરીનબાનું મો. રફીક શેખ, સાહેદ નં. ૨૩૮, આંક-૧૬૭૩

- ૨૧.૫.૦૮ ના સીટના જવાબમાં સાહેદની ચાલી ઉપર હુમલો કરતા ટોળામાં નજરો નજર જોયેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૪ પેરા નં.૯

અમે ઘરના તમામ ડરી ગયેલા તેથી હું તથા મારા પરિવારજનો હુસેનનગરની ગલી નં.૪ માં અમારી સામે આવેલ એક મકાનમાં કે જે બંગલો છે તે બંગલામાં રક્ષણ માટે બંગલાના છેક ઉપરના  માળે જતાં રહેલા. અમે છેક ધાબે જતાં રહેલા. ધાબા પરથી બનતાં બનાવો મેં જોયેલા. સાંજના આશરે પાંચ સાડા પાંચ વાગ્યાના સમયગાળામાં જો કે મને ચોક્કસ ટાઈમ ખબર નથી પણ તે સાંજ હતી તેવા સમયે મેં જોયેલું કે, ટોળાના માણસો અમારી ચાલીઓમાં લુંટફાટ કરતા હતા તથા ઘરો સળગાવતા હતા. આ ટોળામાં મેં ચાર જણાંને જોયેલા.

- પેજ નં.૫ પેરા નં.૧૦

આ વખતે મેં મુન્ના શેટ્ટી તથા સહેજાદ છારા, સુરેશ લંગડો તથા ગણપત છારાને જોયેલા. આમા મુન્ના શેટ્ટી તથા શહેજાદ ટોળામાં હતા. સુરેશ પાસે તલવાર હતી તથા ગણપત છારા તેના હાથથી ઈશારાઓ કરતો હતો. હું રાતના બાર વાગ્યા સુધી આ ધાબે હતી. ત્યારપછી શાહઆલમ કેમ્પની ગાડી આવતા તે ગાડીમાં અમે શાહઆલમ કેમ્પ જતાં રહેલા.

આ સાહેદે તેમના ૨૧-૫-૦૮ના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીને સાહેદની ચાલી ઉપર હુમલો કરતા ટોળામાં જોયેલ છે. તેવુ સ્પષ્ટ જણાવેલ છે.

આ આરોપી બનાવના દિવસે સામાન્ય ઉદ્દેશ પાર પાડવા ભેગા થયેલા ગેરકાયદેસરના ટોળામાં હાજર હતા અને સાહેદની ચાલીઓમાં લુંટફાટ કરી ઘરો સળગાવતા હતા આ આરોપી હિન્દુઓના ટોળાને હાથનો ઈશારો કરી મુસ્લીમોને જે જગ્યાએ છુપાવેલા તે જગ્યા ટોળાને બતાવતો હતો અને આ આરોપી જે જગ્યા બતાવતો તે જગ્યામાં છુપાયેલા મુસ્લિમોને બહાર કાઢી હિન્દુઓના ટોળા માર-કાપ કરતા હતા. આમ આ આરોપીએ ટોળાને મુસ્લિમોને મારવામાં, કાપવામાં તેમના ઘરોને સળગાવવામાં સક્રીય ભુમિકા ભજવેલ છે. આ સાહેદે ના.કોર્ટની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીને નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ આરોપી તેના સાથી  આરોપીઓ સાથે

મળી મુસ્લિમોની ચાલીઓ ઉપર પથ્થરમારો કરી તેમના ઘરોને સળગાવી લુંટફાટ કરતા હતા. તેવું ફલીત થાય છે અને સાહેદ બનાવના દિવસે સ્થળ ઉપર હાજર હતા અને તેમણે સમગ્ર બનાવમાં સક્રીય ભુમિકા ભજવેલ છે તેવું સ્પષ્ટ ફલીત થાય છે. તેથી આ સાહેદની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પડેલ પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

## (૪) લાલાભાઈ નિજામભાઈ લુહાર સાહેદ નં.૧૧૬ આંક-૭૫૩

- તા.૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

આ સાહેદના તા.૧૩-૪-૨૦૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તો.દારનું નામ ખુલેલ છે.

- પેજ નં.૨ પેરા નં.૪

બનાવ તા.૨૮-૨-૦૨ ના રોજ બનેલો. બનાવના દીવસે બંધનું એલાન હતું હું મારા ઘરે જ હતો. હું આશરે સવારે નવ વાગે એસ.ટી.વર્કશોપના ખુણે મારી ચાલીની બહાર આવેલો.ત્યાં મોટું ટોળું હતું તેઓ બંધ કરો, બંધ કરો તેમ કહેતા હતા અને મસ્જીદ પાસેની દુકાનો બંધ કરાવતા હતા. ત્યારે ત્યાં ટોળાએ પથ્થરમારો ચાલું કરી દીધેલો અને પછી હું મારા બાળકો પાસે જતો રહેલો.

- પેજ નં.૩ પેરા નં.૫

હું મારા બાળકોને લઈને પાછળની ગલીમાં જતો રહેલો.જે ટોળું ત્યાં આવી જશે તે બીકે હું મારા ઘરને તાળું મારીને જતો રહેલો. હું મારી પત્ની તથા મારા બાળકોને લઈને પાછળની ગલીમાં ગયેલો ત્યાં સંતાઈને બેસી રહેલો.ત્યારે બાર સાડા બાર વાગ્યાના સુમારે ટોળું આવેલું અને લુંટફાટ ચાલું કરી દીધેલ. તેમણે લુંટવાનું, મારવાનું, સળગાવવાનું ચાલું કરી દીધેલું પછી અમે હતા ત્યાંથી પણ પાછળની ગલીઓમાં ભાગી ગયેલા. અમે ભાગતા ગયા અને ટોળું પાછળને પાછળ આવતું ગયું અને અમે છુપાતા રહેલા.

- પેજ નં.૩ પેરા નં.૬

આ રીતે અમે સોસાયટી સુધી પહોંચી ગયેલા ત્યારે આશરે પાંચ સાડા પાંચ વાગ્યાનો સમય થયેલો. અમે પછી એક ધાબે જઈને પરીવાર સાથે બેસી ગયેલો. ધાબાનસ ઉપર જઈને મેં જોયું તો હાઈવે તરફથી એક ટોળું આવતું હતું. આ ટોળામાં ઘણાં માણસો હતા પરંતુ હું તેમાંની બાર વ્યકિતઓને ઓળખતો હતો તેવા માણસો હતા.

- પેજ નં.૪ પેરા નં.૭

આ ટોળાના લોકોમાં હાથમાં કોઈના હાથમાં ભાલો હતો, કોઈના હાથમાં તલવાર હતી, કોઈના હાથમાં કેરોસીન હતું જે સળગાવવા માટેનું હતું, કોઈના હાથમાં પાઈપ હતી તથા કોઈકના હાથમાં લાકડી પણ હતી.

- પેજ નં.૪ પેરા નં.૮

આ ટોળામાં ગણપત છારો, વિક્રમ છારો, રાજેશ પાંગળો, ચંપક બારોટ, અમૃત છારા, સુરેશ લંગડો, કપ્તાન છારા, બીજા લોકો પણ હતા પણ તેમના નામો મને અત્યારે ઘણો સમય થયે થી યાદ નથી. મને તેઓના નામ યાદ આવશે તો તે હું જણાવીશ.મેં સ્પષ્ટ પણે જોયેલું કે, સુરેશ લંગડા પાસે તે સમયે ભાલો હતો અને ચંપક બારોટ પાસે લાકડી હતી.

આ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ બંધના એલાનના દિવસે ટોળું નુરાની મસ્જીદ પાસે દુકાનો બંધ કરાવતું હતુ પત્થર મારો કરતું હતુ અને ૧૨:૩૦ વાગ્યાના સુમારે ટોળાએ લુંટવાનું મારવાનું સળગાવવાનું ચાલુ કરી દીધેલ. ૫:૦૦ વાગ્યાના સુમારે ગંગોત્રી સોસાયટીના ધાબેથી આ સાહેદે જોયેલ કે હાઈવે તરફથી ટોળું આવેલ અને ટોળાના લોકો પાસે ભાલા, તલવાર કેરોસીન, પાઈપ, લાકડી વિગેરે હતા આ ટોળામાં ગણપત છારો, સુરેશ લંગડો, ભાલા સાથે તથા બીજા આરોપીઓ પણ હતા તે તમામ આરોપીઓ સાથે આ આરોપી પણ એક સંપ થઈ ગેરકાયદેસરની મંડળીનો સભ્ય બની એક સમાન ઉદ્દેશ પાર પાડવાના આશયથી ભેગા મળી બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરેલાનું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે બનાવને ૮ વર્ષ થઈ ગયા હોવાથી આરોપીને ઓળખવામાં તકલીફ પડેલ છે. જેથી સાહેદે આરોપીને ઓળખી બતાવેલ નથી પરંતુ આરોપીએ બનાવના દિવસે કરેલ કૃત્ય વર્ણવેલ છે તેથી આ સાહેદની જુબાની નહી માનવાનું કોઈ કારણ નથી.

(૫) ખેરુનીશા રીયાઝભાઈ શેખ સાહેદ નં.૧૯૭ આંક-૧૩૫૪

આ સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી નુ નામ આપેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૪

ત્યારે ટોળા અંદર આવવા લાગેલ એટલે અમે એસ.આર.પી.ની દીવાલ છે તે બાજુ જતાં રહેલાં.તે ટોળું અમારા ઘર ઉપર પથ્થરબાજી કરતું હતું અને અમારા ઘર સળગાવતું હતું. અમને એસ.પી.આર.પી. એ અંદર જવા દીધેલ નહીં. અમે ત્યાં જ એસ.આર.પી. ની દીવાલ પાસે બેઠા રહેલ અને અંધારું થતાં અમે ગંયોત્રી સોસાયટીના ધાબે જતાં રહેલા.

- પેજ નં.૪ પેરા નં.૫

ટોળામાં ગણપત છારા, ગુડ્ડુ છારા અને સહેજાદા છારા, જયભવાની છારા એમ બધા હતા.

આ સાહેદ ની જુબાની પરથી સ્પષ્ટ પણે ફલિત થાય છે કે આ આરોપી ગેરકાયદેસરની મંડળીના સભ્યો હતા અને બનાવ ના દિવસે આરોપી ગુન્હાવાળી જગ્યા ઉપર હાજર હતા અને તેમણે ચાલીઓમાં ધુસી પથ્થરમારો કરી મુસ્લિમોના ઘરો સળગાવવામાં સક્રિય ભુમિકા ભજવેલ હોય તેવું જણાઈ આવેલ છે.

આ સાહેદે આરોપી ને નામદાર કોર્ટ રૂબરૂ ઓળખેલ નથી. પરંતુ કોર્ટ રૂબરૂ ની જુબાનીમાં આરોપીએ કરેલ કૃત્ય વર્ણવેલ છે.સાહેદે બનાવના નવ વર્ષ પછી જુબાની આપેલ છે અને આટલાં વર્ષો પછી સાહેદની યાદદાસ્ત સારી ન હોય તો આરોપી ને ઓળખી ન શકે તે સ્વભાવિક છે.આમ આરોપીને નહીં ઓળખવાથી સાહેદે આપેલ પુરાવો નિષ્ફળ જતો નથી જેથી સાહેદે આરોપી વિરુધ્ધ આપેલ જુબાની નહિ માનવાને કોઈ કારણ નથી.

(૬) <u>અનિશભાઈ નસીરભાઈ મનસુરી સાહેદ નં.૧૧૭ આંક-૭૫૪૨</u>

આ સાહેદે નામદાર કોર્ટ રુબરુ ની જુબાની માં આરોપીનું નામ આપેલ છે.

<u>- પેજ નં.૨ પેરા નં.૪</u>

તે દિવસે સવારના સાડા નવની આસપાસ નુરાની મસ્જીદ પાસે રોડ ધમાલ થયેલી. ચારેબાજુ થી દસ પંદરહજારનું ટોળું નુરાની મસ્જીદ તરફ આવેલું.હું પણ જોવા ગયેલો. ત્યાં પથ્થરબાજી થતી હતી, દુકાનોમાં લુંટફાટ થતી હતી તથા ફાયરીંગ થતું હતું તેથી ડરના કારણે ચાલીમાં પરત આવી ગયેલો.

<u>- પેજ નં.૩ પેરા નં.૫</u>

અમે બાળકોને લઈને એસ.આર.પી.કંપાઉન્ડ તરફ ગયેલા અને ત્યાં ધુસવા લાગેલા. ત્યારે અમને અંદર જવા દીધેલા નહીં. ત્યારપછી અમે પાછા આવેલા પરંતુ ધમાલ માં મે મારા મકાનને તાળું પણ મારેલું નહીં અને અમારું ખુલ્લું રાખીને જતા રહેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

અમે મનસુરી છીએ. અમારી સ્ત્રીઓ પહેરવેશમાં સાડી પહેરે છે તથા માથામાં પોતાનો સેંથો ભરે છે.તે દિવસે હું બાળકોને તથા પત્ની લઈને ઘર છોડીને જતાં રહેલો.હું રોડ પર નીકળેલો ત્યારે ચારે બાજુથી ટોળું હતું. ટોળાના માણસોએ અમને હિન્દુ સમજીને જવા લીધેલા. અમે ચાલતાં કઠવાડા ગામ જતાં રહેલા. જતાં જતાં મેં રસ્તામાં થતી મારામારી તથા લુંટફાટ જોયેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

મેં ટોળામાં ભવાની, ગુડ્ડુ છારા તથા ગણપત છારાને જોયેલો. ગણપત છારા ખુલ્લી તલવાર લઈને હતો અને તે માણસોને મારતો હતો.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

અમારું ઘર બનાવના દીવસે લુંટીને સળગાવી દીધેલું. અમે કઠવાડા એક રાત રોકાયેલા ત્યાંથી આગળ અમને બહિયલ ગામ મોકલી આપેલા. અમે તે ગામમાં પંદર સોળ દીવસ સુધી રહેલા. ત્યાર પછી કરફયુ રીલેકસ થતાં અમે બાપુનગર ખાતેના કેમ્પમાં પરત આવેલા. બાપુનગર ખાતે પોલીસે અમારી પુછપરછ કરેલી.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

મેં જાણયું છે કે, ગુહુ છારા તથા જયભવાની મરણ ગયેલ છે.હું ગણપતને ઓળખું છું. હું ગણપતને કોર્ટમાં જોઈશ તો ઓળખી શકીશ.

આ સાહેદ ની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે બનાવવાળી જગ્યાના સ્થળે હાજર હતો અને તેના હાથમાં ખુલ્લી તલવાર હતી જે તલવાર આ આરોપી મારતો હતો તેવું સાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે. આમ આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે કહી શકાય કે આરોપી ગુનાહીત કૃત્ય કરતી ગેરકાયદેસરની મંડળીમાં હથીયાર સાથે એટલે કે ખુલ્લી તલવાર સાથે હાજર હતા અને તેમણે મારકાપ કરેલ છે તેવું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે.

આ સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં ઓળખેલ નથી પરંતુ તેણે કરેલ કૃત્ય વર્ણવેલ છે. આ સાહેદની જુબાનીમાં ના.કોર્ટે એક નોંધ લખેલ છે તેમાં લખેલ છે કે ના.કોર્ટે આરોપીને પુછતા આ આરોપીએ જણાવેલ કે ‘‘ઘણા વર્ષો થઈ ગયા છે તેથી કદાચ હું નહી ઓળખી શકુ તેથી હું આરોપી નજીક જતો નથી.’’ આમ આ સાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે ઘંણા વર્ષો થઈ ગયેલા હોવાથી આરોપીને ઓળખી શકે તેમ નથી, પરંતુ તેમણે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ જે પુરાવો આપેલ છે તે નહી માનવાને કોઈ કારણ નથી.

## <u>તોહમતદાર નં.(૫) વિક્રમભાઈ માણેકલાલ રાઠોડ</u>

## <u>(ટીનીયો છારો –દલપતનો જમાઈ)</u>

### (૧) ફરીદા અ.કાદર શેખ સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.

- તા.૩.૬.૦૮ ના સીટના જવાબમાં નામ આપી આળખી બતાવેલ છે.

- નામદાર સુપ્રીમ કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપતભાઈનો જમાઈ ટીનીયો છારા, સેહજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ધરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

<u>- પેજ નં.૭ પેરા. ૧૪</u>

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો.

<u>- પેજ નં.૮ પેરા.૧૫</u>

આજ ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપી બનાવના દિવસે સ્થળ ઉપર હાજર હતા તેવું જણાવી નામ આપેલ છે. ત્યારબાદ તા.૩-૬-૦૮ના સીટ રૂબરૂના નિવેદનમાં પણ આરોપીનું નામ આપેલ છે.

બનાવના દિવસ માયાબેન કોડનાની જે ટોળામાં હતા તે ટોળામાં આ આરોપી હાજર હતા અને તેમને આ સાહેદે નજરે નજર જોયેલ છે. અને ટોળાના માણસો ઘરો સળગાવતા હતા, મારકાપ કરતા હતા તેમજ એક બંન્ને પગથી અપંગ ઈસમને સળગાવેલ અને તે સળગતા ઈસમને આ સાહેદે જોયેલ છે.

બનાવના દિવસે એક ઐયુબ નામના છોકરાને જે ધાબા ઉપરથી કુદી પડતા તેના બંન્ને પગ ઈજાગ્રસ્ત થયેલ તેને આરોપી જે ટોળામાં હતો તે ટોળાના માણસોએ ઉપાડી રીક્ષામાં નાંખીને સળગાવેલ અને તેને સળગાવવામાં આ આરોપીએ બીજા આરોપીઓ સાથે મળી સક્રીય ભુમિકા ભજવેલ છે. તેવું આ સાહેદે નજરે નજર જોયેલ છે. અને ત્યારબાદ આ આરોપી જે ટોળામાં હતો તે ટોળાએ મજીદભાઈના ઘરને પણ આગ લગાડી દીધેલ આમ આ આરોપીએ બીજા આરોપીઓ સાથે મળી જઈ ગેરકાયદેસરની મંડલીના સભ્ય બની મુસ્લમાનોની મિલ્કતોને નુકશાન કરી મુસલમાનોને જાનથી મારી નાંખી સળગાવી નાંખવામાં અને ઐયુબને રીક્ષામાં નાંખી બાળી નાંખવામાં સક્રીય ભુમિકા ભજવેલ છે તેવું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ સાહેદની જુબાનીને અન્ય સાહેદ નં.૧૪૩ અને સાહેદ નં.૧૦૪ પણ સમર્થન આપે છે. આમ સદર સાહેદની જુબાની વંચાણે લેતા આરોપી સામે ખુન ઉપરાંત ટોળાના માણસો ચાલીના ઘરોને તોડફોડ કરી સળગાવતા હતા અને લુંટફાટ કરતા હતા તે પ્રમાણેનો પુરતો પુરાવો આ સાહેદની જુબાની ઉપરથી મળી આવે છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીને આરોપીને નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ નથી.

(૨) <u>લાલાભાઈ નિજામભાઈ લુહાર સાહેદ નં.૧૧૬ આંક-૭૫૩</u>

- તા.૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

આ સાહેદના તા.૧૩-૪-૨૦૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તો.દારનું નામ ખુલેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ રીતે અમે સોસાયટી સુધી પહોંચી ગયેલા ત્યારે આશરે પાંચ સાડા પાંચ વાગ્યાનો સમય થયેલો. અમે પછી એક ધાબે જઈને પરીવાર સાથે બેસી ગયેલો. ધાબાના ઉપર જઈને મેં જોયું તો હાઈવે તરફથી એક ટોળું આવતું હતું. આ ટોળામાં ઘણાં માણસો હતા પરંતુ હું તેમાંની બાર વ્યકિતઓને ઓળખતો હતો તેવા માણસો હતા.

<u>- પેજ નં.૪ પેરા નં.૭</u>

આ ટોળાના લોકોમાં હાથમાં કોઈના હાથમાં ભાલો હતો, કોઈના હાથમાં તલવાર હતી, કોઈના હાથમાં કેરોસીન હતું જે સળગાવવા માટેનું હતું, કોઈના હાથમાં પાઈપ હતી તથા કોઈકના હાથમાં લાકડી પણ હતી.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

આ ટોળામાં ગણપત છારો, વિક્રમ છારો, રાજેશ પાંગળો, ચંપક બારોટ, અમૃત છારા, સુરેશ લંગડો, કપ્તાન છારા, બીજા લોકો પણ હતા પણ તેમના નામો મને અત્યારે ઘણો સમય થયે થી યાદ નથી. મને તેઓના નામ યાદ આવશે તો તે હું જણાવીશ.મેં સ્પષ્ટ પણે જોયેલું કે, સુરેશ લંગડા પાસે તે સમયે ભાલો હતો અને ચંપક બારોટ પાસે લાકડી હતી.

આ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ બંધના એલાનના દિવસે ટોળું નુરાની મસ્જીદ પાસે દુકાનો બંધ કરાવતું હતુ પત્થર મારો કરતું હતુ અને ૧૨:૩૦ વાગ્યાના સુમારે ટોળાએ લુંટવાનું મારવાનું સળગાવવાનું ચાલુ કરી દીધેલ. ૫:૦૦ વાગ્યાના સુમારે ગંગોત્રી સોસાયટીના ધાબેથી આ સાહેદે જોયેલ કે હાઈવે તરફથી ટોળું આવેલ અને ટોળાના લોકો પાસે ભાલા, તલવાર કેરોસીન, પાઈપ, લાકડી વિગેરે હતા આ ટોળામાં વિક્રમ છારો, સુરેશ લંગડો, ભાલા સાથે તથા બીજા આરોપીઓ પણ હતા તે તમામ આરોપીઓ સાથે આ આરોપી પણ એક સંપ થઈ ગેરકાયદેસરની મંડળીનો સભ્ય બની એક સમાન ઉદ્દેશ પાર પાડવાના આશયથી ભેગા મળી બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરેલાનું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે બનાવને ૮ વર્ષ થઈ ગયા હોવાથી આરોપીને ઓળખવામાં તકલીફ પડેલ છે. જેથી સાહેદે આરોપીને ઓળખી બતાવેલ નથી પરંતુ આરોપીએ બનાવના દિવસે કરેલ કૃત્ય વર્ણવેલ છે તેથી આ સાહેદની જુબાની નહી માનવાનું કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૬) રાજેશ ઉર્ફે પાંગળો કાન્તીલાલ પરમાર (છારા)</u>

## (૧) <u>લાલાભાઈ નિઝામભાઈ લુહાર સાહેદ નં.૧૧૬ આંક-૭૫૩</u>

- તા.૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

આ સાહેદના તા.૧૩-૪-૨૦૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તો.દારનું નામ ખુલેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ રીતે અમે સોસાયટી સુધી પહોંચી ગયેલા ત્યારે આશરે પાંચ સાડા પાંચ વાગ્યાનો સમય થયેલો. અમે પછી એક ધાબે જઈને પરીવાર સાથે બેસી ગયેલો. ધાબાનસ ઉપર જઈને મેં જોયું તો હાઈવે તરફથી એક ટોળું આવતું હતું. આ ટોળામાં ઘણાં માણસો હતા પરંતુ હું તેમાંની બાર વ્યકિતઓને ઓળખતો હતો તેવા માણસો હતા.

<u>- પેજ નં.૪ પેરા નં.૭</u>

આ ટોળાના લોકોમાં હાથમાં કોઈના હાથમાં ભાલો હતો, કોઈના હાથમાં તલવાર હતી, કોઈના હાથમાં કેરોસીન હતું જે સળગાવવા માટેનું હતું, કોઈના હાથમાં પાઈપ હતી તથા કોઈકના હાથમાં લાકડી પણ હતી.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

આ ટોળામાં ગણપત છારો, વિક્રમ છારો, રાજેશ પાંગળો, ચંપક બારોટ, અમૃત છારા, સુરેશ લંગડો, કપ્તાન છારા, બીજા લોકો પણ હતા પણ તેમના નામો મને અત્યારે ઘણો સમય થયે થી યાદ નથી. મને તેઓના નામ યાદ આવશે તો તે હું જણાવીશ.મેં સ્પષ્ટ પણે જોયેલું કે, સુરેશ લંગડા પાસે તે સમયે ભાલો હતો અને ચંપક બારોટ પાસે લાકડી હતી.

આ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ બંધના એલાનના દિવસે ટોળું નુરાની મસ્જીદ પાસે દુકાનો બંધ કરાવતું હતુ પત્થર મારો કરતું હતુ અને ૧૨:૩૦ વાગ્યાના સુમારે ટોળાએ લુંટવાનું મારવાનું સળગાવવાનું ચાલુ કરી દીધેલ. ૫:૦૦ વાગ્યાના સુમારે ગંગોત્રી સોસાયટીના ધાબેથી આ સાહેદે જોયેલ કે હાઈવે તરફથી ટોળું આવેલ અને ટોળાના લોકો પાસે ભાલા, તલવાર કેરોસીન, પાઈપ, લાકડી વિગેરે હતા આ ટોળામાં રાજેશ પાંગળો, સુરેશ લંગડો, ભાલા સાથે તથા બીજા આરોપીઓ પણ હતા તે તમામ આરોપીઓ સાથે આ આરોપી પણ એક સંપ થઈ ગેરકાયદેસરની મંડળીનો સભ્ય બની એક સમાન ઉદ્દેશ પાર પાડવાના આશયથી ભેગા

મળી બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરેલાનું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત  થાય છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે બનાવને ૮ વર્ષ થઈ ગયા હોવાથી આરોપીને ઓળખવામાં તકલીફ પડેલ છે. જેથી  સાહેદે આરોપીને ઓળખી બતાવેલ નથી પરંતુ આરોપીએ બનાવના દિવસે કરેલ કૃત્ય વર્ણવેલ છે તેથી આ સાહેદની જુબાની નહી માનવાનું કોઈ કારણ નથી.

# તોહમતદાર નં.(૭) ચંપક હિંમતલાલ રાઠોડ (છારા)

## (૧) લાલાભાઈ નિજામભાઈ લુહાર સાહેદ નં.૧૧૬ આંક-૭૫૩

- તા.૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

આ સાહેદના તા.૧૩-૪-૨૦૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તો.દારનું નામ ખુલેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૬

આ રીતે અમે સોસાયટી સુધી પહોંચી ગયેલા ત્યારે આશરે પાંચ સાડા પાંચ વાગ્યાનો સમય થયેલો. અમે પછી એક ધાબે જઈને પરીવાર સાથે બેસી ગયેલો. ધાબાનસ ઉપર જઈને મેં જોયું તો હાઈવે તરફથી એક ટોળું આવતું હતું. આ ટોળામાં ઘણાં માણસો હતા પરંતુ હું તેમાંની બાર વ્યકિતઓને ઓળખતો હતો તેવા માણસો હતા.

- પેજ નં.૪ પેરા નં.૭

આ ટોળાના લોકોમાં હાથમાં કોઈના હાથમાં ભાલો હતો, કોઈના હાથમાં તલવાર હતી, કોઈના હાથમાં કેરોસીન હતું જે સળગાવવા માટેનું હતું, કોઈના હાથમાં પાઈપ હતી તથા કોઈકના હાથમાં લાકડી પણ હતી.

- પેજ નં.૪ પેરા નં.૮

આ ટોળામાં ગણપત છારો, વિક્રમ છારો, રાજેશ પાંગળો, ચંપક બારોટ, અમૃત છારા, સુરેશ લંગડો, કપ્તાન છારા, બીજા લોકો પણ હતા પણ તેમના નામો મને અત્યારે ઘણો સમય થયે થી યાદ નથી. મને તેઓના નામ યાદ આવશે તો તે હું જણાવીશ.મેં સ્પષ્ટ પણે જોયેલું કે, સુરેશ લંગડા પાસે તે સમયે ભાલો હતો અને ચંપક બારોટ પાસે લાકડી હતી.

આ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ બંધના એલાનના દિવસે ટોળું નુરાની મસ્જીદ પાસે દુકાનો બંધ કરાવતું હતુ પત્થર મારો કરતું હતુ અને ૧૨ઃ૩૦ વાગ્યાના સુમારે ટોળાએ લુંટવાનું મારવાનું સળગાવવાનું ચાલુ કરી દીધેલ. ૫ઃ૦૦ વાગ્યાના સુમારે ગંગોત્રી સોસાયટીના ધાબેથી આ સાહેદે જોયેલ કે હાઈવે તરફથી ટોળું આવેલ અને ટોળાના લોકો પાસે ભાલા, તલવાર કેરોસીન, પાઈપ, લાકડી વિગેરે હતા આ ટોળામાં ચંપક બારોટ, સુરેશ લંગડો, ભાલા સાથે તથા બીજા આરોપીઓ પણ હતા તે તમામ આરોપીઓ સાથે આ આરોપી પણ એક સંપ થઈ

**ગેરકાયદેસરની મંડળીનો સભ્ય બની એક સમાન ઉદ્દેશ પાર પાડવાના આશયથી ભેગા મળી બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરેલાનું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત  થાય છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે બનાવને ૮ વર્ષ થઈ ગયા હોવાથી આરોપીને ઓળખવામાં તકલીફ પડેલ છે. જેથી  સાહેદે આરોપીને ઓળખી બતાવેલ નથી પરંતુ આરોપીએ બનાવના દિવસે કરેલ કૃત્ય વર્ણવેલ છે તેથી આ સાહેદની જુબાની નહી માનવાનું કોઈ કારણ નથી.**

## <u>તોહમતદાર નં.(૯) અમરત ઉર્ફે કાળુભાઈ બાબુભાઈ રાઠોડ</u>

### (૧) <u>લાલાભાઈ નિજામભાઈ લુહાર સાહેદ નં.૧૧૬ આંક-૭૫૩</u>

- તા.૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

આ સાહેદના તા.૧૩-૪-૨૦૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તો.દારનું નામ ખુલેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ રીતે અમે સોસાયટી સુધી પહોંચી ગયેલા ત્યારે આશરે પાંચ સાડા પાંચ વાગ્યાનો સમય થયેલો. અમે પછી એક ધાબે જઈને પરીવાર સાથે બેસી ગયેલો. ધાબાનસ ઉપર જઈને મેં જોયું તો હાઈવે તરફથી એક ટોળું આવતું હતું. આ ટોળામાં ઘણાં માણસો હતા પરંતુ હું તેમાંની બાર વ્યકિતઓને ઓળખતો હતો તેવા માણસો હતા.

<u>- પેજ નં.૪ પેરા નં.૭</u>

આ ટોળાના લોકોમાં હાથમાં કોઈના હાથમાં ભાલો હતો, કોઈના હાથમાં તલવાર હતી, કોઈના હાથમાં કેરોસીન હતું જે સળગાવવા માટેનું હતું, કોઈના હાથમાં પાઈપ હતી તથા કોઈકના હાથમાં લાકડી પણ હતી.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

આ ટોળામાં ગણપત છારો, વિક્રમ છારો, રાજેશ પાંગળો, ચંપક બારોટ, અમૃત છારા, સુરેશ લંગડો, કપ્તાન છારા, બીજા લોકો પણ હતા પણ તેમના નામો મને અત્યારે ઘણો સમય થયે થી યાદ નથી. મને તેઓના નામ યાદ આવશે તો તે હું જણાવીશ.મેં સ્પષ્ટ પણે જોયેલું કે, સુરેશ લંગડા પાસે તે સમયે ભાલો હતો અને ચંપક બારોટ પાસે લાકડી હતી.

આ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ બંધના એલાનના દિવસે ટોળું નુરાની મસ્જીદ પાસે દુકાનો બંધ કરાવતું હતુ પત્થર મારો કરતું હતુ અને ૧૨:૩૦ વાગ્યાના સુમારે ટોળાએ લુંટવાનું મારવાનું સળગાવવાનું ચાલુ કરી દીધેલ. ૫:૦૦ વાગ્યાના સુમારે ગંગોત્રી સોસાયટીના ધાબેથી આ સાહેદે જોયેલ કે હાઈવે તરફથી ટોળું આવેલ અને ટોળાના લોકો પાસે ભાલા, તલવાર કેરોસીન, પાઈપ, લાકડી વિગેરે હતા આ ટોળામાં અમૃત છારા, સુરેશ લંગડો, ભાલા સાથે તથા બીજા આરોપીઓ પણ હતા તે તમામ આરોપીઓ સાથે આ આરોપી પણ એક સંપ થઈ ગેરકાયદેસરની મંડળીનો સભ્ય બની એક સમાન ઉદ્દેશ પાર પાડવાના આશયથી ભેગા

મળી બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરેલાનું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે બનાવને ૮ વર્ષ થઈ ગયા હોવાથી આરોપીને ઓળખવામાં તકલીફ પડેલ છે. જેથી સાહેદે આરોપીને ઓળખી બતાવેલ નથી પરંતુ આરોપીએ બનાવના દિવસે કરેલ કૃત્ય વર્ણવેલ છે તેથી આ સાહેદની જુબાની નહી માનવાનું કોઈ કારણ નથી.

## <u>તોહમતદાર નં.(૧૦) હરેશ ઉર્ફે હરીયો જીવણલાલ ઉર્ફે અગરસીંગ રાઠોડ (છારા)</u>

### (૧) બાસુદ્દીન મૈયુદ્દીન સૈયદ સાહેદ નં. ૭૩, આંક-૫૧૪

- નામ આપ્યુ ઓળખ્યા છે.
- સીટના જવાબમાં નામ :- હરેશ
- પોલીસ જવાબમાં નામ છે.
- સીટના જવાબમાં હથિયારો સાથે ટોળામાં હતા.
- <u>પેરા નં.૮ પેજ નં.૫</u>

તે દીવસે સવારે આઠ વાગ્યાના સુમારે કૃષ્ણનગર તરફથી એક મોટુ હિન્દુઓનું ટોળુ આવતું હતુ. આ ટોળાના અવાજો સાંભળી હું નેશનલ હાઈવે રોડ ઉપર આવી ગયેલો. હું બહાર આવી જય અંબે પાનના ગલ્લા પાસે ઉભો રહેલો. મારી સાથે ચાલીના મુન્નાભાઈ પણ હાજર હતા. આ હિન્દુઓનું ટોળુ કૃષ્ણનગરથી નુરાની મસ્જીદ તરફ આવતું હતુ. આ ટોળાની આગેવાની બીપીન પંચાલ, ગુડ્ડુ છારા અને તેના બે સગાભાઈઓની હતી. આ હિન્દુ ટોળાના માણસો પાસે તલવારો, ત્રિશુલ, ભાલા, રીવોલ્વર તથા લોખંડની પાઈપો જેવા હથીયારો હતા.

- બે સગા ભાઈ (નરેશ- હરેશ)
- <u>પેરા નં.૧૦ પેજ નં.૬</u>

આ ટોળાના માણસો મસ્જીદની બાજુમાં આવેલી મુસલમાનોની દુકાનને આગ લગાડતા હતા અને આ ટોળાના માણસો પથ્થરમારો પણ કરતા હતા. મે આ તમામ જોયુ ત્યારે આશરે સાડા નવ વાગ્યા હશે.

<u>પેરા નં.૧૪ પેજ નં.૮</u>

ટોળાના માણસોમાંથી કોઈ દુકાન સળગાવતું હતુ, કોઈ મસ્જીદને નુકશાન કરતુ હતુ અને આ ટોળાના ઉભેલા એક માણસે મસ્જીદની નજીકમાં ઉભેલા ટેન્કરને ચાલુ કરી આ મસ્જીદના દરવાજાની અંદર ઘુસેડી દીધેલું. આનાથી મસ્જીદનો દરવાજો તથા તેની બાજુમાં આવેલ મિલન હોટલ તુટી ગયેલી.

આ સાહેદ ના.કોર્ટમાં જુબાની આપેલ છે તે પ્રમાણે મજકુર તો.દાર બનાવ વખતે ગુનાહીત કૃત્ય કરતા ટોળામાં સામેલ હોવાનું જણાવેલ છે. આ સાહેદ તેના પોલીસ જવાબમાં તેમજ સીટ રૂબરૂ ના નિવેદનમાં મજકુર તો.દારનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂ સાહેદે તો.દારનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ આરોપી સામે આ સાહેદની જુબાની પ્રમાણે તેની જુબાની મુજબ પુરાવો નોંધાયેલ છે.

આ સાહેદ બનાવનો નજરે જોનાર સાહેદ છે સાહેદના કહેવા મુજબ તેમને બનાવ વખતે પોતાનો જીવ બચાવવા દોડતી વખતે પડી જવાથી કમ્મરમાં ઈજા થયેલ છે તેમજ સાહેદના દીકરા અહેસાનને પણ જીવ બચાવવા ભાગતી વખતે ઘુંટણમાં ઈજા થયેલ છે તેમણે સહન કેમ્પમાં સારવાર લીધેલ છે આ સાક્ષી મોતના મુખમાંથી બચી ગયેલો સાક્ષી છે તેમણે સરતપાસમાં જણાવેલ હકીકતને ન માનવાનું કોઈ કારણ નથી.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આ આરોપીએ હિન્દુ ટોળાની આગેવાની બનાવના દિવસે લીધેલી અને તેના હાથમાં મારક હથિયાર પણ હતા નુરાની મસ્જીદ ઉપર હુમલો કરવામાં સાહેદે સક્રિય ભુમિકા ભજવેલ છે તેવું ફલીત થાય છે.

(૨) શાહનવાઝ અબ્બાસખાન પઠાણ સાહેદ નં. ૧૪૫, આંક-૯૯૯

- તા.૯.૩.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે. (તોફાની ટોળામાં )

- નામદાર કોર્ટ રૂબરૂની  જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૨ પેરા.૩</u>

બનાવ બન્યો તે દિવસે ગુજરાત બંધનું એલાન હતું. બનાવના દીવસે સવારે સવાનવ વાગે મારા ઘરની બહાર ટોળુ આવી ગયેલું. તેઓ દુકાનો તોડતા હતા જે તમામ ૧૧ વાગ્યા સુધી ચાલતું હતુ. ત્યારબાદ પોલીસે ગોળીબાર કરેલો. ત્યાં અમારા મુસ્લીમોના ટોળા હતા તે અંદર ગલીમાં જતા રહેલા. ત્યારપછી હિન્દુઓના ટોળાના માણસો આગળ વધેલા. તે અમારી ચાલીમાં ઘુસી ગયેલા. આ હિન્દુઓના ટોળાએ હુકમસીંગના ચાલી તથા દિલીપની ચાલીમાં આગ લગાડેલી અને સરસામાન લુંટી લીધેલો. ટોળાના માણસો ચાલીઓમાં ઘુસી આવેલા.

<u>-પેજ નં.૩ પેરા .૪</u>

ટોળું નટરાજ હોટલ તરફથી આવેલું. એસ.ટી.વર્કશોપના સામેના પાટીયા તરફતી આ ટોળું આવેલું. આ ટોળુ પંદરથી વીસ હજાર માણસોનું હતું. ટોળાના માણસોએ મારૂ મકાન બાળી નાંખેલું તથા મારા મકાનમાં લુટફાટ કરેલી. બહારના ભાગે પથ્થરમારો તથા મારામારી ચાલતી હતી તેથી અમે અંદરના ભાગે હુસેનનગરમાં જતા રહેલા. અમે હુસેનનગરમાં સંતાઈ ગયેલા. ત્યારપછી રાત્રે પોલીસની ગાડી અમોને શાહઆલમ કેમ્પ ખાતે લઈ ગયેલી.. . . બનાવમાં મારા પિતાને પથ્થરમારથી પગમાં ઈજા થયેલી.

<u>- પેજ નં.૪  પેરા.૬</u>

જે ટોળુ ઘુસી ગયેલું તથા મે કહ્યું તેવા બનાવમાં તથા મારા ઘરને તોડફોડ કરી આગ લગાડતા હતા. તે ટોળામાં બિપીન પંચાલ, મનોજ સિંઘી, મુરલી સીંધી, કાળુ ભૈયા, સુરેશ છારો, હરેશ છારો તથા નરેશ છારાનાઓ એમ કુલ સાત જણાં હતા. - આરોપીની હાજરી મુક્તિની અરજી ઓળખની તકરાર નથી.

આ સાહેદ તા.૯-૩-૦૨ ના પોલીસ જવાબમાં મજકુર તો.દારનું નામ આપેલ છે. તેઓ તોફાની ટોળામાં હતા તેવુ જણાવેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં તો.દારનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદની જુબાની પ્રમાણે ચાર આરોપી વિરૂદ્ધ પુરાવો નોંધાયેલ છે. આ સાહેદના પિતાને પથ્થરમારાથી પગમાં ઈજા થયેલ છે. તેમણે શાહેઆલમ રાહત કેમ્પમાં સારવાર લીધેલી છે. આ સાહેદનું મકાન તો.દારોએ બાળી નાંખેલ છે આ સાહેદ સદર આરોપીને ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં ઓળખેલ છે અને ના.કોર્ટમાંની જુબાનીમાં પણ નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવું ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે સવારથી હિન્દુ ટોળામાં સામેલ હતા હુકમસીંગ ની ચાલી, દિલીપની ચાલીમાં આગ લગાડેલી અને સાહેદના ઘરમાં પણ લુંટ ફાટ કરી આગ લગાડેલી આમ આ તો.દારે સદરહુ બનાવમાં સક્રિય ભુમિકા ભજવેલાનું ફલીત થાય છે.

### (૩) ફરીદા અબ્દુલ કાદર ખલીફા સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં નામ આપેલ છે.
- તા.૩.૬.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી જુબાની આપેલ છે. આરોપી કોર્ટમાં હાજર

<u>- પેજ નં. ૪ પેરા.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપત છારાનો જમાઈ ટીનીયો છારા, સહેજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા

ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

- પેજ નં.૭ પેરા. ૧૪

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો.

- પેજ નં.૮ પેરા.૧૫

આજ ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

( આંક-૯૯૪ અને ૧૦૦૧ થી હાજરીમાંથી મુક્તિની અરજી ઓળખ બાબતે તકરાર નથી)

આ સાહેદે મજકુર તો.દાર સદર ગુનામાં સામેલ હોવાનું તેના તા.૧૨-૫-૦૨ ના પોલીસ નિવેદનમાં તથા ૩-૬-૦૮ ના શીટ સમક્ષના નિવેદનમાં તો.દારનું નામ આપેલ છે. આ તો.દાર ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં તેમના ઈરાદો પાર પાડવામાં સામેલ હોવાનું જણાવેલ છે આ સાહેદે ના.કોર્ટ સમક્ષ તેમની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી સામે પુરાવો નોંધાયેલ છે. આ સાહેદનું બનાવ વખતે પી.આઈ. મૈસુરવાલાએ દંડાથી મારી ભગાડેલ છે. આમ આ સાહેદ સદર બનાવના નજરે જોનાર સાક્ષી છે અને તેમને નહિ માનવાને કોઈ કારણ નથી.

આરોપીની આંક : ૯૯૪, ૧૦૦૧ થી હાજરી મુક્તિમાંથી અરજીની ઓળખ બાબતે તકરાર નથી.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી માયાબેન કોડનાની સાથે ટોળામાં હાજર હતા અને આ આરોપીએ ટોળાની આગેવાની લીધેલી અને

મુસ્લિમોના ઘરોને આગ લગાડતા લુંટફાટ કરતા જીવતી વ્યક્તિઓને બાળી નાંખવામાં આ આરોપીએ સક્રીય ભુમિકા ભજવેલાનું ફલીત થાય છે.

**(૪) અ.મજીદ મો.ઉસ્માન શેખ, સાહેદ નં. ૧૫૬, આંક-૧૦૭૨**

- તા.૧૫.૪.૦૨ ના પોલીસ નિવેદનમાં નામ આપેલ છે.
- તા ૨૦.૫.૦૮ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.
- તા. ૧૩.૯.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.(ગુડ્ડુના ભાઈ તરીકે)

નોંધઃ- કેરોસીનના કેરબા સાથે ૨૦.૫.૦૮ ના નિવેદનમાં

- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે. (આંક૧૦૬૯ થી હાજરી મુક્તિની અરજી ઓળખ બાબતે તકરાર નથી)

<u>- પેજ નં.૭,૮ પેરા નં.૧૫</u>

અમે તે વખતે તે દીવસે દસેય જણાં અમારૂ ઘર છોડીને નીકળી ગયેલા. મને ચોક્કસ સમય ખબર નથી. પરંતુ પછી અમે ગંગોત્રી સોસાયટીના ધાબે ગયેલા તે સમયે બપોરનો સમય હતો. આ ગંગોત્રીવાળા ધાબેથી મેં જોયેલું કે, ગુડ્ડુ છારાના બે ભાઈઓ, ટીનીયો તથા બીજાઓ હાજર હતા. આ તમામનાઓના હાથમાં તલવાર, લાકડી, કેરોસીનનો ડબ્બો વગેરે હતા. તેઓએ અલ્લાબક્ષના દીકરા ઐયુબ પર હુમલો કરેલો. તેને અમારી જવાનનગરની છેલ્લી ચાલીમાં આબેદાના ઘર પાસે તથા એસ.આર.પી. કવાર્ટસની દિવાલ પાસે રીક્ષામાં નાંખીને આ લોકોએ સળગાવી દીધેલો. જે મેં પોતે જોયેલું. જેમાં, ગુડ્ડુ છારાના હાથમાં તલવાર હતી, ગુડ્ડુના એક ભાઈના હાથમાં કેરોસીનનો કેરબો હતો તથા બીજા ભાઈના હાથમાં એક લાકડી હતી. ત્યાં પાંચ છ બીજા મરાઠીના છોકરાઓ પણ હતા, ટીનીયો કદમનો દીકરો થાય.

*<u>- પેજ નં.૧૦ પેરા નં.૧૯</u>*

મેં જોયેલું કે, મારા પત્ની સળગતી હતી અને મારી દીકરી સુપ્રિયાને લોકો ખેંચીને લઈ જતાં હતા જે લઈ જવામાં જયભવાની, તેનો છોકરો, ટીનીયો, સુરેશ લંગડો તથા અન્ય બે ચાર જણાં હતા. મે મારી દીકરીને આ રીતે ખેંચવામાં આવતી હતી ત્યારે અલ્લાહને યાદ કરીને પોકાર કરેલો કે, નારએ તકબીર અલ્લાહ અકબર આ વખતે મારા માથા પર પાછળથી કોઈએ હુમલો કરેલો તેથી હું ત્યા જ પડી ગયેલો.

*<u>- પેજ નં.૧૧ પેરા નં.૨૦</u>*

મને હોશ આવતા અગાઉ મેં જોયેલું કે, મારી દીકરી સુપ્રિયાને ઘસડીને લઈ જતાં હતા અને મારી પત્ની લાલબી તથા આફરીનબાનું તથા સાહીનબાનું, દીકરો મહંમદહુસેન, દીકરો

ખાજાહુસેન અને દીકરી સુફીયાબાનુનાઓ ત્યાં સળગતા હતા. મને ભાન આવતા મને મારા બાકી રહેલા બાળકોનું શું થયું હશે તેવો વિચાર આવતા મેં બાકી રહેલા બાળકો ચાંદ, યાસીન અને મહેબુબના નામની બુમો પાડેલી.

<u>- પેજ નં.૧૧ પેરા નં.૨૧</u>

મને તે સમયે બીબીબાનું નામક સ્ત્રીનો પતિ મહેબુબ સળગી ગયેલી હાલતમાં મળેલો. ત્યારપછી મે મારા દીકરા યાસીનનો મને અબ્બા તરીકે બોલાવતો અવાજ સાંભળેલો. મારો દીકરો યાસીન સળગી ગયેલી હાલતમાં હતો. મારો દીકરો યાસીન દાઝી જવાની જલનને કારણે ત્યાં આવેલી ટાંકીમાં બેસી ગયેલો. મે તેને પાણીમાં બેસવાની ના પાડેલી, કારણકે, તેની ચામડી ફુલાઈ જાય. મે તેને ટાંકીની બહાર લઈ લીધેલો.

આ સાહેદ તેના ૧૫-૪-૦૨ના પોલીસ નિવેદનમાં ૨૦-૫-૦૮ ના શીટના નિવેદનમાં તા.૧૩-૯-૦૮ના શીટના નિવેદનમાં આરોપીનું નામ ગુડ્ડુના ભાઈ તરીકે આપેલ છે. આ આરોપીને સાહેદ કેરોસીનના કેરબા સાથે જોયેલ છે. તેવુ તેના ૨૦-૫-૦૮ ના નિવેદનમાં જણાવેલ છે. આ સાહેદ બનાવ વખતે બનાવના સ્થળે હાજર હતા સાહેદની દીકરી સુપ્રિયાને ટોળાના માણસો ઘસડીને લઈ ગયા હતા અને તેની ઉપર બળાત્કાર કરેલ છે અને તેને મારેલ છે. જે સારવાર દરમ્યાન ગુજરી ગયેલ છે. સાહેદની પત્નિ લાલબી, બે દિકરીઓ આફરીનબાનું, શાહીદબાનુ તથા બે દિકરા મો.હુસેન અને ખ્વાજાહુસેન વિગેરેને બાળીને મારી નાંખેલ છે. આમ આ સાહેદના કુટુંબના પાંચ વ્યક્તિઓ આ હિંચકારા બનાવમાં મરણ પામેલ છે. સાહેદનો દિકરો યાસીન સળગતો હાલતમાં હતો તેણે સાહેદે બતાવેલ જે સારવાર દરમ્યાન બચી ગયેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ તેમની જુબાની મુજબ સદર આરોપી સામે પુરાવો આપેલ છે. ના.કોર્ટમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે સ્થળ ઉપર હાજર હતો અને તેના હાથમાં હથિયાર હતા આરોપી જે ટોળામાં હતો તેમના હાથમાં કેરોસીનનો ડબ્બો હતો અને આ આરોપી સહ આરોપી સાથે એક સંપ થઈ મળી ઐયુબ નામના છોકરાને નિર્દયતાથી રીક્ષામાં નાંખી સળગાવી દીધેલ છે. આ ઐયુબને મારી અને સળગાવવામાં આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે. તેથી આ સાહેદને નહી માનવાનું કોઈ કારણ નથી.

(૫) જલાલુદ્દીન ઈબ્રાહીમ શેખ, સાહેદ નં. ૧૭૦, આંક-૧૧૭૪

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં તોફાની ટોળામાં હથિયાર સાથે

- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ

*- પેજ નં.૩ પેરા નં.૬*

નટરાજ હોટલ તરફથી આવેલુ હિન્દુઓનું દસથી પંદર હજાર માણસોનું ટોળું મારો કાપો ની બુમો પાડતું હતું. આ ટોળાના માણસો તલવાર, ધારિયા, પાઈપ વગેરે સાથે આવેલા. આ ટોળું એસ.ટી.વર્કશોપ પાસે આવી ગયેલું. આ ટોળુ પથ્થરમારો કરતું હતું.

- પેજ નં.૩ પેરા નં.૭

આ ટોળામાં મેં જોયેલા લોકોમાં હું છ એક જણાંને ઓળખું છું. આ ટોળામાં ભવાનીસીંગ, ગુડુ છારો, મુંગડો છારો, હરીયા છારા, સુરેશ લંગડો તથા બિપીન પંચાલનાઓ હતા.

*- પેજ નં.૩ પેરા નં.૯*

આ ટોળાના લોકો નુરાની મસ્જીદ પાસેના ઘરો પર હુમલો કરતા હતા. ટોળાના માણસોએ નુરાની મસ્જીદ પાસે આવેલ લારી ગલ્લા તથા મકાનોમાં આગ લગાડેલી તેમજ હુમલો કરેલો. અમારામાના કેટલાક નુરાની મસ્જીદ બચાવવા આવેલા. ત્યારે આ ટોળુ એસ.ટી.વર્કશોપ બાજુ જતું રહેલું. હું આ બધુ એસ.ટી.વર્કશોપ પાસેના પાણીના નળો પાસેથી, જયાં હાલમાં પોલીસ ચોકી આવેલી છે ત્યાંથી જોતો હતો.

*- પેજ નં.૫ પેરા નં.૧૫*

આ ટોળામાંથી અડધુ ટોળુ ચાલી તરફ જતુ હતુ અને અડધુ ટોળુ નુરાની મસ્જીદ તરફ જતાં ટોળામાં હરીયો છારા, મુંગડા છારા તથા સુરેશ લંગડાને મેં જોયેલા. આ વખતે હું એસ.ટી. વર્કશોપ પાસેના નળ પાસે ઉભો હતો ત્યારે કોઈએ મારા પર ગોળી વાગેલી. આ વખતે ફાયરીંગ ચાલુ હતુ તેથી અમે તમામ ચાલી તરફ ભાગી રહયા હતા. મારા પછીના માણસને ગોળી વાગેલી. ત્યારપછી હું મારા ઘરે જતો રહેલો.

આ સાહેદે તેના ૧૨-૫-૦૨ ના પોલીસ જવાબમાં આરોપીને હથિયાર સાથે જોયેલ છે તેવુ નિવેદનમાં જણાવેલ છે. સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરતો પુરાવો આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે નટરાજ હોટલ તરફથી પંદર હજાર માણસોનું ટોળુ આવેલ તેમની પાસે હથિયારો હતા તે ટોળામાં આરોપી પણ હાજર હતા અને આરોપીએ બીજા તો.દાર સાથે મળી નુરાની મસ્જીદ ઉપર આગ

લગાડેલ છે. આમ આ આરોપી ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવાનું પ્રસ્થાપિત થાય છે અને તેમણે હથિયાર ધારણ કરી મસ્જીદ અને મુસ્લીમો ઉપર હુમલો કરેલ હતો તેમજ મિલ્કતોને આગ લગાડેલ છે. તેવુ સાબીત થાય છે. સાહેદનો આરોપી વિરૂધ્ધનો પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

(૬) યાકુબઅલી કાસમઅલી સૈયદ, સાહેદ નં. ૧૭૫, આંક-૧૨૦૫

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા. ૨૫.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલ છે
- <u>પેજ નં.૫ પેરા નં.૧૩</u>

મે બપોરે દોઢ વાગે ઓટો સેન્ટરવાળા બિપીન પંચાલને, ગુડ્ડુ છારાને, હરીયા છારાને, મનોજ વિડીયોવાળાને તથા સુરેશ છારાને ટોળામાં જોયેલા. આ ટોળામાં બિપીન પંચાલના હાથમાં તલવાર હતી, ભવાનીસીંગ તથા મનોજ વિડીયોવાળાએ ટોળામાં આગેવાની કરેલી. સુરેશ તથા હરીયા છારાનાં હાથમાં પાઈપ હતી. આ ટોળાના માણસો પથ્થરમારો કરતા હતા, મકાનો સળગાવતા હતા. તેઓ કેરોસીનના કેરબા લાવેલા તથા જવલનશીલ પ્રવાહી નાખી સળગાવતા હતા. અમે રાત્રીના આશરે સાડા દસ વાગ્યા સુધી એસ.આર.પી. કવાર્ટસમાં જ રોકાયેલા. આ જગ્યાએ ત્યારબાદ સરકારી ગાડી લેવા આવતા હું તથા મારા પરિવારજનો જે તે દિવસે એસ.આર.પી. કવાટર્સ માં મારી સાથે હતા તે તમામનાઓ ત્યાંથી કેમ્પમાં ગયેલા.

આ સાહેદે તેમના તા.૧૨-૫-૦૨ ના પોલીસ જવાબ અને ૨૫-૫-૦૮ ના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સાથે સચોટ પુરાવો આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની સોંગદ ઉપરની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપીએ બીજા આરોપી સાથે મળી ટોળાની આગેવાની કરેલી છે અને આરોપીના હાથમાં પાઈપ હતા અને આરોપીએ ટોળાની આગેવાની લઈ મકાનો દુકાનોને આગ લગાડેલ છે. આમ આ આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે જેને નહિ માનવાને કોઈ કારણ નથી.

(૭) ભીખાભાઈ હબીબભાઈ મનસુરી, સાહેદ નં. ૧૮૨, આંક-૧૨૫૯

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં નામ છે.
- તા ૧૮.૬.૦૮ના સીટના નિવેદનમાં નામ નથી.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલ છે.

<u>- પેજ નં. ૨ પેરા નં.૬</u>

તે દિવસે સવારના આશરે નવ સાડા નવ વાગ્યે કૃષ્ણનગર તેમજ પાટિયા તરફથી બજરંગદળ, શિવસેના તથા હિન્દુઓના ટોળા હાથમાં ત્રિશુળ, તલવાર રાખી રોડ પર આવેલા.

<u>- પેજ નં. ૩ પેરા નં. ૭</u>

તે દિવસે મારી બહેન રાણી નુરાની મસ્જીદમાં આવેલ મદ્રેસામાં ગયેલી તેને હું લેવા ગયેલો ત્યારે મેં રોડ ઉપર હું જણાવી ગયો તેવા ટોળા જોયેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

આ ટોળામાં ગુડ્ડુ છારા, હરેશ છારા તથા નરેશ છારાનાઓ હતા. આ ટોળાના માણસો નુરાની મસ્જીદ પર તથા અમારા લોકો તરફ પથ્થરમારો કરતા હતા. તેઓ જયશ્રી રામ નો નારો લગાવી મુસલમાનોને મારો કાપો તેમ કહેતા હતા. હું મારી બહેન રાણીને મસ્જીદમાના મદ્રેસમાંથી લઈને મારા ઘરે ગયેલો. મને લાગતું હતુ કે, થોડીવારમાં વાતાવરણ શાંત થયેલું નહીં. તેથી હું મારા મકાનને તથા મારા મા બાપના મકાનને તાળુ મારી મારા તમામ પરીવારજનોને લઈને હુસેનનગર, ગલી નં.૪ માં બે માળના આવેલ એક મકાનમાં જઈને છુપાઈ ગયેલ.

આ સાહેદે તા.૧૩-૫-૦૨ પોલીસ નિવેદન અને ૧૮-૬-૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલા . સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરતો પુરાવો આપેલો છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી કૃષ્ણનગર તરફ, નરોડા પાટીયા તરફથી આવેલ હથિયારો સાથેના ટોળામાં અને મુસલમાનોને મારો કાપો તેમ કહેતા હતા આમ આ સાહેદની જુબાની મુજબ આરોપી ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં હાજર હતો જે ને નહિ માનવાને કોઈ કારણ નથી.

## (૮) મો.હનીફ યુસુફભાઈ શેખ, સાહેદ નં. ૧૮૪, આંક-૧૨૭૧

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.

- તા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલ છે.

<u>*- પેજ નં. ૨ પેરા નં.૪*</u>

બનાવ તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. જે તા.૨૭ મીએ ગોધરાકાંડ થયા પછી બનેલો. તે દિવસે વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા બંધનું એલાન હતું.

<u>- પેજ નં.૨ પેરા નં.૫</u>

તે દિવસે સવારે સાડા નવ વાગ્યે હું મારા ઘરે હતો. તે વખતે બહાર રોડ ઉપર અફરાતફરી થયેલી. તે દિવસે કૃષ્ણનગર તથા નટરાજ હોટલથી ટોળા આવેલા અને બંને ટોળા ભેગા થઈ ગયેલા

<u>- પેજ નં. ૨ પેરા નં.૬</u>

આ ટોળાવાળાઓએ મસ્જીદ પર હુમલો કરેલો. તે દિવસે એસ.ટી.વર્કશોપની સામે પોલીસનો પોઈન્ટ હતો. આ ટોળાવાળાઓએ મુસલમાનના ટોળા ઉપર પણ હુમલો કરેલો.

<u>- પેજ નં.૩ પેરા નં. ૭</u>

આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર તથા હથિયારો હતા. મેં આ ટોળામાં કિશન કોરાણી તથા મનોજ સીંધીને ફાયરીંગ કરતા જોયા છે. તેઓ મુસ્લીમના ટોળા ઉપર ફાયરીંગ કરતા હતા.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

આ ટોળામાં નરેશ છારા, હરેશ છારા, સહેજાદ છારા, મુરલી સીંધી, અશોક સીંધી પાનવાળો, સુરેશ છારા, બિપીન ઓટોવાળો, ભવાનીનો છોકરો જેનું નામ મને યાદ નથી તેઓના હતા. હું આ તમામને ઓળખું છું. આ તમામનાઓ ટોળાના લોકોને ઉશ્કેરણી કરતા હતા તથા અમો મુસ્લીમો ઉપર હમલો કરતા હતા.

<u>- પેજ નં. ૩ પેરા નં. ૯</u>

આ વખતે પોલીસવાળાએ પણ ટિયરગેસ છોડેલા. કિશન કોરાણી તથા મનોજ સીંધીએ પોલીસ પાસેથી બંદુક ઝુટવીને ફાયરીંગ કરેલું જયારે બાકીના હું નામ જણાવી ગયો તેઓ પાસે પાઈપ, તલવાર, ધારીયા વગેરે હથીયારો હતા.

<u>- પેજ નં. ૪ પેરા નં. ૧૦</u>

આ રીતે કિશન તથા મનોજે કરેલ ફાયરીંગમાં એક આબીદ નામનો છોકરો ગુજરી ગયેલો. અમે તમામ પછી ગલીમાં છુપાઈ ગયેલા જયારે આ લોકોનું ટોળું વધુ ગયેલું. હુ જવાનનગર અંદરના ભાગે એસ.આર.પી.કવાર્ટસના કોટ પાસે જતો રહેલો. હુ આ રીતે પહોંચ્યો ત્યારે બપોરના આશરે બાર વાગેલા.

આ સાહેદ પોલીસ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે તે મુજબ આરોપી આરોપીની સંડોવણી સાબીત કરેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે આરોપી નુરાની મસ્જિદ પાસો ટોળામાં હાજર હતો અને નુરાની મસ્જીદ ઉપર હુમલો કરેલો તેમજ આ આરોપીએ

ટોળાને ઉશ્કેરણી કરેલ તેવુ સાબીત થાય છે અને તે ઉશ્કેરણી બાદ ટોળો મુસ્લિમો ઉપર હુમલો કરેલ જેમાં આરોપી હાજર હતો આમ આરોપીએ સદરહુ બનાવમાં ઓવર એકટ કર્યા ઉપરાંત ટોળાને ઉશ્કેરણી કરી મુસ્લિમો ઉપર હુમલો કરાવેલ છે જે ખુબ જ ઘૃણાસ્પદ કૃત્ય છે. આ ઉશ્કેરણીથી આરોપી સાથે મળી નરોડા પાટીયા માં મુસ્લિમોના જાન,માલ, ને નુકશાન પહોંચાડેલ છે. જે સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે. સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખેલા છે. આમ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૯) મો. ઈમરાન ઈમ્તીયાઝ હુસેન મોમીન, સાહેદ નં. ૧૮૯, આંક-૧૨૮૯

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં તોફાની ટોળામાં હતા.
- તા ૧૦.૬.૦૮ના સીટના જવાબમાં તોફાની ટોળામાં તલવાર સાથે નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

આ મકાનના ત્રીજા માળવાળા ધાબેથી મેં જોયેલું કે, ટોળાના માણસો અમારા ઘરની ઘરવખરીનો સામાન લુંટતા હતા અને તેઓ આગ લગાડતા હતા. તેઓ મારમારી તથા કાપાકાપી કરતા હતા. આ ટોળામાં ત્રણ ભાઈઓ હતા. આ ત્રણ ભાઈઓ ગુડુ છારો, હરીયો છારો તથા નરીયો છારાનોઆ હતો. તેઓ મારામારી તથા કાપાકાપી કરતા હતા તથા આ ત્રણેયએ ટોળાની આગેવાની લીધેલી તથા અમારા માણસો જયાં છુપાયેલા હતા ત્યાં ઈશારો કરી ટોળાને બતાવતાં હતા. આ લોકો અમારા ઘરને લુંટીને આગ લગાડતા હતા. આ ત્રણેય ભાઈઓ યાને કે ગુડુ, હરીયો અને નરીયોના હાથમાં તલવારો હતી. આ સમયે આશરે અઢી થી ત્રણ વાગ્યાનો બપોરનો સમય થયેલો. તેઓ અમારી ચાલીમાં તોડફોડ કરતા હતા તે તમામ અમે જોતા હતા.

<u>- પેજ નં.૬ પેરા નં, ૧૧</u>

બપોર પછીના ટાઈમે અમે આ જ ધાબા પરથી ગંગોત્રી સોસાયટી તરફ જોયેલું. ત્યાં છારાઓ થાળીઓ વગાડી અમારા હુસેનનગર તરફ ટોળાના માણસો જે ગંગોત્રી પાછળથી આવતાં હતા તેમને મોકલતા હતા. આવુ કરવામાં દલપત તથા ભવાનીનાઓ હતા. હુસેનનગર, ગલી નં.૪ માં ધાબા પર અમે રાતના બાર થી એક વાગ્યા સુધી રોકાયેલા.

આ સાહેદે તેમના પોલીસ જવાન તેમજ શીટના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમજ શીટના જવાબમાં આરોપી પાસે તલવાર હતી તેવુ જણાવેલ છે. સાહેદે આરોપી વિરૂધ્ધ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે સ્થળ ઉપર હાજર હતો અને તેણે તેના બંન્ને ભાઈઓ જે આ કામનો તો.દારો છે તેમની સાથે રહી મુસ્લિમોને મારા મારી,કાપા કાપી કરેલ છે અને ટોળાની આગેવાની લીધેલી છે તેમજ મુસ્લિમો જે જગ્યાએ જીવ બચાવીને સંતાયેલ હતા તે જગ્યા ટોળાને બતાવી ઈશારો કરી બતાવતા હતા જે જોઈ ટોળાના લોકો મુસ્લિમોને માર કાપ કરેલ છે સાહેદ આરોપીના હાથમાં તલવાર પણ જોયેલ છે. આ તમામ કૃત્ય કરતા સાહેદે આરોપીને નજરો નજર જોયેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

આમ સાહેદનો આરોપી વિરૂધ્ધ ના.કોર્ટમાં નોંધાયેલ પુરાવાને નહિ માનવાનું કોઈ કારણ નથી.

## (૧૦) હારૂન મહંમદભાઈ શેખ, સાહેદ નં. ૧૯૮, આંક-૧૩૬૩

- તા.૨૮.૫.૦૮ તથા ૧૨.૯.૦૮ ના સીટના જવાબમાં નામ છે

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ બંને તરફના ટોળાઓના લોકોએ કપાળ પર કેસરપટ્ટી બાંધેલી હતી. આ ટોળામાં હું અમુક લોકોને ઓળખતો હતો. મેં ટોળાના કેટલાક લોકોના હાથમાં તલવાર, પાઈપ, ત્રિશુળ વગેરે જોયેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

મેં આ ટોળામાં માયાબેન, બાબુ બજરંગી, સચીન મોદી, અશોક પાનના ગલ્લાવાળો, મનોજ વિડીયોવાળો, સુરેશ લંગડો, હરેશ, ગુડ્ડુ તથા બિપીન ઓટોવાળળાને જોયેલા. મેં આ તમામને સવારના આશરે સાડા નવ વાગ્યે બનાવવાળા દીવસે જોયેલા તેઓ એસ.ટી.વર્કશોપ સામેના ઝાંપા પાસેના ટોળામાં પણ આગળ હતા અને એસ.આર.પી. ઝાંપાવાળા ટોળામાં પણ હતા. જો કે, પછી બંને ટોળા એક થઈ ગયેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

આ લોકો તથા ટોળાના માણસો આસપાસના લારી ગલ્લા, કેબીન, મકાન વગેરે સળગાવવા લાગેલા તથા તેઓએ નુરાની મસ્જીદ પર હુમલો કરેલો. અમારા મુસ્લીમોમાંથી કેટલાક લોકો આ નવજણાંઓને સમજાવવા માટે પણ ગયેલા પરંતુ તેઓએ કોઈની વાત સાંભળેલ નહીં અને તેઓ મારો કાપો તેવા પોકારો કરવા લાગેલા અને અમારી કોમના માણસો પર પથ્થરમારો કરવા લાગેલા. અમે આ રીતે આ નવને સમજાવવા માટે નુરાની

મસ્જીદ પાસે ગયેલા. પરંતુ તેઓ ન માનતા તથા અમારા ઉપર પથ્થરમારો કરતા અમે ગભરાઈને પરત હાલમાં પોલીસ ચોકી આવેલી છે ત્યાં પાછા આવી ગયેલા.

આ સાહેદે તેમના શીટ રૂબરૂના બંન્ને જવાબમાં આરોપીનું નામ જણાવેલ તેમજ આરોપી વિરૂધ્ધ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી તેવુ ફલીત થાય છે કે આરોપી એસ.ટી.વર્કશોપ પાસે, એસ.આર.પી. ઝાંપા પાસેના બંન્ને ભેગા થયેલા તે ટોળામાં આરોપીએ આગેવાન હતા અને સાહેદે આરોપીને બનાવતા સ્થળે સવારના ૯:૩૦ વાગ્યે જોયેલા છે જે ટોળામાં રહી આરોપીએ મુસ્લિમોને મિલ્કતોને નુકશાન કરેલ છે. તેમજ આરોપીએ નુરાની મસ્જીદ ઉપર હુમલો કરવામાં સક્રીય ભુમિકા ભજવેલ છે. અને મુસ્લિમો ઉપર હુમલો કરેલ છે. તેવુ સ્પષ્ટ ફલીત થાય છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

### ૧૧) શબાના બુન્દુભાઈ કુરેશી, સાહેદ નં. ૨૦૯, આંક-૧૪૬૩

- તા ૨૩.૫.૦૮ તથા ૧૪.૯.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૨</u>

અમે પાછા આવતા હતા ત્યારે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટી પાસે ઉભેલા ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર, હોકી વગેરે હતા તેઓ અમારી પાછળ રહી ગયેલ મુસ્લીમોને મારવા લાગેલા. આ વખતે અમે તીસરા કુવાથી ગંગોત્રી તરફ ભાગતા હતા જયારે ગંગોત્રી ગોપીનાથવાળાઓ અમારી તરફ આવતા હતા. આ વખતે પબ્લીક આમતેમ ભાગવા લાગેલી. આ સમયે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટીની વચ્ચે એક ખાંચો આવેલો છે. ત્યાં ઉપર એક પાણીની ટાંકી છે. અમે આ ખાંચામાં ઘુસી ગયેલા. આ વખતે અમારા ઘરના બધા છુટા પડી ગયેલા. પરંતુ આ ખાચામાં ગયા ત્યારે હું, મારી મમ્મી, મારી બહેન નસીમ તથા મારો ભાઈ રાજાનાઓ સાથે હતા.

<u>- પેજ નં.૭ પેરા નં. ૧૩,</u>

અમે ખાંચામા ઘુસ્યા ત્યાં ચારેય તરફથી ટોળાએ અમને લોકોને ઘેરી લીધેલા. આ ટોળામાં મેં સુરેશ લંગડા, દલપતનો છોકરો, જયભવાનીનો છોકરો, નરેશ, હરેશ, મનુ, મરાઠીના બે છોકરા, જયભવાની, દલપત તથા ગુડ્ડુ છારા તેમજ બીજા અનેક લોકોને જોયેલા.

<u>- પેજ નં. ૭ પેરા નં.૧૪</u>

આ સમયે ખાંચાની સામેના રોડ પર ટોળાએ કે જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ પણ હતા તે ટોળાએ એક સીદીક નામના છોકરાનું ખંજરથી તાવીજ કાપી તેના પર હુમલો કરેલો. આથી તેને ગળામાં ઈજા થયેલી તથા તાવીજ કાપતા ખંજર તુટીને પડેલું અને આ સીદીકને પછી પાઈપથી મારવા લાગેલ ત્યારે માથે હાથ રાખીને તેણે બચાવ કરવા પ્રયત્ન કરેલો. જે તમામ મેં પોતે જોયેલુ છે. ત્યારપછી આ સીદીક પર કાંઈક જવલનશીલ પ્રવાહી કેરોસીન નાંખી તેને સળગાવી દીધેલો. આ રીતે સીદીક ત્યાં જ મરી ગયેલો.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૫</u>

સીદીકના બનાવ પછી મેં જોયેલું કે, ટોળાના માણસો જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ હતા તે ટોળાના માણસોએ એક હુસેનનગરની છોકરીને ખેંચીને લઈ ગયેલા. આ વખતે મારી બહેન નસીમને ઘેરી લીધેલી. પછી તેઓએ તેણીના માથામાં પાઈપ મારેલી. મારી બહેનને તેઓએ પછી તે જ જગ્યાએ કેરોસીન નાંખીને સળગાવી દીધેલી તેણી પણ મરણ ગયેલી.

<u>- પેજ નં. ૮ પેરા નં.૧૬</u>

આ વખતે મારી મા આ જોઈને બુમો પાડીને ભાગવા લાગેલી ત્યારે સુરેશ લંગડાએ મારી મા ને પકડી લીધેલી. સુરેશ લંગડાએ મારી મમ્મીને પકડીને પેટમાં ગુપ્તી મારેલી ત્યારપછી આ બધાએ કે જેઓના નામ હું જણાવી ગઈ તથા ટોળાના માણસોએ મળીને મારી મા ને જીવતી સળગાવી દીધેલી. મારી મમ્મી પછી ત્યાં જ મરી ગયેલી.

<u>- પેજ નં.૯ પેરા નં. ૧૭</u>

આ સમયે ખાંચામાં જે મુસ્લીમો હતા તેઓ બહાર નીકળતાં જ તેમને પકડીને આ ટોળાના માણસો મારીને સળગાવી દેતા હતા. આ સમયે ટોળાના માણસોને એવુ લાગતા કે કદાચ આ ખાંચામા મારામારી શરૂ કરી દીધેલી અને કેરોસીન નાંખીને તમામને એક સાથે સળગાવી દીધેલા.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૮</u>

આ વખતે આગ લાગતાં ખાંચા પાસે એક દિવાલ હતી તે દિવાલ પર કુદીને હું બેસી ગયેલી. આ વખતે ટોળાના માણસોએ મારા પગ પર પથ્થર મારેલો. હું આ પથ્થર વાગતાં દિવાલની બીજી તરફ પડી ગયેલી. આ વખતે હું આ બધુ જોતા ડરી ગયેલી. ટોળાના માણસો ખુબ જ ગંદી ગાળો બોલતા હતા તથા સળગાવતા હતા તેથી હું ગભરાઈ ગયેલી હતી. દિવાલની બીજીબાજુની દિવાલ પાસે બેએક મીનીટ બેસીને પછી ત્યાં આવેલ ઝાપામાથી નીકળી હું ગંગોત્રી સોસાયટીના એક ધાબા પર જતી રહેલી.

<u>- પેજ ને. ૧૦ પેરા -૧૯</u>

હું ધાબે ગઈ ત્યાં અન્ય મુસ્લીમો પણ હતા. ગંગોત્રી સોસાયટીના ત્રણ ધાબાઓ પર મુસ્લીમો હતા. ધાબા પર મોડી રાત સુધી અમે હતા.

આ સાહેદે તેમના તા.૨૩-૫-૦૮ તથા તા.૨૪-૯-૦૮ના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. આ બનાવમાં સાહેદની માતા – બહેન મરણ ગયેલ છે.

આ સાહેદે બનાવવાળી જગ્યાએ વર્ષોથી રહે છે. બનાવના દિવસે તેઓ ઘરે જ હતા અને બહાર નીકળી હથીયારો સાથે ટોળાને જોયેલ છે. આ સાહેદ તીસરા કુવા તરફ પોતાનો જીવ બચાવવા ભાગતા હતા ત્યાંથી ટોળું આવતા ગંગોત્રી તરફ ભાગેલ અને ગંગોત્રી ગોપીનાથ વચ્ચે પાણીની ટાંકીના ખાંચામાં જ્યાં નરસંહાર કરવામાં આવેલ તે જગ્યાએ ઘેરાઈ ગયેલ. આ જગ્યાએથી પાણીના ટાંકી પાસેના ટોળામાં સાહેદે આરોપીને જોયેલ છે. આ સાહેદ સીદ્દીકનામના છોકરાનું ગળુ કાપી મારતા જોયેલ છે અને સિદ્દીકને સળગાવતા પણ જોયેલ છે. આ સીદ્દીક નામની વ્યક્તિને આરોપીએ ટોળાએ તેને મારી સળગાવેલ છે તે સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. ત્યારબાદ આજ આરોપી અને તેની સાથેના બીજા તો.દારોએ એક હુસેન નગરની છોકરીને ખેંચી લઈ જતા જોયેલ છે. તેમજ સાહેદની બહેન નસીમ ઉપર કેરોસીન નાંખી સળગાવતા સાહેદે જોયેલ છે. સાહેદની માતૃશ્રીને પણ આરોપી અને ટોળાના માણસોએ જીવતા સળગાવેલ છે. આ ખાંચામાં મુસ્લીમો જે બહાર નીકળતા આરોપી અને તેમની સાથેના માણસો પકડીને સળગાવી દેતા હતા અને આજ ખાંચામાં આરોપી અને સહ તો.દારોએ ઘણાં ખરા મુસ્લીમોને એક સાથે જ્વલનશીલ પ્રવાહી નાંખી સળગાવી દીધેલ છે. આમ આ આ આરોપીઓએ પાણીના ટાંકી પાસેના સામુહીક નરસંહારના બનાવમાં સક્રીય ભાગ ભજવેલ છે. તેવું આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે.

આ સાહેદને બનાવના દિવસે પાણીની ટાંકી પાસેની દિવાલ કુદતા પથ્થર વાગતા પગમાં ઈજા થયેલ છે. સમગ્ર બનાવ જોયા બાદ સાહેદ ગંગોત્રી સોસાયટીમાં ધાબા ઉપર જતા રહેલા અને મોડી રાત સુધી પોતાનો જીવ બચાવી બેસી રહેલા.

આ સાહેદને બનાવમાં તેના કહેવા મુજબ પગમાં ઈજા થયેલ છે. અને સાહેદે કેમ્પમા ંસારવાર લીધેલ છે જેથી સાહેદની બનાવવાળી જુબાની નકારી શકાય તેમ નથી તેઓ બનાવના નજરે જોનાર સાક્ષી છે. તેમની હાજરી બનાવના સ્થળે સ્પષ્ટ થાય છે. અને સાહેદની સરતપાસમાં જણાવેલ હકીકતો નકારવા કોઈ કારણ ઉપસ્થિત થતો

નથી અને સાહેદે ના.કોર્ટ રૂબરૂની પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીના નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

### ૧૨) રૂકસાના બુન્દુ કુરેશી, સાહેદ નં. ૨૧૨, આંક-૧૫૦૭

- તા ૩.૬.૦૮ તથા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

<u>- પેજ નં. ૫ પેરા નં.૮</u>

હું હોલમાંથી નીકળતાં જ મારા ભાઈ,બહેન,તથા મા થી અલગ પડી ગયેલી. હુ છુટી પડી ગયેલી. અમારી કોમના લોકો તીસરા કુવા તરફ જવા લાગેલા. અમારામાં જે લોકો આગળ નીકળી ગયેલા તેઓ એકદમ ઝડપથી પાછા આવેલા અને જણાવેલું કે, ત્યાં હિન્દુઓનું મોટુ ટોળુ છે. તેઓના હાથમાં હથિયાર છે. હું ગભરાઈને ચારેબાજુ મમ્મી મમ્મી કરતી હતી. અમારી કોમના પાછા આવતા લોકોને મેં પુછેલું કે, શુ થયુ ત્યારે તેમણે હિન્દુઓનું મોટુ ટોળુ હાથમાં હથિયાર સાથે આવ્યું હોવાનું જણાવેલું.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૯</u>

હું અમારી કોમના લોકો સાથે ભાગવા લાગેલી. ભાગતા ભાગતા એકદમ મારી નજર પડી તો મેં જોયેલું કે, સુરેશ લંગડો મારી માના પેટમાં ગુપ્તી મારી રહયો હતો. મારી મમ્મીને મારનાર ટોળામાં નરેશ, હરેશ, સુરેશ લંગડો, ગુડ્ડુ છારાના વગેરેનાઓ હતા. આ ટોળાના માણસોને જયભવાનીની દીકરી પાણી પીવડાવતી હતી. તેમાં જયભવાની, જયભવાનીનો દીકરો,દલપત,દલપતનો છોકરો, ચીન્ટુ તથા એક માંજરી આંખવાળો તથા વાંકડીયાવાળવાલો પણ હતો. આ માણસના હાથમાં લોખંડની પાઈપ હતી.

<u>- પેજ નં ૬ પેરા નં, ૧૦</u>

આ ટોળાના માણસો સાથે અન્ય લોકો પણ હતા. તેઓ અમારી કોમના લોકોને સળગાવતા હતા અને મારતા હતા અને જયભવાનીની દીકરી આ ટોળાના માણસોને કેરોસીન તથા ગોદડી સળગાવવા માટે આપતી હતી.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૧૧</u>

તે વખતે અજવાળું હતું અને અંધારૂ ન હતુ. અને સમયના આશરે સાડા પાંચ છ વાગ્યા જેવો થયો હશે. હું રડતી રડતી ગંગોત્રીના ધાબે જઈને બેસી ગયેલી. ગંગોત્રીના ધાબે અમારી કોમના અન્ય લોકો પણ હતા. હું ધાબે હતી તે વખતે ધાબા પર એક સળગી ગયેલી સ્ત્રી હાથમાં નાનુ બાળક ઉચકીને આવેલી અને આ બાળક પણ દાઝી ગયેલું. આ સ્ત્રી બચાવો

બચાવો એમ કહેતી હતી અને એવુ કહેતી હતી કે, અમારી કોમના ઘણાં લોકોને આ લોકોએ મારી નાંખ્યા છે તથા સળગાવી નાંખ્યા છે.

આ સાહેદ પોતાના તા.૩-૬-૦૮ તથા ૧૪-૯-૦૮ ના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીના નામ આપેલ છે. બનાવના દિવસે સાહેદ સ્થળ ઉપર હાજર હતા તેઓ નાનપણથી ગલી નં.૧ જવાનનગરમાં રહે છે. સાહેદે બનાવ તેમના ઘરના ધાબા ઉપરથી જોયેલ છે. નુરાની મસ્જીદ પાસે ટોળા જોયેલા નીચે ઉતરી એસ.આર.પી. ક્વાટ્‌ર્સ માં જવાની કોશીષ કરેલ એસ.આર.પી.વાળાઓએ અંદર જવા નહી દેતા તરફવાળાના ઘરે ગયેલા અને ત્યાંથી એક હોલમાં ગયેલા અને હોલમાંથી તીસરા કુવા તરફ ગયેલા ત્યાં હિન્દુઓનું મોટુ ટોળુ હથીયારો સાથે ભાગતા ભાગતા સાહેદે આરોપીને જોયેલ છે જે આરોપી સાહેદની મમ્મીને મારનાર ટોળામાં સામેલ હતો સાહેદની માતા અને બહેનને આરોપી જે ટોળામાં હતા તે ટોળએ મારીને સળગાવી નાંખેલ છે જે બનાવ સાહેદે પોતાની નજરે નજર જોયેલ છે.

આ સાહેદે બનાવ નજરે જોયેલ છે. આરોપીને બનાવમાં માર કાપ કરતા સળગાવતા ઓળખેલ છે અને ના.કોર્ટ રૂબરૂ પણ આરોપીને નામ આપી ઓળખી આપેલ છે. આમા સાહેદને નહી માનવાનું કોઈ કારણ નથી.

### (૧૩) મો.સલીમ એહમદભાઈ શેખ, સાહેદ નં. ૨૪૨, આંક-૧૬૯૦

- તા.૨૫.૯.૦૮ ના સીટના જવાબમાં તોફાની ટોળામાં હથીયાર સાથે જોયેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂ જુબાનીમાં નામ આપેલ છે

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

ત્યારપછી સાંજે ચારેક વાગ્યે હું મારા ઘર તરફ જવા લાગેલો. હું મારા સમગ્ર પરિવારને લઈને પાછો કુંભાજીની ચાલીમાં જતો હતો. આ વખત જવાનનગરના ખાડામાં પણ ટોળું ઉભેલું હતું.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

આ ટોળામાં ઘણાં માણસો હતા. આ ટોળામાં સુરેશ લંગડો, હરેશ છારા તથા ગુડ્ડુ છારાનાઓ હતા. આ ત્રણેયના હાથમાં સળીયા, તલવારો જેવા હથીયારો હતા જોકે કોના હાથમાં કયુ હથિયાર હતુ તે મને ચોક્કસ ખ્યાલ નથી.

આ સાહેદે તેમના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે તેમજ આરોપી હથિયાર સાથે ટોળામાં હોવાનું જણાવેલ છે આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની આરોપી વિરૂધ્ધની જુબાની જોતા એવુ ફલીત થાય છે કે આરોપી જવાનનગર ના ખાડામાં જે ટોળુ ઉભેલુ તે ટોળામાં હથિયાર સાથે હાજર હતો તે નજરો નજર જોયેલ છે. સાહેદ આરોપીને સાંજે ૪-૦૦ વાગે જોયલ છે આમ બનાવના સ્થળે આરોપી ને હાજરી પ્રસ્થાપિત થાય છે. સાહેદે આરોપીનું ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

# તોહમતદાર નં.(૧૧) કપ્તાનસીંગ જવાનસીંગ પરમાર(છારા)

(૧) લાલાભાઈ નિજામભાઈ લુહાર સાહેદ નં.૧૧૬ આંક-૭૫૩

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

સાહેદની નામદાર કોર્ટ રુબરુની જુબાનીમાં આ તો.દાર વિરુધ્ધ નીચે મુજબ પુરાવો પડેલ છે.

- પેજ નં.૨ પેરા નં.૪

બનાવ તા.૨૮-૨-૦૨ ના રોજ બનેલો. બનાવના દીવસે બંધનું એલાન હતું હું મારા ઘરે જ હતો. હું આશરે સવારે નવ વાગે એસ.ટી.વર્કશોપના ખુણે મારી ચાલીની બહાર આવેલો.ત્યાં મોટું ટોળું હતું તેઓ બંધ કરો, બંધ કરો તેમ કહેતા હતા અને મસ્જીદ પાસેની દુકાનો બંધ કરાવતા હતા. ત્યારે ત્યાં ટોળાએ પથ્થરમારો ચાલું કરી દીધેલો અને પછી હું મારા બાળકો પાસે જતો રહેલો.

- પેજ નં.૩ પેરા નં.૬

આ રીતે અમે સોસાયટી સુધી પહોંચી ગયેલા ત્યારે આશરે પાંચ સાડા પાંચ વાગ્યાનો સમય થયેલો. અમે પછી એક ધાબે જઈને પરીવાર સાથે બેસી ગયેલો. ધાબાનસ ઉપર જઈને મેં જોયું તો હાઈવે તરફથી એક ટોળું આવતું હતું. આ ટોળામાં ઘણાં માણસો હતા પરંતુ હું તેમાંની બાર વ્યકિતઓને ઓળખતો હતો તેવા માણસો હતા.

- પેજ નં.૪ પેરા નં.૭

આ ટોળાના લોકોમાં હાથમાં કોઈના હાથમાં ભાલો હતો, કોઈના હાથમાં તલવાર હતી, કોઈના હાથમાં કેરોસીન હતું જે સળગાવવા માટેનું હતું, કોઈના હાથમાં પાઈપ હતી તથા કોઈકના હાથમાં લાકડી પણ હતી.

- પેજ નં.૪ પેરા નં.૮

આ ટોળામાં ગણપત છારો, વિક્રમ છારો, રાજેશ પાંગળો, ચંપક બારોટ, અમૃત છારા, સુરેશ લંગડો, કપ્તાન છારા, બીજા લોકો પણ હતા પણ તેમના નામો મને અત્યારે ઘણો સમય થયે થી યાદ નથી. મને તેઓના નામ યાદ આવશે તો તે હું જણાવીશ.મેં સ્પષ્ટ પણે જોયેલું કે, સુરેશ લંગડા પાસે તે સમયે ભાલો હતો અને ચંપક બારોટ પાસે લાકડી હતી.

આ સાહેદ તેમની કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ બંધના એલાનના દિવસે ટોળું નુરાની મસ્જીદ પાસે દુકાનો બંધ કરાવતું હતુ પથ્થર મારો કરતું હતુ અને ૧૨:૩૦ વાગ્યાના સુમારે ટોળાએ લુંટવાનું મારવાનું સળગાવવાનું ચાલુ કરી દીધેલ. ૫:૦૦ વાગ્યાના સુમારે ગંગોત્રી સોસાયટીના ધાબેથી આ સાહેદે જોયેલ

કે હાઈવે તરફથી ટોળું આવેલ અને ટોળાના લોકો પાસે ભાલા, તલવાર કેરોસીન, પાઈપ, લાકડી વિગેરે હતા આ ટોળામાં મજકુર તો.દાર તથા બીજા આરોપીઓ પણ હતા તે તમામ આરોપીઓ સાથે આ આરોપી પણ એક સંપ થઈ ગેરકાયદેસરની મંડળીનો સભ્ય બની એક સમાન ઉદ્દેશ પાર પાડવાના આશયથી ભેગા મળી બનાવના દિવસે ગુનાહિત કૃત્યો કરેલાનું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત  થાય છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે બનાવને ૮ વર્ષ થઈ ગયા હોવાથી આરોપીને ઓળખવામાં તકલીફ પડેલ છે. જેથી  સાહેદે આરોપીને ઓળખી બતાવેલ નથી પરંતુ આરોપીએ બનાવના દિવસે કરેલ કૃત્ય વર્ણવેલ છે તેથી આ સાહેદની જુબાની નહી માનવાનું કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૧૭) નંદલાલ ઉર્ફે જેકી વિષ્ણુભાઈ છારા</u>

## (૧) સીદીકભાઈ અલાબક્ષ મનસુરી સાહેદ નં. ૨૩૬, આંક-૧૬૬૨

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઉલ્લેખ કરેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪,૫ પેરા નં. ૧૦</u>

આ સમયે સવારે આશરે અગીયાર વાગ્યાની આસપાસ એસ.ટી.વર્કશોના ઝાંપે માયાબેન કોડનાની સફેદ કલરની મારૂતિ ફ્રન્ટી કાર અને તેની પાછળ ટેકસ જીપ હતી એ બંને લઈ આવી કૃષ્ણનગર તરફથી એસ.ટી. વર્કશોપ પાસે ઉભી રાખેલી જે એસ.ટી.વર્કશોપના ઝાંપા તરફ મોઢુ રાખીને ઉભેલી. આ મારૂતિ ગાડીમાંથી માયાબેન ઉતરેલા. ઉતરયા પછી તેણીએ આ ટોળાને ઈશારો કરી એસ.ટી.વર્કશોપના ઝાંપે બોલાવેલું. આ વખતે જે સોએક આગેવાન માણસો આવેલા તેમાં માયાબેનનો પી.એ પણ હતો. માયાબેને તે લોકો સાથે કાંઈ વાતચીત, ચર્ચા જેવુ કરેલું. પછી તેમના પી.એ ને ઈશારો કરી સુચના આપેલી.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

આ સમયે માયાબેનના પી.એ.એ ટ્રેક્સ જીપમાંથી હથિયારો બહાર કાઢેલા. હથીયારોમાં તલવાર, ભાલા, ત્રિશુલ, રિવોલ્વોર જેવું દુરથી દેખાતુ હતું તે પણ હતું. માયાબેનની સુચનાથી માયાબેનના પી.એ.એ આ તમામ ટોળાના આગેવાનોને આપેલ. તે પછી માયાબેનની ગાડી તથા પેલી જીપ કૃષ્ણનગર તરફ જવા લાગેલી ત્યાં જતા ઉદય ગેસ સર્વિસની ગલીમાં ગાડીઓ વળી ગયેલી. માયાબેનના ગયા પછી પેલા ટોળાના માણસો કે જેમાં, તેમનો પી.એ. પણ હતો. તેઓએ નુરાની મસ્જીદમાં ટોળાના માણસોએ ગેસના બાટલા નાંખી તોડફોડ કરેલી અને કેરોસીનનું આખુ ટેન્કર નુરાની મસ્જીદ ની અંદર ઘુસાડી દીધેલું.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

ત્યારપછી નુરાની મસ્જીદની આસપાસ આવેલી દુકાનો ટોળાના માણસોએ સળગાવેલી. તે પછી તે આખુ ટોળુ હુસેનનગર, જવાનનગર જવાના રસ્તે અંદરના ભાગે ઘુસી ગયેલું. આ ટોળાએ જવાનનગર, હુસેનનગર વગેરેમાં મકાનો બાળી દીધેલા અને સ્ત્રી, પુરૂશ અને બાળકોને જીવતા સળગાવેલા જે હકીકત મેં જોયેલી યાને કે ટોળા જવાનનગર, હુસેનનગરમાં ઘુસી ગયેલા ત્યાં સુધીની હકીકતો મેં જોયેલી છે.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૯</u>

મને માયાબેનના પી.એ.નું નામ ખબર નથી પરંતુ હું તેઓને દીઠે ઓળખું છું. હુ ટોળાના આગેવાનોને જોયે ઓળખું છુ. મને તેઓના નામ ખબર નથી. હું આજરોજ પણ આ તમામને ઓળખી આપીશ. હું આરોપીઓ બેઠા છે ત્યાં નજીક જઈને તેઓને ઓળખી આપીશ.

<u>- પેજ નં. ૧૦ પેરા નં. ૨૦</u>

આરોપીઓ બેઠા છે ત્યા ંજઈ મેં જેઓને નામજોગ વારાફરતી ઓળખી બતાવ્યા તે અનુક્રમે માયાબેનના પી.એ. તથા માયાબેનનાઓ છે.

આ ઉપરાંત હું જણાવી ગયો તે ટોળાના આગેવાન તરીકે હતા તેમાં મે ઓળખી બતાવયા તેઓ અનુક્રમે આરોપી નં. ૨૪,૨૦,૧૭,૨ તથા ૪૪ નાઓ હતા. આ બનાવ પછી મને ધમકી આપેલી હતી તે હું આરોપી બેઠા છે ત્યાં જઈ આવ્યો ત્યાં આ સહેજાદ અત્રે નામદાર કોર્ટમાં ઉપસ્થિત નથી પણ હું તેને ઓળખું છું.

આ સાહેદ ૨૬-૫-૦૮ના સીટના જવાબમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે નામ આપેલ છે આ સાહેદ અગાઉના સાહેદ નં.૧૦૪, ૧૧૫ ની જુબાનીને સમર્થન આપે છે. આ સાહેદ પોતાની કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે સચોટ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી માયાબેન કોડનાની સાથે આવેલ સાત આગેવાનોમાંથી એક હતો અને તેમણે માયાબેન સાથે ચર્ચા પણ કરેલી અને ત્યારબાદ માયાબેન સાથે આવેલા ટ્રેક્ષ ગાડીમાંથી હથિયારો કાઢી આ આરોપી તથા બીજા આગેવાનોને આપેલા આમ આ આરોપીએ હથીયાર ધારણ કરેલ અને ત્યારબાદ નુરાની મસ્જીદમાં તોડફોડ કરી આગ લગાડેલ અને દુકાનો મકાનો બાળી નાંખેલા સ્ત્રી, પુરુષ, બાળકોને જીવતા સળગાવેલા સમગ્ર બનાવમાં આરોપી સામેલ હોવાનું જણાઈ આવે છે.

આમ આ સાહેદની જુબાની વંચાણે લેતા આરોપીએ મસ્જીદ ઉપર હુમલો કરી, મુસ્લિમોના હુસેનનગરમાં મકાનોને આગ લગાડી, સ્ત્રી , પુરુષ બાળકોને જીવતા સળગાવેલા છે જે હકીકત આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે. અને આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

# તોહમતદાર નં.(૧૮) બાબુભાઈ બજરંગી રાજાભાઈ પટેલ

- એફ.આઈ.આર. માં નામ છે.

આ આરોપી નરોડા પાટીયા વિસ્તારનો નામચીન માથાભારે ઈસમ છે. આ આરોપીનું નામ પ્રથમ દિવસ થી જ એફ.આઈ.આર.માં નામ છે. તેઓ નરોડા પાટીયા વિસ્તારના વિશ્વહિન્દુ પરિષદ, બજરંગદળના આગેવાન છે. માયાબેન કોડનાનીના ખાસ માણસ છે. આ આરોપીની સરકારમાં પોલીસ ખાતામાં ખુબ જ મોટી વગ ધરાવતો ઈસમ છે. (જે તેને જામીન મળેલ છે તે પરથી પારખી શકાય) , આરોપી કટ્ટર હિન્દુવાદી ઈસમ છે. આરોપી તથા નરોડા પાટીયાના અન્ય આગેવાનો તો.દાર તરીકે સામેલ છે તેમણે બનાવના આગલા દિવસે એટલે કે તા.૨૭-૨-૦૨ ના રાત્રીના સમયતી મીટીંગો ભરી ગોધરાકાંડનો બદલો લેવા મુસ્લિમોના જાન-માલને નકુશાન કરી મુસ્લિમોને ખતમ કરવાના ઈરાદા સાથે ગુનાહિત કાવતરૂ રચેલ અને તે કાવતરાના ભાગરૂપે આરોપીઓ નરોડાપાટીયા વિસ્તારમાંથી બનાવની આગલી રાત્રે ૨૩ રીવોલ્વરો ઉઘરાવેલ અને મુસલમાનો ઉપર હુમલો કરવો નરોડા પાટીયાના આગેવાનો સાથે મળી કાવતરૂ રચેલ જે કાવતરૂ સફળ થયેલ છે અને ૨૮-૨-૦૨ના દિવસે કાવતારની રૂપરેખા પ્રમાણે આરોપી  બાબુબજરંગી તેમજ નરોડા પાટીયાના આગેવાના એટલે કે આ કામના તો.દારોએ ભેગા મળી એક સંપ થઈ એક સમાન ઉદ્દેશ પાર પાડવા ટોળાની આગેવાની લઈ ટોળાને ઉશ્કેરી સમગ્ર નરોડા પાટીયા વિસ્તારમાં મુસ્લિમોને ચાલીઓમાં નુકશાન, લુંટફાટ, આગ લગાડી, મુસ્લિમ સ્ત્રીઓ ઉપર બળાત્કાર કરી કુલ ૯૩ મુસ્લિમ સ્ત્રી, પુરુષ, બાળકો ને નિદર્યરીતે જીવતા જલાવી કત્લેઆમ ચલાવેલ આમ સમગ્ર બનાવને સફળ બનાવવા આરોપી બાબુ બંજરગી તથા અન્ય આગેવાનોએ મુખ્ય ભુમિકા ભજવેલ છે. આને એક આયોજનબદ્ધ કાવતરાને અંજામ આપવામાં મુખ્ય સુત્રોધ્ધાર તરીકેની ભુમિકા ભજવેલ છે.

આરોપીએ સૌથી હિચકારો, ધૃણાસ્પદ કૃત્ય આચરી આ બનાવમાં આ આરોપીએ એક કૌસરબાનું નામની સગર્ભા સ્ત્રીના પેટમાં તલવાર મારી તેના પેટમાના નવજાત શિશુને તલવારની અણીએ બહાર કાઢી કોશરબાનું અને નવજાત શિશુને પેટ્રોલ કેરોસીન નાંખી સળગાવી દીધેલ છે અને આ બનાવનું આ કામના સાહેદો તેનું નામ આપી તેણે આચરેલ આ કૃત્ય વર્ણવી આરોપી સામે એરેસ્ટ ઓધ ધી રેર કેસ

જેવો પુરાવો આપેલ છે આવુ રાક્ષસ જાનને પાછુ પાડે તેવુ કૃત્ય આરોપીએ આચરેલ છે.

આ આરોપી સામે ના.દાર કોર્ટના ૯ જેવા સાહેદોએ પુરતો પુરાવો આપેલ છે. જે નીચે મુજબ છે.

## (૧) જન્નતબીબી કલ્લુભાઈ સાહેદ નં. ૧૪૨, આંક-૯૬૧

- તા. ૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં તથા તા.૨૮.૫.૦૮ ના સીટના જવાબમાં નામ નથી
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં  નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૮ પેરા નં. ૧૩</u>

હું ગોપીનાથનગર તથા ગંગોત્રી સોસાયટી વચ્ચેના એક ખાંચામાં હતી ત્યારે મેં જોયું કે, છોકરીઓના કપડાં ફાડી તેઓને સળગાવવામાં આવતી હતી. આ વખતે પાર્શ્વનાથનગર તથા સામેથી એમ બે બાજુથી બે ટોળા આવેલા. આ ટોળાઓમાં ભવાનીસીંહ, ગુડુ છારા, સુરેશ છારા, ભવાનીસીંગનો છોકરો તથા ભવાનીસીંગની મોટી છોકરી એમ હતા. જેમાં ભવાનીસીંગની મોટી છોકરી સફેદ કેરબામાં ટોળાના માણસોને પેટ્રોલ તથા કેરોસીન આપી રહી હતી. ભવાનીસીંગ, ગુડુ છારા, સુરેશ, ભવાનીસીંગનો દીકરો જે વકીલ છે તથા મોટી છોકરી સામેની સાઈડમાંથી આવેલ ટોળામાં હતા.

<u>- પેજ નં. ૮ પેરા નં. ૧૪</u>

જે છોકરીઓના કપડાં ફાડતા હતા તથા સળગાવતા હતા તેમાં ખેરૂનિશા, નશીમબાનું, સુફીયાબાનુ, નરગીસબાનું તથા અન્ય એક સ્ત્રી હતા. આ વખતે સાંજના ચારસાડા ચાર વાગ્યાનો સમય થયેલો.

<u>- પેજ નં.૮ પેરા નં. ૧૫</u>

ત્યારપછીની થોડીવારે ભવાનીસીંગ કૌશરબાનુંને પકડીને લઈ આવેલો. તેણી બુમો પાડતી હતી કે, મારા પુરા દીવસો જાય છે, મને છોડી દો, મને અલ્લાહ ખાતર છોડી દો. તેણીને છોડેલી નહીં પરંતુ તે વખતે બાબુ બજરંગી આવેલ અને તેણીના પેટ પર તલવાર મારેલી અને તેણીના બાળકને તલવાર મારી બહાર કાઢી તલવારમાં ભરાવી ઉંચુ કરી અને કહેલું કે, જો દુનિયામાં આવ્યા પહેલા તારા છોકરાને મારી નાંખ્યું. ત્યારપછી ભવાનીસીંગને તેની દીકરીએ કેરોસીન લાવી આપ્યું તે કૌશરબાનુ ઉપર નાંખી કૌશરબાનુ તથા તેના બાળકને ત્યાં જ સળગાવી નાંખેલી.

આ સાહેદે આરોપી બાબુ બજરંગીનું નામ પોલીસ નિવેદનમાં ત્યાં સીટના નિવેદનમાં એમ બંન્ને નિવેદનમાં આપેલ છે અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની વંચાણે લેતા સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે તોફાની ટોળામાં હાજર હતો અને હથીયાર સાથે હતો આરોપીએ કોસરબાનું નામની સગર્ભા સ્ત્રીને તેના પેટ ઉપર તલવાર મારી અને તેણીના બાળકને બહાર કાઢી તલવારમાં ભરાવી ઉંચુ કરી અને કહેલું કે જો દુનિયામાં આવ્યા પહેલા તારા છોકરાને મારી નાખ્યું. ત્યારબાદ કૌસરબાનું અને તેના નવજાત બાળકની ઉપર કેરોસીન પેટ્રોલ નાંખી બાળી નાંખેલ. આ સમગ્ર બનાવ આ સાહેદો તેમની નહી આંખે જોયેલ છે. આ બનાવ સાહેદ છુપાઈને જોયેલુ છે અને તેથી તેમને નહી માનવાને કારણ નથી.

વધુમાં જણાવવાનું કે આ કૌસરબાનું અને તેના નવજાત શીશું ને આ આરોપીએ મારીને બાળી નાંખેલ છે તેની સામે ડોક્ટરની જુબાની પ્રમાણે કૌસરબાનુંનો બાળક તેના પેટમાં જ હતો. આ વાત ડોક્ટર સાહેબ ચોક્કસ રીતે કહી શકે નહી કારણ કે બનાવના દિવસે નરોડા પાટીયા, ગુલબર્ગ, નરોડા ગામ તેમજ સમગ્ર ગુજરાતમાં ખુબ જ મોટી સંખ્યામાં મુસ્લીમોને મારીને બાળી નાંખેલા હતા તે દિવસે લાશો હોસ્પિટલમાં પોટલામાં આવતી હતી કોઈના હાથ ના હોય, કોઈના પગના હોય એવી રીતે ખુબ જ બળેલી કે જેની ઓળખ કરવી અશક્ય છે તેવી હાલતમાં લાશો આવતી હતી, નરોડા પાટીયા વિસ્તારમાં પણ આવી રીતે સામુહીક હત્યાકરી તેમની ઉપર પેટ્રોલ કેરોસીન નાંખી લાશોને બાળી નાંખેલ  છે અને આ લાશો રાતના મોડે સુધી બળતી રહેલી આવા સંજોગોમાં લાસો બળીને ખાખ થઈ ગયેલ હતી અને કોઈપણ લાશ ઓળખવી કોઈપણ સંજોગોમાં સભ્ય ન હતુ અને આ બનાવમાં મટી ગયેલા લોકોની લાસો પણ પોટલા બનાવીને હાથ – પગ ભેગા કરીને હોસ્પિટલમાં પહોંચાડેલી છે. આવા સંજોગોમાં ડોક્ટર કોઈપણ લાશની ઓળખ કરી શકે તે માની શકાય તેમ નથી. આ કામમાં પોલીસે તેમની મરજીથી લાશો ઉપર લોકોના કહેવાથી નામની સ્લીપો લગાડી દીધેલ અને તે પણ એક ગુનાહીત કાવત્રાના ભાગ રૂપેનું એક કૃત્ય છે કારણ કે પોલીસને પણ તે વખતે ખબર ન હતી કે કઈ લાશ કોની છે તો પોલીસે કયા સંજોગોમાં લાશો ઉપર નામની કાપલી લગાવી દીધેલી તે એક તપાસનો વિષય છે અને આવી બળેલી લાશોના પોટલા ઉપર જે નામની ચિઠ્ઠી લગાડેલી હોય તેના પી.એમ. માં તે જ નામ લકી ડોક્ટરે પી.એમ. નોટ બનાવી દીધેલ છે. પરંતુ ખરેખર ડોક્ટરને આવો કોઈ પર્સનલ નોલેજ ન હતુ કે કઈ લાશ કયા

ઈસમની છે. આવા સંજોગોમાં ડોક્ટરશ્રીએ લાશોના પી.એમ. ઉપર પોલીસના કહેવા મુજબ નામ લખી દીધા છે. અને બનાવના દીવસે પોલીસની વર્તણુંક કેવી હતી કે આ કામમાં રજુ કરેલ પોલીસ સેલ ઉપરતી સ્પષ્ટપણે ફલીત થાય છે આમ ડોક્ટરે જે કૌશરબાનુંનું પી.એમ. કરેલ છે તે પી.એમ. નોટ ઉપર કૌશરબાનુંનું નામ લખી દીધેલ છે તે ઉપરની હકીકતે માની શકાય તેમ નથી. આવા સંજોગોમાં ડોક્ટરના કહેવા મુજબ કૌશરબાનુંના ગર્ભમાં બાળક હતુ તે કોઈ પણ સંજોગોમાં માની શકાય તેમ નથી કારણ કે નજરે જોનાર સાહેદોએ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે બાબુ બજંરગીએ જ કૌશરબાનુંના પેટ ઉપર તલવાર મારી ગર્ભમાંથી બાળક બહાર કાઢેલ છે અને ત્યારબાદ બંન્નેને બાળી નાંખેલ છે આ બનાવ સાહેદોએ નજરો નજર જોયેલ છે અને તેમણે ના.કોર્ટ રૂબરૂ સમગ્ર બનાવ વર્ણવેલ છે તે ઉપરતી સાબિત થાય છે કે આ આરોપી બાબુ બજરંગી એ જ કૌશરબાનુંના પેટ ઉપર તલવાર મારી તેનું નવજાત શીશુ બહાર કાઢી સળગાવેલ છે તે નહી માનવાનું કોઈ કારણ નથી. કારણ કે ડોક્ટર સાહેબ સ્થળ ઉપર હાજર ન હતા તેમણે આ બના નરી આંખે જોયેલ નથી તેઓ કૌશરબાનુંને ઓળખતા નથી તેમ છતા તે પી.એમ. કૌશરબાનનું છે તેવુ ડોક્ટર સાહેબ જણાવે છે તે કોઈપણ સંજોગોમાં માની શકાય તેમ નથી.

આમ આ સાહેદની જુબાની ઉપરથી તેવુ સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બાબુ બજરંગી એ જ કૌશરબાનું ના પેટ ઉપર તલવાર મારે તેના નવજાત શીશું ને પેટમાંથી બહાર કાઢી સળગાવેલ છે તે નહી માનવાને કોઈ કારણ નથી આ સાહેદે ના.કોર્ટની રૂબરૂની જુબાનીમાં આરોપીનો નામ તેને ઓળખી બતાવેલ છે.

**(૨) ફરીદા અ.કાદર ખલીફા,સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮**

- તા. ૩.૬.૦૮ ના સીટના જવાબમાં નામ છે
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.
- <u>પેજ નં. ૪ પેરા.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપત છારાનો જમાઈ ટીનીયો છારા, સહેજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

<u>-પેજ નં.૭ પેરા નં. ૧૩</u>

હું એસ.આર.પી કવાર્ટસની બહાર બેઠી હતી તે દરમ્યાન ઉદય ગેસ એજન્સી તરફથી એક ટોળું આવેલુ. આ ટોળામાં કોઈના હાથમાં તલવાર હતી, કોઈના હાથમાં ધારીયું હતુ. કોઈના હાથમાં લોખંડની પાઈપ તથા કોઈના હાથમાં લોખંડના સળીયા તથા કોઈના હાથમા કેરોસીન કે પેટ્રોલ ભરેલા કેરબા હતા. આ ટોળામાં મેં ગુડ્ડુ છારા, હરીયો, નરીયો,સહેજાદ, દલપત છારા, તેનો જમાઈ ટીનીયો, ટીનીયો મરાઠી, વિજય છારો વગેરેને આગેવાની કરતાં જોયેલા.

<u>- પેજ નં.૭ પેરા. ૧૪</u>

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો

<u>- પેજ નં.૮ પેરા.૧૫</u>

આજ  ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

આ સાહેદે રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરતો પુરાવો આપી આરોપીની સંડોવણી નિશ્ચિત કરેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે બાબુ બજરંગી બનાવના દિવસે માયાબેન કોડનાની સાતે તથા બીજા તો.દારો સાથે બનાવના દીવસે સ્થળ ઉપર હાજર હતો. સાહેદે આરોપીનું નામ આપેલ છે અને તેમને નરી આંખે જોયેલ છે અને આરોપી જે ટોળામાં હતા તે ટોળા આગળ વધતા હતા અને ટોળુ માર કાપ, કરતા હતા અને ઘરો સળગાવતા હતા. તે ટોળામાં આરોપી સામેલ હતા તેવુ ફલીત થાય છે અને આરોપી જે ટોળામાં હતા તે ટોળાએ એક મુલ્લાજી નામના વ્યક્તિના દીકરાને તેના ઘર પાસે સળગાવી દીધેલ જે આ સાહેદે પોતાની નરી આંખે જોયેલ છે. આમ આ આરોપી મુલ્લાજીના છોકરાને મારવા વાળા ટોળામાં સામેલ હતુ તેવુ આ સાહેદની જુબાની ઉપર જણાઈ આવે છે.

આમ આ સાહેદની જુબાની ઉપરતી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બનાવના દીવસે સ્થળ ઉપર હાજર હતા અને તેમણે માયાબેન કોડનાની જે ટોળામાં હતા તે ટોળામાં રહી બીજા તો.દારો સાથે મળી એક સંપ થઈ માર કાપ કરેલો અને મુસ્લીમોના ઘરો સળગાવેલ છે તેવુ સ્પષ્ટપણે ફલીત થાય છે તેથી સાહેદને ન માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૩) હારૂન મોહંમદભાઈ શેખ, સાહેદ નં. ૧૯૮, આંક-૧૩૬૩

- તા. ૨૮.૫.૦૮ અને તા.૧૨.૯.૦૮ ના સીટના નિવેદનમાં આરોપીને તોફાની ટોળામાં નજરો નજર જોયેલ છે
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ બંને તરફના ટોળાઓના લોકોએ કપાળ પર કેસરપટ્ટી બાંધેલી હતી. આ ટોળામાં હું અમુક લોકોને ઓળખતો હતો. મેં ટોળાના કેટલાક લોકોના હાથમાં તલવાર, પાઈપ, ત્રિશુળ વગેરે જોયેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

મેં આ ટોળામાં માયાબેન, બાબુ બજરંગી, સચીન મોદી, અશોક પાનના ગલ્લાવાળો, મનોજ વિડીયોવાળો, સુરેશ લંગડો, હરેશ, ગુડ્ડુ તથા બિપીન ઓટોવાળળાને જોયેલા. મેં આ તમામને સવારના આશરે સાડા નવ વાગ્યે બનાવવાળા દીવસે જોયેલા તેઓ એસ.ટી.વર્કશોપ

સામેના ઝાંપા પાસેના ટોળામાં પણ આગળ હતા અને એસ.આર.પી. ઝાંપાવાળા ટોળામાં પણ હતા. જો કે, પછી બંને ટોળા એક થઈ ગયેલા.

- પેજ નં.૪ પેરા નં.૮

આ લોકો તથા ટોળાના માણસો આસપાસના લારી ગલ્લા, કેબીન, મકાન વગેરે સળગાવવા લાગેલા તથા તેઓએ નુરાની મસ્જીદ પર હુમલો કરેલો. અમારા મુસ્લીમોમાંથી કેટલાક લોકો આ નવ જણાંઓને સમજાવવા માટે પણ ગયેલા પરંતુ તેઓએ કોઈની વાત સાંભળેલ નહીં અને તેઓ મારો કાપો તેવા પોકારો કરવા લાગેલા અને અમારી કોમના માણસો પર પથ્થરમારો કરવા લાગેલા. અમે આ રીતે આ નવને સમજાવવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. પરંતુ તેઓ ન માનતા તથા અમારા ઉપર પથ્થરમારો કરતા અમે ગભરાઈને પરત હાલમાં પોલીસ ચોકી આવેલી છે ત્યાં પાછા આવી ગયેલા.

- પેજ નં.૫ પેરા નં,૧૧

અમે સાંજના આશરે ચાર વાગ્યા સુધી આ રીતે ગોપીનાથનગર સોસાયટીમાં રહેલા. અમે આ જગ્યાએ બેઠેલા હતા ત્યારે તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડ્ડુએ અમે ૧૫-૨૦ મુસ્લીમો બેઠેલા હતા ત્યાં આવીને અમને જણાવેલું કે, તમે પાછલના રસ્તે એસ.આર.પી.કવાર્ટસ જતા રહો. આ વખતે અમે સ્ત્રી, પુરૂષો બાળકો એમ તમામ સાથે હતા.

- પેજ નં.૬ પેરા નં.૧૨

આ તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડ્ડુ અમારા વિસ્તારમાં રહેતા હોવાથી અમે તેમની વાત માનીને અમે તેમની સાથે જવા લાગેલા. અમે નીકળતા હતા ત્યારે ગોપીનાથનગરના ઝાંપાની પાસે ટોળાના લોકો છુપાઈને બેઠેલા હતા અને અમે બહાર નીકળતા તે તમામ ટોળાના માણસોએ અમોને ઘેરી લીધેલા. આ છુપાઈ રહેલા ટોળામાં સચીન તથા સુરેશ લંગડો હતા. આ બનાવ વખતે અમે ગોપીનાથનગર સોસાયટીમાં બચવા માટે પાછા આવી ગયેલા અને ગોપીનાથનગરની સોસાયટીની પાણીની ટાંકી પાસે એક ખાંચો પડે છે તે ખાંચામાં જતા રહેલા. અમે ખાંચામાં એવુ વિચારીને ગયેલા કે, ટોળું સામેથી નીકળી જશે. પરંતુ ટોળાએ આ ખાંચવાળા ભાગમાં જ અમારી મારકાપ શરૂ કરેલી. ટોળના માણસોએ ત્યાં મારકાપ કરીને અમારામાના લોકોને સળગાવી દીધેલા.

- પેજ નં.૮ પેરા નં.૧૮

અમે આ રીતે જવા લાગેલા ત્યારે અમે જોયેલું કે, તીસરા કુવા પાસેના મેદાનમાં બાબુ બજરંગી ટોળું લઈને ઉભેલા. અમે ઘબરાઈને ત્યાં જ ઉભા રહેલા. આ સમયે ટોળાના માણસોએ અમારી મારકાપ ચાલુ કરી દીધેલી. આ ટોળાના માણસોએ આ જગ્યાએ મારી

સામે જ અમારી કોમના ચાર માણસોને મારી નાંખેલા. આ તમામમાં હુ ગભરાઈને પાછો ગોપીનાથ સોસાયટી જતો રહેલો. ગોપીનાથ સોસાયટીમાં પછી હું છુપાઈ ગયેલો.

આ સાહેદે સીટ અને પોલીસ નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની પ્રમાણે આરોપી સામે વિસ્તૃત પુરાવો આપેલ છે.

આ આરોપીની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી બનાવના દીવસે નુરાની મસ્જીદ સામેના ટોળામાં હાજર હતો તે ટોળાના લોકોના હાથમાં તલવાર, પાઈપ, ત્રીશુલ, પણ હતા આમ આરોપી હથીયારો થી સજ્જ થઈ તેવો ગેરકાયદેસરની મંડળીના સભ્ય હતા તેવુ સ્પષ્ટપણે કબુલ થાય છે. આ સાહેદે આરોપીને સવારના સાડા નવા વાગ્યાના સુમારે જોયેલ છે. અને આ આરોપી જે ટોળામાં હતા તે ટોળાના લોકો લારી ગલ્લા મકાન વિગેરે સળગાવતા હતા અને નુરાની મસ્જીદ ઉપર હુમલો કરતા હતા અને મારો કાપોની બુમો પાડતા હતા. આ આરોપી તે ટોળાનો એક સભ્ય તેનો ઓવર એક્ટ જણાઈ આવે છે અને તેમણે ટોળાની સાથે રહી સમગ્ર ગુના આચર્યા છે તેવુ આ સાહેદની ઉપરતી ફલીત થાય છે. આ સાહેદ અગાઉના સાહેદ ફીરદા અબ્દુલકાદર ખલીફા સાહેદ નં.૧૪૯ ની જુબાનીને સમર્થન આપે છે. બંન્ને સાહેદોએ બાબુ બજરંગીને માયાબેન કોડનાની સામે ના ટોળામાં જોયેલા છે. જેથી આ સાહેદને ન માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૪) જાવેદ ઈસ્માઈલભાઈ શેખ સાહેદ નં. ૨૨૮, આંક-૧૬૨૧

- તા. ૨૮.૫.૦૮ ના સીટના નિવેદનમાં હાથમાં તલવાર સાથે મુસ્લીમ સ્ત્રી-પુરૂષો-બાળકો ઉપર તુટી પડેલ તેવું દર્શાવેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં, ૧૦</u>

પછી અમને ભવાનીસીગે જણાવેલુ કે, તમે લોકો અહીંથી નકળી જાવ, તમારી તીસરાકુવા તરફ વ્યવસ્થા કરેલી છે. અમે તે તરફ જવા લાગતાં જોયુ તો, ત્યાં ટોળુ ઉભેલું હતુ. ત્યાં જોતા ટોળાના માણસો પાસે તલવાર, ધારીયા, ગુપ્તી, પેટ્રોલના ડબ્બાઓ વગેરે હથીયારો હતા. ટોળાના માણસોને જોઈને અમે મુસ્લીમ ચાલીમાં પાછા આવવા લાગેલા. આ ટોળાના માણસોને જોઈને અમે મુસ્લીમ ચાલીમાં પાછા આવવા લાગેલા. આ ટોળાએ અમારો પીછો કરેલો. બીજુ ટોળુ મુસ્લીમ ચાલીઓ યાને કે જવાનનગર તરફ અમે પરત આવતા હતા

ત્યારે આવેલું. અમે જવાનનગર તરફ જતાં હતા. પરંતુ અમે જવાનનગર પહોંચી શકેલા નહીં. અમે જવાનનગર પહોંચીએ તે અગાઉ ગોપીનાથ ગંગોત્રી સોસાયટીની વચ્ચે પાણીની ટાંકી આવેલી છે તે ખાંચામાં અમે ફસાઈ ગયેલા.

- પેજ નં. ૬ પેરા નં.૧૧

કેટલાક લોકો આ પાણીની ટાંકી પાસેની દિવાલ કુદીને જઈ શકેલા. પરંતુ અમે જઈ શકેલા નહીં. અમોને ત્યાં બંને ટોળાના માણસોએ રોકી લીધેલા. આ ટોળામાં બાબુ બજરંગી હતા. તેમના હાથમાં તલવાર હતી. તેઓ અમને છાપુ બતાવીને જણાવતા હતા કે, આ ગોધરાના બનાવનો ફોટો છે. તમારા તમામની હાલત પણ આવી જ થશે. ત્યારપછી બાબુ બજરંગી જયસીયારામ કહી મુસલમાનોને મારવા કાપવાનું ચાલુ કરેલું. આ ટોળામાં મે ગુડ્ડુ છારા, ભવાનીસીગં, સુરેશ છારા તથા મનુભાઈને જોયેલા. આ તમામનાઓએ તથા ટોળાના અન્ય લોકોએ જય સીયારામ બોલી માર કાપ ચાલુ કરી દીધેલી. આ લોકોએ ટાંકીના ધાબા પરથી અમારા પર સળગતા કાકડા ફેંકેલા.

- પેજ નં.૬ પેરા નં.૧૨

આ બનાવમાં નાના નાના બાળકોને જીવતા સળગાવવામાં આવેલા. આ તમામ ફસાયેલા લોકોમાં હુ પણ હતો. આ બનાવમાં પથ્થરમારો પણ થયેલો. મને પોતાને જમણા કપાળમાં પથ્થર વાગેલો. હું ગંગોત્રી ગોપીનાથ સોસાયટીની વચ્ચે આવેલ ખાચામાં ઝાડીની પાછળ છુપાઈ ગયેલો.

- પેજ નં.૭ પેરા નં.૧૩

હું તથા મારા પરીવારજનો આ બનાવ વખતે છુટા પડી ગયેલા. આ બનાવ સાંજના આશરે સાડા છ સાત વાગ્યે બનેલો. મેં જોયેલું કે, મારા માસીની છોકરી કૌશરબાનું વાઈફ ઓફ ખાલીદ નુરમહંમદ શેખ પણ આ બનાવ વખતે ત્યાં હતી. તેણી ટોળામાંથી બચવા માટે નીકળવાનો પ્રયત્ન કરતી હતી. તે વખતે તેણીને ચાર માણસોએ પકડી લીધેલી. મેં જોયેલું કે, બાબુ બજરંગીએ પેટમાંથી નવજાત બાળકને કાઢી તલવારની નોક પર બાળકને ગોળ ફેરવી ઉછાળી આગમાં ફેંકી દીધેલો. કૌશરબાનુને પણ બીજા લોકોએ આગમાં નાંખ્યા તેમ આગમાં નાંખી દીધેલી. મૈં આ ટોળામાં હું ઓળખતો નથી તેવી એક મહિલાને પણ જોયેલી. જેના કપડાં ફાડી તેના ગુપ્તાંગમાં ટોળાના માણસો લોખંડની પાઈપ નાંખતા હતા. તેણી બેહોશ હાલતમાં પડી હતી. એક મહિલાને પણ ત્યાં જોયેલી જે પુરેપુરી સળગી ગયેલી. તેણીનું નામ કુદરતબીબી હતુ તે પુરેપુરી સળગતી હાલતમાં બનાવના આ સ્થળે પડેલી હતી. ટોળાના કોઈક માણસે આ રીતે ત્યાં પડેલી કુદરતબીબીને પથ્થર મારેલો ત્યારે તેણીના માથામાંથી માસના લોચા જેવુ કાંઈક બહાર આવેલું. તેણી પુર્ણપણે સળગી ગયેલી.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૪</u>

ટોળાના માણસો બનાવના સ્થળે કોણ જીવતુ છે અને કોણ મરી ગયું છે તે સ્થળ પર પડેલા માણસોના શરીર પર માર મારી તપાસતા હતા. હું ઝાડીમાંથી નીકળવાનો પ્રયત્ન કરતો હતો ત્યાં ટોળાના માણસો આવી જતાં મે પણ આ સ્થળે પડેલી લાશો વચ્ચે હું પણ લાશ હોવું તેવો  ઢોંગ કરી હું ત્યાં પડયો રહેલો. આ વખતે તેઓ કોણ જીવે છે તેની તપાસ કરતા હતા ત્યારે ગુડ્ડુ છારાએ મારા માથા પર પાઈપ મારેલી.

આ સાહેદે સીટ રૂબરૂના નિવેદનમાં તલવાર સાથે મુસ્લીમ સ્ત્રી પુરુષો અને બાળકો ઉપર તુટી પડેલ તે રીતે આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની પ્રમાણે પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી પાણીની ટાંકી પાસેના ટોળામાં પણ હાજર હતો અને તેના હાથમાં તલવાર હતી અને તે મુસ્લીમોને છાપુ બતાવીને ગોધરાના બનાવના ફોટો બતાવતો હતો અને કહતો હતો કે તમારી પણ હાલત એવી જ થશે તેમ કહી બાબુ બજરંગીએ જય શીયા રામ કહી મુસ્લીમોને મારવા કાપવાનું શરૂ કરેલ. આ સાહેદે આ હીંચકારો બનાવ પોતાની નરી આંખે જોયેલ છે કારણ કે આ સાહેદ જયાં મુસલમાનોની સામુહીક હત્યાકાંડ થતી હતી તે જગ્યા ઉપર એટલે કે પાણીની ટાંકી પાસે સાહેદ હાજર હતો અને આ આરોપી અને તેની સાથેના તો.દારોએ મળી એક કાવત્રાના ભાગરૂપે સામુહીક હત્યાકાંડ કરેલ છે અને આ સામુહીક હત્યાકાંડમાં આરોપીએ મુખ્ય બુમિકા ભજવેલ છે તેવુ આરોપીની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે.

આ બનાવમાં પાણીની ટાંકી પાસે આ સાહેદને પણ જમણા કપાળમાં --- વાગેલો અને આ સાહેદ એક ઝાડીની પાછળ છુપી ગયેલો અને ત્યારબાદ સાહેદે જોયેલુ કે તેની માસીની દીકરી કૌશરબાનુંને ચાર માણસોએ પકડી લીધેલી અને બાબુ બજંરગીએ પેટમાંથી નવજાત બાળકને કાઢી તલવારની નોક ઉપર બાળકને ગોળ ફેરવી ઉછાળી આગમાં ફેંકી દીધેલો અને આ બનાવ સાહેદે  બનાવના સ્થળેથી પોતાની નરી આંકે જોયેલ છે. કૌશરબાનું આ સાહેદની પિતરાઈ બહેન થાય છે અને તે કૌશરબાનુંને સારી રીતે ઓળખતો હતો તેણે કૌશરબાનુંનું નામ આપી તેનું બનાવ વર્ણવેલ છે. જે નહીં માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું નથી કારણ કે આ બનાવને નજરે નજર જોનાર સાહેદ જન્નતબીબી અલ્લુભાઈ સાહેદ નં.૧૪૨ પણ આજ બનાવ આવી જ રીતે વર્ણવેલ છે અને ના.કોર્ટ રૂબરૂ જણાવેલ છે અને તેથી આ સાહેદની જુબાનીને સાહેદ નં.૧૪૨ સંપુર્ણ સમર્થન આપે છે તેથી આ સાહેદને નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતો નથી.

આમ આ સાહેદની જુબાની ઉપરથી આરોપી સામે ખુનનો પુરાવો મલી આવે છે જે નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતો નથી. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

વધુમાં જણાવવાનું કે આ કૌસરબાનું અને તેના નવજાત શીશું ને આ આરોપીએ મારીને બાળી નાંખેલ છે તેની સામે ડોક્ટરની જુબાની પ્રમાણે કૌસરબાનુંનો બાળક તેના પેટમાં જ હતો. આ વાત ડોક્ટર સાહેબ ચોક્કસ રીતે કહી શકે નહી કારણ કે બનાવના દિવસે નરોડા પાટીયા, ગુલબર્ગ, નરોડા ગામ તેમજ સમગ્ર ગુજરાતમાં ખુબ જ મોટી સંખ્યામાં મુસ્લીમોને મારીને બાળી નાંખેલા હતા તે દિવસે લાશો હોસ્પિટલમાં પોટલામાં આવતી હતી. કોઈના હાથ ના હોય, કોઈના પગના હોય એવી રીતે ખુબ જ બળેલી કે જેની ઓળખ કરવી અશક્ય છે તેવી હાલતમાં લાશો આવતી હતી, નરોડા પાટીયા વિસ્તારમાં પણ આવી રીતે સામુહીક હત્યાકરી તેમની ઉપર પેટ્રોલ કેરોસીન નાંખી લાશોને બાળી નાંખેલ  છે અને આ લાશો રાતના મોડે સુધી બળતી રહેલી આવા સંજોગોમાં લાશો બળીને ખાખ થઈ ગયેલ હતી અને કોઈપણ લાશ ઓળખવી કોઈપણ સંજોગોમાં સખ્ય ન હતુ અને આ બનાવમાં મટી ગયેલા લોકોની લાશો પણ પોટલા બનાવીને હાથ – પગ ભેગા કરીને હોસ્પિટલમાં પહોંચાડેલી છે. આવા સંજોગોમાં ડોક્ટર કોઈપણ લાશની ઓળખ કરી શકે તે માની શકાય તેમ નથી. આ કામમાં પોલીસે તેમની મરજીથી લાશો ઉપર લોકોના કહેવાથી નામની સ્લીપો લગાડી દીધેલ અને તે પણ એક ગુનાહીત કાવત્રાના ભાગ રૂપેનું એક કૃત્ય છે કારણ કે પોલીસને પણ તે વખતે ખબર ન હતી કે કઈ લાશ કોની છે તો પોલીસે કયા સંજોગોમાં લાશો ઉપર નામની કાપલી લગાવી દીધેલી તે એક તપાસનો વિષય છે અને આવી બળેલી લાશોના પોટલા ઉપર જે નામની ચિઠ્ઠી લગાડેલી હોય તેના પી.એમ. માં તે જ નામ લકી ડોક્ટરે પી.એમ. નોટ બનાવી દીધેલ છે. પરંતુ ખરેખર ડોક્ટરને આવો કોઈ પર્સનલ નોલેજ ન હતુ કે કઈ લાશ કયા ઈસમની છે. આવા સંજોગોમાં ડોક્ટરશ્રીએ લાશોના પી.એમ. ઉપર પોલીસના કહેવા મુજબ નામ લખી દીધા છે. અને બનાવના દીવસે પોલીસની વર્તણુંક કેવી હતી કે આ કામમાં રજુ કરેલ પોલીસ સેલ ઉપરતી સ્પષ્ટપણે ફલીત થાય છે આમ ડોક્ટરે જે કૌશરબાનુંનું પી.એમ. કરેલ છે તે પી.એમ. નોટ ઉપર કૌશરબાનુંનું નામ લખી દીધેલ છે તે ઉપરની હકીકતે માની શકાય તેમ નથી. આવા સંજોગોમાં ડોક્ટરના કહેવા મુજબ કૌશરબાનુંના ગર્ભમાં બાળક હતુ તે કોઈ પણ સંજોગોમાં માની શકાય તેમ નથી કારણ કે નજરે જોનાર સાહેદોએ પોતાની કોર્ટ રૂબરૂની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે બાબુ બજંરગીએ જ કૌશરબાનુંના પેટ ઉપર તલવાર મારી ગર્ભમાંથી બાળક બહાર કાઢેલ છે અને ત્યારબાદ બંન્નેને બાળી નાંખેલ છે આ બનાવ સાહેદોએ નજરો નજર જોયેલ છે અને તેમણે ના.કોર્ટ રૂબરૂ સમગ્ર બનાવ વર્ણવેલ છે

તે ઉપરતી સાબિત થાય છે કે આ આરોપી બાબુ બજરંગી એ જ કૌશરબાનુંના પેટ ઉપર તલવાર મારી તેનું નવજાત શીશુ બહાર કાઢી સળગાવેલ છે તે નહી માનવાનું કોઈ કારણ નથી. કારણ કે ડોક્ટર સાહેબ સ્થળ ઉપર હાજર ન હતા તેમણે આ બના નરી આંખે જોયેલ નથી તેઓ કૌશરબાનુંને ઓળખતા નથી તેમ છતા તે પી.એમ. કૌશરબાનનું છે તેવુ ડોક્ટર સાહેબ જણાવે છે તે કોઈપણ સંજોગોમાં માની શકાય તેમ નથી.

આમ કૌશરબાનુંના બનાવને બે સાહેદો (૧) સાહેદ નં.૧૪૨ તથા (૨) સાહેદ નં.૨૨૮ એમ બે સાહેદો નજરો નજર જોનાર સાહેદ ના.કોર્ટ સમક્ષ એક સરખુ પુરાવો આપતા હોય ત્યારે આ સાહેદોને માનવા જ જોઈએ.

## (૫) મૈયુદ્દીન ઈમામુદ્દીન શેખ, સાહેદ નં. ૨૪૪ આંક- ૧૭૦૩

- તા. ૩.૬.૦૮ ના સીટના જવાબમાં આરોપી ટોળાની આગેવાની કરતા બધાએ ઓળખી બતાવતા સાહેદે આરોપીને જોયેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

જવાનનગરમાં એસ.આર.પી.ની દિવાલ આવેલી છે ત્યાં જવાનનગરમાં એક ખુલ્લો પ્લોટ આવેલો છે ત્યાં કેટલાક મુસ્લીમ પરીવારો પોતાના પરીવારજનોને લઈને બેઠા હતા. ત્યા જઈને હું પણ મારા પરીવાર સાથે બેસી ગયેલો. આ વખતે આશરે બેથી અઢી વાગ્યાનો સમય હતો. તે દરમ્યાન ઉદય ગેસ તરફથી એક મોટું ટોળું અમારી તરફ ધસી આવેલું.

<u>- પેજ નં.૫ પેરા નં.૯</u>

આ ટોળામાં બાબુ બજરંગી આગેવાની કરતાં હતા. તેમણે ટોળાને આંગળીઓ ઈશારો કરી અમને બતાવેલા. આ ટોળાએ તેથી અમારા પર હુમલો કરેલો.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

આ રીતે ધાબે જતાં પહેલા બાબુ બજરંગી ટોળામાં હતા ત્યારે અમો મુસ્લીમોમાંના કેટલાક લોકોએ વો ખડા બાબુ બજરંગી તેમ કહેલું. તેમણે સફેદ ઝભ્ભો, સફેદ લેંઘો તથા ગળામાં કેસરી કલરનો ખેસ નાંખેલો. મે તેઓને બનાવના દિવસ અગાઉ કદી જોયેલા નહીં. પરંતુ તે દિવસે લોકોના કહેવાથી હું હાલમાં તેઓને ઓળખી શકુ ત્યારપછી અમે ગંગોત્રી સોસાયટીના ધાબે ગયેલા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૨</u>

અમે ધાબા પર હતા તા દરમ્યાન લોકોના બચાવો બચાવોના અવાજો તથા ટોળાના મારો કાપો, લુંટો તેવા અવાજો આવતા હતા. આ સમયે આશરે સાંજના સાડા છ વાગ્યાનો સમય હશે હું ગંગોત્રીના ધાબા પર રાતના સાડા દસ અગીયાર વાગ્યા સુધી હતો.

આ સાહેદે તેના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીને ટોળાની આગેવાની કરતા ઓળખી બતાવી નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો આપે છે.

આ સાહેદ જવાન નગરમાં એક ખુલ્લા પ્લોટમાં મુસ્લીમો જ્યાં પરિવાર સાથે બેઠા હતા હતા ત્યાં પોતાના પરિવાર સાથે બેસી ગયેલો તે વખતે બે થી અઢી વાગ્યાના સુમારે તેણે જોયેલ કે ઉદય ગેસ એજન્સી તરફથી એક મોટુ ટોળુ મુસ્લીમો તરફ ધસી આવેલુ તે ટોળાની આગેવાની બાબુ બજંરગી કરતો હતો અને આ આરોપીએ તેની સાથે ના ટોળાને આંગળી છીંદી ઈશારો કરી મુસ્લીમ પરિવારો બેઠા હતા તે બતાવેલ અને તેના ઈશારે ટોળો મુસ્લીમો ઉપર હુમલો કરેલ તે સાબિત થાય છે અને ત્યારબાદ આ સાહેદ ત્યાંથી ભાગી એક ધાબા ઉપર જતા હતા ત્યારે મુસ્લીમોના કેટલાક લોકો સાહેદને બાબુ બજરંગીની ઓળખ કરાવેલ અને તેણે ટોળામાં બાબુ બજરંગીને ઓળખેલ તેવુ સાબિત થાય છે.

આમ આ આરોપી બનાવના દિવસે ટોળાની આગેવાની લીધેલ છે અને ટોળાએ આ આરોપીની આગેવાની હેઠળ કત્લેઆમ કરી આ બનાવ મુજબ સામુહીક હત્યાકાંડ સર્જેલ છે. તેવુ સ્પષ્ટપણે સાબિત થાય છે.

આ સાહેદ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીને ઓળખી શકેલ નથી તેટલા પુરતુ આરોપીને કોઈ લાભ આપી શકાય નહી કારણ કે સાહેદ આરોપીનું નામ આપી કરેલ કૃત્ય જુબાનીમાં વર્ણવે છે પરંતુ બનાવ ૨૦૦૨માં બનેલો અને સાહેદે જુબાની ૨૦૧૦ માં આપેલ છે. આમ બનાવ અને સાહેદની જુબાની વચ્ચે નવ વર્ષનો સમયગાળો વિતી ગયેલ હોઈ અને આ નવ વર્ષમાં કોઈ ઈસમને યાદશક્તિ ઓછી હોય તો ઓળખી ન પણ શકે તેવુ સ્વાભાવિકપણે થાય છે તે જ હીતે આ સાહેદ પણ બનાવના નવા વર્ષ પછી આરોપીને ઓળખી શકેલ નથી. તેથી આરોપીએ કરેલ કૃત્ય અને ગુનાની ગંભીરતા ઓછી થતી નથી. આ સંજોગોમાં આ સાહેદની જુબાની માની આરોપી સામે આપેલ પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

## (૬) વિનુભાઈ ખેમાભાઈ દલવાડીયાં(ફરીયાદી) (વી.કે.સોલંકી)

## સાહેદ નં. ૨૬૨, આંક-૧૭૭૦

- તા. ૨૮.૨.૦૨ ની ફરીયાદ માં (એફ.આઈ.આર) નામ આપેલ છે.- ટોળામાં આગેવાની કરતા બતાવેલ

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં  નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૮,</u>

આ દરમ્યાન અમારા જે તે સમયના નાયબ પોલીસ કમિશ્નરશ્રી, પી.બી.ગોંદિયા સાહેબ તેમજ જી ડીવીઝનના એ.સી.પી. શ્રી એમ.ટી.રાણા સાહેબ તેમજ નરોડા પોલીસ સ્ટેશનના સીનીયર પો.ઈ.શ્રી કે.કે.મૈસોરવાલાનાઓ પણ આ જગ્યા પર આવી ગયેલા. તે વખતે કૃષ્ણનગર, સૈજપુર ફદેલી, કુબેરનગર, છારાનગર એમ તમામ જગ્યાથી લોકોના ટોળેટોળા નુરાની મસ્જીદ તેમજ હુસેનનગરના છાપરા પાસે આવી એકઠા થઈ ગયેલા.

<u>- પેજ નં.૫-૬ પેરા નં,૯</u>

આ ટોળામાં તે સમયે આગેવાન તરીકે વી.એચ.પી. તેમજ ભાજપ ના સક્રિય કાર્યકરો કિશન કોરાણી, પી.જે.રાજપુર, હરેશ રોહેરા, બાબુ બજરંગી તેમજ રાજુ ચૌમલનાઓ હતા. તેઓ ટોળાઓની આગેવાની લઈ ટોળાઓને ઉશ્કેરતા હતા અને જોત જોતમાં મુસ્લીમ કોમની દુકાનો, મકાનો તેમજ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તોડફોડ કરતા હતા સળગાવી નાંખી લુટફાટ કરતા હતા.

હું જણાવી ગયો તેમ તે પાંચેય જણાં મારી નાખો કાપી નાંખો તેવી બુમો પાડી ટોળાના માણસોની ઉશ્કેરણી કરતા હતા. જેથી ટોળાને વિખેરી નાંખવા માટે અમારી જીપમાંના લાઉડ સ્પીકરમાંથી વારંવાર એનાઉન્સમેન્ટ કરી ટોળાને  વિખેરાઈ જવાની  વોર્નીગ આપેલી. આવી વોર્નીગ આપી હોવા છતાં ટોળાના માણસો બેફાન બની દુકાનો, મકાનો સળગાવવાનો તથા નુરાની મસ્જીદને સળગાવવાનું ચાલુ રાખેલ અને આ ટોળાના માણસો આ તમામ જગ્યાએ લુંટફાટ પણ કરતા હતા.

આ સાહેદે સમગ્ર બનાવ સમયે તે એફ.આઈ.આર. માં આરોપીનું નામ ટોળાની આગેવાની કરતા બતાવેલ છે અને ના.કોર્ટની રૂબરૂની જુબાની માં આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદે આરોપીનું નામ શરૂઆતથી જ બનાવના પ્રથમ દિવસથી જ હોવાની આગેવાની કરતા બતાવેલ છે અને એફ.આઈ.આર.માં પણ એ રીતે જણાવેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે સાહેદે આરોપીને નુરાની મસ્જીદ પાસે તેમજ હુસેનનગરના છાપરા પાસે ના ટોળામાં ટોળાની આગેવાની કરતા જોયેલ છે તેમની સાથે બીજા તો.દારો પણ હાજર હતા. આ સાહેદે આ

સમગ્ર બનાવ તેમની ફરજ ઉપર હાજર પેટ્રોલીંગ કરતી વખતે નુરાની મસ્જીદ પાસેથી જોયેલ છે તેવુ આ સાહેદની જુબાની ઉપરતી સ્પષ્ટપણે જણાઈ આવેલ છે. આમ સાહેદ નજરે નજર જોનાર સાહેદ છે આ સાહેદે આરોપીને ટોળાની આગેવાની કરતા તેમજ ટોળાને ઉશ્કેરણી કરતા તેમજ મુસ્લીમોની દુકાનો મકાનો તેમજ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તોડફોડ કરી સળગાવી નાંખી લુંટપાટ કરતા સાહેદે આરોપીને પોતાની નરી આંખે જોયેલ છે.

આમ સાહેદની જુબાની પ્રમાણે આરોપી નુરાની મસ્જીદ પાસેના ટોળામાં હાજર હતો અને ટોળાને ઉશ્કેરણી કરતા હતા જેથી ટોળાને મનોબળ મળેલ અને ટોળુ વધુ ઉગ્ર બનેલ અને ત્યારબાદ આરોપીએ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તેમાં તોડફોડ કરી મકાનો દુકાનોને આગ લગાવી લુંટફાટ કરેલ છે તેવુ સ્પષ્ટપણે સાહિત થાય છે જે નહી માનવાને કોઈ કારણ જણાઈ આવતુ નથી.

આ સાહેદને ના.કોર્ટને જુબાનીમાં સાહેદનું નામ આપી ઓળખી બતાવેલ છે.

### (૭) પરબતસીંહ વજેસીંહ ઠાકોર, સાહેદ નં. ૨૬૬, આંક-૧૭૮૫

- પી.આઈ.ની જીપમાં
- તા. ૨૫.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે. (ટોળામાં હાજર રહી ટોળાના વ્યક્તિઓ સાથે વાતચીત ઉશ્કેરણી કરતા)
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.
- <u>પેજ નં. ૪-૫ પેરા નં૧૦</u>

બપોરના આશરે બે સવા બે વાગ્યાની આસપાસ નરોડા વિસ્તારના કાર્યકર્તા કિશન કોરાણી, બાબુ બજરંગી, પી.જે.રાજપુત અને રાજુ ચોબલને અમે નરોડા પાટીયામાં ટોળાના માણસો વચ્ચે જોયેલા. તેઓ કાંઈક વાતચીત કરતા હતા. ટોળું ત્યારે પથ્થરમારો તથા તોફાન કરતું હતુ તેમજ હો હા કરતુ હતી. અમે નુરાની મસ્જીદની આસપાસ હાજર હતા ત્યારે નુરાની મસ્જીદ પર હુમલો થયેલો. મેં જોયેલું કે, ટોળાના માણસો પથ્થરમારો કરતા હતા. અમને એવો સંદેશો પોલીસ કંટ્રોલ રૂમમાંથી પણ મળેલો. અમે નુરાની મસ્જીદની આસપાસ પણ લાઠીચાર્જ કરી તે સમયે પબ્લીકને ભગાડવાની કોશીશ કરેલી. ટોળુ અમારા પ્રયત્નોથી થોડીવાર માટે વિખેરાતુ પણ પછી પાછુ ટોળુ આવી જતુ.

આ સાહેદે પોલીસ જવાબમાં આરોપીનું નામ ઉશ્કેરણી કરતા જણાવેલ છે આ સાહેદ બનાવના દિવસે પી.આઈ.ની જીપમાં ફરજ બજાવતા હતા અને તેમણએ આ બનાવ નજરો નજર જોયેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાની જણાવ્યા મુજબ આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી નરોડા વિસ્તારના નામચીન ઈસમ છે. સાહેદ તેમને સારીરીતે ઓળખે છે. સાહેદે આરોપીને ટોળાના માણસો વચ્ચે જોયેલ છે. અને આરોપીએ ટોળાની સાથે કંઈક વાતચીત કરતા હતા અને ટોળુ ત્યારે તોફાનો, પથ્થરમારો અને હો હા કરતો હતો. આ સાહેદ જ્યારે નુરાની મસ્જીદ પાસે હતો ત્યારે તેઓ નુરાની મસ્જીદ ઉપર હુમલો થતા પણ જોયેલ છે.

આમ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે કે આરોપી ટોળાને ઉશ્કેરતો હતો અને ટોળાનું ભાગ બની નુરાની મસ્જીદ ઉપર હુમલો કરતો હતો તો નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીના નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૮) કેરમાન ખુરશીદ મૈસુરવાલા (નરોડા પો. સ્ટે. પી.આઈ.) સાહેદ નં. ૨૭૪, આંક- ૧૮૨૪

- તા ૨૫.૧૦.૦૮ના સીટના જવાબમાં આરોપી - આરોપી સામે પુરાવો હોવાથી અટક કરેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>પેજ નં.૧૨ પેરા નં. ૨૩</u>

આ અગાઉ બપોરે ભેગા થયેલા ટોળાઓમાં બે વાગ્યા પછી નુરાની મસ્જીદ તથા હુસેનનગરની ચાલીના વચ્ચેના ભાગે મેં ટોળાઓની વચ્ચે કિશન કોરાણી, પી.જે.રાજપુત, રાજુભાઈ ચોબલ તથા બાબુ બજરંગીનાઓને વાતચીત કરતા તથા ટોળાને સમજાવતા જોયેલા અને ટોળું આ સમયે મારો કાપો ની બુમો પાડી રહેલું હતુ. મે આ ચારેય માણસોને પોણ ત્રણ વાગ્યા સુધી આ ટોળામાં જોયા હતા.

આ સાહેદે શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની સ્પષ્ટ ફલીત થાય છે કે આરોપી નુરાની મસ્જીદ પાસે ટોળાના બીજા આરોપીઓ સાથે હાજર હતા. આ સાહેદ ના.કોર્ટ રૂબરૂ જણાવે છે કે આરોપી તથા અન્ય આરોપી ટોળાને સમજાવતા હતા અને ટોળુ મારો કાપોની બુમો પાડી રહેલુ આ સાહેદે આરોપીને ૨:૪૫ વાગ્યા સુધી ટોળામાં જોયા છે. આણ આ સાહેદની જુબાની ઉપરથી સહી શકાય કે આરોપી ટોળા સાથે જે

વાતચીત કરી એટલી હદે ઉશ્કેરણી કરતા હતા કે ત્યારબાદ ટોળાઓ ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલ અને સાંજના સમય સુધી ટોળાએ બરહેમી પુર્વક માર કાપ, લુંટફાટ ચલાવી છે. આ સાહેદે આરોપી ટોળાની સાથે શું વાત કરતા હતા તે સાંભળેલ નથી પરંતુ તે એવુ જણાવે છે કે આ સમયે ટોળુ મારો કાપોની બુમો પાડતુ હતુ તે ઉપરથી કહી શકાય કે આરોપી અન્ય સહ તો.દારો સાથે મળી માર કાપ કરવાની વાતચીત કરી તેમના કાવતરાને અંજામ આપતા હતા તેવુ કહિ શકાય કારણ કે આ સાહેદ સિવાય આ આરોપીને બીજા ઘણા સાહેદોએ ટોળામાં આગેવાની લેતા અને તલવાર સાથે માર કાપ કરતા પણ જોયેલ છે. આથી આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી અન્ય આરોપીઓ સાથે મારકાપ કરતા ટોળામાં હાજર હતા.

વધુમાં આ સાહેદ એવુ પણ જણાવે છે કે આ આરોપી સામે આ ગુનાના કામે પુરતા પુરાવા મળી આવતા અટક કરેલ છે તેથી પણ એવુ ચોક્કસ કહી શકાય કે આરોપી સામે ગુનાની સંડોવણી બાબતે આ ગુનામાં પુરતો પુરાવા હોવાથી જ આરોપીની અટક કરેલ છે. તેથી આ સાહેદને નહિ માનવાને કોઈ કારણ નથી.

**(૯) મદનસિંહ તખતસિંહ રાણા, સાહેદ નં. ૨૭૭, આંક- ૧૮૬૭**

- તા ૧૪.૫.૦૨ ના નિવેદનમાં આરોપી તોફાની ટોળામાં જોયેલા. ટોળામાં વાતચીત કરતા હતા. તે ટોળુ મારો કાપોની બુમો પાડતો હતો
- નામદાર કોર્ટ રૂબરૂ જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૭</u>

મુસ્લીમો પણ હિન્દુઓ તરફ ઉશ્કેરાઈ ગયેલા હતા.વધુમાં હિન્દુઓએ મુસ્લીમોના રહેણાંક, દુકાનો, મસ્જીદ તથા નુરાની મસ્જીદ વિસ્તારમાં આગ લગાડેલી.

<u>- પેજ નં.૧૦ પેરા નં. ૨૧</u>

ટોળાઓને વિખેરવા પુનઃપ્રયાસ કરતા હતા. તે ટોળાઓમાં ઉપસ્થિત શ્રી પી.જે. રાજપુત, કિશન કોરાણી, રાજુ ચૌબલ અને બાબુ બજરંગીનાઓ હતા. તેઓને મેં જોયેલા. આ ચારેય ઈસમો ટોળાના માણસો સાથે કોઈ વાતચીત કરતા હતા. પરંતુ તે શી વાતચીત થતી હતી તે અમે સાંભળેલી નહીં. પરંતુ ટોળુ પછી વધુ ઉશ્કેરાઈ ગયેલું. આ ટોળાને વિખેરી નાંખવા માટે પોલીસે ફરીથી લાઠીચાર્જ, ટીયરગેસનો રોલ તથા ફાયરીંગ કરેલું. જો કે ટોળામાં થોડોક ઘટાડો થયેલો. પરંતુ ટોળુ વિખેરાતુ ન હતુ. આ તમામ તે દિવસે સાંજના ૪.૦૦

વાગ્યા સુધી ચાલેલું. બપોરના ૪.૦૦ થી ૪.૩૦ વાગે ટોળુ થોડુક ઘટતા તથા હું તથા પી.આઈ.શ્રી મૈસુરવાલા બીજ અન્ય બનાવોના સંદેશો આવવા લાગતા જે તે સ્થળો ઉપર ગયેલા. અમો આ રીતે ગયા તે અગાઉ પો.ઈન્સ્પેક્ટર શ્રી ગોહેલને પણ સંદેશો મળતા સ્થળ ઉપર રવાના કરેલા. આ પ્રકારના સંદેશાઓ નરોડા ગામ તથા નરોડા ગામની મસ્જીદની સ્થળ માટેના આવતા હતા.

આ સાહેદે પોલીસ નિવેદનમાં આરોપીને મારો કાપોની બુમો પાડતા ટોળામાં જોયેલ છે તે રીતે નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી મુસ્લીમોને રહેણાંક, નુરાની મસ્જીદ, દુકાનો વિગેરે વિસ્તારમાં જે ટોળાએ આગ લગાડેલી તે ટોળામાં આરોપી હાજર હતો અને તેમણે આરોપીને નજરો નજર જોયેલ છે. આ સાહેદની જુબાની ઉપરથી એવુ ચોક્કસ કહી શકાય કે આ આરોપીએ બીજા તો.દારો સાથે મળી ટોળાની સાથે કંઈક વાતચીત કરેલ અને ત્યારપછી ટોળુ વધુ ઉશ્કેરાઈ ગયેલ તેવુ આ સાહેદ જણાવે છે તે ઉપરથી એવુ ચોક્કસ કહી શકાય કે આ આરોપી તેની સાથેના બીજા તો.દારોએ ટોળાને ઉશ્કેરણી જનક શબ્દ બોલ્યા હશે જેના ફળ સ્વરૂપે ટોળુ ઉશ્કેરાઈ ગયેલુ તેવુ નહી માનવાને કોઈ કારણ નથી.

આમ આ સાહેદની જુબાની ઉપરથી એવુ સ્પષ્ટપણે ફલીત થાય છે કે આ આરોપીએ બીજા આરોપી સાથે મલી ટોળાની ઉશ્કેરણી કરેલ છે અને તે ઉશ્કેરાયેલા ટોળાએ નરોડા પાટીયામાં સાુહીક હત્યાકાંડ સર્જી લુંટફાટ, બળાત્કાર અને મુસ્લીમોની મિલ્કતને આગ લગાડવાનું કૃત્ય કરેલ છે જેથી આ સમગ્ર બનાવમાં આરોપીની સક્રિય ભુમિકા સાહિત થાય છે તેવુ નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે આરોપીને ના.કોર્ટની જુબાનીમાં નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

## (૧૦) <u>અબ્દુલ અલીમ અબ્દુલમજીદ ચૌધરી સાહેદ નં.૧૭૪ આંક-૧૧૯૮.</u>

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપેલ છે.

<u>પેજ નં.૩ પેરા નં.૭</u>

આ સાંભળીને હું તથા અમારી ચાલીવાળાઓ ઘરની બહાર નીકલેલા. અમે તમામ જોવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. ત્યાં શોરબકોર ચાલતો હતો તથા પથ્થરમારો થતો હતો.

<u>પેજ નં.૩ પેરા નં.૮</u>

ત્યાં આગળ ટોળાના માણસો મિંયાને મારો તેવું કહેતા હતા. આ ટોળામાં આગળ હતા તેઓમાં દલપતસીંગ, ભવાનીસીંગ, ગુડુ, સુરેશ અને મનોજ વિડીયોવાળા હતા મેં આ ટોળામાં બાબુભાઈ બજંરગીને પણ જોયેલા તેઓ પણ ટોળામાં આગળ પડતા હતા આ ટોળામાંના ગુડુ પાસે તલવાર હતી સુરેશ પાસે ભાલો હતો તથા તેમની સાથે ત્રિશુળ પણ હતો મનોજ પાસે રીવોલ્વર હતી. મનોજ વિડીયોવાલો એસ.ટી.વર્કશોપની દિવાલની આડમાંથી ફાયરીંગ કરતો હતો.

<u>પેજ નં.૪ પેરા નં.૯</u>

આ તમામ ટોળાના આગળ હતા તે તમામ ટોળાના માણસોને અંદર બોલાવતા હતા તથા મીંયાઓને મારો, કાટો, જલાવો, તેવુ કહેતા હતા.........

આ આરોપી બનાવના દિવસે ગેરકાયદેસરની મંડળીમાં હાજર હતા અને હથીયાર ધારણ કરેલી ટોળકીના સભ્ય હતા અને તેઓ ટોળામાં આગળ પડતા હતા એટલે કે ટોળાની આગેવાની કરતા હતા તેવું આ સાહેદની જુબાની ઉપરથી જણાઈ આવે છે. જે ટોળુ મીયાઓને મારો, કાપો, જલાદો તેવુ કહેતા હતા. આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે .

આ સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ નથી. અત્રે ઉલ્લેખનીય છે કે બનાવના ૯ વર્ષ પછી ના.કોર્ટ રૂબરૂ જુબાની આપેલ છે કે તેમણે તેની યાદશક્તિ પ્રમાણે ત્રણ આરોપીઓને ઓળખી બતાવેલ છે પરંતુ આ આરોપી બાબુ બજરંગીને ઓળખી બતાવેલ નથી. આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નોંધમાં ના.કોર્ટે લખેલ છે કે આરોપીએ ફક્ત બે જ આરોપીને જોયા પછી કોઈપણ આરોપી જોયા વગર સાહેદ વીટનેશ બોક્ષ તરફ આવી ગયેલ છે. આમ આ સાહેદે આરોપી નં.૧૮ને ઓળખેલ નથી. તેથી તેણે આપેલ પુરાવો નિરર્થક નિવડતો નથી. તેથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

### (૧૧) <u>મૈયુદ્દીન ઈમામુદ્દીન શેખ સાહેદ નં.૨૪૪આંક-૧૭૦૩.</u>

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપેલ છે અને ઓળખી બતાવેલ છે.

<u>પેજ નં.૪- ૫ પેરા નં.૮</u>

જવાનનગરમાં એસ.આર.પી.ની દિવાલ આવેલી છે ત્યાં જવાનનગરમાં એક ખુલ્લો પ્લોટ આવેલ છે ત્યાં કેટલાક મુસ્લીમ પરીવારો પોતાના પરીવાર જનોને લઈને બેઠા હતા ત્યાં જઈને હું પણ મારા પરીવાર સાથે જઈને બેસી ગયેલો. આ વખતે આશરે બે થી અઢી

વાગ્યાનો સમય હતો તે દરમ્યાન ઉદય ગેસ તરફથી એક મોટુ ટોળુ અમારી તરફ ધસી આવેલું.

પેજ નં.૫ પેરા નં.૯

આ ટોળામાં બાબુ બજરંગી આગેવાની કરતા હતા અને તેમણે ટોળાને આંગળીનો ઈશારો કરી અમને બતાવેલા. આ ટોળાએ તેથી અમારા ઉપર હુમલો કરેલો.

પેજ નં. ૫ પેરા નં.૧૧

આ રીતેં ધાબા ઉપર જતા પહેલા બાબુ બજંરગી ટોળામાં હતા ત્યારે અમો મુસ્લીમોમાંના કેટલાક લોકેએ વો ખડા બાબુ બજરગીં તેમ કહેલુ તેમણે સફેદ જભ્ભો, સફેદ લેંઘો તથા ગળામાં કેસરી કલરનો ખેસ નાંખેલો. મેં તેઓને બનાવના દિવસ અગાઉ કદી જોયેલા નહી............

આમ આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે ગુનાહીત કૃત્ય કરતા ટોળામાં સામેલ હતો અને બેથી અઢી વાગ્યાના સુમારે ઉદય ગેસ તરફથી આવતા એક મોટા ટોળામાં બાબુ બજરંગી હાજર હતો અને તેણે આ ટોળાની આગેવાની કરેલી અને તેણે ટોળાને આંગણીનો ઈશારો કરી મુસ્લીમો બેઠા હતા તે જગ્યા બતાવેલી અને તેથી આ બાબુ બજરંગીની આગેવાની હેઠળ ટોળાના માણસોએ મુસ્લીમો ઉપર હુમલો કરેલો તેવું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે.

આ સાહેદ આરોપીને ઓળખી શકેલ નથી. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં ખુલ્લી અદાલતમાં એવુ જણાવેલ છે કે હું બાબુ બજરંગીને ઓળખું છું સમય ઘણો થયો છે તેથી તેમને કદાચ જ ઓળખી આપીશ. આમ બનાવના ૯ વર્ષ પછી સાહેદ ના.કોર્ટ રૂબરૂ જુબાની આપવા આવેલો હોઈ અને તેણે આરોપીને બનાવના દિવસે જ જોયેલો હોઈ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીને ઓળખી શકેલ નથી. તેથી આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આરોપી વિરૂધ્ધ આપેલ પુરાવો નિરર્થક નિવડતો નથી. આ સાહેદને નહી માનવાને કોઈ કારણ નથી.

(૧૨) આશિષ સુરેશચંદ્ર ખેતાન સાહેદ નં.૩૨૨ આંક-૨૨૬૫.

શીટના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે.

ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદે સ્ટીંગ ઓપરેશન દરમ્યાન આ આરોપી બાબુ બજરંગી સાથે વાતચીત કરી છે અને તે તમામ વાતચીત સીડીમાં રેકોર્ડ કરી છે. તે સીડી ના.દાર કોર્ટના રજુ આંક.......થી છે.

આ સાહેદે ના.દાર કોર્ટમાં જુબાની આપી જુબાની દરમ્યાન આંક-૨૨૬૬ ના લીસ્ટથી સીડીની ટ્રાન્સક્રીપ્ટ બી.બી.૧ થી બી.બી. ૬ સુધીની રજુ કરેલ છે.

આરોપી નં.૧૮ નાઓએ સાહેદે કરેલ સ્ટીંગ ઓપરેશન દરમ્યાન સદર ગુનામાં કરેલ આયોજન અને પોતે કરેલ ગુનાની કબુલાત કરેલ છે. આ આરોપી નં.૧૮ નાઓએ પોતાના ગુનાની કબુલાત તથા બીજા આરોપીઓમાં માયાબેન કોડનાની તથા અન્ય આરોપીઓએ સદર ગુનામાં ભજવેલ ભુમિકો સ્પષ્ટ ચિતાર આપે છે. આ સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન આરોપીઓએ કોઈપણ જાતના દાબદબાણ, ધાક-ધમકી કે લાલચ વગર પોતાના ગુનાની કબુલાત કરેલ છે. અને બીજા આરોપીઓએ કરેલ કૃત્ય અને આયોજન ને ઉજાગર કરેલ છે. તેથી આ સાહેદે કરેલ સમગ્ર સ્ટીંગ ઓપરેશન અને તેની ટ્રાન્સ્ક્રીપ્ટ તથા સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ આરોપીઓએ સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન કરેલ ગુનાની કબુલાત અને ગુનાહિત કાવતરાને નહિ માનવાને કોઈ કારણ નથી કારણકે આ આરોપીઓએ સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન જે કંઈ કહ્યું છે તે તમામ હકીકત છે અને ગુનાની કબુલાત છે. આ સમગ્ર સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન વાતચીત એ આરોપીઓનું એક્સ્ટ્રા જયુડીશીયલ કનફેશન ગણી શકાય તેથી તે નહિ માનવાને કોઈ કારણ નથી.

સાહેદે બાબુ બજરંગી સાથેની વાતચીતના મહત્વાના અંશો નામદાર કોર્ટમાં જુબાની દરમ્યાન જણાવેલ છે તેમા બાબુબજરંગીએ એવુ જણાવેલ છે કે,

<u>પેજ નં.૧૪ પેરા નં.૩૦</u>

તા.૧૪.૬.૨૦૦૭ ના રોજ મારે લંચ પહેલા તથા લંચ પછી એવી બે સેશનમાં શ્રી બાબુ બજરંગી સાથે વાતચીત થયેલી. મારા મતે આ રીતે મારે શ્રી બાબુ બજરંગી સાથે થયેલ વાતચીતનાં મહત્વના અંશો એવા છેકે,

તહેલકાઃ- તો આપકે કાર્યકર્તા નિકલે ઉસ દીન અગર આપકા આહવાન ન હોતા તો ના નીકલતે ના નીકલતે અમપના કાર્યકર્તા. . .

બાબુ બજરંગીઃ- નરોડા મેં તો નહીં નીકલતે. . . .હમને તો ચેલેન્જ કર દીયા થા અગલે દીન. . . . યે આપ લીખ નહીં દેના વરના મરવાઓગે. . . .

તહેલકાઃ- નહી નહીં કોઈ સવાલહી નહી. . . .

બાબુ બજરંગીઃ- હમને તો વહી ચેલેન્જ કર દીયા થા જબ ગોધરા મેં હમ ગયે ઔર લાશે દેખી. હમને ઉનકો વહી ચેલેન્જ કર દીયા થા કી ઈસસે ચાર ગુના લાશ હમ પાટીયામેં ગીરા ડાલેંગે. .

ફરી બાબુ બજરંગી :- ઔર હમ આપકે પાસ પહોંચે હમને કહા આપકા રીવોલ્વોર દો. . . . . . બોલે નહીં દેંગે હમ બોલે પહેલી ગોલી તુમ કો મારેગે

તહેલકાઃ- કિસસે કહા ?

બાબુ બજરંગી :- જિસકે પાસ ઈધર રિવોલ્વોર દી. . . .હિન્દુ લોગો કે પાસ. . . . ઉનકો હમને રાતકો ધુમકે ૨૩ રિવોલ્વોર હમને ઈકઠ્ઠી કી થી રાત મેં. . . . ૨૩ રિવોલ્વોર ઔર આપને બોલ દીયા માન લો કી રીવોલ્વોર નહી નહી ઐસા વૈસા મેં બોલા કલ સુબહા હમ તુમકો ગોલી મારેંગે. . . ઉનકે બચ્ચોકે સામને . . . . . બોલા (ગંદી ગાળ) જો કરના હૈ કર લેના ઔર જાના હોતો પોલીસ સ્ટેશનમેં જાના . . . . . કલ સુબહ હમ તુમકો ગોલી મારેગે. . (ગંદી ગાળ) પહેલે. . . ઐસા કરકે ૨૩ રિવોલ્વોર લાયે

<u>પેજ નં.૧૬ પેરા નં.૩૧</u>

આ ઉપરાંત મેં તે જ દિવસે શ્રી બજરંગી સાથે કરેલ વધુ વાતચીતમાં અમારી વચ્ચે થયેલ વાતચીત એવી હતી કે,

તહેલકા :- કિતને હિન્દુ મર ગયે ઉસમેં?

બાબુ બજરંગી :- યહાં પર ચાર હિન્દુ મરે....મેરે દો તો એકદમ

નજદીક કે કાર્યકતા મર ગયે.........

તહેલકા :- મર ગયે....

બાબુ બજરંગી :- કોઈ નહીં દેખતા હૈ........

તહેલકા :- ઉનકે પરીવાર કા કયાં હુઆ ?

બાબુ બજરંગી :- કોઈ પુછતા નહી હૈ સાહબ.........મેં ૨૦૦૦ ભેજતા હું......

તહેલકા :- પોલીસ ફાયરીંગ મેં મરે?

બાબુ બજરંગી :- ૨૦૦૦ હર મહીને ભેંજતા હું.......મેરા દોસ્ત થા એક .......મેરી ટીમમેં કામ કરતા થા.......અભી કોઈ પુછતા હીં નહીં હૈ

તહેલકા :- તો પોલીસ ફાયરીંગ મે મરે વો ?

બાબુ બજરંગી :- નહી, મિંયાને કાટે......આંખ......નાક.......

તહેલકા :- કૈસે......કાટને કૈસે દિયા ?

બાબુ બજરંગી :- અરે ......નાક આંખ ઐસે ટોલી મેં કાટ કે ફિર બહાર ફેંકા થા.....

તહેલકા :- તો આપ લોગો ને કુછ કિયા કયુ નહી ઉસકે લીયે ?

બાબુ બજરંગી :- ફિર તો હેવાન સાબ ....જબ તક આમને સામને હોતા થા સાબ..... પથ્થરબાજી .....વો ચલા ગયા અંદર....ધુસ ગયાને બોલતે બોલતે.....

તહેલકા :- યે બવકુફી નહીં કરની ચાહીયેં ?

બાબુ બજરંગી :- વો લોગો કા કયા હે.....ઐસા હે......ઉધર ઐસા હે....ધીરે ધીરે કયાં હે કી .....હેસા હે દેખો.....પાટીયા કાંડ મેં પાટીયા ઐસા હે.....

આ તબક્કે તેઓ કાગળ પર નકશો દોરી સ્થળનો ચિતાર મને આપતા હતા.આ દોરતાં તેઓ જે બોલ્યા તે એવું છે કે,

બાબુ બજરંગી :- યે એસ.ટી.વર્કશોપ કી દીવાલ હે.....યે હાઈવે વગૈરહ..... યહાં પાટીયા પોલીસ ચોકી હે....તો ઈધર સબ મુસલમાન રહેતે હૈ.....યે સબ ગલીયા હે....ઉસમેં કયાં હે કી યહાં સે યે રોડ......યે પાટીયા યે રોડ હે બરાબર ....યહાં સે આદમી અંદર જાયેગા .....તો વો લોગ કયાં કરતે થે.....યે ઐસે ઐસે અંદર ટોલા ગયા ના તો યે લોગ યે ગલી હે ના ગલી તો યે રોડ હે તો ઈસકે અંદર છુપ જાતે થે સબ.....તો આદમી કયાં કરેગા દેખેગા એક ગલી મેં .....ગલી મેં દેખેગા.....

તહેલકા :-હા તો પતા નહીં ચલેગા......

બાબુ બજરંગી :- ગલી મેં દેખેગા તો કોઈ હે નહીં.....યે આગે જાયેગા......તો ચિલ્લાયેગે જોર સે પકડો પકડો.....ફિર કયા હોગા જો ટોલા જાતા હોગાના ઈધર સે.......આધા ટોલા વાપસ ભાગ જાયેગા ડરકે મારે....કોઈ કાકડા ફેંકેગા કોઈ એસિડ ફેંકેગા તો આધા ટોલા તો પંદર વીસ આદમી અકેલે રહે ગયે.......

તહેલકા :- વો અકેલે બચ જાયેયે......

બાબુ બજરંગી :- યે અકેલે રહે ગયે......તો ઈધરસે ભી આયેગા ઈધરસે ભી આયેગા ઈધરસે સબ તરફ સે ઈસકે ઉપર અટકે હો ગયા.....ઈસમે જો હાથ મેં આ ગયે ઉસકો ખીંચકર લે જાતે થે વો....ફિર ઉસકો કાટ કાટ કે ફેંક દે તે થે વો......

<u>પેજ નં.૧૯ પેરા નં.૩૨</u>

વધુ માં, આ જ વાતચીતમાં અમારે એવી પણ વાતચીત થયેલી કે,

તહેલકા :- તો કૈસે એરેસ્ટ હુવે આપ ?

બાબુ બજરંગી :- એરેસ્ટ તો હમકો બોલા ગયા..... નરેન્દ્ર ભાઈ ને હમકો બોલા કે અબ જો જાવો એરેસ્ટ.........

તહેલકા :-નરેન્દ્રભાઈ ના હો તે તો માર ડાલતે આપકો ?

બાબુ બજરંગી :- માર ડાલ તે .......ફિર તો હાઈકોર્ટ મેં અમારા કૈસે કિસ્સા હુવા......ફિર હમ રાહ દેખતે રહે આજ જામીન હોગા આજ જામીન હોગા......ફાઈલ જાવે બાબુ બજરંગી હાઈકોર્ટ કે જજ ફેંક દેવે.....મારે.....બોલે.....તુમ્હારા રીજેકટ હોગા .....ફિર દુસરા જજ આવે ફીર વાપસ ફેંક દે વે ઐસે તો તીન બાર ફેંકી...... ફિર નરેન્દ્રભાઈને કયાં સેટીગ કીયા. . . . બોલે પાસ. . . .ચાર મહીના હમ રગડતે રહે. . . . .. મેં અકેલા મેરે પાસ ગાડીથી વો ભી નિકાલ દી. . . . દુસરી ગાડી લે કે ઘુમ ઘુમ ઘુમ ઘુમ. . . . . . . .

તહેલકાઃ- આપ દિલ્હી કબ આ રહે હૈ ?

બાબુ બજરંગીઃ- ૨૧-૨૨ તારીખ કો જાવુંગા. . .

તહેલકાઃ- ૨૧-૨૨ તારીખકો આયે મેં ભી દિલ્હી મેં રહુંગા. .. . હમ લોગ વહાં બૈઠતે હૈ?

બાબુ બજરંગી :- વહાં મેં ખુલ કે બાત કરૂંગા. . .

તહેલકાઃ- એક બાર આનંદજી સે મીલ લીજીયે યે મેરી આપસે બીનતી હૈ. . . .

<u>પેજ નં.૨૧ પેરા નં.૩૩</u>

આ અગાઉની વાતચીતમાં મેં શ્રી બજરંગીને હું તેઓને શ્રી આનંદજી સાથે મેળવીશ તેમ પણ જણાવેલું. શ્રી આનંદજી મેં તેઓને આર.એસ.એસ. ના સીનીયર કાર્યકર્તા હોવાનું જણાવેલું. હકીકતે શ્રી આનંદજી નામે કોઈ વ્યક્તિ અસ્તિત્વ ધરાવતી ન હતી. તે એક કપોકલ્પીત પાત્ર હતું

<u>પેજ નં.૨૧ પેરા નં.૩૪</u>

ત્યારપછી થયેલ વાતચીતમાં એવી વાતચીત થયેલી કે,

બાબુ બજરંગીઃ- અરે સાહબ, ઉસ ટાઈમ હમ શામ કો આયે ના તો હમને ઐસા વિચાર કિયા અબ હિન્દુસ્તાન મેં કોઈ મુસલમાન નહીં હોગા. .. . . પર સાલે, ઐસે ગદ્દાર હિન્દુ હૈના. . . . ઉસમેં નેતા લોગ જયાદા હૈ . . . . .. .. .

તહેલકાઃ- જબ ગોધરા સે આ લોટ કર આયે ?

બાબુ બજરંગીઃ- ઔર કયા બોલે ઉસ દીન નરેન્દ્રભાઈને કયા છુટ દી થી.. . . . રામ નામ સત્ય . . . . એક મુસલમાન નહીં રહેતા હિન્દુસ્તાન મેં. .. . . એક જવાર નીકલ ગઈ હોતી ના સબ હલ્ઘીધાટીકા ખેલ હો ગયા હોતા.. . . . .

તહેલકાઃ- લેકિન અપને હી લોગ ગદ્દારી કરે ?

બાબુ બજરંગી :- ગદ્દારી તો હો ગઈ ન સાહબ. . . . . હમને પુરે ભારત. .. . . હમને પુરે પાટીયા. . . . પાટીયા મે સબસે જયાદા લોગો કી હત્યા હુઈ. . . . . . . . પુરે પાટીયા મેં ઔર

હમકો બરબાદ કર દીયા ગયા. .. . . . . હમારે પાસ તો આર્થિક મજબુતી થી. . . . . મેરે પાસ. . . . . નહીં તો મર જાવુંગા ને. . . . . .

<u>પેજ નં.૨૨ પેરા નં.૩૫</u>

ત્યાર પછી હું મુંબઈ પરત ગયેલો. હું જુલાઈ-૨૦૦૭ માં પરત અમદાવાદ આવેલો. હું પછી અમદાવાદથી ગોધરા પણ ગયેલો. હું ગોધરામાં સાબરમતી એક્સપ્રેસ, ગોધરા હત્યાકાંડ સાથે સંકળાયેલા મુરલી મુલચંદાની, કકુલ પાઠકને મળેલો. હું ત્યાં પેટ્રોલ પંપ પર એક એવા છોકરાને મળેલો કે જેણે ગોધરા હત્યાકાંડના આરોપીઓને પેટ્રોલ વેચેલું. હું વડોદરા ગયેલો. ત્યાં હુ શ્રી નોએલ પરમારને પણ મળેલો, હું પછી પાછો મુંબઈ ગયેલો. હું પછી કદાચ વડોદરાથી સીધો મુંબઈ જતો રહેલો.

<u>-પેજ નં.૨૩ પેરા નં.૩૬</u>

હું પછી ઓગસ્ટ-૨૦૦૭ માં અમદાવાદ આવેલો. હું આ વખતે પણ શ્રી બાબુ બજરંગીને તેઓની ઓફિસમાં ગેલેકસી સિનેમા પાસે આવેલી છે ત્યાં મળેલો. તે દિવસે તા.૧૦.૮.૨૦૦૭ હતી.

<u>પેજ નં.૨૩ પેરા નં.૩૭</u>

આ મુલાકાતમાં તેઓએ કોમી રમખાણો બાબતે અગાઉ જે કાંઈ કહેલું તેને તેઓ વળગી રહેલા અને તે દોહરાવેલું અને મને તેઓએ આ મુલાકાતમાં વધારાની માહિતી પણ આપેલી.

બાબુ બજરંગી :- મેં ઉસકો તોગડિયા કો મેં એકબાર પુછને વાલા હું જાહીર મે. . . . કભી પુછા નહીં હે સાલા. .. . મેં યે પુછુંગા સાહબ મેરે કો તુમને. . . . તુમ બડે હો નેતા હો તુમને કભી કીસીકો થપ્પડ મારા હે. . .. .. બરાબર. . . . .

તહેલકાઃ- કભી કિસી મુસલમાન કો મારા હે?

બાબુ બજરંગીઃ- કિસી હિન્દી કો ભી, મુસલમાન તો. . . . . તુમને કિસી હિન્દુ કો ભી થપ્પડ મારા હે. . .. . . તુમ કો અચ્છી ભાષા આતી હે બોલને કે લીયે. . . . . તુમને ઝટકેદાર ભાષા બોલકે માઈક મેં ઐસા કર ડાલો, વૈસા કર ડાલો તો હમને કર ડાલા. . . . તુમને હમકો નિકાલ દીયા. . . . . .

<u>પેજ નં.૨૪ પેરા નં.૩૮</u>

સમગ્ર વાતચીત દરમ્યાન શ્રી બાબુ બજરંગીને તેઓએ રમખાણો દરમ્યાન હિન્દુત્વ માટે આટલું બધુ કામ કર્યુ હોવાછતાં તેઓને વિશ્વ હિન્દુ પરીષદમાંથી કાઢી મુકેલા તે માટે

તેઓ સતત હૈયાવરાળ વ્યક્ત કરતા હતા અને તેઓને તે મુદ્દે વિ.એચ.પી. તથા શ્રી તોગડિયા માટે ભારોભાર ગુસ્સો હતો.

<u>પેજ નં.૨૪ પેરા નં.૩૯</u>

વધુમાં તે જ દિવસે એવી પણ વાતચીત થયેલી કે,

તહેલકાઃ- આપને જો કિયા વો તોગડિયા કે કહેને પે થોડી ન કિયા . . . ..

બાબુ બજરંગીઃ- હમને તોગડિયા પે નહીં હમને તો હિન્દુત્વ કે નામ પે. . . . .ગોધરા મેં ગયેના જબી હમને ચેલેન્જ કર દીયા થા. . . . . . . કલ હમ ઈસકા પરીણામ નરોડા મેં દે દેંગે. . . . . હમને તો અગલે દિન ચેલેન્જ કર દી થી. . . . . . હમને તો રાત કો ૨૩ રીવોલ્વોર ઈકઠ્ઠા કર લી લોગોં કા. . . . .કી ભાઈ આપ કે પાસ રીવોલ્વોર હૈ દેને કા હૈ. . . . . . . .નહીં દેને કા કલ (ગંદીગાળ તથા અભદ્ર ભાષા) તુમકો ગોલી મારેગે પહેલે.(ગંદી ગાળ તથા અભદ્ર ભાષા). . . મિંયે કી ઔલાદ હો. . . . .

તહેલકાઃ- લોગોં ને દી ?

બાબુ બજરંગીઃ- ગાડ માર કે દી. . . .. વરના માર ડાલતે . . . . . મેરા તો વજન ઈતના હૈ મેં તો ખુલ્લા બોલતાં હુ. . . . ઈન લોગો કી તાકાત નહીં (અત્યંત ગંદી ગાળો) કી. . . . મેં તો ગુસ્સે મેં તો . . . . . પર હિન્દુ કે ઉપર મેરા હાથ નહીં ઉઠતા હૈ. . .. . ઈતના મેરે પે કમજોરી હૈ. . . . હિન્દુ મેરે લીયે ભગવાન હૈ બાકી મુસલમાનો કી તો (અભદ્ર શબ્દ) મેરે સે. . . . .

તહેલકાઃ- જિસ દિન નરોડા પાટીયા હુવા ઉસ દીન તોગડીયા કહાં થા. . . થા , અહેમદાબાદ મેં ?

બાબુ બજરંગીઃ- તોગડિયા નહીં થા. . . . .

તહેલકાઃ- વો અયોધ્યા મેં થા.. . . . અયોધ્યા મેં બેઠા હુવા થા. ખુદ તો . .. . .

બાબુ બજરંગીઃ- તોગડિયા નહીં થા. . . . દુસરે થે. .. . . જયદીપભાઈ. .. . બાકી સાબ જયદીપભાઈ વૈદીપભાઈ થે તો. . . .. વો સબ બહાર થે. . . . . . . ફોન પે બાત હોતી થી. . . .. પેપર મેં ભી આયા થા ના. . . .. અભી આયા થા . .. . .

તહેલકાઃ- કુછ પેપર મેં કમીશન કે સામને કુછ આયા થા.. . . . . ..

બાબુ બજરંગીઃ- હં. . . . આયા થા. . . .. બોલે બાબુ બજરંગીને ઈતની બાર બાત કી . . .. . .

તહેલકાઃ- બાત કરને સે કયાં હૈ?

બાબુ બજરંગીઃ- વો તો ઠીત હૈ મેં તો. . . . . મેરે સભી લોગ મેં ૧૪ મુસલમાન હૈ ઔર ૧૬ પોલીસવાલે હૈ ટોટલ મેરે એગેન્સ મેં. . . . . .

તહેલકા :- કયું હૈ. . .. પોલીસવાલે કયું વિરોધ મેં હૈ .. .

બાબુ બજરંગીઃ- પોલીસવાલે વહાં ખડે રહેવે થે ફિર (અભદ્ર શબ્દ). . . .. સરકારી નોકરી કે લીયે. . . . . પ્રેસર આયા. .. . . . ઢાઈ બજે રાત કો. . . . ..

<u>પેજ નં.૨૭ પેરા નં.૪૦</u>

હું તેમને ત્યારપછી પણ મળેલો. તેઓએ મને પ્રકાશ રાઠોડનો ટેલીફોન નંબર આપેલો. તેઓએ મને તેમના કોઈ સંબંધી સાથે પ્રકાશ રાઠોડના ઘરે મોકલી આપેલો. હું તે રીતે છારાનગર ગયેલો.

<u>પેજ નં૨૭ પેરા નં.૪૧</u>

હું પછી તા.૧૬.૮.૨૦૦૭ ના રોજ પણ ફરી આ શ્રી બાબુ બજરંગીને મળેલો. ત્યારે પણ અમારા વચ્ચે વાર્તાલાપ થયેલો. જેમાં એવી હકીકત છે કે,

તહેલકાઃ- ઔર યહ જયદીપ પટેલ ફોન મેં આપ સે લગાતાર બાત કર રહા થા બલ્કે ઉસ દીન?

બાબુ બજરંગીઃ- ઉસ ટાઈમ તો. . . . સાબ કેટલા છાયા . . . .આટલા. . . . . કેટલા છાયા. .. . . આટલા. . . . .. ફિર(ગંદી ગાળ અભદ્ર ભાષા)

ઉપરોક્ત શબ્દો શ્રી બજરંગી ગુજરાતીમાં બોલેલા જે મને સમજાયા અનુસાર મેં આ સ્ક્રીપ્ટ બનાવી છે.

તહેલકાઃ- મતલબ. . . .

બાબુ બજરંગીઃ- અહીં તેઓએ ઈશારાથી લોકોને કાપી નાંખ્યા હોવાનો ચાળો કરેલો.

તહેલકાઃ- કિતને કાટે ?

બાબુ બજરંગીઃ- હા. .. .

તહેલકાઃ- યહ જયદીપ?

બાબુ બજરંગીઃ- હા. . . . . ૧૧-૧૨ બાત કી થી ઉસને . . .. .ફિર તો અમારી બેટરીથી ભી લો ગઈ થી.. . . . .

<u>પેજ નં.૨૯ પેરા નં.૪૨</u>

સપ્ટેમ્બર ૨૦૦૭ માં શ્રી બાબુ બજરંગી દિલ્હી આવેલા. તેઓ દિલ્હી આવેલા. તેઓ દિલ્હી તેમના કામથી આવેલા. તેઓએ દિલ્હી આવી મને પોન કરેલો અને તેમણે મેં વાતચીતમાં જણાવેલ કપોલકલ્પિત પાત્ર આર.એસ.એસ. ના સીનીયર કાર્યકર્તા શ્રી આનંદજીને મળવાની ઈચ્છા દર્શાવેલી. તેથી મેં શ્રી તરૂણ તેજપાલ કાકાને આનંદજીનું પાત્ર ભજવવા જણાવેલું અને અમે શ્રી આનંદજીના ઘરમાં આર.એસ.એસ.ના પુર્વ કાર્યાકર્તાઓના ફોટો પણ લગાવી દીધા જેથી શ્રી બાબુ બજરંગીને તે ઘર આર.એસ.એસ.ના કાર્યકર્તાનું જ

લાગે. હું દિલ્હી એરપોર્ટ પર શ્રી બાબુ બજરંગીને લેવા ગયેલા. અમે એરપોર્ટ પરથી તરૂણના કાકાના ઘેર યાને કે આનંદજીના ઘેર ગયેલા.

<u>પેજ નં.૨૯ પેરા નં.૪૩</u>

અમારી દિલ્હીમાં થયેલી વાતચીતમાં શ્રી આનંદજી પણ સામિલ હતા. આ દરમ્યાન થયેલી વાતચીતમાં એવી હકીકત હતી કે,

બાબુ બજરંગી:- હમ લોગ. . . . . મેરા કામ યે થા કી હમને પાટીયા કાંડ મેં જો કિયા ઉસમે હમ પ્રથમ થે ઔર વહાં કે લોગ સ્થાનીક હમલોગ સબ સાથ મેં. .. . . . . પાટીયા હમારે બાજુ મેં હી પડતાં હૈ થોડા હી. . . .આધા કી.મી. દુર હૈ હમારે ઘર સે તો ઉનકો જો પહેલા કામ હુવા . . . . . ગોધરા કાંડ હુવા તો ગોધરા કાંડ મેં હમ ગયે થે. . . . . વહાં દેખા નહીં ગયા. હમારે સે. . .. . . . દુરસે દીન હમને જવાબ દે દીયા . . .. . ઉસકે બાદ. . . . .

(ચાચા) આનંદજી:- કયા નહી દેખા ગયા વહાં પે. . . . . ગોધરા કાંડ મેં કયા નહીં આપને દેખા. . . . .

બાબુ બજરંગી:- ગોધરાકાંડ મેં તો દેખને જૈસા. . . . . . કોઈ ભી આદમી દેખે તો ઐસા હો જાવે કી અભી કા અભી સબકો માર ડાલો યા કાટ ડાલો. .. .. .. પરિસ્થિતિ ઐસી થી . .

(ચાચા) આનંદજી:- ગયે થે આપ?

બાબુ બજરંગી:- હા, થા ને મેં સાથ મેં. . . . . . .. તો ગોધરાકાંડ હુવા જો ઉસ દીન દેખા ફિર તો બસ સિર્ફ યહાં નરોડા મેં આ કે હમને ઉસકા પ્રતિકાર દે દીયા. . . . .

(ચાચા) આનંદજી :- કૈસે ઓર્ગેનાઈઝ કીયા ઈતને છોટે ટાઈમ મેં?

બાબુ બજરંગી:- છોટે. . . . . . હમ તો રાત કો ઈકટ્ઠા કર લીયે. . .. . હમારી ૨૯-૩૦ જનકી ટીમ હમને ઈકટ્ઠા કર લીયા . . . . . ઈનકે પાસ બંદુક હૈ તો હમ પહોંચ ગયે રાત કો કી ભાઈ તુમ્હારી બંદુક દો હમ કો. . . .તો બોલે નહીં દેતા હું. . . . . કલ તુમ કો ગોલી મારેગે ભલે હી હિન્દુ હો તુમ. . . . . . કલ નહીં દીયા. .. .. તો લોગોને લે જાવો જીતને કારતુસ હૈ બંદુક હૈ લે જાવ. . . . . હમને ઐસે કરકે ૨૩ ઈકટ્ઠી કી રિવોલ્વોર ઔર ફિર યે સાબ રીવોલ્વોર સે કોઈ નહીં મારા ફિર. . . યે કયાં હુવા કી ડરાતે ધમકાત એક બહુત બડા ખડ્ડા થા ઉસમે યહ સબ જા કે છુપ ગયે તો ચારો બાજુસે ઘેલ લીયા ઔર જો થા વો ચાટચુંચ કે પુરા કર દીયા. . . . . . . ઉસ ટાઈમ ફિર હમને બોલ દીયા સાત બઝે. . . . .

તહેલકા:- વહાં પાટીયા મેં. . .. . .. પાટીયા કહેતે હૈ ને ઉસકો?

બાબુ બજરંગી:- પાટીયા પાટીયા. . . . . .

તહેલકા:- પાટીયા મેં બતાઈયેના પાટીયા કીસ તરહ કા હૈ?

બાબુ બજરંગીઃ- પાટીયા એક. . . . . એસ.ટી.કા વર્કશોપ હૈ ઉસકે બાજુ મેં દિવાલ હૈ ઉસકે બાજુ મેં દિવાલ હૈ. .. . તો ઉસકો. . . . પાટીયા કે સામને મસ્જીદ હૈ. . .. . . ઉસકે સાથ મેં એક ખડ્ડા ભી હૈ બહોત બડા. . . . . તો વહાં મેદાન મેં સબકો મારાવારા. . .. . હમને સાત બજે ફોન કર કે ગૃહમંત્રી કો બતા દીયા થા ઔર જયદીપભાઈકો ભી બતા દીયા થા કી ઈતને લોગ મારે હૈ આપ સબ સંભાલ લેના. . . . . .. ઉન્હોને કુછ ભી કિયા નહીં, સંભાલા કી કયાં હુવા. .. . . .. રાત કો ઢાઈ બજે મેરે નામકા એફ.આઈ.આર હો ગયા ઔર એફ.આઈ.આર. હો કે . . . . હો ગયા ભાઈ દેખો વહાં થા . .. . ઓર્ડર ભી દીયા કમીશ્નરને. . . . . .

(ચાચા) આનંદજી :- નરેન્દ્રજી ને?

બાબુ બજરંગીઃ- હા, કમીશ્નરને દે દીયા?

(ચાચા) આનંદજીઃ- નરેન્દ્રજી સે નહીં આપકી ચલતી થી?

તહેલકાઃ- નરેન્દ્રભાઈ. . . .

બાબુ બજરંગીઃ- ના. નરેન્દ્ર. . . . . ઉસ ટાઈમ તો ઉન્હો ને ફિર કંટ્રોલ ગોથા .. . . નરેન્દ્રભાઈ તો હમારે સાથ મેં બહોત રહે. . . . . ઉસ ટાઈમ તો કમિશ્નરને ઓર્ડર દે દીયા . .. . ઓર્ડર દીયા ફિર હમકો બોલા ગયા કી ભાઈ ઘર છોડ દો. . . . . . હમ ઘર છોડ કે ભાગે. . . . . ફિર નરેન્દ્રભાઈને હમકો યહાં આબુ માઉન્ટ મેં રખા. . . . આબુ માઉન્ટ મેં ગુજરાત ભવન હૈ ઉસમે હમકો સાડે ચાર મહીના વહાં રખા. . . . . ઉસકે બાદ નરેન્દ્રભાઈ જૈસા બોલતે. . . .. .ફિર એરેસ્ટ ભી હુવે.. .. . .એરેસ્ટ હો કે વહાં છ મહીને રહે.. . . . . ફિર નરેન્દ્ર ભાઈને હમકો છુટવાયા ઔર જો ગુજરાત મેં નરેન્દ્રભાઈને કીયા વો કોઈ નહીં કર શકતા હૈ. . . . . યદી નરેન્દ્રભાઈ હમકો નરેન્દ્ર ભાઈકા સાથ નહીં હોતા કી ઉસકા પ્રતિકાર દે ભી નહીં શકતે. .. . . કયોં કી પુલીસ સામને ખડી થી દેખતી થી સબ કુછ હોતા થા મગર પુલીસને મુંહ બંદ ઔર આંખ બંદ કર દી થી . . . .

(ચાચા) આનંદજી :- (આ સંભળાતુ નથી)

બાબુ બજરંગીઃ- નહીં નહીં સાહબ. .. .. . ઉસ ટાઈમ તો પુલીસ ચાહતી તો હમ કો નહીં ઘુસને દેતી. .. . . પાટીયા કે અંદર નહીં ઘુસને દેતી. . . . એક હી નાકા થા. .. . . દરવાજા એક હી હૈ જૈસે સોસાયટીકા એક હી નાકા ફિર પુરા પાટીયા શુરૂ હોતા હૈ. . . . . મુસલમાન લોગ શુરૂ હોતે હૈ. .. .. . ઉનકો રોકના હોતા તો પુલીસ વહાં ૫૦-૬૦ ખડી થી. . . . . તો વહી હમકો રોક લેતી. . . .. . .

(ચાચા) આનંદજીઃ- (પોતાનો ફોન ઉપાડે છે)

બાબુ બજરંગીઃ- પુલીસ યદી ચાહતી તો હમકો નહીં ઘુસને દેતી અંદર.. .. . પુલીસ કા હમકો બહોત સાથ થા. . . . . . નરેન્દ્રભાઈ કે હિસાબ સે. . . . . . ઔર ઈસકે હિસાબ સે પુરે

ગુજરાત મેં જો ભી હુવા બહોત અચ્છા હુવા કી ઈન લોગોંકો થોડી શાંતિ હુઈ. . . . નહીં તો યે લોગ ઈતને ઉપર ચડ ગયે થે. .. . . ઉસકે બાદ જો આગે ચલતે ગયે. . . . .

(ચાચા) આનંદજીઃ- અચ્છા કિસ હિસાબ સે હુવા?

બાબુ બજરંગીઃ- અચ્છા તો નરેન્દ્રભાઈ થે તો અચ્છા હુવા કી કાટે ઉન લોગો કો. . . . . .

ચાચા (આનંદજી):- સ્પષ્ટ અવાજ નથી.

બાબુ બજરંગીઃ- નરેન્દ્રભાઈ ખુશ થે, પબ્લીક ખુશ થી હમ લોગ ખુશ થે તો વો હો ગયા ઉસકે બાદ જેલ ભી જા કે આયે વાપસ આયે. .. . . વાપસ આને કે બાદ મે કાર્ય ચલતા રહા. . . .

<u>પેજ નં.૩૫ પેરા નં.૪૪</u>

વધુમાં, આ જ વાતચીતમાં એવી પણ વાતચીત થયેલી કે,

તહેલકાઃ- કમસેકમ પાટીયા મેં . .. . ઔર ગાંવ મેં ભી દોનો જગ્યા. . . ..

બાબુ બજરંગીઃ- નરોડા ઔર નરોડા પાટિયા.. . .. .

તહેલકાઃ- નરોડા ગાવ હૈ . . . . . .

બાબુ બજરંગીઃ- આધે કિલોમીટર કા ડીસ્ટન્સ હૈ. . . . . નરોડા ઔર નરોડા ગાવ મે. . . . તો દોનો મેં હમને ખુબ ખુબ. . . . . . કોઈ સંખ્યા. .. . . કમ સે કમ વહાં નહીં કાટા હોગાના સાહબ નરોડા ઔર નરોડા પાટીયા મેં . . . . .. . ફિર ઉન્હોને લાશે લાશે ઉઠા ઉઠા કે ફેંક દીયા. કુવા થા એક કુવે મેં ડાલ કે ધરપ દીયા. .. . પહેલે તો મેં ઉનસે બાત હી નહીં કરતા થા.. . . . . યે પેહલી બાર મેરે મીલને સાહબ મેં બોલાયા યે કહી . . . . . . હમારે યહાં બહોત પત્રકાર ઔર જૈસે તૈસો આદમી આતે હૈ તો મેરે કો પુછતે હૈ આપ પાટીયા કાંડ મેં. . . . . . બોલા મેં પાટીયા કાંડ થા હી નહીં મેં તો બહોત દુર હોસ્પીટલ મેં દાખીલ થા.

<u>પેજ નં.૩૬ પેરા નં.૪૫</u>

વધુમાં, આ જ દિવસે થયેલ વાર્તાલાપમાં એવી પણ વાત થયેલી છે કે,

તહેલકાઃ- બતાઈયે ના ઈસે ફિર કૈસે?

(ચાચા) આનંદજીઃ- આપને બંદુક લો લી. . . . બાકી વો ગેસ સીલીન્ડર કહાં સે?

બાબુ બજરંગીઃ- ઉનકે હી થે ના સાહબ, યે ઘરમે ઘુસે તો યહાં સે સીલીન્ડર લીયા ઔર મારી ધડાક. . . . ફુટે. . . . રીવોલ્વોર તો થી હમારે પાસ . . . . ઉસ ટાઈમ તો હમને મજા હી ઔર થા સાહબ .. . .. ઔર હમારે ચાર કાર્યકર્તા મર ગયે ઉસમેં. . . .. ઔર ઉનકી ભી કોઈ સુનવાઈ નહીં હૈ. . .. . .

તહેલકાઃ- મેં ઉનકે ઘર હો કે આયા . . . . .

બાબુ બજરંગીઃ- વિશ્વ હિન્દુ પરીષદ કે નામ પે પ્રવિણ તોગડિયા ખડા રહે કે બજારમેં કુછ ભી કરે સાહબ દો સો આદમી ઉસકે સાથ મેં આજ લગને વાલે નહીં હૈ ઔર ચેલેન્જ કે સાથ

બોલતે હૈ કી વિશ્વ હિન્દુ પરિષદને યદી કોઈ ભી કાર્યક્રમ વહાં દેના ચાહે કુછ ભી કાર્યક્રમ નહીં હોવે. . . .

તહેલકાઃ- ઈન લોગો. .. . . મસ્જીદ પે ચડ કે સુવર બાંધા. . . . .

બાબુ બજરંગીઃ- હમને પુરી ટેન્કર હૈ ના. . . . નરોડા પાટીયા કી ટેન્કર ભરી હુઈ થી . . . . . વો ચડા કે ઉસકે અંદર ધુસેડ દી થી.. . . . . .

તહેલકાઃ- ટેન્કર ઉસકા પેટ્રોલ કા થા ના?

બાબુ બજરંગીઃ- ડીઝલ. .. . . ડીઝલ કા ટેન્કર પુરા ધુસેડ દીયા ફિર આગ લગાઈ થી. .. .

તહેલકાઃ- મતલબ પાટીયા મેં ઉસ ટેન્કર સે આગ લગાઈ?

બાબુ બજરંગીઃ- મસ્જીદ મેં. . . . . .

તહેલકાઃ- મસ્જીદ મેં?

બાબુ બજરંગી :- બાકી ઉસ ટાઈમ તો હમારી નેતાગીરી થી.. .. . હમને જો કરના થા વો કર દીયા. . . . હમકો હો ગયા કી સાહબ. . . . . . .

ઉપરની તમામ હકીકત અને આ કામે રજુ થયેલ ટ્રાન્સક્રીપ્ટ વંચાણે લેતા આ આરોપી સદર ગુનાના કામે સામેલ હોવાના અને તેમણે સદર ગુનાના કામે સક્રિય ભુમિકા ભજવેલા હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જે નહી માનવાને કોઈ કારણ નથી.

વધુમાં જણાવવાનું કે આ આરોપીઓનાં સ્ટીંગ ઓપરેશન દરમ્યાન તેમણે ગુનાની કબુલાત કરતી વખતે પોતાના અવાજે જે વાતચીત કરેલ છે તે અવાજવાળી સી.ડી. અને ત્યારબાદ નામદાર કોર્ટની પરવાનગગીથી આ આરોપી નં.૧૮, ૨૧ અને ૨૨ ના આકાશવાણી પોતે વોઈસ ટેસ્ટ લેવામાં આવેલા અને આકાશવાણીના અધિકારીઓએ ત્રણેય આરોપીઓના અવાજનાં જુદા –જુદા સેમ્પલ ચાલુ ટ્રાયલે લઈ તે અવાજ ઉચ્ચારણોની સરખામણી કરવા આરોપીઓની અવાજના સેમ્પલ અને સીડી એફ.એસ.એસ જયપુર ખાતે મોકલવામાં આવેલ અને એફ.એસ.એલ. જયપુરનાં અધિકારીઓએ આરોપીઓના અવાજની સરખામણી સી.ડી.ના અવાજ સાથે કરી ત્રણેય આરોપીઓનો સ્પેક્ટ્રોગ્રાફી રીપોર્ટ નામદાર કોર્ટમા રજુ છે તે રીપોર્ટ પ્રમાણે એવુ ફલીત થાય છે કે આરોપીઓએ સ્ટીંગ ઓપરેશન દરમ્યાન કરેલ ગુનની કબુલાત વખતનો અવાજ અને આકાશવાણીમાં આરોપીઓનાં અવાજનાં સેમ્પલ લીધેલા તે અવાજ સરખા હતા એટલે કે આરોપીઓના જ હતા જે સ્પેક્ટોગ્રાફી ની રીપોર્ટ. . .. . આંક થી નામદાર કોર્ટમાં રજુ છે. આ સ્પેક્ટ્રોગ્રાફીના રીપોર્ટ ઉપર સ્પષ્ટ થાય છે કે સ્ટીંગ ઓપરેશનની સી.ડી.માં જે સંવાદો આરોપીઓએ બોલેલા છે તે અવાજ આ આરોપીઓનાજ છે. તેથી આ સાહેદની જુબાનીને નહિ માનવાને કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આ કામે સાહેદ નં.૩૧૪ આંક ૨૨૧૨થી આકાશવાણીના ડાયરેક્ટર ભગીરથપ્રસાદ મણીલાલ પંડયાને તપાસવામાં આવેલા છે તેમણે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ, આ સાહેદ આરોપી નં.૧૮,૨૧,૨૨ ના વોઈસ સેમ્પલ લીધા છે અને તે નમુના એફ.એસ.એલ જયપુર ખાતે મોકલવામાં આવેલા અને એફ.એસ.એલ. જયપુરનાઓએ આરોપીઓના વોઈસ સેમ્પલ અને સીડીમાના આરોપીઓના વોઈસ (અવાજ) ની સરખામણી કરી રીપોર્ટ આપેલ જે રીપોર્ટ પોઝેટીવ આવેલ છે. તે રીપોર્ટ નામદાર કોર્ટના રેકર્ડ ઉપર છે. આ એફ.એસ.એલ. જયપુરના અવાર પરીક્ષણના રીપોર્ટ ઉપરથી સાબીત થાય છે કે તહેલકાની સીડીમાં જે અવાજડ છે તે આરોપીઓના જ છે. તેથી શંકાને સ્થાન રહેતો નથી.

આ કામમાં સાહેદ નં. ૩૨૩ આંક ૨૨૭૪ થી ડો. શૈલેન્દ્ર રામકીશોર ઝા ને તપાસેલ છે તેમણે નામદાર કોર્ટ રૂબરૂ સ્પષ્ટપણે જણાવેલ છે કે, અમોને મોકલેલ ત્રણ વ્યક્તિઓના નમુનાના અવાજો સીડી તથા વીસીડી માં રેકર્ડ થયેલા અવાજ એક જ છે. આમ આ સાહેદની જુબાની ઉપરથી ફલિત થાય છેકે સ્ટીંગ ઓપરેશન ની સીડીમાં આરોપી નં. ૧૮, ૨૧, ૨૨ ના અવાજો હતા. અને તેવો જ સ્ટીંગ ઓપરેશનમાં જાતે ખોલેલું છે. આમ આ સાહેદ પણ આશિષ ખેતાનની જુબાનીને સમર્થન આપે છે.

આમ, આ કામે ઉપરોક્ત રીતે રજુ થયેલ આંક------ થી સીબીઆઈએ મેળવેલ એફએસએલ રિપોર્ટ તથા આંક------ થી આવેલ વોઈસ સ્પેકટોગ્રાફીનો પરિક્ષણ રિપોર્ટ જોતા ઈલેક્ટ્રોનીક એવીડન્સ આ નામદાર કોર્ટ સમક્ષ રજુ થયેલ છે અને તે જોતા સ્ટીંગ ઓપરેશન એવીડન્સ એક્ટ મુજબ સાબિત થયેલ છે.

સ્ટીંગ ઓપરેશન બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે ખાસ ગાઈડ લાઈન આપેલ છે અને ઈલેક્ટ્રોનીક એવીડન્સ કયા સંજોગોમાં કયારે પુરાવામાં ગ્રાહય ગણાય તેવી સ્પષ્ટ ગાઈડ લાઈન નામદાર સુપ્રીમ કોર્ટે ઘણા ચુકાદામાં આપેલ છે.

અમો તે માટે આપ નામદાર કોર્ટનું ધ્યાન III (2009) CCR 402 (SC), R.K. Anand Vs. Ragistrar Delhi High Court ના જજમેન્ટમાં પેરા નં. ૭૨, જેમાં ટેપરેકોર્ડેડ એવીડન્સ પુરવાર કરવા બાબતે નિરીક્ષણ કરવામાં આવેલ છે.

72. In regard to the admissibility in evidence of tape recorded statements Mr. Ahmed cited a number of decisions of this Court in (i) N. Shri Rama Reddy V. Giri, (1970)2SCC 340; (ii) R.M. Malkani V. State of Maharashtrha, (1973) 1SCC 471;
(iii)Mahabir Prasad Verma v. Dr Surinder Kaur, (1982) 2SCC 258 and (iv) Ram Singh v. Col. Ram Sing, (1985) Suppl SCC

611. He also referred to two foreign decision on the point, one in (i) R v. Stevenson, 1971 (1) All ER 678 and the other of the Supreme Court, Appellate Division of the State of New York v. Francis Bell (taken down from the internet). We need here refer to the last among the decision of this Court and the English decision on R. Stevenson. In Ram Singh, a case arising from an election trial the court examined the question of admissibility of tape recorderd conversations under the relevant provisions of the Indian Evidence Act. The court lay down that a tape recorderd statement would be admissible in evidence subject to the following conditions:

> " Thus, so far as this Court is concerned the conditions for admissibility of a tape-recorderd statement may be stated as follows-
>
> (1) The voice of the speakers must be duly identified by the maker of the record or by other who recognize his voice. In other words, it manifestly follows as a logical corollary that in the first condition for the admissibility of such a statement is to identify the voice of the speaker. Where the voice has been denied by the maker it will require very strict proof of determine whether or not it was really the voice of the speaker
>
> (2) The accuracy of the tape recorded statement has to be proved by the maker of the record by satisfactory evidence direct or circumstantial.
>
> (3) Every possibility of tampering with or erasure of a part of a tape- recorded statement must be ruled out otherwise it may render the said statement out of context and, therefore inadmissible

(4) The statement must be relevant according to the rules of Evidence Act.

(5) The recorded cassette must be carefully sealed and kept in a safe or official custody.

The voice of the speaker should be clearly audible and not lose or distorted by other sounds or disturbances.”

**તે જ રીતે વીડીયો ટેપ પુરાવામાં કઈ શરતોએ ગ્રાહ્ય ગણવો જોઈએ તે માટે સદર જજમેન્ટના પેરા ૭૪ માં નીચે મુજબ નિરીક્ષણ કરવામાં આવેલ છે**

74. Mr. Ahmed also referred to another decision by a US Court on the admissibility of video tapes. This is by the Court of Appeal of the State of North Caroline in State of North Carolina v, Michale Odell Sibley (downloaded from the internet). In this decision there is a reference to an earlier decision of the same Court in State v. Cannon, 92 NC App. 246, etc. in which the conditions for admissibility of video tape in evidence were laid down as under:

“The prerequisite that the offer or lay a proper foundation for the videotape can be met by –

(1) testimony that the motion picture or videotape fairly and accurately illustrates the events filmed (illustrative purpose); (2) ‘proper testimony concerning the checking and operation of the video camera and the chain of evidence concerning the videotape….,’ (3) testimony that ‘the photographs introduced at trial were the same as those (the witness) had inspected immediately after processing,’ (substantive purpose); or (4) ‘testimony that the videotape had not been edited, and that the picture fairly and accurately recorded the actual appearance of the area photographed.”

## <u>તોહમતદાર નં.(૧૯) પદમેન્દ્રસીંહ ઉર્ફે પી.જે.રાજપુત જસવંતસિંગ રાજપુત</u>

- એફ.આઈ.આરમાં નામ છે.

(૧) વિનુભાઈ ખેમાભાઈ દેલવાડીયાં (વી.કે.સોલંકી) સાહેદ નં. ૨૬૨, આંક-૧૭૭૦

- તા. ૨૮.૨.૦૨ ની ફરીયાદ માં (એફ.આઈ.આર) નામ આપેલ છે.- ટોળામાં આગેવાની કરતા બતાવેલ

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૮,</u>

આ દરમ્યાન અમારા જે તે સમયના નાયબ પોલીસ કમિશ્નરશ્રી, પી.બી.ગોંદિયા સાહેબ તેમજ જી ડીવીઝનના એ.સી.પી. શ્રી એમ.ટી.રાણા સાહેબ તેમજ નરોડા પોલીસ સ્ટેશનના સીનીયર પો.ઈ.શ્રી કે.કે.મૈસોરવાલાનાઓ પણ આ જગ્યા પર આવી ગયેલા. તે વખતે કૃષ્ણનગર, સૈજપુર ફદેલી, કુબેરનગર, છારાનગર એમ તમામ જગ્યાથી લોકોના ટોળેટોળા નુરાની મસ્જીદ તેમજ હુસેનનગરના છાપરા પાસે આવી એકઠા થઈ ગયેલા.

<u>- પેજ નં.૫-૬ પેરા નં,૯</u>

આ ટોળામાં તે સમયે આગેવાન તરીકે વી.એચ.પી. તેમજ ભાજપ ના સક્રિય કાર્યકરો કિશન કોરાણી, પી.જે.રાજપુત, હરેશ રોહેરા, બાબુ બજરંગી તેમજ રાજુ ચૌમલનાઓ હતા. તેઓ ટોળાઓની આગેવાની લઈ ટોળાઓને ઉશ્કેરતા હતા અને જોત જોતમાં મુસ્લીમ કોમની દુકાનો, મકાનો તેમજ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તોડફોડ કરતા હતા સળગાવી નાંખી લુટફાટ કરતા હતા.

હું જણાવી ગયો તેમ તે પાંચેય જણાં મારી નાખો કાપી નાંખો તેવી બુમો પાડી ટોળાના માણસોની ઉશ્કેરણી કરતા હતા. જેથી ટોળાને વિખેરી નાંખવા માટે અમારી જીપમાંના લાઉડ સ્પીકરમાંથી વારંવાર એનાઉન્સમેન્ટ કરી ટોળાને વિખેરાઈ જવાની વોર્નીગ આપેલી. આવી વોર્નીગ આપી હોવા છતાં ટોળાના માણસો બેફાન બની દુકાનો, મકાનો સળગાવવાનો તથા નુરાની મસ્જીદને સળગાવવાનું ચાલુ રાખેલ અને આ ટોળાના માણસો આ તમામ જગ્યાએ લુંટફાટ પણ કરતા હતા.

આ સાહેદે સમગ્ર બનાવ સમયે તે એફ.આઈ.આર. માં આરોપીનું નામ ટોળાની આગેવાની કરતા બતાવેલ છે અને ના.કોર્ટની રૂબરૂની જુબાની માં આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદે આરોપીનું નામ શરૂઆતથી જ બનાવના પ્રથમ દિવસથી જ હોવાની આગેવાની કરતા બતાવેલ છે અને એફ.આઈ.આર.માં પણ એ રીતે જણાવેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે સાહેદે આરોપીને નુરાની મસ્જીદ પાસે તેમજ હુસેનનગરના છાપરા પાસે ના ટોળામાં ટોળાની આગેવાની કરતા જોયેલ છે તેમની સાથે બીજા તો.દારો પણ હાજર હતા. આ સાહેદે આ સમગ્ર બનાવ તેમની ફરજ ઉપર હાજર પેટ્રોલીંગ કરતી વખતે નુરાની મસ્જીદ પાસેથી જોયેલ છે તેવુ આ સાહેદની જુબાની ઉપરતી સ્પષ્ટપણે જણાઈ આવેલ છે. આમ સાહેદ નજરે નજર જોનાર સાહેદ છે આ સાહેદે આરોપીને ટોળાની આગેવાની કરતા તેમજ ટોળાને ઉશ્કેરણી કરતા તેમજ મુસ્લીમોની દુકાનો મકાનો તેમજ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તોડફોડ કરી સળગાવી નાંખી લુંટફાટ કરતા સાહેદે આરોપીને પોતાની નરી આંખે જોયેલ છે.

આમ સાહેદની જુબાની પ્રમાણે આરોપી નુરાની મસ્જીદ પાસેના ટોળામાં હાજર હતો અને ટોળાને ઉશ્કેરણી કરતા હતા જેથી ટોળાને મનોબળ મળેલ અને ટોળુ વધુ ઉગ્ર બનેલ અને ત્યારબાદ આરોપીએ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તેમાં તોડફોડ કરી મકાનો દુકાનોને આગ લગાવી લુંટફાટ કરેલ છે તેવુ સ્પષ્ટપણે સાહિત થાય છે જે નહી માનવાને કોઈ કારણ જણાઈ આવતુ નથી.

આ સાહેદને ના.કોર્ટને જુબાનીમાં સાહેદનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૨) કેરમાન ખુરશીદ મૈસુરવાલા (નરોડા પો. સ્ટે. પી.આઈ.) સાહેદ નં. ૨૭૪, આંક- ૧૮૨૪

- તા ૨૫.૧૦.૦૮ના સીટના જવાબમાં આરોપી - આરોપી સામે પુરાવો હોવાથી અટક કરેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.
- <u>પેજ નં.૧૨ પેરા નં. ૨૩</u>

આ અગાઉ બપોરે ભેગા થયેલા ટોળાઓમાં બે વાગ્યા પછી નુરાની મસ્જીદ તથા હુસેનનગરની ચાલીના વચ્ચેના ભાગે મેં ટોળાઓની વચ્ચે કિશન કોરાણી, પી.જે.રાજપુત, રાજુભાઈ ચોબલ તથા બાબુ બજરંગીનાઓને વાતચીત કરતા તથા ટોળાને સમજાવતા જોયેલા અને ટોળું આ સમયે મારો કાપો ની બુમો પાડી રહેલું હતુ. મે આ ચારેય માણસોને પોણ ત્રણ વાગ્યા સુધી આ ટોળામાં જોયા હતા.

આ સાહેદે શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની સ્પષ્ટ ફલીત થાય છે કે આરોપી નુરાની મસ્જીદ પાસે ટોળાના બીજા આરોપીઓ સાથે હાજર હતા. આ સાહેદ ના.કોર્ટ રૂબરૂ જણાવે છે કે આરોપી તથા અન્ય આરોપી ટોળાને સમજાવતા હતા અને ટોળુ મારો કાપોની બુમો પાડી રહેલુ આ સાહેદે આરોપીને ૨ઃ૪૫ વાગ્યા સુધી ટોળામાં જોયા છે. આમ આ સાહેદની જુબાની ઉપરથી સહી શકાય કે આરોપી ટોળા સાથે જે વાતચીત કરી એટલી હદે ઉશ્કેરણી કરતા હતા કે ત્યારબાદ ટોળાઓ ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલ અને સાંજના સમય સુધી ટોળાએ બેરહેમી પુર્વક માર કાપ, લુંટફાટ ચલાવી છે. આ સાહેદે આરોપી ટોળાની સાથે શું વાત કરતા હતા તે સાંભળેલ નથી પરંતુ તે એવુ જણાવે છે કે આ સમયે ટોળુ મારો કાપોની બુમો પાડતુ હતુ તે ઉપરથી કહી શકાય કે આરોપી અન્ય  સહ તો.દારો સાથે મળી માર કાપ કરવાની વાતચીત કરી તેમના કાવતરાને અંજામ આપતા હતા તેવુ કહિ શકાય કારણ કે આ સાહેદ સિવાય આ આરોપીને બીજા ઘણા સાહેદોએ ટોળામાં આગેવાની લેતા અને તલવાર સાથે માર કાપ કરતા પણ જોયેલ છે. આથી આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી અન્ય આરોપીઓ સાથે મારકાપ કરતા ટોળામાં હાજર હતા.

વધુમાં આ સાહેદ એવુ પણ જણાવે છે કે આ આરોપી સામે આ ગુનાના કામે પુરતા પુરાવા મળી આવતા અટક કરેલ છે તેથી પણ એવુ ચોક્કસ કહી શકાય કે આરોપી સામે ગુનાની સંડોવણી બાબતે આ ગુનામાં પુરતો પુરાવા હોવાથી જ આરોપીની અટક કરેલ છે. તેથી આ સાહેદને નહિ માનવાને કોઈ કારણ નથી.

(૩) મદનસિંહ તખતસિંહ રાણા, સાહેદ નં. ૨૭૭, આંક- ૧૮૬૭

- તા ૧૪.૫.૦૨ ના નિવેદનમાં આરોપી તોફાની ટોળામાં જોયેલા. ટોળામાં વાતચીત કરતા હતા. તે ટોળુ મારો કાપોની બુમો પાડતો હતો

- નામદાર કોર્ટ રૂબરૂ જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૭</u>

મુસ્લીમો પણ હિન્દુઓ તરફ ઉશ્કેરાઈ ગયેલા હતા. વધુમાં હિન્દુઓએ મુસ્લીમોના રહેણાંક, દુકાનો, મસ્જીદ તથા નુરાની મસ્જીદ વિસ્તારમાં આગ લગાડેલી.

<u>- પેજ નં.૧૦ પેરા નં. ૨૧</u>

ટોળાઓને વિખેરવા પુનઃપ્રયાસ કરતા હતા. તે ટોળાઓમાં ઉપસ્થિત શ્રી પી.જે. રાજપુત, કિશન કોરાણી, રાજુ ચૌબલ અને બાબુ બજરંગીનાઓ હતા. તેઓને મેં જોયેલા. આ ચારેય ઈસમો ટોળાના માણસો સાથે કોઈ વાતચીત કરતા હતા. પરંતુ તે શી વાતચીત થતી હતી તે અમે સાંભળેલી નહીં. પરંતુ ટોળુ પછી વધુ ઉશ્કેરાઈ ગયેલું. આ ટોળાને વિખેરી નાંખવા માટે પોલીસે ફરીથી લાઠીચાર્જ, ટીયરગેસનો રોલ તથા ફાયરીંગ કરેલું. જો કે ટોળામાં થોડોક ઘટાડો  થયેલો. પરંતુ ટોળુ વિખેરાતુ ન હતુ. આ તમામ તે દિવસે સાંજના ૪.૦૦ વાગ્યા સુધી ચાલેલું. બપોરના ૪.૦૦ થી ૪.૩૦ વાગે ટોળુ થોડુક ઘટતા તથા હું તથા પી.આઈ.શ્રી મૈસુરવાલા બીજ અન્ય બનાવોના સંદેશો આવવા લાગતા જે તે સ્થળો ઉપર ગયેલા. અમો આ રીતે ગયા તે અગાઉ પો.ઈન્સ્પેક્ટર શ્રી ગોહેલને પણ સંદેશો મળતા સ્થળ ઉપર રવાના કરેલા. આ પ્રકારના સંદેશાઓ નરોડા ગામ તથા નરોડા ગામની  મસ્જીદની સ્થળ માટેના આવતા હતા.

આ સાહેદે પોલીસ નિવેદનમાં આરોપીને મારો કાપોની બુમો પાડતા ટોળામાં જોયેલ છે તે રીતે નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરતી એવુ ફલીત થાય છે કે આરોપી મુસ્લીમોને રહેણાંક, નુરાની મસ્જીદ, દુકાનો વિગેરે વિસ્તારમાં જે ટોળાએ આગ લગાડેલી તે ટોળામાં આરોપી હાજર હતો અને તેમણે આરોપીને નજરો નજર જોયેલ છે. આ સાહેદની જુબાની ઉપરથી એવુ ચોક્કસ કહી શકાય કે આ આરોપીએ બીજા  તો.દારો સાથે મળી ટોળાની સાથે કંઈક વાતચીત કરેલ અને ત્યારપછી ટોળુ વધુ ઉશ્કેરાઈ ગયેલ તેવુ આ સાહેદ જણાવે છે તે ઉપરથી એવુ ચોક્કસ કહી શકાય કે આ આરોપી તેની સાથેના બીજા તો.દારોએ ટોળાને ઉશ્કેરણી જનક શબ્દ બોલ્યા હશે જેના ફળ સ્વરૂપે ટોળુ ઉશ્કેરાઈ ગયેલુ તેવુ નહી માનવાને કોઈ કારણ નથી.

આમ આ સાહેદની જુબાની ઉપરથી એવુ સ્પષ્ટપણે ફલીત થાય છે કે આ આરોપીએ બીજા આરોપી સાથે મળી ટોળાની ઉશ્કેરણી કરેલ છે અને તે ઉશ્કેરાયેલા ટોળાએ નરોડા પાટીયામાં સુાહીક હત્યાકાંડ સર્જી લુંટફાટ, બળાત્કાર અને મુસ્લીમોની મિલ્કતને આગ લગાડવાનું કૃત્ય કરેલ છે જેથી આ સમગ્ર બનાવમાં આરોપીની સક્રિય ભુમિકા સાહિત થાય છે તેવુ નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે આરોપીને ના.કોર્ટની જુબાનીમાં નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

**(૪) પરબતસીંહ વજેસીંહ ઠાકોર, સાહેદ નં. ૨૬૬, આંક-૧૭૮૫**

**- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ નથી.**

**<u>- પેજ નં. ૪-૫ પેરા નં૧૦</u>**

બપોરના આશરે બે સવા બે વાગ્યાની આસપાસ નરોડા વિસ્તારના કાર્યકર્તા કિશન કોરાણી, બાબુ બજરંગી, પી.જે.રાજપુત અને રાજુ ચોબલને અમે નરોડા પાટીયામાં ટોળાના માણસો વચ્ચે જોયેલા. તેઓ કાંઈક વાતચીત કરતા હતા. ટોળું ત્યારે પથ્થરમારો તથા તોફાન કરતું હતુ તેમજ હો હા કરતુ હતુ. અમે નુરાની મસ્જીદની આસપાસ હાજર હતા ત્યારે નુરાની મસ્જીદ પર હુમલો થયેલો. મેં જોયેલું કે, ટોળાના માણસો પથ્થરમારો કરતા હતા. અમને એવો સંદેશો પોલીસ કંટ્રોલ રૂમમાંથી પણ મળેલો. અમે નુરાની મસ્જીદની આસપાસ પણ લાઠીચાર્જ કરી તે સમયે પબ્લીકને ભગાડવાની કોશીશ કરેલી. ટોળુ અમારા પ્રયત્નોથી થોડીવાર માટે વિખેરાતુ પણ પછી પાછુ ટોળુ આવી જતુ.

આ સાહેદે પોલીસ જવાબમાં આરોપીનું નામ ઉશ્કેરણી કરતા જણાવેલ છે આ સાહેદ બનાવના દિવસે પી.આઈ.ની જીપમાં ફરજ બજાવતા હતા અને તેમણે આ બનાવ નજરો નજર જોયેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીના પેરા નં.૧.૧૦ માં આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી નરોડા વિસ્તારના નામચીન ઈસમ છે. સાહેદ તેમને સારીરીતે ઓળખે છે. સાહેદે આરોપીને ટોળાના માણસો વચ્ચે જોયેલ છે. અને આરોપીએ ટોળાની સાથે કંઈક વાતચીત કરતા હતા અને ટોળુ ત્યારે તોફાનો, પથ્થરમારો અને હો હા કરતો હતો. આ સાહેદ જ્યારે નુરાની મસ્જીદ પાસે હતો ત્યારે તેઓ નુરાની મસ્જીદ ઉપર હુમલો થતા પણ જોયેલ છે.

આમ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે કે આરોપી ટોળાને ઉશ્કેરતો હતો અને ટોળાનું ભાગ બની નુરાની મસ્જીદ ઉપર હુમલો કરતો હતો તો નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીને ઓળખી શકેલ નથી.કારણ કે આ આરોપી અન્ય આરોપી નંબર ૪૪ જોડે બેસેલ હતા અને આ બન્ને આરોપીઓ દેખાવે સામ્યતા ધરાવતા હોઈ આ આરોપી ને ઓળખવામાં આ સાહેદ થાપ ખઈ ગયેલ છે અને તે કારણે ઓળખી શકયા નથી.

# તોહમતદાર નં.(૨૦) કિશન ખુબચંદ કોરાણી

- એફ.આઈ.આરમાં નામ છે.

## (૧) બાસુદ્દીન મૈયુદ્દીન સૈયદ સાહેદ નં. ૭૩, આંક-૫૧૪

- ૪.૬.૦૮ ના સીટના જવાબમાં રીવોલ્વોર સાથે ટોળામાં હતા

- નામ આપ્યું – ઓળખ્યા

<u>પેરા નં.૯ પેજ નં.૫</u>

થોડા સમયમાં કુબેરનગર પાટીયા નટરાજ હોટલ તરફથી એક મોટુ ટોળુ આવતું હતુ. આ ટોળું નુરાની મસ્જીદ તરફ આવતું હતુ. આ ટોળુ સુત્રોચ્ચાર કરતુ હતુ. તેઓ જય શ્રી રામ ના નારા લગાવતા હતા. આ ટોળાની આગેવાની કિશન કોરાણી, અશોક સીંધી, સુરેશ લંગડો તથા મનોજ વીડીયોવાળો કરતા હતા. આ ટોળામાં મનોજ વિડીયોવાળો તથા કિશન કોરાણી પાસે રીવોલ્વર હતી. બીજા ટોળાના માણસો પાસે તલવારો, ત્રિશુલ, ભાલા, લોખંડની પાઈપ વગેરે હથીયારો હતા.

- <u>પેરા નં.૧૦ પેજ નં.૬</u>

આ ટોળાના માણસો મસ્જીદની બાજુમાં આવેલી મુસલમાનોની દુકાનને આગ લગાડતા હતા અને આ ટોળાના માણસો પથ્થરમારો પણ કરતા હતા. મે આ તમામ જોયુ ત્યારે આશરે સાડા નવ વાગ્યા હશે.

<u>પેરા નં.૧૧ પેજ નં.૬</u>

આ સમયે અમારા ચાલીના માણસો ગફુરભાઈના ઘર પાસે ઉભેલા હતા. ત્યાં નરોડાના પી.આઈ.શ્રી મેસોરવાલાના ઘર પાસે ઉભેલા હતા. ત્યાં નરોડાના પી.આઈ.શ્રી મેસોરવાલા પણ તેમની જીપ સાથે હાજર હતા.

<u>પેરા નં.૧૪ પેજ નં.૮</u>

ટોળાના માણસોમાંથી કોઈ દુકાન સળગાવતું હતુ, કોઈ મસ્જીદને નુકશાન કરતુ હતુ અને આ ટોળાના ઉભેલા એક માણસે મસ્જીદની નજીકમાં ઉભેલા ટેન્કરને ચાલુ કરી આ મસ્જીદના દરવાજાની અંદર ઘુસેડી દીધેલું. આનાથી મસ્જીદનો દરવાજો તથા તેની બાજુમાં આવેલ મિલન હોટલ તુટી ગયેલી.

<u>-પેરા નં.૧૭ પેજ નં.૧૦-૧૧</u>

આ દરમ્યાન આશરે પાંચ વાગે એક ટોળું આવેલું. આ ટોળામાં કિશન કોરાણી, મનોજ વિડીયોવાળો, અશોક સીંધી અને સુરેશ લંગડો હતા. હુસેનનગરની છેલ્લી લાઈનમાં રહેતા મજીદ લંગડાના ઘરમાં આ ચારેય આરોપીઓની આગેવાની તથા રાહબરી હેઠળ

મજીદના મકાનને આગ લગાડેલી..........મજીદના ઘરમાં લગાડેલ આગમાં આ ઘરના અંદર હતા તે બધા જ માણસો જીવતાં બળી ગયેલા, આ બધુ મેં મારી નજરે જોયેલું.

આ સાહેદ ના.કોર્ટમાં જુબાની આપેલ છે તે પ્રમાણે મજકુર તો.દાર બનાવ વખતે ગુનાહીત કૃત્ય કરતા ટોળામાં સામેલ હોવાનું જણાવેલ છે. આ સાહેદ તેના પોલીસ જવાબમાં તેમજ સીટ રૂબરૂ ના નિવેદનમાં મજકુર તો.દારનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂ સાહેદે તો.દારનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ આરોપી સામે આ સાહેદની જુબાની પ્રમાણે તેની જુબાની મુજબ પુરાવો નોંધાયેલ છે.

આ સાહેદ બનાવનો નજરે જોનાર સાહેદ છે સાહેદના કહેવા મુજબ તેમને બનાવ વખતે પોતાનો જીવ બચાવવા દોડતી વખતે પડી જવાથી કમ્મરમાં ઈજા થયેલ છે તેમજ સાહેદના દીકરા અહેસાનને પણ જીવ બચાવવા ભાગતી વખતે ઘુંટણમાં ઈજા થયેલ છે તેમણે સહન કેમ્પમાં સારવાર લીધેલ છે આ સાક્ષી મોતના મુખમાંથી બચી ગયેલો સાક્ષી છે તેમણે સરતપાસમાં જણાવેલ હકીકતને ન માનવાનું કોઈ કારણ નથી.

સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે નુરાની મસ્જીદ તરફ સુત્રોચ્ચાર કરતુ ટોળુ આવતુ હતુ તે ટોળાની આગેવાની આ આરોપીએ લીધેલી અને આરોપી પાસે રીવોલ્વર હતી તેવુ સાહેદે નજરો નજર જોયેલ છે તેથી સ્પષ્ટપણે કહી શકાય કે આરોપી હથિયારથી સજ્જ થઈ સામેલ થયેલો. તેન નહી માનવાને કોઈ કારણ નથી અને આ આરોપીએ ટોળાની આગેવાની લઈ સમગ્ર વિસ્તારમાં મારકાપ અને આગ લાગડેલ.

વધુમાં આ સાહેદે જુબાની ઉપરતી એવુ પણ ફલીત થાય છે કે સાંજના પાંચ વાગે આ આરોપીએ બીજા આરોપીઓ સાથે આગેવાની લઈ મજીદના ઘરમાં આગ લગાડેલ અને તેના ઘરના સભ્યોને જીવતા બાળી નાંખેલ. તેવુ આ સાહેદે નજરો નજર જોયેલ છે. તેથી આ સાહેદે મજીદના ઘરના સભ્યોને જીવતા બાળી નાંખેલ છે તેવુ નહિ માનવાને કોઈ કારણ નથી અત્રે સાહેદ નં.૧૫૬, અ.મજીદ મો.ઉસ્માન શેખની જુબાનીનો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે કારણ કે આ સાહેદે તેની જુબાનીમાં જણાવેલ છે કે તેણે રજીયાબાનુંને પુછેલ કે મારા બીબી-બચ્ચા ક્યાં છે તેથી રજીયાબાનુને જણાવેલ કે તમારા બીબી – બચ્ચા સળગે છે તેથી તે ગંગોત્રી સોસાયટી પાસે ખાંચામાં ગયેલો આ સાહેદ નં.૧૫૬ ની જુબાની સદર સાહેદની જુબાનીને સમર્થન આપે છે.

આ આરોપીએ બીજા આરોપીઓ સાથે મળી મજીદના ઘરમાં આગ લગાડેલ અને તેના ઘરના સભ્યોને જીવતા  બાળતા સાહેદે જોયેલ છે. ત્યારબાદ મજીદના ઘરના સભ્યો ક્યાં જઈ મરી ગયા તે બાબતે કોઈ ખુસાલો આપેલ નથી મજીદનું ઘર ગંગોત્રી પાસેના ખાંચાની નજીક છે અને તેના ઘરમાં આરોપીએ આગ લગાડેલ અને તેના ઘરના સભ્યોને જીવતા બાળેલ તેથી સ્વાભાવીક રીતે કોઈપણ વ્યક્તિ બળતી વખતે જાન બચાવવા આમ તેમ ભાગે તે નહી માનવાને કોઈ કારણ નથી. આથી એવુ ચોક્કસ કહી શકાય કે મજીદના ઘરમાં આગ લાગતા તેના ઘરના સભ્યો જીવ બચાવવા આમ તેમ ભાગ્યા હશે અને પાંણીની ટાંકી પાસે જ્યાં બીજી મુસ્લિમો બચતા હતા ત્યાં ફસાઈ ગયા હશે અને ત્યાં તેમણે તેમના જીવવનો અંતિમ શ્વાસ લીધો હશે.

આમ સમગ્ર જુબાની ધ્યાને લેતા આરોપી સામે લુંટફાટ માર કાપ જીવતા સળગાવી દેવાનો તેમજ મસ્જીદ ઉપર હુમલો કરવાનો પુરતો પુરાવો મળી આવે છે જે નહિ માનવાને કોઈ કારણ નથી.

### (૨) મો.સલીમ મો.હુસેન શેખ,  સાહેદ નં. ૧૦૪, આંક-૬૬૮

- તા. ૨૯.૫.૦૮ તથા  ૧૨.૯.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- તા. ૨૯.૫.૦૮ ના સીટના જવાબમાં હાથમાં તલવાર બતાવેલ છે.
- કોર્ટ રૂબરૂનું જુબાનીમાં નામ આપેલ છે. તથા ઓળખેલ છે.

<u>પેજ નં.૫ પેરા નં.૯</u>

ત્યારબાદ એક પોલીસની જીપ આવી જે એસ.ટી. વર્કશોપના ઝાંપા પાસે ઉભી રહેલ. આ જીપની પાછળ પાછળ કિશન કોરાણી, મનોજ વિડીયોવાળો અને મુરલી સીંધી આવેલા. થોડીવાર પછી ત્યાં એક સફેદ મારૂતી ફ્ન્ટી આવેલી. મેં જોયેલુ કે, આ ગાડીમાં ધારાસભ્ય માયાબેન કોડનાનીનાઓ હતા જેઓ આવી ગયા બાદ કિશન, મુરલી અને મનોજ અને પોલીસ સાથે વાતચીત કરેલી. આ વાતચીત માયાબેન ઉગ્ર સ્વરે કરતાં હતા. તેઓ અમારા વિસ્તાર તરફ ઈશારો કરી કાંઈક જણાવતાં હતા.

<u>પેજ નં.૫ પેરા નં.૧૦</u>

આ તમામનાઓએ યાને કે માયાબેન, કિશન, મુરલી, મનોજ તથા પોલીસવાળાઓએ નટરાજ હોટલ તરફ ભાગી ગયેલું. તે ટોળાને હાથ દ્વારા ઈશારો કરી પરત બોલાવેલું. માયાબેને ટોળા સાથે એ જ ઉગ્ર સ્વરમાં ચર્ચા કરી ત્યારબાદ તેઓ જે ગાડીમાં આવેલા તે જ ગાડીમાં બેસીને તે જગ્યા પરથી રવાના થયેલા.

આ સાહેદ શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીને તલવાર સાથે જોયેલ છે તે રીતે નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી એસ.ટી. વર્કશોપનાં ઝાંપા પાસે બીજા આરોપી સાથે આવેલા અને ત્યાં માયાબેન કોડનાની આવેલા આરોપી સાથે વાતચીત કરેલી અને માયાબેન આ આરોપી તથા બીજા આરોપીઓ સાથે ઉગ્ર સ્વરે વાતચીત કરેલી અને મુસ્લિમો તરફ ઈશારો કરી કંઈક જણાવેલ ત્યારબાદ આરોપી તથા અન્ય આરોપીઓ હાથનો ઈશારો કરી પરત બોલાવેલા અને આ ટોળાએ મુસ્લિમ વિસ્તાર ઉપર આક્રમક હુમલો કરેલ અને પથ્થરમારો, ફાયરીંગ પણ કરેલુ જેમાં મુસ્લિમોને ગોળીઓ પણ મારેલી આ સાહેદની જુબાની ઉપરથી એવુ ચોક્કસ કહી શકાય કે આરોપી માયાબેન કોડનાની સાથે વાતચીત કર્યા બાદ ટોળાને બોલાવી માયાબેન કોડનાની સૂચના મુજબ આરોપીઓએ મુસ્લિમ વિસ્તારો ઉપર ભયાનક હુમલો કરેલ જેને નહિ માનવાને કોઈ કારણ નથી.

અત્રે સાહેદ નં.૭૩ની જુબાનીની ચર્ચા કરવી જરૂરી હોઈ તેમણે આજ ટોળામાં આરોપી પાસે હાથમાં રીવોલ્વર તેમની નજરોથી જોયેલ છે ત્યારબપાદ આ સાહેદે મો.સલીમ ફાયરીંગ થયેલાનું જણાવે છે. અને તે ફાયરીંગમાં મુસ્લિમોના મરણ થયેલાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે આ સાહેદની જુબાનીને સાહેદ નં.૭૩ સમર્થન આપે છે તેથી આ સાહેદને નહી માનવાને કોઈ કારણ નથી.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૩) ફરીદા અબ્દુલ કાદર ખલીફા સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં નામ છે.
- તા.૩.૬.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૩ પેરા.૭</u>

ટોળાના માણસો આસપાસની લારીઓ, ગલ્લા તથા રીક્ષાઓમાં તોડફોડ કરી રહયા હતા. આ ટોળાના માણસોએ કપાળ પર કેસરી રંગની પટ્ટી બાંધેલી હતી. આ વખતે નુરાની મસ્જીદ પાસે પોલીસવાળા તથા એસ.આર.પી.વાળા હાજર હતા અને એસ.ટી.વર્કશોપ પાસે કે.કે. મૈસુરવાલા સરકારી જીપ સાથે ઉપસ્થિત હતા. આ વખતે માયાબેન કોડનાની ટોળામાંથી કે.કે.મૈસુરવાલા પાસે આવેલા અને તેઓએ શ્રી મૈસુરવાલા સાથે કાંઈ વાતચીત કરેલી.

<u>- પેજ નં. ૪ પેરા.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપત છારાનો જમાઈ ટીનીયો છારા, સહેજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

<u>- પેજ નં. ૭ પેરા.૧૩</u>

હું એસ.આર.પી.કવાર્ટસની બહાર બેઠી હતી તે દરમ્યાન ઉદય ગેસ એજન્સી તરફથી એક ટોળુ આવેલું. આ ટોળામાંથી કોઈના હાથમાં તલવાર હતી, કોઈના હાથમાં ધારીયું હતુ, કોઈના હાથમાં લોખંડની પાઈપ તથા કોઈના હાથમાં લોખંડના સળીયા તથા કોઈના હાથમાં કેરોસીન કે પેટ્રોલ ભરેલા કેરબા હતા. આ ટોળુ જવાનનગરનો કોટ તોડીને અંદર પ્રવેશ કરી ગયેલ. આ ટોળામાં મેં ગુડ્ડુ છારા, હરીયો, નરીયો, સહેજાદ, દલપત છારા તેનો જમાઈ ટીનીયો, ટીનીયો મરાઠી, વિજય છારો વગેરે આગેવાની કરતાં જોયેલા.

<u>- પેજ નં.૭ પેરા. ૧૪</u>

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો

<u>- પેજ નં.૮ પેરા.૧૫</u>

આજ  ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

આ સાહેદે આરોપીનું નામ પોલીસ અને શીટના રૂબરૂના નિવેદનમાં નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સાથે પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી માયાબેન કોડનાની સાથેના બીજા આરોપીઓ સાથે એસ.ટી.વર્કશોપ પાસે હાજર હતો અને માયાબેન મૈસુરવાળા સાથે વાતચીત કરેલ ત્યારબાદ ટોળાના માણસો આગળ વધેલા અને મુસ્લિમોને માર કાપ કરી તેમની મિલ્કતોને આગ લગાડેલ આરોપીએ બનાવમાં ટોળાની સાથે રહી સક્રીય ભુમિકા ભજવેલ છે તેવુ ફલીત થાય છે.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ ઓળખી બતાવેલ છે.

(૪) મો.હનીફ યુસુફભાઈ શેખ, સાહેદ નં. ૧૮૪, આંક-૧૨૭૧

- તા.૧૨.૫.૦૨ માં પોલીસ જવાબમાં નથી

- તા. ૧૪.૯.૦૮ ના સીટના જવાબમાં નામ છે.

- કોર્ટ રૂબરની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલા છે.

<u>- પેજ નં.૨ પેરા નં, ૪</u>

બનાવ તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. જે તા.૨૭ મીએ ગોધરાકાંડ થયા પછી બનેલો. તે દિવસે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા બંધનું એલાન હતુ.

<u>- પેજ નં.૨ પેરા નં.૫</u>

તે દિવસે સવારે નવ સાડા નવ વાગ્યે હું મારા ઘેર હતો. તે વખતે બહાર રોડ ઉપર અફડાતફડી થયેલી. તે દિવસે કૃષ્ણનગર તથા નટરાજ હોટલથી ટોળા આવેલા અને બંને ટોળા ભેગા થઈ ગયેલા

<u>- પેજ નં.૨ પેરા નં. ૬</u>

આ ટોળાવાળાઓએ મસ્જીદ પર હુમલો કરેલો. તે દિવસે એસ.ટી.વર્કશોપની સામે પોલીસનો પોઈન્ટ હતો. આ ટોળાવાળાઓએ મુસલમાનના ટોળા ઉપર પણ હુમલો કરેલો.

<u>- પેજ નં. ૩ પેરા નં.૭</u>

આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર તથા હથિયારો હતા. મે ટોળામાં કિશન કોરાણી તથા મનોજ સીંધીને ફાયરીંગ કરતા જોયા છે. તેઓ મુસ્લીમના ટોળા ઉપર ફાયરીંગ કરતા હતા.

- પેજ નં.૩ પેરા નં. ૮

આ ટોળામાં નરેશ છારા, હરેશ છારા, સહેજાદ છારા, મુરલી સીંધી, અશોક સીંધી પાનવાળો, સુરેશ છારા, બિપીન ઓટોવાળો, ભવાનીનો છોકરો જેનુ નામ મને યાદ નથી તેઓના હતા. હું આ તમામને ઓળખું છું. આ તમામનાઓ ટોળાના લોકોને ઉશ્કેરણી કરતા હતા તતા અમો મુસ્લીમો ઉપર હુમલો કરતા હતા.

- પેજ નં.૩ પેરા નં.૯

આ વખતે પોલીસવાળાએ પણ ટિયરગેસ છોડેલા. કિશન કોરાણી તથા મનોજ સીંધીએ પોલીસ પાસેથી બંદુક ઝુટવીને ફાયરીંગ કરેલું જયારે બાકીના હું નામ જણાવી ગયો તેઓ પાસે પાઈપ, તલવાર, ધારીયા વગેરે હથીયારો હતા.

- પેજ નં.૪ પેરા નં. ૧૦

આ રીતે કિશન તથા મનોજે કરેલ ફાયરીંગમાં એક આબીદ નામનો છોકરો ગુજરી ગયેલો. અમે તમામ પછી ગલીમાં છુપાઈ ગયેલા જારે આ લોકોનું ટોળું વધી ગયેલું. હું જવાનનગર અંદરના ભાગે એસ.આર.પી.કવાર્ટસના કોટ પાસે જતો રહેલો. હું આ રીતે પહોંચ્યો ત્યારે બપોરના આશરે બાર વાગેલા.

આ સાહેદે પોલીસ અને શીટના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નુરાની મસ્જીદ પાસેના ટોળામાં હાજર હતો અને આરોપીએ મુસ્લિમ ટોળા ઉપર ફાયરીંગ કરેલ છે અને આ ફાયરીંગ કરતા સાહેદે આરોપીને જોયેલ છે.

આ કામે તપાસેલ સાહેદ નં.૭૩ નીચે આરોપી ના હાથમાં રીવોલ્વર જોયેલી ત્યારબાદ આ સાહેદે આરોપીને ફાયરીંગ કરતા જોયેલા છે તે ઉપરથી આરોપી સામે સીધો સ્થળ પુરાવો આપે છે. આરોપી પાસે બનાવના દિવસે રીવોલ્વર હતી તેણે મુસ્લિમો ઉપર ફાયરીંગ કરેલા છે અને તે ફાયરીંગમાં મુસ્લિમોના મરણ નિપજેલ છે.

વધુમાં આ આરોપી સામે બીજો પુરાવો એવો પણ આવે છે કે આરોપીએ બનાવના દિવસે પોલીસવાળા પાસેથી બંદુક છીનવીને ફાયરીંગ કરેલ છે જે ફાયરીંગમાં એક આબીદ નામનો છોકરો મરણ ગયેલ છે આબીદનું ખુન કરવાનો સીધો પુરાવો આરોપી સામે મળી આવે છે.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

### (૫) અ.રઝાક અ.રહેમાન સૈયદ, સાહેદ નં. ૨૦૪, આંક-૧૪૧૦

- તા.૧૩.૫.૦૨ માં પોલીસ જવાબમાં નામ છે.
- તા. ૨૨.૬.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલા છે.

-પેજ નં.૩ પેરા નં.૫

એસ.ટી.વર્કશોપના ઝાંપાની બહાર લીમડાનું ઝાડ આવેલું હતુ ત્યાં તે દિવસે પોલીસ પોઈન્ટ હતો. આ પોલીસવાળાઓ સામેની બાજુએ આવેલ એસ.ટી.વર્કશોપના ઝાંપા પાસે જતા રહેલા. ત્યાંથી પોલીસે ફાયરીંગ કરેલું. ત્યારપછી મનોજભાઈએ પણ રાયફલ લઈને ફાયરીંગ કરેલું. કિશન કોરાણીએ પણ પિસ્તોલથી ફાયરીંગ કરેલું. આ ફાયરીંગમાં આબીદભાઈને તથા મહેબુબ કુરેશીના જમાઈને ગોળી વાગેલી. મને આ લોકોને કોની ગોળી વાગી તે ખબર નથી.

આ સાહેદે તેમના પોલીસ જવાબ તથા શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ તેમજ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીના પેરા ૫ મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આરોપી સામે પુરાવો આપી જણાવેલ છે કે આરોપી પાસે પિસ્તોલ હતી અને પિસ્તોલથી ફાયરીંગ કરતા જોયેલ છે આથી આ સાહેદે પણ સાહેદ નં.૭૩ કે જેની જુબાનીને સમર્થન આપેલ છે તેમજ સાહેદને ૧૮૪ ની જુબાનીને પણ સમર્થન આપતા હોઈ સાહેદની જુબાનીને નહિ બતાવવાનું કોઈ કારણ નથી.

આ સાહેદે ના.કોર્ટની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

### (૬) સીદ્દીકભાઈ અલાબક્ષ મનસુરી સાહેદ નં. ૨૩૬, આંક-૧૬૬૨

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઉલ્લેખ કરેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૪,૫ પેરા નં. ૧૦

આ સમયે સવારે આશરે અગીયાર વાગ્યાની આસપાસ એસ.ટી.વર્કશોના ઝાંપે માયાબેન કોડનાની સફેદ કલરની મારૂતિ ફ્રન્ટી કાર અને તેની પાછળ ટેકસ જીપ હતી એ બંને લઈ આવી કૃષ્ણનગર તરફથી એસ.ટી. વર્કશોપ પાસે ઉભી રાખેલી જે એસ.ટી.વર્કશોપુપના ઝાંપા તરફ મોઢુ રાખીને ઉભેલી. આ મારૂતિ ગાડીમાંથી માયાબેન ઉતરેલા. ઉતરયા પછી તેણીએ આ ટોળાને ઈશારો કરી એસ.ટી.વર્કશોપના ઝાંપે બોલાવેલું. આ વખતે જે સોએત આગેવાન માણસો આવેલા તેમાં માયાબેનનો પી.એ પણ હતો. માયાબેને તે લોકો સાથે કાંઈ વાતચીત, ચર્ચ જેવુ કરેલું. પછી તેમના પી.એ ને ઈશારો કરી સુચના આપેલી.

- પેજ નં.પ પેરા નં.૧૧

આ સમયે માયાબેનના પી.એ.એ ટ્રેક્સ જીપમાંથી હથિયારો બહાર કાઢેલા. હથીયારોમાં તલવાર, ભાલા, ત્રિશુલ, રિવોલ્વોર જેવું દુરથી દેખાતુ હતું તે પણ હતું. માયાબેનની સુચનાથી માયાબેનના પી.એ.એ આ તમામ ટોળાના આગેવાનોને આપેલ. તે પછી માયાબેનની ગાડી તથા પેલી જીપ કૃષ્ણનગર તરફ જવા લાગેલી ત્યાં જતા ઉદય ગેસ સર્વિસની ગલીમાં ગાડીઓ વળી ગયેલી. માયાબેનના ગયા પછી પેલા ટોળાના માણસો કે જેમાં, તેમનો પી.એ. પણ હતો. તેઓએ નુરાની મસ્જીદમાં ટોળાના માણસોએ ગેસના બાટલા નાંખી તોડફોડ કરેલી અને કેરોસીનનું આખુ ટેન્કર નુરાની મસ્જીદ ની અંદર ઘુસાડી દીધેલું.

- પેજ નં.૬ પેરા નં.૧૨

ત્યારપછી નુરાની મસ્જીદની આસપાસ આવેલી દુકાનો ટોળાના માણસોએ સળગાવેલી. તે પછી તે આખુ ટોળુ હુસેનનગર, જવાનનગર જવાના રસ્તે અંદરના ભાગે ઘુસી ગયેલું. આ ટોળાએ જવાનનગર, હુસેનનગર વગેરેમાં મકાનો બાળી દીધેલા અને સ્ત્રી, પુરૂશ અને બાળકોને જીવતા સળગાવેલા જે હકીકત મેં જોયેલી યાને કે ટોળા જવાનનગર, હુસેનનગરમાં ધુસી ગયેલા ત્યાં સુધીની હકીકતો મેં જોયેલી છે.

- પેજ નં.૮ પેરા નં.૧૯

મને માયાબેનના પી.એ.નું નામ ખબર નથી પરંતુ હું તેઓને દીઠે ઓળખું છું. હુ ટોળાના આગેવાનોને જોયે ઓળખું છુ. મને તેઓના નામ ખબર નથી. હું આજરોજ પણ આ તમામને ઓળખી આપીશ. હું આરોપીઓ બેઠા છે ત્યાં નજીક જઈને તેઓને ઓળખી આપીશ.

- પેજ નં. ૧૦ પેરા નં. ૨૦

આરોપીઓ બેઠા છે ત્યા ંજઈ મેં જેઓને નામજોગ વારાફરતી ઓળખી બતાવ્યા તે અનુક્રમે માયાબેનના પી.એ. તથા માયાબેનનાઓ છે.

આ ઉપરાંત હું જણાવી ગયો તે ટોળાના આગેવાન તરીકે હતા તેમાં મે ઓળખી બતાવયા તેઓ અનુક્રમે આરોપી નં. ૨૪,૨૦,૧૭,૨ તથા ૪૪ નાઓ હતા. આ બનાવ પછી મને ધમકી આપેલી હતી તે હું આરોપી બેઠા છે ત્યાં જઈ આવ્યો ત્યાં આ સહેજાદ અત્રે નામદાર કોર્ટમાં ઉપસ્થિત નથી પણ હું તેને ઓળખું છું.

આ સાહેદ ૨૬-૫-૦૮ના સીટના જવાબમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે નામ આપેલ છે આ સાહેદ અગાઉના સાહેદ નં.૧૦૪, ૧૧૫ ની જુબાનીને સમર્થન આપે છે. આ સાહેદ પોતાની કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે સચોટ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી માયાબેન કોડનાની સાથે આવેલ સાત આગેવાનોમાંથી એક હતો અને તેમણે માયાબેન સાથે ચર્ચા પણ કરેલી અને ત્યારબાદ માયાબેન સાથે આવેલા ટ્રેક્સ ગાડીમાંથી હથિયારો કાઢી આ આરોપી તથા બીજા આગેવાનોને આપેલા આમ આ આરોપીએ હથીયાર ધારણ કરેલ અને ત્યારબાદ નુરાની મસ્જીદમાં તોડફોડ કરી આગ લગાડેલ અને દુકાનો મકાનો બાળી નાંખેલા સ્ત્રી, પુરુષ, બાળકોને જીવતા સળગાવેલા સમગ્ર બનાવમાં આરોપી સામેલ હોવાનું જણાઈ આવે છે.

આમ આ સાહેદની જુબાની વંચાણે લેતા આરોપીએ મસ્જીદ ઉપર હુમલો કરી, મુસ્લિમોના હુસેનનગરમાં મકાનોને આગ લગાડી, સ્ત્રી, પુરુષ બાળકોને જીવતા સળગાવેલા છે જે હકીકત આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે. અને આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૭) વિનુભાઈ ખેમાભાઈ દલવાડીયા(વી.કે.સોલંકી)સાહેદ નં.૨૬૨,આંક-૧૭૭૦

- તા. ૨૮.૨.૦૨ ની ફરીયાદ માં (એફ.આઈ.આર) નામ આપેલ છે.- ટોળામાં આગેવાની કરતા બતાવેલ
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૮,</u>

આ દરમ્યાન અમારા જે તે સમયના નાયબ પોલીસ કમિશ્નરશ્રી, પી.બી.ગોંદિયા સાહેબ તેમજ જી ડીવીઝનના એ.સી.પી. શ્રી એમ.ટી.રાણા સાહેબ તેમજ નરોડા પોલીસ સ્ટેશનના સીનીયર પો.ઈ.શ્રી કે.કે.મૈસોરવાલાનાઓ પણ આ જગ્યા પર આવી ગયેલા. તે

વખતે કૃષ્ણનગર, સૈજપુર ફદેલી, કુબેરનગર, છારાનગર એમ તમામ જગ્યાથી લોકોના ટોળેટોળા નુરાની મસ્જીદ તેમજ હુસેનનગરના છાપરા પાસે આવી એકઠા થઈ ગયેલા.

<u>- પેજ નં.૫-૬ પેરા નં,૯</u>

આ ટોળામાં તે સમયે આગેવાન તરીકે વી.એચ.પી. તેમજ ભાજપ ના સક્રિય કાર્યકરો કિશન કોરાણી, પી.જે.રાજપુર, હરેશ રોહેરા, બાબુ બજરંગી તેમજ રાજુ ચૌમલનાઓ હતા. તેઓ ટોળાઓની આગેવાની લઈ ટોળાઓને ઉશ્કેરતા હતા અને જોત જોતમાં મુસ્લીમ કોમની દુકાનો, મકાનો તેમજ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તોડફોડ કરતા હતા સળગાવી નાંખી લુટફાટ કરતા હતા.

હું જણાવી ગયો તેમ તે પાંચેય જણાં મારી નાખો કાપી નાંખો તેવી બુમો પાડી ટોળાના માણસોની ઉશ્કેરણી કરતા હતા. જેથી ટોળાને વિખેરી નાંખવા માટે અમારી જીપમાંના લાઉડ સ્પીકરમાંથી વારંવાર એનાઉન્સમેન્ટ કરી ટોળાને વિખેરાઈ જવાની વોર્નીંગ આપેલી. આવી વોર્નીંગ આપી હોવા છતાં ટોળાના માણસો બેફાન બની દુકાનો, મકાનો સળગાવવાનો તથા નુરાની મસ્જીદને સળગાવવાનું ચાલુ રાખેલ અને આ ટોળાના માણસો આ તમામ જગ્યાએ લુંટફાટ પણ કરતા હતા.

આ સાહેદે સમગ્ર બનાવ સમયે તે એફ.આઈ.આર. માં આરોપીનું નામ ટોળાની આગેવાની કરતા બતાવેલ છે અને ના.કોર્ટની રૂબરૂની જુબાની માં આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદે આરોપીનું નામ શરૂઆતથી જ બનાવના પ્રથમ દિવસથી જ હોવાની આગેવાની કરતા બતાવેલ છે અને એફ.આઈ.આર.માં પણ એ રીતે જણાવેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે સાહેદે આરોપીને નુરાની મસ્જીદ પાસે તેમજ હુસેનનગરના છાપરા પાસે ના ટોળામાં ટોળાની આગેવાની કરતા જોયેલ છે તેમની સાથે બીજા તો.દારો પણ હાજર હતા. આ સાહેદે આ સમગ્ર બનાવ તેમની ફરજ ઉપર હાજર પેટ્રોલીંગ કરતી વખતે નુરાની મસ્જીદ પાસેથી જોયેલ છે તેવુ આ સાહેદની જુબાની ઉપરતી સ્પષ્ટપણે જણાઈ આવેલ છે. આમ સાહેદ નજરે નજર જોનાર સાહેદ છે આ સાહેદે આરોપીને ટોળાની આગેવાની કરતા તેમજ ટોળાને ઉશ્કેરણી કરતા તેમજ મુસ્લીમોની દુકાનો મકાનો તેમજ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તોડફોડ કરી સળગાવી નાંખી લુંટપાટ કરતા સાહેદે આરોપીને પોતાની નરી આંખે જોયેલ છે.

આમ સાહેદની જુબાની પ્રમાણે આરોપી નુરાની મસ્જીદ પાસેના ટોળામાં હાજર હતો અને ટોળાને ઉશ્કેરણી કરતા હતા જેથી ટોળાને મનોબળ મળેલ અને ટોળુ વધુ ઉગ્ર બનેલ અને ત્યારબાદ આરોપીએ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તેમાં તોડફોડ કરી મકાનો દુકાનોને આગ લગાવી લુંટફાટ કરેલ છે તેવુ સ્પષ્ટપણે સાહિત થાય છે જે નહી માનવાને કોઈ કારણ જણાઈ આવતુ નથી.

આ સાહેદને ના.કોર્ટને જુબાનીમાં સાહેદનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૮) પરબતસીંહ વજેસીંહ ઠાકોર, સાહેદ નં. ૨૬૬, આંક-૧૭૮૫

- પી.આઈ.ની જીપમાં
- તા. ૨૫.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે. (ટોળામાં હાજર રહી ટોળાના વ્યક્તિઓ સાથે વાતચીત ઉશ્કેરણી કરતા)
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દાર તરફથી ગેરહાજર રહેવાની ના.કોર્ટની સંમતી મેળવવામાં આવેલ અને ઓળખ બાબતે તેમને તકરાર નથી તેવું જાહેર કરવામાં આવેલ તેથી આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દારને ઓળખી બતાવવાનો સવાલ ઉભો થતો નથી.

<u>- પેજ નં. ૪-૫ પેરા નં૧૦</u>

બપોરના આશરે બે સવા બે વાગ્યાની આસપાસ નરોડા વિસ્તારના કાર્યકર્તા કિશન કોરાણી, બાબુ બજરંગી, પી.જે.રાજપુત અને રાજુ ચોબલને અમે નરોડા પાટીયામાં ટોળાના માણસો વચ્ચે જોયેલા. તેઓ કાંઈક વાતચીત કરતા હતા. ટોળું ત્યારે પથ્થરમારો તથા તોફાન કરતું હતુ તેમજ હો હા કરતુ હતુ. અમે નુરાની મસ્જીદની આસપાસ હાજર હતા ત્યારે નુરાની મસ્જીદ પર હુમલો થયેલો. મેં જોયેલું કે, ટોળાના માણસો પથ્થરમારો કરતા હતા. અમને એવો સંદેશો પોલીસ કંટ્રોલ રૂમમાંથી પણ મળેલો. અમે નુરાની મસ્જીદની આસપાસ પણ લાઠીચાર્જ કરી તે સમયે પબ્લીકને ભગાડવાની કોશીશ કરેલી. ટોળુ અમારા પ્રયત્નોથી થોડીવાર માટે વિખેરાતુ પણ પછી પાછુ ટોળુ આવી જતુ.

આ સાહેદે પોલીસ જવાબમાં આરોપીનું નામ ઉશ્કેરણી કરતા જણાવેલ છે આ સાહેદ બનાવના દિવસે પી.આઈ.ની જીપમાં ફરજ બજાવતા હતા અને તેમણે આ બનાવ નજરો નજર જોયેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીના પેરા નં.૧.૧૦ માં આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી નરોડા વિસ્તારના નામચીન ઈસમ છે. સાહેદ તેમને સારીરીતે ઓળખે છે. સાહેદે આરોપીને ટોળાના માણસો વચ્ચે જોયેલ છે. અને આરોપીએ ટોળાની સાથે કંઈક વાતચીત કરતા હતા અને ટોળુ ત્યારે તોફાનો, પથ્થરમારો અને હો હા કરતો હતો. આ સાહેદ જ્યારે નુરાની મસ્જીદ પાસે હતો ત્યારે તેઓ નુરાની મસ્જીદ ઉપર હુમલો થતા પણ જોયેલ છે.

આમ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે કે આરોપી ટોળાને ઉશ્કેરતો હતો અને ટોળાનું ભાગ બની નુરાની મસ્જીદ ઉપર હુમલો કરતો હતો તો નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીના નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૯) કેરમાન ખુરશીદ મૈસુરવાલા (નરોડા પો. સ્ટે. પી.આઈ.) સાહેદ નં. ૨૭૪, આંક- ૧૮૨૪

- તા ૨૫.૧૦.૦૮ના સીટના જવાબમાં આરોપી - આરોપી સામે પુરાવો હોવાથી અટક કરેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દાર તરફથી ગેરહાજર રહેવાની ના.કોર્ટની સંમતી મેળવવામાં આવેલ અને ઓળખ બાબતે તેમને તકરાર નથી તેવું જાહેર કરવામાં આવેલ તેથી આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દારને ઓળખી બતાવવાનો સવાલ ઉભો થતો નથી.

<u>પેજ નં.૧૨ પેરા નં. ૨૩</u>

આ અગાઉ બપોરે ભેગા થયેલા ટોળાઓમાં બે વાગ્યા પછી નુરાની મસ્જીદ તથા હુસેનનગરની ચાલીના વચ્ચેના ભાગે મેં ટોળાઓની વચ્ચે કિશન કોરાણી, પી.જે.રાજપુત, રાજુભાઈ ચોબલ તથા બાબુ બજરંગીનાઓને વાતચીત કરતા તથા ટોળાને સમજાવતા જોયેલા અને ટોળું આ સમયે મારો કાપો ની બુમો પાડી રહેલું હતુ. મે આ ચારેય માણસોને પોણ ત્રણ વાગ્યા સુધી આ ટોળામાં જોયા હતા.

આ સાહેદે શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની સ્પષ્ટ ફલીત થાય છે કે આરોપી નુરાની મસ્જીદ પાસે ટોળાના બીજા આરોપીઓ સાથે હાજર હતા. આ સાહેદ ના.કોર્ટ

રૂબરૂ જણાવે છે કે આરોપી તથા અન્ય આરોપી ટોળાને સમજાવતા હતા અને ટોળુ મારો કાપોની બુમો પાડી રહેલુ આ સાહેદે આરોપીને ૨:૪૫ વાગ્યા સુધી ટોળામાં જોયા છે. આણ આ સાહેદની જુબાની ઉપરથી સહી શકાય કે આરોપી ટોળા સાથે જે વાતચીત કરી એટલી હદે ઉશ્કેરણી કરતા હતા કે ત્યારબાદ ટોળાઓ ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલ અને સાંજના સમય સુધી ટોળાએ બરહેમી પુર્વક માર કાપ, લુંટફાટ ચલાવી છે. આ સાહેદે આરોપી ટોળાની સાથે શું વાત કરતા હતા તે સાંભળેલ નથી પરંતુ તે એવુ જણાવે છે કે આ સમયે ટોળુ મારો કાપોની બુમો પાડતુ હતુ તે ઉપરથી કહી શકાય કે આરોપી અન્ય સહ તો.દારો સાથે મળી માર કાપ કરવાની વાતચીત કરી તેમના કાવતરાને અંજામ આપતા હતા તેવુ કહિ શકાય કારણ કે આ સાહેદ સિવાય આ આરોપીને બીજા ઘણા સાહેદોએ ટોળામાં આગેવાની લેતા અને તલવાર સાથે માર કાપ કરતા પણ જોયેલ છે. આથી આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી અન્ય આરોપીઓ સાથે મારકાપ કરતા ટોળામાં હાજર હતા.

વધુમાં આ સાહેદ એવુ પણ જણાવે છે કે આ આરોપી સામે આ ગુનાના કામે પુરતા પુરાવા મળી આવતા અટક કરેલ છે તેથી પણ એવુ ચોક્કસ કહી શકાય કે આરોપી સામે ગુનાની સંડોવણી બાબતે આ ગુનામાં પુરતો પુરાવા હોવાથી જ આરોપીની અટક કરેલ છે. તેથી આ સાહેદને નહિ માનવાને કોઈ કારણ નથી.

## (૧૦) મદનસિંહ તખતસિંહ રાણા, સાહેદ નં. ૨૭૭, આંક- ૧૮૬૭

- તા ૧૪.૫.૦૨ ના નિવેદનમાં આરોપી તોફાની ટોળામાં જોયેલા. ટોળામાં વાતચીત કરતા હતા. તે ટોળુ મારો કાપોની બુમો પાડતો હતો
- નામદાર કોર્ટ રૂબરૂ જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દાર તરફથી ગેરહાજર રહેવાની ના.કોર્ટની સંમતી મેળવવામાં આવેલ અને ઓળખ બાબતે તેમને તકરાર નથી તેવું જાહેર કરવામાં આવેલ તેથી આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દારને ઓળખી બતાવવાનો સવાલ ઉભો થતો નથી.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૭</u>

મુસ્લીમો પણ હિન્દુઓ તરફ ઉશ્કેરાઈ ગયેલા હતા. વધુમાં હિન્દુઓએ મુસ્લીમોના રહેણાંક, દુકાનો, મસ્જીદ તથા નુરાની મસ્જીદ વિસ્તારમાં આગ લગાડેલી.

<u>- પેજ નં.૧૦ પેરા નં. ૨૧</u>

ટોળાઓને વિખેરવા પુનઃપ્રયાસ કરતા હતા. તે ટોળાઓમાં ઉપસ્થિત શ્રી પી.જે. રાજપુત, કિશન કોરાણી, રાજુ ચૌબલ અને બાબુ બજરંગીનાઓ હતા. તેઓને મેં જોયેલા. આ ચારેય ઈસમો ટોળાના માણસો સાથે કોઈ વાતચીત કરતા હતા. પરંતુ તે શી વાતચીત થતી હતી તે અમે સાંભળેલી નહીં. પરંતુ ટોળુ પછી વધુ ઉશ્કેરાઈ ગયેલું. આ ટોળાને વિખેરી નાંખવા માટે પોલીસે ફરીથી લાઠીચાર્જ, ટીયરગેસના સેલ તથા ફાયરીંગ કરેલું. જો કે ટોળામાં થોડોક ઘટાડો થયેલો. પરંતુ ટોળુ વિખેરાતુ ન હતુ. આ તમામ તે દિવસે સાંજના ૪.૦૦ વાગ્યા સુધી ચાલેલું. બપોરના ૪.૦૦ થી ૪.૩૦ વાગે ટોળુ થોડુક ઘટતા તથા હું તથા પી.આઈ.શ્રી મૈસુરવાલા બીજા અન્ય બનાવોના સંદેશો આવવા લાગતા જે તે સ્થળો ઉપર ગયેલા. અમો આ રીતે ગયા તે અગાઉ પો.ઈન્સ્પેક્ટર શ્રી ગોહેલને પણ સંદેશો મળતા સ્થળ ઉપર રવાના કરેલા. આ પ્રકારના સંદેશાઓ નરોડા ગામ તથા નરોડા ગામની મસ્જીદની સ્થળ માટેના આવતા હતા.

આ સાહેદે પોલીસ નિવેદનમાં આરોપીને મારો કાપોની બુમો પાડતા ટોળામાં જોયેલ છે તે રીતે નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરતી એવુ ફલીત થાય છે કે આરોપી મુસ્લીમોને રહેણાંક, નુરાની મસ્જીદ, દુકાનો વિગેરે વિસ્તારમાં જે ટોળાએ આગ લગાડેલી તે ટોળામાં આરોપી હાજર હતો અને તેમણે આરોપીને નજરો નજર જોયેલ છે. આ સાહેદની જુબાની ઉપરથી એવુ ચોક્કસ કહી શકાય કે આ આરોપીએ બીજા તો.દારો સાથે મળી ટોળાની સાથે કંઈક વાતચીત કરેલ અને ત્યારપછી ટોળુ વધુ ઉશ્કેરાઈ ગયેલ તેવુ આ સાહેદ જણાવે છે તે ઉપરથી એવુ ચોક્કસ કહી શકાય કે આ આરોપી તેની સાથેના બીજા તો.દારોએ ટોળાને ઉશ્કેરણી જનક શબ્દ બોલ્યા હશે જેના ફળ સ્વરૂપે ટોળુ ઉશ્કેરાઈ ગયેલુ તેવુ નહી માનવાને કોઈ કારણ નથી.

આમ આ સાહેદની જુબાની ઉપરથી એવુ સ્પષ્ટપણે ફલીત થાય છે કે આ આરોપીએ બીજા આરોપી સાથે મળી ટોળાની ઉશ્કેરણી કરેલ છે અને તે ઉશ્કેરાયેલા ટોળાએ નરોડા પાટીયામાં સામુહીક હત્યાકાંડ સર્જી લુંટફાટ, બળાત્કાર અને મુસ્લીમોની મિલ્કતને આગ લગાડવાનું કૃત્ય કરેલ છે જેથી આ સમગ્ર બનાવમાં આરોપીની સક્રિય ભુમિકા સાહિત થાય છે તેવુ નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૧) મહંમદભાઈ બચુભાઈ બેલીમ, સાહેદ નં. ૧૮૮, આંક-૧૨૮૨

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં એક સિંધી આગેવાનના મોઢા પર શીતળા ના ડાઘ છે અને તે રંગે કાળા  છે તથા તેઓની સાડા પાંચ થી છ ફુટ જેટલી ઉંચાઈ છે.તે રીતે જણાવેલ છે.અને અને અન તો.દાર વિરુધ્ધ નીચે મુજબ નો પુરાવો આપેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૮

મેં સવારે આ જ સમયે અન્ય એક ટોળું નટરાજ હોટલ તરફથી આવતું પણ જોયેલું. આ ટોળાની આગેવાની મનોજ વિડીયોવાળાએ, સુરેશ લંગડા છારાએ તથા એક સીંધી આગેવાનનાઓએ લીધેલી. આ સિંધી આગેવાનોના મોઢા પર શીતળાના ડાઘ છે, તે રંગે કાળા છે તથા તેઓની સાડા પાંચ થી છ ફુટ જેટલી ઉંચાઈ છે. આ ટોળાના હાથમાં પણ તલવાર, ત્રિશુળ તથા કેમીકલ ભરેલા કેરબાઓ હતા.

- પેજ નં.૩ પેરા નં,૯

કૃષ્ણનગર તરફથી આવતા ટોળાએ એક કેરોસીન ભરેલ ટેન્કર નુરાની મસ્જીદ પાસે ઉભું રાખેલું તેમજ આ સમયે એક ક્રેન પણ નુરાની મસ્જીદ પાસે લાવીને ઉભી રાખેલ. નટરાજ તરફથી આવતા ટોળાએ નુરાની મસ્જીદ પર તોડફોડ કરી હુમલો કરેલ. આ ટોળાએ નુરાની મસ્જીદના મૌલાનાને પણ માર મારેલો. આ જોઈ યુસુફ લાઈટવાલાનાઓએ ત્યાં આવેલ એસ.આર.પી. ના પોઈન્ટ પર બેઠેલ એસ.આર.પી.વાળાઓએ આ ટોળાને સમજાવવા વિનંતી કરેલ. એસ.આર.પી. વાળાઓએ ટોળાને રોકવાને બદલે યુસુફને દંડાથી માર મારેલ. મસ્જીદ સળગતી હોઈ પંડીતની ચાલી પાસે છોકરાઓ ભેગા થયેલા

સાહેદ નં.૧૮૮ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નટરાજ હોટલ તરફથી આવેલા ટોળાની આગેવાની કરતો હતો આરોપી અને ટોળાના હાથમાં મારક હથીયારો હતા આરોપીએ ટોળાની સાથે નુરાની મસ્જીદ ઉપર હુમલો કરેલો અને મોલાનાને માર મારેલો તેવુ જણાઈ આવે છે.આમ આ આરોપી અન્ય આરોપીઓ સાથે મળી ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની જુબાની માં જણાવ્યા મુજબના કૃત્યો કરેલ છે જે નહીં માનવાનું કોઈ કારણ નથી.

## (૧૨) સમસુદીન શાહબુદીન રાઠોડ, સાહેદ નં. ૨૦૨, આંક-૧૩૯૪

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ નથી.

- પેજ નં.૨ પરા નં.૫

બનાવ તા.૨૮.૨.૦૨ ના રોજ બનેલો. તે દિવસે સવારના આશરે નવેક વાગ્યે હું સવારે ચાની લારી કે જે નુરાની મસ્જીદ પાસે આવેલી છે ત્યાં ચા પીવા ગયેલો. તે દિવસે ત્યાં નુરાની મસ્જીદ પાસે પોલીસનો પોઈન્ટ હતો. મેં નટરાજ હોટલ તરફથી એક ટોળું નુરાની મસ્જીદ તરફ આવતું જોયેલું. ટોળાના માણસોના હાથમાં હથીયાર હતા, તેઓ પથ્થરમારો કરતા હતા તથા નુરાની મસ્જીદની દિશા તરફ આ ટોળાના માણસો આગળ વધતા હતા. આ ટોળું અમારા વિસ્તારમાં દુકાનો તથા મકાનોને આગ લગાડતુ હતુ. આ મેં જોયેલું. આ વખતે નુરાની મસ્જીદના ભાગે પોલીસ હતી.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

મેં જોયેલ ટોળામાં કિશન કોરાણી, મનોજભાઈ, બિપીન ઓટો, ગુડ્ડુ છારા, નરેશ છારા, સુરેશ છારા તથા મુંગડા છારાને મેં જોયેલા. ત્યારબાદ કૃષ્ણનગરબાજુથી એક ટોળું આવેલું

તેમજ ના.કોર્ટની રૂબરૂની જુબાની મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળીને ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની સમાન ઈરાદો પાર પાડવામાં સક્રિય ભુમિકા ભજવેલ છે. જેના ફળ સ્વરૂપે મોટુ હત્યાકાંડ સર્જાયેલ છે.સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપેલ છે પરંતુ ઓળખી શકયા નથી.કારણ કે બનાવ ના આઠ વર્ષે પછી જુબાની થઈ હોઈ આરોપીઓના શારીરિક દેખાવમાં ફેરફાર થયો હોય તેથી ઓળખવામાં તકલીફ પડે તે સંભવિત છે આમ સાહેદની જુબાની નહિ માનવાને કોઈપણ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૨૧) પ્રકાશભાઈ સુરેશભાઈ રાઠોડ</u>

(૧) <u>આશિષ સુરેશચંદ્ર ખેતાન સાહેદ નં.૩૨૨ આંક-૨૨૬૫.</u>

શીટના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે.

ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદે સ્ટીંગ ઓપરેશન દરમ્યાન આ આરોપી પ્રકાશ રાઠોડ સાથે વાતચીત કરી છે અને તે તમામ વાતચીત સીડીમાં રેકોર્ડ કરી છે. તે સીડી ના.દાર કોર્ટના રજુ આંક.......થી છે.

આ સાહેદે ના.દાર કોર્ટમાં જુબાની આપી જુબાની દરમ્યાન આંક-૨૨૬૬ ના લીસ્ટથી સીડીની ટ્રાન્સક્રીપ્ટ પી.આર.૧ થી પી.આર. ૨ સુધીની

ત્યારબાદ આરોપી નં. ૨૧ પ્રકાશ રાઠોડને મળેલા અને તેમની સાથેની વાતચીત રેકર્ડ કરેલી નામદાર કોર્ટમાં બે ટ્રાન્સ્ક્રીપ્ટ પી.આર.૧ અને પી.આર.૨. થી આંક ૨૨૬૬ ના લીસ્ટથી નામદાર કોર્ટમાં જણાવેલ છે તે મુજબ આરોપી પ્રકાશ રાઠોડ સાથે એવી વાતચીત થયેલી કે...

<u>પેજ નં.૩૮ પેરા નં.૪૮</u>

હું શ્રી પ્રકાશ રાઠોડને મળેલો તેમાં એવી વાતચીત થયેલી કે,

તહેલકાઃ- અબ વો જયદીપ પટેલ માયા કોડનાની કા નામ નિકાલ દિયા હૈ ઉન લોગોંને નરોડાકાંડ મેં સૈ. . . .

પ્રકાશઃ- માયાબેન કા નામ કયું નિકાલા . .. . કયુ નિકાલા કુછ કારણ. . . .. પૈસા બહુત ફેકાના ઉન્હોને. . . . .

તહેલકાઃ- વો કહ રહી હૈ હમ થે નહીં ઉસ દીન યહાં પર

પ્રકાશઃ- મેં બતાવું કે માયાબેન થી કે નહીં. .. . .

તહેલકાઃ- થી?

પ્રકાશઃ- હા

તહેલકાઃ- આઈ થી યહાં પે?

પ્રકાશઃ- પીછે આઈ થી. . . .. .હમ થે ના ધમાલ કે અંદર. . . . . મારો હમ તુમ્હારે પીછે હૈ. . . . ઐસા બોલતી હૈ વો . .. . . .

તહેલકાઃ- જીસ દિન નરોડા કાંડ હુવા થા?

પ્રકાશઃ- હં. .. . .

તહેલકાઃ- કિતને ઘંટે રહી?

પ્રકાશઃ- જયાદા નહીં ઘુમી થી. . . . . .

તહેલકાઃ- ઘંટે દે ઘંટે ?

પ્રકાશઃ- આધા પોના ઘંટા. . . .

તહેલકાઃ- લેકિન ઉસકા નામ નિકાલ દિયા ?

પ્રકાશઃ- સરકાર ઉસકે હાથ મેં હૈ. . . ..

આ જ દિવસે પ્રકાશ રાઠોડ મને સુરેશ રિચાર્ડના ઘરે લઈ ગયેલો અને હું સુરેશ રિચાર્ડના ઘેર પણ પ્રકાશ રાઠોડ સાથે ગયેલો અને સુરેશ ઉર્ફે રિચાર્ડને તે દિવસે પ્રકાશ રાઠોડ સાથે મળેલો. મારે તે દિવસે સુરેશ રીચાર્ડ સાથે પણ વાતચીત થયેલી છે.

<u>પેજ નં.૪૦ પેરા નં.૪૯</u>

તા.૧૧.૮.૨૦૦૭ ના રોજ હું સુરેશ રિચાર્ડને મળેલો. મારે આ સુરેશ સાથે થયેલી વાતચીત એવી હતી કે,

તહેલકાઃ- જીસ દિન નરોડા પાટીયા કાંડ હુવા ઉસ દિન કિસને મદદ કરી. . . . . વિશ્વ હિન્દુ પરીષદને કોઈ મદદ નહીં કરી?

સુરેશઃ- નહીં. . . . . ઉસ ટાઈમ તો હમકો કોઈ મદદ નહીં. . . .. . હમકો બાબુભાઈને મદદ કીયા થા .. . . ઔર હમ દેખો યે લડકા મેરા ભાનજા હી હૈ

તહેલકાઃ- તલવાર તલવાર કુછ નહીં દીયા ઉન્હોને?

સુરેશઃ- કુછ નહીં. . . . . તલવાર કયાં હમારે ઘર કી લકડીયા જમા કરવા લી. . . . . પાઈપ હમારે ધરસે. . . લે ગયે થે. . ..ઔર હમને તો ઐસા ભી નહીં. . .. હમને તો ભાગ ભી ભજવા થા. . . .

તહેલકાઃ- જી.

સુરેશઃ- હમને તો વહાં કીયા ભી થા. . . . ધમાલ ભી કી થી... . બહોત કુછ કીયા થા. . . . મેરે કો તો હમગમ નહીં હૈ દેખો . . . . જીસ તરહ બાબુભાઈકો ખતરા હૈ ઉસ તરહ હમકો ભી ખતરા મોમેડીયન સે. . . . .

સુરેશઃ- મેરી બાત સુનો. .. . જબ યે કાંડ હુવાના. . . .

સાજનઃ- હમ લોગ નહીં હોતે તો કોઈ અંદર ઘુસ નહીં પાતા. . . .

સુરેશઃ- તો યે હમલોગ નહીં ઉછલ તે તો જો આર.એસ.વાલા આયે થે વિ.એચ.પી.વાલે શિવસેના. . . . . તો ઉનકો પતાવી દે તે. .. .

સાજનઃ- અંદર નહીં ઘુસ શકતે. .. . ઘુસ નહીં શકતે. . . .

સુરેશઃ- કયાં હારે છારે જો ભીડે. . . .. .

સાજનઃ- મિંયે ડરતે હૈ તો ખાલી હમારી કાસ્ટ સે ડરતે હૈ

સુરેશઃ- હમારી એક લેડીઝ ગઈ મોમેડીયન

તહેલકાઃ- હિન્દુ

સુરેશઃ- હિન્દુ- ભૈયેને ઉસકી છાતી કાટ ડાલીથી. .. . ઔર બિલકુલ ઓપન આઈથી તો હમને ઉસકે ઉપર કંતાન ડાલે થે. . . .

તહેલરાઃ- કંતાન?

સુરેશઃ- યહ બોરી. . . . ફિર હમ લોગ . . . . અંદર ધુસે. .. હમારે છારે. . . . ઉસકો દેખ નહીં પાયે. . . ફિર બહુત હિન્દુ અંદર ફસ ગયે થે ઔર હમને મદદ કીયા ઔર હમકો હી જેલ કટા રહે હે . . . . . અભી વો કેસ મેં બોલે તુમ કો જિંદગી ભર જેલ

સાજનઃ- ખાલી હમારી કાસ્ટ જયાદા હૈ. . . . હમારે ૨૩ લોગ હે પાટીયા કાંડ કે અંદર ઔર દુસરે કોઈ બહાર સે જયાદા નહીં હૈ. . . . .

<u>પેજ નં.૪૨ પેરા નં.૫૦</u>

સુરેશ રિચાર્ડ સાથેની મારી આ વાતચીત દરમ્યાન એક બીજી વ્યક્તિ પણ ત્યાં બેઠેલી હતી. જે વ્યક્તિને સાજન તરીકે તેમણે ઓળખાવેલી.

ત્યારબાદ આ સાહેદે આરોપી નં.૨૨ સુરેશ રીચાર્ડ સાથે વાતચીત કરેલી તેની ત્રણ ટ્રાન્સ્કીપ્ટ એસ.આર.૧ થી એસ.આર.૩ સુધીની આંક ૨૨૬૬ ના લીસ્ટથી રજુ કરેલ છે અને તે ટ્રાન્સ્કીપ્ટના મહત્વના અંશો નામદાર કોર્ટમાં જણાવેલ છે. તે મુજબ એવી વાતચીત થયેલી કે

<u>પેજનં.૪૩ પેરા નં.૫૧</u>

મારે તા.૧૧.૮.૨૦૦૭ ના રોજ સુરેશ રાઠોડ સાથે જે વાતચીત થઈ તેમાં વધુમાં એવી પણ વાતચીત થયેલી કે,

તહેલકાઃ- માયાબેન કોડનાની તો કહે રહી હે મેં તો ગાંધીનગર મેં થી. . . . .

પ્રકાશઃ- કયુ ભાષણ નહીં રોડીથી માયાબેન. . . . .

સુરેશઃ- થી ના. ..

તહેલકાઃ- પાટીયાકાંડ વાલે દીન થી?

સુરેશઃ-હા. . . . મેરી બાત સુનો યહાં પે જબ કાંડ હોને કે બાદ અપના ભાઈભી આયા થા.. . . . નરેન્દ્ર મોદી ભી. . .. . ફિર બોલે કી બડા ભાઈ બોલે જયશ્રી રામ જયશ્રી રામ . . . વો ખુદ બોલ કે ગયા યહાં રોડ સે ગાડી લે કે નિકલા. . . .

તહેલકાઃ- નરન્દ્રભાઈ. .. . . .

સુરેશઃ- ફિર ચાલી દેખા. . . . હમ કો યહાં પે ફુલહાર ડાલ કે ગયા. . . . બોલે શાબાશ. .. . . ધન્ય બોલે તુમ કો બોલે. . . . અબ હમ કો કયા પતા યહ ફુલહાર હમારી હથકડીયા બન ગઈ હે .. . . .યહ નરેન્દ્રભાઈ. . . .. . યે માયાબેન કોડનાની આખા દિન યહાં થી

તહેલકાઃ- જિસ દીન પાટીયા કાંડ હુવા થા . . . .

સુરેશઃ- આખા દિન સુબહ સે લે કે રાત કે આઠ બજે તક થી . . . .

પ્રકાશઃ- ચલી ગઈ થી ના. . . . .

સુરેશઃ- નહી વો તો ગાડી લે કે ફિરા કરે. . . . . રાઉન્ડ મારતે રહે રહીથી. .. . રાઉન્ડ લે કે આવે બોલે બરાબર કરો .. . . . યહં સે ટોલા લે ગઈ. . . . યે ટોલા એક નંબર આયા થા. .. . સબસે એક નંબર યહ. . . .

સાજનઃ- પાટીયાકાંડ મેં મેરે કાકા ભી નામ હૈ . .. . ગણપત છારા

તહેલકાઃ- ઔર ઉસ દીન કહે દીયા પોલીસવાલો કો કી આજ મત કુછ કરના?

સુરેશ રીચાર્ડ :- હા

સાજનઃ- સબ ખડે થે. . . . . કોઈ બચાવ નહીં.. . . . .

સુરેશઃ- નહીં. . . . . પુલીસવાલે ઉસ ટાઈમ હમારે ફેવરમાં . . . .

તહેલકાઃ- પાટીયાકાંડ વાલે દીન આપકે ફેવર મેં થે. . . . કરાતે વક્ત ?

સુરેશઃ- ઉસી દીન ફેવર મેં થે. . . .. ઉસ ટાઈમ પે સત્તર એંસી જને ઉન લોગોને ભી ફાયરીંગ સે મારે. . . . .

તહેલકાઃ- હા. પોલીસવાલોને?

સુરેશઃ- મોમેડીયને લોગોં કો મારા. .. . ઔર ટાઈમ પે ફિર ઉસકે દુસરે દીન સે હમારે વિરોધ પક્ષ મેં હો ગયે. . . . .

સાજનઃ- યે ભી પાટીયા કાંડ કા આરોપી હૈ. . . . .

સુરેશઃ- વો ભી પાટીયાકાંડ .. . . .

આ સમયે સાજન તથા સુરેશ બંનેનાઓ સામેના ટેનામેન્ટમાંથી બહાર આવતા એક માણસ તરફ અંગુલી નિર્દેશ કરી તે વ્યક્તિની ઓળખ આ રીતે આપતા હતા.

સુરેશઃ- ઈનકી મીસીસ ગુજર ગઈ. .. . કોઈ છુડાવે . . . . ઘર બહાર ગીરવી રખ કે વો છુટે. . . . ફિર ઈસકે છોકરેને ઘર ગીરવી રખ કે ઈસકો છુડાયા. . .

તહેલકાઃ- તો નરેન્દ્રભાઈ ભી ઉસ દીન નીકલે ગાડી લે કે. . . નરેન્દ્રભાઈ મોદી . . . . .

સુરેશઃ- વો તો યું નીકલે થે. . . ફિસ સીધે હિંમતનગર સાઈડ ચલે ગયે થે. . .

તહેલકાઃ- તો બોલે જયશ્રી રામ ?

સુરેશઃ- જય શ્રી રામ. . . . ફુલહાર પહેનાયા. . . .યહાં મેરી બહેનસે હાથવાથ મીલાયા ફિર નીકલ ગયે. . . .

તહેલકાઃ- જીદ દીન કાંડ હો રહા થા?

સુરેશ રિચાર્ડ :- કાંડ હુવા. . . . ઉસી શામ કો સાડે પાંચ બજે આયા થા. .. . ફિર યુ રાઉન્ડ મારા. . . . . એસ.આર.પી.. .. .. . પહેલે ગયે પેટ્રોલ પંપ તક . . . .. બેઠક . .. . બેઠક સે વાપસ યું ગયે એસ.આર.પી.કવાર્ટસ તક . .. . . ફિક ઉસકે પતા આજતક વો નહીં દીખાઈ દીયે.. . . . . .ટી.વી. ઔર પેપર મેં દેખતે હૈ. . . . .

ત્યારબાદ આ સાહેદે આરોપી નં, ૨૧ અને ૨૨ તથા અન્ય એક વ્યક્તિ સાથે થયેલ વાતચીતના મહત્વના અંશો નામદાર કોર્ટ માં જણાવેલ છે. તે મુજબ

<u>પેજ નં.૪૬ પેરા નં.૫૨</u>

તા.૧૨.૮.૦૭ ના રોજ હું ક્ષી પ્રકાશ રાઠોડ, સુરેશ રીચાર્ડ તથા અન્ય એક વ્યક્તિને સાથે જ મળેલો. આ અન્ય એક વ્યક્તિનો પરીચય પ્રકાશ રાઠોડે રાજેશ કાંતીલાલ તરીકે મને આપેલો. હું સૌ પ્રથમ પ્રકાશ રાઠોડના ઘેર ગયેલો ત્યાં મારી વાતચીત પ્રકાશ રાઠોડ તથા સદરહું રાજેશ કાંતિલાલ સાથે થયેલી. ત્યારબાદ મને આ પ્રકાશ રાઠોડ, સુરેશ રીચાર્ડના ઘેર લઈ ગયેલો પછી સુરેશ રીચાર્ડના ઘેર હું, સુરેશ રીચાર્ડ તથા પ્રકાશ રાઠોડે વાતચીત કરેલી તે સમયે સુરેશ રીચાર્ડના પત્ની પણ ત્યાં હાજર હતા.

<u>પેજ નં. ૪૭ પેરા નં.૫૩</u>

અમારી વચ્ચે થયેલ વાતચીત એવી હતી કે,

તહેલકાઃ- આપ લોગો કો રાત મેં બતાયા થા જયદીપભાઈ ને કી કલ તૈયારી કરની હે?

પ્રકાશ રાઠોડઃ- પ્રકાશ રાઠોડ પોતાનું માથું હલાવે છે.. . .

તહેલકાઃ- નહીં બતાયા થા?

પ્રકાશ રાઠોડઃ- કુછ ભી નહીં બતાયા થા.. . . . યે તો હમ કો પતા ચલા થા ગોધરાકાંડ હુવા હૈ . . . . મોમેડન લોગોને ગાડી જલાદી હૈ. .. . ઉસ મેં રામસેવક મર ગયે હૈ. . . . . હિન્દુ લોગ બહોત મર. . . . હમને યે વિચાર હૈ કી ભાઈ બંધકા એલાન હૈ તો કોઈ દુકાન નહીં ખોલે. . .

તહેલકાઃ- લેકીન ઐસા તુફાન હોગા યે રાત મેં નહીં અંદાજા થા. . . . રાત મેં બતાતે તો કુછ આદમી અપની તૈયાર કર શકતા થા. . . . .

પ્રકાશ રાઠોડઃ- તો અપની તૈયારી મેં રહેવે ના . . . . .

તહેલકાઃ- તો અપને છારે સિર્ફ હાથ પૈર ઔર લાઠી દંડે સે હી લડે. ..

પ્રકાશ રાઠોડઃ- નહીં અમુક અમુક કે પાસ થી ના . . . તલવારે હૈ. . . . ત્રિશુલ હૈ . . . .

તહેલકાઃ- અપને પાસ થે ઉસ સમય

પ્રકાશ રાઠોડઃ- થે યે છારો કે પાસ. . . . યે જો સુરેશ રીચાર્ડ સે આપ મીલે ના ઉસકે પાસ સબ હથીયાર હૈ. . . . . રીવોલ્વર છોડ કે. . . . સબ હૈ. . . . .

તહેલકાઃ- લેકિન ઈતની માત્રામાં મેં થે કી સબ કો દીયે જા શકે. . . .

પ્રકાશ રાઠોડઃ- નહીં. . .અમુક અમુક તો અપની સેફટી ખુદ બનાતા હૈ ના.. . . . એક તો ગુડ્ડા હૈ ગુડ્ડા હૈ. . . . .

તહેલકાઃ- ગુડુ. .. . .

પ્રકાશ રાઠોડઃ- વો અભી અભી અંદર હૈ . . ..

તહેલકાઃ- પાટીયા મે ?

પ્રકાશ રાઠોડઃ- હા, પાટીયા મેં. . . . . ઉસકા જામીન હો ગયા થા. . . .. . દુસરા કયા પેરોલ મે આયા થા ના તો ભાગ ગયા થા. . . . તો અભી ઉસકે લીયે અંદર હૈ. . . . ઉસને ભી બહોત જનોં કો મારા. . . . . ઉસકી ડેરીંગ બહોત થી. . . . . મોમેડન મે. . . .. . . . વો સામને હી રહેતા થા ફિર. . . . .. બાકી ધાક બહોત થી ઉસ લડકો કી. . . . .

તહેલકાઃ- આપને દો ચાર મિંયો કો કાટા કે નહીં?

પ્રકાશ રાઠોડઃ- અપનોને હાથ પાવ બહોત લોગો કે. . . . . હમને યહાં વાલે કો બહોત મારા..

તહેલકાઃ- બસ, સિર્ફ હાથ પૈર તોડે?

પ્રકાશ રાઠોડઃ- હમ વહાં નહી જાતે થે. .. . .

તહેલકાઃ- પાટીયા ?

પ્રકાશ રાઠોડઃ- અંદર નહીં જાતે થે. . . . બાકી સબ છારે અંદપ ગયે થે. . . . હમ લોગ યહાં થે. . . . . જો કોઈ આયાના ઉસકો મારે કે ભગા દીયા રાત કો. . .. .

તહેલકાઃ- તો બિપીન પંચાલ કહાં થા?

પ્રકાશ રાઠોડઃ- પહેલે હમ યહાં થે .. . . . વહાં થે. . . . . ઐસી ધમાલ નહીં હોગી. .. . . . ભીડ બઢતા હૈ ગયા . .. . . . . તબ બિપીન પંચાલ આયા . . . . . ઉસક સાથ આદમી આયે . .. .. ફિર ઉન લોગોને સબ અંદર ઘુસો . . . . . . .. . શ્રી રામ શ્રી રામ બોલે કે ભાઈ હમારે લોગો કો માર ડાલા તો ઈનકો ભી સબક દેના હૈ. . .. . . . . વો લોગ અંદર ચલે ગયે સબ લોગ . . . . . . .. હમ ફિર ઈધર આ ગયે .. . . . . જલના ચાલુ હુવા ન જબ. . . . . . . યહાં સે કયા ફિર ઈન લોગો ભી નિકાલ તી મિંયા લોગો ને .. . . ..

તહેલકાઃ-મિંયા લોગો ને . . . . . ..

પ્રકાશ રાઠોડઃ- ફિર ઉનકો માર માર કે ભગાયા. . . . . .. એક દો જને કો અંદર હી ફેંક દીયા . . . . . .

તહેલકાઃ- અપને છારો મેં સુરેશ રીચાર્ડ મજબુતી સે લડા. . . .. . . .

પ્રકાશ રાઠોડઃ- બહુત મજબુતી સે. . ..

તહેલકાઃ- ઔર કૌન લડા મજબુતી સે?

પ્રકાશ રાઠોડઃ- એક સુરેશ રીચાર્ડ, એક ગુડ્ડૂ, એક નરેશ છારા. . . ..  વો લોગ થકે નહીં મતલબ. . . . . .

તહેલકાઃ- જીગર ચાહિયે ઈસ કામ કે લિયે. . . . . .

પ્રકાશ રાઠોડઃ- ઈન લોગોં કો કયા દુશ્મની નિકાલની થી. . . . . મિંયા તો (ગંદીગાળ) પહેલે સી ગદ્દાર હોતે હૈ . . .. . ઉન કે સાથ ભી કુછ ગદ્દારી કી હોગી મિંયાને  . .. . .  તો ઉન્હોને કયા (શબ્દો સંભળાતા નથી) . . ..  . ઈસને ટસ ટસલ મોમેડનકી છોકરી બિઠાઈ હૈ રીચાર્ડ ને.. .. . . .

તહેલકાઃ- કલ બોલતો રહા થા. . . . . .

પ્રકાશ રાઠોડઃ- રીચાર્ડ કા કયાં કારનામા હુવા થા. .. . . . પહેલે યે લડકી હી ના ઉસકી બહેન સે પ્યાર કરતા થા . . . . . ઉસકે સાથે સોયા ખાયા પીયા  .. . . .  ફિર ઉસસે બોલા કી શાદી કરની હૈ . . . . . બોલા હા કલ મેં તેરે સાથે શાદી કરૂંગા. . . .  રાત કો ઉસકો લેકે ભાગ ગયા . .. .

તહેલકાઃ- મિંયા લોગોને હલ્લા નહીં મચાયા?

પ્રકાશ રાઠોડઃ- ઈસસે પુરે મિંયા ડરતે હૈ. . . . . .

તહેલકાઃ- ડરતે હૈ?

પ્રકાશ રાઠોડઃ- પુરે મિંયે. . . . . કોઈ કુછ નહીં બોલ શકતા હૈ . . . . અમુક અમુક તો પુલીસવાલો કી (અપશબ્દ) હૈ ઈસસે. . . . જલ્દી જાતા નહીં હૈ ઈસમે પાસ . . ..  . અગર યે પાવ સે લાચાર ન હો તો પુરી ચાલી અકેલે ખાલી કરવા દેવે. .. . . . .

<u>પેજ નં.પર પેરા નં.પ૪</u>

મને પછી તે જ દિવસે પ્રકાશ રાઠોડ, સુરેશ રીચાર્ડના ઘરે લઈ ગયેલો. ત્યાં મારે સુરેશ રીચાર્ડ તથા પ્રકાશ રાઠોડ એમ બંને સાથે વાતચીત થયેલી. પરંતુ તે મુખ્યત્વે સુરેશ રીચાર્ડ સાથેની વાતચીત હતી જેમાં એવી વાતચીત થયેલી કે,

સુરેશ રીચાર્ડ :- સબ જલા વલા કે હમ લોગ આયે. . . .  ફિર હમકો પુલીસને બુલાયા. . . . . તો ૨૦-૨પ છોકરે ફોઈથ ઈન્સાનકી દો પાંચ કો ગીરા દે વે ઐસે . . . . બોલે  અંદર ચાલી મેં

મોમેડન છીપ ગયેલે હે .. . . . અબ હમ લોગ ગયે તો ઘર તો પુરે જલ રહે અબ કુછ સાત આઠ ગટર મેં છુપ ગયેલે. . . . . હમને ઢક્કન બંધ કર દીયા . . . . . અબ અંદર ઘુસે તો હમ કો ભી ખતરા. . . . . ગટર બડી બડી ગટર હૈ. . . . . . હમને ઉનકે પે ઢક્કન ડાલ દીયા ઔર ઉપર ઈંટે ડાલ દી. .. . . બહોત બડી બડી ઈંટે. . . . . . . ફિર બાદ મેં વો ગટર કે અંદર સે આઠ આઠ દસ દસ મરે હવે ઈન્સાન નીકલે. . . . . . . છુપે યે બચનેકે લીયે પર હમને ઉપર સે બંધ કર દીયા તો ઉસકી ગૈસ સે મર નહીં જાવે. . . . . .. .

તહેલકાઃ- ગેસ સે મર જાયેગે

સુરેશ રીચાર્ડ :- ફિર વો ગટર કે અંદર સે લાશે નીકલી.

તહેલકાઃ- યે શામ કી બાત હૈ. . . . .

સુરેષ રીચાર્ડ :- યે શામ કી બાત હૈ .. . . . . .

તહેલકાઃ- મતલબ જબ દીન મેં ધમાલ પુરા ખતમ હો ચુકા થા ઉસકે બાદ . . . . . .

સુરેશ રીચાર્ડ :- પુરી રાત તર ધમાલ ચલી થી સાડે આઠ બજે તક

તહેલકાઃ- તો દુસરી રાઉન્ડ ગયે આપ લોગ અંદર

સુરેશ રીચાર્ડ :- હમ તો અંદર હી થે. .. . . ફિર શામ કો ઐસે માહોલ ઠંડા હો ગયાના . . . . . અંદર કિતને . . . . . . . . થક ભી જાવે ન ઈન્સાન. . . .. . .. પથ્થર મારના યે કરવા પાઈપ મારના છુરી માના વો કરના. . . . . . પર જૈસે હમ અંદર સે નીકલે તો પક્કે દીલકા ઈન્સાન હી નીકલ શકતા હૈ. . . . .

<u>પેજ નં.૫૪ પેરા નં.૫૫</u>

મારી સાથે તેઓએ કરેલ આગળની વાતચીત એવી હતી કે,

સુરેશ રીચાર્ડ :- માયાબેન તો પુરા દીન જીપ કે ઉપર ગાડી કે ઉપર ઘુમ રહી થી. .. . . . .

તહેલકાઃ- પાટીયાકાંડ વાલે દીન . .. . .. .

સુરેશ રિચાર્ડ :- જય શ્રી રામ જયશ્રી રામ . . . . કેસરી પટ્ટી બાંધા. . . . . . ચાય પીયો આપ?

તહેલકાઃ- નહીં થોડી ઠંડી પીતા હુ?

સુરેશ રીચાર્ડ :- જય શ્રી રામ જય શ્રી રામ કહેતે જા રહે હૈ . . . . . નારે લગાતે જા રહે હૈ. . . . . બોલે કરો કરો હમ બૈઠે. . . . . બોલે હમ બૈઠે હૈ. . . . સફેદ સાડી પહેના હુવા થા ઔર કેસરી પટ્ટા બાંધા હુવા થા .. . . . હમને ભી કેસરી બાંધા થા . .. . .

સુરેશ રીચાર્ડ :- તો અબ વો બાટલી ફુટ રહે હૈ. . . . યે ગેસ સીલીન્ડર ડાલ રહે હૈ. . . .. અબ વો ફટ ફટ કીસીકી હિંમત નહી ટ્રક કે નીચે સુવ્વર સોયે થે. . . . . હમને સુવ્વર કો મારા . . . . . સુવ્વર કો પુરા ભાલા ડાલ દીયા સોયે હુવે કો. . . . . . . ફિર ઉઠે ભી નહીં હમ થકે

હારે. . . . . ચાર પાંચ હમ દુસરે મીલ કે છારે. . . . સુવ્વર હમને મસ્જીદ પે બાંધા ઔર કેસરી ઝંડા યહાં સે ખોલ કે ઔર હમને કેસરી ઝંડા લગાયા. . . . . .

તહેલકાઃ- જીસ દીન પાટીયા કાંડ હુવા

સુરેશ રીચાર્ડ :- પાટીયા કાંડ પે. . . . . વો મસ્જીદ કે ઉપર જો તંબુ બાંધે થે ઉસી બાંસડે કો તોડ કે ઔર ઈનકે મીનાર બીનાર સબ તોડ ડાલે ઔર ઉપર હમને ઝંડા લગાયા . . . . .. વો ઈનકો દાગ હૈ. . . . . .

તહેલકાઃ- મુસલમાનો કો. . . . . . .

સુરેશ રીચાર્ડ :- હા . .. . . બોલે હમકો તુમ .. . . .

તહેલકાઃ- ઈસસે બડા હિન્દુત્વ કા કામ કોઈ નહીં હો શકતા હૈ . . .. . . .

સુરેશ રિચાર્ડ :- સુવ્વર બાંધા હૈ ઐસે ધમાકે મેં. .. . . . . વહાં સે ભી ચલો ઔર યહાં સે ભી ચલો. . . . . દોનો પાર્ટીયા.. . . . . .. ફિર ભી હમ આઠ દસ લડકે ચડે. . . . .

પ્રકાશ રાઠોડઃ- બાટલે તો બહોત ફોડે લેકીન મસ્જીદ હીલી નહીં જયાદા. . . . .

તહેલકા :- તો મતલબ મસ્જીદ ઈતની મજબુત બનાઈ થી કી બાટલે ફોડને કે બાદ ભી નહીં .

સુરેશ રીચાર્ડ :- બાટલે કી કયા બાત . . . .. . . પુરા ટેન્કર. .. . એક ભાઈ કોઈ કો લે આયા થા વહાં સે અપના ઠક્કરનગર ચાર રસ્તે સે, મોમેડીયન કો માર કે ટેન્કર લાયા થા ફિર રીવર્સ માર કે પુરા ટેન્કર સે તોડા .. . . . કેરોસીન પેટ્રોલ કા ટેન્કર . . . .. . પુરા રોડ ટેન્કર તોડકે. . .. . . જુને પેપર નીકાલો .. . . . . વો મસ્જીદ મેં ટેન્કર વેન્કર ધુસેલે. . . . .પાની છાંટા હૈ ના .. . . . . . ફાયર બ્રિગેડવાલે . .. . . . ઈસ તરહ પેટ્રોલ છાંટા ફિર ચાલીયા જલાઈ . .. . . .

તહેલકાઃ- ફિર જલાઈ

સુરેશ રીચાર્ડ :- ફિર ચાલીયા જલાઈ. . . . . જુને પેપર જો આપકો . . . . . . બોલાના જયદીપભાઈ કો ઉનકે પાસ હી હોંઈગી જુને પેપર. . . . .

તહેલકાઃ- નહીં રખે હોગે . . . . યે નહીં રખા હોગા ઉન્હોને . .. . .

સુરેશ રીચાર્ડ :- હોગેં. . . . . . . .

પ્રકાશ રાઠોડઃ- બાબુભાઈ કે પાસ હોગા . .. .. .

તહેલકાઃ- બાબુભાઈ કે પાસ હોગા

સુરેશ રીચાર્ડ :- સબ પેપર જુને જો. . . . નહીં તો પ્રેસસે મીલ જાવે . .. . . ઉસકા કોઈ થોડી. . . . . .

તહેલકા :- ખેર જો હુવા . . .. . કોન ટેન્કર લેકર આયા થા . .. .. ..

સુરેશ રીચાર્ડ :- ટેન્કર એક ભાઈ લેકર આયા થા . . .. અપના ભૈયા થા. . . .

તહેલકાઃ- વિશ્વ હિન્દુ પરીષદકા થા. .. .. . .

સુરેશ રીચાર્ડ :- વો નહીં .. . . હિન્દુ ભાઈ થા . . . . . . ઉસને ઠક્કરનગર ચાર રસ્તે સે ચાર મુસલમાનો કો મારે કે લાયા. .. . . વો ટેન્કર લે ગયે ફિર ફિર છારોને મદદ કીયા . . . . . અરે હમ આયે . . .. ફીર યે રીવર્સ માર માર કે દિવાલ તોડી મસ્જીદ કી. .. . . . મસ્જીદ કી દીવાલે તોડી ઔર જૈસે પાની છોડતે હૈ ન ઈસ તરહ ડાલી. . . . . તો અંદર કુછ ઘુસેલે થે વો ભી સફાયા હો ગયે. . . . .

પેજ નં.૫૮ પેરા નં.૫૬

આ જ રીતે તે દિવસે કરેલ વધુ વાતચીતમાં એવી પણ વાતચીત થયેલી કે,

સુરેશ રીચાર્ડ :- હમારા ભાઈ બડા હૈ. . . .. ઉસકા ઔધા બડા હૈ . .. . .

તહેલકાઃ- દેખીયે મેં લાતા હું. . . . . . . ફોન કરૂગા ઈસ સમય લા રહા હું . .. . . . આયેગે તો મત બોલીયેગા કુછ . . . . અપની બાત બોલીયેગા થોડે ઈતમીનાનસે બોલીયેગા. . . .

પ્રકાશ રાઠોડઃ- કુછ ભી નહીં ચાહીયે ન પૈસા ન ખાના પીના. . . .

તહેલકાઃ- મુજસેં જાનતે હૈ એક બાત બોલ રહે થે. . . . . બોલે છારે લોગોને રેપ કર દીયા વહાં પે. . . . .

સુરેશ રીચાર્ડ :- ફિર દેખોએક બાત હૈ .. . .. પિયુષભાઈ ભુરે ધુસે તો કોઈન કોઈ ફલ ખાય ને?

તહેલકાઃ- ખાયેગા હી. . . . . .

સુરેશ રીચાર્ડ :- અબ હજારો ભુખે ધુસ ગયે તો કોઈ ફલ મીલ ગયા તો ખા લેગા બિચારા . .. . તહેલકાઃ- દો ચાર લોગોને કીયા હોગા. . . . .

સુરેશ રીચાર્ડ :- પુરે ને તો નહીં જૈસે કી ૨૦૦૦,૩, ૫૦૦,૧૦૦૦ જૈસે છારે ધુસ ગયે અંદર. . . . . . અબ કોઈ એક પીયા ખાયા બેવડા હોવે ભુખા ઈન્સાન તો વહ ફલ પડા હો તો ખા જાયેગા .. . ઐસે ભી ફલ કો કુચલ કે ફેંક દેગે. .. . .

તહેલકાઃ- વૈસે ભી મરના થા.. . . .

સુરેશ રીચાર્ડ :- ઉસકો ઐસેભી જલા રહે હૈ માર રહે હૈ તો કોઈ ફલ ખા ગયા હોગા .. . . ઐસા નહીં હમ જુઠ બોલ રહે હૈ. . . . . માતાજી સામને બૈઠી હૈ . . . .

આ સમયે સુરેશ રીચાર્ડે માતાજીનો ફોટો ઈશારો કરીને બતાવેલો.

તહેલકા :- દો ચાર રેપ હુવે હોગે ....

સુરેશ રીચાર્ડ :- જયાદા ભી હુવા હો....ફિર દુસરે હમારે ભાઈ ભી થે ના હિન્દુ ભાઈ વિ.એચ.પી વાલે ભી આર.એસ.એસ.વાલે ભી.....

તહેલકા :- વૈસે ભી મુસલમાન લડકીયા બહુત અચ્છી હોતી હૈ.....

સુરેશ રીચાર્ડ :- તો કોઈ ભી ખા જાવે....ફલ કોન નહીં ખાયેગા.....

તહેલકા :- એક મુસલમાન લડકી કો ઘુમાતા થા પહેલે અબ તો નહીં ઘુમા શકતા હું........

સુરેશ રીચાર્ડ :- ઈન કો તો જીતના કાટ ડાલે ઉતના કમ હે......મેરે તો બહુત ખુન્નસ હે ઈનકે પીછે......ઈન કો તો મેં નહીં બખ્સું........

તહેલકા :- મેં તો કહે રહા હું નહીં રેપ કીયા તો કરના ચાહીયે થા......

સુરેશ રીચાર્ડ :- બહુ તો જગા કીયા ના.....હમ બોલ રહે હે ...હમારી મીસીસ બૈઠી થી હમને ઉસકો કીસ તરહ ....ફલ પડા થા તો ફલ કો કોઈ ભી ખા શકતા હે......

તહેલકા :- ફલ વો બડા સ્વાદિષ્ટ હોતા હે ?

સુરેશ રીચાર્ડ :- યે જો પતરે કે ઉપર હે ના .....પતરે કે ...કીયા હમને ભી કીયા ઉસ ટાઈમ.....હમ ભી ખાયા.....હમને એક હી બાર ખાયા......

તહેલકા :- એક હી બાર સિર્ફ રેપ કીયા......

સુરેશ રીચાર્ડ :- વહીં.....ફિર મારને કા મોકા ચલા જાવે ને......

(આ વખતે હવે સુરેશ રીચાર્ડ પ્રકાશ રાઠોડ તરફ ફીર કોઈ એક છોકરી કે જેને તેણે બળાત્કાર કરેલો અને પછી મારી નાંખેલી તેની વાત કરે છે.)

સુરેશરીચાર્ડ :- વો કિસકી ભંગાર વાલે કી છોકરી નસીમો......જાડી મસ્ત ભરાવદાર.....ઉસકે ઉપર......

તહેલકા :- ઉસકે ઉપર ચડે......

સુરેશ રીચાર્ડ :- હા .....કાયદે સેં.......

તહેલકા :- બચી તો નહીં.......

સુરેશ રીચાર્ડ :- નહીં ફિર ચુંદા કર ડાલા ......અચારકા ચુંદા બના દીયા.....ઉસકો ઉપર પતરે પર સે ડાલા ફીર દિવાલ કી ઈંટે વીટે સબ ગટર કે ઢક્કન સે ફાડફુડ કે યું રખ દીયા . . .

<u>પેજ નં.૬૧ પેરા નં.પ૭</u>

આગળની વાતચીતમાં એવી વાતચીત થયેલી કે,

સુરેશ રીચાર્ડ :- આજ કે બાદ હે ભાઈ આપકા બચ્ચા હોવે. . . . . ઔર મેં આગ મેં ડાલતા હું ઔર આપ દેખે તો આપકી આત્મા તો જલેગી. . . . . . . ફિર સબ બચ જાને કે બાદ બોલે યે વો હી લંગડા હે . . .. . ઉસને મેરે બચ્ચે આગ મેં. .. .. . આપ કહીં પે ભી છુપે થે. . .. . . કહી પે ભી જૈસે કી ઝાડ મેં છુપે થે મકાન મેં કહી ભાગ રહે થે કહી ભાગ રહે થે કહી ટીકા લગા લીયા. .. .. . . જયાદા કર કે મોમેડીયન કૈસે બચ ગયે . . . બતાવું.. . . . . . વહીં લોહી લે કે લયા લીયા. .. .

તહેલકા :- હિન્દુ બનને કે લીયે . . . . .

સુરેશ રીચાર્ડ :- ફિર હિન્દુ કા ટોલા દેખાના જય શ્રી રામ . . . . . ફિર હમ તો પીછે હૈ ને પિયુષભાઈ બહાર કા ઈન્સાને ભાઈ વહાં કા ઈન્સાન હૈ તો. . . . હમ લોગોને માર દીયા .. .. . આર.એસ.એસ.વાલે બજરંગદળવાલે કોઈ હો તો ઉનસે પુછના કી છારે પીછાન પીછાન કે માર રહે થે . .. . . અબ વો લોગો કા કયા આકે ગીર ગઈ લોહી લગા લેવે . .. .

આરોપી નં.૨૧ નાઓએ સાહેદે કરેલ સ્ટીંગ ઓપરેશન દરમ્યાન સદર ગુનામાં કરેલ આયોજન અને પોતે કરેલ ગુનાની કબુલાત કરેલ છે. આ આરોપી નં.૨૧ નાઓએઅ પોતાના ગુનાની કબુલાત તથા બીજા આરોપીઓમાં માયાબેન કોડનાની તથા અન્ય આરોપીઓએ સદર ગુનામાં ભજવેલ ભુમિકાો સ્પષ્ટ ચિતાર આપે છે. આ સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન આરોપીઓએ કોઈપણ જાતના દાબદબાણ, ધાક-ધમકી કે લાલચ વગર પોતાના ગુનાની કબુલાત કરેલ છે. અને બીજા આરોપીઓએ કરેલ કૃત્ય અને આયોજન ને ઉજાગર કરેલ છે. તેથી આ સાહેદે કરેલ સમગ્ર સ્ટીંગ ઓપરેશન અને તેની ટ્રાન્સ્ક્રીપ્ટ તથા સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ આરોપીઓએ સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન કરેલ ગુનાની કબુલાત અને ગુનાહિત કાવતરાને નહિ માનવાને કોઈ કારણ નથી કારણકે આ આરોપીઓએ સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન જે કંઈ કહ્યું છે તે તમામ હકીકત છે અને ગુનાની કબુલાત છે. આ સમગ્ર સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન વાતચીત એ આરોપીઓનું એકસ્ટ્રા જયુડીશીયલ કનફેશન ગણી શકાય તેથી તે નહિ માનવાને કોઈ કારણ નથી.

સાહેદે પ્રકાશ રાઠોડ સાથેની વાતચીતના મહત્વાના અંશો નામદાર કોર્ટમાં જુબાની દરમ્યાન જણાવેલ છે તેમા પ્રકાશ રાઠોડે એવુ જણાવેલ છે કે,

ઉપરની તમામ હકીકત અને આ કામે રજુ થયેલ ટ્રાન્સક્રીપ્ટ વંચાણે લેતા આ આરોપી સદર ગુનાના કામે સામેલ હોવાના અને તેમણે સદર ગુનાના કામે સક્રિય ભુમિકા ભજવેલા હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જે નહી માનવાને કોઈ કારણ નથી.

વધુમાં જણાવવાનું કે આ આ રોપીઓનાં સ્ટીંગ ઓપરેશન દરમ્યાન તેમણે ગુનાની કબુલાત કરતી વખતે પોતાના અવાજે જે વાતચીત કરેલ છે તે અવાજવાળી સી.ડી. અને ત્યારબાદ નામદાર કોર્ટની પરવાનગગીથી આ આરોપી નં.૧૮, ૨૧ અને ૨૨ ના આકાશવાણી પોતે વોઈસ ટેસ્ટ લેવામાં આવેલા અને આકાશવાણીના અધિકારીઓએ ત્રણેય આરોપીઓના અવાજનાં જુદા –જુદા સેમ્પલ ચાલુ ટ્રાયલે લઈ તે અવાજ ઉચ્ચારણોની સરખામણી કરવા આરોપીઓની અવાજના સેમ્પલ અને સીડી એફ.એસ.એસ જયપુર ખાતે મોકલવામાં આવેલ અને એફ.એસ.એલ. જયપુરનાં અધિકારીઓએ આરોપીઓના અવાજની સરખામણી સી.ડી.ના અવાજ સાથે કરી ત્રણેય આરોપીઓનો સ્પેકટ્રોગ્રાફી રીપોર્ટ નામદાર

કોર્ટમા રજુ છે તે રીપોર્ટ પ્રમાણે એવુ ફલીત થાય છે કે આરોપીઓએ સ્ટીંગ ઓપરેશન દરમ્યાન કરેલ ગુનાની કબુલાત વખતનો અવાજ અને આકાશવાણીમાં આરોપીઓનાં અવાજનાં સેમ્પલ લીધેલા તે અવાજ સરખા હતા એટલે કે આરોપીઓના જ હતા જે સ્પેક્ટોગ્રાફી ની રીપોર્ટ. . .. . આંક થી નામદાર કોર્ટમાં રજુ છે. આ સ્પેક્ટ્રોગ્રાફીના રીપોર્ટ ઉપર સ્પષ્ટ થાય છે કે સ્ટીંગ ઓપરેશનની સી.ડી.માં જે સંવાદો આરોપીઓએ બોલેલા છે તે અવાજ આ આરોપીઓનાજ છે. તેથી આ સાહેદની જુબાનીને નહિ માનવાને કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આ કામે સાહેદ નં.૩૧૪ આંક ૨૨૧૨થી આકાશવાણીના ડાયરેક્ટર ભગીરથપ્રસાદ મણીલાલ પંડયાને તપાસવામાં આવેલા છે તેમણે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ, આ સાહેદ આરોપી નં.૧૮,૨૧,૨૨ ના વોઈસ સેમ્પલ લીધા છે અને તે નમુના એફ.એસ.એલ જયપુર ખાતે મોકલવામાં આવેલા અને એફ.એસ.એલ. જયપુરનાઓએ આરોપીઓના વોઈસ સેમ્પલ અને સીડીમાના આરોપીઓના વોઈસ (અવાજ) ની સરખામણી કરી રીપોર્ટ આપેલ જે રીપોર્ટ પોઝેટીવ આવેલ છે. તે રીપોર્ટ નામદાર કોર્ટના રેકર્ડ ઉપર છે. આ એફ.એસ.એલ. જયપુરના અવાર પરીક્ષણના રીપોર્ટ ઉપરથી સાબીત થાય છે કે તહેલકાની સીડીમાં જે અવાજડ છે તે આરોપીઓના જ છે. તેથી શંકાને સ્થાન રહેતો નથી.

આ કામમાં સાહેદ નં. ૩૨૩ આંક ૨૨૭૪ થી ડો. શૈલેન્દ્ર રામકીશોર ઝા ને તપાસેલ છે તેમણે નામદાર કોર્ટ રૂબરૂ સ્પષ્ટપણે જણાવેલ છે કે, અમોને મોકલેલ ત્રણ વ્યક્તિઓના નમુનાના અવાજો સીડી તથા વીસીડી માં રેકર્ડ થયેલા અવાજ એક જ છે. આમ આ સાહેદની જુબાની ઉપરથી ફલિત થાય છેકે સ્ટીંગ ઓપરેશન ની સીડીમાં આરોપી નં. ૧૮, ૨૧, ૨૨ ના અવાજો હતા. અને તેવો જ સ્ટીંગ ઓપરેશનમાં જાતે ખોલેલું છે. આમ આ સાહેદ પણ આશિષ ખેતાનની જુબાનીને સમર્થન આપે છે.

આમ, આ કામે ઉપરોક્ત રીતે રજુ થયેલ આંક------ થી સીબીઆઈએ મેળવેલ એફએસએલ રિપોર્ટ તથા આંક------ થી આવેલ વોઈસ સ્પેકટોગ્રાફીનો પરિક્ષણ રિપોર્ટ જોતા ઈલેક્ટ્રોનીક એવીડન્સ આ નામદાર કોર્ટ સમક્ષ રજુ થયેલ છે અને તે જોતા સ્ટીંગ ઓપરેશન એવીડન્સ એક્ટ મુજબ સાબિત થયેલ છે.

સ્ટીંગ ઓપરેશન બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે ખાસ ગાઈડ લાઈન આપેલ છે અને ઈલેક્ટ્રોનીક એવીડન્સ કયા સંજોગોમાં કયારે પુરાવામાં ગ્રાહય ગણાય તેવી સ્પષ્ટ ગાઈડ લાઈન નામદાર સુપ્રીમ કોર્ટે ઘણા ચુકાદામાં આપેલ છે.

અમો તે માટે આપ નામદાર કોર્ટનું ધ્યાન III (2009) CCR 402 (SC), R.K. Anand Vs. Ragistrar Delhi High Court ના જજમેન્ટમાં પેરા નં. ૭૨, જેમાં ટેપરેકોર્ડેડ એવીડન્સ પુરવાર કરવા બાબતે નિરીક્ષણ કરવામાં આવેલ છે.

72. In regard to the admissibility in evidence of tape recorded statements Mr. Ahmed cited a number of decisions of this Court in (i) N. Shri Rama Reddy V. Giri, (1970)2SCC 340; (ii) R.M. Malkani V. State of Maharashtrha, (1973) 1SCC 471; (iii)Mahabir Prasad Verma v. Dr Surinder Kaur, (1982) 2SCC 258 and (iv) Ram Singh v. Col. Ram Sing, (1985) Suppl SCC 611. He also referred to two foreign decision on the point, one in (i) R v. Stevenson, 1971 (1) All ER 678 and the other of the Supreme Court, Appellate Division of the State of New York v. Francis Bell (taken down from the internet). We need here refer to the last among the decision of this Court and the English decision on R. Stevenson. In Ram Singh, a case arising from an election trial the court examined the question of admissibility of tape recorderd conversations under the relevant provisions of the Indian Evidence Act. The court lay down that a tape recorderd statement would be admissible in evidence subject to the following conditions:

> “ Thus, so far as this Court is concerned the conditions for admissibility of a tape-recorderd statement may be stated as follows-
>
> (6) The voice of the speakers must be duly identified by the maker of the record or by other who recognize his voice. In other words, it manifestly follows as a logical corollary that in the first condition for the admissibility of such a statement is to identify the voice of the speaker. Where the voice has been denied by the maker it will require

very strict proof of determine whether or not it was really the voice of the speaker

(7) The accuracy of the tape recorded statement has to be proved by the maker of the record by satisfactory evidence direct or circumstantial.

(8) Every possibility of tampering with or erasure of a part of a tape- recorded statement must be ruled out otherwise it may render the said statement out of context and, therefore inadmissible

(9) The statement must be relevant according to the rules of Evidence Act.

(10) The recorded cassette must be carefully sealed and kept in a safe or official custody.

The voice of the speaker should be clearly audible and not lose or distorted by other sounds or disturbances."

**તે જ રીતે વીડીયો ટેપ પુરાવામાં કઈ શરતોએ ગ્રાહ્ય ગણવો જોઈએ તે માટે સદર જજમેન્ટના પેરા ૭૪ માં નીચે મુજબ નિરીક્ષણ કરવામાં આવેલ છે**

75. Mr. Ahmed also referred to another decision by a US Court on the admissibility of video tapes. This is by the Court of Appeal of the State of North Caroline in State of North Carolina v, Michale Odell Sibley (downloaded from the internet). In this decision there is a reference to an earlier decision of the same Court in State v. Cannon, 92 NC App. 246, etc. in which the conditions for admissibility of video tape in evidence were laid down as under:

"The prerequisite that the offer or lay a proper foundation for the videotape can be met by –

(2) testimony that the motion picture or videotape fairly and accurately illustrates the events filmed (illustrative purpose); (2) 'proper testimony

concerning the checking and operation of the video camera and the chain of evidence concerning the videotape….,' (3) testimony that 'the photographs introduced at trial were the same as those (the witness) had inspected immediately after processing,' (substantive purpose); or (4) 'testimony that the videotape had not been edited, and that the picture fairly and accurately recorded the actual appearance of the area photographed."

## તોહમતદાર નં.(૨૨) સુરેશ ઉર્ફે રીચાર્ડ ઉર્ફે લંગડો કાંતીલાલ દેદાવાલા (છારા)

ઉપર જણાવેલ તમામ ૫૬ સાહેદોએ તેમના પોલીસ રૂબરૂના તથા શીટ રૂબરૂના જવાબોમાં આ આરોપીનું નામ સામેલ ચે. તથા હથીયારા સહીત જોયેલ તેવુ પણ જણાવેલ છે. તદ્ઉપરાંત નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીને નામ આપીને ઓળખી બતાવેલ છે.

ઉપર જણાવેલ તમામ ૫૬ સાહેદો તા.૨૮-૨-૦૨ના રોજ ગુજરાત બંધનું એલાન હતુ તે બનાવના દિવસે સાહેદો એ જુદા જુદા સમયે જુદા જુદા સ્થળોએ આ કામના આરોપીને હથીયાર સહીત જુદા જુદા ટોળાઓમાં જોયેલ છે. અને અમારી કોમના મુસ્લીમ સ્ત્રી, પુરુષ બાળકોને માર મારવામાં તેમજ સળગાવીને બાળી મુકવાના કિસ્સાઓમાં તથા છોકરી પર બળાત્કાર કરવાના તથા મુસ્લીમોના ઘરનો તોડપોડ કરી લુંટફાટ કરી સળગાવી નુકશાન કરવામાં હાજર રહી. સક્રીય ભાગ ભજવી ગુનાહીત કૃત્યો આચરેલા છે. આ આરોપીએ બનાવના દિવસે પુરા નરોડા પાટીયા વિસ્તારમાં ફરીને અમો મુસ્લીમો ઉપર ભંયકર જુલ્મો કરી ભયાનક આતંકનું વાતાવરણ સર્જી મુસ્લીમો પર અમાનુષી જુલ્મ કરી તેઓને ગંભીર ઈજાઓ પહોંચાડી, મારી નાંખી, પુરાવાનો નાશ કરવાના આશયથી તેઓની ઉપર જ્વલન શીલ પદાર્થનાખી જીવતા સળગાવી દઈ મોતને ઘાટ ઉતારેલા છે. તેમજ અસંખ્ય મુસ્લીમોના ઘરોમાં ઘસુ જઈ તોડફોટ કરી, લુંટફાટ કરી ત્યારબાદ ઘરોને પણ સળગાવી દીધેલા છે, આમ આ આરોપીએ બનાવના દિવસે અસંખ્ય મુસ્લીમો પર અત્યાચાર ગુજારી, મોતને ઘાટ ઉતારી હીટલરને પણ શરમાળે તેવા ગુનાહીત કૃત્યો કરેલા છે.

આ આરોપીએ જુદા જુદા સમયે જુદા જુદા સ્થળે અન્ય આરોપીઓ સાતે મળી જતો હોય ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની ગુનાહિત કાવતરુ પાર પાડવા તે તમામના સામાન્ય ઈરાદાઓ અને ઉદ્દેશો પાર પાડવાના આશયથી એક સંપ થઈ ભેગા મળીને નરોડા પાટીયા વિસ્તારમાં રાક્ષસને પણ શરમાવે તેવા ઘૃણાસ્પદ ગુનાહીત કૃત્યો આચરીને ગુનાઓ કરેલ ાછે. અને પુરાવાઓનો નાશ કરવાના આશયથી માણસોને જીવતા સળગાવી દઈ મોતને ઘાટ ઉતારેલ છે અને મુસ્લીમોના ઘરોમાં પણ જ્વલનશીલ પદાર્થો નાંખીને સળગાવી મુકેલા છે. આમ આ આરોપીએ બનાવના દિવસે નરોડા પાટીયાનો જુદા જુદા સ્થળો પર મુસ્લીમોને ગંભીર ઈજાઓ કરવાના મોતને ઘાટ ઉતારવાના મિલ્કતોને તોડ ફોડ કરી લુંટફાટ કરી સળગાવવાના તથા મુસ્લીમ સ્ત્રીઓ પર બળાત્કાર કરવાના ભયંકર ગુનાઓ આચરેલ છે. તથા ગુનાઓ અન્ય આરોપી કરતા હોય તેમને સાથ` સહકાર આપી તેવા ગુનાહીત કૃત્યો કરવા ઉશ્કેરણી કરી ગુનાઓ કરવામાં મદદરૂપ બની સક્રીય ભાગ ભજવી ગુનાહીત કૃત્યો કરેલા છે

તે તમામ હકીકતો ઉપર જણાવેલ સાહેદોની નામદાર કોર્ટ રૂબરૂકની જુબાની પરથી ફલીત થાય છે.

આ સાહેદ સામે કુલ ૫૬ જેટલા સાહેદોએ બળાત્કાર, જીવરાજ મુસ્લિમોને યારી જીવતા સળગાવતા મુસ્લિમોની મિલ્કતને આગલગાડી લુંટી લુંટ ફાટ કરવા જેવા ગુનાઓ સબબે પુરતો પુરાવો આપેલ છે.

## (૧) સલીમ રોશનઅલી શેખ, સાહેદ નં. ૩૭, આંક-૨૫૬

- શીટના જવાબમાં તોહમતદારના નામ છે. હથીયાર સહિત
- તોહમતદારે તેના પુત્રને , કઝીન શરીફને મારી નાંખી સળગાવી દીધાનું શીટના જવાબમાં છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપ્યુ તથા આરોપી નં.૨૨ ને ઓળખ્યા.

- પેજ નં.૪ પેરા નં.૭

આ ટોળામાં ખાખી ચડ્ડી, કેસરી પટ્ટી તથા સફેદ બનીયાન પહેલા લોકો પણ હતા. આ ટોળાના માણસોના હાથમાં ધારીયા, તલવાર, કેરોસીન, લાકડીઓ, પાઈપો, કેરોસીનના ડબ્બા, કેરોસીનના કેરબા વગેરે હતા.

- પેજ નં.૫ પેરા નં.૮

આ ટોળાની આગેવાની ગુડુ છારો, સુરેશ લંગડો કે જે પણ છારો છે, દરબાર નામનો એક માણસ બીપીન ઓટોવાળા, પીન્ટુ તથા પીન્ટુના પિતા દલપતનાઓએ લીધેલી. આ ટોળાના હું જણાવી ગયો તે ગુડુ છારાના હાથમાં તલવાર, સુરેશ લંગડાના હાથમાં ધારીયું, દરબારના હાથમાં ધારીયું, બીપીન ઓટોવાળાના હાથમાં પાઈપ, પીન્ટુ તથા દલપતના હાથમાં પણ પાઈપો હતી. હું છેલ્લા દસ વર્ષથી નરોડા પાટીયા ખાતે રહેતો હોઈ આ ટોળામાંના હું જણાવી ગયો તે નામધારી વ્યક્તિઓને ઓળખું છું.

- પેજ નં.૭ પેરા નં.૧૨

ત્યારે જવાનનગર ગંગોત્રી સોસાટીના ઝાંપા પાસે મોટુ હિન્દુઓનું ટોળું આવી ગયેલું......તે વખતે ટોળુ વધી ગયેલું સાંજના છ સાડા છ વાગ્યાનો સમય થઈ ગયેલો, અને પોલીસે ટીયરગેસ છોડેલો ત્યારે મારો દીકરો સીદીક મારાથી છુટો પડી ગયેલો. હું ધાબા પરથી નીચે આવતો હતો ત્યારે મેં જોયું કે, હું ઉપર જણાવી ગયો તે ૬ જણાં જેમાં ગુડ્ડુ, સુરેશ, દરબાર,

બીપીન ઓટોવાળા, પીન્ટુ, દલપત વગેરે હતા તેમણે મારા દીકરા સીદ્દીકને આ ટોળામાં યાને કે હિન્દુઓના ટોળામાં ખેંચી લીધેલો.

ગોપીનાથ સોસાયટીની પાણીની ટાંકી પાસે મારા દીકરા સીદ્દીકને ગુડ્ડુએ પાછળથી માથામાં પાઈપ મારેલો, દરબારે ધારીયું પેટમાં મારીને સીદ્દીકને નીચે પાડી દીધેલો તથા બીપીન તથા અન્ય ત્રણનાઓએ તેને ખેંચીને કેરોસીન નાંખી ગોદડા વગેરે નાંખી જ્વલનશીંલ પ્રવાહી નાંખી સળગાવેલો. આ મેં જોયેલું મારો દીકરો સીદ્દીક ગુજરી ગયેલો. આ વખતે મારા દીકરાને આ રીતે મારતા હતા તે જોવાથી મારા મોઢામાંથી ચીસ નીકળી ગઈ ત્યારે ટોળામાંથી કોઈકે આ રહ્યો મીંયો એવુ કીધું ટોળામાંથી કોઈકે પકડો પકડો આ રહ્યો મીંયો તેવું કહેતા હું ગંગોત્રી સોસાયટી બાજુ ભાગી જઈ સંતાઈ ગયેલો.

- પેજ નં.૮ પેરા નં.૧૩

પાણીની ટાંકી પાસે બનેલ બનાવમાં મારો મામાનો દીકરો શરીફ હતો તેને પણ આ ટોળાએ મારા દીકરા સીદ્દીકને માર્યો તે રીતે મારી નાંખેલો, આ વખતે આશરે સાડા છ પોણા સાતનો સાંજનો સમય હતો.

આ કામે સાહેદ નં.૩૭ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી ગેરકાયદેસર મંડળીના સભ્ય બની હથિયાર ધારણ કરી સીદ્દીકનામની છોકરાને મારી જીવતો સળગાવવામાં એટલે કે સીદ્દીકના ખુન કરવાનો સીધો પુરાવો મળી આવે છે.

## (૨) અમીના અબ્બાસભાઈ બેલીફ, સાહેદ નં. ૫૨, આંક-૪૨૫

- શીટના તા. ૩૦.૫.૦૮ ના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે.- ઓળખેલ નથી.

## (૩) શકીલાબાનુ ફિરોજ એહમદ અન્સારી, સાહેદ નં. ૭૨, આંક-૫૧૦

- શીટના તા.૨૭.૫.૦૮ ના જવાબમાં નામ છે તથા એક્ટ છે
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ ખુલેલ છે.- ઓળખેલ છે.

- પેજ નં.૭ પેરા નં.૧૨

મારા પરીવારજનોથી હું છુટી પડી ગઈ તે પછી તેઓ આગળને આગળ જતા ગયા. જેમાં મારી માતા, મારો ભાઈ મહેબુબ, નાનો ભાઈ શબ્બીરઅહેમદ તથા તેઓના બાળકો તથા નાનાભાઈની પત્નિ વગેરે આગળ જતા રહેલા મે તેઓને આગળ જતા જોયેલા. ભવાનીએ ત્યાં તેઓ આગળ જવા લાગ્યા ત્યારે ટોળાને ઈશારો કરી દીધેલો. ટોળા પાસે ઘણાં બધા હથીયાર, પેટ્રોલ, ડીઝલ વગેરે હતુ. મારા આ પરીવારજનોને મારા દેખતા મારેલુ તેમાં

ગુડ્ડુ છારા, ભવાની, તથા શહેજાદ છારા તથા મનુ ભંગી તથા સુરેશ લંગડા એ પાંચ જણાં હતા. આ પાંચ જણાં ટોળાને બધુ સળગાવવામાં મદદ કરતાં હતા. મારા પરીવારજનોને પેટ્રોલ નાંખીને આ ટોળાએ જીવતા સળગાવી દીધેલા. મારા ત્રણ મહીનાના નાના ભત્રીજાને પણ જીવતો આગમાં આ ટોળાએ નાંખી દીધેલો.

સાહેદ નં.૭૨ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી સાહેદની માતા, ભાઈ, મહેબુબ, નાનો ભાઈ શબ્બીર તથા તેના બાળકો, નાનાભાઈની પત્નિ, વિગેરેને બીજા તો.દારો સાથે મળીને મારી અને પેટ્રોલ કેરોસીન નાંખી સળગાવેલા છે તેમજ સાહેદના માસુમ ૩ માસના બાળાને જીવતો આગમાં નાંખવા અંગેનો પુરતો પુરાવો મળી આવે છે.

## (૪) બાસુદીન મૈયુદીન સૈયદ સાહેદ નં. ૭૩, આંક-૫૧૪

- ૪.૬.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- નામ આપ્યું – ઓળખ્યા.

<u>- પેજ નં.૫ પેરા નં.૮</u>

તે દીવસે સવારે આઠ વાગ્યાના સુમારે કૃષ્ણનગર તરફથી એક મોટુ હિન્દુઓનું ટોળુ આવતું હતુ. આ ટોળાના અવાજો સાંભળી હું નેશનલ હાઈવે રોડ ઉપર આવી ગયેલો. હું બહાર આવી જય અંબે પાનના ગલ્લા પાસે ઉભો રહેલો. મારી સાથે ચાલીના મુન્નાભાઈ પણ હાજર હતા. આ હિન્દુઓનું ટોળુ કૃષ્ણનગરથી નુરાની મસ્જીદ તરફ આવતું હતુ. આ ટોળાની આગેવાની બીપીન પંચાલ, ગુડ્ડુ છારા અને તેના બે સગાભાઈઓની હતી. આ હિન્દુ ટોળાના માણસો પાસે તલવારો, ત્રિશુલ, ભાલા, રીવોલ્વર તથા લોખંડની પાઈપો જેવા હથીયારો હતા.

<u>- પેજ નં.૫ પેરા નં.૯</u>

થોડા સમયમાં કુબેરનગર પાટીયા નટરાજ હોટલ તરફથી એક મોટુ ટોળુ આવતું હતુ. આ ટોળું નુરાની મસ્જીદ તરફ આવતું હતુ. આ ટોળુ સુત્રોચ્ચાર કરતુ હતુ. તેઓ જય શ્રી રામ ના નારા લગાવતા હતા. આ ટોળાની આગેવાની કિશન કોરાણી, અશોક સીંધી, સુરેશ લંગડો તથા મનોજ વીડીયોવાળો કરતા હતા. આ ટોળામાં મનોજ વિડીયોવાળો તથા કિશન કોરાણી પાસે રીવોલ્વર હતી. બીજા ટોળાના માણસો પાસે તલવારો, ત્રિશુલ, ભાલા, લોખંડની પાઈપ વગેરે હથીયારો હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૦</u>

આ ટોળાના માણસો મસ્જીદની બાજુમાં આવેલી મુસલમાનોની દુકાનને આગ લગાડતા હતા અને આ ટોળાના માણસો પથ્થરમારો પણ કરતા હતા. મે આ તમામ જોયુ ત્યારે આશરે સાડા નવ વાગ્યા હશે.

<u>પેજ નં.૬ પેરા નં.૧૧</u>

આ સમયે અમારા ચાલીના માણસો ગફુરભાઈના ઘર પાસે ઉભેલા હતા. ત્યાં નરોડાના પી.આઈ.શ્રી મેસોરવાલાના ઘર પાસે ઉભેલા હતા. ત્યાં નરોડાના પી.આઈ.શ્રી મેસોરવાલા પણ તેમની જીપ સાથે હાજર હતા.

<u>પેરા નં.૧૭ પેજ નં.૧૦</u>

આ દરમ્યાન આશરે પાંચ વાગે એક ટોળું આવેલું. આ ટોળામાં કિશન કોરાણી, મનોજ વિડીયોવાળો, અશોક સીંધી અને સુરેશ લંગડો હતા. હુસેનનગરની છેલ્લી લાઈનમાં રહેતા મજીદ લંગડાના ઘરમાં આ ચારેય આરોપીઓની આગેવાની તથા રાહબરી હેઠળ મજીદના મકાનને આગ લગાડેલી.........મજીદના ઘરમાં લગાડેલ આગમાં આ ઘરના અંદર હતા તે બધા જ માણસો જીવતાં બળી ગયેલા, આ બધુ મેં મારી નજરે જોયેલું.

સાહેદ નં.૭૩ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી મુસ્લિમોની દુકાનોને આગ લગાડતો હતો અને તેણે ટોળાની આગેવાની લીધેલી હતી અને અ.મજીદના ઘરને આગ લગાડી તેના ઘરના પરિવાર જનોને સળગાવી નાંખેલા આમ આ આરોપી સામે પુરતો પુરાવો સાહેદની જુબાનીમાંતી મળી આવે છે.

### (૫) હુસેનભાઈ વલીભાઈ કલાડીયા, સાહેદ નં. ૧૦૫, આંક-૬૭૬

- તા.૨૮.૬.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખેલ નથી

<u>- પેજ નં.૬ પેરા નં.૧૦</u>

નરોડા પાટીયા વિસ્તારના ઘણાં લોકો આ ટોળામાં હતા......આ ટોળામાં મનોજ સીંધી, સુરેશ લંગડો, બીપીન ઓટોવાળો, ગુડુ છારો, ભવાનીસીંગ તથા તિવારીનાઓના હતા.

સાહેદ નં.૧૦૫ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી હિન્દુઓના ટોળામાં સામેલ હતો.

### (૬) સરફરાજખાન મહેબુબખાન, સાહેદ નં. ૧૦૯, આંક-૭૦૪

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખેલ નથી

<u>પેજ નં.૨ પેરા નં.૩</u>

બનાવ ફેબ્રુઆરી-૨૦૦૨ માં બનેલો. આગલા દિવસે બીજા દિવસે બંધનું એલાન આપેલું. બનાવના દિવસે હું સવારે મારા ઘરે હતો. હું સવારે નવ વાગે બહાર રોડ પર આવેલો. ત્યાં તે દીવસે પંદર વીસ હજાર માણસોનું ટોળું હતું. ટોળાના માણસો આગ

લગાવતા હતા, મારા મારી કરતા હતા, સળગાવતા હતા, ત્યાં પુષ્કળ લોકો હતા. હું પરત મારા ઘેર જતો રહેલો. ત્યારપછી હું મારા પરિવારને લઈને ગંગોત્રી બાજુ ગયેલો. અમે ભાગતા ભાગતાં એસ.આર.પી. કવાર્ટસ બાજુ ગયેલો. ત્યાં અમને આશરો આપેલો નહીં.

- પેજ નં.૩ પેરા નં.૫

હું ઘરની બહાર આવ્યો ત્યારે જે ટોળું હતું તે ટોળામાં હું કેટલાક લોકોને ઓળખી શકું. આ ટોળામાં મેં મુગડો છારો, જયભવાની છારો, સહેજાદ છારો, મનોજ વીડીયોવાળો તથા સુરેશ લંગડા છારાને જોયેલા તથા તેઓને મેં ઓળખેલા. આ પાંચેયના હાથમાં હથીયારો હતા.

સાહેદ નં.૧૦૯ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી ગેરકાયદેસરની મંડળીનો સભ્ય હતો તેણે ટોળાની સાથે મળી મુસ્લિમોને માર કાપ કરી સળગાવેલ છે. તે સબબે પુરાવો મળી આવે છે.

### (૭) ફાતમાબીબી મો.યુસુફ શેખ, સાહેદ નં. ૧૧૨, આંક-૭૧૭

- તા.૧૯.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
- તા. ૨૮.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે. હથીયાર સહિત
-કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખેલ પણ છે.

- પેજ નં.૬ પેરા નં.૧૪

તે વખતે જયભવાની કરીને એ.એમ.ટી.બસનો ડ્રાયવર મળેલો, તેણે મને ‘‘આપા શું થયું ?’’ તેમ પુછેલું તો મે કહેલું કે, અમારા બાળકો રડે છે. અમે ભુખ્યા છીએ, સવારના ભુખ્યા છીએ. અમારૂ ઘર લુંટફાટ કરીને સળગાવી દીધું છે. જયભવાનીએ ત્યારે જણાવેલું કે, ‘‘થોભો, હું તમારી જમવાની વ્યવસ્થા કરૂ છું.’’ ત્યારબાદ તે થોડે દુર જઈ ત્યાં ખાડા પાસે ઉભેલ હિન્દુ ટોળાને હાથથી અમારા તરફ ઈશારો કરેલો. એ ટોળું અમારા ભણી આવેલુ. મે આ ટોળામાં ભવાનીસીંગ છાર, ગુડ્ડુ છારો તેના હાથમાં તલવાર હતી તે, સહેજાદ છારા જેના હાથમાં હોકી હતી તે તથા સુરેશ છારા જેના હાથમાં ગુપ્તી હતી તે તમામને મેં જોયેલા.

સાહેદ નં.૧૧૨ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી હથિયાર ધારણ કરી ગેરકાયદેસરની મંડળી જે ગુનાહિત કૃત્ય આચરતું હતુ તેના સભ્ય હતા તે મુસ્લિમોના મકાનોને લુંટફાટ કરી સળગાવતા હતા તેમાં આરોપીએ સક્રિય ભૂમિકા ભજવેલ છે તેવુ જણાઈ આવે છે.

## (૮) રહેમાનભાઈ શકુરભાઈ સૈયદ, સાહેદ નં. ૧૧૪, આંક-૭૪૦

- તા.૯.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે. હાથમાં ધારિયા સાથે
- તા.૩૦.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે. હથીયાર સહિત
-કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખેલ પણ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૯</u>

ત્યાં ટાંકી પાસે એક દીવાલ હતી. આ જગ્યાએ મારી દીકરી રૂકસાનાબાનું, ઝરીનાબાનુ, તથા દીકરો સમસાદનાઓને ટોળાના માણસોએ કાપી નાંખેલા. આ ત્રણ બાળકો મારી સાથે હતા. આ જોઈને હું છુપાઈ ગયેલો. મારા બાળકોને સાંજના સાત પછી કાપી નાંખેલા.

<u>-પેરા નં.૧૦ પેજ નં.૫</u>

ચારે બાજુ મારામારી તથા કાપાકાપી ચાલતી હતી. ગેસના બાટલા ફોડવામાં આવેલા.

<u>-પેરા નં.૧૧ પેજ નં.૫</u>

મારા બાળકોને મારી નાંખવાનો બનાવ બનેલો. તે ટોળામાં ભવાનીસીંગ, ગુડ્ડુ છારા તથા સુરેશ લંગડાનાઓ હતા. આ વખતે ભવાનીસીંગ પાસે કેરબો હતો, ગુડ્ડુ છારા પાસે ત્રિશુલ હતુ તથા સુરેશ લંગડા પાસે તલવાર હતી. હું આ ત્રમેને ઓળખી શકું . મેં જાણ્યું છે તેમ ભવાનીસીંગ તથા ગુડ્ડુછારાનાઓ મરણ ગયેલ છે. હું સુરેશ લંગડાને ઓળખી શકું.

સાહેદ નં.૧૧૪ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી પાંણીની ટાંકી પાસે જ્યાં સામુહિક હત્યાકાંડ સર્જેલ છે તે હત્યાકાંડમાં આ આરોપીપણ સામેલ હતો અને તેની પાસે તલવાર હતી અને આ સાહેદના ત્રણ બાળકો, રૂકશાના, ઝરીના, દીકરો સમશાદને મારી નાંખવામાં બાબતે આરોપી સામે સબળ પુરાવો મળી આવે છે. આ ત્રણેય માસુમ બાળકોને આ આરોપીએ બીજા આરોપીઓ સાથે મલી બેરહેમી પુર્વક મારી નાંખેલ છે તેવો પુરાવો મળી આવે છે.

## (૯) લાલાભાઈ નિજામભાઈ લુહાર, સાહેદ નં. ૧૧૬, આંક-૭૫૩

- તા.૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- શીટના જવાબમાં નથી.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલ નથી.

<u>પેરા નં.૮ પેજ નં.૪</u>

આ ટોળામાં ગણપત છારો, વિક્રમ છારો, રાજેશ પાંગળો, ચંપક બારોટ, અમૃત છારા, સુરેશ લંગડો, કપ્તાન છારા, બીજા લોકો પણ હતા.. . . . મેં સ્પષ્ટપણે જોયેલું કે, સુરેશ લંગડા પાસે તે સમયા ભાલો હતો અને ચંપક બારોટ પાસે લાકડી હતી.

<u>પેરા નં.૯ પેજ નં.૪</u>

ટોળાના માણસો માર તોડ, લુંટફાટ, કરતા તથા સળગાવતા હતા. ચારેબાજુ ખુબ જ લોકો હતા અમે ખુબ જ ડરી ગયેલા તેથી ધાબા પર જ રહેલા. આ રીતે રાતના આશરે અગીયાર સાડા અગીયાર થઈ ગયેલા ત્યારે પોલીસની ગાડીઓ અને અમને ત્યાંથી સલામત રીતે લઈ ગયેલી અને અમને શાહઆલમ કેમ્પમાં મુકી દીધેલા.

સાહેદ નં.૧૧૬ ની જુબાનીથી ફલીત થાય છે કે આરોપી ટોળામાં ભાલા સાથે હાજર હતો તેણે મારકાપ, લુંટફાટ તેમજ સળગાવતા ગેરકાયદેસરના કૃત્ય કરેલા છે તેવુ ફલીત થાય છે.

### (૧૦) અ.રહીમ અ.ગફુર શેખ, સાહેદ નં. ૧૩૩, આંક-૮૭૪

- રીકવરી પંચ (તલવાર કબજે કર્યાનું પંચનામું)
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલા છે.

આ સાહેદની રૂબરૂમાં આ કામના આરોપીએ આ ગુનામાં ઉપયોગમાં લીધેલ હથિયાર (તલવાર) પોલીસ રૂબરૂ બતાવેલ છે. અને આરોપી એ આપંચ સાહેદની રુબરુમાં પંચનામા ની વિગતે બતાવેલ છે જે પોલીસે આસાહેદ રુબરુ કબજે કરેલ છે. તેથી પોલીસે આ આરોપી પાસેથી ગુનામાં વપરાયેલ હથિયાર (તલવાર) પંચો રૂબરૂ કબજે લીધેલ. જેમાનાં આ સાહેદ એક પંચ હતા. અને આસાહેદની રૂબરૂમાં આ તો.દારે ગુનામાં વાપરેલ હથિયાર પોલીસે કબજે કરેલ છે. તે તલવાર કબજે કરેલ પંચનામાને આંક ૮૭૫ થી ના.કોર્ટમાં રજૂ થયેલ છે. જે નહી માનવાને કોઈ કારણ નથી.

### (૧૧) જન્નતબીબી કલ્લુભાઈ શેખ, સાહેદ નં. ૧૪૨, આંક-૯૬૧

- તા.૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા. ૨૮.૫.૦૮ શીટ રૂબરૂના જવાબમાં છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

ત્યારબાદ સવારના અગીયાર સવા અગ્યાર વાગ્યાના સમયે અમારી ચાલીમાં ભવાનીસીંગે એવું જણાવેલું કે, તપેલુ આપો, તમારા માટે કઢી ખીચડી બનાવીશ, મેં તેઓને

કહ્યું કે, અમને અમારા જીવની પડી છે, ત્યારે તુ તપેલાની વાત કરે છે, અમે તને તપેલું કયાંથી લાવી દઈએ. ત્યારે ભવાનીસીંગે એવુ કહેલું કે, તમે કઢી ખીચડી ખાઈને આરામથી સુધી જજો. પછી ભવાનીસીંગ અમને તમારે મરવાનું જ છે. બચવાનું નથી, તેવુ કહી ગાળો દઈ જતો રહેલો.

<u>- પેજ નં.૫ પેરા નં. ૯</u>

તેણે જતાં જતાં ઈશારો કરેલો જેથી ટોળું આવેલું. આ ટોળામાં સુરેશ છારો, ગુડ્ડુ છારો, સહેજાદ છારો તથા બિપીન પંચાલ હતા. જેમાં સુરેશ, ગુડ્ડુ તથા સહેજાદ પાસે તલવાર હતી અને બિપીનને ગુડ્ડુ બુમ પાડીને કહેતો હતો કે, બિપીન ગોળી માર. આ બિપીનના હાથમાં પિસ્તોલ હતી. આ ચારજણાં ટોળામાં સૌની આગળ હતા.

સાહેદ નં.૧૪૨ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે ભવાની સીંગે જે ટોળાને બોલાવેલ તે ટોળામાં આરોપી હાજર હતો અને તેની પાસે તલવાર હતી આમ આ આરોપી પ્રાણઘાતક હથિયારોથી સજ્જ થઈ સમાન ઉદ્દેશ પાર પાડવા ગેરકાયદેસરની મંડળીમાં સામેલ હોવાનું પુરતો પુરાવો મળી આવે છે.

## (૧૨) સરફરાજ અબ્બાસખાન પઠાણ, સાહેદ નં. ૧૪૪, આંક- ૯૯૮

- તા.૯.૩.૦૨ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટમાં નામ આપેલ છે.
- આરોપીની હાજરી મુકિત અંગેની અરજી (ઓળખની તકરાર નથી)

<u>- પેજ નં.૨ પેરા નં.૪</u>

ગુજરાત બંધના દિવસે યાને કે તા.૨૮મીએ હું તથા ઘરના માણસો ઘરે જ હતા તે વખતે સવારે દસથી અગીયારવાગ્યાના સમયે હુસેનનગરખાતે માણસોનું ટોળુ આવેલું.આ ટોળું આશરે દસ થી વીસ હજાર માણસોનું હતું. આ ટોળુ પથ્થરમારો કરવા લાગેલું અને ગેસના બાટલા ફોડવા લાગેલું. આ ટોળાએ અમારા ઘરમાં આવી આગ લગાડી દીધેલી અને મારા સ્કુટરને પણ આગ લગાડી દીધેલ. મારૂ સ્કુટર મારા ઘર આગળ રોડ પર પડેલ હતું.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

જે ટોળાએ અમારા ઘરમાં આગ લગાડી ચાલીમાં આવી અમારા ઘરમાં આવી નુકશાન કરેલું તે ટોળામાં કાળુ ભૈયા, સુરેશ છારા, ગુડ્ડુ છારો અને બિપીનભાઈ પંચાલનાઓ હતા. ટોળામાં અન્ય માણસો પણ હતા જેઓને હું ઓળખતો હતો.

સાહેદ નં.૧૪૪ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપીએ સાહેદના ઘરમાં આગ લગાડેલ, સાહેદનું સ્કુટર બાળી નાંખેલુ આમ આ આરોપી ગેરકાયદેસરની મંડળીના સભ્ય બને મુસ્લિમોની મિલ્કતને નુકશાન કરવાનું ફલીત થાય છે.

## (૧૩) શાહનવાઝ અબ્બાસખાન પઠાણ, સાહેદ નં. ૧૪૫, આંક-૯૯૯

- તા.૯.૩.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે. તોફાની ટોશામાં
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૨ પેરા નં. ૩</u>

બનાવ બન્યો તે દિવસે ગુજરાત બંધનું એલાન હતું. બંધના એલાનના દિવસે હું મારા ઘરે હતો. બનાવના દિવસે સવાનવ વાગે મારા ઘરની બહાર ટોળું આવી ગયેલું. તેઓ દુકાન તોડતા હતા, મસ્જીદ તોડતા હતા જે તમામ ૧૧ વાગ્યા સુધી ચાલતું હતુ. ત્યારબાદ પોલીસ ગોળીબાર કરેલો. ત્યાં અમારા મુસ્લીમોના ટોળા બતા તે અંદર ગલીમાં જતાં રહેલા. ત્યારપછી હિન્દુઓના ટોળાના માણસો આગળ વધેલા. તે અમારી ચાલીમાં ઘુસી ગયેલા. આ હિન્દુઓના ટોળાએ હુકમસીંગની ચાલી તથા દિલીપની ચાલીમાં આગ લગાડેલી અને સરસામાન લુંટી લીધેલો. ટોળાના માણસો ચાલીઓમાં ધુસી આવેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૪</u>

ટોળુ નટરાજ હોટલ તરફથી આવેલું. એસ.ટી.વર્કશોપના સામેના પાટીયા તરફથી આ ટોળું આવેલું. આ ટોળું પંદરથી વીસ હજાર માણસોનું હતુ. ટોળાના માણસોએ મારૂ મકાન બાળી નાંખેલું તથા મારા મકાનમાં લુંટફાટ કરેલી. બહારના ભાગે પથ્થરમારો તથા મારામારી ચાલતી હતી તેથી અમે અંદરના ભાગે હુસેનનગરમાં જતા રહેલા. અમે હુસેન નગરમાં સંતાઈ ગયેલા. ત્યારપછી રાત્રે પોલીસની ગાડી અમોને શાહઆલમ કેમ્પ ખાતે લઈ ગયેલી. આ સમયે મારા પરિવારજનો કયાં જતા રહેલા તે મને ખબર નથી.

<u>- પેજ નં. ૪ પેરા નં. ૬</u>

જે ટોળુ ઘુસી ગયેલું તથા મે કહ્યુ તેવા બનાવમાં તથા મારા ઘરને તોડફોડ કરી આગ લગાડતા હતા. તે ટોળામાં બિપીનભાઈ પંચાલ, મનોજ સીંધી, મુરલી સીંધી, કાળુ ભૈયા, સુરેશ છારો, હરેશ છારો તથા નરેશ છારાનાઓ એમ કુલ સાત જણાં હતા. ટોળામાંના આ સાતને જ હું ઓળખતો હતો. ટોળાના અન્ય વ્યક્તિને હું ઓળખતો ન હતો.

સાહેદ નં.૧૪૫ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી બીજા ટોળાના માણસો સાથે લુંટફાટ કરતો હતો તેણે સાહેદનું મકાન લુંટફાટ કરી બાળી નાંખેલુ છે. હુકમસીંગની

ચાલ અને દીલીપની ચાલીમાં આગ લગાડી સરસામાન લૂંટી લીધેલ છે તે બાબતનો પુરાવો આવે છે.

### (૧૪) રેશ્માબાનુ નદીમભાઈ સૈયદ, સાહેદ નં. ૧૪૭, આંક-૧૦૧૩

- તા.૧૯.૪.૦૮ ના સીટના જવાબમાં નામ તલવાર સાથે તોફાની ટોળામાં હતા.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૪</u>

આ વખતે ટોળાઓમાં મે ગુડ્ડુ છારા, સુરેશ લંગડો તથા ભવાનીસીંગને જોયેલા. તેઓ ટોળાના માણસોને અમારી બાજુ અમારી પાસે બોલાવતા હતા. આ વખતે ગુડ્ડુ છારાના હાથમા તલવાર હતી. ભવાનીસીંગના હાથમાં ત્રિશુલ હતું. તથા સુરેશ લંગડાના હાથમાં તલવાર હતી. ટોળાના માણસોને તેઓ અમારી ચાલી તરફ બોલાવતા હતા.

<u>- પેજ નં.૧૦ પેરા નં. ૨૨</u>

આ સમયે મારી બહેનપણ કૌશરબાનુને ગુડ્ડુ છારા, ભવાનીસીંગ તથા સુરેશ લંગડો તથા તેમના ભાઈબંધો ખેંચીને લાવેલા. તેણી છોડીદો, છોડી દો તેવી ચીસો પાડતી હતી. આ સમયે કૌશરબાનુના પેટ ઉપર તલવાર મારેલી અને તેણીના ગર્ભમાંથી બાળક કાઢેલું. આ સમયે કૌશરબાનુ ત્યાં જ પડી ગયેલી. આ કૌશરબાનુ પર બાળકને નાંખીને ત્યાં જ આગ લગાવી દીધેલ. જયાં તેઓ સળગી ગયેલા.

સાહેદ નં.૧૪૭ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી તલવાર સાથે ટોળામાં હાજર હતો અને ટોળાના માણસોને ચાલીની અંદર બોલાવતા અને આ આરોપીએ કૌશરબાનું જે સગર્ભા હતી તેને બીજા આરોપીઓ સાથે ખેંચીને લાવતો હતો અત્રે ઉલ્લેખનીય છે કે આ કૌસરબાનુંને તેના પેટ ઉપર તલવાર મારી તેના બાળકને ગર્ભમાંથી બહાર કાઢિ જીવતા સળગાવેલા છે આ બનાવને બીજા સાહેદો પણ સમર્થન આપેલ છે અને આ આરોપી બીજા આરોપીઓ સાથે કૌસરબાનું અને તેના નવજાત શિશુને મારી નાંખવામાં સામેલ હતો તેવું ફલીત થાય છે.

### (૧૫) ફરીદા અબ્દુલ કાદર ખલીફા સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં
- તા.૩.૬.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી જુબાની આપેલ છે. આરોપી કોર્ટમાં હાજર

<u>- પેજ નં. ૪ પેરા.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપત છારાનો જમાઈ ટીનીયો છારા, સહેજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ધરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

<u>- પેજ નં.૭ પેરા. ૧૪</u>

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો.

<u>- પેજ નં.૮ પેરા.૧૫</u>

આજ ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

( આંક-૯૯૪ અને ૧૦૦૧ થી હાજરીમાંથી મુક્તિની અરજી ઓળખ બાબતે તકરાર નથી)

સાહેદ નં.૧૪૯ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી માર કાપ કરતા અને ઘરોને સળગાવતા ટોળામાં સામેલ હતો અને ચાલીઓમાં લુંટફાટ કરી મકાનો સળગાવતો હતો તેમજ એક અપંગ છોકરો જે મુલ્લાજીનો છોકરો હતો તેને સળગાવવામાં તેમજ

ઐયુબનામના છોકરાને મારી રીક્ષામાં નાંખી જીવતો સળગાવવાના બનાવમાં તેમજ મજીદભાઈના ઘરને આગ લગાડવાના આમ તમામ કૃત્યમાં આરોપીએ સક્રિય ભુમિકા ભજવેલાનું ફલીત થાય છે.

## (૧૬) ઈસાકખાન સરદારખાન પઠાણ, સાહેદ નં. ૧૫૦, આંક-૧૦૪૧

- તા.૧૧.૬.૦૮ ના સીટના નિવેદનમા નામ છે. તલવાર સાથે ટોળામાં હતો

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે. (ઘણો સમય થયેલ હોવાથી ઓળખી શકેલ નથી પેજ નં. ૧૦ પેરા નં.૨૪)

<u>- પેજ નં. ૬ પેરા નં.૧૪</u>

અમે આ રીતે એસ.આર.પી.કવાર્ટસ પહોંચ્યા અને અમને ગાળો આપી તે અગાઉ જવાનનગરના કોર્નર પાસે ૫૦-૬૦ માણસોનું એક ટોળુ હતુ. જેમાં અગાઉના ભાગે હીરા મારવાડી, જય ભવાની છારો, સુરેશ છારો તથા સહેજાદનાઓ હતા. જે મેં પોતે જોયેલું. આ ચાર તથા અન્યોએ અમોને ગાળો દીધેલી અને કાપી નાંખો, મારી નાંખો તેવું બધો બોલતા હતા અને તેઓએ એવુ પણ કહેલું કે,કયા જાવ છો, મિંયાઓ હવે કયાં જશો, હવે તમારો અંત છે, આજે અમે તમોને કાપી જ નાંખીશું. આ ચારેયના હાથમાં તલવારો હતી.

<u>- પેજ નં. ૮ પેરા નં.૧૮</u>

ત્યાં પહોચતા મેં જોયુ કે, જયભવાની, સુરેશ છારો, હીરા મારવાડી તથા સહેજાદનાઓ કે જેઓના હાથમાં હથીયારો હતા તેઓ તમામ એક નગીના નામની છોકરીની બહેન તથા માં સાથે છીનાઝપટી કરતા હતા અને તેઓ બંનેને નોંચતા હતા. હું તે જોઈને ભાગેલો. આ રીતે ભાગીને હું ગંગોત્રી સોસાયટીના ધાબે આવેલો. ત્યાં આવી મેં મારી પત્નીને કહ્યું કે, નીકળવાની કોઈ શક્યતા નથી.

સાહેદ નં.૧૫૦ ની જુબાની પરતી ફલીત થાય છે કે એસ.આર.પી. ક્વાટ્ર્સ પાસેના ટોળામાં આરોપી હાથમાં તલવાર સાથે હાજર હતો તેણે સાહેદને ગાળો આપેલી અને મારીનાંખો કાપી નાંખો, કાપી નાંખો, મીયાઓ હવે ક્યાં જશો તમને કાપી નાંખીશુ તેવુ જણાવેલુ અને આરોપીએ બીજા આરોપી સાથે મળી એક નગીના નામની છોકરીની બહેન અને તેની માં સાથે છીના ઝપટી અને આ બન્નેને નોંચતા એટલે કે બળાત્કાર કરવામાં આ આરોપીએ સક્રીય ભુમિકા ભજવેલાનું ફલીત થાય છે.

**(૧૭) અ.મજીદ મો. ઉસ્માન શેખ, સાહેદ નં. ૧૫૬, આંક-૧૦૭૨**

- તા.૨૦.૫.૦૮ ના સીટના નિવેદનમા નામ છે. બળાત્કાર કરેલ છે

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં,૯</u>

મેં જોયું તો આ સમયે બીજુ એક ટોળુ કૃષ્ણનગર તરફથી પણ આવવા લાગેલું. આ સમયે તદન આશરે કહુ તો સવારના નવ વાગેલા. જો કે, મે કોઈ ઘડિયાલ જોઈ નથી પરંતુ અલ્લાહ આશરે સમય કહું તો આશરે નવ વાગ્યાનો સમય હશે

આ જુદા જુદા બે ટોળાઓએ ભેગા થઈ નુરાની મસ્જીદ પર હુમલો કરેલો. તેઓએ નુરાની મસ્જીદમાં આગ લગાડેલી. નુરાની મસ્જીદની બહાર ફુટપાથ પર રાજેશ કેરોસીનવાળાની કેરોસીન ભરેલી લારી મુકી રાખેલી. બીજી એક ગાડી વડગેરી બાદશાહના નામની વ્યક્તિની હતી. જેમાં પણ કેરોસીન હતુ. આ બંને લારીઓમાં કેરોસીન પુરેપુરૂ ભરેલું હતું. આ બંને કેરોસીન ભરેલી લારીનું કેરોસીન નુરાની મસ્જીદ પર નાંખી દેવામાં આવેલું. નુરાની મસ્જીદમાં ગેસનો બાટલો નાંખી આગ લગાડી દેવામાં આવેલી.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૦</u>

આ વખતે એસ.ટી.વર્કશોપ પર પોલીસની બે ગાડીઓ આવેલી જેમાંથી ત્રણ કાળા રંગની પેટી ઉતારવામાં આવેલી. ત્યારપછી એક સફેદ ગાડી આવેલી. ત્યારે બધા માયાબેન કોડનાનીનું નામ લેવા લાગેલા. આ ગાડીમાંથી માયાબેન કોડનાની ઉતરેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

ત્યારપછી ટોળાએ અમારા ઉપર હુમલો કરેલો અને પોલીસે પણ ગોળી છોડેલી તથા ટિયરગેસ પણ છોડેલા. પોલીસે છોડેલી ગોળી હસન કુરેશીના માથામાં વાગેલી. જે ત્યાં જ પડી ગયેલો અને અમે આગળ નીકળી ગયેલા.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૩</u>

ત્યારપછી આ જ ગોળીબારમાં આબીદ નામના એક છોકરાને તેના ગુપ્તાંગ પાસે ગોળી વાગેલી. તે પણ ત્યાં જ પડી ગયેલો. ત્યારપછી અમે લોકો પાછળના ભાગે વધુ હટેલા. ત્યારપછી ચાલીની લાઈનમાં આવેલ જાજરૂઓની પાસે ખદીર નામના એક રીક્ષા ચાલકને તલવારથી ધાયલ કરી તેને ત્યાં જ સળગાવી દીધેલો. આ પછી હું મારા ઘરમાં જતો રહેલો.

<u>- પેજ નં.૭,૮ પેરા નં.૧૫</u>

અમે તે વખતે તે દીવસે દસેય જણાં અમારૂ ઘર છોડીને નીકળી ગયેલા. મને ચોક્કસ સમય ખબર નથી. પરંતુ પછી અમે ગંગોત્રી સોસાયટીના ધાબે ગયેલા તે સમયે બપોરનો સમય હતો. આ ગંગોત્રીવાળા ધાબેથી મેં જોયેલું કે, ગુડુ છારાના બે ભાઈઓ, ટીનીયો તથા

બીજાઓ હાજર હતા. આ તમામનાઓના હાથમાં તલવાર, લાકડી, કેરોસીનનો ડબ્બો વગેરે હતા. તેઓએ અલ્લાબક્ષના દીકરા ઐયુબ પર હુમલો કરેલો. તેને અમારી જવાનનગરની છેલ્લી ચાલીમાં આબેદાના ઘર પાસે તથા એસ.આર.પી. કવાર્ટસની દિવાલ પાસે રીક્ષામાં નાંખીને આ લોકોએ સળગાવી દીધેલો. જે મેં પોતે જોયેલું. જેમાં, ગુડુ છારાના હાથમાં તલવાર હતી, ગુડુના એક ભાઈના હાથમાં કેરોસીનનો કેરબો હતો તથા બીજા ભાઈના હાથમાં એક લાકડી હતી. ત્યાં પાંચ છ બીજા મરાઠીના છોકરાઓ પણ હતા, ટીનીયો કદમનો દીકરો થાય.

*- પેજ નં.૧૦ પેરા નં.૧૯*

મેં જોયેલું કે, મારા પત્ની સળગત હતા અને મારી દીકરી સુપ્રિયાને લોકો ખેંચીને લઈ જતાં હતા જે લઈ જવામાં જયભવાની, તેનો છોકરો, ટીનીયો, સુરેશ લંગડો તથા અન્ય બે ચાર જણાં હતા. મે મારી દીકરીને આ રીતે ખેંચવામાં આવતી હતી ત્યારે અલ્લાહને યાદ કરીને પોકાર કરેલો કે, નારએ તકબીર અલ્લાહ અકબર આ વખતે મારા માથા પર પાછળથી કોઈએ હુમલો કરેલો તેથી હું ત્યા જ પડી ગયેલો.

*- પેજ નં.૧૧ પેરા નં.૨૦*

મને હોશ આવતા અગાઉ મેં જોયેલું કે, મારી દીકરી સુપ્રિયાને ઘસડીને લઈ જતાં હતા અને મારી પત્ની લાલબી તથા આફરીનબાનું તથા સાહીનબાનું, દીકરો મહંમદહુસેન, દીકરો ખાજાહુસેન અને દીકરી સુફીયાબાનુનાઓ ત્યાં સળગતા હતા. મને ભાન આવતા મને મારા બાકી રહેલા બાળકોનું શું થયું હશે તેવો વિચાર આવતા મેં બાકી રહેલા બાળકો ચાંદ, યાસીન અને મહેબુબના નામની બુમો પાડેલી.

- પેજ નં.૧૧ પેરા નં.૨૧

મને તે સમયે બીબીબાનું નામક સ્ત્રીનો પતિ મહેબુબ સળગી ગયેલી હાલતમાં મળેલો. ત્યારપછી મે મારા દીકરા યાસીનનો મને અબ્બા તરીકે બોલાવતો અવાજ સાંભળેલો. મારો દીકરો યાસીન સળગી ગયેલી હાલતમાં હતો. મારો દીકરો યાસીન દાઝી જવાની જલનને કારણે ત્યાં આવેલી ટાંકીમાં બેસી ગયેલો. મે તેને પાણીમાં બેસવાની ના પાડેલી, કારણકે, તેની ચામડી ફુલાઈ જાય. મે તેને ટાંકીની બહાર લઈ લીધેલો.

- પેજ નં.૧૪ પેરા નં.૨૭

સોનિયા ગાંધીની ચિઠ્ઠી લઈ હું સીવીલ હોસ્પીટલ ગયેલો. નર્સો થકી તપાસ કરતાં મને સુપ્રિયા મળી ગયેલી. હું સુપ્રિયાને મળેલો તેણીએ મને તેણીની વિતક કથા જણાવેલી. તેણીએ જણાવેલું કે, અબ્બા મે બચ નહીં શકી, મેરી ઈજ્જત ભી નહીં બચ શકી. મે તેણીને જણાવેલું કે, તને લઈ જતાં હતા તે મેં જોયેલું પરંતુ પછી મારા ઉપર પણ હુમલો થયેલો તેથી હું તને

બચાવી શકેલો નહીં અને તારા પર શું વિત્યું તે હું જોઈ શક્યો નહીં. સુપ્રિયાએ મને જણાવેલુ કે, મારા પર બળાત્કાર થયેલો છે તેમાં ચાર પાંચ જણા હતા. તેણીએ મને જણાવેલું કે, ગુડ્ડુ છારા, જયભવાનીનો છોકરો તથા જયભવાનીનાઓ આ બળાત્કારમાં હતા. તેણીએ વધુમાં હરીજન મનુભાઈ પણ હતો તેમ જણાવેલુ. મને સુપ્રિયાએ જણાવેલું કે, મનુએ મારા કપડા કાઢેલા. મે તે જ દિવસે સુપ્રિયાને વી.એસ. હોસ્પીટલ લઈ જવાનો પ્રયત્ન કરેલો. સુપ્રિયા પણ મને તમારી સાથે લઈ જાવ તેમ કહેતી હતી. ત્યારે ડોકટર ગેરહાજર હોવાથી હું તેણીને લઈ જઈ શકેલો નહી. તેથી તેણીની સાથે વાતચીત કર્યા પછી હું પાછો વી.એસ. હોસ્પીટલ આવી ગયેલો. મારે મારી દીકરીને છોડીને વી.એસ.હોસ્પીટલ જવું પડેલું.

સાહેદ નં.૧૫૬ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે સાહેદે ગંગોત્રી સોસાયટીના ધાબા ઉપરથી જોયેલ છે કે બપોરના સમયે આરોપી તલવાર સાથે, કેરોસીનના ડબલા સાથે હતો અને તેણે ઐયુબ નામના છોકરા ઉપર હુમલો કરી તેને રીક્ષામાં નાંખી સળગાવેલ છે તેમજ આ આરોપીએ આરોપીની દિકરી સુપ્રિયાને ખેંચીને લઈ જઈ તેની ઉપર બળાત્કાર કરેલ છે તેમજ સાહેદની પત્નિ ત્રણ દિકરીઓ અને એક દિકરાને આરોપીએ મારીને સળગાવવામાં સક્રિય ભુમિકા ભજવેલાનું ફલીત થાય છે.

### (૧૮) મો.શફી અલ્લાબક્ષ મનસુરી, સાહેદ નં. ૧૫૭, આંક-૧૧૦૮

- તા.૧૩.૪.૦૨ ના પોલીસ રૂબરૂ ના નિવેદનમાં નામ છે. ટોળામાં જોયેલ છે.
- તા.૨.૬.૦૮ ના સીટના નિવેદનમા નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં. ૩ પેરા નં.૭

બહાર આવી મેં જોતા નુરાની મસ્જીદ પાસે મોટુ ટોળુ હતું. બીજુ એક ટોળુ કૃષ્ણનગર તરફથી પણ આવતુ હતુ. જયારે એક ટોળુ નટરાજ હોટલ તરફથી પણ આવતું હતુ. મે નટરાજ તરફનું તથા કૃષ્ણનગર તરફનું ટોળુ જોયેલું. નુરાની મસ્જીદમાં ટોળા દ્વારા પથ્થરમારો ચાલુ હતો તથા તેઓ ત્યાં તોડફોડ કરી રહેલા હતા. હું જણાવું છુ તે નુરાની મસ્જીદવાળું ટોળું એસ.ટી.વર્કશોપ સુધી માણસો છુટાછવાયા ગ્રુપમાં ઉભેલા તે રીતનું હતું. નટરાજ અને કૃષ્ણનગરવાળા ટોળામાં મેં જોતા તે ટોળાના માણસોના હાથમાં હથિયારો હતા. ટોળા પાસે જે હથીયારો હતા તેમાં તલવાર, ધારિયા, સળીયા, પાઈપ વગેરે હતા. આ ટોળાના કોઈક કોઈક માણસોના કપાળમાં તથા ગળામાં લાલ તથા કેસરી પટ્ટીઓ બાંધેલી હતી.

- પેજ નં.૪ પેરા નં.૮

આ ટોળામાં બિપીન ઓટોવાળા હતા. પોલીસ હતી તેની પાછળ કિરપાલસીંગ હતા કે જે નુરાની મસ્જીદની સામે આવેલ વર્કશોપના ઝાંપા પાસેના ટોળામાં હતા. આ ટોળામાં નુરાની મસ્જીદ તરફના ટોળામાં ગુડ્ડુ છારો તથા સુરેશ લંગડો પણ હતા. નુરાની મસ્જીદ પાસે તોડફોડ ચાલુ હતી તે દરમ્યાન મુસ્લીમ લોકો ચેતનદાસની ચાલી જે નુરાની મસ્જીદના સામેના ભાગમાં આવેલી છે. ત્યાં એકત્રીત થવા લાગેલા.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૫</u>

આ વખતે થોડીવાર પછી ઉદય ગેસ એજન્સી તરફતી એક ટોળું આવેલું જે ટોળાના માણસો હથીયારધારી હતા. આ ટોળામાં પણ બિપીન ઓટોવાળો, ગુડ્ડુ છારા તથા કિરપાલસીંગ તથા સુરેશ છારાનાઓ હતા. આ વ્યક્તિઓમાંથી કેટલીક વ્યક્તિઓ એસ.આર.પી. કોટ પાસે ટીનીયા મરાઠીનું ધાબાવાળું ઘર આવેલું છે તેના ધાબા પર ચઢી ગયેલા અને અમે લોકો જેમાં સ્ત્રી, પુરૂષો બાળકો તમામ હતા તેમના પર ધાબા પરથી પથ્થરમારો કરવા લાગેલા.

મને એમ લાગેલ કે, જો અમને ત્યાંજ બેઠા રહેવા દીધા હોત તો બનેલ બનાવો કદાચ ન બનત. પરંતુ, એસ.આર.પી. વાળાઓ સાથે મળી જઈ ટોળાના માણસોનો પ્લાન એવો હતો કે, ગમે તેમ કરીને અમો તમામના પાછળના ભાગે ખુલ્લુ ખેતર કે જે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટીની પાછળ આવેલું છે ત્યાં મોકલી આપવા અને અમારા પરનો પથ્થરમારો અમોને ખુલ્લી જગ્યામાં ભગાડવા માટે કરવામાં આવેલો.

સાહેદ નં.૧૫૭ ની જુબાની ઉપરથી ફલીત થાય છે આરોપી નુરાની મસ્જીદના ટોળામાં આરોપી હાજર હતો નુરાની મસ્જીદ ઉપર તોડ ફોડ કરેલી અને ટોળામાં હાજર રહી ગેરકાયદેસરના કૃત્ય આચરેલાનું જણાઈ આવે છે.

## (૧૯) રફીક કલ્લુભાઈ શેખ, સાહેદ નં. ૧૬૨, આંક-૧૧૪૯

- તા.૨૦.૫.૦૮ ના સીટના નિવેદનમા ટોળામાં તલવાર સાથે
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૯</u>

અમોને એસ.આર.પી. કવાર્ટસની બહાર અમે બેઠેલા હતા. ત્યાંથી ભગાડવા માટે એસ.આર.પી. વાળાઓએ ટીયરગેસ છોડેલા.અમો તે દિવસે આ જગ્યાએ આશરે ૪૦૦ થી ૫૦૦ મુસ્લીમો હતા. ટીયરગેસ છોડવાથી ત્યાંથી પણ અમે ભાગેલા. અમે એસ.આર.પી. કવાર્ટસની બહાર નીકળીને ગંગોત્રી સોસાયટીમાં એક એસ.આર.પી. વાળાના મકાનમાં અમારી જાન બચાવવા છુપાયેલા. તે વખતે તે દિવસે અમે છુપાયેલા તે મકાન ખાલી હતુ. આ

વખતે એક એસ.આર.પીવાશળાએ આવીને અમને એવુ જણાવેલું કે, હવે ટોળુ ખસી ગયુ છે, તમે બધા એખ એક કરીને અહીંથી નીકળી જાવ. આ વખતે ટોળુ સામે જ ઉભેલું હતુ. આ ટોળામાં ભવાનીસીંગ, ગુડ્ડુ છારા, સુરેશ લંગડાનાઓ આ ટોળામાં હતા. જેઓના હાથમાં ધારીયા, તલવાર જેવા હથીયારો હતા. આ ટોળામાં  બીજા પણ માણસો હતા. જેઓના હાથમાં કેરોસીન, પેટ્રોલના કેરબા હતા.

- પેજ નં.૬ પેરા નં.૧૧

આ બધુ જોઈને હું એસ.આર.પી. કવાર્ટસ પાસે જ રોકાઈ ગયેલો. પરંતુ અમારા લોકોમાંથી કેટલાક લોકો નરોડા તરફ જવા લાગેલા. જે લોકો આ રીતે ગયા તેઓ પર ધારીયા, તલવારો, પાઈપો વગેરેથી ટોળાઓએ હુમલો કરેલો હુ હતો તે સ્થળે ઉભા ઉભા અમારાથી છુટા પડીને ગયેલા લોકોની ચીસો સાંભળેલી અને તેવી ચીસો અમને બચાવો બચાવો તેવી હતી.

- પેજ નં.૭ પેરા નં.૧૨

મેં અમારાથી છુટા પડેલા આ લોકોના એવા પણ અવાજો સાંભળેલા કે, સ્ત્રીઓની ઈજ્જત બચાવો. આ જગ્યાએ સ્ત્રીઓને તથા બાળકોને મારી કાપીને જીવતા સળગાવી દીધેલા. જે પણ મેં સાંભળેલું છે. આ બનાવ સાંજના આશરે સાત સાડા સાત વાગ્યે બન્યો હશે.

સાહેદ નં.૧૬૨ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી ગેરકાયદેસરની મંડળીમાં હથિયાર સાથે હાજર હતો અને તેણે મુસ્લિમોના ટોળમાંથી છુટા પડેલા લોકોને પાણની ટાંકી પાસે જીવતા સળગાવી દીધેલા આમ આરોપી સામે સામુહીક હત્યાકાંડ કરવા અંગેનો સબળ પુરાવો મળી આવે છે.

## (૨૦) મો.હુસેન કૈયુમભાઈ શેખ,  સાહેદ નં. ૧૬૭, આંક-૧૧૬૩

- તા. ૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં હથિયાર સાથે હતા
- તા.૧૨.૬.૦૮ ના સીટના નિવેદનમા ટોળાની આગેવાની કરતા હતા
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૫ પેરા નં.૧૫

મેં મહાજનીયવાસ તરફથી આવતા ટોળામાં સુરેશ લંગડાને જોયેલો. જેના હાથમાં તલવાર હતી. તે પણ મુસ્લીમોને મારી નાંખો કાપી નાંખો, બાળી નાંખો તેવુ કહેતો હતો. આ ટોળાના લોકોએ નુરાની મસ્જીદ પર તથા આસપાસના લારી ગલ્લા પર પથ્થરમારો કરેલો.

સાહેદ નં.૧૬૭ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી મહાજનીયા વાસ તરફથી આવતા ટોળામાં હાથમાં તલવાર સાથે હતો અને મુસ્લિમોને મારી નાંખો, કાપી નાંખો

બાળી નાંખો તેવુ કહેતો હતો અને તેણે નુરાની મસ્જીદ તથા આસપાસની મુસ્લિમ મિલ્કતો ઉપર હુમલો કરવાનું ફલીત થાય છે.

## (૨૧) આયશાબીબી અબ્દુલ કાદર શેખ, સાહેદ નં. ૧૬૮, આંક-૧૧૬૮

- તા.૧૨.૫.૦૨ ના સીટના જવાબમા તોફાની ટોળામાં હતા
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

મેં બનાવવાળા દિવસે જે ટોળું જોયેલું તે ટોળામાં જયભવાની, ગુડ્ડુ છારા તથા સુરેશ લંગડો હતા.

સાહેદ નં.૧૬૮ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી ટોળામાં સામેલ હોવાનો પુરાવો મળી આવે છે.

## (૨૨) જુબેદાબાનુ મો.ઈદીશ બેલીમ, સાહેદ નં. ૧૬૯, આંક-૧૧૬૯

- તા. ૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં ટોળામાં જોયેલા
- તા.૨૩.૫.૦૮ ના સીટના જવાબમા ટોળામાં જોયેલા
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

<u>- પેજ નં.૭ પેરા નં. ૧૯</u>

આ તોફાની ટોળામાં હું ચારજણાંને ઓળખી શકેલી. તેઓ ઘાતક હથીયારો સાથે ટોળામાં ઉભેલા હતા. આ ટોળામાં બિપીન, ગુડ્ડુ, સુરેશ લંગડો તથા ભવનીસીંગને મેં જોયેલા અને ઓળખેલા.

સાહેદ નં.૧૬૯ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી ટોળામાં ઘાતક હથિયાર સાથે હાજર હતો અને તેણે ગેરકાયદેસરના કૃત્યો કરેલા છે.

## (૨૩) જલાલુદ્દીન ઈબ્રાહીમ શેખ, સાહેદ નં. ૧૭૦, આંક-૧૧૭૪

- તા. ૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં તોફાની ટોળામાં હથિયાર સાથે (સીટનો જવાબ નથી)
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

નટરાજ હોટલ તરફથી આવેલું હિન્દુઓનું દસ થી પંદર હજાર માણસોનું ટોળુ મારો કાપોની બુમો પાડતુ હતું. આ ટોળાના માણસો તલવાર, ધારિયા, પાઈપ વગેરે સાથે આવેલા. આ ટોળું એસ.ટી.વર્કશોપ પાસે આવી ગયેલું. આ ટોળુ પથ્થરમારો કરતું હતુ.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

આ ટોળામાં મેં જોયલા લોકોમાં હું છએક જણાંને ઓળખું છું. આ ટોળામાં ભવાનીસીંગ, ગુડ્ડુ છારો, મુંગડો છારો, હરીયા છારા, સુરેશ લંગડો તથા બિપીન પંચાલનાઓ હતા.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

આ છ જણાં ટોળાની આગેવાની કરતા હતા તથા આ ટોળાને તેઓ સંચાલિત કરતા હતા. તેઓ જ નટરાજ હોટલથી આ ટોળાને એસ.ટી.વર્કશોપ સુધી લઈ આવેલા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૫</u>

નુરાની મસ્જીદ તરફ જતાં ટોળામાં હરીયો છારો, મુંગડા છારા તથા સુરેશ લંગડાને મેં જોયેલા. આ વખતે હું એસ.ટી.વર્કશોપ પાસેના નળ પાસે ઉભો હતો ત્યારે કોઈએ મારા પર ગોળી છોડેલી પરંતુ મારી પાછળ ઉભેલ માણસને તે ગોળી વાગેલી. આ વખતે ફાયરીંગ ચાલું હતુ તેથી અમે તમામ ચાલી તરફ ભાગી રહયા હતા. મારા પછીના માણસને ગોળી વાગેલી. ત્યારપછી હું મારા ઘરે જતો રહેલો.

સાહેદ નં.૧૭૦ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નટરાજ તરફથી આવેલા ટોળામાં હાજર હતો ટોળાની આગેવાની કરતો હતો જે ટોળાએ મસ્જીદ મકાનોને આગ લગાડેલ છે લુંટફાટ, મારકાપ કરેલ છે. જે અંગેનો પુરાવો મળી આવે છે.

## (૨૪) મુસ્તાક એહમદ અ.રઝાક શેખ, સાહેદ નં. ૧૭૧, આંક-૧૧૭૭

- તા. ૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં તોફાની ટોળામાં હતા
- તા.૨૭.૬.૦૮ ના સીટના નિવેદનમા ટોળામાં લાકડી સાથે હતા
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૨ પેરા નં.૫</u>

હું આ સાંભળીને ઈંડાની લારીએ નુરાની મસ્જીદ પાસે ગયેલો. મેં ત્યાં જઈને જોયું તો ટોળુ મોટુ હતુ. ટોળાના માણસો મારી લારીને તોડફોડ કરવા લાગેલા. તેઓ આસપાસની દુકાનોને પણ નુકશાન કરતા હતા. તેઓ મસ્જીદને પણ નુકશાન કરતા હતા. તેઓ લારી, ગલ્લા તથા આજુબાજુની દુકાનોને પણ નુકશાન કરતા હતા.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

મે આ ટોળામાં ગુડુ છારો તથા સુરેશ લંગડાને જોયેલા. આ બંને જણાં ટોળામાં હતા અને તોડફોડ કરતા હતા અને પબ્લીકના માણસોને ઉશ્કેરણી કરતા હતા. સુરેશ લંગડાના હાથમાં લાકડી જેવુ હતુ. ગુડુના હાથમાં તલવાર જેવુ હથીયાર હતું.

સાહેદ નં.૧૭૧ ની જુબાની ઉપરથી ફલીત થાય છેકે આરોપી મુસ્લિમ મિલ્કતો અને મસ્જીદ કે નુકશાન કરેલો હતો અને આરોપી ટોળાની ઉશ્કેરણી કરતો હતો જે ઉશ્કેરણીના કારણે ટોળાએ માર કાપ કરેલાનું ફલીત થાય છે.

## (૨૫) અ.અલીમ અ.મજીદ ચૌધરી, સાહેદ નં. ૧૭૪, આંક-૧૧૯૮

- તા.૧૬.૬.૦૮ ના સીટના નિવેદનમા ત્રિશુલ સાથે તોફાની ટોળામાં જોયેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

આ સાંભળીને હું તથા અમારી ચાલીવાળાઓ ઘરની બહાર નીકળેલા. અમે તમામ જોવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. ત્યાં શોરબકોર ચાલતો હતો તથા પથ્થરમારો થતો હતો.

<u>- પેજ નં, ૩ પેરા નં.૮</u>

ત્યાં આગળ ટોળાના માણસો મિંયાને મારો તેવુ કહેતા હતા. આ ટોળામાં આગળ હતા તેઓમાં દલપતસીંગ, ભવાનીસીંગ, ગુડુ, સુરેશ અને મનોજ વિડીયોવાળા હતા. મે આ ટોળામાં બાબુબાઈ બજરંગીને પણ જોયેલા. તેઓ પણ ટોળામાં આગળ પડતા હતા. આ ટોળામાના ગુડુ પાસે તલવાર હતી. સુરેશ પાસે ભાલો હતો તથા તેમની પાસે ત્રિશુલ પણ હતું, મનોજ પાસે રીવોલ્વોર હતી, આ મનોજ વિડીયોવાળો એસ.ટી.વર્કશોપની દીવાલની આડમાંથી ફાયરીંગ કરતો હતો.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

આ તમામ ટોળામાં આગળ હતા તે તમામ ટોળાના માણસોને અંદર બોલાવતા હતા તથા મિંયાઓને મારો, કાટો, જલાવો તેવુ કહેતા હતા. હુ આ જગ્યાએથી સીધો જ હુસેનનગર ખાતે મારા સાસુ, સસરાના ઘરે ગયેલો. હું મારા સાસુ, સસરાને લઈને પાછો મારા ઘેર આવતો હતો ત્યારે સાંજના સાડા ચાર પાંચ વાગ્યાના સમયે ગાયત્રી અને ગંગોત્રી સોસાયટી પાસે ભવાનીસીંગ હતા તેમણે કહેલું કે, તમારા લોકો માટે ખીચડી પકાવી છે, તમે બધા સોસાયટીમાં અંદર જતા રહો. પરંતુ હું ત્યાં ગયેલો નહીં. હું એટલા માટે નહીં ગયેલો કે, ત્યાં

કોઈકે કહેલું કે, અંદર વધારે બબાલ થાય છે તેથી અંદર કોઈ જતાં નહીં તેથી હું ભવાનીસીંગે કહેલુ ત્યાં ગયેલો નહીં.

- પેજ નં.૬ પેરા નં.૧૧

હું બહાર નીકળ્યો ત્યારે કેટલાક લોકો સીંધી ભાષામાં તથા કેટલાક લોકો છારા ભાષામાં વાત કરતા હતા. હું આ બંને ભાષા મારા રીક્ષા ડ્રાઈવીંગના ધંધાને કારણે જાણું છું. તેઓ મને જોઈન શકે તે રીતે હું ઉભો રહેતો ત્યારે મેં તેમને તેમની ભાષામાં વાત કરતા સાંભળેલા કે, હવે આપણો સંમય પુરો થયો, મુખીને ત્યાં જઈને પૈસા લઈ લઈએ, આઠથી આઠના બાર કલાકનો સમય પુરો થયો છો. આવી વાત કરનારામાં સુરેશ, દલપત, ભવાનીસીંગ, મનોજ વિડીયોવાળો તથા ત્યાં બીજા પણ હતા તેઓને હું ઓળખતો ન હતો. પરંતુ આટલા લોકોને મેં આવી વાત કરતા સાંભળેલા.

- પેજ નં.૬ પેરા નં.૧૨

આ તમામનાઓ ધાબા પર જઈને કભી ખુશી કભી ગમ પીકચરના ગીતો વગાડતા હતા. સીંધીઓ ઝુલેલાલના ગીતો વગાડતા હતા. તેઓ તમામ બધા મિંયાઓ પતી ગયા છે તેવી ખુશી વ્યક્ત કરતા હતા.

સાહેદ નં.૧૭૪ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી મીયાઓને મારો તેવુ કહેતા ટોળામાં આગળ હતો આરોપી પાસે આ વખતે ભાલો હતો આમ આરોપી મારક હથિયાર સાથે ટોળામાં સામેલ હોવાનું જણાઈ આવે છે.

## (૨૬) યાકુબઅલી કાસમઅલી સૈયદ, સાહેદ નં. ૧૭૫, આંક-૧૨૦૫

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા. ૨૫.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલ છે

- પેજ નં.૫ પેરા નં.૧૩

મે બપોરે દોઢ વાગે ઓટો સેન્ટરવાળા બિપીન પંચાલને, ગુડ્ડુ છારાને, હરીયા છારાને, મનોજ વિડીયોવાળાને તથા સુરેશ છારાને ટોળામાં જોયેલા. આ ટોળામાં બિપીન પંચાલના હાથમાં તલવાર હતી, ભવાનીસીંગ તથા મનોજ વિડીયોવાળાએ ટોળામાં આગેવાની કરેલી. સુરેશ તથા હરીયા છારાનાં હાથમાં પાઈપ હતી. આ ટોળાના માણસો પથ્થરમારો કરતા હતા, મકાનો સળગાવતા હતા. તેઓ કેરોસીનના કેરબા લાવેલા તથા જવલનશીલ પ્રવાહી નાખી સળગાવતા હતા. અમે રાત્રીના આશરે સાડા દસ વાગ્યા સુધી એસ.આર.પી. કવાર્ટસમાં જ

રોકાયેલા. આ જગ્યાએ ત્યારબાદ સરકારી ગાડી લેવા આવતા હું તથા મારા પરિવારજનો જે તે દિવસે એસ.આર.પી. કવાટર્સ માં મારી સાથે હતા તે તમામનાઓ ત્યાંથી કેમ્પમાં ગયેલા.

સાહેદ નં.૧૭૫ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે...આરોપી ટોળામાં પાઈપ સાથે હજાર હતો અને મુસ્લિમોના મકાનને આગ લગાડવામાં આરોપીએ સક્રિય ભુમિકા ભજવેલ છે તેવુ જણાઈ આવે છે.

## (૨૭) અસ્લમભાઈ શમશેરભાઈ શેખ, સાહેદ નં. ૧૮૦, આંક-૧૨૫૧

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલ છે

- પેજ નં.૨ પેરા નં.૩

બનાવ તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. તે દિવસે ગુજરાત બંધનું એલાન હતુ. તે દિવસે હું સવારના નવ સવા નવ વાગ્યે મારા ઘેરથી બહાર રોડ પર આવેલો. મેં જોયેલું કે, બંને સાઈડમાં ટોળાઓ હતા. જે ટોળાઓ એકબાજુ કૃષ્ણનગર તરફ અને બીજી બાજુ નટરાજ તરફ હતા. ટોળાના માણસોમાંથી બધા પાસે હથીયારો હતા. આ ટોળુ મારો મારોની બુમો પાડી આગળ વધતુ હતુ. ટોળા આગળ વધતા ગયા અને અમારા મહોલ્લાના માણસો પર પથ્થરમારો કરવા લાગેલા. આ પથ્થરમારો કરતા ટોળામાં એક માણસને હું ઓળખું છું.

- પેજ નં.૪ પેરા નં.૮

મે તે દિવસે ટોળામાં જેને જોયેલો તથા ઓળખેલો તેનું નામ સુરેશ છે . તે સુરેશ લંગડા તરીકે ઓળખાય છે. હુ સુરેશ લંગડાને આજે પણ ઓળખી શકું. હું અહીં ઉભા ઉભા પણ સુરેશને ઓળખી શકું છું તે છેલ્લી લાઈનમાં બેઠેલા કાકાથી આગળ બેઠેલા છે તે છે.

સાહેદ નં.૧૮૦ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી હથીયાર સાથે ટોળામાં હાજર હતો અને ટોળાની સાથે મારો કાપોની બુમો પાડતો હતો સામ આ આરોપી ગેરકાયદેસરની મંડળીમાં હાજર હોવાનું જણાઈ આવે છે.

## (૨૮) અફસરબેગમ કબીરઅલી, સાહેદ નં. ૧૮૧, આંક-૧૨૫૨

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા. ૨૫.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલ છે

<u>- પેજ નં.૪ પેરા નં.૧૧</u>

ટોળાના માણસો લુંટફાટ કરતા હતા તથા ઘરો સળગાવતા હતા. મેં આ તમામ જોયેલું.

<u>- પેજ નં.૪ પેરા નં. ૧૨</u>

આ ટોળામાં સુરેશ છારો પણ હતો. તેના હાથમા ડંડા જેવુ કાંઈ હતું. તે બધાને મિંયાઓના ઘરમાં લુટફાટ કરો તેવી બુમો પાડી તેની કોમના લોકોને બોલાવતો હતો. હું તેની પાછળ જ ઉભેલી હતી. સુરેશે મને જોયેલી ન હતી.

<u>-પેજ નં.૫ પેરા નં.૧૩</u>

જે બે લાશો સળગતી હતી તેમાંથી એકનો મને ચહેરો દેખાયેલો તે અમારી બાજુમાં રહેતા મુલ્લાજીનો છોકરો હતો. આ છોકરો અપંગ હતો. આ અપંગ છોકરાની લાશ મેં સળગતી જોયેલી. આ વખતે હું અને કાલુભાઈ સાથે હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૬</u>

ટોળાના માણસો ભાગદોડ કરતા હતા, અવાજો આવતા હતા. તેઓ સળગાવતા હતા. તેઓ લોકોને બહાર સળગાવતા હતા તેવા અવાજો મેં સાંભળેલા. જો કે, મેં આવુ જોયુ નથી. મે જે ટોળુ જોયેલું તેમાં મેં ગુડ્ડુ છારા, ભવાનીસીંગ તથા સુરેશને જોયેલા. તેઓ લુંટફાટ કરતા હતા.

સાહેદ નં.૧૮૧ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી લુંટફાટ કરતા અને મુસ્લિમાનોના ઘરોને સળગાવતા ટોળામાં હાજર હતો તેના હાથમાં ડંડા જેવુ કઈક હતુ અને આ આરોપી મીંયાઓને ઘરમાં લુંટફાટ કરી તેવી બુમો પાડતો હતો અને તેની લોકોને બોલાવતો હતો તેવુ જણાઈ આવે છે.

## (૨૯) મો.હનીફ યુસુફભાઈ શેખ, સાહેદ નં. ૧૮૪, આંક-૧૨૭૧

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલ છે.

<u>*- પેજ નં. ૨ પેરા નં.૪*</u>

બનાવ તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. જે તા.૨૭ મીએ ગોધરાકાંડ થયા પછી બનેલો. તે દિવસે વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા બંધનું એલાન હતું.

<u>- પેજ નં.૨ પેરા નં.૫</u>

તે દિવસે સવારે સાડા નવ વાગ્યે હું મારા ઘરે હતો. તે વખતે બહાર રોડ ઉપર અફરાતફરી થયેલી. તે દિવસે કૃષ્ણનગર તથા નટરાજ હોટલથી ટોળા આવેલા અને બંને ટોળા ભેગા થઈ ગયેલા

- પેજ નં. ૨ પેરા નં.૬

આ ટોળાવાળાઓએ મસ્જીદ પર હુમલો કરેલો. તે દિવસે એસ.ટી.વર્કશોપની સામે પોલીસનો પોઈન્ટ હતો. આ ટોળાવાળાઓએ મુસલમાનના ટોળા ઉપર પણ હુમલો કરેલો.

- પેજ નં.૩ પેરા નં. ૭

આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર તથા હથિયારો હતા. મેં આ ટોળામાં કિશન કોરાણી તથા મનોજ સીંધીને ફાયરીંગ કરતા જોયા છે. તેઓ મુસ્લીમના ટોળા ઉપર ફાયરીંગ કરતા હતા.

- પેજ નં.૩ પેરા નં.૮

આ ટોળામાં નરેશ છારા, હરેશ છારા, સહેજાદ છારા, મુરલી સીંધી, અશોક સીંધી પાનવાળો, સુરેશ છારા, બિપીન ઓટોવાળો, ભવાનીનો છોકરો જેનું નામ મને યાદ નથી તેઓના હતા. હું આ તમામને ઓળખું છું. આ તમામનાઓ ટોળાના લોકોને ઉશ્કેરણી કરતા હતા તથા અમો મુસ્લીમો ઉપર હુમલો કરતા હતા.

- પેજ નં. ૩ પેરા નં. ૯

આ વખતે પોલીસવાળાએ પણ ટિયરગેસ છોડેલા. કિશન કોરાણી તથા મનોજ સીંધીએ પોલીસ પાસેથી બંદુક ઝુટવીને ફાયરીંગ કરેલું જયારે બાકીના હું નામ જણાવી ગયો તેઓ પાસે પાઈપ, તલવાર, ધારીયા વગેરે હથીયારો હતા.

સાહેદ નં.૧૮૪ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નટરાજ તરફથી આવેલા ટોળામાં હાજર હતો તે હથીયાર ધારણ કરેલ ટોળામાં સામેલ હતો તેવો મસ્જીદ ઉપર હુમલો કરેલ અને મુસ્લીમો ઉપર હુમલો કરેલ છે તેવુ સ્પષ્ટપણે જણાઈ આવે છે.

## (૩૦) મો.ઐયુબ શૌફીલાલ, સાહેદ નં. ૧૮૫, આંક-૧૨૭૫

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા. ૭.૬.૦૮ ના શીટના જવાબમાં નામ છે
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલ છે

- પેજ નં.૨ પેરા નં.૫

બનાવ ૨૮મી તારીખે સને ૨૦૦૨ ની સાલમાં બનેલો. જેમાં આગલા દીવસે યાને કે ૨૭મીએ ગોધરાની ટ્રેન સળગેલી એ બનાવ બીજા દિવસે બનેલો. મને મહિનો યાદ નથી.

<u>- પેજ નં.૩ પેરા નં.૧૦</u>

બહાર આવીને રોડ ઉપર જોતાં એસ.ટી.વર્કશોપ તથા એસ.આર.પી.કવાર્ટસ પાસે માણસોના ટોળા હતા. ટોળાના આ માણસો અમો મુસ્લીી ઉપર પથ્થરમારો કરતા હતા. તેઓ પાસે તલવારો હતી તથા તેઓ ટિયરગેસ પણ છોડતા હતા.

<u>- પેજ નં.૪ પેરા નં.૧૨</u>

ટોળાના આગળના ભાગમાં પોલીસની જીપ ઉભેલી. આ ગાડીમાંથી પોલીસવાળાએ ફાયરીંગ શરૂ કરેલું તથા પોલીસવાળાઓએ ટિયરગેસ પણ છોડેલો. ટિયરગેસથી અમારી આંખો લાલ લાલ થઈ ગયેલી. ત્યાં ભાગમભાગ થયેલી. અમે આંખમાં પાણી નાંખેલું. આ સમયે સવારના આશરે ૯.૪૫ જેવો સમય થયો હશે.

<u>- પેજ નં.૪ પેરા નં.૧૩</u>

આ ટોળાના માણસો અમારા મુસ્લીમોના મહોલ્લા પર તુટી પડેલા. આ ટોળાના માણસોના હાથમાં તલવાર, બંદુક વગેરે હતા તથા તેઓના હાથમાં ચવાણાના પેકેટ હતા. ટોળાના બધા માણસોએ કેસરી કપડા પહેરેલા. તેઓએ ચડ્ડી બનીયાન પહેરેલું હતું. ટોળાના માણસો તોડફોડ તથા લુંટફાટ કરતા હતા. તેઓ માણસોને મારતા હતા અને દુકાનો લુટતા હતા.

<u>- પેજ નં.૫ પેરા નં,૧૪</u>

આ ટોળામાં મેં ચાર જણાને ઓળખેલા. આ ટોળામાં જયભવાની, તિવારી, સુરેશ લંગડો તથા ગુડ્ડુ છારાનાઓને મેં ઓળખેલા. આ ટોળામાં સુરેશ લંગડાના હાથમાં તલવાર હતી. જયભવાનીના હાથમાં તલવાર હતી. તિવારી અમોને તમો મુસ્લીમો માટે સલામતીની વ્યવસ્થા રાખી છે આ બાજુ આવી જાવ, તેવુ કહેતો હતો. તિવારી ટોળાના માણસોને ઉશ્કેરણી કરતો હતો. તિવારી પહેલાં અમો મુસલમાનોને સહારો આપી પછી ટોળાને બોલાવતો હતો.

સાહેદ નં.૧૮૫ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી એસ.ટી. વર્કશોપ પાસેના ટોળામાં સામેલ હતો આરોપી ટોળાની સાતે મુસ્લીમોના મહોલ્લા ઉપર તુટી પડેલા આ આરોપી જે ટોળામાં હતા તેટોળાના હાથમાં મારક હથીયારો હતા અને આરોપી તોડફોડ કરી લુંટફાટ કરવામાં તેમજ મુસ્લીમોને મારવામાં દુકાનો લુંટવામાં સામેલ હતા તેવુ જણાઈ આવે છે.

## (૩૧) મહંમદભાઈ બચુભાઈ બેલીમ, સાહેદ નં. ૧૮૮, આંક-૧૨૮૨

- તા.૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.ટોળાની આગેવાની કરતા હતા
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

મેં સવારે આ જ સમયે અન્ય એક ટોળું નટરાજ હોટલ તરફથી આવતું પણ જોયેલું. આ ટોળાની આગેવાની મનોજ વિડીયોવાળાએ, સુરેશ લંગડા છારાએ તથા એક સીંધી આગેવાનનાઓએ લીધેલી. આ સિંધી આગેવાનોના મોઢા પર શીતળાના ડાઘ છે, તે રંગે કાળા છે તથા તેઓની સાડા પાંચ થી છ ફુટ જેટલી ઉંચાઈ છે. આ ટોળાના હાથમાં પણ તલવાર, ત્રિશુળ તથા કેમીકલ ભરેલા કેરબાઓ હતા.

<u>- પેજ નં.૩ પેરા નં,૯</u>

કૃષ્ણનગર તરફથી આવતા ટોળાએ એક કેરોસીન ભરેલ ટેન્કર નુરાની મસ્જીદ પાસે ઉભું રાખેલું તેમજ આ સમયે એક ક્રેન પણ નુરાની મસ્જીદ પાસે લાવીને ઉભી રાખેલ. નટરાજ તરફથી આવતા ટોળાએ નુરાની મસ્જીદ પર તોડફોડ કરી હુમલો કરેલ. આ ટોળાએ નુરાની મસ્જીદના મૌલાનાને પણ માર મારેલો. આ જોઈ યુસુફ લાઈટવાલાનાઓએ ત્યાં આવેલ એસ.આર.પી. ના પોઈન્ટ પર બેઠેલ એસ.આર.પી.વાળાઓએ આ ટોળાને સમજાવવા વિનંતી કરેલ. એસ.આર.પી. વાળાઓએ ટોળાને રોકવાને બદલે યુસુફને દંડાથી માર મારેલ. મસ્જીદ સળગતી હોઈ પંડીતની ચાલી પાસે છોકરાઓ ભેગા થયેલા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

ચાલીમાં આવેલ ટોળાએ તોડફોડ કરી આગ લગાડવા લાગેલા. નુરાની મસ્જીદની આજુબાજુની ચાલી, પંડિતની ચાલી તથા હુકમસીંગની ચાલી, ચેતનદાસની ચાલી, બાદરસીંગની ચાલીમાં ટોળાના માણસો ધુસવા લાગેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૪</u>

આ સમય પછી હુસેનનગરમાં ધીમે ધીમે એસ.ટી.ની દિવાલ પાસેના ભાગે ટોળાઓ વધતા ગયેલા. આ ટોળાના માણસો લોકોને મારકાપ કરતા હતા તેમજ બાળી નાંખતા હતા. આ સ્થિતિમાં ભયના કારણે હું સાંજે આશરે પાંચ વાગ્યે હુસેનનગરમાંથી ગંગોત્રી સોસાયટીના એક મકાનના ધાબા પર જઈને છુપાઈ ગયેલો ત્યાં બીજા ઘણાં મુસ્લીમો હતા. આ સમયે મારા પરીવારજનો મારાથી છુટા પડી ગયેલા.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૫</u>

મેં ગંગોત્રીના આ મકાનના ધાબા પરથી જોયેલું કે, જયભવાની છારો તથા તિવારી કંડકટર લોકોના ટોળાને ઈશારો કરી અમો છુપાયા હતા તે જગ્યા બતાવતા હતા. આ ટોળાના માણસોએ તલવારોથી માણસોને કાપેલા અને સળગતા કાકડા નાંખી જીવતા સળગાવેલા. હું રાત્રે બાર વાગ્યા સુધી આ ધાબે જ રહેલો.

સાહેદ નં.૧૮૮ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નટરાજ ટોલ તરફથી આવેલા ટોળાની આગેવાની કરતો હતો આરોપી અને ટોળાના હાથમાં મારક હથીયારો હતા આરોપીએ ટોળાની સાથે નુરાની મસ્જીદ ઉપર હુમલો કરેલો અને મોલાનાને માર મારેલો તેવુ જણાઈ આવે છે.

## (૩૨) મો. ઈમરાન ઈમ્તીયાઝહુસેન મોમીન, સાહેદ નં. ૧૮૯, આંક-૧૨૮૯

- તા ૧૦.૬.૦૮ના સીટના જવાબમાં તોફાની ટોળામાં તલવાર સાથે નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૪ પેરા નં.૮

મેં નુરાની મસ્જીદ પાસેના ટોળામાં સુરેશ તથા મનોજ વિડીયોવાળોને જોયેલા. જેમા, સુરેશના હાથમાં તલવાર હતી તથા મનોજ વિડીયોવાળાના હાથમાં ત્રિશુલ તથા ખાનગી હથીયાર હતું. આ તમામનાઓ પથ્થરમારો કરતા હતા. તેમજ મારો કાપોની બુમો પાડતા હતા. પછી હું મારા મમ્મીના ઘેર જતો રહેલો

- પેજ નં.૫ પેરા નં.૧૦

આ મકાનના ત્રીજા માળવાળા ધાબેથી મેં જોયેલું કે, ટોળાના માણસો અમારા ઘરની ઘરવખરીનો સામાન લુંટતા હતા અને તેઓ આગ લગાડતા હતા. તેઓ મારમારી તથા કાપાકાપી કરતા હતા. આ ટોળામાં ત્રણ ભાઈઓ હતા. આ ત્રણ ભાઈઓ ગુડ્ડુ છારો, હરીયો છારો તથા નરીયો છારાનોઆ હતો. તેઓ મારામારી તથા કાપાકાપી કરતા હતા તથા આ ત્રણેયએ ટોળાની આગેવાની લીધેલી તથા અમારા માણસો જયાં છુપાયેલા હતા ત્યાં ઈશારો કરી ટોળાને બતાવતાં હતા. આ લોકો અમારા ઘરને લુંટીને આગ લગાડતા હતા. આ ત્રણેય ભાઈઓ યાને કે ગુડ્ડુ, હરીયો અને નરીયોના હાથમાં તલવારો હતી. આ સમયે આશરે અઢી થી ત્રણ વાગ્યાનો બપોરનો સમય થયેલો. તેઓ અમારી ચાલીમાં તોડફોડ કરતા હતા તે તમામ અમે જોતા હતા.

સાહેદ નં.૧૮૯ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નુરાની મસ્જીદ પાસેના ટોળામાં તલવાર સાથે હાજર હતો અને મારો કાપોની બુમો પાડતો હતો આમ આ આરોપી નુરાની મસ્જીદ ઉપર હુમલો કરતા અને મારોકાપોની બુમો પાડી ગેરકાયદેસર મંડળીમાં સામેલ હોવાનું જણાઈ આવે છે.

## (૨૧) રસીદાબાનુ ઈમ્તીયાઝહુસેન મોમીન, સાહેદ નં. ૧૯૨, આંક-૧૩૧૪

- તા.૧૦.૬.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- હાજરી મુક્તિની અરજી આંક-૧૩૧૨. ઓળખની તકરાર નથી

- <u>પેજ નં.૫ પેરા નં.૯</u>

કૃષ્ણનગર તરફથી આવેલ ટોળાના માણસો પણ અમારા ઉપર પથ્થરમારો તેમજ બોટલમારો કરતા હતા. નટરાજ તરફથી આવેલ ટોળાના માણસો પણ અમારા ઉપર પથ્થરમારો તથા બોટલમારો કરતા હતા. આ ટોળામાં માયાબેન કોડનાની હતા. આ ટોળામાં મનોજ હતો. તેનું નામ મારા ખ્યાલ મુજબ મનોજ વિડીયોવાળો છે. આ નટરાજવાળા ટોળામાં વધુમાં બિપીન ઓટોવાળો પણ હતા. આ ઉપરાંત આ ટોળામાં સંતોષ દુધવાળો હતા. આ સંતોષ દુધવાળાની દુકાન કુબેરનગર જતાં કમલા વેલ્ડીંગની બાજુમાં છે. નટરાજવાળા ટોળામા વધુમાં, ગુડ્ડુ છારા, નરેશ છારા, સુરેશ લંગડો તથા સુરેશ લંગડાનો નાનો ભાઈ પણ હતા. આ ટોળામાં માયાબેન ચલો આગળ તથા મારો તોવુ કહીને પબ્લીકને ઉશ્કેરતા હતા. આ સમયે પોલીસ ત્યાં આવીને નાકા પર ઉભેલા મુસ્લીમો પર જ ગોળીબાર તથા ટિયરગેસ છોડેલા. તેથી ચાર પાંચ મુસ્લીમ છોકરાઓને ગોળી વાગેલી.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

ટોળુ ધીમે ધીમે અમારી ચાલી તરફ અંદર આવવા લાગતાં હુ રોડ ઉપરથી મારા ઘરે આવી મારા બાળકોને લેવા મારા ઘરના ધાબે જતી રહેલી. મારા ઘરના ઉપરના ભાગેથી આખો રોડ દેખાય છે ત્યાંથી મેં જોયેલું તો, ટોળાના લોકો મારકાપ કરતા હતા. તેથી હું મારા બાળકોને લઈને નીચે ઉતરી ગયેલી. હું ત્યારપછી ભાગદોડ કરવા લાગેલી અને ત્યારબાદ મારા બાળકોને લઈને રમજાની પિંજરાના ધાબે બાળકો સાથે જતી રહેલી.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૩</u>

મે રમજાની ભાઈના ધાબા પરથી જોયેલું કે, રમજાનીભાઈ રહે છે તે ગલીનું પહેલુ મકાન ટોળાના માણસોએ સળગાવેલું. આ ટોળાના માણસો ગમે તેમ બોલતા હતા અને બુમો પાડતા હતા. તેઓ મારો કાપો તેવી બુમો પાડતા હતા. રમજાનીભાઈના મકાનમાં કાયમ લાગેલા હતા તે પડદાની પાછળના ભાગેથી મેં આ બધુ જોયેલું. પછી હું મારા બાળકને લઈને રમજાનીભાઈના ધાબા પર જતી રહેલી. આ ધાબા પરથી મેં જવાનનગરમાં આવેલ જાહેર શૌચાલય તરફ જોયેલું ત્યારે મેં જોયેલુ કે, ટોળાના લોકો બધું જ સળગાવતા હતા. આ ટોળાના માણસોને અમે મારતા તથા સળગાવતા જોયેલા. આ ટોળાના માણસો મુસ્લીમોને માર કાપ કરતા હતા. મને આ સમયે કેટલા વાગેલા તે ખબર નથી.

સાહેદ નં.૧૯૨ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી નટરાજ તરફથી આવેલા ટોળામાં સામેલ હતો અને આરોપી ટોળાની સાથે ચાલીમાં ઘુસી ગયેલ અને મારકાપ

કરેલ અને ચાલીમાં બધુ સળગાવતા હતા અને લોકોને મારતા અને સળગાવતા ટોળામાં આ આરોપીઓ સક્રિય ભુમિકા ભજવી છે તેવુ જણાઈ આવે છે.

## (૩૪) હારૂન મોહંમદભાઈ શેખ, સાહેદ નં. ૧૯૮, આંક-૧૩૬૩

- તા.૨૮.૫.૦૮ તથા તા.૧૨.૯.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૬

આ બંને તરફના ટોળાઓના લોકોએ કપાળ પર કેસરીપટ્ટી બાંધેલી હતી. આ ટોળામાં હું અમુક લોકોને ઓળખતો હતો. મેં ટોળાના કેટલાક લોકોના હાથમાં તલવાર, પાઈપ, ત્રિશુલ જોયેલા.

-પેજ નં.૩ પેરા નં.૭

મેં આ ટોળામાં માયાબેન, બાબુ બજરંગી, સચીન મોદી, અશોક પાનના ગલ્લાવાળો, મનોજ વિડીયોવાળો, સુરેશ લંગડો, હરેશ, ગુડ્ડુ તથા બિપીન ઓટોવાળાને જોયેલા. મેં આ તમામને સવારના આશરે સાડા નવ વાગ્યે બનાવવાળા દિવસે જોયેલા તેઓ એસ.ટી.વર્કશોપ સામેના ઝાંપા પાસેના ટોળામાં પણ આગળ હતા અને એસ.આર.પી. ઝાપાવાળા ટોળામાં પણ હતા. જો કે, પછી બંને ટોળા એક થઈ ગયેલા.

- પેજ નં.૪ પેરા નં.૮

આ લોકો તથા ટોળાના માણસો આસપાસના લારી ગલ્લા, કેબીન, મકાન વગેરે સળગાવવા લાગેલા તથા તેઓ નુરાની મસ્જીદ પર હુમલો કરેલો. અમારા મુસ્લીમોમાંથી કેટલાક લોકો આ નવજણાઓને સમજાવવા માટે પણ ગયેલા પરંતુ તેઓએ કોઈની વાત સાંભળેલી નહી અને તેઓ મારો કાપો તેવા પોકારો કરવા લાગેલા અને અમારી કોમના માણસો પર પથ્થરમારો કરવા લાગેલા. અમે આ રીતે આ નવને સમજાવવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. પરંતુ તેઓ ન માનતા તથા અમારા ઉપર પથ્થરમારો કરતા અમે ગભરાઈને પરત હાલમાં પોલીસ ચોકી આવેલી છે ત્યાં પાછા આવી ગયેલા.

- પેજ નં.૬ પેરા નં.૧૨

આ તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડ્ડુ અમારા જ વિસ્તારમાં રહેતા હોવાથી અમે તેમની વાત માનીને તેમની સાથે જવા લાગેલા. અમે નીકળતા હતા ત્યારે ગોપીનાથનગરના ઝાંપાની પાસે ટોળાના લોકો છુપાઈને બેઠેલા હતા અને અમે બહાર નીકળતા તે તમામ ટોળાના માણસોએ અમોને ઘેરી લીધેલા. આ છુપાઈ રહેલા ટોળામાં સચીન તથા સુરેશ લંગડો હતા. આ બનાવ વખતે અમે ગોપીનાથનગર સોસાયટીમાં બચવા માટે પાછા આવી ગયેલા અને ગોપીનાથનગરની સોસાયટીની પાણીની ટાંકી પાસે એક ખાંચો

પડે છે તે ખાંચામાં જતા રહેલા. અમે ખાંચામાં એવું વિચારીને ગયેલા કે, ટોળું સામેથી નીકળી જશે. પરંતુ ટોળાએ આ ખાંચાવાળા ભાગમાં જ અમારી મારકાપ શરૂ કરેલી. ટોળાના માણસોએ ત્યાં મારકાપ કરીને અમારામાંના લોકોને સળગાવી દીધેલા.

- પેજ નં.૭ પેરા નં.૧૩

આ રીતે મારકાપ થઈ તેમાં મારા પરીવારની ત્રણ વ્યક્તિઓ હતી. જેમાં, મારી માતા મુમતાજબાનુ, મારી પત્ની ગોસિયાબાનુ તથા મારો દીકરો અકરમનાઓ હતા જેઓ ત્રણેય આ બનાવમાં મરી ગયેલા. આ ઉપરાંત અમારી કોમના અન્ય લોકો પણ આ મારકાપનો ભોગ બનેલા જેમાં મારી માસી રાબીયા, મારી ભાણી ફરહાના તથા અમારી આજુબાજુ રહેતાં લોકમાં રેશ્મા વગેરે હતા.

- પેજ નં. ૭ પેરા નં.૧૫

આ મારકાપ કરતા ટોળામાં મે પાંચ જણાંને જોયેલા. જેમાં તિવારી હતો જેના હાથમાં તલવાર હતી, જયભવાની હતો જેના હાથમાં તલવાર હતી. મને હવે યાદ આવે છે તેમ જયભવાનીના હાથમાં લાકડી હતી. ગુડ્ડુ હતો જેના હાથમાં તલવાર હતી. સુરેશ લંગડો હતો જેના હાથમાં ધારિયું હતુ, સચીન ઉર્ફે મોદી પણ હતો જેના હાથમાં પાઈપ હતી.

- પેજ નં.૮ પેરા નં.૧૬

આ રીતે મારામારી થતી હતી તેમાં હું મારા દીકરા અકરમને બચાવા વચ્ચે પડેલો ત્યારે મારા જમણા હાથમાં ધારિયું વાગેલું તથા જમણા આંખે નીચે હું દાઝી ગયેલો જે રીતની ઈજાઓ મને પણ થયેલી. આ તમામમાંથી બચી હું ગંગોત્રી સોસાયટીમાં જઈને છુપાઈ ગયેલો. ત્યાં થોડો સમય હું બેસી રહેતા મારા ધ્યાનમાં આવેલું કે, અમારા મુસ્લીમ કોમના અન્ય લોકો પણ ત્યાં બેઠેલા હતા. આ સમયે મગરીબનો સમય હતો યાને કે સાંજનો સમય હતો.

- પેજ નં.૮ પેરા નં.૧૮

અમે આ રીતે જવા લાગેલા ત્યારે અમે જોયેલું કે, તીસરા કુવા પાસેના મેદાનમાં બાબુ બજરંગી ટોળું લઈને ઉભેલા. અમે ઘભરાઈને ત્યાં જ ઉભા રહેલા આ સમયે ટોળાના માણસોએ અમારી મારકાપ ચાલુ કરી દીધેલી. આ ટોળાના માણસોને મારી નાંખેલા. આ તમામમાં હું ગભરાઈને પાછો ગોપીનાથ સોસાયટી જતો રહેલો. ગોપીનાથ સોસાયટીમાં પછી હું છુપાઈ ગયેલો.

સાહેદ નં.૧૯૮ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી માયાબેન સાથેના ટોળામાં નુરાની મસ્જીદ પાસે હાજર હતા અને તેમણે આસપાસના લારી-ગલ્લા કેબીન, મકાન વિગેરે સળગાવેલા, નુરાની મસ્જીદ ઉપર હુમલો કરેલ અને ત્યારબાદ આરોપીઓ

પાણીની ટાંકી પાસે સાહેદ અને બીજા મુસ્લિમોને ઘેરી લઈ મારકાપ શરૂ કરેલ અને મારકાપ કરી મુસ્લિમોને સળગાવી દીધેલા જેમાં આ સાહેદની માતા –મુમતાજ બાનું, પત્નિ ગોસીયાબાનું અને દીકરો અકરણ ને મારી નાંખેલ અને સાહેદના માસી રાબીયા, ભાણી, ફરહાના અને તેમની બાજુમાં રહેતા રેશમાને પણ આ આરોપીએ ટોળાની સાથે મળી મારીને બાળી નાંખેલ. આ મારકાપ કરતા ટોળામાં સાહેદે આ આરોપીને જોયેલ છે. આ બનાવમાં સાહેદને હાથમાં ધારીયું વાગેલુ અને સાહેદ જમણા હાથે દાઝી ગયેલા આમ આ સાહેદે આરોપીને મારકાપ કરતા નજરો નજર જોયેલ છે.

## (૩૫) નુરમોહંમદ નજીરમોહંમદ મેવ, સાહેદ નં. ૧૯૯, આંક-૧૩૭૫

-તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં

- તા.૨.૬.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૬

આ ટોળાના માણસોના હાથોમાં પાઈપ, ધારિયા વગેરે હથીયારો હતા. નટરાજ હોટલ તરફથી આવેલું ટોળું નુરાની મસ્જીદ તરફ ગયેલું. કૃષ્ણનગર તરફથી આવેલા ટોળાએ અમારા ઘરની પાછળ આવેલ લારી, ગલ્લા વગેરેમાં આગ લગાડવાનુ ચાલુ કરેલું. આ ટોળાના માણસો મુસલમાનોને મારો કાપો , સળગાવો તેવી બુમો પાડતા હતા.

- પેજ નં.૩ પેરા નં.૮

કૃષ્ણનગર તરફથી આવેલા ટોળાના કેટલાક માણસોના કપાળમાં તથા કમરે કેસરીપટ્ટો હતો. તેમાંથી ચાર વ્યક્તિઓ ટોળાની આગેવાની કરતી હતી તથા ટોળાના લોકોની ઉશ્કેરણી કરતી હતી. આ ચાર વ્યક્તિઓમાં સુરેશ લંગડો, ગુડ્ડુ ભવાની તથા તિવારીનાઓ હતા. તેઓ મુસ્લીમોના ઘર તથા દુકાનો ટોળાના માણસોને બતાવતા હતા અને મુસ્લમાનો છુપાયેલા હતા તે જગ્યા પણ બતાવતા હતા. ત્યારપછી આ ટોળુ મુસલમાનોના ઘરોમાં ઘુસી ગયેલું. હુ પછી મારા ઘરે ગયેલો.

સાહેદ નં.૧૯૯ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નુરાની મસ્જીદ પાસે ટોળાની ઉશ્કેરણી કરતો હતો અને આરોપીએ ટોળામાં સામેલ થઈ મુસ્લિમોની મિલ્કતોને આગ લગાડેલ અને ટોળાના માણસો સાથે આ આરોપીએ મારોકાપોની બુમો પાડેલ અને સળગાવો તેવી બુમો પાડેલ તેવુ ફલીત થાય છે.

(૩૬) સમસુદીન શાહબુદીન રાઠોડ, સાહેદ નં. ૨૦૨, આંક-૧૩૯૪

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ છે.

- પેજ નં.૨ પરા નં.૫

બનાવ તા.૨૮.૨.૦૨ ના રોજ બનેલો. તે દિવસે સવારના આશરે નવેક વાગ્યે હું સવારે ચાની લારી કે જે નુરાની મસ્જીદ પાસે આવેલી છે ત્યાં ચા પીવા ગયેલો. તે દિવસે ત્યાં નુરાની મસ્જીદ પાસે પોલીસનો પોઈન્ટ હતો. મેં નટરાજ હોટલ તરફથી એક ટોળું નુરાની મસ્જીદ તરફ આવતું જોયેલું. ટોળાના માણસોના હાથમાં હથીયાર હતા, તેઓ પથ્થરમારો કરતા હતા તથા નુરાની મસ્જીદની દિશા તરફ આ ટોળાના માણસો આગળ વધતા હતા. આ ટોળું અમારા વિસ્તારમાં દુકાનો તથા મકાનોને આગ લગાડતુ હતુ. આ મેં જોયેલું. આ વખતે નુરાની મસ્જીદના ભાગે પોલીસ હતી.

- પેજ નં.૩ પેરા નં.૬

મેં જોયેલ ટોળામાં કિશન કોરાણી, મનોજભાઈ, બિપીન ઓટો, ગુડ્ડુ છારા, નરેશ છારા, સુરેશ છારા તથા મુંગડા છારાને મેં જોયેલા. ત્યારબાદ કૃષ્ણનગરબાજુથી એક ટોળું આવેલું

- પેજ નં.૩ પેરા નં.૭

બીજુ એક ટોળુ અડધા કલાક પછી આવેલું જેની આગેવાની બિપીન ઓટોવાળાએ લીધેલી. આ બે ટોળા ભેગા થઈ ગયેલા. આ ટોળાએ અમારા સમગ્ર વિસ્તાકમાં લુંટફાટ કરેલી. મારા ઘરમાં પણ લુંટફાટ થયેલી. આ વખતે સવારે નવ સવા નવ વાગ્યે પોલીસે અમો મુસ્લીમોની ટોળા પર ફાયરીંગ કરેલું તેમાં આબીદહુસેનને ગોળી વાગેલી. આથી હું મારા ઘર તરફ જતો રહેલો. હું મારા ઘેર પાછો આવ્યો પછી મેં મારા ઘરની બાજુમાં રહેતા મીરાબેનને મારી બે દિકરીઓ સોંપેલી. મીરાબેન અને મારા ઘર વચ્ચે બે મકાનો આવેલા છે. તેણીના ઘર પછી કોટ આવેલો છે.

- પેજ નં. ૪ પેરા નં. ૮

મેં મીરાબેનને એવુ કહેલું કે, હુ અને મારી પત્ની જો તોફાનો વધુ થશે તો મારા દિકરાને આવી લઈ જઈશું. તે દિવસે બપોરે દોઢ વાગ્યે હું મારા ઘર પાસે હતો ત્યારે મારી સાથે મીરાબેનનો દિકરો તથા પતિ પણ હતા. તે સમયે કૃષ્ણનગર તરફથી એક ટોળું આવેલું. આ ટોળુ જવાનનગરના ખાડામાં આવેલું. આ ખાડો મારા ઘરથી અંદાજે ૩૦-૩૫ ફુટના અંતરે આવેલો છે. જેની વચ્ચે તે વખતે કોટ હતો. આ ટોળાની આગેવાની બિપીન ઓટોવાળાએ લીધેલી. મને આ વખતે મીરાબેનના પતિએ તે સમયે ટોળુ નજીક આવી જવાથી

એવુ કહેલું કે, તમારૂ શરીર ભારે છે, તમે જતાં રહો તેથી હું મારી પત્ની તથા મારા દીકરાને લઈને ગંગોત્રી સોસાયટી બાજુ જતો રહેલો. હું ગંગોત્રી સોસાયટીમાં મારા મિત્રના સાઢુભાઈના ત્યાં જે એસ.ટી. માં નોકરી કરતા હતા તેમને ત્યાં ગયેલો. તે દિવસના સાંજના આશરે સાડા છ વાગ્યા સુધી હું રોકાયેલો

સાહેદ નં.૨૦૨ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે નટરાજ તરફથી નુરાની મસ્જીદ પાસે ટોળુ આવેલુ તે ટોળામાં આરોપી હાજર હતો અને તે ટોળામાં આરોપીએ લુંટફાટ કરેલી અને આરોપી હથીયાર ધારણ કરેલા ટોળામાં સામેલ હતો તેવુ ફલીત થાય છે.

## (૩૭) શરીફાબીબી ઈકબાલભાઈ શેખ, સાહેદ નં. ૨૦૩, આંક-૧૪૦૪

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે
- તા. ૨૭.૫.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ નથી

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

ગંગોત્રી સોસાયટીમાં મને એક ધાબુ દેખાયેલું તે ધાબા પર મારા બાકીના બાળકોને લઈને હું ચડી ગયેલી. ઘાબે જઈને મેં મારા બાળકોનું મોં દબાવી દીધેલું. કારણ કે, તેઓ રડતા હતા. ધાબામાં પછી એક ખુણામાં મારા બાળકોને લઈને હું છુપાઈ ગયેલી.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

અમે ધાબામાં આવી રીતે છુપાયેલા હતા ત્યારે મારો કાપોના અવાજો આવતા હતા. એ સમયે ધાબા પરની જાળીમાંથી મેં જોયેલુ તો મારા દીકરા શરીફને તલવાર, હોકી, લાકડીઓ વગેરેથી મારતા હતા અને તેને મારીને પાડી દીધેલો. ત્યારપછી શરીફ પર કેરોસીન, પેટ્રોલ, નાંખીને તેને સળગાવી દીધેલો જે મેં જોયેલું. આ ટોળું કે જે મારા દીકરા શરીફને મારતુ હતુ તથ સાળગાવતુ હતા તે ટોળામાં ભવાની, ગુડુ છારા, સુરેશ લંગડો, દલપત, સહેજાદ છારો, ટીનીયા મરાઠી, રાજુ મરાઠી, કિશન મરાઠી તથા બીજાઓ હતા. બાકીનાનું નામ મને હમણાં યાદ આવશે તો હું કહીશ. મને યાદ આવી ગયું છે કે, આ ટોળામાં ભવાનીનો છોકરો પણ હતો.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ લોકોએ મારા દીકરાને મારી આંખો સામે મારી નાંખી અને મેં કહ્યુ તેમ સળગાવેલો. આ ટોળાના લોકો સળગતા આગમાં નાના બાળકોને ફેંકતા હતા તે મેં જોયેલું. આ જ લોકો મે જોયેલું કે, જુવાન છોકરીઓની ઈજ્જત પણ લેતા હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૩</u>

મેં જોયેલું આ જ ટોળાના માણસો નઈમની પત્નીને પણ નગ્ન કરી તેણીની ઈજ્જત લુંટતા હતા. આ સમયે સાંજના આશરે પાંચ થી છ વાગેલા. આ ધાબે મારા બાકીના બાળકો સાથે રાતના બાર વાગ્યા સુધી હું હતી.

સાહેદ નં.૨૦૩ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ સાહેદે ગંગોત્રી સોસા. ના ધાબા ઉપરથી જોયેલ છે કે આ સાહેદના દિકરા શરીફને તલવાર હોકી મારી પાડી દઈ તેની ઉપર પેટ્રોલ, કેરોસીન નાંખીને સળગાવી લીધેલ છે. શરીફનું ખુન કરવા અંગેનું સીધો પુરાવો આરોપી વિરૂધ્ધ મળી આવે છે અને આજ આરોપીએ નાના નાના બાળકોને સળગતી આગમાં નાંખેલ છે અને આરોપી જુવાન છોકરીઓની ઈજ્જત લુંટતા હતા તેવો પુરાવો આરોપી સામે આવે છે અને આ આરોપીએ બીજા તો.દારો સાતે મલી નઈમની પત્નિ ઝરીનાની ઈજ્જત લુંટવાનો ગુનો આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે. આ સાહેદની જુબાની નહી માનવાને કોઈકરાણ નથી.

## (૩૮) શબાના બુન્દુભાઈ કુરેશી, સાહેદ નં. ૨૦૯, આંક-૧૪૬૩

- તા ૨૩.૫.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

- પેજ નં.૬ પેરા નં. ૧૨

અમે પાછા આવતા હતા ત્યારે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટી પાસે ઉભેલા ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર, હોકી વગેરે હતા તેઓ અમારી પાછળ રહી ગયેલ મુસ્લીમોને મારવા લાગેલા. આ વખતે અમે તીસરા કુવાથી ગંગોત્રી તરફ ભાગતા હતા જયારે ગંગોત્રી ગોપીનાથવાળાઓ અમારી તરફ આવતા હતા. આ વખતે પબ્લીક આમતેમ ભાગવા લાગેલી. આ સમયે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટીની વચ્ચે એક ખાંચ આવેલો છે. ત્યાં ઉપર એક પાણીની ટાંકી છે. અમે આ ખાંચામાં ઘુસી ગયેલા. આ વખતે અમારા ઘરના બધા છુટા પડી ગયેલા. પરંતુ આ ખાચામાં ગયા ત્યારે હું, મારી મમ્મી, મારી બહેન નસીમ તથા મારો ભાઈ રાજાનાઓ સાથે હતા.

- પેજ નં.૭ પેરા નં. ૧૩,

અમે ખાંચામા ઘુસ્યા ત્યાં ચારેય તરફતી ટોળાએ અમને લોકોને ઘેરી લીધેલા. આ ટોળામાં મેં સુરેશ લંગડા, દલપતનો છોકરો, જયભવાનીનો છોકરો, નરેશ, હરેશ, મનુ, મરાઠીના બે છોકરા, જયભવાની, દલપત તથા ગુડ્ડુ છારા તેમજ બીજા અનેક લોકોને જોયેલા.

- પેજ નં. ૭ પેરા નં.૧૪

આ સમયે ખાંચાની સામેના રોડ પર ટોળાએ કે જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ પણ હતા તે ટોળાએ એક સીદ્દીક નામના છોકરાનું ખંજરથી તાવીજ કાપી તેના પર હુમલો કરેલો. આથી તેને ગળામાં ઈજા થયેલી તથા તાવીજ કાપતા ખંજર તુટીને પડેલું અને આ સીદ્દીકને પછી પાઈપથી મારવા લાગેલ ત્યારે માથે હાથ રાખીને તેણે બચાવ કરવા પ્રયત્ન કરેલો. જે તમામ મેં પોતે જોયેલુ છે. ત્યારપછી આ સીદ્દીક પર કાંઈક જવલનશીલ પ્રવાહી કેરોસીન નાંખી તેને સળગાવી દીધેલો. આ રીતે સીદ્દીક ત્યાં જ મરી ગયેલો.

- પેજ નં.૮ પેરા નં.૧૫

સીદ્દીકના બનાવ પછી મેં જોયેલું કે, ટોળાના માણસો જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ હતા તે ટોળાના માણસોએ એક હુસેનનગરની છોકરીને ખેંચીને લઈ ગયેલા. આ વખતે મારી બહેન નસીમને ઘેરી લીધેલી. પછી તેઓએ તેણીના માથામાં પાઈપ મારેલી. મારી બહેનને તેઓએ પછી તે જ જગ્યાએ કેરોસીન નાંખીને સળગાવી દીધેલી તેણી પણ મરણ ગયેલી.

- પેજ નં. ૮ પેરા નં.૧૬

આ વખતે મારી મા આ જોઈને બુમો પાડીને ભાગા લાગેલી ત્યારે સુરેશ લંગડાએ મારી મા ને પકડી લીધેલી. સુરેશ લંગડાએ મારી મમ્મીને પકડીને પેટમાં ગુપ્તી મારેલી ત્યારપછી આ બધાએ કે જેઓના નામ હું જણાવી ગઈ તથા ટોળાના માણસોએ મળીને મારી મા ને જીવતી સળગાવી દીધેલી. મારી મમ્મી પછી ત્યાં જ મરી ગયેલી.

- પેજ નં.૯ પેરા નં. ૧૭

આ સમયે ખાંચામાં જે મુસ્લીમો હતા તેઓ બહાર નીકળતાં જ તેમને પકડીને આ ટોળાના માણસો મારીને સળગાવી દેતા હતા. આ સમયે ટોળાના માણસોને એવુ લાગતા કે કદાચ આ ખાંચામા મારામારી શરૂ કરી દીધેલી અને કેરોસીન નાંખીને તમામને એક સાથે સળગાવી દીધેલા.

- પેજ નં.૯ પેરા નં.૧૮

આ વખતે આગ લાગતાં ખાંચા પાસે એક દિવાલ હતી તે દિવાલ પર કુદીને હું બેસી ગયેલી. આ વખતે ટોળાના માણસોએ મારા પગ પર પથ્થર મારેલો. હું આ પથ્થર વાગતાં દિવાલની બીજી તરફ પડી ગયેલી. આ વખતે હું આ બધુ જોતા ડરી ગયેલી. ટોળાના માણસો ખુબ જ ગંદી ગાળો બોલતા હતા તથા સળગાવતા હતા તેથી હું ગભરાઈ ગયેલી હતી. દિવાલની બીજીબાજુની દિવાલ પાસે બેએક મીનીટ બેસીને પછી ત્યાં આવેલ ઝાપામાથી નીકળી હું ગંગોત્રી સોસાયટીના એક ધાબા પર જતી રહેલી.

- પેજ ને. ૧૦ પેરા -૧૯

હું ધાબે ગઈ ત્યાં અન્ય મુસ્લીમો પણ હતા. ગંગોત્રી સોસાયટીના ત્રણ ધાબાઓ પર મુસ્લીમો હતા. ધાબા પર મોડી રાત સુધી અમે હતા.

સાહેદ નં.૨૦૯ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી પાણીની ટાંકી પાસે ખાંચામાં જ્યાં સામુહીક હત્યાકાંડ થયેલ છેતે હત્યાકાંડ કરવામાં આરોપી સામેલ હતો આજ સ્થળે આરોપીઓ બીજા આરોપીઓ સાથે મલી સીદીકને મારી તેની ઉપર જ્વલનશીલ પ્રવાહી નાંખી સળગાવી દીધેલ છે.

વધુમાં આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટ થતો જણાઈ આવે છે કે આરોપીએ સાહેદની માં ને કપડીને તેના પેટમાં ગુપ્તી મારેલી અને ત્યારબાદ બીજા આરોપીઓએ સળગાવી દીધેલ આમ આ આરોપી સામે સાહેદની માં ને મારી નાંખી ખુન કરવાનો સીધો પુરાવો મલી આવે છે.

## (૩૯) રૂકસાના બુન્દુ કુરેશી, સાહેદ નં. ૨૧૨, આંક-૧૫૦૭

- તા ૩.૬.૦૮ તથા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

<u>- પેજ નં. ૫ પેરા નં.૮</u>

હું હોલમાંથી નીકળતાં જ મારા ભાઈ,બહેન,તથા મા થી અલગ પડી ગયેલી. હુ છુટી પડી ગયેલી. અમારી કોમના લોકો તીસરા કુવા તરફ જવા લાગેલા. અમારામાં જે લોકો આગળ નીકળી ગયેલા તેઓ એકદમ ઝડપથી પાછા આવેલા અને જણાવેલું કે, ત્યાં હિન્દુઓનું મોટુ ટોળુ છે. તેઓના હાથમાં હથિયાર છે. હું ગભરાઈને ચારેબાજુ મમ્મી મમ્મી કરતી હતી. અમારી કોમના પાછા આવતા લોકોને મેં પુછેલું કે, શુ થયુ ત્યારે તેમણે હિન્દુઓનું મોટુ ટોળુ હાથમાં હથિયાર સાથે આવ્યું હોવાનું જણાવેલું.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૯</u>

હું અમારી કોમના લોકો સાથે ભાગવા લાગેલી. ભાગતા ભાગતા એકદમ મારી નજર પડી તો મેં જોયેલું કે, સુરેશ લંગડો મારી માના પેટમાં ગુપ્તી મારી રહયો હતો. મારી મમ્મીને મારનાર ટોળામાં નરેશ, હરેશ, સુરેશ લંગડો, ગુડ્ડુ છારાના વગેરેનાઓ હતા. આ ટોળાના માણસોને જયભવાનીની દીકરી પાણી પીવડાવતી હતી. તેમાં જયભવાની, જયભવાનીનો દીકરો,દલપત,દલપતનો છોકરો, ચીન્ટુ તથા એક માંજરી આંખવાળો તથા વાંકડીયાવાળવાલો પણ હતો. આ માણસના હાથમાં લોખંડની પાઈપ હતી.

<u>- પેજ નં ૬ પેરા નં, ૧૦</u>

આ ટોળાના માણસો સાથે અન્ય લોકો પણ હતા. તેઓ અમારી કોમના લોકોને સળગાવતા હતા અને મારતા હતા અને જયભવાનીની દીકરી આ ટોળાના માણસોને કેરોસીન તથા ગોદડી સળગાવવા માટે આપતી હતી.

- પેજ નં. ૫ પેરા નં. ૧૧

તે વખતે અજવાળું હતું અને અંધારૂ ન હતુ. અને સમયના આશરે સાડા પાંચ છ વાગ્યા જેવો થયો હશે. હું રડતી રડતી ગંગોત્રીના ધાબે જઈને બેસી ગયેલી. ગંગોત્રીના ધાબે અમારી કોમના અન્ય લોકો પણ હતા. હું ધાબે હતી તે વખતે ધાબા પર એક સળગી ગયેલી સ્ત્રી હાથમાં નાનુ બાળક ઉચકીને આવેલી અને આ બાળક પણ દાઝી ગયેલું. આ સ્ત્રી બચાવો બચાવો એમ કહેતી હતી અને એવુ કહેતી હતી કે, અમારી કોમના ઘણાં લોકોને આ લોકોએ મારી નાંખ્યા છે તથા સળગાવી નાંખ્યા છે.

સાહેદ નં.૨૧૨ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી પાણીની ટાંકી પાસે ખાંચામાં સામુહીક હત્યાકાંડ કરવામાં બીજા આરોપીઓ સાથે હાજર હતો અને તેમના હાથમાં હથીયાર હતા અને આ આરોપીએ સાહેદની માતાના પેટમાં ગુપ્તી મારી તેને મોતને ઘાટ ઉતારેલ છે અને આજ સ્થળે આ આરોપીએ બીજા આરોપીઓ સાથે મળી મુસ્લિમોની સામુહીક હત્યા કરેલ છે. આ તમામના ખુન માટે આ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવે છે.

## (૪૦) હસીફખાન અચ્છનખાન પઠાણ, સાહેદ નં. ૨૧૩, આંક-૧૫૨૨

- તા. ૨.૬.૦૮ ના સીટના જવાબમાં પાઈપ સાથે તોફાની ટોળામાં હાજર
- તા.૧૪.૯.૦૮ ના સીટના જવાબમાં નામ છે
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૪ પેરા નં.૮

ત્યારપછીની થોડી જ મીનીટોમાં નટરાજ હોટલ તરફથી ટોળાના માણસો નુરાની મસ્જીદ તરફ આવવાના શરૂ થઈ ગયેલા. આ ઉપરાંત કૃષ્ણનગર તરફથી પણ નુરાની મસ્જીદ પર ટોળા આવવા શરૂ થઈ ગયેલા. આ ટોળાઓની આગળ પોલીસવાળા હતા જે પોલીસવાળાઓ સવારે મારી સાથે હતા તેમાના લગભગ બધા પોલીસવાળા આ ટોળાની આગળ હતા. ટોળાઓ નુરાની મસ્જીદ પાસેના લારી,ગલ્લાની તોડફોડ કરવા લાગેલા.

કૃષ્ણનગરબાજુથી આવેલા ટોળા રોડ પરની ચાલીઓ તથા મકાનોને સળગાવવા લાગેલા. આ બધાથી અમારા મુસ્લીમ કોમના થોડા લોકો ચાલીઓના નાકે ભેગા થયેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

ટોળામા પોલીસને જોયેલા અને કેટલાક આરોપીઓને જોયેલા. મેં આ ટોળામાં બિપીનભાઈ પંચાલ, મુકેશ ઉર્ફે ગુડ્ડુ છારો, બાબુભાઈ વણઝારા, સુરેશ લંગડો, નવીન છગન છારાનાઓને જોયેલા. હું જણાવી ગયો તે તમામનાઓ ટોળાની આગેવાની કરતા હતા અને તેઓના હાથમાં હથીયારો હતા. જેમાં, બીપીન પંચાલના હાથમાં તલવાર અને રિવાલ્વોર હતી, ગુડ્ડુના હાથમાં તલવાર, સુરેશ લંગડાના હાથમાં પાઈપ, નવીન છારા પાસે ગેસનો બાટોલ હતો તે રીતના હથીયારો તેમની પાસે હતા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

બિપીન પંચાલ ચિચિયારીઓ તથા બુમો પાડી ટોળાના માણસોને બોલાવતા હતા. તેઓ રોડ પર ઉભા રહીને ટોળાના માણસોને નુરાની મસ્જીદ બાજુ બોલાવતા હતા. બાકીના આરોપીઓ પણ જેના હાથમાં જે આવે તે તોડફોડ કરતા હતા તથા લારી, ગલ્લા વગેરે તોડફોડ કરતા હતા. નવીન છારો ગેસનો બાટલો લાવી તેની પીન ખોલી કપડું વીંટી ગેસના બાટલા સળગાવીને નુરાની મસ્જીદ પર તેમજ મુસ્લીમોના મકાનમાં નાંખતો હતા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

આ વખતે મુસ્લીમો મસ્જીદને બચાવો તેવી બુમો પાડી પોલીસનું ધ્યાન દોરવા બુમો પાડતા હતા.પોલીસે ત્યારે મુસ્લીમો પર ફાયરીંગ કરેલું તથા ટિયરગેસ છોડેલા. આ સમયે આબીદ, પીરૂ, ખાલીદ વગેરેને ગોળી વાગેલી. આ વખતે નુરાની મસ્જીદથી પાંચ છ દુકાન છોડી અતીકખાનનું ધાબુ આવેલું છે તે અતીકખાનના ધાબે હું ગયેલો. હું ત્યાંતી તમામ બનાવો જોતો હતો.

સાહેદ નં.૨૧૩ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી ટોળામાં આગેવાની કરતો હતો અને ત્રણે નુરાની મસ્જીદ પાસે મુસ્લીમોના લારી, ગલ્લા મકાનો સળગાવવામાં સક્રીય ભુમિકા ભજવેલ છે અને આ આરોપીના હાથમાં હથિયાર હતુ આમ હથિયાર ધાર કરી આરોપીએ મિલ્કતોને સળગાવેલ છે અને મસ્જીદની અંદર ગેસના બાટલા નાંખી અને મકાનોમાં ગેસના બાટલા નાંકી સળગાવતા હતા આ તમામ બનાવમાં આરોપી સામેલ થઈ સક્રિય ભુમિકા ભજવેલ છે તેવુ પુરાવો મળી આવે છે.

## (૪૧) નુરબાનુ જાકીરહુસેન સૈયદ, સાહેદ નં. ૨૧૯, આંક-૧૫૬૮

- તા. ૩.૬.૦૮ ના સીટના જવાબમાં તોફાની ટોળામાં હાજર
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૭</u>

પાનના ગલ્લાની નીચેથી મેં જોયેલું કે, ટોળાના ઘણા આવતા હતા અને અમારી કોમના લોકો આમતેમ ભાગતા હતા. ટોળુ જયભવાનીના ઘર પાસે ઉભેલું તે મેં જોયેલું. મેં જોયેલુ કે, નુરી, જાડીખાલા તથા તેમના દીકરાનો દીકરો યાને કે જાડીખાલાનો પૌત્ર જે તેમની સાથે હતો તે તમામ જયભવાનીના ઘર પાસે હતા. આ વખતે મેં જોયેલું કે, જયભવાનીના ઘર પાસે હતા. આ વખતે મેં જોયેલું કે, જયભવાની તથા તેમની દીકરી બધાને બહાર કાઢતા હતા અને એવુ કહેતા હતા કે, ટોળું આવી જશે તો મુશકેલી થશે. તેઓએ બધાને બહાર કાઢેલા પરંતુ પછીથી તેમણે ટોળાને બોલાવી લીધેલું. ટોળાને તેમને પોતાના ઘરની પાછળ જ બોલાવી લીધેલું. જયભવાની તથા તેમની નાની દીકરીએ કેરોસીનવાળી ગોદડીઓ ટોળાને આપેલી તેઓ કેરોસીનમાં ગોદડીઓ પલાળીને આપતા હતા. વધુમાં, ટોળાના કેટલાક માણસો પાસે પણ કેરોસીન હતું.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૮</u>

ત્યાં ટોળામાં ગુડ્ડુ હતો તથા બીજા લોકો પણ હતા તેઓએ કેરોસીનવાળી ગોદડીઓનો ઉપયોગ કરી જાડીખાલા, નુરી તેમજ જાડીખાલાના પૌત્રને સળગાવેલો. આ રીતે સળગાવવામાં જયભવાની તથે તેની નાની દીકરી પણ હતા. હું આ તમામ પેલા ગલ્લા નીચેથી જોતી હતી. મેં ગલ્લા નીચેથી જોયેલું કે, ટોળાના માણસો ત્યાં ઘણા જીવતા માણસોને પકડી પકડીને સળગાવતા હતા. આ તમામ જોઈને હું મારા હોશ ખોઈ બેઠેલી યાને કે ખુબ જ ગભરાઈ ગયેલી.

<u>- પેજ નં.૧૨ પેરા નં.૨૬</u>

મારી માસી જાડીખાલા, તેના પૌત્ર તથા નુરીને સળગાવતા હતા તે જગ્યાએ જે ટોળુ હતુ તે ટોળામાં એક સુરેશ નામક છોકરો પણ હતો. સુરેશનું આખુ નામ મને ખબર નથી. પરંતુ જયભવાનીની છોકરીએ સુરેશને નામ લઈને તેને બોલાવેલો તથા વાતચીત કરેલી તેથી તેનું નામ સુરેશ છે તેવી મને ખબર પડેલી. હું આ સુરેશને પણ ઓળખુ છુ. સુરેશ આ તમામને સળગાવ્યા તેમાં સામેલ હતો. હું સુરેશને પણ આરોપીઓ બેઠા છે ત્યાં જઈને ઓળખી આપીશ.

સાહેદ નં.૨૧૯ આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપીએ કેરોસીન વાળી ગોદડીઓ નાખી જાડીખાલા નુરી તેમજ જાડીખાલાને પૌત્રને સળગાવેલો છે.

આ ત્રણેયના ખુન અંગેનો સીધો પુરાવો આ આરોપી સામે મળી આવે છે. આ ઉપરાંત આ આરોપીએ પાણીની ટાંકી પાસે જ ઘણાં બધા જીવતા માણસોને પકડી પકડીને સળગાવેલ છે તે અંગેનો પુરાવો આરોપી અમો મળી આવે છે.

જાડીખાલા, નુરી અને જાડીખાલાના પૌત્રને મારતા આ આરોપીને સાહેદ નજરો નજર જોયેલ છે અને ના.દાર કોર્ટમાં પણ ઓળખેલ છે.

## (૪૨) ચાંદભાઈ અ.રસીદ શેખ, સાહેદ નં. ૨૨૪, આંક-૧૬૦૧

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

જવાનનગરમાં મારા ઘરની પાછળ દિવાલ આવેલી છે. ટોળાના માણસો જવાનનગરમાં ઘુસવા લાગેલઘર પાછળની દિવાલ તોડવા લાગેતા હું તથા મારા ઘરના ખુબ જ ગભરાઈ ગયેલા. અમે તેથ ા અને મારા ાિ મારા ઘેરથી નીકળી ગયેલા. અમે ઘરની બહાર આવેલા. થોડીવાર હું ત્યાં જ ઉભો રહેલો પછી ટોળુ દિવાલની બીજી સાઈડ પણ તોડવા લાગતા અમે અમારૂ ઘર છોડીને મારી મમ્મીના ઘેર ગયેલા. મારી માં નુ ઘર મારી પાછળ એસ.આર.પી. ના કોટ પાસે આવેલું છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૭</u>

આ કોટ તોડવાવાળાઓ મારો કાપો તેવા નારા લગાવતા હતા. ટોળુ કોટ તોડતુ હતુ. તે ટોળાની સાથે સુરેશ લંગડો, ગુડ્ડુ છારાનાઓને પણ મેં જોયેલા. તેઓ પણ કોટ તોડતા હતા. કોટ તોડયા પછી તેઓ અંદર ઘુસી આવેલા. તેઓ જવાનનગરની ચાલીઓમાં ઘુસી આવેલા. તેઓ આ વખતે પણ મારો કાપો ના અવાજો કરતા હતા.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

ગુડ્ડુ છારા તથા સુરેશ લંગડાના હાથમા ત્યારે તલવાર હતી.મારી મા ના ઘરે અમે પહોંચેલા પરંતુ મારી મા તથા મારા ત્રણ ભાઈઓ તેમના પરીવારજનો વગેરેનાઓ પણ તેમનું ઘર છોડી બહાર આવી ગયેલા. તેઓ એસ.આર.પી.કવાર્ટસની દિવાલ પાસે ઉભા રહેલા. ટોળાના માણસો અમારી ચાલીઓમાં આવીને મારવા, કાપવા તથા સળગાવવા લાગેલા. આ ટોળાના માણસોએ એસ.આર.પી. ની દિવાલ પાસે એક ઐયુબ નામના છોકરાને સળગાવેલો.

સાહેદ નં.૨૨૪ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપીએ જવાનનગરમાં ઘુસવા કોટ તોડેલ છે અને મારો કાપોની બુમો પાડતુ હતુ તે ટોળામાં સાહેદે આરોપીને નજરો નજર જોયેલ હોવાથી આ આરોપી સામે સીધો પુરાવો મળી આવે છે અને આ કોટ તોડી આરોપી ચાલીમાં ઘુસી ગયેલ અને આ આરોપીએ ચાલીઓમાં ઘુસી બીજા આરોપીઓ સાથે

મારકાપ કરી ચાલીમાં મુસ્લિમોની મિલ્કતો લુંટી સળગાવેલી છે તે અંગેનું પુરાવો મળી આવે છે.

તેમજ એસ.આર.પી. ની દિવાલ પાસે આ આરોપીએ બીજા આરોપીને સાથે મળી એક ઐયુબ નામની છોકરાને સળગાવેલા અંગેનું સીધો પુરાવો મળી આવે છે.

## (૪૩) સલીમ અલ્લાબક્ષ શેખ, સાહેદ નં. ૨૨૬, આંક-૧૬૦૮

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં મુસ્લીમોને મારકાપ કરતા ટોળામાં
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

અમે ગલીમાં જ રોકાયેલા ત્યારપછી ટોળાના માણસો ચાલીઓમાં ઘુસવા લાગેલા. તેઓ ઘરોમાં તોડફોડ કરી સળગાવતા હતા. મારા પોતના ઘરમાં પણ એક ગેસ સીલીન્ડરનો બાટલો નાંખેલો તેવી મને ખબર પડેલી. જો કે, મેં તેવું જોયુ નથી.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

હું જણાવી ગયો તે ટોળાના માણસોમાં મેં ભવાની, ગુડ્ડુ, સુરેશનાઓને પણ જોયેલા. ગુડ્ડુએ આસમાની કલરનું ટી શર્ટ પહેરેલું હતી. તેના મોઢા પર રૂમાલ બાંધેલો હતો. તેના હાથમાં કોઈ હથીયાર હતું. તે તલવાર હતી કે પાઈપ હતી તેવુ મને સ્પષ્ટ યાદ નથી. ભવાની તથા સુરેશ તેમજ ટોળાના બીજા માણસોના હાથમાં પણ હથીયારો હતા. ટોળાના માણસો ખાલી હાથે ન હતા.

સાહેદ નં.૨૨૬ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપીએ સાહેદના ઘરમાં ઘુસી અનેંક ગેસ સીલીન્ડર નાંખેલો તે ટોળામાં આ આરોપી સામેલ હોવાનું જણાઈ આવે છે.

## (૪૪) જુબેરખાન ઈસ્માઈલખાન પઠાણ, સાહેદ નં. ૨૨૭, આંક-૧૬૧૪

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૪</u>

અમે આ રીતે બેઠા બતા ત્યારે ગુડ્ડુ છારા, બાબુ ગેરેજવાળા, સુરેશ લંગડાનાઓ અમોને જોઈને ગયેલા હતા ત્યારપછી આ ત્રણ જણાં હિન્દુઓના ટોળાને લઈને આવેલા જે ટોળાએ અમો મુસ્લીમ કોમના લોકો પર પથ્થરમારો કરેલો. અમે ત્યારપછી ગંગોત્રી સોસાયટી તરફ ગયેલા. ત્યાં અમે લોકોને મદદ કરવાનું કહેલું પરંતુ કોઈએમ મદદ કરેલી નહીં. તેઓના ઘરના દરવાજાઓ બંધ કરી દીધેલા. અમે પછી હુસેનનગર પરત આવેલા.

સાહેદ નં.૨૨૭ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે અને આરોપીએ સાહેદ બેઠા છે આ હિન્દુ ટોળાને મોકલેલો અને તેમણે ત્યાં પથ્થરમારો કરી મુસ્લિમોને ગંગોત્રી તરફ મોકલેલા આમ આ આરોપીએ મુસ્લિમોને ગંગોત્રી તરફ મોકલી હત્યા કરવાના કાવત્રામાં સફળ ભુમિકા ભજવેલ છે તેવુ જણાઈ આવે છે.

## (૪૫) જાવેદ ઈસ્માઈલ શેખ, સાહેદ નં. ૨૨૮, આંક-૧૬૨૧

(ઈન્જર્ડ વીટનેસ : જમણા કપાળમાં પથ્થર વાગેલો, માથામાં પાઈપ વાગેલી.)

- તા. ૨૮.૫.૦૮ ના સીટના જવાબમાં તોફાની ટોળા સાથે મુસ્લિમ સ્ત્રી, પુરૂષો –બાળકો ઉપર તુટી પડેલ

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં, ૧૦</u>

પછી અમને ભવાનીસીગે જણાવેલુ કે, તમે લોકો અહીંથી નકળી જાવ, તમારી તીસરાકુવા તરફ વ્યવસ્થા કરેલી છે. અમે તે તરફ જવા લાગતાં જોયુ તો, ત્યાં ટોળુ ઉભેલું હતુ. ત્યાં જોતા ટોળાના માણસો પાસે તલવાર, ધારીયા, ગુપ્તી, પેટ્રોલના ડબ્બાઓ વગેરે હથીયારો હતા. ટોળાના માણસોને જોઈને અમે મુસ્લીમ ચાલીમાં પાછા આવવા લાગેલા. આ ટોળાના માણસોને જોઈને અમે મુસ્લીમ ચાલીમાં પાછા આવવા લાગેલા. આ ટોળાએ અમારો પીછો કરેલો. બીજુ ટોળુ મુસ્લીમ ચાલીઓ યાને કે જવાનનગર તરફ અમે પરત આવતા હતા ત્યારે આવેલું. અમે જવાનનગર તરફ જતાં હતા. પરંતુ અમે જવાનનગર પહોંચી શકેલા નહીં. અમે જવાનનગર પહોંચીએ તે અગાઉ ગોપીનાથ ગંગોત્રી સોસાયટીની વચ્ચે પાણીની ટાંકી આવેલી છે તે ખાંચામાં અમે ફસાઈ ગયેલા.

<u>- પેજ નં. ૬ પેરા નં.૧૧</u>

કેટલાક લોકો આ પાણીની ટાંકી પાસેની દિવાલ કુદીને જઈ શકેલા. પરંતુ અમે જઈ શકેલા નહીં. અમોને ત્યાં બંને ટોળાના માણસોએ રોકી લીધેલા. આ ટોળામાં બાબુ બજરંગી હતા. તેમના હાથમાં તલવાર હતી. તેઓ અમને છાપુ બતાવીને જણાવતા હતા કે, આ ગોધરાના બનાવનો ફોટો છે. તમારા તમામની હાલત પણ આવી જ થશે. ત્યારપછી બાબુ બજરંગી જયસીયારામ કહી મુસલમાનોને મારવા કાપવાનું ચાલુ કરેલું. આ ટોળામાં મે ગુડ્ડુ છારા, ભવાનીસીગં, સુરેશ છારા તથા મનુભાઈને જોયેલા. આ તમામનાઓએ તથા ટોળાના અન્ય લોકોએ જય સીયારામ બોલી માર કાપ ચાલુ કરી દીધેલી. આ લોકોએ ટાંકીના ધાબા પરથી અમારા પર સળગતા કાકડા ફેંકેલા

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ બનાવમાં નાના નાના બાળકોને જીવતા સળગાવવામાં આવેલા. આ તમામ ફસાયેલા લોકોમાં હુ પણ હતો. આ બનાવમાં પથ્થરમારો પણ થયેલો. મને પોતાને જમણા કપાળમાં પથ્થર વાગેલો. હું ગંગોત્રી ગોપીનાથ સોસાયટીની વચ્ચે આવેલ ખાચામાં ઝાડીની પાછળ છુપાઈ ગયેલો.

- પેજ નં.૭ પેરા નં.૧૩

હું તથા મારા પરીવારજનો આ બનાવ વખતે છુટા પડી ગયેલા. આ બનાવ સાંજના આશરે સાડા છ સાત વાગ્યે બનેલો. મેં જોયેલું કે, મારા માસીની છોકરી કૌશરબાનું વાઈફ ઓફ ખાલીદ નુરમહંમદ શેખ પણ આ બનાવ વખતે ત્યાં હતી. તેણી ટોળામાંથી બચવા માટે નીકળવાનો પ્રયત્ન કરતી હતી. તે વખતે તેણીને ચાર માણસોએ પકડી લીધેલી. મેં જોયેલું કે, બાબુ બજરંગીએ પેટમાંથી નવજાત બાળકને કાઢી તલવારની નોક પર બાળકને ગોળ ફેરવી ઉછાળી આગમાં ફેંકી દીધેલો. કૌશરબાનુને પણ બીજા લોકોએ આગમાં નાંખ્યા તેમ આગમાં નાંખી દીધેલી. મેં આ ટોળામાં હું ઓળખતો નથી તેવી એક મહિલાને પણ જોયેલી. જેના કપડાં ફાડી તેના ગુપ્તાંગમાં ટોળાના માણસો લોખંડની પાઈપ નાંખતા હતા. તેણી બેહોશ હાલતમાં પડી હતી. એક મહિલાને પણ ત્યાં જોયેલી જે પુરેપુરી સળગી ગયેલી. તેણીનું નામ કુદરતબીબી હતુ તે પુરેપુરી સળગતી હાલતમાં બનાવના આ સ્થળે પડેલી હતી. ટોળાના કોઈક માણસે આ રીતે ત્યાં પડેલી કુદરતબીબીને પથ્થર મારેલો ત્યારે તેણીના માથામાંથી માસના લોચા જેવુ કાંઈક બહાર આવેલું. તેણી પુર્ણપણે સળગી ગયેલી.

- પેજ નં.૮ પેરા નં.૧૪

ટોળાના માણસો બનાવના સ્થળે કોણ જીવતુ છે અને કોણ મરી ગયું છે તે સ્થળ પર પડેલા માણસોના શરીર પર માર મારી તપાસતા હતા. હું ઝાડીમાંથી નીકળવાનો પ્રયત્ન કરતો હતો ત્યાં ટોળાના માણસો આવી જતાં મે પણ આ સ્થળે પડેલી લાશો વચ્ચે હું પણ લાશ હોવું તેવો ઢોંગ કરી હું ત્યાં પડયો રહેલો. આ વખતે તેઓ કોણ જીવે છે તેની તપાસ કરતા હતા ત્યારે ગુડ્ડુ છારાએ મારા માથા પર પાઈપ મારેલી.

સાહેદ નં.૨૨૮ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી પાણીની ટાંકી પાસે હાજર હતા અને તેમનો ત્યાં મારકાપ કરી મુસ્લિમોને સામુહીક રીતે સળગાવેલા છે આ સમગ્ર હત્યાકાંડમાં આ આરોપી સક્રિય ભુમીકા ફલીત થાય છે. આ સામુહિક હત્યાકાંડમાં આ આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે.

## (૪૬) સાયરાબાનુ ખ્વાજાહુસેન શેખ, સાહેદ નં. ૨૨૯, આંક-૧૬૨૮

- તા. ૨૮.૫.૦૮ ના સીટના જવાબમાં તોફાની ટોળામાં જોયેલા
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

આ સમયે હુસેનનગરની ચાલીમાં હિન્દુઓનું ટોળું આવેલુ. આ ટોળામાં છારાઓ, સીંધીઓ, સુરેશ છારા, સહેજાદ છારા હતા. આ ટોળામાં છારા સ્ત્રીઓ પણ હતી. આ ટોળાના માણસો ઘરોમાં લુંટફાટ કરતા હતા તથા ઘરોમાં પણ આગલ લગાડતા હતા. હું જે ઘરમાં બેઠી હતી તે ઘરની સામે જાયેદાબીબીનું મકાન હતુ તે વખતે મેં જોયેલું કે, છારાઓ આ મકાનમાં લુંટફાટ કરતા હતા અને મકાનમાં આગ લગાડતા હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

આ વખતે હું પિંજરાના મકાનમાં હતી ત્યાં પડતી બારી પાસે આવીને સહેજાદ છારા તથા સુરેશ છારાએ એવુ જણાવેલું કે, તમે એક એક સ્ત્રી અને બાળકો અમારી સાથે આવી જાવ, અમે તમને સલામત જગ્યાએ પહોંચાડી દઈશું. અમે તેમને એવુ કહેલું કે, જો લઈ જવા હોય તો અમને બધાને લઈ જાવ, નહીંતર અલ્લાહ જે કરે તે ખરૂ. તેઓએ અમને છાપુ બતાવી એવુ પણ કહેલું કે, જુઓ તમારા મુસ્લીમોએ કેવો જુલ્મ કર્યો છે, તમે હૈદરાબાદ ચાલ્યા જાવ પછી પાછા આવતા નહી. પછી તેઓ બીજી તરફ જતાં રહેલા.

સાહેદ નં.૨૨૯ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપીએ મુસ્લિમ ચાલીઓ ઉપર હુમલો કરી મિલ્કતોને લુંટી તેમાં આગ લગાડેલ છે તેવું પુરાવો આવે છે.

આ આરોપીએ સાહેદ પાસે જઈને સ્ત્રીઓ અને બાળકોને આપવા જણાવેલ અને છાપુ બનાવી મુસ્લિમોને હૈદરાબાદ જતા રહેવા જણાવ્યા અંગેનો પુરાવો આવે છે.

## (૪૭) મો.રફીક અ.કરીમ શેખ, સાહેદ નં. ૨૩૦, આંક-૧૬૩૫

- તા. ૧૮.૬.૦૮ ના સીટના જવાબમાં તોફાની ટોળામા જોયેલા હતા મુસ્લિમોને આગ લગાડી સળગાવીને મારી નાંખેલ છે. પાણીની ટાંકી પાસે
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

ત્યારપછી નટરાજ તથા કૃષ્ણનગરથી ટોળાના માણસો અમારી ચાલીમાં ઘુસવા લાગેલા. તેઓએ ચાલીમાં આવીને તોડફોડ, માર કાપ, લુંટફાટ કરેલી. તેઓએ અમારી

ચાલીઓમાં આગ પણ લગાડેલી. ત્યારે ભાગદોડ થવા લાગેલી. આવ ભાગદોડ બપોરના આશરે ચાર થી પાંચના અરસામાં થયેલી. ત્યારે અમે ખુબ ડરી ગયેલા.

- પેજ નં.૫ પેરા નં.૯

હું પણ ડરીને મારા બે બાળકો તથા મારી પત્નીને લઈને ગંગોત્રી સોસાયટી કે ગોપીનાથનગરના એક ધાબે ચડી ગયેલો. મારા બીજા બે બાળકો સવારથી જ એસ.આર.પી.કવાર્ટસમાં જતાં રહેલા. હું મારા પરીવારને લઈને આ રીતે એક ધાબે ગયો ત્યાંથી મેં જોયેલું કે, ૨૭ થી ૨૮ માણસોને ગુડ્ડુ છારા તથા સુરેશનાઓ ધક્કો મારીને એક પાણીની ટાંકી બાજુ લઈ જતા હતા. આ વખતે સાંજના પાંચથી છ વાગ્યાનો સમય થયો હશે.

- પેજ નં.૫ પેરા નં.૧૦

આ માણસોને પાણીની ટાંકી પાસે લઈ ગયા બાદ ટાંકીના ઉપરના ભાગમાંથી કોઈક જવલનશીલ પ્રવાહી નાંખી ત્યાં જે ૨૭-૨૮ સ્ત્રી, પુરૂષો તથા બાળકોને લઈ ગયા હતા તેઓ પર આગ ચાંપી દીધેલી. આ ૨૭-૨૮ જણાં બચાવો- બચાવોની બુમો પાડતા હતા. મેં આ બધુ જોયેલું. તથા મેં તેઓના અવાજો પણ સાંભળેલા. પરંતુ હું પોતે ખુબ ડરી ગયો હોવાથી તથા મને પોતાને એવુ થયેલુ કે, મને પણ મારી નાંખશે તેથી હું પેરાફીટની અંદર ધાબામાં જ સંતાઈ ગયેલો.

- પેજ નં.૫ પેરા નં.૧૧

મેં આ તમામ પેરાફીટમાં જોયેલું ત્યારે ખુબ આગ ભભુકી ગયેલી.

સાહેદ નં.૨૩૦ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી ૨૭ થી ૨૮ મુસ્લિમોને ધક્કા મારી પાણીની ટાંકી બાજુ લઈ જતો હતો આ રીતે કરતા સાહેદે આરોપીને નજરો નજર જોયેલ છે અત્રે ઉલ્લેખનીય છે કે પાણીની ટાંકી પાસે મુસ્લિમોને સામુહીક રીતે મારીને બાળી નાંખવાનો બનાવ બનેલ છે. આમ આ આરોપી સામે સામુહીક હત્યા અંગેનો સીધો પુરાવો મળે છે.

## (૪૮) જુલેખાબેગમ મો.ઐયુબ શેખ, સાહેદ નં. ૨૩૧, આંક-૧૬૩૭

- તા. ૩૦.૫.૦૮ ના સીટના નિવેદનમાં હાથમાં હથિયાર સાથે ટોળામાં જોયેલા છે. આરોપી એ સાહેદના પતિને સળગાવેલ છે. સાહેદે નજરોનજર જોયેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૫ પેરા નં.૮

આ ટોળામાં ભવાની, ગુડ્ડુ છારા તથા સુરેશ છારાનાઓ હતા. તેઓએ મને કહેલું કે આજે તમારે મરવાનું જ છે એટલે અહીંયા જ મરો. આ બનાવમાં અમે પરીવારજનો વિખુટા

પડી ગયેલા. જેમા મારી નણંદ, હું તથા મારા છ બાળકો એમ અમે સાથે હતા. અમે બચવા માટે ગંગોત્રી સોસાયટીમાં આવેલા એક ગોદામમાં છુપાવવા માટે ગયેલા. ત્યાં ગંગોત્રી સોસાયટીના આસપાસવાળા લોકોએ અમોને ગોદામમાંથી નીકળી જવા જણાવેલું. તેથી અમે આ ગોદામમાંથી નીકળી ગયેલા. અમે પછી નરોડા તરફ જવા લાગેલા. ત્યાં ઘણા બધા લોકો જતા હતા. કેટલાક લોકો જઈને પરત આવતા હતા. તેમણે જણાવેલુ કે, આગળ જતાં નહીં, ત્યાં પણ ટોળું છે. અમે ત્યાં ફસાઈ ગયેલા કારણ કે, ટોળું બંને બાજુથી આવેલું. અમને બચીશું તેવુ લાગતું ન હતું.

<u>- પેજ નં.૫ પેરા નં.૯</u>

અમે બચવા માટે ગંગોત્રી સોસાયટીના એક ધાબા પર આવેલા જયાં પેસા એસ.આર.પી.કવાર્ટસની દિવાલ હતી. મેં ધાબા પરથી જોયેલું કે, ટોળાના માણસો તોડફોડ કરતા હતા તથા સળગાવતા હતા જેમાં ભવાની, ગુડ્ડુ છારા તથા સુરેશ છારાનાઓ હતા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

ત્યારપછી સાંજના સમયે મેં આ ધાબેથી જોયેલું કે, મારા પતિને ખેંચીને ગુડ્ડુ છારા જવાનનગરની છેલ્લી ગલીમાં લઈ ગયેલો. ત્યાં ભવાની પણ હતા. ગુડ્ડુ છારા મારા પતિને ખેંચીને લઈ ગયેલા. ત્યાં પડેલી રીક્ષામાં ગુડ્ડુ છારા, સુરેશ તથા ભવાનીએ મારા પતિને કાપીને જવલનશીલ પ્રવાહી નાંખી સળગાવી નાંખેલા.

સાહેદ નં.૨૩૧ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપીએ સાહેદ ને બનાવવના દિવસે આજે તમારે મારવાનું છે એટલે અહીંયાજ મરો અને ત્યારબાદ આરોપીએ તોડફોડ અને મકાનો સળગાવેલ છે તે અંગેનો પુરાવો આરોપી સામે આવે છે.

આ આરોપીએ સાહેદના પતિને બીજા બે આરોપીએ સાથે મલીને મારીને કાપીને સળગાવી દીધેલ છે. આમ આ આરોપી સામે સાહેદના પતિના ખુન થવાને સીધો પુરાવો મળી આવે છે.

## (૪૯) નસરીનબાનુ મો.રફીક શેખ, સાહેદ નં. ૨૩૮, આંક-૧૬૭૩

- તા. ૨૧.૫.૦૮ ના સીટના નિવેદનમાં સાહેદની ચાલી ઉપર હુમલો કરેલ તે ટોળામાં આરોપીને નજરોનજર જોયેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

બજરંગદળના ટોળાના માણસોએ માથામાં કેસરીપટ્ટી બાંધેલી જેના પર જયશ્રી રામ લખેલું હતું. રોડ પર ભેગા થયેલા ટોળામાં મેં મુન્ના શેટ્ટી તથા સહેજાદ છારાને પથ્થરમારો

કરતા જોયેલા તથા ત્યારે સુરેશ લંગડાના હાથમાં તલવાર હતી. ત્યારપછી ખુબ પથ્થરમારો થવા લાગેલા ત્યારે પોલીસવાળાએ અમો મુસ્લીમો પર ફાયરીંગ કરેલું.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

અમે ઘરના તમામ ડરી ગયેલા તેથી હું તથા મારા પરીવારજનો હુસેનનગરની ગલી નં.૪ માં અમારી સામે આવેલ એક મકાનમાં કે જે બંગલો છે તે બંગલામાં રક્ષણ માટે બંગલાના છેક ઉપરના માળે જતાં રહેલા. અમે છેક ધાબે જતાં રહેલા. ધાબા પરથી બનતા બનાવો મેં જોયેલા. સાંજના આશરે પાંચ સાડા પાંચ વાગ્યાના સમયગાળામાં જો કે મને ચોક્કસ ટાઈમ ખબર નથી પણ તે સાંજ હતી તેવા સમયે મેં જોયેલું કે, ટોળાના માણસો અમારી ચાલીઓમાં લુંટફાટ કરતા હતા તથા ઘરો સળગાવતા હતા. આ ટોળામાં મેં ચાર જણાંને જોયેલા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

આ વખતે મેં મુન્ના શેટ્ટી તથા સહેજાદ છારા, સુરેશ લંગડો તથા ગણપત છારાને જોયેલા. આમા મુન્ના શેટ્ટી તથા સહેજાદ ટોળામાં હતા. સુરેશ પાસે તલવાર હતી. તથા ગણપત છારા તેના હાથથી ઈશારાઓ કરતો હતો. હુ રાતના બાર વાગ્યા સુધી આ ધાબે હતી. ત્યારપછી શાહઆલમ કેમ્પની ગાડી આવતાં તે ગાડીમં અમે શાહઆલમ કેમ્પ જતાં રહેલા.

સાહેદ નં.૨૩૮ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી સવારના સમયે હાથમાં તલવાર સાથે ટોળામાં હાજર હતો અને આ આરોપીએ ચાલીઓમાં ઘુસી જઈ લુંટફાટ અને ઘરો સળગાવવાનું કૃત્ય કરેલ છે. આ બનાવ સાહેદે ધાબા ઉપરથી જોયેલ છે. આ બનાવ અંગે આરોપી સામે સીધો પુરાવો મલી આવે છે.

## (૫૦) ગુલામયાસીન નુરભાઈ કુરેશી, સાહેદ નં. ૨૩૯, આંક-૧૬૭૪

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ ટોળાએ નુરાની મસ્જીદ પર હુમલો કરેલો. ટોળાના લોકોએ અમો મુસ્લીમો પર પણ હુમલો કરેલો.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

આ દરમ્યાન આવી ગયેલી પોલીસે મુસ્લીમ ટોળા પર ફાયરીંગ કરેલું. આ ગોળીબારમાં આબીદ કરીને એક છોકરાને ગોળીબારમાં ઈજ થઈ તથા બીજા બે ત્રણ જણાંને પણ ગોળીબારમાં ઈજા થયેલી. આ બધુ બનતા અજમેરી મટન સેન્ટર મેં ડરના કારણે બંધ

કરી દીધેલી. દુકાન બંધ કરી હું મારી ચાલી બાજુ જતો રહેલો. અમે ઘર બંધ કરીને બેસી રહેલા. અમે પછી આખો દિવસ ઘરે રહેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

હું ઘરે જતા પહેલા મારી દુકાન અજમેરી મટન સેન્ટર પાસે થોડી વાર ઉભો રહેલો. મારી દુકાન સામેની ખુલ્લી જગ્યામાં મારા ૪૫ બકરાઓ હતા. આ વખતે ત્યાં ટોળુ આવ્યું. ટોળાના માણસો મારા તમામ ૪૫ બકરા લઈ ગયેલા. આ ટોળામાં સુરેશ લંગડો છારા હતો.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

સુરેશ લંગડો ટોળામાં આગેવાની કરી આ બકરા લઈ જતો હતો. હું પોતે જોતો હતો પરંતુ મારી હિંમત તેને રોકવાની ચાલતી ન હતી.

સાહેદ નં.૨૩૯ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી ટોળાની આગેવાની કરતો હતો અને તેવો સાહેદના ૪૫ બકરા ટોળા સાથે મલી લઈ જવાનું કૃત્ય કરી આ બનાવ અંગે આરોપી સામે સીધો પુરાવો મળી આવે છે.

## (૫૧) મો.સલીમ એહમદભાઈ શેખ, સાહેદ નં. ૨૪૨, આંક-૧૬૯૦

- તા. ૨૫.૯.૦૮ ના સીટના નિવેદનમાં ટોળામાં જોયેલા છે. હથીયાર સાથે જોયેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

ત્યારપછી સાંજે ચારેક વાગ્યે હું મારા ઘર તરફ જવા લાગેલો. હું મારા સમગ્ર પરિવારને લઈને પાછો કુંભાજીની ચાલીમાં જતો હતો. આ વખતે જવાનનગરના ખાડામાં પણ ટોળુ ઉભેલું હતું.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

આ ટોળામાં ઘણાં માણસો હતા. આ ટોળામાં સુરેશ લંગડો, હરેશ છારા તથા ગુડુ છારાનાઓ હતા. આ ત્રણેયના હાથમાં સળીયા, તલવારો જેવા હથિયારો હતા. જોકે કોના હાથમાં કયું હથીયાર હતુ તે મને ચોક્કસ ખ્યાલ નથી.

સાહેદ નં.૨૪૨ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી ટોળામાં હથીયાર સાથે હતા અને સાંજના ચારેક વાગ્યાના સુમારે જવાનનગરના ટોળામાં હથીયાર સાથે હાજર હતા આમ આ આરોપી ગેરકાયદેસર મંડલીમાં હથીયાર સાથે હાજર હતાનો પુરાવો મળી આવે છે.

## (૫૨) સબ્બીરઅલી નિવાસઅલી અન્સારી, સાહેદ નં. ૨૪૩, આંક-૧૬૯૪

- તા. ૪.૬.૦૮ ના સીટના નિવેદનમાં ટોળામાં હથિયાર સાથે જોયેલા છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૮

શ્રી મૈસોરવાલા પાછા આવીને પછી નટરાજ હોટલ તરફ ગયેલા. નટરાજ હોટલ પાસે ધીમે ધીમે ટોળું ભેગા થવા લાગેલું. આ ટોળું હિન્દુ માણસોનું હતુ. આ ટોળાના માણસો ધીમે ધીમે અમારી નુરાની મસ્જીદ તરફ આગળ વધવા લાગેલા. આ ટોળાના માણસો શ્રી રામ ના નારા બોલાવતા હતા. આ ટોળાના માણસોએ દુકાનોમાં લુંટપાટ તથા તોડફોડ કરેલી. આ ટોળાના માણસોના હાથમાં લાકડી, તલવાર, ધારિયા વગેરે હથીયારો હતા.

- પેજ નં.૪ પેરા નં.૯

આ ટોળામાં મેં સુરેશ લંગડા, જયભવાની તથા ગુડ્ડુ છારાનાઓને જોયેલા. આ ઉપરાંત કૃષ્ણનગરથી બીજું ટોળુ આવેલુ. આ ટોળામાં મેં બિપીન પંચાલને જોયેલા. આ વખતે બિપીનભાઈ પાસે રિવોલ્વોર જેવુ હતું. ટોળા સાથે પોલીસ પણ હતી. આ કૃષ્ણનગરવાળું ટોળું પણ નુરાની મસ્જીદ તરફ આવેલું. ટોળાના માણસોએ પથ્થરમારો કરેલો. તેઓએ મુસ્લીમો પર પથ્થરમારો કરેલો

સાહેદ નં.૨૪૩ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપીએ નુરાની મસ્જીદ પાસે લુંટફાટ, તોડફોડ કરેલી અને હથિયાર ધારણ કરેલ ટોળામાં સામેલ હતા અને આરોપીએ નુરાની મસ્જીદ પાસે હુમલો કરેલો તેવુ સાબીત થાય છે.

## (૫૩) અફરોઝબાનું મો.રઝાક અન્સારી , સાહેદ નં. ૨૪૭, આંક-૧૭૧૭

- તા. ૧૨.૫.૦૮૨ ના પોલીસ નિવેદનમાં સાહેદના છોકરાને મારી નાંખવામાં આરોપીએ ભાગ ભજવેલ છે. તે રીતે નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૫ પેરા નં.૧૦

અમે ગોપીનાથ ગંગોત્રી સોસાયટી પહોંચ્યા ત્યાં ટોળાવાળાઓએ અમને ઘેરી લીધેલા. અમે તમામની વચ્ચે હતા. આ સમય સાંજનો પાંચ થ વાગ્યાનો હશે. આ સમયે અમે ઘેરાઈ ગયેલા તે ટોળાના માણસોમાં બે જણાંને હું ઓળખું છું. જેમાંનો એક ભવાની હતો જે હાલમાં મરણ ગયેલ છે. ટોળાનો બીજો માણસ સુરેશ લંગડો હતો. જો કે, ઘણાં વરસો થઈ ગયા છે. મને એ પણ ખબર નથી કે, અત્યારે હું તેને ઓળખી શકું કે કેમ.

- પેજ નં.૫ પેરા નં.૧૧

ટોળાના માણસોએ મારા દીકરા પર પહેલાં પથ્થરમારો કરેલો જે તેને જમણીબાજુના કાનની નીચે વાગેલો. પછી તેના પગમાં પાઈપ મારી તેને પાડી દીધેલો પછી તેને જીવતો

સળગાવી દીધેલો. મારો દિકરો સ્થળ પર જ મરી ગયેલો. મારા દીકરા સાથેનો આ બનાવ મેં જોયેલો.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

મેં આ વખતે મારા દીકરા મહંમદયુનસના સાળા અજીજના બે બાળકો સલીમ તથા વસીમને જીવતા આગમાં ફેંકેલા તે જોયેલું. તે બંને બાળકોનું પણ મૃત્યુ થયેલું.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૩</u>

મેં આવુ પણ જોયેલું કે, મારા દીકરા મહંમદયુનુસના સાળા નઈમુદ્દીનની પત્નીને ટોળાના ચાર માણસો પકડીને નજીકની ગલીમાં ખેંચીને લઈ ગયેલા. તેણીનું નામ જરીના બાનું છે.

સાહેદ નં.૨૪૭ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી પાંણીની ટાંકી પાસે હાજર હતા અને સાહેદે સાથેના બીજા મુસ્લિમોને ઘેરી લીધેલા અને સાહેદના દીકરાને માથામાં અને પગમાં પાઈપ મારી જીવતો સળગાવી દીધેલો અને આ વખતે સાહેદના દિકરાના સાળા અરજીતના બે બાળકો સલીમ તથા વસીમ ને દીકરાને જીવતા સળગાવેલા અને આમ આ આરોપી સામે ત્રણ ખુન કરવાનો સીધો પુરાવો મળી આવે છે તેમજ ઝરીના ને ખેંચીને ગલીમાં લઈ જતા આરોપીને સાહેદે નજરો નજર જોયેલ છે તેવુ ફલીત થાય છે. આમ આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે.

### (૫૪) મોહંમદ રીયાસ ફસીયુદ્દીન શેખ, સાહેદ નં. ૨૫૭, આંક-૧૭૫૪

- તા. ૨૩.૫.૦૮ મુસ્લિમોને હથીયાર સાથે માર મારી પેટ્રોલ કેરોસીન થી સળગાવતા ટોળામાં આરોપીને સાહેદે નજરોનજર જોયેસ છે. આરોપી પાસે ગુપ્તી હતી.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૨ પેરા નં,૫</u>

ત્યાં મે જઈને જોયેલું કે, ટોળાના માણસો ભેગા થયેલા. ટોળા કૃશણનગર, મહાજનીયાવાસ તથા પાટીયા બાજુથી આવતા હતા. ટોળાના માણસો જયશ્રી રામ ના નારા લગાવતા હતા તથા પથ્થરમારો કરતા હતા. તેઓ મસ્જીદ પર પથ્થરમારો કરતા હતા અને મસ્જીદમાં તોડફોડ કરતા હતા. મેં જોયેલા ટોળાઓ મસ્જીદની સામે આવી ગયેલા. ત્યાં આવીને તેઓ પથ્થરમારો તથા તોડફોડ કરતા હતા.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

ટોળાના માણસોના હાથમાં ધારિયા, તલવાર વગેરે હથીયારો હતા. ટોળાના માણસોએ મસ્જીદના ઈમામસાહેબને પણ મારેલા. આ તમામ જોઈને હું ગભરાઈ ગયેલો. હું

ગભરાઈ ગયેલો હોવાથી મારા ઘરે પાછો જતો રહેલો. હું મારા પરીવારજનો સાથે બનાવના દિવસે બપોરે એક વાગ્યે સુધી મારા ઘરે હતો.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

ટોળા પછી અમારી ચાલીઓમાં જવાનનગરના ખાડામાં દિવાલ હતી તે તોડીને અંદર આવવા લાગેલા. તેથી હું તથા મારા પરીવારજનો ગભરાટના કારણે અમારૂ ઘર છોડીને એસ.આર.પી. દિવાલ તરફ ગયેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

જે ટોળુ જવાનનગરની દિવાલ તોડીને અમારી ચાલીઓમાં ઘુસેલું તે ટોળામાં મે ગુડુ છારાને જોયેલો. તેના કપાળે પટ્ટી બાંધેલી હતી તથા હાથમાં તલવાર હતી. મેં આ ટોળામાં સુરેશ લંગડાને હાથમાં ગુપ્તી સાથે જોયેલો. ગુડુ છારાએ એક સ્ત્રીને મારેલું તે મેં જોયેલું. ગુડુ છારાએ આ સ્ત્રીને પહેલા તલવાર મારેલી પછી તેણી પર કેરોસીન છાંટી તેણીને સળગાવી દીધેલી. સુરેશ લંગડો ટોળામાં સ્ત્રીઓને ગુપ્તી મારતો હતો.

મે આ ટોળામાં ભવાનીસીંગને પણ જોયેલો. ભવાનીસીંગ છારા તે ટોળાના માણસોને ઈશારાથી બોલાવતો હતો તે તમામ ટોળાના માણસો ચાલીઓમાં આ ઈશારાથી આવીને લુંટફાટ કરતા હતા.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

અમે એસ.આર.પી.કવાર્ટસની અંદર જવા પ્રયત્ન કરેલો. પરંતુ અમોને ત્યાં ઉભેલા એસ.આર.પી. કવાર્ટસની અંદર જવા દીધેલા નહીં તેથી અમે એસ.આર.પી. કવાર્ટસની દિવાલ પાસે બહાર ઉભા રહેલા. અમે સાંજના પાંચ વાગ્યા સુધી ત્યાં રોકાયેલા. ટોળા વધતાં જતા અમે પછી ગંગોત્રી સોસાયટીના એક ધાબા પર જઈને બેસી ગયેલા. આ સમયે મારાથી નાનો ભાઈ મહંમદઅફજલ મારાથી છુટો પડી ગયેલો. હું તેને શોધવા માટે મારા પરીવારજનોને ધાબે મુકીને જવાનનગર તરફ ગયેલો.

જવાનનગરમાં તે વખતે ટોળાના માણસો મુસ્લીમ કોમના માણસો જે હાથમાં આવે તેને મારતા હતા. આ ટોળાના ચાર છોકરાઓએ એક સ્ત્રીને નગ્ન કરી તેણી પર બળાત્કાર કરેલો. તે સમયે સાંજના આશરે સાડા છ સાત વાગ્યા હશે. આ ચાર છોકરાઓના નામની મને ખબર નથી.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

હું પછી એક બીજા ગંગોત્રી સોસાયટીના ધાબે જતો રહેલો. મેં ધાબા પરથી જોયેલું કે, અન્ય એક સ્ત્રીને પણ માર મારી તેના હાથ પગ ટોળાના માણસોએ તોડી નાંખેલા. મેં ધાબા પરથી જોયેલું કે, મારા માસીનો દીકરો જાકીરહુસેનનો છોકરો જેની ઉંમર પાંચ વરસની હતી

તેને પણ આ ટોળાના માણસોએ જીવતો આગમાં નાંખી દીધેલો. પછી ટોળું જતું રહેલું. આ તમામ મેં ધાબા પરથી સંતાઈને જોયેલું

સાહેદ નં.૨૫૭ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નુરાની મસ્જીદ ઉપર તોડ ફોડ પથ્થર મારો કરતા ટોળામાં સામેલ હતો અને જવાનગરના ખાડામાં દિવાલ તોડી ચાલીઓમાં ઘુસેલો આ વખતે આરોપીના હાથમાં ગુપ્તી હતી અને તેણે ટોળામાં સ્ત્રીઓને ગુપ્તી મારતો હતો આમ આરોપીને ગુપ્તીવડે મારતા સાહેદે નજરો નજર જોયેલા છે અને આ આરોપીએ એક સ્ત્રીને નગ્ન કરી તેની ઉપર બળાત્કાર કરવાનો પુરાવો આ સાહેદની જુબાની ઉપરથી મળી આવે છે અને સાહેદની માસીના દિકરા જાકીર હુસેનને જે પાંચ વર્ષનો હતો તેને જીવતો આગમાં નાંખી મારી નાંખવાનો સીધો પુરાવો આરોપી સામે મળી આવે છે.

(૫૫) રસુલબી અઝમુદ્દીન શેખ, સાહેદ નં. ૨૬૦, આંક-૧૭૬૨

(ઈન્જર્ડ વીટનેસ : માથામાં પથ્થરવાગેલ)

- તા. ૨૧.૫.૦૮ ના સીટના જવાબમાં નામ છે. (ટોળામાં હાજર)

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૩ પેરા નં.૫</u>

આ ટોળાએ કરેલ પથ્થરમારામાં મને માથામાં પથ્થર વાગેલો. મારી દીકરી મહેમુદાનો દીકરો તોફીકને પણ આ બનાવમાં પગમાં પથ્થર વાગેલો. આ રીતે અમોને બનાવમાં પથ્થરમારાની ઈજા થતાં અમે યાને કે હું અને મારા બાળકો મારા ઘરની બે ચાલીઓ છોડીને આવેલ બેકરીવાળાના મકાનમાં જઈને સંતાઈ ગયેલા. અમે અમારો જીવ બચાવવા માં મુસ્લીમો પણ હતા. અમે બેકરીવાળાના મકાનમાં ઉપર બેઠા હતા. આ મકાન નીચેથી બંધ કરી દીધેલું.

<u>- પેજ નં.૪ પેરા નં.૬</u>

આ બેકરીવાળાના મકાનમાં ઉપરથી મેં જોયેલું કે, ટોળુ આવતુ હતુ. ટોળું અમારી ચાલીઓમાં ઘુસી ગયેલું. આ ટોળામાં બિપીનભાઈ હતા. તેઓ આગેવાની કરતા હતા. બીજા એક સુરેશભાઈ હતા. આ ટોળામાં ગુડ્ડુ છારો અને ભવાની પણ હતા તેઓ મરણ ગયેલ છે. ટોળાના માણસો બધુ સળગાવતા હતા, તેઓ ટાયર પણ સળગાવીને અમારા છાપરાઓ ઉપર ફેંકતા હતા. માર ઘર પણ ટોળાના માણસોએ સળગાવેલું. હું છુપતા છુપાવતા મારા ઘરની આગ બુઝાવવા ગયેલી પણ મારા ઘરની આગ બુજેલી નહી પરંતુ મારા ઘરનું બધુ સળગી ગયેલું.

<u>- પેજ નં.૪ પેરા નં.૭</u>

મારૂ ઘર બિપીનભાઈ હતા તે ટોળાએ સળગાવેલું. હું મારૂ ઘર બચાવવા આવી હતી અને પરત આ બેકરીવાળાના ધાબે જઈને જાન બચાવવા બેસી ગયેલી.

સાહેદ નં.૨૬૦ ની જુબાની ઉપરથી ફલીત થાય છે આ આરોપી બનાવના દિવસે ટોળામાં આગેવાની કરતો હતો અને બધુ સળગાવતા હતા ટાયર સળગાવી મુસ્લિમોના ઘરો ઉપર ફેંકતા હતા તેવું સાબીત થાય છે.

## (૫૬) મરીયમબીબી હસનભાઈ સૈયદ, સાહેદ નં. ૨૬૧, આંક-૧૭૬૬

- તા. ૧૨.૫.૦૨ ના સીટના પોલીસ જવાબમાં નામ છે. (સાહેદના છોકરાને ટોળાએ સળગાવેલ તે ટોળામાં હાજર તે રીતે નામ આપેલ છે)

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

બનાવના દિવસે સવારે મારા પરીવારજનો ઘરે હતા ત્યારે હું સવારે ચા નાસ્તો બનાવતી હતી. તે દિવસે સવારે આશરે આઠ વાગ્યે હીરાલાલની દુકાને દુધ લેવા જતી હતી ત્યારે હું એસ.ટી. ના નાકે પહોંચેલી. ત્યારે મેં જોયેલું કે, કૃષ્ણનગર બાજુથી તથા નટરાજ હોટલ તરફથી હિન્દુઓના ટોળા આવેલા જે પથ્થરમારો કરવા લાગેલા. હું એસ.ટી.વર્કશોપ પાસે ઉભેલી ત્યાં ટોળાએ પથ્થરમારો કરેલો તથા ટોળાએ નુરાની મસ્જીદ પાસે પણ પથ્થરમારો કરેલો. ટોળા હિન્દુઓના હતા.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

હું મારા બધા બાળકોને લઈને ગયેલી. પરંતુ મારો અપંગ દિકરો મૈયુદ્દીન કે જે મદ્રેસાના ધાબે હતો તેણે સાથે આવવાની ના પાડેલી તે રમખાણમાં બનતા બનાવો જોતો હતો.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

મારો દિકરો મૈયુદ્દીન સાથે ન આવતા હું પછી મારા બીજા પરીવારજનોને લઈને અબ્દુલભાઈ ઘડીયાલીના ઘરે ગયેલી. ત્યાં મારા પરીવારજનોને મુકી હું પાછી મૈયુદ્દીનને લેવા મદ્રેસા આવેલી ત્યાં સુધીમાં હિન્દુઓનું ટોલું આવી જતાં મને મૈયુદ્દીન જણાવેલુ કે, અમ્મા તું મદ્રેસામા છુપાઈ જા, હિન્દુઓનું ટોળું આવ્યું છે. મને આવુકહી મૈયુદ્દીન મારા ઘરમાં જતો રહેલો. હું પછી મદ્રેસાની સીડી પર બેસી ગયેલી. ત્યાં અન્ય પણ બે ત્રણ છોકરાઓ હતા.

<u>- પેજ નં.૫ પેરા નં,૧૦</u>

આ સમયે હિન્દુઓનું ટોળું અમારી ચાલીના મકાનોમાં તોડફોડ તેમજ લુંટફાટ કરતું હતુ. આ હિન્દુઓનું ટોળુ મારા ઘરનો દરવાજો તોડી મારા છોકરાને બહાર લઈ આવેલું. મારા

ઘરનો દરવાજો તોડીને તે લોકોએ મારા અપંગ દિકરા મૈયુદ્દીનને મારા ઘરની બહાર કાઢ્યો તેઓ મુરલી સીંધી, સુરેશ લંગડો, સુરેશ મામા તથા ગુડ્ડુ છારાનાઓ હતા. જે મેં જોયેલું. તે લોકોએ મારા દીકરાને શ્રી રામ બોલવાનું કહેલું ત્યારે મારા દીકરા મૈયુદ્દીને શ્રી રામ નહી બોલુ તેમ કહેતા તેઓએ તલવાર, લાકડી, પાઈપ વગેરેથી તેને મારીને તેના પર પેટ્રોલ કે ઘાસલેટ નાંખી તેને જીવતો સળગાવી દીધેલો. જે મેં જોયેલુ. મેં આ તમામ હું મદ્રેસામાં હતી તે મદ્રેસાની બારીમાંથી જોયેલું.

સાહેદ નં.૨૬૧ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે સાહેદના અપંગ દિકરા મૈયુદ્દીનને આ આરોપીએ સાહેદના ઘરનું દરવાજો તોડી તેને બહાર કાઢી મૈયુદ્દીને તલવાર તથા લાકડીઓથી મારી જીવતો સળગાવી દીધેલ છે. આરોપીને આ કૃત્ય કરતા સાહેદે તેના ઘરના મદ્રસાની બારીમાંથી નજરો નજર જોયેલ છે. આમ આરોપી સામે મૈયુદ્દીનનું ખુન કરવા અંગેનો સીધો પુરાવો મળી આવે છે.

(૫૭) <u>કમરૂન્નીશા મુરાદઅલી શેખ</u> <u>સાહેદ નં.૫૬ આંક-૪૪૮.</u>

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>પેજ નં.૨ પેરા નં.૩</u>

...........તે દિવસે લોકોએ કહેલું કે બહાર દંગો થાય છે તેથી હું જોવા નીકળેલી ત્યારે મેં જોયેલું કે લોકો આગ લગાડતા હતા તથા મસ્જીદને પથ્થર મારો કરતા હતા જે નુરાની મસ્જીદ ઉપર કરતા હતા.

<u>-પેજ નં.૩ પેરા નં.૪</u>

ત્યારપછી સવારે બારેક વાગે સુધી હું ઘરે જ હતી, ટોળાના લોકો સળગાવતા હતા તે મેં જોયેલુ તેઓ બહારના લોકો હતા હું તેમને ઓળખતી નથી. બારેક વાગે હું ઘરેથી નીકળી આગળ ગંગોત્રી સોસાયટીમાં જતી રહેતી. હું મારા બાળકોને લઈને ઘર છોડીને નીકળી ગયેલી. હું ગંગોત્રી સોસાયટી ગયેલી તે મારા બાળકોને સાથે લઈને ગયેલી.

<u>-પેજ નં.૩ પેરા નં.૫</u>

મેદાનના ટોળાના તમામ લોકો બહારના હતા. મારા ઘર પાસે જે ટોળું હતુ તે અમારી ઘરના આજુબાજુના લોકો જ હતા તેઓ છારા લોકો હતા. અમારી ઘર પાસેના ટોળાના માણસો મારી બકરીઓ લઈ ગયેલા તેઓ સળગાવતા હતા અને લુંટીને લઈ જતા હતા. મારી નવ બકરીઓ લઈ ગયેલા. ઘણાં બધા લોકો આ રીતે મારી બકરીઓ લઈ ગયેલા જેમાંના

એકને હું ઓળખું છું તે સુરેશ છારા હતો. બીજા બધા છારાઓએ લુંટફાટ કરેલી અને પછી અમે ગંગોત્રી સોસાયટીમાં જતા રહેલા.

-પેજ નં.૪ પેરા નં.૬

ગંગોત્રી સોસાયટીના એક ધાબા પર અમે છુપાઈ ગયેલા. જ્યાં મારા પરીવારના ઘણા બધા લોકો સાથે હતા જેમાં મારા બાળકો, મારી બહેન, તેના બાળકો વગેરે ઘણા બધા હતા. આ બનાવમાં મને છાતીમાં પત્થરમારાથી ઈજા થયેલી અને મારી દીકરીને કપાળના ડાબા ભાગે પથ્થરમારાથી ઈજા થયેલી તે જ રાત્રે દોઢેક વાગે ગંગોત્રી સોસાયટીમાં પોલીસની ગાડી આવેલી તે અમને શાહઆલમ દરગાહમાં લઈ ગયેલી. ત્યાં રાહત કેમ્પ હતો.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની ઉપરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આરોપી ગેરકાયદેસર મંડળીના સભ્ય બનેલા અને તેમણે લુંટફાટ કરી આગ લગાડેલ છે અને સાહેદની નવ બકરીઓ લઈ ગયેલ છે. અને આ સાહેદે આરોપીને તેની બકરીઓ લઈ જતા બનાવના દિવસે જોયેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીને ઓળખી કાઢેલ છે.

આ સાહેદને બનાવના દિવસે છાતીમાં પથ્થરમારાથી ઈજા થયેલ છે અને તેમની દિકરીને કપાળના ભાગે પત્થર મારાથી ઈજા થયેલી છે. આમ આ સાહેદ ઈન્જર્ડ વિટનેસ છે જેમણે બનાવ નજરે નજર જોયેલ છે અને આરોપીને ગુનાહીત કૃત્ય કરતા બનાવના દિવસે જોયેલ છે. અને ના.કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ હોઈ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૫૮) રફીકનબાનું રહેમાનભાઈ સૈયદ  સાહેદ નં.૧૩૭, આંક-૯૧૫.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂ ઓળખી  બતાવેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરુધ્ધ નીચે જણાવ્યા મુજબનો પુરાવો આપેલ છે. આ સાહેદને આ બનાવમાં ઈજા થયેલ છે આમ આ સાહેદ ઈજાગ્રસ્ત સાહેદ છે.

પેજ નં.૩ પેરા નં.૫

ત્યારપછી અમને ભવાની, ગુડ્ડુ, સુરેશ તથા ટીનીયાએ તથા શહેજાદે તીસરા કુવા તરફ મોકલી આપેલા.

-પેજ નં.૩ પેરા નં.૬

તીસરાકુવા પાસે મોટુ ટોળુ હતુ તે ટોળામાં કોઈને પાસે ગુપ્તી, કોઈની પાસે તલવાર, કોઈની પાસે કેરોસીનના કેરબા હતા. તેઓ અમને ગોધરાકાંડના સમાચારવાળા છાપા બતાવી

બતાવીને મારતા હતા. ત્યાંથી પણ અમને કાઢી મુકાતા અમને ડરના માર્યા ગોપીનાથ સોસાયટીમાં આવેલા.

<u>પેજ નં.૪ પેરા નં.૭</u>

ત્યાં ભવાનીએ ઈશારો કરતા તથા સુરેશ ગુડુ, સહેજાદ તથા ટીનીયાએ તથા ટોળાના માણસોએ અમોને મારેલા. ગુડુ છારાએ મને થાપાના ભાગે ગુપ્તી મારેલી. અમે ભવાની પાસે પીવાનું પાણી માંગેલુ ભવાનીએ ત્યારે ગ્લાસમાં મારી દીકરાને પેટ્રોલ આપી દીધેલુ. મારા દીકરાના ગળામાં પેટ્રોલની અસર થતા મેં આંગળી નાંખી મારા દીકરાને પેટ્રોલની ઉલ્ટી કરાવેલી.

<u>પેજ નં.૫ પેરા નં.૧૦</u>

રૂકશાના તથા જરીનાને તે દીવસે ગુડુ, સુરેશ, ભવાની તથા ટીનીયાએ સળગાવેલા અને મારી નાંખેલા.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આ સાહેદ બનાવના દિવસે તીસરાકુવા તરફ જીવ બચાવવા ભાગતા હતા ત્યારે સામેથી ટોળું આવતા ગંગોત્રી તરફ ભાગેલ. અને તે સમયે આરોપીઓએ અમોને માર મારેલ. અને આ સાહેદના દિકરા સમશાદને જીવતો આગમાં નાંખી સાહેદની નજરો સમક્ષ બાળી નાંખેલ. આ બનાવમાં સાહેદનો દિકરો સમશાદ, દિકરી રૂકશાના તથા જરીના આ બનાવમાં મરી ગયેલ છે. અને દિકરી અફસાનાને સળગાવેલ તેથી તે પણ ખૂબજ દાઝી ગયેલ અને તેથી તે ઈજાગ્રસ્ત થયેલ. આમ આ સાહેદની દિકરી રૂકશાના તથા ઝરીનાને સળગાવીને મારી નાંખવામાં આ આરોપીએ સીધો ભાગ ભજવેલ છે. આ સાહેદે પોતાની બે પુત્રી તથા એક પુત્રને જીવતા સળગતા જોયેલ છે તથા દિકરી અફસાનાને ઈજાગ્રસ્ત હાલતમાં બુમો પાડતા જોયેલ છે. આમ આ સાહેદના ઉપર જણાવેલ કુટુંબીજનો આ હીંચકારા બનાવવામાં મરણ પામેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આ આરોપી નં.૨૨ નાને ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદ નજરે જોનાર સાહેદ છે તની નજરો સમક્ષ તેના ત્રણ બાળકો એ આખરી શ્વાસ લીધેલ છે. સાહેદ પોતે ઈજાગ્રસ્ત છે. આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટ પણે જણાઈ આવે છે કે આ કામ ના આરોપીએ તેના ત્રણ સંતાનો ને નજર સમક્ષ સળગાવી નાખેલ છે. આમ આ સાહેદની જુબાની ઉપરથી સદર આરોપી સામે સાહેદ ના ત્રણ સંતાનોનું ખૂન કરવા અંગેનો સીધો પુરાવો મળી આવેલ છે.આમ આ સાહેદને નહીં માનવાનું કોઈ કારણ નથી.

(૫૯) <u>આશિષ સુરેશચંદ્ર ખેતાન સાહેદ નં.૩૨૨ આંક-૨૨૬૫.</u>

શીટના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે.

ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદે સ્ટીંગ ઓપરેશન દરમ્યાન આ આરોપી સુરેશ રીચાર્ડ સાથે વાતચીત કરી છે અને તે તમામ વાતચીત સીડીમાં રેકોર્ડ કરી છે. તે સીડી ના.દાર કોર્ટના રજુ આંક.......થી છે.

આ સાહેદે ના.દાર કોર્ટમાં જુબાની આપી જુબાની દરમ્યાન આંક-૨૨૬૬ ના લીસ્ટથી સીડીની ટ્રાન્સક્રીપ્ટ પી.આર.૧ થી પી.આર. ૨ સુધીની

ત્યારબાદ આરોપી નં. ૨૨ સુરેશ રીચાર્ડને મળેલા અને તેમની સાથેની વાતચીત રેકર્ડ કરેલી નામદાર કોર્ટમાં બે ટ્રાન્સ્ક્રીપ્ટ પી.આર.૧ અને પી.આર.૨. થી આંક ૨૨૬૬ ના લીસ્ટથી નામદાર કોર્ટમાં જણાવેલ છે તે મુજબ આરોપી પ્રકાશ રાઠોડ સાથે એવી વાતચીત થયેલી કે

આ જ દિવસે પ્રકાશ રાઠોડ મને સુરેશ રિચાર્ડના ઘરે લઈ ગયેલો અને હું સુરેશ રિચાર્ડના ઘેર પણ પ્રકાશ રાઠોડ સાથે ગયેલો અને સુરેશ ઉર્ફે રિચાર્ડને તે દિવસે પ્રકાશ રાઠોડ સાથે મળેલો. મારે તે દિવસે સુરેશ રીચાર્ડ સાથે પણ વાતચીત થયેલી છે.

<u>પેજ નં.૪૦ પેરા નં.૪૯</u>

તા.૧૧.૮.૨૦૦૭ ના રોજ હું સુરેશ રિચાર્ડને મળેલો. મારે આ સુરેશ સાથે થયેલી વાતચીત એવી હતી કે,

તહેલકાઃ- જીસ દિન નરોડા પાટીયા કાંડ હુવા ઉસ દિન કિસને મદદ કરી. . . . . વિશ્વ હિન્દુ પરીષદને કોઈ મદદ નહીં કરી?

સુરેશઃ- નહીં. . . . . ઉસ ટાઈમ તો હમકો કોઈ મદદ નહીં. . . .. . હમકો બાબુભાઈને મદદ કીયા થા .. . . ઔર હમ દેખો યે લડકા મેરા ભાનજા હી હૈ

તહેલકાઃ- તલવાર તલવાર કુછ નહીં દીયા ઉન્હોને?

સુરેશઃ- કુછ નહીં. . . . . તલવાર કયાં હમારે ઘર કી લકડીયા જમા કરવા લી. . . . . પાઈપ હમારે ધરસે. . . લે ગયે થે. . ..ઔર હમને તો ઐસા ભી નહીં. . .. હમને તો ભાગ ભી ભજવા થા. . . .

તહેલકાઃ- જી.

સુરેશઃ- હમને તો વહાં કીયા ભી થા. . . . ધમાલ ભી કી થી... . બહોત કુછ કીયા થા. . . . મેરે કો તો હમગમ નહીં હૈ દેખો . . . . જીસ તરહ બાબુભાઈકો ખતરા હૈ ઉસ તરહ હમકો ભી ખતરા મોમેડીયન સે. . . . .

સુરેશઃ- મેરી બાત સુનો. .. . જબ યે કાંડ હુવાના. . . .

સાજનઃ- હમ લોગ નહીં હોતે તો કોઈ અંદર ઘુસ નહીં પાતા. . . .

સુરેશઃ- તો યે હમલોગ નહીં ઉછલ તે તો જો આર.એસ.વાલા આયે થે વિ.એચ.પી.વાલે શિવસેના. . . . . તો ઉનકો પતાવી દે તે. .. .

સાજનઃ- અંદર નહીં ઘુસ શકતે. .. . ઘુસ નહીં શકતે. . . .

સુરેશઃ- કયાં હારે છારે જો ભીડે. . . .. .

સાજનઃ- મિંયે ડરતે હે તો ખાલી હમારી કાસ્ટ સે ડરતે હે

સુરેશઃ- હમારી એક લેડીઝ ગઈ મોમેડીયન

તહેલકાઃ- હિન્દુ

સુરેશઃ- હિન્દુ- ભૈયેને ઉસકી છાતી કાટ ડાલીથી. .. . ઔર બિલકુલ ઓપન આઈથી તો હમને ઉસકે ઉપર કંતાન ડાલે થે. . . .

તહેલરાઃ- કંતાન?

સુરેશઃ- યહ બોરી. . . . ફિર હમ લોગ . . . . અંદર ધુસે. .. હમારે છારે. . . . ઉસકો દેખ નહીં પાયે. . . ફિર બહુત હિન્દુ અંદર ફસ ગયે થે ઔર હમને મદદ કીયા ઔર હમકો હી જેલ કટા રહે હે . . . . . અભી વો કેસ મેં બોલે તુમ કો જિંદગી ભર જેલ

સાજનઃ- ખાલી હમારી કાસ્ટ જયાદા હે. . . . હમારે ૨૩ લોગ હે પાટીયા કાંડ કે અંદર ઔર દુસરે કોઈ બહાર સે જયાદા નહીં હે. . . . .

<u>પેજ નં.૪૨ પેરા નં.૫૦</u>

સુરેશ રિચાર્ડ સાથેની મારી આ વાતચીત દરમ્યાન એક બીજી વ્યક્તિ પણ ત્યાં બેઠેલી હતી. જે વ્યક્તિને સાજન તરીકે તેમણે ઓળખાવેલી.

ત્યારબાદ આ સાહેદે આરોપી નં.૨૨ સુરેશ રીચાર્ડ સાથે વાતચીત કરેલી તેની ત્રણ ટ્રાન્સ્કીપ્ટ એસ.આર.૧ થી એસ.આર.૩ સુધીની આંક ૨૨૬૬ ના લીસ્ટથી રજુ કરેલ છે અને તે ટ્રાન્સ્કીપ્ટના મહત્વના અંશો નામદાર કોર્ટમાં જણાવેલ છે. તે મુજબ એવી વાતચીત થયેલી કે .....

<u>પેજનં.૪૩ પેરા નં.૫૧</u>

મારે તા.૧૧.૮.૨૦૦૭ ના રોજ સુરેશ રાઠોડ સાથે જે વાતચીત થઈ તેમાં વધુમાં એવી પણ વાતચીત થયેલી કે,

તહેલકાઃ- માયાબેન કોડનાની તો કહે રહી હે મેં તો ગાંધીનગર મેં થી. . . . .

પ્રકાશઃ- કયુ ભાષણ નહીં રોડીથી માયાબેન. . . . .

સુરેશઃ- થી ના. ..

તહેલકાઃ- પાટીયાકાંડ વાલે દીન થી?

સુરેશઃ-હા. . . . મેરી બાત સુનો યહાં પે જબ કાંડ હોને કે બાદ અપના ભાઈભી આયા થા.. . . . નરેન્દ્ર મોદી ભી. . .. . ફિર બોલે કી બડા ભાઈ બોલે જયશ્રી રામ જયશ્રી રામ . . . વો ખુદ બોલ કે ગયા યહાં રોડ સે ગાડી લે કે નિકલા. . . .

તહેલકાઃ- નરન્દ્રભાઈ. .. . . .

સુરેશઃ- ફિર ચાલી દેખા. . . . હમ કો યહાં પે ફુલહાર ડાલ કે ગયા. . . . બોલે શાબાશ. .. . . ધન્ય બોલે તુમ કો બોલે. . . . અબ હમ કો કયા પતા યહ ફુલહાર હમારી હથકડીયા બન ગઈ હૈ .. . . .યહ નરેન્દ્રભાઈ. . . .. . યે માયાબેન કોડનાની આખા દિન યહાં થી

તહેલકાઃ- જિસ દીન પાટીયા કાંડ હુવા થા . . . .

સુરેશઃ- આખા દિન સુબહ સે લે કે રાત કે આઠ બજે તક થી . . . .

પ્રકાશઃ- ચલી ગઈ થી ના. . . . .

સુરેશઃ- નહી વો તો ગાડી લે કે ફિરા કરે. . . . . રાઉન્ડ મારતે રહે રહીથી. .. . રાઉન્ડ લે કે આવે બોલે બરાબર કરો .. . . . યહં સે ટોલા લે ગઈ. . . . યે ટોલા એક નંબર આયા થા. .. . સબસે એક નંબર યહ. . . .

સાજનઃ- પાટીયાકાંડ મેં મેરે કાકા ભી નામ હૈ . .. . ગણપત છારા

તહેલકાઃ- ઔર ઉસ દીન કહે દીયા પોલીસવાલો કો કી આજ મત કુછ કરના?

સુરેશ રીચાર્ડ :- હા

સાજનઃ- સબ ખડે થે. . . . . કોઈ બચાવ નહીં.. . . . .

સુરેશઃ- નહીં. . . . . પુલીસવાલે ઉસ ટાઈમ હમારે ફેવરમાં . . . .

તહેલકાઃ- પાટીયાકાંડ વાલે દીન આપકે ફેવર મેં થે. . . . કરાતે વક્ત ?

સુરેશઃ- ઉસી દીન ફેવર મેં થે. . . .. ઉસ ટાઈમ પે સત્તર એંસી જને ઉન લોગોને ભી ફાયરીંગ સે મારે. . . . .

તહેલકાઃ- હા. પોલીસવાલોને?

સુરેશઃ- મોમેડીયને લોગોં કો મારા. .. . ઔર ટાઈમ પે ફિર ઉસકે દુસરે દીન સે હમારે વિરોધ પક્ષ મેં હો ગયે. . . . .

સાજનઃ- યે ભી પાટીયા કાંડ કા આરોપી હૈ. . . . .

સુરેશઃ- વો ભી પાટીયાકાંડ .. . . .

આ સમયે સાજન તથા સુરેશ બંનેનાઓ સામેના ટેનામેન્ટમાંથી બહાર આવતા એક માણસ તરફ અંગુલી નિર્દેશ કરી તે વ્યક્તિની ઓળખ આ રીતે આપતા હતા.

સુરેશઃ- ઈનકી મીસીસ ગુજર ગઈ. .. . કોઈ છુડાવે . . . . ઘર બહાર ગીરવી રખ કે વો છુટે. . . . ફિર ઈસકે છોકરેને ઘર ગીરવી રખ કે ઈસકો છુડાયા. . .

તહેલકાઃ- તો નરેન્દ્રભાઈ ભી ઉસ દીન નીકલે ગાડી લે કે. . . નરેન્દ્રભાઈ મોદી . . . . .

સુરેશઃ- વો તો યું નીકલે થે. . . ફિસ સીધે હિંમતનગર સાઈડ ચલે ગયે થે. . .

તહેલકાઃ- તો બોલે જયશ્રી રામ ?

સુરેશઃ- જય શ્રી રામ. . . . ફુલહાર પહેનાયા. . . .યહાં મેરી બહેનસે હાથવાથ મીલાયા ફિર નીકલ ગયે. . . .

તહેલકાઃ- જીદ દીન કાંડ હો રહા થા?

સુરેશ રિચાર્ડ :- કાંડ હુવા. . . . ઉસી શામ કો સાડે પાંચ બજે આયા થા. .. . ફિર યુ રાઉન્ડ મારા. . . . . એસ.આર.પી.. .. .. . પહેલે ગયે પેટ્રોલ પંપ તક . . . .. બેઠક . .. . બેઠક સે વાપસ યું ગયે એસ.આર.પી.કવાર્ટસ તક . .. . . ફિક ઉસકે પતા આજતક વો નહીં દીખાઈ દીયે.. . . . . .ટી.વી. ઔર પેપર મેં દેખતે હૈ. . . . .

ત્યારબાદ આ સાહેદે આરોપી નં, ૨૧ અને ૨૨ તથા અન્ય એક વ્યક્તિ સાથે થયેલ વાતચીતના મહત્વના અંશો નામદાર કોર્ટ માં જણાવેલ છે. તે મુજબ

<u>પેજ નં.૪૬ પેરા નં.૫૨</u>

તા.૧૨.૮.૦૭ ના રોજ હું શ્રી પ્રકાશ રાઠોડ, સુરેશ રીચાર્ડ તથા અન્ય એક વ્યક્તિને સાથે જ મળેલો. આ અન્ય એક વ્યક્તિનો પરીચય પ્રકાશ રાઠોડે રાજેશ કાંતીલાલ તરીકે મને આપેલો. હું સૌ પ્રથમ પ્રકાશ રાઠોડના ઘેર ગયેલો ત્યાં મારી વાતચીત પ્રકાશ રાઠોડ તથા સદરહું રાજેશ કાંતિલાલ સાથે થયેલી. ત્યારબાદ મને આ પ્રકાશ રાઠોડ, સુરેશ રીચાર્ડના ઘેર લઈ ગયેલો પછી સુરેશ રીચાર્ડના ઘેર હું, સુરેશ રીચાર્ડ તથા પ્રકાશ રાઠોડે વાતચીત કરેલી તે સમયે સુરેશ રીચાર્ડના પત્ની પણ ત્યાં હાજર હતા.

<u>પેજ નં. ૪૭ પેરા નં.૫૩</u>

અમારી વચ્ચે થયેલ વાતચીત એવી હતી કે,

તહેલકાઃ- આપ લોગો કો રાત મેં બતાયા થા જયદીપભાઈ ને કી કલ તૈયારી કરની હૈ?

પ્રકાશ રાઠોડઃ- પ્રકાશ રાઠોડ પોતાનું માથું હલાવે છે.. . .

તહેલકાઃ- નહીં બતાયા થા?

પ્રકાશ રાઠોડઃ- કુછ ભી નહીં બતાયા થા.. . . . યે તો હમ કો પતા ચલા થા ગોધરાકાંડ હુવા હૈ . . . . મોમેડન લોગોને ગાડી જલાદી હૈ. .. . ઉસ મેં રામસેવક મર ગયે હૈ. . . . . હિન્દુ લોગ બહોત મર. . . . હમને યે વિચાર હૈ કી ભાઈ બંધકા એલાન હૈ તો કોઈ દુકાન નહીં ખોલે. . .

તહેલકાઃ- લેકીન ઐસા તુફાન હોગા યે રાત મેં નહીં અંદાજા થા. . . . રાત મેં બતાતે તો કુછ આદમી અપની તૈયાર કર શકતા થા. . . . .

પ્રકાશ રાઠોડઃ- તો અપની તૈયારી મેં રહેવે ના . . . . .

તહેલકાઃ- તો અપને છારે સિર્ફ હાથ પૈર ઔર લાઠી દંડે સે હી લડે. ..

પ્રકાશ રાઠોડઃ- નહીં અમુક અમુક કે પાસ થી ના . . . તલવારે હૈ. . . . ત્રિશુલ હૈ . . . .

તહેલકાઃ- અપને પાસ થે ઉસ સમય

પ્રકાશ રાઠોડઃ- થે યે છારો કે પાસ. . . . યે જો સુરેશ રીચાર્ડ સે આપ મીલે ના ઉસકે પાસ સબ હથીયાર હૈ. . . . . રીવોલ્વર છોડ કે. . . . સબ હૈ. . . . .

તહેલકાઃ- લેકિન ઈતની માત્રામાં મેં થે કી સબ કો દીયે જા શકે. . . .

પ્રકાશ રાઠોડઃ- નહીં. . .અમુક અમુક તો અપની સેફટી ખુદ બનાતા હૈ ના.. . . . એક તો ગુડ્ડા હૈ ગુડ્ડા હૈ. . . . .

તહેલકાઃ- ગુડુ. .. . .

પ્રકાશ રાઠોડઃ- વો અભી અભી અંદર હૈ . . ..

તહેલકાઃ- પાટીયા મે ?

પ્રકાશ રાઠોડઃ- હા, પાટીયા મેં. . . . . ઉસકા જામીન હો ગયા થા. . . .. . દુસરા કયા પેરોલ મે આયા થા ના તો ભાગ ગયા થા. . . . તો અભી ઉસકે લીયે અંદર હૈ. . . . ઉસને ભી બહોત જનોં કો મારા. . . . . ઉસકી ડેરીંગ બહોત થી. . . . . મોમેડન મે. . . .. . . . વો સામને હી રહેતા થા ફિર. . . . .. બાકી ધાક બહોત થી ઉસ લડકો કી. . . . .

તહેલકાઃ- આપને દો ચાર મિંયો કો કાટા કે નહીં?

પ્રકાશ રાઠોડઃ- અપનોને હાથ પાવ બહોત લોગો કે. . . . . હમને યહાં વાલે કો બહોત મારા..

તહેલકાઃ- બસ, સિર્ફ હાથ પૈર તોડે?

પ્રકાશ રાઠોડઃ- હમ વહાં નહી જાતે થે. .. . .

તહેલકાઃ- પાટીયા ?

પ્રકાશ રાઠોડઃ- અંદર નહીં જાતે થે. . . . બાકી સબ છારે અંદપ ગયે થે. . . . હમ લોગ યહાં થે. . . . . જો કોઈ આયાના ઉસકો મારે કે ભગા દીયા રાત કો. . .. .

તહેલકાઃ- તો બિપીન પંચાલ કહાં થા?

પ્રકાશ રાઠોડઃ- પહેલે હમ યહાં થે .. . . . વહાં થે. . . . . ઐસી ધમાલ નહીં હોગી. .. . . . ભીડ બઢતા હૈ ગયા . .. . . . . તબ બિપીન પંચાલ આયા . . . . . ઉસક સાથ આદમી આયે . .. .. ફિર ઉન લોગોને સબ અંદર ઘુસો . . . . . . .. . શ્રી રામ શ્રી રામ બોલે કે ભાઈ હમારે લોગો કો માર ડાલા તો ઈનકો ભી સબક દેના હૈ. . .. . . . . વો લોગ અંદર ચલે ગયે સબ

લોગ . . . . . . .. હમ ફિર ઈધર આ ગયે .. . . . . જલના ચાલુ હુવા ન જબ. . . . . . . યહાં સે કયા ફિર ઈન લોગો ભી નિકાલ તી મિંયા લોગો ને .. . . ..

તહેલકાઃ-મિંયા લોગો ને . . . . . ..

પ્રકાશ રાઠોડઃ- ફિર ઉનકો માર માર કે ભગાયા. . . . . . .. એક દો જને કો અંદર હી ફેંક દીયા . . . . . .

તહેલકાઃ- અપને છારો મેં સુરેશ રીચાર્ડ મજબુતી સે લડા. . . .. . . .

પ્રકાશ રાઠોડઃ- બહુત મજબુતી સે. . ..

તહેલકાઃ- ઔર કૌન લડા મજબુતી સે?

પ્રકાશ રાઠોડઃ- એક સુરેશ રીચાર્ડ, એક ગુડ્ડુ, એક નરેશ છારા. . . .. વો લોગ થકે નહીં મતલબ. . . . . .

તહેલકાઃ- જીગર ચાહિયે ઈસ કામ કે લિયે. . . . . .

પ્રકાશ રાઠોડઃ- ઈન લોગોં કો કયા દુશ્મની નિકાલની થી. . . . . મિંયા તો (ગંદીગાળ) પહેલે સી ગદ્દાર હોતે હૈ . . .. . ઉન કે સાથ ભી કુછ ગદ્દારી કી હોગી મિંયાને . .. . . તો ઉન્હોને કયા (શબ્દો સંભળાતા નથી) . . .. . ઈસને ટસ ટસલ મોમેડનકી છોકરી બિઠાઈ હે રીચાર્ડ ને.. .. . . .

તહેલકાઃ- કલ બોલતો રહા થા. . . . . .

પ્રકાશ રાઠોડઃ- રીચાર્ડ કા કયાં કારનામા હુવા થા. .. . . . પહેલે યે લડકી હી ના ઉસકી બહેન સે પ્યાર કરતા થા . . . . . ઉસકે સાથે સોયા ખાયા પીયા .. . . . ફિર ઉસસે બોલા કી શાદી કરની હૈ . . . . . બોલા હા કલ મેં તેરે સાથે શાદી કરૂંગા. . . . રાત કો ઉસકો લેકે ભાગ ગયા . .. .

તહેલકાઃ- મિંયા લોગોને હલ્લા નહીં મચાયા?

પ્રકાશ રાઠોડઃ- ઈસસે પુરે મિંયા ડરતે હૈ. . . . . .

તહેલકાઃ- ડરતે હૈ?

પ્રકાશ રાઠોડઃ- પુરે મિંયે. . . . . કોઈ કુછ નહીં બોલ શકતા હૈ . . . . અમુક અમુક તો પુલીસવાલો કી (અપશબ્દ) હૈ ઈસસે. . . . જલ્દી જાતા નહીં હૈ ઈસમે પાસ . . .. . અગર યે પાવ સે લાચાર ન હો તો પુરી ચાલી અકેલે ખાલી કરવા દેવે. .. . . . .

<u>પેજ નં.૫૨ પેરા નં.૫૪</u>

મને પછી તે જ દિવસે પ્રકાશ રાઠોડ, સુરેશ રીચાર્ડના ઘરે લઈ ગયેલો. ત્યાં મારે સુરેશ રીચાર્ડ તથા પ્રકાશ રાઠોડ એમ બંને સાથે વાતચીત થયેલી. પરંતુ તે મુખ્યત્વે સુરેશ રીચાર્ડ સાથેની વાતચીત હતી જેમાં એવી વાતચીત થયેલી કે,

સુરેશ રીચાર્ડ :- સબ જલા વલા કે હમ લોગ આયે. . . . ફિર હમકો પુલીસને બુલાયા. . . . . તો ૨૦-૨૫ છોકરે ફોઈથ ઈન્સાનકી દો પાંચ કો ગીરા દે વે ઐસે . . . . બોલે અંદર ચાલી મેં મોમેડન છીપ ગયેલે હે .. . . . અબ હમ લોગ ગયે તો ઘર તો પુરે જલ રહે અબ કુછ સાત આઠ ગટર મેં છુપ ગયેલે. . . . . હમને ઢક્કન બંધ કર દીયા . . . . . અબ અંદર ઘુસે તો હમ કો ભી ખતરા. . . . . ગટર બડી બડી ગટર હૈ. . . . . . હમને ઉનકે પે ઢક્કન ડાલ દીયા ઔર ઉપર ઈંટે ડાલ દી. .. . . બહોત બડી બડી ઈંટે. . . . . . . ફિર બાદ મેં વો ગટર કે અંદર સે આઠ આઠ દસ દસ મરે હવે ઈન્સાન નીકલે. . . . . . . છુપે યે બચનેકે લીયે પર હમને ઉપર સે બંધ કર દીયા તો ઉસકી ગૈસ સે મર નહીં જાવે. . . . . .. .

તહેલકાઃ- ગેસ સે મર જાયેગે

સુરેશ રીચાર્ડ :- ફિર વો ગટર કે અંદર સે લાશે નીકલી.

તહેલકાઃ- યે શામ કી બાત હૈ. . . . .

સુરેષ રીચાર્ડ :- યે શામ કી બાત હૈ .. . . . . .

તહેલકાઃ- મતલબ જબ દીન મેં ધમાલ પુરા ખતમ હો ચુકા થા ઉસકે બાદ . . . . . .

સુરેશ રીચાર્ડ :- પુરી રાત તર ધમાલ ચલી થી સાડે આઠ બજે તક

તહેલકાઃ- તો દુસરી રાઉન્ડ ગયે આપ લોગ અંદર

સુરેશ રીચાર્ડ :- હમ તો અંદર હી થે. .. . . ફિર શામ કો ઐસે માહોલ ઠંડા હો ગયાના . . . . . અંદર કિતને . . . . . . . . થક ભી જાવે ન ઈન્સાન. . . .. . .. પથ્થર મારના યે કરવા પાઈપ મારના છુરી માના વો કરના. . . . . . પર જૈસે હમ અંદર સે નીકલે તો પક્કે દીલકા ઈન્સાન હી નીકલ શકતા હૈ. . . . .

<u>પેજ નં.૫૪ પેરા નં.૫૫</u>

મારી સાથે તેઓએ કરેલ આગળની વાતચીત એવી હતી કે,

સુરેશ રીચાર્ડ :- માયાબેન તો પુરા દીન જીપ કે ઉપર ગાડી કે ઉપર ઘુમ રહી થી. .. . . . .

તહેલકાઃ- પાટીયાકાંડ વાલે દીન . .. . .. .

સુરેશ રિચાર્ડ :- જય શ્રી રામ જયશ્રી રામ . . . . કેસરી પટ્ટી બાંધા. . . . . . ચાય પીયો આપ?

તહેલકાઃ- નહીં થોડી ઠંડી પીતા હુ?

સુરેશ રીચાર્ડ :- જય શ્રી રામ જય શ્રી રામ કહેતે જા રહે હૈ . . . . . નારે લગાતે જા રહે હૈ. . . . . બોલે કરો કરો હમ બૈઠે. . . . . બોલે હમ બૈઠે હૈ. . . . સફેદ સાડી પહેના હુવા થા ઔર કેસરી પટ્ટા બાંધા હુવા થા .. . . . હમને ભી કેસરી બાંધા થા . .. . .

સુરેશ રીચાર્ડ :- તો અબ વો બાટલી ફુટ રહે હૈ. . . .  યે ગેસ સીલીન્ડર ડાલ રહે હૈ. . . .. અબ વો ફટ ફટ કીસીકી હિંમત નહી ટ્રક કે નીચે સુવ્વર સોયે થે. . . . . હમને સુવ્વર કો મારા . . . . . સુવ્વર કો પુરા ભાલા ડાલ દીયા સોયે હુવે કો. . . . . . . ફિર ઉઠે ભી નહીં હમ થકે હારે. . . . . ચાર પાંચ હમ દુસરે મીલ કે છારે. . . .  સુવ્વર હમને મસ્જીદ પે બાંધા ઔર કેસરી ઝંડા યહાં સે ખોલ કે ઔર હમને કેસરી ઝંડા લગાયા. . . . . .

તહેલકાઃ- જીસ દીન પાટીયા કાંડ હુવા

સુરેશ રીચાર્ડ :- પાટીયા કાંડ પે. . .  . . વો મસ્જીદ કે ઉપર જો તંબુ બાંધે થે ઉસી બાંસડે કો તોડ કે ઔર ઈનકે મીનાર બીનાર સબ તોડ ડાલે  ઔર ઉપર હમને ઝંડા લગાયા . . .  . ..  વો ઈનકો દાગ હૈ. . . . . .

તહેલકાઃ- મુસલમાનો કો. . . . . . .

સુરેશ રીચાર્ડ :- હા . .. . . બોલે હમકો તુમ .. . . .

તહેલકાઃ- ઈસસે બડા હિન્દુત્વ કા કામ કોઈ નહીં હો શકતા હૈ . . .. .  . .

સુરેશ રિચાર્ડ :- સુવ્વર બાંધા હૈ ઐસે ધમાકે મેં. .. . . . . વહાં સે ભી ચલો ઔર યહાં સે ભી ચલો. . . . .  દોનો પાર્ટીયા.. . . . . .. ફિર ભી હમ આઠ દસ લડકે ચડે. . . . .

પ્રકાશ રાઠોડઃ- બાટલે તો બહોત ફોડે લેકીન મસ્જીદ હીલી નહીં જયાદા. . . . .

તહેલકા :- તો મતલબ મસ્જીદ ઈતની મજબુત બનાઈ થી કી બાટલે ફોડને કે બાદ ભી નહીં . . . . .

સુરેશ રીચાર્ડ :- બાટલે કી કયા બાત . . .  .. .  . પુરા ટેન્કર. .. . એક ભાઈ કોઈ કો લે આયા થા વહાં સે અપના ઠક્કરનગર ચાર રસ્તે સે, મોમેડીયન કો માર કે ટેન્કર લાયા થા ફિર રીવર્સ માર કે પુરા ટેન્કર સે તોડા .. . . .  કેરોસીન પેટ્રોલ કા ટેન્કર . . . .. .  પુરા રોડ ટેન્કર તોડકે. . .. . .  જુને પેપર નીકાલો .. . . . .  વો મસ્જીદ મેં ટેન્કર વેન્કર ધુસેલે. . . . .પાની છાંટા હૈ ના  .. . . . . . ફાયર બ્રિગેડવાલે  . .. . . .  ઈસ તરહ પેટ્રોલ છાંટા ફિર ચાલીયા જલાઈ . .. . . .

તહેલકાઃ- ફિર જલાઈ

સુરેશ રીચાર્ડ :- ફિર ચાલીયા જલાઈ. . . . . જુને પેપર જો આપકો . . . . . . બોલાના જયદીપભાઈ કો ઉનકે પાસ હી હોંઈગી જુને પેપર. . . . .

તહેલકાઃ- નહીં રખે હોગે . . . . યે નહીં રખા હોગા ઉન્હોને . ..  . .

સુરેશ રીચાર્ડ :- હોગેં. . . . . . . .

પ્રકાશ રાઠોડઃ- બાબુભાઈ કે પાસ હોગા . .. .. .

તહેલકાઃ- બાબુભાઈ કે પાસ હોગા

સુરેશ રીચાર્ડ :- સબ પેપર જુને જો. . . . નહીં તો પ્રેસસે મીલ જાવે . .. . . ઉસકા કોઈ થોડી. . . . . .

તહેલકા :- ખેર જો હુવા . . .. . કોન ટેન્કર લેકર આયા થા . .. .. ..

સુરેશ રીચાર્ડ :- ટેન્કર એક ભાઈ લેકર આયા થા . . .. અપના ભૈયા થા. . . .

તહેલકાઃ- વિશ્વ હિન્દુ પરીષદકા થા. .. .. . .

સુરેશ રીચાર્ડ :- વો નહીં .. . . હિન્દુ ભાઈ થા . . . . . . ઉસને ઠક્કરનગર ચાર રસ્તે સે ચાર મુસલમાનો કો મારે કે લાયા. .. . . વો ટેન્કર લે ગયે ફિર ફિર છારોને મદદ કીયા . . . . . અરે હમ આયે . . .. ફીર યે રીવર્સ માર માર કે દિવાલ તોડી મસ્જીદ કી. .. . . . મસ્જીદ કી દીવાલે તોડી ઔર જૈસે પાની છોડતે હૈ ન ઈસ તરહ ડાલી. . . . . તો અંદર કુછ ઘુસેલે થે વો ભી સફાયા હો ગયે. . . . .

<u>પેજ નં.૫૮ પેરા નં.૫૬</u>

આ જ રીતે તે દિવસે કરેલ વધુ વાતચીતમાં એવી પણ વાતચીત થયેલી કે,

સુરેશ રીચાર્ડ :- હમારા ભાઈ બડા હૈ. . . .. ઉસકા ઔધા બડા હૈ . .. . .

તહેલકાઃ- દેખીયે મેં લાતા હું. . . . . . . ફોન કરૂગા ઈસ સમય લા રહા હું . .. . . . આયેગે તો મત બોલીયેગા કુછ . . . . અપની બાત બોલીયેગા થોડે ઈતમીનાનસે બોલીયેગા. . . .

પ્રકાશ રાઠોડઃ- કુછ ભી નહીં ચાહીયે ન પૈસા ન ખાના પીના. . . .

તહેલકાઃ- મુજસેં જાનતે હૈ એક બાત બોલ રહે થે. . . . . બોલે છારે લોગોને રેપ કર દીયા વહાં પે. . . . .

સુરેશ રીચાર્ડ :- ફિર દેખોએક બાત હૈ .. . .. પિયુષભાઈ ભુરે ધુસે તો કોઈન કોઈ ફલ ખાય ને?

તહેલકાઃ- ખાયેગા હી. . . . . .

સુરેશ રીચાર્ડ :- અબ હજારો ભુખે ધુસ ગયે તો કોઈ ફલ મીલ ગયા તો ખા લેગા બિચારા . .. . તહેલકાઃ- દો ચાર લોગોને કીયા હોગા. . . . .

સુરેશ રીચાર્ડ :- પુરે ને તો નહીં જૈસે કી ૨૦૦૦,૩, ૫૦૦,૧૦૦૦ જૈસે છારે ધુસ ગયે અંદર. . . . . . અબ કોઈ એક પીયા ખાયા બેવડા હોવે ભુખા ઈન્સાન તો વહ ફલ પડા હો તો ખા જાયેગા .. . ઐસે ભી ફલ કો કુચલ કે ફેંક દેગે. .. . .

તહેલકાઃ- વૈસે ભી મરના થા.. . . .

સુરેશ રીચાર્ડ :- ઉસકો ઐસેભી જલા રહે હૈ માર રહે હૈ તો કોઈ ફલ ખા ગયા હોગા .. . . ઐસા નહીં હમ જુઠ બોલ રહે હૈ. . . . . માતાજી સામને બૈઠી હૈ . . . .

આ સમયે સુરેશ રીચાર્ડે માતાજીનો ફોટો ઈશારો કરીને બતાવેલો.

તહેલકા :- દો ચાર રેપ હુવે હોગે ....

સુરેશ રીચાર્ડ :- જયાદા ભી હુવા હો....ફિર દુસરે હમારે ભાઈ ભી થે ના હિન્દુ ભાઈ વિ.એચ.પી વાલે ભી આર.એસ.એસ.વાલે ભી.....

તહેલકા :- વૈસે ભી મુસલમાન લડકીયા બહુત અચ્છી હોતી હૈ.....

સુરેશ રીચાર્ડ :- તો કોઈ ભી ખા જાવે....ફલ કોન નહીં ખાયેગા.....

તહેલકા :- એક મુસલમાન લડકી કો ઘુમાતા થા પહેલે અબ તો નહીં ઘુમા શકતા હું........

સુરેશ રીચાર્ડ :- ઈન કો તો જીતના કાટ ડાલે ઉતના કમ હૈ......મેરે તો બહુત ખુન્નસ હૈ ઈનકે પીછે......ઈન કો તો મેં નહીં બખ્સું........

તહેલકા :- મેં તો કહે રહા હું નહીં રેપ કીયા તો કરના ચાહીયે થા......

સુરેશ રીચાર્ડ :- બહુ તો જગા કીયા ના.....હમ બોલ રહે હૈ ...હમારી મીસીસ બૈઠી થી હમને ઉસકો કીસ તરહ ....ફલ પડા થા તો ફલ કો કોઈ ભી ખા શકતા હૈ......

તહેલકા :- ફલ વો બડા સ્વાદિષ્ટ હોતા હૈ ?

સુરેશ રીચાર્ડ :- યે જો પતરે કે ઉપર હૈ ના .....પતરે કે ...કીયા હમને ભી કીયા ઉસ ટાઈમ.....હમ ભી ખાયા.....હમને એક હી બાર ખાયા......

તહેલકા :- એક હી બાર સિર્ફ રેપ કીયા......

સુરેશ રીચાર્ડ :- વહીં.....ફિર મારને કા મોકા ચલા જાવે ને......

(આ વખતે હવે સુરેશ રીચાર્ડે પ્રકાશ રાઠોડ તરફ ફીર કોઈ એક છોકરી કે જેને તેણે બળાત્કાર કરેલો અને પછી મારી નાંખેલી તેની વાત કરે છે.)

સુરેશરીચાર્ડ :- વો કિસકી ભંગાર વાલે કી છોકરી નસીમો......જાડી મસ્ત ભરાવદાર.....ઉસકે ઉપર......

તહેલકા :- ઉસકે ઉપર ચડે......

સુરેશ રીચાર્ડ :- હા .....કાયદે સેં.......

તહેલકા :- બચી તો નહીં.......

સુરેશ રીચાર્ડ :- નહીં ફિર ચુંદા કર ડાલા ......અચારકા ચુંદા બના દીયા.....ઉસકો ઉપર પતરે પર સે ડાલા ફીર દિવાલ કી ઈંટે વીટે સબ ગટર કે ઢક્કન સે ફાડફુડ કે યું રખ દીયા . . .

<u>પેજ નં.૬૧ પેરા નં.૫૭</u>

આગળની વાતચીતમાં એવી વાતચીત થયેલી કે,

સુરેશ રીચાર્ડ :- આજ કે બાદ હૈ ભાઈ આપકા બચ્ચા હોવે. . . . . ઔર મેં આગ મેં ડાલતા હું ઔર આપ દેખે તો આપકી આત્મા તો જલેગી. . . . . . . ફિર સબ બચ જાને કે બાદ બોલે યે

વો હી લંગડા હૈ . . .. . ઉસને મેરે બચ્ચે આગ મેં. .. .. . આપ કહીં પે ભી છુપે થે. . .. . . કહી પે ભી જૈસે કી ઝાડ મેં છુપે થે મકાન મેં કહી ભાગ રહે થે કહી ભાગ રહે થે કહી ટીકા લગા લીયા. .. .. . . જયાદા કર કે મોમેડીયન કૈસે બચ ગયે . . . બતાવું.. . . . . . વહીં લોહી લે કે લયા લીયા. .. .

તહેલકા :- હિન્દુ બનને કે લીયે . . . . .

સુરેશ રીચાર્ડ :- ફિર હિન્દુ કા ટોલા દેખાના જય શ્રી રામ . . . . . ફિર હમ તો પીછે હૈ ને પિયુષભાઈ બહાર કા ઈન્સાન ભાઈ વહાં કા ઈન્સાન હૈ તો. . . . હમ લોગોને માર દીયા .. .. . આર.એસ.એસ.વાલે બજરંગદળવાલે કોઈ હો તો ઉનસે પુછના કી છારે પીછાન પીછાન કે માર રહે થે . .. . . અબ વો લોગો કા કયા આકે ગીર ગઈ લોહી લગા લેવે . .. .

આરોપી નં.૨૧ નાઓએ સાહેદે કરેલ સ્ટીંગ ઓપરેશન દરમ્યાન સદર ગુનામાં કરેલ આયોજન અને પોતે કરેલ ગુનાની કબુલાત કરેલ છે. આ આરોપી નં.૨૧ નાઓએઅ પોતાના ગુનાની કબુલાત તથા બીજા આરોપીઓમાં માયાબેન કોડનાની તથા અન્ય આરોપીઓએ સદર ગુનામાં ભજવેલ ભુમિકો સ્પષ્ટ ચિતાર આપે છે. આ સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન આરોપીઓએ કોઈપણ જાતના દાબદબાણ, ધાક-ધમકી કે લાલચ વગર પોતાના ગુનાની કબુલાત કરેલ છે. અને બીજા આરોપીઓએ કરેલ કૃત્ય અને આયોજન ને ઉજાગર કરેલ છે. તેથી આ સાહેદે કરેલ સમગ્ર સ્ટીંગ ઓપરેશન અને તેની ટ્રાન્સ્ક્રીપ્ટ તથા સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ આરોપીઓએ સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન કરેલ ગુનાની કબુલાત અને ગુનાહિત કાવતરાને નહિ માનવાને કોઈ કારણ નથી કારણકે આ આરોપીઓએ સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન જે કંઈ કહ્યું છે તે તમામ હકીકત છે અને ગુનાની કબુલાત છે. આ સમગ્ર સમગ્ર સ્ટીંગ ઓપરેશન દરમ્યાન વાતચીત એ આરોપીઓનું એકસ્ટ્રા જયુડીશીયલ કનફેશન ગણી શકાય તેથી તે નહિ માનવાને કોઈ કારણ નથી.

સાહેદે પ્રકાશ રાઠોડ સાથેની વાતચીતના મહત્વાના અંશો નામદાર કોર્ટમાં જુબાની દરમ્યાન જણાવેલ છે તેમા પ્રકાશ રાઠોડે એવુ જણાવેલ છે કે,

ઉપરની તમામ હકીકત અને આ કામે રજુ થયેલ ટ્રાન્સક્રીપ્ટ વંચાણે લેતા આ આરોપી સદર ગુનાના કામે સામેલ હોવાના અને તેમણે સદર ગુનાના કામે સક્રિય ભુમિકા ભજવેલા હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જે નહી માનવાને કોઈ કારણ નથી.

વધુમાં જણાવવાનું કે આ આરોપીઓનાં સ્ટીંગ ઓપરેશન દરમ્યાન તેમણે ગુનાની કબુલાત કરતી વખતે પોતાના અવાજે જે વાતચીત કરેલ છે તે અવાજવાળી સી.ડી. અને ત્યારબાદ નામદાર કોર્ટની પરવાનગગીથી આ આરોપી નં.૧૮, ૨૧ અને ૨૨ ના

આકાશવાણી પોતે વોઈસ ટેસ્ટ લેવામાં આવેલા અને આકાશવાણીના અધિકારીઓએ ત્રણેય આરોપીઓના અવાજનાં જુદા –જુદા સેમ્પલ ચાલુ ટ્રાયલે લઈ તે અવાજ ઉચ્ચારણોની સરખામણી કરવા આરોપીઓની અવાજના સેમ્પલ અને સીડી એફ.એસ.એસ જયપુર ખાતે મોકલવામાં આવેલ અને એફ.એસ.એલ. જયપુરનાં અધિકારીઓએ આરોપીઓના અવાજની સરખામણી સી.ડી.ના અવાજ સાથે કરી ત્રણેય આરોપીઓનો સ્પેક્ટ્રોગ્રાફી રીપોર્ટ નામદાર કોર્ટમા રજુ છે તે રીપોર્ટ પ્રમાણે એવુ ફલીત થાય છે કે આરોપીઓએ સ્ટીંગ ઓપરેશન દરમ્યાન કરેલ ગુનની કબુલાત વખતનો અવાજ અને આકાશવાણીમાં આરોપીઓનાં અવાજનાં સેમ્પલ લીઘેલા તે અવાજ સરખા હતા એટલે કે આરોપીઓના જ હતા જે સ્પેક્ટોગ્રાફી ની રીપોર્ટ. . .. . આંક થી નામદાર કોર્ટમાં રજુ છે. આ સ્પેક્ટ્રોગ્રાફીના રીપોર્ટ ઉપર સ્પષ્ટ થાય છે કે સ્ટીંગ ઓપરેશનની સી.ડી.માં જે સંવાદો આરોપીઓએ બોલેલા છે તે અવાજ આ આરોપીઓનાજ છે. તેથી આ સાહેદની જુબાનીને નહિ માનવાને કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આ કામે સાહેદ નં.૩૧૪ આંક ૨૨૧૨થી આકાશવાણીના ડાયરેક્ટર ભગીરથપ્રસાદ મણીલાલ પંડયાને તપાસવામાં આવેલા છે તેમણે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ, આ સાહેદ આરોપી નં.૧૮,૨૧,૨૨ ના વોઈસ સેમ્પલ લીધા છે અને તે નમુના એફ.એસ.એલ જયપુર ખાતે મોકલવામાં આવેલા અને એફ.એસ.એલ. જયપુરનાઓએ આરોપીઓના વોઈસ સેમ્પલ અને સીડીમાના આરોપીઓના વોઈસ (અવાજ) ની સરખામણી કરી રીપોર્ટ આપેલ જે રીપોર્ટ પોઝેટીવ આવેલ છે. તે રીપોર્ટ નામદાર કોર્ટના રેકર્ડ ઉપર છે. આ એફ.એસ.એલ. જયપુરના અવાર પરીક્ષણના રીપોર્ટ ઉપરથી સાબીત થાય છે કે તહેલકાની સીડીમાં જે અવાજડ છે તે આરોપીઓના જ છે. તેથી શંકાને સ્થાન રહેતો નથી.

આ કામમાં સાહેદ નં. ૩૨૩ આંક ૨૨૭૪ થી ડો. શૈલેન્દ્ર રામકીશોર ઝા ને તપાસેલ છે તેમણે નામદાર કોર્ટ રૂબરૂ સ્પષ્ટપણે જણાવેલ છે કે, અમોને મોકલેલ ત્રણ વ્યક્તિઓના નમુનાના અવાજો સીડી તથા વીસીડી માં રેકર્ડ થયેલા અવાજ એક જ છે. આમ આ સાહેદની જુબાની ઉપરથી ફલિત થાય છેકે સ્ટીંગ ઓપરેશન ની સીડીમાં આરોપી નં. ૧૮, ૨૧, ૨૨ ના અવાજો હતા. અને તેવો જ સ્ટીંગ ઓપરેશનમાં જાતે ખોલેલું છે. આમ આ સાહેદ પણ આશિષ ખેતાનની જુબાનીને સમર્થન આપે છે.

આમ, આ કામે ઉપરોક્ત રીતે રજુ થયેલ આંક------ થી સીબીઆઈએ મેળવેલ એફએસએલ રિપોર્ટ તથા આંક------ થી આવેલ વોઈસ સ્પેક્ટોગ્રાફીનો પરિક્ષણ રિપોર્ટ જોતા ઈલેક્ટ્રોનીક એવીડન્સ આ નામદાર કોર્ટ સમક્ષ રજુ થયેલ છે અને તે જોતા સ્ટીંગ ઓપરેશન એવીડન્સ એક્ટ મુજબ સાબિત થયેલ છે.

**સ્ટીંગ ઓપરેશન બાબતે નામદાર સુપ્રિમ કોર્ટે ખાસ ગાઈડ લાઈન આપેલ છે અને ઈલેક્ટ્રોનીક એવીડન્સ કયા સંજોગોમાં કયારે પુરાવામાં ગ્રાહય ગણાય તેવી સ્પષ્ટ ગાઈડ લાઈન નામદાર સુપ્રીમ કોર્ટે ઘણા ચુકાદામાં આપેલ છે.**

**અમો તે માટે આપ નામદાર કોર્ટનું ધ્યાન** III (2009) CCR 402 (SC), R.K. Anand Vs. Ragistrar Delhi High Court **ના જજમેન્ટમાં પેરા નં. ૭૨, જેમાં ટેપરેકોર્ડેડ એવીડન્સ પુરવાર કરવા બાબતે નિરીક્ષણ કરવામાં આવેલ છે.**

72. In regard to the admissibility in evidence of tape recorded statements Mr. Ahmed cited a number of decisions of this Court in (i) N. Shri Rama Reddy V. Giri, (1970)2SCC 340; (ii) R.M. Malkani V. State of Maharashtrha, (1973) 1SCC 471; (iii)Mahabir Prasad Verma v. Dr Surinder Kaur, (1982) 2SCC 258 and (iv) Ram Singh v. Col. Ram Sing, (1985) Suppl SCC 611. He also referred to two foreign decision on the point, one in (i) R v. Stevenson, 1971 (1) All ER 678 and the other of the Supreme Court, Appellate Division of the State of New York v. Francis Bell (taken down from the internet). We need here refer to the last among the decision of this Court and the English decision on R. Stevenson. In Ram Singh, a case arising from an election trial the court examined the question of admissibility of tape recorderd conversations under the relevant provisions of the Indian Evidence Act. The court lay down that a tape recorderd statement would be admissible in evidence subject to the following conditions:

" Thus, so far as this Court is concerned the conditions for admissibility of a tape-recorderd statement may be stated as follows-

(11) The voice of the speakers must be duly identified by the maker of the record or by other who recognize his voice. In other words, it manifestly follows as a logical corollary that in the first

condition for the admissibility of such a statement is to identify the voice of the speaker. Where the voice has been denied by the maker it will require very strict proof of determine whether or not it was really the voice of the speaker

(12) The accuracy of the tape recorded statement has to be proved by the maker of the record by satisfactory evidence direct or circumstantial.

(13) Every possibility of tampering with or erasure of a part of a tape- recorded statement must be ruled out otherwise it may render the said statement out of context and, therefore inadmissible

(14) The statement must be relevant according to the rules of Evidence Act.

(15) The recorded cassette must be carefully sealed and kept in a safe or official custody.

The voice of the speaker should be clearly audible and not lose or distorted by other sounds or disturbances."

**તે જ રીતે વીડીયો ટેપ પુરાવામાં કઈ શરતોએ ગ્રાહ્ય ગણવો જોઈએ તે માટે સદર જજમેન્ટના પેરા ૭૪ માં નીચે મુજબ નિરીક્ષણ કરવામાં આવેલ છે**

76. Mr. Ahmed also referred to another decision by a US Court on the admissibility of video tapes. This is by the Court of Appeal of the State of North Caroline in State of North Carolina v, Michale Odell Sibley (downloaded from the internet). In this decision there is a reference to an earlier decision of the same Court in State v. Cannon, 92 NC App. 246, etc. in which the conditions for admissibility of video tape in evidence were laid down as under:

"The prerequisite that the offer or lay a proper foundation for the videotape can be met by –

(3) testimony that the motion picture or videotape fairly and accurately illustrates the events filmed (illustrative purpose); (2) 'proper testimony concerning the checking and operation of the video camera and the chain of evidence concerning the videotape….,' (3) testimony that 'the photographs introduced at trial were the same as those (the witness) had inspected immediately after processing,' (substantive purpose); or (4) 'testimony that the videotape had not been edited, and that the picture fairly and accurately recorded the actual appearance of the area photographed."

# <u>તોહમતદાર નં.(૨૩) અશોક શીલવંત પરમાર (છારા)</u>

**૧. નસીમબાનું ખ્વાજાહુસેન શેખ સાહેદ નં. ૨૫૦, આંક-૧૭૨૯**

**- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આ આરોપીને નુરાની મસ્જીદ પાસેના ટોળામાં પથ્થર મારો કરતા જોયેલા. તે રીતે નામ આપેલ છે.**

**<u>- પેજ નં.૩, પેરા નં.૫</u>**

**બનાવના દિવસે સવારે આશરે નવેક વાગે હું મારા ઘેર હતી. હું તથા મારા બાળકો નાસ્તો કરવા બેઠા હતા ત્યારે બહારથી હિન્દુઓના ટોળા આવેલા તો અમારા મોહલ્લાના લોકોએ કહેલ કે બહાર નીકળી જાવ ટોળા આવ્યા છે. અને તેથી નાસ્તો કરતા કરતા બહાર આવી ગયેલા.**

**અમે બહાર રોડ પર નુરાની મસ્જીદ પાસે આવેલ ત્યારે રોડ પર ટોળુ હતુ. આ ટોળામાં અશોક છારા અને રાજુ છારા એમ બે જણાંને પથ્થરમારો કરતા મેં જોયેલા.**

**<u>-પેજ નં.૩, પેરા નં.૬</u>**

**..... અમે ગંગોત્રી સોસાયટીમાં રહેલા ત્યાં પણ ટોળાના માણસો અમારી ચાલીઓ ઉપર પથ્થરમારો કરતાં હતા.જેમાં રાજુ છારા તથા અશોક છારા નાઓ હતા. હું ગંગોત્રી સોસાયટીમાં રોકાયેલી.**

**આમ સદર સાહેદની જુબાની જોતા ફલીત થાય છે કે આ આરોપી અન્ય આરોપીઓ સાથે ટોળામાં ભળી જઈ ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની તેમનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુસર એકસંપ થઈ જઈને નુરાની મસ્જીદને નુકશાન કરવાના બદઈરાદા સહીત ટોળાના માણસો સાથે મળી રહીને પથ્થરમારો કરતા આ સાહેદે જોયેલ છે. આમ આ આરોપી પથ્થરમારો કરવામાં સામેલ હતા તેવું આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે જે નહીં માનવાને કોઈ કારણ નથી. ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદ બનાવને ૮ વર્ષ થઈ ગયા હોય આરોપીના શારીરિક દેખાવમાં ફેરફાર થયો હોવાને કારણે આ આરોપીને ઓળખી શકેલ નથી.**

# <u>તોહમતદાર નં.(૨૪) રાજકુમાર ઉર્ફે રાજુ ચૌમાલ</u>

**- એફ.આઈ.આરમાં નામ છે.**

આ આરોપી નરોડા પાટીયા વિસ્તારમાં પ્રભુત્વ ધરાવતી વ્યક્તિ છે. આ આરોપીનું નામ બનાવના પ્રથમ દીવસ થી જ એફ.આઈ.આર.માં દર્શાવવામાં આવેલ છે. આ આરોપી નરોડા પાટીયા વિસ્તારમાં રાજુ ચોવલ તરીકે ઓળખાય છે. આ આરોપી સામે ના.કોર્ટ રૂબરૂ નીચે મુજબના પુરાવો પડેલ છે.

**(૧) સીદીકભાઈ અલાબક્ષ મનસુરી સાહેદ નં. ૨૩૬, આંક-૧૬૬૨**

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઉલ્લેખ કરેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪,૫ પેરા નં. ૧૦</u>

આ સમયે સવારે આશરે અગીયાર વાગ્યાની આસપાસ એસ.ટી.વર્કશોના ઝાંપે માયાબેન કોડનાની સફેદ કલરની મારૂતિ ફ્રન્ટી કાર અને તેની પાછળ ટેકસ જીપ હતી એ બંને લઈ આવી કૃષ્ણનગર તરફથી એસ.ટી. વર્કશોપ પાસે ઉભી રાખેલી જે એસ.ટી.વર્કશોપુપના ઝાંપા તરફ મોઢુ રાખીને ઉભેલી. આ મારૂતિ ગાડીમાંથી માયાબેન ઉતરેલા. ઉતર્યા પછી તેણીએ આ ટોળાને ઈશારો કરી એસ.ટી.વર્કશોપના ઝાંપે બોલાવેલું. આ વખતે જે સો એક આગેવાન માણસો આવેલા તેમાં માયાબેનનો પી.એ પણ હતો. માયાબેને તે લોકો સાથે કાંઈ વાતચીત, ચર્ચ જેવુ કરેલું. પછી તેમના પી.એ ને ઈશારો કરી સુચના આપેલી.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

આ સમયે માયાબેનના પી.એ.એ ટ્રેક્સ જીપમાંથી હથિયારો બહાર કાઢેલા. હથીયારોમાં તલવાર, ભાલા, ત્રિશુલ, રિવોલ્વોર જેવું દુરથી દેખાતુ હતું તે પણ હતું. માયાબેનની સુચનાથી માયાબેનના પી.એ.એ આ તમામ ટોળાના આગેવાનોને આપેલ. તે પછી માયાબેનની ગાડી તથા પેલી જીપ કૃષ્ણનગર તરફ જવા લાગેલી ત્યાં જતા ઉદય ગેસ સર્વિસની ગલીમાં ગાડીઓ વળી ગયેલી. માયાબેનના ગયા પછી પેલા ટોળાના માણસો કે જેમાં, તેમનો પી.એ. પણ હતો. તેઓએ નુરાની મસ્જીદમાં ટોળાના માણસોએ ગેસના બાટલા નાંખી તોડફોડ કરેલી અને કેરોસીનનું આખુ ટેન્કર નુરાની મસ્જીદ ની અંદર ઘુસાડી દીધેલું.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

ત્યારપછી  નુરાની મસ્જીદની આસપાસ આવેલી દુકાનો ટોળાના માણસોએ સળગાવેલી. તે પછી તે આખુ ટોળુ હુસેનનગર, જવાનનગર જવાના રસ્તે અંદરના ભાગે ઘુસી ગયેલું. આ ટોળાએ જવાનનગર, હુસેનનગર વગેરેમાં મકાનો બાળી દીધેલા અને સ્ત્રી, પુરૂશ અને બાળકોને જીવતા સળગાવેલા જે હકીકત મેં જોયેલી યાને કે ટોળા જવાનનગર, હુસેનનગરમાં ધુસી ગયેલા ત્યાં સુધીની હકીકતો મેં જોયેલી છે.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૯</u>

મને માયાબેનના પી.એ.નું નામ ખબર નથી પરંતુ હું તેઓને દીઠે ઓળખું છું. હુ ટોળાના આગેવાનોને જોયે ઓળખું છુ. મને તેઓના નામ ખબર નથી. હું આજરોજ  પણ આ તમામને ઓળખી આપીશ. હું આરોપીઓ બેઠા છે ત્યાં નજીક જઈને તેઓને ઓળખી આપીશ.

<u>- પેજ નં. ૧૦ પેરા નં. ૨૦</u>

આરોપીઓ બેઠા છે ત્યા ંજઈ મેં જેઓને નામજોગ વારાફરતી ઓળખી બતાવ્યા તે અનુક્રમે માયાબેનના પી.એ. તથા માયાબેનનાઓ છે.

આ ઉપરાંત હું જણાવી ગયો તે ટોળાના આગેવાન તરીકે હતા તેમાં મે ઓળખી બતાવયા તેઓ અનુક્રમે આરોપી નં. ૨૪,૨૦,૧૭,૨ તથા ૪૪ નાઓ હતા. આ બનાવ પછી મને ધમકી આપેલી હતી તે હું આરોપી બેઠા છે ત્યાં જઈ આવ્યો ત્યાં આ સહેજાદ અત્રે નામદાર કોર્ટમાં ઉપસ્થિત નથી પણ હું તેને ઓળખું છું.

આ સાહેદ ૨૬-૫-૦૮ના સીટના જવાબમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે નામ આપેલ છે આ સાહેદ અગાઉના સાહેદ નં.૧૦૪, ૧૧૫ ની જુબાનીને સમર્થન આપે છે. આ સાહેદ પોતાની કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે સચોટ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી માયાબેન કોડનાની સાથે આવેલ સાત આગેવાનોમાંથી એક હતો અને તેમણે માયાબેન સાથે ચર્ચા પણ કરેલી અને ત્યારબાદ માયાબેન સાથે આવેલા ટ્રેક્ષ ગાડીમાંથી હથિયારો કાઢી આ આરોપી તથા બીજા આગેવાનોને આપેલા આમ આ આરોપીએ હથીયાર ધારણ કરેલ અને ત્યારબાદ નુરાની મસ્જીદમાં તોડફોડ કરી આગ લગાડેલ અને દુકાનો મકાનો બાળી નાંખેલા સ્ત્રી, પુરુષ, બાળકોને જીવતા સળગાવેલા સમગ્ર બનાવમાં આરોપી સામેલ હોવાનું જણાઈ આવે છે.

આમ આ સાહેદની જુબાની વંચાણે લેતા આરોપીએ મસ્જીદ ઉપર હુમલો કરી, મુસ્લિમોના હુસેનનગરમાં મકાનોને આગ લગાડી, સ્ત્રી , પુરુષ બાળકોને જીવતા

સળગાવેલા છે જે હકીકત આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે. અને આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

(૨) વિનુભાઈ ખેમાભાઈ દલવાડીયાં(ફરીયાદી)(વી.કે.સોલંકી) સાહેદ નં.૨૬૨, આંક-૧૭૭૦

- તા. ૨૮.૨.૦૨ ની ફરીયાદ માં નામ આપેલ છે.- ટોળામાં આગેવાની કરતા બતાવેલ
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૫ પેરા નં.૮,

આ દરમ્યાન અમારા જે તે સમયના નાયબ પોલીસ કમિશ્નરશ્રી, પી.બી.ગોંદિયા સાહેબ તેમજ જી ડીવીઝનના એ.સી.પી. શ્રી એમ.ટી.રાણા સાહેબ તેમજ નરોડા પોલીસ સ્ટેશનના સીનીયર પો.ઈ.શ્રી કે.કે.મૈસોરવાલાનાઓ પણ આ જગ્યા પર આવી ગયેલા. તે વખતે કૃષ્ણનગર, સૈજપુર ફદેલી, કુબેરનગર, છારાનગર એમ તમામ જગ્યાથી લોકોના ટોળેટોળા નુરાની મસ્જીદ તેમજ હુસેનનગરના છાપરા પાસે આવી એકઠા થઈ ગયેલા.

- પેજ નં.૫-૬ પેરા નં,૯

આ ટોળામાં તે સમયે આગેવાન તરીકે વી.એચ.પી. તેમજ ભાજપ ના સક્રિય કાર્યકરો કિશન કોરાણી, પી.જે.રાજપુર, હરેશ રોહેરા, બાબુ બજરંગી તેમજ રાજુ ચૌમલનાઓ હતા. તેઓ ટોળાઓની આગેવાની લઈ ટોળાઓને ઉશ્કેરતા હતા અને જોત જોતમાં મુસ્લીમ કોમની દુકાનો, મકાનો તેમજ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તોડફોડ કરતા હતા સળગાવી નાંખી લુટફાટ કરતા હતા.

હું જણાવી ગયો તેમ તે પાંચેય જણાં મારી નાખો કાપી નાંખો તેવી બુમો પાડી ટોળાના માણસોની ઉશ્કેરણી કરતા હતા. જેથી ટોળાને વિખેરી નાંખવા માટે અમારી જીપમાંના લાઉડ સ્પીકરમાંથી વારંવાર એનાઉન્સમેન્ટ કરી ટોળાને વિખેરાઈ જવાની વોર્નીગ આપેલી. આવી વોર્નીગ આપી હોવા છતાં ટોળાના માણસો બેફાન બની દુકાનો, મકાનો સળગાવવાનો તથા નુરાની મસ્જીદને સળગાવવાનું ચાલુ રાખેલ અને આ ટોળાના માણસો આ તમામ જગ્યાએ લુંટફાટ પણ કરતા હતા.

આ સાહેદે સમગ્ર બનાવ સમયે તે એફ.આઈ.આર. માં આરોપીનું નામ ટોળાની આગેવાની કરતા બતાવેલ છે અને ના.કોર્ટની રૂબરૂની જુબાનીના પેરા-૮ અને ૯ માં આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદે આરોપીનું નામ શરૂઆતથી જ બનાવના પ્રથમ દિવસથી જ હોવાની આગેવાની કરતા બતાવેલ છે અને એફ.આઈ.આર.માં પણ એ રીતે જણાવેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે સાહેદે આરોપીને નુરાની મસ્જીદ પાસે તેમજ હુસેનનગરના છાપરા પાસે ના ટોળામાં ટોળાની આગેવાની કરતા જોયેલ છે તેમની સાથે બીજા તો.દારો પણ હાજર હતા. આ સાહેદે આ સમગ્ર બનાવ તેમની ફરજ ઉપર હાજર પેટ્રોલીંગ કરતી વખતે નુરાની મસ્જીદ પાસેથી જોયેલ છે તેવુ આ સાહેદની જુબાની ઉપરતી સ્પષ્ટપણે જણાઈ આવેલ છે. આમ સાહેદ નજરે નજર જોનાર સાહેદ છે આ સાહેદે આરોપીને ટોળાની આગેવાની કરતા તેમજ ટોળાને ઉશ્કેરણી કરતા તેમજ મુસ્લીમોની દુકાનો મકાનો તેમજ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તોડફોડ કરી સળગાવી નાંખી લુંટફાટ કરતા સાહેદે આરોપીને પોતાની નરી આંખે જોયેલ છે.

આમ સાહેદની જુબાની પ્રમાણે આરોપી નુરાની મસ્જીદ પાસેના ટોળામાં હાજર હતો અને ટોળાને ઉશ્કેરણી કરતા હતા જેથી ટોળાને મનોબળ મળેલ અને ટોળુ વધુ ઉગ્ર બનેલ અને ત્યારબાદ આરોપીએ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તેમાં તોડફોડ કરી મકાનો દુકાનોને આગ લગાવી લુંટફાટ કરેલ છે તેવુ સ્પષ્ટપણે સાહિત થાય છે જે નહી માનવાને કોઈ કારણ જણાઈ આવતુ નથી.

આ સાહેદને ના.કોર્ટને જુબાનીમાં સાહેદનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૩) પરબતસીંહ વજેસીંહ ઠાકોર, સાહેદ નં. ૨૬૬, આંક-૧૭૮૫

- પી.આઈ.ની જીપમાં.
- તા. ૨૫.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે. (ટોળામાં આગેવાની કરી ઉશ્કેરણી કરતા હતા)
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં  નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૪-૫ પેરા નં૧૦</u>

બપોરના આશરે બે સવા બે વાગ્યાની આસપાસ નરોડા વિસ્તારના કાર્યકર્તા કિશન કોરાણી, બાબુ બજરંગી, પી.જે.રાજપુત અને રાજુ ચોબલને અમે નરોડા પાટીયામાં ટોળાના માણસો વચ્ચે જોયેલા. તેઓ કાંઈક વાતચીત કરતા હતા. ટોળું ત્યારે પથ્થરમારો તથા તોફાન કરતું હતુ તેમજ હો હા કરતુ હતી. અમે નુરાની મસ્જીદની આસપાસ હાજર હતા ત્યારે નુરાની મસ્જીદ પર હુમલો થયેલો. મેં જોયેલું કે, ટોળાના માણસો પથ્થરમારો કરતા હતા. અમને

એવો સંદેશો પોલીસ કંટ્રોલ રૂમમાંથી પણ મળેલો. અમે નુરાની મસ્જીદની આસપાસ પણ લાઠીચાર્જ કરી તે સમયે પબ્લીકને ભગાડવાની કોશીશ કરેલી. ટોળુ અમારા પ્રયત્નોથી થોડીવાર માટે વિખેરાતુ પણ પછી પાછુ ટોળુ આવી જતુ.

આ સાહેદે પોલીસ જવાબમાં આરોપીનું નામ ઉશ્કેરણી કરતા જણાવેલ છે આ સાહેદ બનાવના દિવસે પી.આઈ.ની જીપમાં ફરજ બજાવતા હતા અને તેમણએ આ બનાવ નજરો નજર જોયેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી નરોડા વિસ્તારના નામચીન ઈસમ છે. સાહેદ તેમને સારીરીતે ઓળખે છે. સાહેદે આરોપીને ટોળાના માણસો વચ્ચે જોયેલ છે. અને આરોપીએ ટોળાની સાથે કંઈક વાતચીત કરતા હતા અને ટોળુ ત્યારે તોફાનો, પથ્થરમારો અને હો હા કરતો હતો. આ સાહેદ જ્યારે નુરાની મસ્જીદ પાસે હતો ત્યારે તેઓ નુરાની મસ્જીદ ઉપર હુમલો થતા પણ જોયેલ છે.

આમ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે કે આરોપી ટોળાને ઉશ્કેરતો હતો અને ટોળાનું ભાગ બની નુરાની મસ્જીદ ઉપર હુમલો કરતો હતો તો નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીના નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૪) કેરમાન ખુરશીદ મૈસુરવાલા (નરોડા પો. સ્ટે. પી.આઈ.) સાહેદ નં. ૨૭૪, આંક- ૧૮૨૪

- તા ૨૫.૧૦.૦૮ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>પેજ નં.૧૨ પેરા નં. ૨૩</u>

આ અગાઉ બપોરે ભેગા થયેલા ટોળાઓમાં બે વાગ્યા પછી નુરાની મસ્જીદ તથા હુસેનનગરની ચાલીના વચ્ચેના ભાગે મેં ટોળાઓની વચ્ચે કિશન કોરાણી, પી.જે.રાજપુત, રાજુભાઈ ચોબલ તથા બાબુ બજરંગીનાઓને વાતચીત કરતા તથા ટોળાને સમજાવતા જોયેલા અને ટોળું આ સમયે મારો કાપો ની બુમો પાડી રહેલું હતુ. મે આ ચારેય માણસોને પોણ ત્રણ વાગ્યા સુધી આ ટોળામાં જોયા હતા.

આ સાહેદ બનાવ સમયે નરોડા પો.સ્ટે.ના ફર્સ્ટ પી.આઈ. તરીકે ફરજ બજાવતા હતા તેમણે સદર બનાવની શરૂઆતની તપાસ કરેલ છે. આ સાહેદે સીટ રૂબરૂ તા.૨૫-૧૦-૦૮ના જવાબમાં જણાવેલ છે કે સદર આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા અટક કરેલ છે. આ સાહેદે તેમની ના.કોર્ટ રૂબરૂ ની જુબાનીના પેરા ૩૮ મુજબ પુરાવો આપેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ એવુ પણ જણાવેલ છે કે આરોપી વિરૂધ્ધના પુરાવા મળેલા અને આરોપીની અટક કરેલ છે.

આમ આ સાહેદ આરોપી સામે પુરાવો આપે છે અને તેમણે આરોપી વિરૂદ્ધ પુરાવો મળતા અટક કરેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

આમ ઉપરોક્ત સમગ્ર પુરાવો ધ્યાને લેતા મજકુર આરોપી સામે જેટલા સાહેદોએ પુરાવો આપી ના.કોર્ટમાં આરોપીને ઓળખી બતાવેલ છે આરોપી સદર બનાવમાં સક્રિય ભાગ ભજવેલ છે. આરોપી બનાવના સમયે સ્થળે હાજર હતા તેમણે સદરહુ બનાવમાં લુંટ ફાટ, માર કાપ મુસ્લિમોને મારી સળગાવવામાં તેમની મિલ્કતોને આગ લગાડી તોડ ફોડ કરવામાં સક્રિય ભાગ ભજવેલ છે તેવુ સમગ્ર પુરાવો ધ્યાને લેતા ફલીત થાય છે. આ તો.દારને યોગ્ય નસીયત થવી ન્યાયના હિતમાં ખુબ જ જરૂરી છે.

### (૫) મદનસિંહ તખતસિંહ રાણા, સાહેદ નં. ૨૭૭, આંક- ૧૮૬૭

- તા ૧૪.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં આરોપી તોફાની ટોળામાં જોયેલા. ટોળામાં વાતચીત કરતા હતા. તે ટોળુ મારો કાપોની બુમો પાડતો હતો
- નામદાર કોર્ટ રૂબરૂ જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.
- આરોપીની હાજરી મુક્તિની અરજી

<u>- પેજ નં.૯ પેરા નં.૧૭</u>

મુસ્લીમો પણ હિન્દુઓ તરફ ઉશ્કેરાઈ ગયેલા હતા.

વધુમાં હિન્દુઓએ મુસ્લીમોના રહેણાંક, દુકાનો, મસ્જીદ તથા નુરાની મસ્જીદ વિસ્તારમાં આગ લગાડેલી.

<u>- પેજ નં.૧૦ પેરા નં. ૨૧</u>

ટોળાઓને વિખેરવા પુનઃપ્રયાસ કરતા હતા. તે ટોળાઓમાં ઉપસ્થિત શ્રી પી.જે. રાજપુત, કિશન કોરાણી, રાજુ ચૌબલ અને બાબુ બજરંગીનાઓ હતા. તેઓને મેં જોયેલા. આ ચારેય ઈસમો ટોળાના માણસો સાથે કોઈ વાતચીત કરતા હતા. પરંતુ તે શી વાતચીત થતી હતી તે અમે સાંભળેલી નહીં. પરંતુ ટોળુ પછી વધુ ઉશ્કેરાઈ ગયેલું. આ ટોળાને વિખેરી

નાંખવા માટે પોલીસે ફરીથી લાઠીચાર્જ, ટીયરગેસનો રોલ તથા ફાયરીંગ કરેલું. જો કે ટોળામાં થોડોક ઘટાડો થયેલો. પરંતુ ટોળુ વિખેરાતુ ન હતુ. આ તમામ તે દિવસે સાંજના ૪.૦૦ વાગ્યા સુધી ચાલેલું. બપોરના ૪.૦૦ થી ૪.૩૦ વાગે ટોળુ થોડુક ઘટતા તથા હું તથા પી.આઈ.શ્રી મૈસુરવાલા બીજ અન્ય બનાવોના સંદેશો આવવા લાગતા જે તે સ્થળો ઉપર ગયેલા. અમો આ રીતે ગયા તે અગાઉ પો.ઈન્સ્પેક્ટર શ્રી ગોહેલને પણ સંદેશો મળતા સ્થળ ઉપર રવાના કરેલા. આ પ્રકારના સંદેશાઓ નરોડા ગામ તથા નરોડા ગામની મસ્જીદની સ્થળ માટેના આવતા હતા.

આ સાહેદે પોલીસ નિવેદનમાં આરોપીને મારો કાપોની બુમો પાડતા ટોળામાં જોયેલ છે તે રીતે નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી મુસ્લીમોને રહેણાંક, નુરાની મસ્જીદ, દુકાનો વિગેરે વિસ્તારમાં જે ટોળાએ આગ લગાડેલી તે ટોળામાં આરોપી હાજર હતો અને તેમણે આરોપીને નજરો નજર જોયેલ છે. આ સાહેદની જુબાની ઉપરથી એવુ ચોક્કસ કહી શકાય કે આ આરોપીએ બીજા તો.દારો સાથે મળી ટોળાની સાથે કંઈક વાતચીત કરેલ અને ત્યારપછી ટોળુ વધુ ઉશ્કેરાઈ ગયેલ તેવુ આ સાહેદ જણાવે છે તે ઉપરથી એવુ ચોક્કસ કહી શકાય કે આ આરોપી તેની સાથેના બીજા તો.દારોએ ટોળાને ઉશ્કેરણી જનક શબ્દ બોલ્યા હશે જેના ફળ સ્વરૂપે ટોળુ ઉશ્કેરાઈ ગયેલુ તેવુ નહી માનવાને કોઈ કારણ નથી.

આમ આ સાહેદની જુબાની ઉપરથી એવુ સ્પષ્ટપણે ફલીત થાય છે કે આ આરોપીએ બીજા આરોપી સાથે મળી ટોળાની ઉશ્કેરણી કરેલ છે અને તે ઉશ્કેરાયેલા ટોળાએ નરોડા પાટીયામાં સામુહીક હત્યાકાંડ સર્જી લુંટફાટ, બળાત્કાર અને મુસ્લીમોની મિલ્કતને આગ લગાડવાનું કૃત્ય કરેલ છે જેથી આ સમગ્ર બનાવમાં આરોપીની સક્રિય ભુમિકા સાહિત થાય છે તેવુ નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દાર તરફથી ગેરહાજર રહેવાની ના.કોર્ટની સંમતી મેળવવામાં આવેલ અને ઓળખ બાબતે તેમને તકરાર નથી તેવું જાહેર કરવામાં આવેલ તેથી આ સાહેદની જુબાની વખતે મજકુર તો.દારને ઓળખી બતાવવાનો સવાલ ઉભો થતો નથી.

# તોહમતદાર નં.(૨૫) પ્રેમચંદ ઉર્ફે તિવારી કંડકટર

**- એફ.આઈ.આર.માં નામ છે.**

આ આરોપી નરોડા પાટીયા વિસ્તારમાં નામચીન ઈસમ છે. તે વિસ્તારમાં તીવારી કંડક્ટર તરીકે ઓળખાય છે. આ આરોપીએ નરોડા પાટીયા હત્યાકાંડમાં બીજા આરોપીઓ સાથે મળી સક્રીય ભુમિકા ભજવેલ છે. આ આરોપીનું નામ બનાવના દિવસે થી એફ.આઈ. આર. માં વર્ણવેલ છે.

આ આરોપી વિરૂધ્ધ નીચે મુજબના સાહેદોએ ના. કોર્ટ રૂબરૂ પુરાવો આવેલ છે

## (૧) બાસુદીન મૈયુદીન સૈયદ, સાહેદ નં. ૭૩, આંક-૫૧૪

- નામ આપ્યુ, ઓળખ્યા

<u>પેજ નં.૮-૯ પેરા નં.૧૫</u>

હું મારા ઘરની પાછળની સાઈડે ઉભેલો અને મારા કુટુંબની તપાસ કરતો હતો તે દરમ્યાન મારા ઘરના પાછળના ભાગેથી મેદાન તરફથી એક ટોળું આવેલું. આ ટોળું નુરાની મસ્જીદ તરફ ગયેલું......ગંગોત્રી સોસાયટીના નાકા પાસે અમને ત્રણ માણસો મળેલા. જેમાંના (૧) જયભવાની (૨) તિવારી કંડકટર (૩) દલપત છારાનાઓ હતા તેમણે અમને જોઈને એવું જણાવેલું કે, તમે આ બાજું ક્યાં જાવ છો, આ ગોડાઉન છે તેમાં સંતાઈ ગયેલા. અમે અંદાજે દોઢસો માણસો આ ગોડાઉનમાં સંતાઈ ગયેલા. આ ત્રણ જણા ગોડાઉનને બાળી નાંખશે જે તેઓની વાતચીતથી લાગેલા.....પછી દરવાજો જય ભવાનીએ ખોલતા અમે બધા સ્ત્રી, પુરુષો તથા બાળકો સંપ કરી બહાર નીકળી ગયેલા. આ વખતે ગોડાઉનમાં આશરે ૧૫ થી ૨૦ માણસો રહી ગયેલા અને બીજાઓ બહાર નીકળી ગયેલા.

આ સાહેદે આરોપીનું નામ પો.નિવેદનમાં તેમજ સીટ રૂબરૂના નિવેદનમાં પણ આપેલ છે.

ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આ આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો છે. આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે કે આ આરોપીએ બીજા આરોપીઓ સાથે મળી મુસ્લીમોને ગોડાઉનમાં સંતાઈ જવા જણાવેલ અને ત્યારબાદ તે ગોડાઉન સળગાવવાની યોજના ઘડેલ તેવુ આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. આ આરોપીઓ સદર ગુનામાં સહઆરોપી સાથે મળીને સમાન ઉદ્દેશ પાર પાડવા ગુનાહિત કાવતરાના ભાગરૂપે સક્રીય ભુમિકા ભજવેલ છે.

## (૨) અકબર સુબરાતી નજીર એહમદ મુન્સી, સાહેદ નં. ૯૪, આંક-૫૭૦

- ૧૩.૫.૦૨ નો પોલીસ જવાબમાં નામ છે (શીટનો જવાબ નથી)
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ તથા ઓળખેલ છે.
- છેલ્લા ૨૦ વર્ષોથી નરોડા પાટિયાની જવાનનગરમાં રહે છે.
- <u>પેજ નં.૩ પેરા નં.૬</u>

તે સમયે સવારે નવ સાડા નવ વાગે બુમાબુમ થયેલી તેથી મેં બહાર આવીને જોયેલું. તે વખતે હિન્દુ ટોળાના માણસો મસ્જીદ પર પથ્થરમારો કરતા હતા. તેથી હું ગભરાઈને મારા બાલબચ્ચાને લઈને અમારી ચાલીની પાછળ આવે સોસાયટીમાં ગયેલો. હું ગંગોત્રી સોસાયટીમાં ગયેલો.

<u>-પેજ નં.૩ પેરા નં.૭</u>

મેં ટોળા આગ લગાડતા હતા તે ધાબા પરથી જોયેલું. મેં ટોળા માર મારતા હતા તે પણ જોયેલું. અમે ધાબા પર રાત સુધી રોકાયેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૯</u>

મેં જે ટોળા આગ લગાડતા હતા અને મારતા હતા તે ટોળામાં જય ભવાની અને તિવારીને જોયેલા.

આ સાહેદે તેમના ૧૩-૫-૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં સામેલ હોવાનું જણાવી આરોપી આગ લગાડતા માર કાપ કરેલ છે તેવુ જણાઈ આવે છે. આરોપી તે સાહેદે નજરો નજર જોયેલ છે. આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૩) હુસેનભાઈ વલીભાઈ કલાડીયા, સાહેદ નં. ૧૦૫, આંક-૬૭૬

- ૧૭.૫.૦૨ નો પોલીસ જવાબમાં નામ છે
- ૨૮.૬.૦૮ ના શીટના જવાબમાં નામ નથી
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ પરંતુ ઓળખેલ નથી
- <u>પેજ નં.૬ પેરા નં.૧૦</u>

નરોડા પાટીયા વિસ્તારના ઘણાં લોકો આ ટોળામાં હતા......આ ટોળામાં મનોજ સીંધી, સુરેશ લંગડો, બીપીન ઓટોવાળો, ગુડ્ડુ છારો, ભવાનીસીંગ તથા તિવારીનાઓના હતા.

આ આરોપી પોલીસ અને શીટ રૂબરૂના નિવેદનમાં સાહેદે નામ આપેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે સબળ પુરાવો આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ સાહેદે બનાવ નજરો નજર જોયેલ છે અને તેઓ નરોડા પાટીયા વિસ્તારના કેટલાક લોકો ને ઓળખેલા છે. જેઓ બનાવના દિવસે મુસ્લિમોને મારકાપ કરતા જીવતા સળગાવતા હતા તે ટોળામાં સામેલ હોવાનું જણાવેલ છે આરોપીનું નામ આપેલ છે આ આરોપી પણ ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં સામેલ હોવાનું જણાઈ આવે છે આમ આ સાહેદની જુબાની નહિ માનવાને કોઈ કારણ નથી.

(૪) ફરજાના ઐયુબખાન પઠાણ (ઈન્જર્ડ) , સાહેદ નં. ૧૦૬, આંક-૬૮૭

- ૨૮.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે, એકટ છે
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલ

પેરા નં.૮ પેજ નં.૪

મેં જોયેલ ટોળાના માણસો મારો કાપોની બુમો પાડતા હતા ટોળાના થોડાક લોકોએ સફેદ ગંજી અને ખાખી ચડ્ડી પહેરેલી હતી અને માથે કેસરી પટ્ટી બાંધેલી હતી. હિન્દુઓના ટોળાના માણસોના હાથમાં તલવાર, હોકી, પાઈપ જેવા સાધનો હતા. આ ટોળાની આગળ પોલીસ હતી અને પોલીસ અમને ભગાડતી હતી. તે રીતે અમે અમારી ચાલી સુધી આવી ગયેલા. હિન્દુ ટોળાના માણસો અમારી ચાલીમાં સળગાવવાનું તથા તોડફોડ કરતાં હતા. ટોળું આ રીતે તોડફોડ કરી આગ લગાડતું હતું.

પેરા નં.૯ પેજ નં.૪-૫

ત્યારે બપોરના આશરે બેથી ત્રણ વાગેલા ત્યારપછી અમે ત્યાંથી એસ.આર.પી. કવાર્ટસમાં જવા લાગેલા. ત્યારે અમને ત્યાં જવા દીધેલા નહીં અને ગાળો બોલી ત્યાંથી ભગાડી દીધેલા અને અમને એવુ કહેલું કે, આજે તો તમારે મરવાનું જ છે.

અમને અહીંયા કોઈએ આશરો આપેલો નહીં ત્યારપછી એસ.ટી. વર્કશોપમાંથી કાકડા, પથ્થર તથા સળગતા પથ્થર જેવુ બનાવીને અમારા ઉપર યાને કે મુસ્લીમો ઉપર નાંખતા હતા. આ સમયે સાંજના આશરે છ વાગ્યાનો સમય હશે

પેરા નં.૧૦ પેજ નં.૫-૬

પછી અમે ત્યાં જ આવેલ જયભવાનીના ઘર પાસે જઈને બેઠેલા. ત્યારે ત્યાં એક પોલીસવાળાએ આવીને અમને કહેલું કે, તમને તમારી સેફટીમાં ગાડીમાં લઈ જઈએ,

અમે આ વાત સાચી માનીને પોલીસ સાથે ગયેલા તો ત્યાં પણ હિન્દુઓનું મોટું ટોળુ હતું. તે વખતે બીજીબાજુથી પણ હિન્દુઓનું મોટું ટોળું આવેલુ અને અમે ત્યાં ઘેરાઈ ગયેલા. અમે ઘેરાઈ ગયેલા તે જગ્યા ગંગોત્રી ગોપી સોસાયટીનો ખાંચો હતો. તે વખતે મારી સાથે મારી બંને દિકરીઓ, મારા ભાઈ ભાઈ, મારી માતા, મારો ભત્રીજો અકરમ તેટલા લોકો મારી સાથે જ હતા. તે પછી મારો કાપોની બુમો પાડવા લાગેલી.

<u>પેરા નં.૧૧ પેજ નં.૬</u>

તે વખતે હિન્દુના ટોળાએ મારી માતા મુમતાજને ખેંચી લીધેલી અને તેઓએ મારી માતાને મારી સામે મારીને સળગાવી દીધેલી

<u>પેરા નં.૧૨ પેજ નં.૬</u>

આ વખતે મારી બે દીકરીઓ પણ મારી સાથે હતી અને મારી મોટી દીકરી ફરહાનાને ટોળાના માણસો મારી પાસેથી ખેંચીને લઈ ગયેલા. તેણીના કપડા ઉતારી નાંખેલા અને ટોળાના માણસોમાંથી ચાર પાંચ જણાંએ તેણીની ઈજ્જત લુટેલી. મારી નાની દીકરી રેશ્માને બંને હાથ પર પાઈપ મારી તેણીના હાથને ફ્રેકટર કરેલું. ટોળાના માણસોએ મારા શરીરના પાછળના ભાગ પર પણ તથા હાથ પર પેટ્રોલ નાંખીને મને સળગાવેલી.

<u>પેરા નં.૧૪ પેજ નં.૭</u>

આ વખતે ટોળાના માણસોએ ત્યાં એક ઝરીના નામની છોકરી હતી અને તેને પણ ખેંચીને લઈ ગયેલા. તેણીની પણ ઈજ્જત લુંટેલી અને હાથ કાપેલો.

<u>પેરા નં.૧૬ પેજ નં.૭</u>

તે હિન્દુઓના ટોળામાં જય ભવાની, સહેજાદ, તિવારી તથા મનુનાઓ હતા. હું તેઓને ઓળખું છું.

<u>- પેજ નં.૯ પેરા નં.૨૩</u>

મે જે ચાર જણાના નામ જણાવ્યા તેમાં મને જાણ છે ત્યાં સુધી જયભવાની મરણ ગયેલછે. હું મનુ તિવારી તથા સહેજાદને ઓળખું છું. હું આ ત્રણેયને નામદાર કોર્ટમાં હોય તો ઓળખી ન શકુ. પરંતુ આરોપી બેઠા છે ત્યાં જઉં તો ઓળખી શકુ. પરંતુ આરોપી બેઠા છે ત્યાં જાઉં તો ઓળખી શકું.

આ સાહેદે શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદ ઈજા પામનાર સાહેદ છે સાહેદ બનાવના દિવસે કમ્મરના ભાગે બલી ગયેલ સાહેદની માતાને બનાવના દિવસે આરોપી સામેલ હતા ટે ટોળો બાળી

મારી નાંખેલ છે તેમની દિકરી ફરજાનાને ટોળાના માણસોએ  બળત્કાર કરી મારી નાંખેલ છે તેની નાની દીકરી રેશ્માને બંન્ને હાથ ઉપર પાઈપ મારી બંન્ને હાથ ફ્રેક્ચર કરેલ છે અને આજ ટોળાના માણસોએ સાહેદના શરીરના પાછળના ભાગે પેટ્રોલ નાંખી સળગાવી દીધેલ છે. આ સાહેદે ઝરીના નામની છોકરી પર બળાત્કાર કરતા તેના હાથ કાપતા નજરો નજર જોયેલ છે આ સાહેદે બનાવના સ્થળે પાણીની ટાંકી પાસે તેમના કમ્મરના ભાગે લાગેલ આગ જમીન ઉપર આળોટી આગ ઓલવેલ છે અને પાણીની ટાંકી પાસેથી પોતાની નરી આંખે સમગ્ર બનાવ જોયેલ છે અને મારકાપ, બળત્કાર કરતા ટોળામાં આરોપી તીવારી તરીકે ઓળખી કાઢેલ છે.

સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનીઓ નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી આરોપી સામે માર કાપ, લુંટ ફાટ, બળાત્કાર અને સાહેદની માતા, દીકરીને મારીને બાળી નાંખવા સાહેદની દિકરીને હાથ ફેકચર કરવામાં તેમજ ફરજાના, ઝરીનાની ઉપર બળાત્કાર સબબે આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે અને આ સમગ્ર બનાવમાં આરોપી સામેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ નથી.

### (૫) ફાતમાબીબી મો.યુસુફ શેખ , સાહેદ નં. ૧૧૨, આંક-૭૧૭

- ૨૮.૫.૦૮ ના શીટના જવાબમાં નામ આપેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.

<u>પેરા નં.૧૩ પેજ નં.૫</u>

ત્યારબાદ એસ.ટી. માંથી પથ્થરમારો શરૂ થયેલો.

<u>પેરા નં.૧૪ પેજ નં.૬</u>

તે વખતે જયભવાની કરીને એ.એમ.ટી.બસનો ડ્રાયવર મળેલો, તેણે મને ‘‘આપા શું થયું ?’’ તેમ પુછેલું તો મે કહેલું કે, અમારા બાળકો રડે છે. અમે ભુખ્યા છીએ, સવારના ભુખ્યા છીએ. અમારૂ ઘર લુંટફાટ કરીને સળગાવી દીધું છે. જયભવાનીએ ત્યારે જણાવેલું કે, ‘‘થોભો, હું તમારી જમવાની વ્યવસ્થા કરૂ છું.’’ ત્યારબાદ તે થોડે દુર જઈ ત્યાં ખાડા પાસે ઉભેલ હિન્દુ ટોળાને હાથથી અમારા તરફ ઈશારો કરેલો. એ ટોળું અમારા ભણી આવેલુ. મે આ ટોળામાં ભવાનીસીંગ છાર, ગુડુ છારો તેના હાથમાં તલવાર હતી તે, સહેજાદ છારા જેના હાથમાં હોકી હતી તે તથા સુરેશ છારા જેના હાથમાં ગુપ્તી હતી તે તમામને મેં જોયેલા.

<u>પેરા નં.૧૮ પેજ નં.૭-૮</u>

હું જોઈ શકાય તે રીતે ઉભી હતી તે સ્થળ પરથી મેં ખુલ્લા મેદાન તરફ જોયેલું તો ત્યાં ટોળું પેટ્રોલ, ડીઝલ, તલવાર વગેરે સાથે ઉભેલું મેં જોયેલું તે વખતે જેટલા લોકો અમારાથી અલગ થઈ જતાં રહેલા તેઓને ત્યાં ઉભેલા પોલીસવાળાએ પાછા આવવા દીધેલા નહીં અને તેઓ ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટી નજીક પાણીની ટાંકીના ખાંચામાં સંતાઈ ગયેલા.

<u>પેરા નં.૧૯ પેજ નં.૮</u>

હું ગંગોત્રીની ચાલી તરફ પાછી વળેલી ત્યાં એસ.આર.પી. કવાર્ટસ પાસે તાર બાંધેલા હતા ત્યાં બે પોલીસવાવા બેઠેલા હતા. મે આ બંને જણાંને અમને અંદર જવા દો, તેવું કહેતા તેઓએ કહેલું કે, 'તમારા માટે ઉપરથી ઓર્ડર આવેલો છે, તમારે બચવાનો કોઈ ચાન્સ નથી.' તેઓએ અમને કહેલું કે, 'અલ્લાહ બોલવાનું નથી તમે રામ બોલો' મે કહેલું કે 'રામ કેમ બોલીએ' તો તેમણે કહેલું કે 'ગોધરામાં તમે લોકોએ કેવું કરયું છે.' તો મેં કહેલું કે, 'ગોધરામાં પાટીયાના મુસલીમો ન હતા તો અમને શું કામ સજા કરો છો'. છતાં પણ અમોને અંદર જવા દીધેલા નહીં.

<u>પેરા નં.૨૦ પેજ નં.૮</u>

તેઓ અમને અહીંથી જતાં રહો તેમ કહેતા હતા પણ અમે ન જતાં તેઓ અમને બંદુકથી તથા લાકડીથી મારવા લાગેલા અને અમારા ઉપર ટિયરગેસ છોડેલા. . . .. .. આવા વખતે સાંજના અંદાજીત સાત સાડાસાત વાગ્યા હશે

<u>પેરા નં.૨૧ પેજ નં.૯</u>

બચાવો બચાવો ના અવાજો પાણીની ટાંકી નજીકના ખાંચા તરફથી આવેલા કે જયાં અમારાથી છુટા પડેલા મુસ્લીમો છુપાયેલા. અમે તે તરફ જોયેલું . મેં જોયેલું કે આ સંતાયેલા મુસ્લીમોને તલવારો, ધારિયા વગેરેથી કાપી નાંખી ત્યાં જ આગ લગાડેલી હતી. તે આગ તે માણસોના શરીર ઉપર પેટ્રોલ, ડીઝલ નાંખીને લગાડવામાં આવેલ.

<u>પેરા નં.૨૨ પેજ નં.૯</u>

ત્યાં નાના નાના માસુમ બાળકો હતા. તેઓ સવારથી પાણી વગરના હતા અને પાણી માંગતા હતા તો તેઓ બાળકોને ડીઝલ, પેટ્રોલ પીવડાવતા હતા.. . . ત્યારપછી થોડા સમયમાં જ બુમાબુમની વધુ અવાજો આવવા લાગેલા તથા ઈજ્જત બચાવો તેવી બુમો સંભળાતી હતી. ત્યાં જવાન છોકરીઓ નગ્ન હાલતમાં હતી.

<u>પેરા નં.૨૩ પેજ નં.૧૦</u>

અમારી નજર સમક્ષ પહેલા અમારાથી છુટા પડી ગયેલા મુસ્લીમોને કાપેલા. તેઓને યાને કે હિન્દુઓના ટોળાને એવું લાગેલું કે, બધા મરી ગયા છે, તો તેઓ સીટી વગાડી ગાયનો ગાઈ, બધા મરી ગયા, તેવી બુમો પાડતા હતાં. જે મેં સાંભળેલું.

- પેજ નં.૭ પેરા નં.૧૭

આ ઘરમાંથી નીકળીને અમે બહાર ગયેલા ત્યાં એ.એમ.ટી.એમ. માં કંડકટર તરીકે નોકરી કરતો તિવારી તથા યુનિફોર્મ પહેરેલ પોલીસવાળા હતા અને તેઓને સલામત જગ્યાએ અમોને આશરો આપવા વિનંતી કરેલી તો તેઓએ અમારી વ્યવસ્થા ખાડા તરફ કરી છે ત્યાં જાવ તેવું જણાવેલ

આ સાહેદે શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે સજ્જડ પુરાવો આપેલ છે.

આ બનાવમાં સાહેદને માથામાં પથ્થર વાગેલ છે તેમજ સાહેદના પતિને બંન્ને હાથ ફ્રેક્ચર થયેલા જેની સારવાર સારૂ કેમ્પમાં કરાવેલ છે સાહેદની ઈજાની સહાય પેટે સરકાર ૧,૨૫,૦૦૦-૦૦ આપેલ છે આથી । સાહેદ ઈનજર્ડ નજરો નજર જોનાર સાહેદ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં સામેલ હતો તેમણે ભુખ્યા, તરસ્યા મુસ્લિમોએ જમવાની વ્યવસ્થા કરવા આજીજી કરતા તેણે વ્યવસ્થા કરૂ છું.ેવુ કહિ આ આરોપીએ થોડે દુર ખાડા તરફ ઉભેલા હિન્દુઓના ટોળાને હાથથી ઈસારો કરી બોલાવેલ તે ટોળામાં બીજા તો.દારો હતા અને મીયિાઓને મારીનાંખો, કાપી નાંખો, એવી બુમો પાડતા હતા અને આજ આરોપીએ મુસ્લિમોને સુયોજીત કાવતરાના ભાગરૂપે મુસ્લિમોને ખાડા તરફ મોકલેલા અને ત્યાં તેમની ઉપર હુલમો થયેલો આમ આ આરોપીએ સદર ગુનામાં ગુનાહિત કાવતરૂ પાર પાડવામાં ચાવી રૂપ કામ કરેલ છે.

આરોપી મુસ્લિમોને વસ્તી પાસે રહેતો હતો સાહેદો તેમને સારી રીતે ઓળખતા હતા જેથી આરોપી ઉપર ખુબ જ વિશ્વાસુ હોવાથી તેમની ઉપર ભરોસો રાખી આરોપી પાસે આશરો, માંગતા મદદ માંગતા આ તિવારીએ તો.દારો સાથેના સુયોજીત કાવતરાના ભાગ રૂપે તેને અંતીમ આપવા મુસ્લિમોને એવી જગ્યા મોકલ્યા જ્યાં ટોળા કાવતરાની રૂપરેખા આપવા ઉભેલા હતા અને હથિયારોથી સજ્જ હતા જેમણે મુસ્લિમો ઉપર હુમલો કરેલ છે.

આમ આરોપીએ માનવજાતને લાંછત લાગે તેવુ કૃત્ય કરી મુસ્લિમોને મદદ કરવાને બદલે મોતને હવાલે કરવાનું કામ જાણતા હોવા છતા ઈરાદાપુર્વક કરેલ છે જેતી આરોપીને કોઈપણ સંજોગોમાં માફ કરી શકાય તેમ નથી.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

**(૬) મો.નસીમ શેખ બુધ્ધુ , સાહેદ નં. ૧૭૩, આંક-૧૧૯૦**

- ૨૧.૬.૦૮ ના શીટના જવાબમાં નામ આપેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૮</u>

આ વખતે ગંગોત્રી સોસાયટીમાં  તિવારીનું ઘર છે કે જે કંડકટર છે, તેના ઘરમાં અમારા મહોલ્લાના ઘણાં લોકો હતા જેમાં મારા બાળકો તથા મારી પત્ની પણ હતા. આ તિવારી પહેલા અમારી પડોશમાં રહેતા હતા. હુ પણ આ તિવારીના ઘરમાં જતો રહેલો. અમે ઘણો સમય સુધી તિવારીના ઘરમાં બેસી રહેલા પછી ત્યાં રડવાની, ગેસના બાટલાઓ ફુટવાની તેમજ બચાવો બચાવોના અવાજો આવતા હતા. આ સમયે લગભગ સાંજ થવા આવેલી.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૯</u>

આ વખતે તિવારીએ અમો તમામને એવુ કહેલું કે, તમે બધા અહીંથી નીકળી નરોડા તરફ જતાં રહો ત્યાં તમારા માટે  વ્યવસ્થા થયેલી છે. અમે ઘણાં બધા ત્યાં હતા તે ધીમે ધીમે તિવારીના ઘેરથી નીકળવા લાગેલા અમે પણ નીકળી ગયેલા. અમારામાંથી જેને જયાં યોગ્ય લાગયું તેમ નીકળવા લાગેલા. કોઈક એસ.ટી.વર્કશોપ તરફ ગયું, કોઈ એસ.આર.પી.કવાર્ટસ તરફ ગયું તથા કોઈ નરોડા તરફ પણ ગયેલું. અમે બહાર નીકળીને થોડે દુર નીકળ્યા પછી એવું વિચારેલું કે, નરોડા ખુબ દુર પડશે તેથી અમે એસ.આર.પી. કવાર્ટસ તરફ વળી ગયેલા. અમે ગંગોત્રી ગોપીનાથ પાર કરીને એસ.આર.પી.કવાર્ટસ તરફ ગયેલા.

<u>- પેજ નં.૧૦ પેરા નં.૨૦</u>

નરોડા તરફ જેઓ ગયેલા તેઓ મારી જાણ મુજબ માર્યા ગયેલા. મેં આવી વાત સાંભળીને જાણી છે.

આ સાહેદે તેમના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવતા દિવસે નરોડા પાટીયા વિસ્તારમાં પોતના જીવબચાવવા પરિવાર સાથે આમ તેમ ભાગતો હતો બધી જગ્યાએથી હિન્દુ ટોળાના ડરથી ભાગતો ભાગતો વિશ્વાસ અને ભરોસો રાખી તિવારીના ઘરમાં આશરો લીધેલો ત્યાં તિવારી

આવી એવુ જણાવેલ કે તેમ બધા નરોડા તરફ જતા રહો બધા મુસ્લિમો નિવારીના ઘરમાંથી નીકળવા લાગેલા તેમાંથી અમુક જણા તિવારી ઉપર ભરોસો આપી તેના કહેવા મુજબ નરોડા તરફ ગયેલા અને જે નરોડા તરફ ગયેલા તે તમામ લોકો મરી ગયેલા તેવુ સાહેદે જાણેલુ.

આમ તિવારીએ સમગ્ર હિંચકારા બનાવમાં આવી રૂપ ભુમિકા ભજવેલ છે તેઓએ અભણ, ભુખ્યા, તરસ્યા લોકોને મોતના મુખમાં ધકેલ્યા છે તેવુ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૭) ઝુલેખા સરદારએહમદ ચૌધરી , સાહેદ નં. ૧૭૬, આંક-૧૨૧૨

- ૨૮.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૫</u>

અમે ત્યાંથી ગંગોત્રી સોસાયટીમાં પાછા આવેલા. ત્યાં પાણીની ટાંકી આવેલી છે. અમારા મુસ્લીમો ટાંકીની પાછળ સંતાઈને બેઠેલા હતા. ત્યાં ટોળાવાળા માણસોએ આ સંતાયેલા મુસ્લીમો પર પેટ્રોલ, ડીઝલ તથા ધાબળા નાંખીને તે મુસ્લીમોને સળગાવી દીધેલા. જે મેં પોતે જોયેલું છે. અમે ત્યાંથી નીકળીને ગંગોત્રી પાસે આવી ગયેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૬</u>

અમે ગંગોત્રી સોસાયટીના એક મકાનના ધાબા પર આવી ગયેલા. ટાંકી પાસે મુસ્લીમોને સળગાવેલા તેમાંથી જે લોકો બચી શકેલા તેઓ ગંગોત્રી સોસાયટીના આ મકાન બાજુ આવતા હતા. આ જગ્યાએ ગંગોત્રી સોસાયટી પાસે પણ હિન્દુ લોકોના ટોળા હતા. તેઓ કહેતા હતા કે, હવે તમે કોઈ બચી શકશો નહીં. જે મેં સાંભળેલુ. અમે પછી બધા પર ચડી ગયેલા.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૭</u>

મેં જે ટોળુ ગંગોત્રી સોસાયટી પાસે જોયેલું તેમાં મનુ હરીજન તથા તિવારી કંડકટરને જોયેલા. અમારે કંડકટર તિવારી સાથે સારો પરિચય હતો તેથી અમે તેમને મને તથા અમારા બાળકોને ગંગોત્રી સોસાયટીના તેમના ઘરમાં બેસાડી લેવા વિનંતી કરેલી. મારી ભાભીના ખોળામાં સાબીર નામનો છોકરો હતો તે નીચે પડી જતાં તેને માથામાં વાગેલું. અમે ગંગોત્રી સોસાયટીના ધાબામાં રાતના સાડા અગીયાર વાગ્યે સુધી રોકાયેલા. ત્યારપછી પોલીસની ગાડીઓ આવેલી. પોલીસ અમને લેવા આવેલી. અમે આ ગાડીમાં બેસવા માટે ગંગોત્રીમાંથી

નીકળ્યા ત્યારે રસ્તામાં સ્ત્રી, પુરૂશોની અનેક લાશો પડેલી હતી તે તમામ અમે જોતા જોતા નીકળેલા. અમે પછી ગાડીમાં આવીને બેસી ગયેલા. આ ગાડી અમને શાહઆલમ લઈ ગયેલું

આ સાહેદે તેમના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદ ની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી ગંગોત્રી સોસાયટી પાસે જે પાણીની ટાંકી આપેલ છે જ્યાં સામુહિક હત્યાકાંડ તો.દારોએ સર્જેલ છે તે હત્યાંકાડમાં આરોપી હાજર હતો ત્યાં સાહેદે આરોપીને નજરો નજર જોયેલ છે.

આ આરોપી સામે યોજનાબદ્ધ રીતે હત્યાકાંડ કરવા માંટેનો સ્પષ્ટ પુરાવો મળી આવે છે જેને નહિ માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે આરોપીનું નામ પોતાની ના.કોર્ટની જુબાનીમાં આપી ઓળખી બતાવેલ છે.

## (૮) મો.યુસુફ શૌફીલાલ , સાહેદ નં. ૧૮૫, આંક-૧૨૭૫

- ૨૮.૫.૦૮ ના શીટના જવાબમાં નામ આપેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૪</u>

આ ટોળામાં મેં ચાર જણાંને ઓળખેલા. આ ટોળામાં જયભવાની, તિવારી, સુરેશ લંગડો તથા ગુડુ છારાનાઓને મેં ઓળખેલા. આ ટોળામાં સુરેશ લંગડાના હાથમાં તલવાર હતી. જયભવાનીના હાથમાં તલવાર હતી. તિવારી અમોને તમો મુસ્લીમો માટે સલામતીની વ્યવસ્થા રાખી છે આ બાજુ આવી જાવ તેવુ કહેતો હતો. તિવારી ટોળાના માણસોને ઉશ્કેરણી કરતો હતો. તિવારી પહેલા અમો મુસ્લમાનોને સહારો આપી પછી ટોળાન બોલાવતો હતો. આ બનાવમાં ભાગમભાગી થઈ ગયેલી. હું પોચે રોડ પર જ હતો.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૮</u>

મેં અમો મુસ્લીમોને ગલીમાં ટોળાને મારકાપ તથા લુંટફાટ કરતું જોયેલું. આ તમામ જોઈને હું ગંગોત્રી સોસાયટી તરફ ભાગેલો.

<u>- પેજ નં.૬-૭ પેરા નં.૧૯</u>

ગંગોત્રી સોસાયટી પાસે પણ ટોળું હતું ત્યાં મેં બે જણાંને જોયેલા. આ ટોળામાં મેં તિવારી અને ભવાનીને જોયેલા. આ વરતે સાડા ચાર પાંચ વાગ્યાનો સમય થયેલો. હું ગંગોત્રી

તરફ ભાગતો હતો ત્યારે મને મારી સલામતી હોવાનું લાગેલુ નહી તેથી હું પરત હુસેનનગર, ગલી નં.૪ માં પાછો આવેલો. હું આ રીતે પરત આવ્યો ત્યારે સુરેશ લંગડો મારી પાછળ પડેલો. તેના હાથમાં તે વખતે તલવાર હતી. સુરેશ લંગડો મારા જેટલી ઝડપથી મારી પાછળ પડી શકેલો નહીં તેથી હું ભાગી ગયેલો. આ રીતે ભાગવા જતાં મને રોડ ઉપરનો સળીયો વાગી ગયેલો.

આ સાહેદે તેમના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે તિવારીએ આ ગુનામાં ગુનાહિત કાવતરૂ પાર પાડવામાં સૌથી મહત્વની સફળ ભુમિકા ભજવેલ છે કારણ કે મુસ્લિમો તિવારી ઉપર ભરોસો રાખતા હતા અને તેના કહેવા મુજબ જે તે જગ્યાએ જતા હતા પરંતુ આ આરોપીએ તેમના ભરોસાનો ભંગ કરી એક ગુનાહિત કાવતરૂ પાર પાડવા બીજા તો.દારો સાથે મળી મુસ્લિમોને સહારો આપી ત્યારબાદ ટોળાને બોલાવતો અને તે ટોળુ આ મુસ્લિમો ઉપર હુમલો કરતુ અને ખુની ખેલ ખેલતો હતો આ સાહેદે આરોપી સામે વધુ પુરાવો આપતા જણાવે છે કે આરોપી ટોળાના માણસોને ઉશ્કેરણી કરતો હતો અને ટોળું ઉશ્કેરાઈ માર કાપ લુંટ ફાટ કરતું હતુ જે આ સાહેદે પોતાની નજરો નજર જોયેલ છે.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

### (૯) અલ્તાફ અ.રહેમાન સૈયદ , સાહેદ નં. ૧૮૭, આંક-૧૨૭૯

- ૧૩.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં આરોપીનું ના આગ લગાડતા ટોળામાં આપેલ છે.
- સીટનું જવાબ નથી.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.
- <u>પેજ નં.૨ પેરા નં.૪</u>

બનાવ તા.૨૮.૨.૦૨ ના રોજ બનેલો. તે દિવસે સવારે હું મારા ઘેર હતો. તે દિવસે બંધનું એલાન હતુ. તે દિવસે સવારે નવ સાડા નવ વાગ્યે હું મારા ઘરની બહાર નીકળી રોડ ઉપર ગયેલો. રોડ ઉપર ખુબ જ ભીડ હતી. રોડની બે બાજુ યાને કે નટરાજ હોટલ તરફ તથા કૃષ્ણનગર તરફ અમે બંનેબાજુ ટોળાઓ હતા. બંને ટોળા ભેગા મળી નુરાની મસ્જીદ પાસે આવેલા. ટોળાના માણસોએ મસ્જીદ પાસે તોડફોડ કરી આજુબાજુની દુકાનો તથા વાહનોને આગ લગાડેલ. બંને ટોળા નુરાની મસ્જીદ પાસે ભેગા થઈ ગયેલાં.

<u>- પેજ નં.૩ પેરા નં.૫</u>

ટોળુ પછી હુસેનનગર તરફ આગળ વધેલું. તેઓ હુસેનનગરના મકાનો બાળતા ગયા અને આગળ વધતા ગયેલ. હું તથા મારા આજુબાજુના મુસ્લીમો અમારા મહોલ્લામાં પાછળની બાજુએ આ બધું થતાં જતા રહેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

બપોરના ૩-૪ વાગ્યા સુધી ટોળું અમારા ઘર સુધી પહોંચી ગયેલું. આ સમયગાળા દરમ્યાન અમે અમારા ઘરની જ પાછળના ભાગે જતાં રહેલાં. ટોળાના માણસો અમારી ગલીના અમારા મકાનોમાં આગ લગાડતા હતા.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

આ ટોળામાં ભવાનીસીંગ તથા તિવારીનાઓ હતા.જેઓને હું ઓળખતો હતો. આ બનાવમાં અમારૂ મકાન બળી ગયેલું.

આ સાહેદે પોતાના પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપી આગ લગાડતા ટોળામાં આવેલ હોવાનું જણાવેલ છે. સાહેદે ના.કોર્ટ રૂબરૂની મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી આરોપીની હાજરી બનાવના દિવસે પ્રસ્થાપિત થાય છે સાહેદે આરોપીને હુસેનનગરના મકાનો બાળતા તેમજ ચાલીઓમાં ઘુસતા જોયેલા છે. મકાનોને આગ લગાડતા જોયેલ તે ટોળામાં સાહેદે આરોપીને ઓળકેલા છે. આમ આ આરોપી મુસ્લિમોની મિલ્કતને નુકશાન પહોંચાડવાનું કૃત્ય આચરેલ છે તેવુ સાહેદની જુબાની ઉપરતી ફલીત થતુ હોઈ તેને નહિ માનવાને કોઈ કારણ નથી. સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૧૦) મહંમદભાઈ બચુભાઈ બેલીમ , સાહેદ નં. ૧૮૮, આંક-૧૨૮૨

- ૨૬.૫.૦૮ ના શીટના જવાબમાં મુસ્લિમો તરફ સળગતા કાકડા નાખતા હતા તે રીતે ટોળામાં નામ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૪</u>

આ સમય પછી હુસેનનગરમાં ધીમે ધીમે એસ.ટી.ની દિવાલ પાસેના ભાગે ટોળાઓ વધતા ગયેલા. આ ટોળાના માણસો લોકોને મારકાપ કરતા હતા તેમજ બાળી નાંખતા હતા. આ સ્થિતિમાં ભયના કારણે હું સાંજે આશરે પાંચ વાગ્યે હુસેનનગરમાંથી ગંગોત્રી

સોસાયટીના એક મકાનના ધાબા પર જઈને છુપાઈ ગયેલો ત્યાં બીજા ઘણાં મુસ્લીમો હતા. આ સમયે મારા પરીવારજનો મારાથી છુટા પડી ગયેલા.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૫</u>

મેં ગંગોત્રીના આ મકાનના ધાબા પરથી જોયેલું કે, જયભવાની છારો તથા તિવારી કંડકટર લોકોના ટોળાને ઈશારો કરી અમો છુપાયા હતા તે જગ્યા બતાવતા હતા. આ ટોળાના માણસોએ તલવારોથી માણસોને કાપેલા અને સળગતા કાકડા નાંખી જીવતા સળગાવેલા. હું રાત્રે બાર વાગ્યા સુધી આ ધાબે જ રહેલો.

આ સાહેદે તેમના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપી સળગતા કાકડા નાંખતા હતા તેમ જણાવી આરોપીનું નામ આપેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરતી એવુ ફલીત થાય છે કે આરોપી ટોળાના લોકોને મુસ્લિમો જે જગ્યો છુપાવેલા તે જગ્યાએ ઈશારો કરી બતાવતા હતા અને ટોળાના માણસો ને જગ્યાએ જઈ તલવારોથી કાપી અને સળગતા કાકડા નાંકી જીવતા સળગાવતા હતા.

આ સાહેદ પણ અગાઉના સાહેદોની જુબાની ને સમર્થન આપે છે. આમ આ આરોપીએ સમગ્ર બનાવમાં મુખ્ય ભુમિકા ભજવેલા નું સાબીત થાય છે અને મુસ્લિમોને મારકાપ કરવામાં અગત્યનું ભાગ ભજવેલ છે તેવુ સાબીત થાય છે.
સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

### (૧૧) હારૂન મોહંમદભાઈ શેખ, સાહેદ નં. ૧૯૮, આંક-૧૩૬૩

- તા.૨૮.૫.૦૮ તથા તા.૧૨.૯.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

અમે સાંજના આશરે ચાર વાગ્યા સુધી આ રીતે ગોપીનાથનગર તથા ગંગોત્રી સોસાયટીમાં રહેલા. અમે આ જગ્યાએ બેઠેલા હતા ત્યારે તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડુએ અમે ૧૫-૨૦ મુસ્લીમો બેઠેલા હતા ત્યાં આવીને અમને જણાંવેલુ કે, તમે પાછળના રસ્તે એસ.આર.પી.કવાર્ટસ જતાં રહો આ વખતે અમે સ્ત્રી, પુરૂષો, બાળકો એમ તમામ સાથે હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડ્ડુ અમારા જ વિસ્તારમાં રહેતા હોવાથી અમે તેમની વાત માનીને તેમની સાથે જવા લાગેલા. અમે નીકળતા હતા ત્યારે ગોપીનાથનગરના ઝાંપાની પાસે ટોળાના લોકો છુપાઈને બેઠેલા હતા અને અમે બહાર નીકળતા તે તમામ ટોળાના માણસોએ અમોને ઘેરી લીધેલા. આ છુપાઈ રહેલા ટોળામાં સચીન તથા સુરેશ લંગડો હતા. આ બનાવ વખતે અમે ગોપીનાથનગર સોસાયટીમાં બચવા માટે પાછા આવી ગયેલા અને ગોપીનાથનગરની સોસાયટીની પાણીની ટાંકી પાસે એક ખાંચો પડે છે તે ખાંચામાં જતા રહેલા. અમે ખાંચામાં એવું વિચારીને ગયેલા કે, ટોળું સામેથી નીકળી જશે. પરંતુ ટોળાએ આ ખાંચાવાળા ભાગમાં જ અમારી મારકાપ શરૂ કરેલી. ટોળાના માણસોએ ત્યાં મારકાપ કરીને અમારામાંના લોકોને સળગાવી દીધેલા.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૩</u>

આ રીતે મારકાપ થઈ તેમાં મારા પરીવારની ત્રણ વ્યક્તિઓ હતી. જેમાં, મારી માતા મુમતાજબાનુ, મારી પત્ની ગોસિયાબાનુ તથા મારો દીકરો અકરમનાઓ હતા  જેઓ ત્રણેય આ બનાવમાં મરી ગયેલા. આ ઉપરાંત અમારી કોમના અન્ય લોકો પણ આ મારકાપનો ભોગ બનેલા જેમાં મારી માસી રાબીયા, મારી ભાણી ફરહાના તથા અમારી આજુબાજુ રહેતાં લોકમાં રેશ્મા વગેરે હતા.

<u>- પેજ નં. ૭ પેરા નં.૧૫</u>

આ મારકાપ કરતા ટોળામાં મે પાંચ જણાંને જોયેલા. જેમાં તિવારી હતો જેના હાથમાં તલવાર હતી, જયભવાની હતો જેના હાથમાં તલવાર હતી. મને હવે યાદ આવે છે તેમ જયભવાનીના હાથમાં લાકડી હતી. ગુડ્ડુ હતો જેના હાથમાં તલવાર હતી. સુરેશ લંગડો હતો જેના હાથમાં ધારિયું હતુ, સચીન ઉર્ફે મોદી પણ હતો જેના હાથમાં પાઈપ હતી.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૬</u>

આ રીતે મારામારી થતી હતી તેમાં હું મારા દીકરા અકરમને બચાવા વચ્ચે પડેલો ત્યારે મારા જમણા હાથમાં ધારિયું વાગેલું તથા જમણા આંખે નીચે હું દાઝી ગયેલો જે રીતની ઈજાઓ મને પણ થયેલી. આ તમામમાંથી બચી હું ગંગોત્રી સોસાયટીમાં જઈને છુપાઈ ગયેલો. ત્યાં થોડો સમય હું બેસી રહેતા મારા ધ્યાનમાં આવેલું કે, અમારા મુસ્લીમ કોમના અન્ય લોકો પણ ત્યાં બેઠેલા હતા. આ સમયે મગરીબનો સમય હતો યાને કે સાંજનો સમય હતો.

આ ઈન્જર્ડ સાહેદ તેમના શીટ રૂબરૂના નિવેદનોમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલો છે.

આ બનાવમાં સાહેદની માતા પત્નિ, દિકરો, માસી, ભાણી, અને પાડોશમાં રહેતી રેશ્માનાઓને મારી નાંખેલ છે.આ તમામને પાંણીની ટાંકી પાસેના ખાંચામાં મારીને સળગાવી દીધેલા છે. આ માર કાપ કરતા ટોળામાં સાહેદે આરોપીને તલવાર સાથે જોયેલ છે. આ બનાવમાં સાહેદને પોતાના દીકરાનો જીવ બચાવતી વખતે હાથના ભાગે ધાર્યુ વાગેલ અને દાઝી જવાથી જમણી આંખ ઉપર ઈજા થયેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે પાંણીની ટાંકી પાસે સર્જેલ સામુહીક હત્યાંકાંડમાં આરોપી તલવાર સામે હાજર હતો. અને તેણે મારકાપ કરેલ છે આમ આ આરોપીએ બીજા આરોપીઓ સાથે મલી પાણીની ટાંકી પાસેના ખાંચામાં સામુહીક હત્યાકાંડમાં મુખ્ય ભુમિકા ભજવી છે. તેવુ નહી માનવાને કોઈ કારણ નથી. આ સાહેદે કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

(૧૨) નુરમોહંમદ નજીરમોહંમદ મેવ, સાહેદ નં. ૧૯૯, આંક-૧૩૭૫

-તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં

- તા.૨.૬.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૬

આ ટોળાના માણસોના હાથોમાં પાઈપ, ધારિયા વગેરે હથીયારો હતા. નટરાજ હોટલ તરફથી આવેલું ટોળું નુરાની મસ્જીદ તરફ ગયેલું. કૃષ્ણનગર તરફથી આવેલા ટોળાએ અમારા ઘરની પાછળ આવેલ લારી, ગલ્લા વગેરેમાં આગ લગાડવાનુ ચાલુ કરેલું. આ ટોળાના માણસો મુસલમાનોને મારો કાપો , સળગાવો તેવી બુમો પાડતા હતા.

- પેજ નં.૩ પેરા નં.૮

કૃષ્ણનગર તરફથી આવેલા ટોળાના કેટલાક માણસોના કપાળમાં તથા કમરે કેસરીપટ્ટો હતો. તેમાંથી ચાર વ્યક્તિઓ ટોળાની આગેવાની કરતી હતી તથા ટોળાના લોકોની ઉશ્કેરણી કરતી હતી. આ ચાર વ્યક્તિઓમાં સુરેશ લંગડો, ગુડ્ડુ ભવાની તથા તિવારીનાઓ હતા. તેઓ મુસ્લીમોના ઘર તથા દુકાનો ટોળાના માણસોને બતાવતા હતા અને મુસ્લમાનો છુપાયેલા હતા તે જગ્યા પણ બતાવતા હતા. ત્યારપછી આ ટોળુ મુસલમાનોના ઘરોમાં ઘુસી ગયેલું. હુ પછી મારા ઘરે ગયેલો.

આ સાહેદે પોતાના પોલીસ જવાબ તથા સીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે. સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આ આરોપી બીજા તો.દારો સાથે ટોળાની આગેવાની કરતો હતો અને મુસ્લિમોની મિલ્કતો ટોળાના માણસોને બતાવતો હતો, મુસ્લિમો જે જગ્યાએ તેમનો જીવ બચાવવા સંતાયેલ તે જગ્યા આરોપી ઈશારો કરી ટોળાને બતાવતો હતો અને ટોળુ તેના દોરી સંચાર મુજબ માર કાપ મિલ્કતોને નુકશાન કરવાનું કૃત્ય કરતુ હતુ આ સાહેદે સાહેદ નં.૧૯૮ ની જુબાનીને સમર્થન આપે છે.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૩) સમસુદ્દીન શાહબુદ્દીન રાઠોડ, સાહેદ નં. ૨૦૨, આંક-૧૩૯૪

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ છે.

<u>- પેજ નં.૨ પરા નં.૫</u>

બનાવ તા.૨૮.૨.૦૨ ના રોજ બનેલો. તે દિવસે સવારના આશરે નવેક વાગ્યે હું સવારે ચાની લારી કે જે નુરાની મસ્જીદ પાસે આવેલી છે ત્યાં ચા પીવા ગયેલો. તે દિવસે ત્યાં નુરાની મસ્જીદ પાસે પોલીસનો પોઈન્ટ હતો. મેં નટરાજ હોટલ તરફથી એક ટોળું નુરાની મસ્જીદ તરફ આવતું જોયેલું. ટોળાના માણસોના હાથમાં હથીયાર હતા, તેઓ પથ્થરમારો કરતા હતા તથા નુરાની મસ્જીદની દિશા તરફ આ ટોળાના માણસો આગળ વધતા હતા. આ ટોળું અમારા વિસ્તારમાં દુકાનો તથા મકાનોને આગ લગાડતુ હતુ. આ મેં જોયેલું. આ વખતે નુરાની મસ્જીદના ભાગે પોલીસ હતી.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

મેં જોયેલ ટોળામાં કિશન કોરાણી, મનોજભાઈ, બિપીન ઓટો, ગુડુ છારા, નરેશ છારા, સુરેશ છારા તથા મુંગડા છારાને મેં જોયેલા. ત્યારબાદ કૃષ્ણનગરબાજુથી એક ટોળું આવેલું

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

બીજુ એક ટોળુ અડધા કલાક પછી આવેલું જેની આગેવાની બિપીન ઓટોવાળાએ લીધેલી. આ બે ટોળા ભેગા થઈ ગયેલા. આ ટોળાએ અમારા સમગ્ર વિસ્તાકમાં લુંટફાટ કરેલી. મારા ઘરમાં પણ લુંટફાટ થયેલી. આ વખતે સવારે નવ સવા નવ વાગ્યે પોલીસે અમો મુસ્લીમોની ટોળા પર ફાયરીંગ કરેલું તેમાં આબીદહુસેનને ગોળી વાગેલી. આથી હું મારા ઘર તરફ જતો રહેલો. હું મારા ઘેર પાછો આવ્યો પછી મેં મારા ઘરની બાજુમાં રહેતા મીરાબેનને

મારી બે દિકરીઓ સોંપેલી. મીરાબેન અને મારા ઘર વચ્ચે બે મકાનો આવેલા છે. તેણીના ઘર પછી કોટ આવેલો છે.

-પેજ નં.૭ પેરા નં.૧૩

મેં પોલીસવાળાઓને બનાવ હકીકત જણાવી અને ખાસ કહેલું કે, કેટલાક મુસ્લીમો ગંગોત્રી પાછળની સોસાયટીમાં ફસાયેલા છે. અમે પોલીસને જણાવેલું રેસ આ રીતે ફસાઈ ગયેલા મુસ્લીમોને તમો બહાર કાઢીને લાવો તો બીજા લોકોને હું હાજર કરીશ. અને તો બીજા મુસ્લીમોને વિશ્વાસ પડશે મને આ રીતે ચાર ગનમેન પોલીસે આપેલા અને જણાવેલું કે, તમે આ ગનમેનને લઈને જાવ અને જયાં મુસ્લીમો ફસાયા હોય તથા સંતાયેલા હોય ત્યાંથી લઈને આવો.

- પેજ નં.૭ પેરા નં.૧૪

આ રીતે હું જતો હતો ત્યારે મને સોસાયટીના નાકે ભવાની તથા તિવારી ભૈયાજી મળેલા. મે તેઓને કહેલું કે, જે મુસ્લીમો અહીં રહી ગયા છે તેઓ કયાં સંતાયા છે તે શુ તમને ખબર છે? ત્યારે તેમણે મને ખબર ન હોવાનું જણાવેલું.

- પેજ નં.૮ પેરા નં.૧૫

ત્યારપછી હું આ ગનમેનોને લઈને ગંગોત્રીના ખાંચે ખાંચે ગયેલો ત્યારે ભવાની તેમજ તિવારી ભૈયાજી અમારી પાછળ પાછળ જ હતા. મારો અવાજ સંભાળી ગંગોત્રીના ધાબા પરથી મારી દીકરીએ જ મને પ્રતિસાદ આપી જણાવેલુ કે, તેણી ત્યાં ધાબે છુપાયેલી છે. મે તેણીને પુછતા જણાવેલુ કે, બધા ધાબાઓ પર ઘણાં બધા મુસ્લીમો છે. તેથી આ તમામને ધાબા પરથી ઉતરવાનું જણાવતાં આશરે સાતસો આઠસો મુસ્લીમો હતા. તેઓને પોલીસ પર ભરોસો ન હતો. પરંતુ મેં તેઓને વિશ્વાસ આપવાનો પ્રયત્ન કરેલો. આ વખતે ભવાની તથા તિવારી કંડકટરે મારી સાથેના એક ગનમેનના કાનમાં કાંઈક કીધેલું શુ કીધું હશે તે મને ખબર નથી. પરંતુ તે ગુફતેગુ પછી આ ચારેય ગનમેનો પરત જવા લાગેલા અને એવુ કહેવા લાગેલા કે, જેને આવવું હોય તે ફટાફટ અમારી પાછળ આવવા માંડે. ધાબા પર હતા તે મુસ્લીમોએ આ તમામ વાતો સાંભળતા ઉતરીને અમારી સાથે જોડાઈ ગયેલા. અમે તમામ નુરાની મસ્જીદ સામેના મેઈને રોડ પર ચાલતા ચાલતા આવી ગયેલા. ત્યાં પોલીસની મોટી ગાડીઓ હતી. ત્યાં છ મોટી ગાડીઓ, એક મોટી ટ્રક હતી તથા અમારા વિસ્તારનું એક ટેન્કર પણ હતું.

આ સાહેદે તેમના પોલીસ જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટની રૂબરૂની જુબાની મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપીએ યોજના અનુસાર મુસ્લિમો ઉપર સતત દેખરેખ રાખેલ છે તે ક્યાં જાય છે તેની સતત ખબર રાખેલ છે.

મુસ્લિમોની પાછળ પાછળ રહેલા છે અને પોલીસ સાથે વાતચીત કરી પોલીસને જતા રહેવાનું કહેતા પોલીસ પણ તેની સુચનાથી જતી રહેલી આમ આ આરોપીએ ગુનાહિત કાવતરૂ પાર પાડવામાં સક્રિય ભુમિકા ભજવેલ છે. જેના ફળ સ્વરૂપે મોટુ હત્યાકાંડ સર્જાયેલ છે.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ સાહેદની જુબાની નહિ માનવાને કોઈપણ કારણ નથી.

## (૧૪) સલીમ રહીમભાઈ શેખ , સાહેદ નં.૨૧૭, આંક-૧૫૬૨

- ૨૦.૬.૦૮ ના શીટના જવાબમાં તોફાની ટોળામાં ડંડો લઈને ઉભો હતો.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.

<u>- પેજ નં.૩ પેરા નં. ૪</u>

ત્યારપછી સાંજના આશરે પાંચ છ વાગ્યાના સુમારે તીસરા કુવા તરફથી હિન્દુઓનું ટોળુ હથીયાર લઈને આવેલું. તેઓના હાથમાં પાઈપ, તલવાર વગેરે હતા. ત્યારે ત્યાં એસ.આર.પી.વાળાઓએ ટિયરગેસ છોડેલો ત્યાં પછી ભાગમભાગ થયેલી. આ વખતે ધમાલમાં મારી મમ્મીનો હાથ મારા હાથમાંથી છુટો પડી ગયેલો. હું પછી ગંગોત્રી સોસાયટીના એક મકાનના ધાબા પર જઈને બેસી ગયેલો. ત્યા અન્ય મુસલમાનો પણ બેઠેલા હતા.

<u>- પેજ નં.૩ પેરા નં.૫</u>

આ ધાબા પર હું ગયો પછી આશરે દોઢ બે કલાકે મારો ભાઈ રાસીદ ધાબા પર આવેલો. હું ધાબા પર જવું તે પહેલા ટોળામાં તિવારી કંડકટર, ભવાની તથા બીજાઓ નીચે ઉભેલા જ હતા તેઓ દંડા લઈને ઉભેલા. હુંપછી ધાબે ગયેલો. ત્યાં ધાબે મને રાસીદ મળેલો. રાસીદનું માથું તથા બંને હાથ દાઝેલા હતા. ત્યાર પછી મારો ભાઈ સાબીર આવી ગયેલો

આ સાહેદે તેમના શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ જણાવેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરતી એવુ ફલીત થાય છે કે આરોપી ગંગોત્રી સોસાયટી પાસે ડંડો લઈને ઉભેલો હતો અને તે ટોળામાં સામેલ હોવાનું ફલીત થાય છે.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

(૧૫) ફાતમાબીબી મકબુલભાઈ શેખ સાહેદ નં. ૮૩, આંક-૫૪૨

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આ આરોપીને નુરાની મસ્જીદ પાસેના ટોળામાં પથ્થર મારો કરતા જોયેલા. તે રીતે નામ આપેલ છે.

- પેજ નં.૨, પેરા નં.૩

બનાવ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતી. તે દીવસે ત્યાં મારામારી થતી હતી, ત્યાં ટોળુ હતુ, ટોળુ પથ્થરમારો કરતું હતુ. હું મારા બાળકોને લઈને બહાર જોવા નીકળેલી. સવારના સાડા નવેક વાગે રોડ ઉપર આ બધું થતું હતુ મેં જોયું તો કેટલાક લોકો નુરાની મસ્જીદ પર પથ્થરમારો કરતા હતા તથા સળગાવતા હતા. આ ટોળામાં એક ગુડ્ડુ છારા, શહેજાદ છારા, ભવાની છારો તથા તિવારી હતો. મેં આ તમામને ટોળામાં જોયેલા.

- પેજ નં.૩, પેરા નં.૫

મારા મકાનમાં તોડફોડ કરી આગ લગાડેલી મારા ઘરમાં બે તોલા સોનું, બે પંખા, ઘરવખરીનો તમામ સામાન હતો જે તમામ આ લોકો લુંટીને લઈ ગયેલા.

આમ સદર સાહેદની જુબાની જોતા ફલીત થાય છે કે આ આરોપી અન્ય આરોપીઓ સાથે ટોળામાં ભળી જઈ ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની તેમનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુસર એકસંપ થઈ જઈને નુરાની મસ્જીદને નુકશાન કરવાના બદઈરાદા સહીત ટોળાના માણસો સાથે મળી રહીને પથ્થરમારો કરતા તથા સળગાવતા આ સાહેદે જોયેલ છે. આમ આ આરોપી પથ્થરમારો કરવામાં તથા મસ્જીદને સળગાવવામાં સામેલ હતા તેવું આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે જે નહીં માનવાને કોઈ કારણ નથી. ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદ બનાવને ૮ વર્ષ થઈ ગયા હોય આરોપીના શારીરિક દેખાવમાં ફેરફાર થયો હોવાને કારણે આ આરોપીને ઓળખી શકેલ નથી.

આમ મજકુર તો.દાર પ્રેમચંદ ઉર્ફે તિવારી કંડકટર નાઓ વિરૂધ્ધ ૧૪ જેટલા નજરે જોનાર સાહેદોનો સબબ પુરાવો છે તમામ સાહેદોએ આરોપીને ગુનાહિત કૃત્ય આચરતા ટોળામાં સામેલ હોવાનું જણાવી ના.કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

# <u>તોહમતદાર નં.(૨૬) સુરેશ ઉર્ફે સહેજાદ દાનુભાઈ નેતલકર (મરાઠી છારો)</u>

**(૧) શકીલાબાનું ફિરોજએહમદ અન્સારી, સાહેદ નં. ૭૨, આંક-૫૧૦**

**- સીટના જવાબમાં નામ છે તથા એક્ટ પણ છે**

**- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.**

**<u>- પેજ નં.૫ પેરા નં.૯</u>**

**ગંગોત્રી સોસાયટી તરફ એક શટરવાળી દુકાનમાં ગયેલા. અને તે દુકાનમાં બેઠેલા આ દુકાનમાં બીજા માણસો પણ હતા અમે ત્યાં છુપાઈને બેઠેલા ત્યાં ભવાની છારો આવેલો, ત્યાં ગુડુ છારા પણ આવેલો, ત્યાં સહેજાદ છારા પણ આવેલો, ત્યાં મનુ ભંગી પણ આવેલો. અમને એવુ કહેલું કે, તમે ગભરાતા નહી અને ચાલો, હું તમારા જમવાની વ્યવસ્થા કરૂ છું.**

**<u>- પેજ નં.૭ પેરા નં.૧૨</u>**

**મારા પરીવારજનોથી હું છુટી પડી ગઈ તે પછી તેઓ આગળને આગળ જતા ગયા. જેમાં મારી માતા, મારો ભાઈ મહેબુબ, નાનો ભાઈ શબ્બીરઅહેમદ તથા તેઓના બાળકો તથા નાનાભાઈની પત્નિ વગેરે આગળ જતા રહેલા મે તેઓને આગળ જતા જોયેલા. ભવાનીએ ત્યાં તેઓ આગળ જવા લાગ્યા ત્યારે ટોળાને ઈશારો કરી દીધેલો. ટોળા પાસે ઘણાં બધા હથીયાર, પેટ્રોલ, ડીઝલ વગેરે હતુ. મારા આ પરીવારજનોને મારા દેખતા મારેલુ તેમાં ગુડુ છારા, ભવાની, તથા શહેજાદ છારા તથા મનુ ભંગી તથા સુરેશ લંગડા એ પાંચ જણાં હતા. આ પાંચ જણાં ટોળાને બધુ સળગાવવામાં મદદ કરતાં હતા. મારા પરીવારજનોને પેટ્રોલ નાંખીને આ ટોળાએ જીવતા સળગાવી દીધેલા. મારા ત્રણ મહીનાના નાના ભત્રીજાને પણ જીવતો આગમાં આ ટોળાએ નાંખી દીધેલો.**

**આ સાહેદે પોતાના શીટ રૂબરૂના જવાબમાં નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલી છે.**

**આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપીએ બીજા આરોપીઓ સાથે મળી સાહેદના પરિવાર જનોને પેટ્રોલ કેરોસીન નાંખી જીવતા સળગાવેલ છે. સાહેદના ''માસુમ ૩ માસના ભત્રીજા'' તે પણ આગમાં નાંખેલ છે જે ટોળામાં આ આરોપી રાખેલ હતો અને તેણે હત્યા કરવામાં ભાગ ભજવેલો છે.**

**સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ સાહેદની જુબાની નહિ માનવાને કોઈ કારણ નથી.**

### (૨) ફરજાના ઐયુબખાન પઠાણ , સાહેદ નં. ૧૦૬, આંક-૬૮૭

- ૨૮.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે, એક્ટ છે. મારવામાં હતા

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલ

- પેજ નં.૯ પેરા નં.૨૩

મે જે ચાર જણાના નામ જણાવ્યા તેમાં મને જાણ છે ત્યાં સુધી જયભવાની મરણ ગયેલછે. હું મનુ તિવારી તથા સહેજાદને ઓળખું છું. હું આ ત્રણેયને નામદાર કોર્ટમાં હોય તો ઓળખી ન શકુ. પરંતુ આરોપી બેઠા છે ત્યાં જઉં તો ઓળખી શકુ. પરંતુ આરોપી બેઠા છે ત્યાં જાઉં તો ઓળખી શકું.

આ સાહેદે શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદ ઈજા પામનાર સાહેદ છે સાહેદ બનાવના દિવસે કમ્મરના ભાગે બલી ગયેલ સાહેદની માતાને બનાવના દિવસે આરોપી સામેલ હતા ટે ટોળો બાળી મારી નાંખેલ છે તેમની દિકરી ફરજાનાને ટોળાના માણસોએ બળત્કાર કરી મારી નાંખેલ છે તેની નાની દીકરી રેશ્માને બંન્ને હાથ ઉપર પાઈપ મારી બંન્ને હાથ ફ્રેક્ચર કરેલ છે અને આજ ટોળાના માણસોએ સાહેદના શરીરના પાછળના ભાગે પેટ્રોલ નાંખી સળગાવી દીધેલ છે. આ સાહેદે ઝરીના નામની છોકરી પર બળાત્કાર કરતા તેના હાથ કાપતા નજરો નજર જોયેલ છે આ સાહેદે બનાવના સ્થળે પાણીની ટાંકી પાસે તેમના કમ્મરના ભાગે લાગેલ આગ જમીન ઉપર આળોટી આગ ઓલવેલ છે અને પાણીની ટાંકી પાસેથી પોતાની નરી આંખે સમગ્ર બનાવ જોયેલ છે અને મારકાપ, બળત્કાર કરતા ટોળામાં આરોપી સહેજાદ તરીકે ઓળખી કાઢેલ છે.

આમ આ સાહેદે સદર બનાવમાં પાંણીની ટાંકી પાસે બનેલ સામુહીક હત્યાકાંડના બનાવમાં સક્રિય ભુમિકા ભજવી માર કાપ કરેલ છે તેવુ સ્પષ્ટપણે ફલીત થાય છે.
આરોપીને સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

### (૩) સરફરાજખાન મહેબુબખાન, સાહેદ નં. ૧૦૯, આંક-૭૦૪

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખેલ નથી

પેજ નં.૨ પેરા નં.૩

બનાવ ફેબ્રુઆરી-૨૦૦૨ માં બનેલો. આગલા દિવસે બીજા દિવસે બંધનું એલાન આપેલું. બનાવના દિવસે હું સવારે મારા ઘરે હતો. હું સવારે નવ વાગે બહાર રોડ પર આવેલો. ત્યાં તે દીવસે પંદર વીસ હજાર માણસોનું ટોળું હતું. ટોળાના માણસો આગ લગાવતા હતા, મારા મારી કરતા હતા, સળગાવતા હતા, ત્યાં પુષ્કળ લોકો હતા. હું પરત મારા ઘેર જતો રહેલો. ત્યારપછી હું મારા પરિવારને લઈને ગંગોત્રી બાજુ ગયેલો. અમે ભાગતા ભાગતાં એસ.આર.પી. કવાર્ટસ બાજુ ગયેલો. ત્યાં અમને આશરો આપેલો નહીં.

- પેજ નં.૩ પેરા નં.૫

હું ઘરની બહાર આવ્યો ત્યારે જે ટોળું હતું તે ટોળામાં હું કેટલાક લોકોને ઓળખી શકું. આ ટોળામાં મેં મુગડો છારો, જયભવાની છારો, સહેજાદ છારો, મનોજ વીડીયોવાળો તથા સુરેશ લંગડા છારાને જોયેલા તથા તેઓને મેં ઓળખેલા. આ પાંચેયના હાથમાં હથીયારો હતા.

આ સાહેદે તેમના પોલીસ જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી ગુનાહિત કૃત્ય આચરતા ટોળામાં હથિયાર સાથે સામેલ હતો.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

### (૪) ફાતમાબીબી મો.યુસુફ શેખ, સાહેદ નં. ૧૧૨, આંક-૭૧૭

- તા.૧૯.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ નથી.
- તા. ૨૮.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે. હથીયાર સહિત
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખેલ પણ છે.

- પેજ નં.૬ પેરા નં.૧૪

તે વખતે જયભવાની કરીને એ.એમ.ટી.બસનો ડ્રાયવર મળેલો, તેણે મને ''આપા શું થયું ?'' તેમ પુછેલું તો મે કહેલું કે, અમારા બાળકો રડે છે. અમે ભુખ્યા છીએ, સવારના ભુખ્યા છીએ. અમારૂ ઘર લુંટફાટ કરીને સળગાવી દીધું છે. જયભવાનીએ ત્યારે જણાવેલું કે, ''થોભો, હું તમારી જમવાની વ્યવસ્થા કરૂ છું.'' ત્યારબાદ તે થોડે દુર જઈ ત્યાં ખાડા પાસે ઉભેલ હિન્દુ ટોળાને હાથથી અમારા તરફ ઈશારો કરેલો. એ ટોળું અમારા ભણી આવેલુ. મે આ ટોળામાં ભવાનીસીંગ છાર, ગુડ્ડુ છારો તેના હાથમાં તલવાર હતી તે, સહેજાદ છારા જેના હાથમાં હોકી હતી તે તથા સુરેશ છારા જેના હાથમાં ગુપ્તી હતી તે તમામને મેં જોયેલા.

આ સાહેદે શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે સજ્જડ પુરાવો આપેલ છે.

આ બનાવમાં સાહેદને માથામાં પથ્થર વાગેલ છે તેમજ સાહેદના પતિને બંન્ને હાથ ફ્રેક્ચર થયેલા જેની સારવાર સારૂ કેમ્પમાં કરાવેલ છે સાહેદની ઈજાની સહાય પેટે સરકાર ૧,૨૫,૦૦૦-૦૦ આપેલ છે આથી। સાહેદ ઈનજર્ડ નજરો નજર જોનાર સાહેદ છે.

આમ આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપીની વાદીએ ઈસારો કરી તો.દારોને બોલાવેલા તેને ઈશારે આ આરોપીએ મુસ્લિમો ઉપર હુમલો કરેલ અને આરોપીને સાહેદે હોકી સાથે જોયેલા છે આમ આરોપી ટોળામાં સામેલ હોવાનું જણાઈ આવે છે. ટોળામાં આરોપીની ભુમિકા સાબીત થાય છે જે નહિ માનવાને કોઈ કારણ નથી.

## (૫) બસીરખાન નન્નેખાન મનસુરી, સાહેદ નં. ૧૩૬, આંક-૮૯૮

- ઈન્જર્ડ વિટ્નેસ
- ૧૮.૩.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- ૨૭.૩.૦૮ નાસીટના જવાબમાં નામ છે
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલા છે.

- પેજ નં.૪ પેરા નં.૧૦

એસ.ટી.વર્કશોપના ખુણા પાસે પોલીસની ગાડી ઉભી હતી ત્યાં એક સફેદ ગાડી આવેલી. તેમાંથી માયાબેન નીકળેલા તેમને ત્યાં ઉભેલા પોલીસના કોઈ અધિકારી સાથે વાતચીત થયેલી. ત્યારપછી થોડીવાર પછી અમો મુસ્લીમો ઉપર પોલીસ હિન્દુ ટોળાની આગળ આગળ ચાલતી હતી. પોલી, ટિયરગેસ છોડતી હતી પાછળ હિન્દુ ટોળુ આવતું હતું. તેથી અમે ગભરાઈ ગયેલા કારણ કે, સ્થિતિ ખુબ જ વણસી ગયેલી. અમે તેથી પીછેહટ કરવા લાગેલા આવા વખતે મને પોતાને ડાબા ખભે એક ગોળી વાગેલી. મને ગોળી વાગેલી તે સમય સવારે દસેક વાગ્યાનો હતો.

- પેજ નં.૬ પેરા નં.૧૨

હિન્દુ ટોળાઓ પહેલા નુરાની મસ્જીદ પાસેની દુકાનોમાં લુંટફાટ કરી સળગાવી દીધેલું. ત્યારપછી તેઓ અમારી વસ્તી તરફ આવેલા અને હુસેનનગરમાં ઘુસેલા. આ વખતે અમે ખુબ જ ગભરાયેલા હતા. અમારા ઘરવાળા આવીને અમને લઈને ગયેલો. તેઓ પાછળ

અમને જવાનનગર ગંગોત્રી સોસાયટી તરફ લઈ ગયેલા. અમે જવાનનગરમાં રોકાયેલા. ત્યાં પણ અમને એસ.આર.પી.વાળા અંદર જવા દેતા ન હતાં.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૭</u>

મે એસ.ટી.વર્કશોપ પાસે જોયેલ ટોળામાં સહેજાદ છારાને, બીપીન ઓટોવાળાને તથા ગુડ્ડુ છાપાને જોયેલા. તેઓ ટોળાની આગેવાની કરતા હતા.

આ ઈન્જર્ડ વિટનેસ પોલીસ તથા શીટના રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદે બનાવના નજરો જોનાર સાહેદ છે તેમને બનાવના દિવસે ખભાના ભાગે ગોળી વાગેલી છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નુરાની મસ્જિદ પાસે મુસ્લિમોની મિલ્કતને લુંટફાટ, આગ લગાડવામાં સામેલ હતો અને તેણે સહ તો.દારો સાથે મળી હોવાની આગેવાની લઈ લુંટફાટ, અને મિલ્કતોને નુકશાન પહોંચાડેલનું સાબીત થાય છે સાહેદે આરોપીને ગુનાહિત કૃત્ય આચરતા નજરો નજર જોયેલા છે.

સાહેદે ના. કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલા છે.

## (૬) મહંમદભાઈ અ.રહીમ શેખ, સાહેદ નં. ૧૩૮, આંક-૯૨૮

- ૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- ૩૧.૫.૦૮ ના સીટના જવાબમાં નામ છે
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલા છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

બપોરે આશરે બે વાગ્યાના સુમારે દલપત, ગુડ્ડુ છારા તથા સહેજાદનાઓ મારા ઘરમાં આવેલા. તેઓ આવ્યા ત્યારે મારા ઘરમાં ચાલીસ હજાર રૂપિયા રોકડા હતા તથા હું તિજોરી બનાવવાનો ધંધો કરૂ છે તે તિજોરીઓ તેઓ લઈ ગયેલા. આ ત્રણ જણા સાથે બીજા લોકો પણ હતા. આ તમામનાઓ મારા ઘરેથી પાંચ તિજોરીઓ તથા રૂપિયા ચાલીસ હજાર લુંટીને લઈ ગયેલા. તેઓ તમામ મારા ઘરેથી ઘરવખરી પણ લુંટી ગયેલા. મેં આ તમામ હું બેઠેલો તે ધાબા પરથી જોયેલું. જયાંથી મારા ઘરનું પતરૂ દેખાતુ હતુ. મારા પતરાની ઉપરના ભાગે બકોરૂ હતુ જે તુટેલુ પતરૂ હતું. મારા ઘરનો આગળનો ભાગ પણ ખુલ્લો હતો.

આ સાહેદે તેમના પોલીસ રૂબરૂના જવાબમાં તથા શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીના પેરા નં.૭, ૮ મુજબ આરોપી સામે પુરાવો આપેલો છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી શહેજાદ છારાએ બીજા આરોપીઓ સાથે મળી સાહેદના ઘરમાં ઘુસી ૪૦,૦૦૦-૦૦ રૂપિયા રોકડા અને પાંચ તિજોરીઓ લુંટીને લઈ ગયેલા અને સાહેદના ઘરની ઘરવખરી લુંટીને લઈ ગયેલા. આ તમામ કૃત્યો કરતા સાહેદે આરોપીને તેમના ઘરની નજીકમાં ત્રીજા માળના ધાબા ઉપરથી જોયેલ છે. આમ આરોપી સામે લુંટનો ગુનો પ્રસ્થાપિત થાય છે. સાહેદે કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

(૭) જન્નતબીબી કલ્લુભાઈ શેખ, સાહેદ નં. ૧૪૨, આંક-૯૬૧

- તા.૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા. ૨૮.૫.૦૮ શીટ રૂબરૂના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

ત્યારબાદ સવારના અગીયાર સવા અગ્યાર વાગ્યાના સમયે અમારી ચાલીમાં ભવાનીસીંગે એવું જણાવેલું કે, તપેલુ આપો, તમારા માટે કઢી ખીચડી બનાવીશ, મેં તેઓને કહ્યું કે, અમને અમારા જીવની પડી છે, ત્યારે તુ તપેલાની વાત કરે છે, અમે તને તપેલું કયાંથી લાવી દઈએ. ત્યારે ભવાનીસીંગે એવુ કહેલું કે, તમે કઢી ખીચડી ખાઈને આરામથી સુધી જજો. પછી ભવાનીસીંગ અમને તમારે મરવાનું જ છે. બચવાનું નથી, તેવુ કહી ગાળો દઈ જતો રહેલો.

<u>- પેજ નં.૫ પેરા નં. ૯</u>

તેણે જતાં જતાં ઈશારો કરેલો જેથી ટોળું આવેલું. આ ટોળામાં સુરેશ છારો, ગુડ્ડુ છારો, સહેજાદ છારો તથા બિપીન પંચાલ હતા. જેમાં સુરેશ, ગુડ્ડુ તથા સહેજાદ પાસે તલવાર હતી અને બિપીનને ગુડ્ડુ બુમ પાડીને કહેતો હતો કે, બિપીન ગોળી માર. આ બિપીનના હાથમાં પિસ્તોલ હતી. આ ચારજણાં ટોળામાં સૌની આગળ હતા.

આ સાહેદે પોલીસ તથા શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ જણાવેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે ભવાનીસીંગે જે ટોળાને ઈશારો કરી બોલાવેલ તે ટોળામાં આ આરોપી તલવાર સાથે આવેલો અને આ સાહેદે આરોપીને ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં હથિયાર સાથે જોયેલ છે. સાહેદે એવુ પણ જણાવેલ છે કે આરોપી ટોળામાં સૌથી આગળનો આમ આરોપી ટોળાની ાગેવાની કરતો હોવાનું સાબીત થાય છે તેની આગેવાની હેઠળના ટોળો મારકાપ અને મિલ્કતને

નુકશાન પહોંચાડવાનું કૃત્ય કરેલ છે. આમ આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદને નહિ માનવાનું કોઈ કારણ નથી.

(૮) ફરીદા અ.કાદર શેખ સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

-તા. ૧૨.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં

- તા.૩.૬.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે,

- નામદાર સુપ્રીમ કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપતભાઈનો જમાઈ ટીનીયો છારા, સેહજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ધરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

<u>- પેજ નં.૭ પેરા. ૧૪</u>

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ

જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો.

- પેજ નં.૮ પેરા.૧૫

આજ ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

આ સાહેદે રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરતો પુરાવો આપી આરોપીની સંડોવણી નિશ્ચિત કરેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે બાબુ બજરંગી બનાવના દિવસે માયાબેન કોડનાની સાતે તથા બીજા તો.દારો સાથે બનાવના દીવસે સ્થળ ઉપર હાજર હતો. સાહેદે આરોપીનું નામ આપેલ છે અને તેમને નહી આંકે જોયેલ છે અને આરોપી જે ટોળામાં હતા તે ટોળા આગળ વધતા હતા અને ટોળુ માર કાપ, કરતા હતા અને ઘરો સળગાવતા હતા. તે ટોળામાં આરોપી સામેલ હતા તેવુ ફલીત થાય છે અને આરોપી જે ટોળામાં હતા તે ટોળાએ એક મુલ્લાજી નામના વ્યક્તિના દીકરાને તેના ઘર પાસે સળગાવી દીધેલ જે આ સાહેદે પોતાની નરી આંખે જોયેલ છે. આમ આ આરોપી મુલ્લાજીના છોકરાને મારવા વાળા ટોળામાં સામેલ હતુ તેવુ આ સાહેદની જુબાની ઉપર જણાઈ આવે છે.

આમ આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બનાવના દીવસે સ્થળ ઉપર હાજર હતા અને તેમણે માયાબેન કોડનાની જે ટોળામાં હતા તે ટોળામાં રહી બીજા તો.દારો સાથે મળી એક સંપ થઈ માર કાપ કરેલો અને મુસ્લીમોના ઘરો સળગાવેલ છે તેવુ સ્પષ્ટપણે ફલીત થાય છે તેથી સાહેદને ન માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

### (૯) ઈસાકખાન સરદારખાન પઠાણ, સાહેદ નં. ૧૫૦, આંક-૧૦૪૧

- તા. ૧૮.૩.૦૨ ના પોલીસ નિવેદનમાં
- તા.૧૧.૬.૦૮ ના સીટના નિવેદનમા નામ આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

- પેજ નં. ૬ પેરા નં.૧૪

અમે આ રીતે એસ.આર.પી.ક્વાર્ટસ પહોંચ્યા અને અમને ગાળો આપી તે અગાઉ જવાનનગરના કોર્નર પાસે ૫૦-૬૦ માણસોનું એક ટોળુ હતુ. જેમાં અગાઉના ભાગે હીરા મારવાડી, જય ભવાની છારો, સુરેશ છારો તથા સહેજાદનાઓ હતા. જે મેં પોતે જોયેલું. આ ચાર તથા અન્યોએ અમોને ગાળો દીધેલી અને કાપી નાંખો, મારી નાંખો તેવું બધો બોલતા હતા અને તેઓએ એવુ પણ કહેલું કે,કયા જાવ છો, મિંયાઓ હવે કયાં જશો, હવે તમારો અંત છે, આજે અમે તમોને કાપી જ નાંખીશું. આ ચારેયના હાથમાં તલવારો હતી.

- પેજ નં. ૮ પેરા નં.૧૮

ત્યાં પહોચતા મેં જોયુ કે, જયભવાની, સુરેશ છારો, હીરા મારવાડી તથા સહેજાદનાઓ કે જેઓના હાથમાં હથીયારો હતા તેઓ તમામ એક નગીના નામની છોકરીની બહેન તથા માં સાથે છીનાઝપટી કરતા હતા અને તેઓ બંનેને નોંચતા હતા. હું તે જોઈને ભાગેલો. આ રીતે ભાગીને હું ગંગોત્રી સોસાયટીના ધાબે આવેલો. ત્યાં આવી મેં મારી પત્નીને કહ્યું કે, નીકળવાની કોઈ શક્યતા નથી.

આ સાહેદે તેમના પોલીસ તથા શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી એસ.આર.પી. ક્વાર્ટસ પાસે બીજા તો.દારો સાથે હાજર હતો અને આરોપી મુસ્લિમોને ગાળો આપી મારી નાંખો, કાપી નાંખો, એવુ બોલતો હતો અને એવુ પણ કહેલ કે 'મીંયાઓ હવે ક્યાં જાવ છો, મીંયાઓ હવે ક્યાં જશો હવે તમારો અંત છે આજે હમે તમને કાપી નાંખશું' તેવુ જણાવેલ છે સાહેદે આરોપીતે તલવાર સાથે જોયેલ છે આમ આ આરોપી હથિયાર ધારણ કરી ગેરકાયદેસર મંડળી સામેલ હોવાનું તેમજ જાહેરમાં ગાળો બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપતો હોવાનું તેમજ માર કાપ કરતો હોવાનું પુરતો પુરાવો મળી આવે છે. સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે આમ આરોપી વિરૂદ્ધ સાહેદે આપેલ પુરાવો નહિ માનવાને કોઈ કારણ નથી.

## (૧૦) ઈસરતજહાં પરવેઝહુસેન, સાહેદ નં. ૧૭૭, આંક-૧૨૧૮

- પોલીસ જવાબમાં નામ નથી.

- સીટના તા.૨૩.૫.૦૮ માં નામ આપેલ છે.

-કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલ છે

<u>- પેજ નં. ૫ પેરા નં.૧૦</u>

બપોરના આશરે બે અઢી વાગ્યાના સમયગાળામાં ટોળું તોડફોડ કરતું, આગ લગાડતુ તથા લુંટપાટ કરતું અમારી ચાલીઓમાં ઘુસેલું. અમે ઉપરથી જોયેલું કે, ટોળું અમારી ચાલીમાં ઘુસી ગયેલું. આ ટોળામાં સૌથી આગળ સહેજાદ છારા, ગણપત છારા તથા બે છારા સ્ત્રીઓ હતી. બે છારા સ્ત્રીઓ લુંટફાટ કરતી હતી. સહેજાદ છારાએ અમારી ચાલીના પહેલા ઘર કે જે જાયેદાઆપાનું ઘર છે ત્યાં દિવાસળી ચાંપેલી. સહેજાદે આગ લગાડયા પછી અમારી ચાલીમાં ટોળાના માણસો ફરવા લાગેલા. ટોળાના માણસોએ પાછા આવી અમે જયાં છુપાયોલા તે રૂમનો દરવાજો ખખડાવેલો. ત્યાં સહેજાદ છારાએ મોટેથી બોલીને એવુ કહેલું કે, તમે જેટલા પુરૂષો અંદર છો, તેટલા લોકો બહાર આવે. અમે અંદર ખુબ જ ડરી ગયેલા. મારો અવાજ જ બંધ થઈ ગયોલો. અન્ય મુસ્લીમ સ્ત્રીઓએ સહેજાદ છારાને એવો જવાબ આપ્યો કે અંદર માત્ર સ્ત્રીઓ અને બાળકો જ છીએ ત્યારે સહેજાદ છારાએ એવુ કહેલું કે, તમારા બાળકો આપી દો. ત્યારે અંદરની સ્ત્રીઓ કરગરીને કહેવા લાગેલી કે, અમે તમારૂ શુ બગાડયું છે અમારા બાળકોને લઈને તમે શું કરશો. ત્યારે સહેજાદે કહેલું કે, અમે આ બાળકોને રોડ પર લઈ જઈને જીવતા સળગાવી દઈશું. અમે અંદરના રૂમમાં હતી. તે તમામ સ્ત્રીઓ ડરના માર્યા ચુપ થઈ ગયેલા પણ બધા રડવા લાગેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

આ ટોળાના માણસો થોડીવાર ઉભા રહેલા અને જતા જતા એવુ કહેલા લાગેલા કે, તમે આજે બચવાના નથી, અને જો બાય ચાન્સ બચી પણ જા તો તમે પાકિસ્તાન જતાં રહેજો.

આ સાહેદે શીટ રૂબરૂના તેના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદ વિરૂધ્ધ સબબ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આરોપી ગુનાહિત કૃત્ય કરનાર ટોળામાં બે થી અઢી વાગ્યાના સુમારે સૌથી આગળ હતો અને મુસ્લીમ ચાલીઓમાં ઘુસી લુંટ ફાટ કરવામાં અને મુસ્લિમોની માલ મિલ્કતને આગ લગાડવામાં સક્રીય ભુમિકા ભજવેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

ઉપરાંત આ આરોપીએ જાયદા નામની સ્ત્રીના ઘરને દીવાસળી ચાંપતા આ સાહેદે નજરો નજર જોયેલ છે અને સાહેદ જે જગ્યાએ છુપાયેલા ત્યાં દરવાજો ખખડાવી અને બધાને બહાર આવવા જણાવેલ અને કહેલ કે અમે બાળકોને રોડ પર લઈ જઈને જીવતા સળગાવી દઈશું આમ આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે.

આ સાહેદે મજકુર આરોપીને કોર્ટ રૂબરૂ નામ આપી અને ઓળખી પણ બતાવેલ છે.

## (૧૧) બસીરભાઈ ઉસ્માનભાઈ , સાહેદ નં. ૧૮૩, આંક-૧૨૬૩

- ૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં  નામ આપેલ છે – ઓળખેલા છે.

- પેજ નં.૨ પેરા નં.૪

બનાવ તા.૨૮.૨.૦૨ ના રોજ બનેલો. તે દિવસે મારી નાઈટ ડયુટી હતી. હું સવારના સાતેક વાગ્યે મારી નોકરી પરથી મારા ઘેર આવી સુઈ ગયેલો. સવારે આશરે નવ વાગ્યે અમારી ચાલીવાળાઓએ ટોળુ આવ્યું છે તેવું જણાવતા મેં બહાર આવીને જોયુ તો ટોળુ હતુ. મેં બહાર હાઈવે પર આવીને જોયેલું. ટોળુ નુરાની મસ્જીદ, કૃષ્ણનગર એમ ચારે બાજુ હતુ. આ ટોળુ પથ્થરમારો કરતું હતું. તેઓ અમારા લોકો પર પથ્થરમારો કરતું હતું. પથ્થરમારો થતો હોવાથી હું અમારી ચાલીમાં પાછો ગયેલો અને મારી પત્ની તથા બાળકોને લઈને ગંગોત્રી સોસાયટી તરફ જતો રહેલો.

- પેજ નં.૨ પેરા નં.૫

આ ટોળામાં સહેજાદ છારો, ગુડ્ડુ છારો, ભવાની તથા હીરા મારવાડીનાઓ હતા. હીરા મારવાડી તથા ગુડ્ડુ છારાના હાથમાં તલવાર હતી.

આ સાહેદે મજકુર આરોપીનું નામ તેના ૧૩-૫-૦૨ ના પોલીસ રૂબરૂના જવાબમાં પણ આપેલ છે.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાની આ આરોપી સામે પુરતો અને સબબ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે કે આરોપી નુરાની મસ્જીદ પાસે પથ્થરમારો કરી રહેલ હતા અને આ ટોળામાં સાહેદે આ આરોપીને નજરો નજર જોયેલ છે અને તેની નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી આપી ઓળખી પણ બતાવેલ છે.

## (૧૨) મો.હનીફ યુસુફબાઈ શેખ, સાહેદ નં. ૧૮૪, આંક-૧૨૭૧

- તા.૧૨.૫.૦૨ ના  પોલીસ જવાબમાં નામ છે.
- તા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલ છે.

*- પેજ નં. ૨ પેરા નં.૪*

બનાવ તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. જે તા.૨૭ મીએ ગોધરાકાંડ થયા પછી બનેલો. તે દિવસે વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા બંધનું એલાન હતું.

- પેજ નં.૨ પેરા નં.૫

તે દિવસે સવારે સાડા નવ વાગ્યે હું મારા ઘરે હતો. તે વખતે બહાર રોડ ઉપર અફરાતફરી થયેલી. તે દિવસે કૃષ્ણનગર તથા નટરાજ હોટલથી ટોળા આવેલા અને બંને ટોળા ભેગા થઈ ગયેલા.

- પેજ નં. ૨ પેરા નં.૬

આ ટોળાવાળાઓએ મસ્જીદ પર હુમલો કરેલો. તે દિવસે એસ.ટી.વર્કશોપની સામે પોલીસનો પોઈન્ટ હતો. આ ટોળાવાળાઓએ મુસલમાનના ટોળા ઉપર પણ હુમલો કરેલો.

- પેજ નં.૩ પેરા નં. ૭

આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર તથા હથિયારો હતા. મેં આ ટોળામાં કિશન કોરાણી તથા મનોજ સીંધીને ફાયરીંગ કરતા જોયા છે. તેઓ મુસ્લીમના ટોળા ઉપર ફાયરીંગ કરતા હતા.

- પેજ નં.૩ પેરા નં.૮

આ ટોળામાં નરેશ છારા, હરેશ છારા, સહેજાદ છારા, મુરલી સીંધી, અશોક સીંધી પાનવાળો, સુરેશ છારા, બિપીન ઓટોવાળો, ભવાનીનો છોકરો જેનું નામ મને યાદ નથી તેઓના હતા. હું આ તમામને ઓળખું છું. આ તમામનાઓ ટોળાના લોકોને ઉશ્કેરણી કરતા હતા તથા અમો મુસ્લીમો ઉપર હુલો કરતા હતા.

- પેજ નં. ૩ પેરા નં. ૯

આ વખતે પોલીસવાળાએ પણ ટિયરગેસ છોડેલા. કિશન કોરાણી તથા મનોજ સીંધીએ પોલીસ પાસેથી બંદુક ઝુટવીને ફાયરીંગ કરેલું જયારે બાકીના હું નામ જણાવી ગયો તેઓ પાસે પાઈપ, તલવાર, ધારીયા વગેરે હથીયારો હતા.

આ સાહેદે આરોપીનું નામ તેના પોલીસ જવાબમાં તેમજ શીટ રૂબરૂના નિવેદનમાં પણ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરતો અને સબબ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે બનાવના દિવસે સવારે નવ વાગ્યાના સુમારે આરોપી નુરાની મસ્જીદ પાસેના ભેગા થયેલ ટોળામાં સામેલ હતો અને તેણે મુસલમાનો પર હુમલો કરેલ આ ટોળાના હાથમાં હથીયારો

હતા અને આ સમયે આરોપી બીજા આરોપીઓ સાથે મળી ટોળાની ઉશ્કેરણી કરતા હતા અને ટોળું તેમની ઉશ્કેરણીમાં આવી મુસ્લીમો પર હુમલો કરેલ .

આમ આરોપી સામે મુસ્લીમો પર હુમલો કરવો તેમજ હથીયાર સાથે સજ્જ થઈ સમાન ઉદ્દેશ પાર પાડવા ટોળામાં સામેલ હોવાનો તેમજ ટોળાની ઉશ્કેરણી કરી મુસ્લીમો પર હુમલો કરવા પ્રેરવા અંગેનો પુરતો પુરાવો મળી આવેલ છે. વળી આ સાહેદે નહી માનવાને કોઈ કારણ નથી આ આરોપીને આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની તેની જુબાનીમાં નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

## (૧૩) ખૈરૂન્નિસાં રીયાઝુદ્દીન શેખ, સાહેદ નં. ૧૯૭, આંક-૧૩૫૪

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે
- તા. ૩૧.૫.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ સમક્ષની જુબાનીમાં નામ આપેલ છે

<u>- પેજ નં. ૩ પેરા નં.૪</u>

હું નવ સાડા નવ વાગ્યે સિરાઝુદ્દીનના કારખાને તેને બોલાવવા ગયેલી ત્યારે શેઠે મને જણાવેલું કે, કશું થશે નહીં અને તેણે જણાવેલ કે, કામ પુરૂ થશે એટલે હું મુકી જઈશ. હું પાછી આવતી હતી અને નુરાની મસ્જીદ પાસેથી આવતી હતી ત્યારે ત્યાં ટોળા ઉભા હતા. તે ટોળાના માણસોએ માથે કેસરી પટ્ટી બાંધી હતી અને નુરાની મસ્જીદ પર પથ્થર મારતા હતા. પછી હું મરા ઘરે આવી ગયેલી. હું ઘરે આવી ત્યારે બીજા લોકો ઘરની તાળું મારીને જતા હતા અને મારા છોકરાઓ ઉભા હતા. ત્યારે ટોળા અંદર આવવા લાગેલ એટલે અમે એસ.આર.પી.ની દિવાલ છે તે બાજુ જતા રહેલા. તે ટોળું અમારા ઘર ઉપર પથ્થરબાજી કરતુ હતું અને અમારા ઘર સળગાવતુ હતુ અમને એસ.આર.પી. એ અંદર જવા દીધેલ નહીં. અમે ત્યાં જ એસ.આર.પી.ની દીવાલ પાસે બેઠા રહેલ અને અંધારૂ થતાં અમે ગંગોત્રી સોસાયટીના ધાબે જતા રહેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૫</u>

ટોળામાં ગણપત છારા, ગુડ્ડુ છારા અને સહેજાદ છારા જયભવાની છારા એમ બધા હતા.

આ સાહેદે તેના ૧૨-૫-૦૨ના રોજના પોલીસ રૂબરૂની જવાબમાં પણ આ તો.દારનું નામ આપેલ છે તેમજ ૩૧-૫-૦૮ના શીટ રૂબરૂના નીવેદનમાં પણ આ આરોપીની સંડોવણી દર્શાવેલ છે.

આ સાહેબની જુબાની પરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આ આરોપી નુરાની મસ્જીદ પાસે ના ટોળામાં સામેલ હતો. મસ્જીદપર પત્થરમારો કરતો હતો તેમજ હતો તેવું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આરોપી આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આવી ઓળખી પણ બતાવેલ છે.

## (૧૪) હારૂન મોહંમદભાઈ શેખ, સાહેદ નં. ૧૯૮, આંક-૧૩૬૩

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૫ પેરા નં.૧૧

અમે સાંજના આશરે ચાર વાગ્યા સુધી આ રીતે ગોપીનાથનગર તથા ગંગોત્રી સોસાયટીમાં રહેલા. અમે આ જગ્યાએ બેઠેલા હતા ત્યારે તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડ્ડુએ અમે ૧૫-૨૦ મુસ્લીમો બેઠેલા હતા ત્યાં આવીને અમને જણાંવેલુ કે, તમે પાછળના રસ્તે એસ.આર.પી.કવાર્ટસ જતાં રહો આ વખતે અમે સ્ત્રી, પુરૂષો, બાળકો એમ તમામ સાથે હતા.

- પેજ નં.૬ પેરા નં.૧૨

આ તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડ્ડુ અમારા જ વિસ્તારમાં રહેતા હોવાથી અમે તેમની વાત માનીને તેમની સાથે જવા લાગેલા. અમે નીકળતા હતા ત્યારે ગોપીનાથનગરના ઝાંપાની પાસે ટોળાના લોકો છુપાઈને બેઠેલા હતા અને અમે બહાર નીકળતા તે તમામ ટોળાના માણસોએ અમોને ઘેરી લીધેલા. આ છુપાઈ રહેલા ટોળામાં સચીન તથા સુરેશ લંગડો હતા. આ બનાવ વખતે અમે ગોપીનાથનગર સોસાયટીમાં બચવા માટે પાછા આવી ગયેલા અને ગોપીનાથનગરની સોસાયટીની પાણીની ટાંકી પાસે એક ખાંચો પડે છે તે ખાંચામાં જતા રહેલા. અમે ખાંચામાં એવું વિચારીને ગયેલા કે, ટોળું સામેથી નીકળી જશે. પરંતુ ટોળાએ આ ખાંચાવાળા ભાગમાં જ અમારી મારકાપ શરૂ કરેલી. ટોળાના માણસોએ ત્યાં મારકાપ કરીને અમારામાંના લોકોને સળગાવી દીધેલા.

- પેજ નં.૭ પેરા નં.૧૩

આ રીતે મારકાપ થઈ તેમાં મારા પરીવારની ત્રણ વ્યક્તિઓ હતી. જેમાં, મારી માતા મુમતાજબાનુ, મારી પત્ની ગોસિયાબાનુ તથા મારો દીકરો અકરમનાઓ હતા જેઓ ત્રણેય આ બનાવમાં મરી ગયેલા. આ ઉપરાંત અમારી કોમના અન્ય લોકો પણ આ મારકાપનો ભોગ બનેલા જેમાં મારી માસી રાબીયા, મારી ભાણી ફરહાના તથા અમારી આજુબાજુ રહેતાં લોકમાં રેશ્મા વગેરે હતા.

- પેજ નં. ૭ પેરા નં.૧૫

આ મારકાપ કરતા ટોળામાં મે પાંચ જણાંને જોયેલા. જેમાં તિવારી હતો જેના હાથમાં તલવાર હતી, જયભવાની હતો જેના હાથમાં તલવાર હતી. મને હવે યાદ આવે છે તેમ જયભવાનીના હાથમાં લાકડી હતી. ગુડ્ડુ હતો જેના હાથમાં તલવાર હતી. સુરેશ લંગડો હતો જેના હાથમાં ધારિયું હતુ, સચીન ઉર્ફે મોદી પણ હતો જેના હાથમાં પાઈપ હતી.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૬</u>

આ રીતે મારામારી થતી હતી તેમાં હું મારા દીકરા અકરમને બચાવા વચ્ચે પડેલો ત્યારે મારા જમણા હાથમાં ધારિયું વાગેલું તથા જમણા આંખે નીચે હું દાઝી ગયેલો જે રીતની ઈજાઓ મને પણ થયેલી. આ તમામમાંથી બચી હું ગંગોત્રી સોસાયટીમાં જઈને છુપાઈ ગયેલો. ત્યાં થોડો સમય હું બેસી રહેતા મારા ધ્યાનમાં આવેલું કે, અમારા મુસ્લીમ કોમના અન્ય લોકો પણ ત્યાં બેઠેલા હતા. આ સમયે મગરીબનો સમય હતો યાને કે સાંજનો સમય હતો.

આ ઈન્જર્ડ સાહેદ તેમના શીટ રૂબરૂના નિવેદનોમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરાવો આપેલો છે.

આ બનાવમાં સાહેદની માતા પત્નિ, દિકરો, માસી, ભાણી, અને પાડોશમાં રહેતી રેશ્માનાઓને મારી નાંખેલ છે.આ તમામને પાંણીની ટાંકી પાસેના ખાંચામાં મારીને સળગાવી દીધેલા છે. આ માર કાપ કરતા ટોળામાં સાહેદે આરોપીને તલવાર સાથે જોયેલ છે. આ બનાવમાં સાહેદને પોતાના દીકરાનો જીવ બચાવતી વખતે હાથના ભાગે ધાર્યુ વાગેલ અને દાઝી જવાથી જમણી આંખ ઉપર ઈજા થયેલ છે.

આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે કે સાહેદ તથા બીજા મુસ્લીમો આ આરોપીની વાત માન એસ.આર.પી. ક્વાટ્ર્સ તરફ જતા હતા ત્યારે ગોપીનાથ સોસા.ઝાંપા પાસે જે ટોળું છુપાઈને બેઠુ હતું તેમણે સાહેદ તેમજ બીજા મુસ્લીમોને ઘેરી લીધેલા અને તેઓ પાણીની ટાંકી તરફ ભાગતા સામેથી બીજુ ટોળું આવેલું અને તેમણે મારકાપ કરી મુસ્લીમોને સળગાવી દીધેલા આમ આ આરોપી આ ગુનામાં સક્રિય ભુમિકા ભજવેલ છે આશ્રય શોધતા મુસ્લીમોનો વિશ્વાસ સંપાદન કરી તેમને એવી જગ્યાએ મોકલ્યા છે જ્યાં અગાઉથી તો.દારો છુપાઈને બેઠા હતા અને તેમણે આયોજન બદ્ધ રીતે નિર્દોષ મુસલમાનોપર હુમલો કરી, માર કાપ કરીને બાળી નાંખેલા. આ બનાવમાં બીજા મુસ્લિમો સાથે આ સાહેદની માતા, પત્નિ અને દીકરો તેમજ માસી અને ભાણી તેમજ પાડોશીને મારીને બાળી નાંખેલ છે. આમ પાણીની ટાંકી પાસે થયેલા સામુહિક હત્યામાં આરોપીએ સક્રિય ભુમિકા સ્પષ્ટપણે ફલીત થાય છે.

આ આરોપીને આ સાહેદ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી અને ઓળખીપણ બતાવેલ છે.

## (૧૫) શરીફાબીબી ઈકબાલભાઈ શેખ, સાહેદ નં. ૨૦૩, આંક-૧૪૦૪

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે
- તા. ૨૭.૫.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ નથી

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

ગંગોત્રી સોસાયટીમાં મને એક ધાબુ દેખાયેલું તે ધાબા પર મારા બાકીના બાળકોને લઈને હું ચડી ગયેલી. ધાબે જઈને મેં મારા બાળકોનું મોં દબાવી દીધેલું. કારણ કે, તેઓ રડતા હતા. ધાબામાં પછી એક ખુણામાં મારા બાળકોને લઈને હું છુપાઈ ગયેલી.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

અમે ધાબામાં આવી રીતે છુપાયેલા હતા ત્યારે મારો કાપોના અવાજો આવતા હતા. એ સમયે ધાબા પરની જાળીમાંથી મેં જોયેલુ તો મારા દીકરા શરીફને તલવાર, હોકી, લાકડીઓ વગેરેથી મારતા હતા અને તેને મારીને પાડી દીધેલો. ત્યારપછી શરીફ પર કેરોસીન, પેટ્રોલ, નાંખીને તેને સળગાવી દીધેલો જે મેં જોયેલું. આ ટોળું કે જે મારા દીકરા શરીફને મારતુ હતુ તથ સાળગાવતુ હતા તે ટોળામાં ભવાની, ગુડુ છારા, સુરેશ લંગડો, દલપત, સહેજાદ છારો, ટીનીયા મરાઠી, રાજુ મરાઠી, કિશન મરાઠી તથા બીજાઓ હતા. બાકીનાનું નામ મને હમણાં યાદ આવશે તો હું કહીશ. મને યાદ આવી ગયું છે કે, આ ટોળામાં ભવાનીનો છોકરો પણ હતો.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ લોકોએ મારા દીકરાને મારી આંખો સામે મારી નાંખી અને મેં કહ્યુ તેમ સળગાવેલો. આ ટોળાના લોકો સળગતા આગમાં નાના બાળકોને ફેંકતા હતા તે મેં જોયેલું. આ જ લોકો મે જોયેલું કે, જુવાન છોકરીઓની ઈજ્જત પણ લેતા હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૩</u>

મેં જોયેલું આ જ ટોળાના માણસો નઈમની પત્નીને પણ નગ્ન કરી તેણીની ઈજ્જત લુંટતા હતા. આ સમયે સાંજના આશરે પાંચ થી છ વાગેલા. આ ધાબે મારા બાકીના બાળકો સાથે રાતના બાર વાગ્યા સુધી હું હતી.

આ સાહેદે આ તો.દારને તેના પોલીસ જવાબમાં તેમજ શીટ રૂબરૂના નિવેદનમાં ગુનાહિત સંડોવણીનો ઉલ્લેખ કરેલ છે.

તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીપમાં પણ આ સાહેદની વિરૂધ્ધ સબળ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની જોતા આ તો.દારે બનાવના દિવસે સાહેદના દીકરા શરીફને મારી પેટ્રોલ, કેરોસીન છાંટી સળગાવી દીધા અંગેનો સીધો પુરાવો આપે છે. આરોપીને સાહેદના દીકરાને મારીને સળગાવતા અંગેનો બનાવ આ સાહેદે ગંગોત્રી સોસાયટીના ધાબા ઉપરતી જાળીમાંથી તેમની નજરો નજર જોયેલ છે. આ સાહેદને નહી માનવાનું કોઈ કારણ નથી.

વધુમાં આ આરોપી સામે નાના બાળકોને આગમાં ફેંકતા અને છોકરીઓની ઈજ્જત લુંટતા પણ સાહેદે જોયેલ છે તેમજ સાહેદ નઈમુદીનની પત્નિ ઝરીનાબાનુંને નગ્ન કરી તેની ઈજ્જત લુંટતા પણ આ સાહેદે તો.દારને જોયેલ છે.

આ આરોપી સામે ખુન અને બળાત્કાર અંગે ના સીધા પુરાવા મળી આવેલ જે નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૬) સાયરાબાનુ ખ્વાજાહુસેન શેખ, સાહેદ નં. ૨૨૯, આંક-૧૬૨૮

- તા. ૨૮.૫.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે. તોફાની ટોળામાં હાજર હતા
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

આ સમયે હુસેનનગરની ચાલીમાં હિન્દુઓનું ટોળું આવેલુ. આ ટોળામાં છારાઓ, સીંધીઓ, સુરેશ છારા, સહેજાદ છારા હતા. આ ટોળામાં છારા સ્રીઓ પણ હતી. આ ટોળાના માણસો ઘરોમાં લુંટફાટ કરતા હતા તથા ઘરોમાં પણ આગલ લગાડતા હતા. હું જે ઘરમાં બેઠી હતી તે ઘરની સામે જાયેદાબીબીનું મકાન હતુ તે વખતે મેં જોયેલું કે, છારાઓ આ મકાનમાં લુંટફાટ કરતા હતા અને મકાનમાં આગ લગાડતા હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

આ વખતે હું પિંજરાના મકાનમાં હતી ત્યાં પડતી બારી પાસે આવીને સહેજાદ છારા તથા સુરેશ છારાએ એવુ જણાવેલું કે, તમે એક એક સ્ત્રી અને બાળકો અમારી સાથે આવી જાવ, અમે તમને સલામત જગ્યાએ પહોંચાડી દઈશું. અમે ચમને એવુ કહેલું કે, જો લઈ જવા હોય તો અમને બધાને લઈ જાવ, નહીંતર અલ્લાહ જે કરે તે ખરૂ. તેઓએ અમને છાપુ

બતાવી એવુ પણ કહેલું કે, જુઓ તમારા મુસ્લીમોએ કેવો જુલ્મ કર્યો છે, તમે હૈદરાબાદ ચાલ્યા જાવ પછી પાછા આવતા નહી. પછી તેઓ બીજી તરફ જતાં રહેલા.

આ સાહેદે તેના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીઓ ગુનામાં સંડોવણી દર્શાવેલ છે.

આ સાહેદની જુબાની જોતા ફલીત થાય છે કે આરોપી હુસેનનગરની ચાલીઓમાં ઘુસી જઈ બીજા તો.દારો સાથે મલીને લુંટફાટ કરી મુસ્લીમોના ઘરોમાં આગ લગાડતા હતા તેમ કરતા ટોળામાં આરોપી આ સાહેદે નજરો નજર જોયેલ છે.

અને વધુમાં આ સાહેદ સામે પુરાવો છે તે તેમણે મુસ્લીમો કે જેઓ એક પીંજારાના મકાનમાં છુપાયેલા તેમને છાપુ બતાવી કહેલ કે તમે હૈદરાબાદ ચાલ્યા જાવ પછી પાછા આવતા નહી.

આમ આરોપી સામે લુંટફાટ અને મુસ્લીમોની મિલ્કતોને આગ ચાંપવાનો પુરતો પુરાવો મલી આવેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૭) સીદીકભાઈ અલાબક્ષ મનસુરી સાહેદ નં. ૨૩૬, આંક-૧૬૬૨

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઉલ્લેખ કરેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૭</u>

અમે જુન-૨૦૦૨ માં નરોડા પાટિયા મારા ઘરે પાછા રહેવા આવી ગયેલા. અમે આ વિસ્તારમાં આશરે ૪૫ પરીવારો કેમ્પમાંથી સાથે પાછા રહેવા આવી ગયેલા. શરૂઆતમાં અમારી પાસે કોઈ ધંધો, રોજગાર ન હતા તેથી અમે એન.જી.ઓ પાસેથી અનાજની કીટ મેળવતા હતા. હુ આવી કીટ મેળવીને બીજા પરીવારના લોકોને આપી સેવા કાર્ય કરતો હતો. આ વખતે સહેજાદ છારાએ મને કહેલું કે ૨૦૦૨ ના રાયોટ કેસીસમાં મારૂ નામ આવ્યું છે તો હુ પૈસા આપવા તૈયાર છુ, તમે પૈસા લઈને મને એફીડેવીટ કરી આપો, મેં તેઓને ના પાડેલી. મને તેથી સહેજાદ છારાએ એવુ કહેલું કે, આ વખતની ધમાલમાં તમે બચી ગયા છો, પરંતુ બીજી વખતની ધમાલમાં હું તમને જાનથી મારી નાંખીશ.

આ સાહેદ ૨૬-૫-૦૮ના સીટના જવાબમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે નામ આપેલ છે આ સાહેદ અગાઉના સાહેદ નં.૧૦૪, ૧૧૫ ની જુબાનીને સમર્થન આપે છે. આ સાહેદ પોતાની કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે સચોટ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી માયાબેન કોડનાની સાથે આવેલ સાત આગેવાનોમાંથી એક હતો અને તેમણે માયાબેન સાથે ચર્ચા પણ કરેલી અને ત્યારબાદ માયાબેન સાથે આવેલા ટ્રેક્ષ ગાડીમાંથી હથિયારો કાઢી આ આરોપી તથા બીજા આગેવાનોને આપેલા આમ આ આરોપીએ હથીયાર ધારણ કરેલ અને ત્યારબાદ નુરાની મસ્જીદમાં તોડફોડ કરી આગ લગાડેલ અને દુકાનો મકાનો બાળી નાંખેલા સ્ત્રી, પુરુષ, બાળકોને જીવતા સળગાવેલા સમગ્ર બનાવમાં આરોપી સામેલ હોવાનું જણાઈ આવે છે.

આમ આ સાહેદની જુબાની વંચાણે લેતા આરોપીએ મસ્જીદ ઉપર હુમલો કરી, મુસ્લિમોના હુસેનનગરમાં મકાનોને આગ લગાડી, સ્ત્રી , પુરુષ બાળકોને જીવતા સળગાવેલા છે જે હકીકત આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે. અને આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

વધુમાં આ આરોપીએ સાહેદને આ કેસમાંથી તેનું નામ કઢાવી આપવા એફીડેવીટ કરવા જણાવેલ  જેથી સાહેદે ઈન્કાર કરતા આરોપીએ સાહેદને એવુ જણાવેલ કે આ વખતની ધમાલમાં તમે બચી ગયા છો, પરંતુ બીજી વખતની ધમાલમાં હું તમને જાન થી મારી નાંખીશ આ હકીકત ઉપરથી એવુ સ્પષ્ટપણે ફલીત થાય છે કે આ આરોપી સદર ગુનામાં સંડોવાયેલો છે.

### (૧૮) નસરીનબાનુ મો.રફીક શેખ, સાહેદ નં. ૨૩૮, આંક-૧૬૭૩

- તા. ૨૧.૫.૦૮ ના સીટના નિવેદનમાં સાહેદની ચાલી ઉપર હુમલો કરેલ તે ટોળામાં આરોપીને નજરોનજર જોયેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

બજરંગદળના ટોળાના માણસોએ માથામાં કેસરીપટ્ટી બાંધેલી જેના પર જયશ્રી રામ લખેલું હતું. રોડ પર ભેગા થયેલા ટોળામાં મેં મુન્ના શેટ્ટી તથા સહેજાદ છારાને પથ્થરમારો કરતા જોયેલા તથા ત્યારે સુરેશ લંગડાના હાથમાં તલવાર હતી. ત્યારપછી ખુબ પથ્થરમારો થવા લાગેલા ત્યારે પોલીસવાળાએ અમો મુસ્લીમો પર ફાયરીંગ કરેલું.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

અમે ઘરના તમામ ડરી ગયેલા તેથી હું તથા મારા પરીવારજનો હુસેનનગરની ગલી નં.૪ માં અમારી સામે આવેલ એક મકાનમાં કે જે બંગલો છે તે બંગલામાં રક્ષણ માટે

બંગલાના છેક ઉપરના માળે જતાં રહેલા. અમે છેક ધાબે જતાં રહેલા. ધાબા પરથી બનતા બનાવો મેં જોયેલા. સાંજના આશરે પાંચ સાડા પાંચ વાગ્યાના સમયગાળામાં જો કે મને ચોક્કસ ટાઈમ ખબર નથી પણ તે સાંજ હતી તેવા સમયે મેં જોયેલું કે, ટોળાના માણસો અમારી ચાલીઓમાં લુંટફાટ કરતા હતા તથા ઘરો સળગાવતા હતા. આ ટોળામાં મેં ચાર જણાંને જોયેલા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

આ વખતે મેં મુન્ના શેટ્ટી તથા સહેજાદ છારા, સુરેશ લંગડો તથા ગણપત છારાને જોયેલા. આમા મુન્ના શેટ્ટી તથા સહેજાદ ટોળામાં હતા. સુરેશ પાસે તલવાર હતી. તથા ગણપત છારા તેના હાથછથી ઈશારાઓ કરતો હતો. હુ રાતના બાર વાગ્યા સુધી આ ધાબે હતી. ત્યારપછી શાહઆલમ કેમ્પની ગાડી આવતાં તે ગાડીમં અમે શાહઆલમ કેમ્પ જતાં રહેલા.

આ સાહેદે આ આરોપીનું તેના શીટ રૂબરૂમાં નિવેદનમાં સદર ગુનામાં સંડોવણી હોવાનું જણાવેલ છે.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આ આરોપીએ સદર ગુનામાં પથ્થર મારો કરેલ છે તેમજ સાંજે પાંચ વાગ્યાના સુમારે મુસ્લીમોના ઘરોમાં લુંટફાટ કરી તેમના ઘરો સળગાવેલા છે અને આ કૃત્ય કરતા સાહેદે આ આરોપીની નજરો નજર જોયેલ છે. આ સાહેદને કથનને નહી માનવાનું કોઈ કારણ નથી.

## (૧૯) મરીયમબીબી હસનભાઈ સૈયદ સાહેદ નં. ૨૬૧, આંક-૧૭૬૬

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં સાહેદના છોકરાને ટોળાના માણસોએ મારીને સળગાવેલ તે ટોળામાં હાજર હતા તે રીતે નામ આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૩ પેરા નં.૬</u>

બનાવના દિવસે સવારે મારા પરીવારજનો ઘરે હતા ત્યારે હું સવારે ચા નાસ્તો બનાવતી હતી. તે દિવસે સવારે આશરે આઠ સાડા આઠ વાગ્યે હીરાલાલની દુકાને દુધ લેવા જતી હતી ત્યારે હું એસ.ટી. ના નાકે પહોંચેલી. ત્યારે મેં જોયેલું કે, કૃષ્ણનગર બાજુથી તથા નટરાજ હોટલ તરફથી હિન્દુઓના ટોળા આવેલા જે પથ્થરમારો કરવા લાગેલા. હું એસ.ટી.વર્કશોપ પાસે ઉભેલી ત્યાં ટોળાએ પથ્થરમારો કરેલો તથા ટોળાએ નુરાની મસ્જીદ પાસે પણ પથ્થરમારો કરેલો. ટોળા હિન્દુઓના હતા.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

હું મારા બધા બાળકોને લઈને ગયેલી. પરંતુ મારો અપંગ દિકરો મૈયુદ્દીન કે જે મદ્રેસાના ધાબે હતો તેણે સાથે આવવાની ના પાડેલી તે રમખાણમાં બનતા બનાવો જોતો હતો.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

મારો દિકરો મૈયુદ્દીન સાથે ન આવતા હું પછી મારા બીજા પરીવારજનોને લઈ અબ્દુલબાઈ ઘડીયાળીના ઘરે ગયેલી. ત્યાં મારા પરિવારજનોને મુકી હું પાછી મૈયુદ્દીનને લેવા મદ્રેસા આવેલી ત્યાં સુધીમાં હિન્દુઓનું ટોળું આવી જતાં મને મૈયુદ્દીને જણાવેલું કે, અમ્મા તુ મદ્રેસામાં છુપાઈ જા, હિન્દુઓનું ટોળું આવ્યું છે. મને આવુ કહી મૈયુદ્દીન મારા ઘરમાં જતો રહેલો. હુ પછી મદ્દેસાની સીડી પર બેસી ગયેલી. ત્યાં અન્ય પણ બે ત્રણ છોકરાઓ હતા.

<u>- પેજ નં. ૫ પેરા નં.૧૦</u>

આ સમયે હિન્દુઓનું ટોળુ અમારી ચાલીના મકાનોમાં તોડફોડ તેમજ લુંટફાટ કરતું હતુ. આ હિન્દુઓનું ટોળુ મારા ઘરનો દરવાજો તોડીને જે લોકોએ મારા અપંગ દીકરા મૈયુદ્દીનને મારા ઘરની બહાર કાઢયો તેઓ મુરલી સીંધી, સુરેશ લંગડો, સુરેસ મામા તથા ગુડ્ડુ છારાનાઓ હતા. જે મે જોયેલું, તે લોકોએ મારા દીકરાને શ્રી રામ બોલવાનુ કહેલું ત્યારે મારા દીકરા મૈયુદ્દીનને શ્રી રામ નહીં બોલુ તેમ કહેતા તેઓએ તલવાર, લાકડી, પાઈપ વગેરેથી તેને મારીને તેના પર પેટ્રોલ કે ઘાસલેટ નાંખી તેને જીવતો સળગાવી દીધેલો. જે મેં જોયેલું. મે આ તમામ હું મદ્રેસામાં હતી તે મદ્રેસાની બારીમાંથી જોયેલું.

આ સાહેદે તેના પોલીસ રૂબરૂના નિવેદનમાં આ સાહેદે સદરગુનામાં ગુના કરવામાં સામેલ હોવાનું જણાવેલ છે.

આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે કે આરોપીએ બીજા આરોપીઓ સાથે મળી સાહેદની દીકરા મૈયુદ્દીન કે જે અપંગ હતો તે મારીને તેની પર પેટ્રોલ કેરોસીન નાંખી જીવતો સળગાવી દીધેલ અંગેનો સીધો પુરાવો આપેલ છે. આ આરોપીની આ કૃત્ય  કરતા સાહેદે નજરો નજર જોયેલ છે.

આમ આરોપી સામે આ સાહેદના દીકરા મૈયુદ્દીનનું ખુન કરવા અંગેનો સીધો પુરાવો મળી આવે છે જે નહિ માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે મજકુર આરોપીને ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

## (૨૦) ફાતમાબીબી મકબુલભાઈ શેખ સાહેદ નં. ૮૩, આંક-૫૪૨

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આ આરોપીને નુરાની મસ્જીદ પાસેના ટોળામાં પથ્થર મારો કરતા જોયેલા. તે રીતે નામ આપેલ છે.

<u>- પેજ નં.૨, પેરા નં.૩</u>

બનાવ તા.૨૮-૨-૨૦૦૨ના રોજ બનેલો. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતી. તે દીવસે ત્યાં મારામારી થતી હતી, ત્યાં ટોળુ હતુ, ટોળુ પથ્થરમારો કરતું હતુ. હું મારા બાળકોને લઈને બહાર જોવા નીકળેલી. સવારના સાડા નવેક વાગે રોડ ઉપર આ બધું થતું હતુ મેં જોયું તો કેટલાક લોકો નુરાની મસ્જીદ પર પથ્થરમારો કરતા હતા તથા સળગાવતા હતા. આ ટોળામાં એક ગુડ્ડુ છારા, શહેજાદ છારા, ભવાની છારો તથા તિવારી હતો. મેં આ તમામને ટોળામાં જોયેલા.

<u>- પેજ નં.૩, પેરા નં.૫</u>

મારા મકાનમાં તોડફોડ કરી આગ લગાડેલી મારા ઘરમાં બે તોલા સોનું, બે પંખા, ઘરવખરીનો તમામ સામાન હતો જે તમામ આ લોકો લુંટીને લઈ ગયેલા.

આમ સદર સાહેદની જુબાની જોતા ફલીત થાય છે કે આ આરોપી અન્ય આરોપીઓ સાથે ટોળામાં ભળી જઈ ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની તેમનો સામાન્ય ઈરાદો પાર પાડવાના હેતુસર એકસંપ થઈ જઈને નુરાની મસ્જીદને નુકશાન કરવાના બદઈરાદા સહીત ટોળાના માણસો સાથે મળી રહીને પથ્થરમારો કરતા તથા સળગાવતા આ સાહેદે જોયેલ છે. આમ આ આરોપી પથ્થરમારો કરવામાં તથા મસ્જીદને સળગાવવામાં સામેલ હતા તેવું આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે જે નહીં માનવાને કોઈ કારણ નથી. ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદ બનાવને ૮ વર્ષ થઈ ગયા હોય આરોપીના શારીરિક દેખાવમાં ફેરફાર થયો હોવાને કારણે આ આરોપીને ઓળખી શકેલ નથી.

## તોહમતદાર નં.(૨૭) નવાબ ઉર્ફે કાળુભૈયો હરીસીંહ રાઠોડ

**(૧) સરફરાજ અબ્બાસખાન પઠાણ, સાહેદ નં. ૧૪૪, આંક- ૯૯૮**

- તા.૯.૩.૦૨ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.

- સીટમાં જવાબ લીધેલ

- નામદાર કોર્ટમાં નામ આપી ઓળખી બતાવે છે.

- પેજ નં.૨ પેરા નં.૪

ગુજરાત બંધના દિવસે યાને કે તા.૨૮મીએ હું તથા ઘરના માણસો ઘરે જ હતા તે વખતે સવારે દસથી અગીયારવાગ્યાના સમયે હુસેનનગરખાતે માણસોનું ટોળુ આવેલું.આ ટોળું આશરે દસ થી વીસ હજાર માણસોનું હતું. આ ટોળુ પથ્થરમારો કરવા લાગેલું અને ગેસના બાટલા ફોડવા લાગેલું. આ ટોળાએ અમારા ઘરમાં આવી આગ લગાડી દીધેલી અને મારા સ્કુટરને પણ આગ લગાડી દીધેલ. મારૂ સ્કુટર મારા ઘર આગળ રોડ પર પડેલ હતું,

- પેજ નં.૩ પેરા નં.૬

જે ટોળાએ અમારા ઘરમાં આગ લગાડી ચાલીમાં આવી અમારા ઘરમાં આવી નુકશાન કરેલું તે ટોળામાં કાળુ ભૈયા, સુરેશ છારા, ગુડ્ડુ છારો અને બિપીનભાઈ પંચાલનાઓ હતા. ટોળામાં અન્ય માણસો પણ હતા જેઓને હું ઓળખતો હતો.

આ સાહેદ તેમના પોલીસ જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે તમજ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની કોર્ટ રૂબરૂની જુબાની ઉપરથી ફલીત થાય છે કે સવારે ૧૦:૦૦ – ૧૧:૦૦ વાગ્યાના સુમારે હુસેનનગરમાં ટોળુ આવેલ તેમાં મજકુર આરોપી હાજર હતો અને તેમણે બીજા આરોપીઓ સાથે મળી સાહેદના ઘર અને સ્કૂટરને આગ લગાડેલ છે અને આ ટોળામાં આરોપીએ સક્રીય ભુમીકા ભજવેલ છે. તેવુ આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે.

આ આરોપીને સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

**(૨) શાહનવાઝ અબ્બાસખાન પઠાણ, સાહેદ નં. ૧૪૫, આંક-૯૯૯**

- તા.૯.૩.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે. તોફાની ટોશામાં

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૨ પેરા નં. ૩

બનાવ બન્યો તે દિવસે ગુજરાત બંધનું એલાન હતું. બંધના એલાનના દિવસે હું મારા ઘરે હતો. બનાવના દિવસે સવાનવ વાગે મારા ઘરની બહાર ટોળું આવી ગયેલું. તેઓ દુકાન

તોડતા હતા, મસ્જીદ તોડતા હતા જે તમામ ૧૧ વાગ્યા સુધી ચાલતું હતુ. ત્યારબાદ પોલીસ ગોળીબાર કરેલો. ત્યાં અમારા મુસ્લીમોના ટોળા બતા તે અંદર ગલીમાં જતાં રહેલા. ત્યારપછી હિન્દુઓના ટોળાના માણસો આગળ વધેલા. તે અમારી ચાલીમાં ઘુસી ગયેલા. આ હિન્દુઓના ટોળાએ હુકમસીંગની ચાલી તથા દિલીપની ચાલીમાં આગ લગાડેલી અને સરસામાન લુંટી લીધેલો. ટોળાના માણસો ચાલીઓમાં ધુસી આવેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૪</u>

ટોળુ નટરાજ હોટલ તરફથી આવેલું. એસ.ટી.વર્કશોપના સામેના પાટીયા તરફથી આ ટોળું આવેલું. આ ટોળું પંદરથી વીસ હજાર માણસોનું હતુ. ટોળાના માણસોએ મારૂ મકાન બાળી નાંખેલું તથા મારા મકાનમાં લુંટફાટ કરેલી. બહારના ભાગે પથ્થરમારો તથા મારામારી ચાલતી હતી તેથી અમે અંદરના ભાગે હુસેનનગરમાં જતા રહેલા. અમે હુસેન નગરમાં સંતાઈ ગયેલા. ત્યારપછી રાત્રે પોલીસની ગાડી અમોને શાહઆલમ કેમ્પ ખાતે લઈ ગયેલી. આ સમયે મારા પરિવારજનો કયાં જતા રહેલા તે મને ખબર નથી.

<u>- પેજ નં. ૪ પેરા નં. ૬</u>

જે ટોળુ ઘુસી ગયેલું તથા મે કહ્યુ તેવા બનાવમાં તથા મારા ઘરને તોડફોડ કરી આગ લગાડતા હતા. તે ટોળામાં બિપીનભાઈ પંચાલ, મનોજ સીંધી, મુરલી સીંધી, કાળુ ભૈયા, સુરેશ છારો, હરેશ છારો તથા નરેશ છારાનાઓ એમ કુલ સાત જણાં હતા. ટોળામાંના આ સાતને જ હું ઓળખતો હતો. ટોળાના અન્ય વ્યક્તિને હું ઓળખતો ન હતો.

આ સાહેદે તેમની પોલીસ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ કોર્ટ રૂબરૂની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી સાહેદના ઘરની બહાર જે ટોળું આવેલ તે ટોળામાં સામેલ હતો આ આરોપીને સાહેદે ટોળામાં ઓળખી કાઢેલ છે. આરોપી ટોળામાં રહી દુકાનો તોડતા હતા અને મસ્જીદ તોડતા હતા અને ત્યારબાદ આરોપી ટોળા સાથે ચાલીઓમાં ખુસી ગયેલ અને મકાનોને આગ લગાડેલ અને સાહેદના ઘરને પણ આગ લગાડી સરસામાન લુંટી લીધેલ તે મુજબનો પુરાવો આરોપી વિરૂધ્ધ મળી આવે છે.

આ સાહેદે આરોપીને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

### (૩) કીરણકુમાર પરસોત્તમભાઈ મકવાણા, સાહેદ નં. ૨૬૪, આંક-૧૭૭૮

- તા.૭.૩.૦૨ ના પોલીસ નિવેદનમાં નામ છે સળગતા કાકડા ચાલીના ઘરો પર ફેંકતો હતો તે જોયેલ.

- ૨૧.૩.૦૮ ના શીટના જવાબમાં નામ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે

<u>- પેજ નં. ૫ પેરા નં, ૯</u>

આ દરમ્યાન નુરાની મસ્જીદની સામે આવેલ પંડીતની ચાલી, હુસેનનગરની ચાલીઓ તથા જવાનનગરના છાપરાઓમાં પણ લોકોના ટોળા પથ્થરમારો કરી અંદર ઘુસાવાની કોશિશ કરતા હતા તેથી ચાલીઓની અંદરથી પણ રોડ પરના ટોળા પર સામો પથ્થરમારો તથા ટયુબલાઈટો વગેરે ફેંકી વિરોધ કરવામાં આવેલો.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૧</u>

આ ટોળામાં અમોને સૈજપુર સ્મશાન પાસે રહેતો નરેશ અગરસિંહ છારા તથા કૃષ્ણનગર હાઉસીંગમાં રહેતો ઉમેશ ભારવાડને મારો કાપોની બુમો પાડતા જોયેલા તથા તેઓની સાથે કૃષ્ણનગર ફદેલીમાં રહેતો કાળુ ઉર્ફે કાળીયો હઠીસીંગ રાઠોડ પણ ચાલીના મકાનો પર સળગતા કાકડા ફેકતો હતો. આ દરમ્યાન કેટલાક માણસો ભાગદોડ થતા એસ.ટી. વર્કશોપની બાજુમાં આવેલ ગલીઓમાં ઘુસી ગયેલ.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૨</u>

આ બનાવમાં કેટલાક માણસો જીગરહસનની ચાલીમાં પણ ઘુસી ગયેલા. તેઓ ત્યાં લુટફાટ તથા મારામારી કરવા લાગેલા. આ ટોળાઓ હિન્દુ કોમના હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૩</u>

આ ટોળા સાંજના આશરે સાડા સાત વાગ્યે શાંત થઈ ગયેલા અને માણસોના ટોળા વિખેરાઈ ગયેલા.

અમોને જાણવા મળેલું કે, હુસેનનગરની પાછળની બાજુએ આશરે ૫૮ જેટલા સ્ત્રી, પુરૂષ તથા બાળકોને બાળી મુકી મોતને ઘાટ ઉતારી દેવામાં આવેલા.

આ સાહેદ પોલીસ વીટનેસ છે. બનાવના દિવસે નુરાની મસ્જીદના પોલીસ પોઈન્ટ ઉપર હાજર હતા તા.૭-૩-૦૨ ના નિવેદનમાં તેમણે આરોપીને સળગતા કાકડા ફેંકતા જોયેલ છે તે રીતે નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરતી ફલીત થાય છે કે આરોપી ચાલીઓ ઉપર પથ્થરમારો કરી ચાલીમાં ઘુસવાની કોશીષ કરતા હતા અને આ આરોપી ચાલીના મકાનો ઉપર સળગતા કાકડા ફેંકતો હતો તેવુ સ્પષ્ટપણે સાબીત થાય છે.

આ આરોપીને સાહેદે ના.કોર્ટ કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૪) સજજનસિંહ જસવંતસિંહ પુવાર, સાહેદ નં. ૨૬૫, આંક-૧૭૮૧

- તા.૭.૩.૦૨ ના પોલીસ નિવેદનમાં નામ છે સળગતા કાકડા ચાલીના ઘરો પર ફેંકતો હતો તે જોયેલ.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

જે હિન્દુઓનું ટોળું નુરાની મસ્જીદ તરફથી તથા કૃષ્ણનગર તરફથી આવેલું તે ટોળાએ મારો કાપોની બુમો પાડેલી. આ ટોળાના માણસો આગચંપી તેમજ મકાનો બાળવાનું કામ કરતા હતા. આ ટોળામાં મેં નરેશ છારા, જે સૈજપુર સ્મશાનગૃહની બાજુમાં રહે છે તે તથા કાળુ ઉર્ફે કાળીયો હરીસીંગ, સૈજપુર ફદેલીવાળો તથા બીજા એક જણાંને પણ જોયેલો જેનું નામ મને હાલમાં યાદ આવતું નથી. આ લોકો સળગતા કાકડા ફેંકતા હતા. ટોળામાં આ ત્રણજણાં સાથે રહી કાકડા તથા પથ્થરમારો ફેંકતા હતા. તેઓ વધુ શું કરતા હતા તે મને હાલમાં યાદ આવતું નથી.

આ સાહેદે આરોપીનું નામ પોલીસ નિવેદનમાં ચાલીના ઘરો ઉપર સળગતા કાકડા ફેંકતો હતો તે રીતે આપેલ છે. આરોપી સામે ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નુરાની મસ્જીદ અને કૃષ્ણનગર તરફથી આવેલા ટોળામાં સામેલ હતો અને તે તેમાં સાથે મારો કાપોની બુમો પાડતો હતો અને મકાનો બાળવાનું કામ કરતો હતો આ રીતે આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે.

## (૫) મનુભાઈ માઘાભાઈ રાઠોડ, સાહેદ નં. ૨૬૭, આંક-૧૭૮૯

- પેટ્રોલીંગમાં હતા.

- તા ૩.૩.૦૨ ના પોલીસ નિવેદનમાં આરોપી સળગતા કાકડા ચાલીઓ ઉપર ફેંકતા હતા તે રીતે નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૧૧</u>

ટોળાએ નુરાની મસ્જીદમાં તોડફોડ કરેલી. તથા નુરાની મસ્જીદની આજુબાજુની દુકાનોમાં પણ તોડફોડ કરવામાં આવેલી. એસ.ટી.વર્કશોપની દિવાલની સામે આવેલ હુસેનનગરની ચાલીઓ,જવાનનગરના છાપરા, પંડીતજીની ચાલીમાં આ ટોળાઓએ અંદર

પ્રવેશ કરવાનો પ્રયત્ન કરતાં હતા. આ ટોળુ હિન્દુઓનું હતુ. આ રીતે હુસેનનગરની ચાલીઓમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરતા હતા ત્યારે મુસ્લીમોનું ૪૦૦-૫૦૦ માણસોનું ટોળુ સામે આવી પથ્થરમારો તેમજ લાકડી, પાઈપ, ધારીયા જેવા હથીયારોથી સામને કરી ટોળા સામસામે આવી ગયેલા. આ વખતે હિન્દુ ટોળાને વિખેરવા માટે પ્રયત્નો કરેલા.

- પેજ નં. ૬ પેરા નં. ૧૨

આ હિન્દુઓના ટોળામાં નરેશ અગરસિંગ, ઉમેશ ભરવાડ અને કાળુ ઉર્ફે નવાબનાઓ હતા. તેઓ મારો કાપોની બુમો પાડતા હતા. આ વખતે કાળુ સળગતા કાકડા ફેંકતો હતો. તે સળગતા કાકડા મુસ્લીમ ટોળ ઉપર ફેંકતો હતો. અમે આ વખતે પણ ફાયરીંગ કરેલું. બંને ટોળા વચ્ચે મારા મારી તથા કાપાકાપી ચાલુ થઈ ગયેલી. ટોળું ચાલીની ગલીઓમાં તેમજ દિવાલો કુદીને અંદર ઘુસી ગયેલું. ટોળાએ લુંટફાટ, મારામારી ચાલુ કરેલી.

- પેજ નં. ૭ પેરા નં. ૧૬

ટોળામાં નરેશ અગરસિંગ, ઉમેશ ભરવાડ તથા કાળુ ઉર્ફે નવાબને હું ઓળખુ છું. અત્રે નામદાર કોર્ટમાં તેઓ હશે તો હું તેઓને ઓળખી આપીશ. હું આરોપીઓ બેઠા છે ત્યાં જઈને તેઓને ઓળખી આપીશ.

આ સાહેદ પોલીસ વીટનેસ છે તેઓ બનાવના દિવસે બનાવ સ્થળે પેટ્રોલીંગમાં હતા તેમના તા.૩-૩-૦૨ના પોલીસ નિવેદનમાં તેમણે આરોપીને સળગતા કાંકડા ચાલીઓ ઉપર ફેંકતા જોયેલ છે. આ સાહેદ ના.કોર્ટ રૂબરૂ જુબાનીમાં પેરા નં.૧૧, ૧૨, ૧૬ મુજબ જુબાની આપી આરોપી સામે પુરાવા આપેલ છે.

આરોપી હથિયારો સાથેના હિન્દુના ટોળામાં સામેલ હતો તેમ જણાવેલ. મારો કાપોની બુમો પાડતો હતો તેમજ ટોળાના માણસો ચાલીઓ ઉપર સળગતા કાંકડા ફેંકતા હતા આ સાહેદની જુબાની આરોપી હિન્દુઓના ટોળામાં સામેલ હતો મુસ્લિમોના મકાનોમાં લુંટફાટ માર-કાપ કરેલ છે.

આ સાહેદ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આરોપી સામે આપેલ પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૨૮) મનુભાઈ કેશવભાઈ મારૂડા (ભંગી)</u>

## (૧) શકીલાબાનુ ફિરોજ એહમદ અન્સારી, સાહેદ નં. ૭૨, આંક-૫૧૦

- શીટના તા.૨૭.૫.૦૮ ના જવાબમાં નામ છે તથા એકટ છે

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ ખુલેલ છે.- ઓળખેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૯</u>

ગંગોત્રી સોસાયટી તરફ એક શટરવાળી દુકાનમાં ગયેલા. અને તે દુકાનમાં બેઠેલા આ દુકાનમાં બીજા માણસો પણ હતા અમે ત્યાં છુપાઈને બેઠેલા ત્યાં ભવાની છારો આવેલો, ત્યાં ગુડ્ડુ છારા પણ આવેલો, ત્યાં સહેજાદ છારા પણ આવેલો, ત્યાં મનુ ભંગી પણ આવેલો. અમને એવુ કહેલું કે, તમે ગભરાતા નહી અને ચાલો, હું તમારા જમવાની વ્યવસ્થા કરૂ છું.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૨</u>

મારા પરીવારજનોથી હું છુટી પડી ગઈ તે પછી તેઓ આગળને આગળ જતા ગયા. જેમાં મારી માતા, મારો ભાઈ મહેબુબ, નાનો ભાઈ શબ્બીરઅહેમદ તથા તેઓના બાળકો તથા નાનાભાઈની પત્નિ વગેરે આગળ જતા રહેલા મે તેઓને આગળ જતા જોયેલા. ભવાનીએ ત્યાં તેઓ આગળ જવા લાગ્યા ત્યારે ટોળાને ઈશારો કરી દીધેલો. ટોળા પાસે ઘણાં બધા હથીયાર, પેટ્રોલ, ડીઝલ વગેરે હતુ. મારા આ પરીવારજનોને મારા દેખતા મારેલુ તેમાં ગુડ્ડુ છારા, ભવાની, તથા શહેજાદ છારા તથા મનુ ભંગી તથા સુરેશ લંગડા એ પાંચ જણાં હતા. આ પાંચ જણાં ટોળાને બધુ સળગાવવામાં મદદ કરતાં હતા. મારા પરીવારજનોને પેટ્રોલ નાંખીને આ ટોળાએ જીવતા સળગાવી દીધેલા. મારા ત્રણ મહીનાના નાના ભત્રીજાને પણ જીવતો આગમાં આ ટોળાએ નાંખી દીધેલો.

આ સાહેદે પોતાના શીટ રૂબરૂના જવાબમાં નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી સામે પુરાવો આપેલી છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી સાહેદના પરીવાર જનોને મારવામાં અને પેટ્રોલ, કેરોસીન નાંખી સળગાવવામાં સામેલ હતો. આ આરોપી સામે સાહેદની માતા, ભાઈ, નાનોભાઈ શબ્બીર અહેમદ તથા તેઓના બાળકો અને નાનાભાઈની પત્નિ વિગેરે મારી સળગાવવામાં સક્રિય ભુમિકા ભજવેલ છે. તેવા પુરાવા આરોપી સામે મળી આવે છે.

આ સાહેદે આરોપીને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

(૨) ફરજાના ઐયુબખાન પઠાણ (ઈન્જર્ડ) , સાહેદ નં. ૧૦૬, આંક-૯૮૭

- ૨૮.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે, ટોળામાં હતો એક્ટ છે

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલ

<u>પેરા નં.૧૨ પેજ નં.૬</u>

આ વખતે મારી બે દીકરીઓ પણ મારી સાથે હતી અને મારી મોટી દીકરી ફરહાનાને ટોળાના માણસો મારી પાસેથી ખેંચીને લઈ ગયેલા. તેણીના કપડા ઉતારી નાંખેલા અને ટોળાના માણસોમાંથી ચાર પાંચ જણાંએ તેણીની ઈજ્જત લુટેલી. મારી નાની દીકરી રેશ્માને બંને હાથ પર પાઈપ મારી તેણીના હાથને ફ્રેકટર કરેલું. ટોળાના માણસોએ મારા શરીરના પાછળના ભાગ પર પણ તથા હાથ પર પેટ્રોલ નાંખીને મને સળગાવેલી.

<u>પેરા નં.૧૬ પેજ નં.૭</u>

તે હિન્દુઓના ટોળામાં જય ભવાની, સહેજાદ, તિવારી તથા મનુનાઓ હતા. હું તેઓને ઓળખું છું.

<u>પેરા નં.૧૮ પેજ નં.૭</u>

મારી દીકરી ફરહાનાની ઈજ્જત લુંટી તેણીને મારી નાંખેલી, મારા પરિવારજનોમાં મારી માં મુમતાજબાનું, મારી દીકરી ફરહાના, મારી ભાભી ગોસિયાબાનુ, ભત્રીજો અકરમ તથા મારી માસી રાબીયાબાનું ને ટોળાના માણસોએ મારી સામે જ મારીને સળગાવી દીધેલી.

<u>- પેજ નં.૯ પેરા નં.૨૩</u>

મે જે ચારજણાના નામ જણાવ્યા તેમાં મને જાણ છે ત્યાં સુધી જયભવાની મરણ ગયેલછે. હું મનુ, તિવારી તથા સહેજાદને ઓળખું છું. હું આ ત્રણેયને નામદાર કોર્ટમાં હોય તો ઓળખી ન શકુ. પરંતુ આરોપી બેઠા છે ત્યાં જઉં તો ઓળખી શકુ. પરંતુ આરોપી બેઠા છે ત્યાં જાઉં તો ઓળખી શકું.

આ સાહેદે શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

આ સાહેદ ઈજા પામનાર સાહેદ છે સાહેદ બનાવના દિવસે કમ્મરના ભાગે બલી ગયેલ સાહેદની માતાને બનાવના દિવસે આરોપી સામેલ હતા ટે ટોળો બાળી મારી નાંખેલ છે તેમની દિકરી ફરજાનાને ટોળાના માણસોએ બળત્કાર કરી મારી નાંખેલ છે તેની નાની દીકરી રેશ્માને બંન્ને હાથ ઉપર પાઈપ મારી બંન્ને હાથ ફ્રેક્ચર કરેલ છે અને આજ ટોળાના માણસોએ સાહેદના શરીરના પાછળના ભાગે પેટ્રોલ નાંખી સળગાવી દીધેલ છે. આ સાહેદે ઝરીના નામની છોકરી પર બળાત્કાર કરતા તેના હાથ કાપતા નજરો નજર જોયેલ છે આ સાહેદે બનાવના સ્થળે પાણીની ટાંકી

પાસે તેમના કમ્મરના ભાગે લાગેલ આગ જમીન ઉપર આળોટી આગ ઓલવેલ છે અને પાણીની ટાંકી પાસેથી પોતાની નરી આંખે સમગ્ર બનાવ જોયેલ છે અને મારકાપ, બળત્કાર કરતા ટોળામાં આરોપી તીવારી તરીકે ઓળખી કાઢેલ છે.

સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનીઓ નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી આરોપી સામે માર કાપ, લુંટ ફાટ, બળાત્કાર અને સાહેદની માતા, દીકરીને મારીને બાળી નાંખવા સાહેદની દિકરીને હાથ ફેકચર કરવામાં તેમજ ફરજાના, ઝરીનાની ઉપર બળાત્કાર સબબે આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે અને આ સમગ્ર બનાવમાં આરોપી સામેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ નથી.

આ આરોપી સામે સાહેદની દિકરી ફરહાનાની ઈજ્જત લુંટી તેની મારી નાંખવા અંગેનો પુરતો પુરાવો મળી આવે છે. જે નહી માનવાને કોઈ કારણ નથી.

(૩) જૈનુલ આબેદીન શેખ, સાહેદ નં. ૧૧૩, આંક- ૭૧૯

- તા.૧૯.૪.૦૨ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.

- તા.૩૦.૫.૦૮ ના સીટમાં જવાબમાં નામ આપેલ છે.

- નામદાર કોર્ટમાં નામ આપી ઓળખી બતાવે છે.

- <u>પેરા નં.૧૧ પેજ નં.૪-૫</u>

જવાનગર થી એસ.આર.પી.કવાર્ટસની અંદર જવાનો રસ્તો છે તે તરફ હું મારા પરીવારને લઈને ગયેલો.ત્યાં અમને એસ.આર.પી વાળાએ ઘુસવા દીધેલા નહી. પછી ત્યાંથી અમે ગંગોત્રી સોસાયટી જતાં રહેલા. તે સાંજનો સમય હશે. ત્યાર પછી ગંગોત્રી તથા ગોપીનાથ પાસે એક ખાચો પડે છે ત્યાં કેટલાક મુસ્લીમ સ્ત્રીઓ તથા બાળકો વગેરે હતા અમે પણ ત્યાં જતાં રહેલા.

<u>પેરા નં.૧૨ પેજ નં.૫</u>

ત્યાં અચાનક હુમલો થયેલો. ત્યાં તલવાર મારી જીવતા સળગાવતા હતા તેઓ પેટ્રોલ, કેરોસીન નાંખીને સળગાવતાં હતા. હું ત્યારે ત્યાંથી ભાગી ગયેલો. મારી પત્ની તથા બાળકોને મારી સામે જ સળગાવી દીધેલા. મેં બધાને આગમાં સળગતા જોયેલા.

<u>પેરા નં.૧૩ પેજ નં.૫</u>

મેં આ ટોળામાં ભવાનીસીંગ, મનુ તથા ગુડુ છારાને જોયેલ. ત્યારે મનુના હાથમાં પાઈપ હતી. ભવાનીના હાથમાં તલવાર હતી તથા ગુડ્ડુ છારાના હાથમાં કોઈ હથીયાર મેં જોયેલું નહીં.

જેઓ સળગતા હતા તે લોકો બચાવો બચાવોની બુમ પાડતા હતા. . . . . . .અને જયારે બધાને સળગાવ્યા ત્યારે હું ત્યાંથી ભાગી ગયેલો. ત્યારે તે વખતે મારા પગમાં પણ કોઈએ પાઈપ મારેલી. ત્યારપછી હું એસ.આર.પી માં જતો રહેલો.

આ સાહેદે શીટ અને પોલીસ નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. સાહેદ પોતે ઈજા પામનાર ઈસમ છે અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે સાહેદ પાણીની ટાંકી પાસે ગયેલો ત્યાં બધા મુસ્લિમો ઉપર હુમલો થયેલ અને મારીને જીવતા સળગાવતા હતા પેટ્રોલ કેરોસીન નાંખીને સળગાવતા હતા આ બનાવમાં સાહેદની પત્નિ તથા બાળકોને સળગાવેલ છે.

સાહેદની માતા અને બાળકોને મારીને સળગાવવામાં આ આરોપીએ સક્રીય ભુમિકા ભજવેલ છે. આ અંગે આરોપી સામે પુરતો પુરાવો આપે છે. આ સાહેદે આરોપીના હાથમાં પાઈપ જોયેલ છે. આ આરોપી પાણીની ટાંકીના પાસે થયેલા સામુહીક નરસંહાર ના ગુના માટે ગુનેગાર ઠરે છે. તેમની સામે પુરતો પુરાવો મળે છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

### (૪) અ.મજીદ મો. ઉસ્માન શેખ, સાહેદ નં. ૧૫૬, આંક-૧૦૭૨

- તા.૮.૫.૦૨,૧૫.૪.૦૨ ના પોલીસ નિવેદનમાં નામ છે.
- તા.૨૦.૫.૦૮ ના સીટના નિવેદનમા કેશુભંગીના છોકરો મનુભંગી નામ છે. (બળાત્કાર કરેલ છે તેવુ જણાવેલ)
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

*- પેજ નં.૧૦ પેરા નં.૧૯*

મેં જોયેલું કે, મારા પત્ની સળગત હતા અને મારી દીકરી સુપ્રિયાને લોકો ખેંચીને લઈ જતાં હતા જે લઈ જવામાં જયભવાની, તેનો છોકરો, ટીનીયો, સુરેશ લંગડો તથા અન્ય બે ચાર જણાં હતા. મે મારી દીકરીને આ રીતે ખેંચવામાં આવતી હતી ત્યારે અલ્લાહને યાદ કરીને પોકાર કરેલો કે, નારએ તકબીર અલ્લાહ અકબર આ વખતે મારા માથા પર પાછળથી કોઈએ હુમલો કરેલો તેથી હું ત્યા જ પડી ગયેલો.

*- પેજ નં.૧૧ પેરા નં.૨૦*

મને હોશ આવતા અગાઉ મેં જોયેલું કે, મારી દીકરી સુપ્રિયાને ઘસડીને લઈ જતાં હતા અને મારી પત્ની લાલબી તથા આફરીનબાનું તથા સાહીનબાનું, દીકરો મહંમદહુસેન, દીકરો

ખાજાહુસેન અને દીકરી સુફીયાબાનુનાઓ ત્યાં સળગતા હતા. મને ભાન આવતા મને મારા બાકી રહેલા બાળકોનું શું થયું હશે તેવો વિચાર આવતા મેં બાકી રહેલા બાળકો ચાંદ, યાસીન અને મહેબુબના નામની બુમો પાડેલી.

- પેજ નં.૧૧ પેરા નં.૨૧

મને તે સમયે બીબીબાનું નામક સ્ત્રીનો પતિ મહેબુબ સળગી ગયેલી હાલતમાં મળેલો. ત્યારપછી મે મારા દીકરા યાસીનનો મને અબ્બા તરીકે બોલાવતો અવાજ સાંભળેલો. મારો દીકરો યાસીન સળગી ગયેલી હાલતમાં હતો. મારો દીકરો યાસીન દાઝી જવાની જલનને કારણે ત્યાં આવેલી ટાંકીમાં બેસી ગયેલો. મે તેને પાણીમાં બેસવાની ના પાડેલી, કારણકે, તેની ચામડી ફુલાઈ જાય. મે તેને ટાંકીની બહાર લઈ લીધેલો.

- પેજ નં.૧૪ પેરા નં.૨૭

સોનિયા ગાંધીની ચિઠ્ઠી લઈ હું સીવીલ હોસ્પીટલ ગયેલો. નર્સો થકી તપાસ કરતાં મને સુપ્રિયા મળી ગયેલી. હું સુપ્રિયાને મળેલો તેણીએ મને તેણીની વિતક કથા જણાવેલી. તેણીએ જણાવેલું કે, અબ્બા મે બચ નહીં શકી, મેરી ઈજ્જત ભી નહીં બચ શકી. મે તેણીને જણાવેલું કે, તને લઈ જતાં હતા તે મેં જોયેલું પરંતુ પછી મારા ઉપર પણ હુમલો થયેલો તેથી હું તને બચાવી શકેલો નહીં અને તારા પર શું વિત્યું તે હું જોઈ શક્યો નહીં. સુપ્રિયાએ મને જણાવેલુ કે, મારા પર બળાત્કાર થયેલો છે તેમાં ચાર પાંચ જણા હતા. તેણીએ મને જણાવેલું કે, ગુડ્ડુ છારા, જયભવાનીનો છોકરો તથા જયભવાનીનાઓ આ બળાત્કારમાં હતા. તેણીએ વધુમાં હરીજન મનુભાઈ પણ હતો તેમ જણાવેલુ. મને સુપ્રિયાએ જણાવેલું કે, મનુએ મારા કપડા કાઢેલા. મે તે જ દિવસે સુપ્રિયાને વી.એસ. હોસ્પીટલ લઈ જવાનો પ્રયત્ન કરેલો. સુપ્રિયા પણ મને તમારી સાથે લઈ જાવ તેમ કહેતી હતી. ત્યારે ડોકટર ગેરહાજર હોવાથી હું તેણીને લઈ જઈ શકેલો નહી. તેથી તેણીની સાથે વાતચીત કર્યા પછી હું પાછો વી.એસ. હોસ્પીટલ આવી ગયેલો. મારે મારી દીકરીને છોડીને વી.એસ.હોસ્પીટલ જવું પડેલું.

આ સાહેદે સીટ અને પોલીસ નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને તેની દિકરી ઉપર આ આરોપીએ બળાત્કાર કરેલ છે તેવુ જણાવી નામ આપેલ છે.

આ બનાવમાં સાહેદના પત્ની લાલબી બે દિકરીઓ આફરીનબાનું શાહીનબાનું બે દિકરા મો.હુસેન અને ખ્વાજાહુસેન વિગેરેને બાળીને મારી નાંખેલ છે. આ સાહેદના પાંચ કુટુંબીજનોને આ બનાવમાં મોતને ઘાટ ઉતારેલ છે અને સાહેદની દીકરી સુપ્રિયા ઉપર બળાત્કાર કરેલ છે. અને સાહેદના દીકરા યાસીનને સળગતી આગમાંથી બચાવી લીધેલ છે. તેની સારવાર હોસ્પિટલમાં કરાવેલ છે આ સમગ્ર બનાવમાં આ આરોપી

સામેલ હોવાનો પુરતો પુરાવો આરોપી સામે મળી આવે છે. આ સાહેદે ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરતી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપીએ સાહેદના પરીવારજનોને મારી બાળવામાં સક્રિય ભુમિકા ભજવેલ છે.આમ સાહેદના પરીવાજ જનોના ખુન અંગેનો પુરતો પુરાવો આરોપી વિરૂધ્ધ મલી આવે છે.

વધુમાં આ સાહેદની દિકરી સુપ્રિયાએ મરતા મરતા મરણોત્તર નિવેદન આપતા આ સાહેદને જણાવેલ છે કે તેનું બળાત્કાર કરવામાં આ આરોપી મનુ ભંગી પણ હતો. મનુએ તેના કપડા ઉતરેલા આમ આ આરોપીએ સુપ્રિયા ઉપર બળાત્કાર કરી મારી નાંખેલ છે. તેવુ પુરતો પુરાવો મળી આવે છે આરોપીની દિકરી સુપ્રિયો મરતા મરતા નિવેદન આપેલ છે અને આ સમયે દિકરીએ મરતા મરતા જણાવેલ નામો ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે. તે નામોમાં આરોપી મનુ હરીજનનું નામ છે. આથી આ આરોપી સામે બળાત્કાર, અને ખુન અંગેનો પુરતો પુરાવો મળી આવે છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

### (૫) ઝુલેખા સરદારએહમદ ચૌધરી , સાહેદ નં. ૧૭૬, આંક-૧૨૧૨

- ૨૮.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૫</u>

અમે ત્યાંથી ગંગોત્રી સોસાયટીમાં પાછા આવેલા. ત્યાં પાણીની ટાંકી આવેલી છે. અમારા મુસ્લીમો ટાંકીની પાછળ સંતાઈને બેઠેલા હતા. ત્યાં ટોળાવાળા માણસોએ આ સંતાયેલા મુસ્લીમો પર પેટ્રોલ, ડીઝલ તથા ધાબળા નાંખીને તે મુસ્લીમોને સળગાવી દીધેલા. જે મેં પોતે જોયેલું છે. અમે ત્યાંથી નીકળીને ગંગોત્રી પાસે આવી ગયેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૬</u>

અમે ગંગોત્રી સોસાયટીના એક મકાનના ધાબા પર આવી ગયેલા. ટાંકી પાસે મુસ્લીમોને સળગાવેલા તેમાંથી જે લોકો બચી શકેલા તેઓ ગંગોત્રી સોસાયટીના આ મકાન બાજુ આવતા હતા. આ જગ્યાએ ગંગોત્રી સોસાયટી પાસે પણ હિન્દુ લોકોના ટોળા હતા. તેઓ કહેતા હતા કે, હવે તમે કોઈ બચી શકશો નહીં. જે મેં સાંભળેલુ. અમે પછી બધા પર ચડી ગયેલા.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૭</u>

મેં જે ટોળુ ગંગોત્રી સોસાયટી પાસે જોયેલું તેમાં મનુ હરીજન તથા તિવારી કંડકટરને જોયેલા. અમારે કંડકટર તિવારી સાથે સારો પરિચય હતો તેથી અમે તેમને મને તથા અમારા બાળકોને ગંગોત્રી સોસાયટીના તેમના ઘરમાં બેસાડી લેવા વિનંતી કરેલી. મારી ભાભીના ખોળામાં સાબીર નામનો છોકરો હતો તે નીચે પડી જતાં તેને માથામાં વાગેલું. અમે ગંગોત્રી સોસાયટીના ધાબામાં રાતના સાડા અગીયાર વાગ્યે સુધી રોકાયેલા. ત્યારપછી પોલીસની ગાડીઓ આવેલી. પોલીસ અમને લેવા આવેલી. અમે આ ગાડીમાં બેસવા માટે ગંગોત્રીમાંથી નીકળ્યા ત્યારે રસ્તામાં સ્ત્રી, પુરૂશોની અનેક લાશો પડેલી હતી તે તમામ અમે જોતા જોતા નીકળેલા. અમે પછી ગાડીમાં આવીને બેસી ગયેલા. આ ગાડી અમને શાહઆલમ લઈ ગયેલું

આ સાહેદે તેમના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદ ની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપી ગંગોત્રી સોસાયટી પાસે જે પાણીની ટાંકી આપેલ છે જ્યાં સામુહિક હત્યાકાંડ તો.દારોએ સર્જેલ છે તે હત્યાંકાડમાં આરોપી હાજર હતો ત્યાં સાહેદે આરોપીને નજરો નજર જોયેલ છે.

આ આરોપી સામે યોજનાબદ્ધ રીતે હત્યાકાંડ કરવા માંટેનો સ્પષ્ટ પુરાવો મળી આવે છે જેને નહિ માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે આરોપીનું નામ પોતાની ના.કોર્ટની જુબાનીમાં આપી ઓળખી બતાવેલ છે.

## (૬) સત્તારભાઈ મહંમદહુસેન શેખ , સાહેદ નં. ૨૦૧, આંક-૧૩૮૮

- ૧૩.૫.૦૨ ના પો.જવાબમાં નથી
- ૨૩.૬.૦૮ ના શીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૦</u>

હું આ રીતે ભાગેલો ત્યારે સલીમના બાળકોને મેં ઉચકલા હતા. હું ત્યાંથી જયાં આવેલો ત્યાં પાછો જવા માંગતો હતો. હું ગંગોત્રી સોસાયટીના ધાબા પરથી ઉતરતો હતો ત્યાં સુધી આવ્યો ત્યારે સાદા કપડામાં આ ધાબા પાસે એક એસ.આર.પી.વાળા ઉભેલા હતા. તેણે મારી છાતી પર પિસ્તોલ તાકેલી. તેમણે કહેલું કે, 'તુ કયાં જાય છે' મેં જણાવેલું કે, હું જે ધાબેથી આવ્યો તે જ ધાબે જવું છું. તેમણે મને જણાવેલુ કે, તુ મેદાનમાં જઈને લડ અને જો તું

બચીશ તો આ જ ગોળી તારા શરીરમાં ઉતારી દઈશ. આ વખતે મને સલીમની પત્નીએ કહેલું કે, ચાલો આપણે જે ધાબા પરથી આવ્યા તે જ ધાબા પર જઈને બેસીએ. હું આ વખતે છટકીને ધાબે જતો હતો ત્યારે મેં એક મનુભાઈ (સાહેદ મનુ ભંગા શબ્દનો ઉલ્લેખ કરે છે) મુસ્લીમ સ્ત્રીઓને તેઓ હોકીથી ખેતરની તરફ ધકેલતા હતા તેવુ જોયેલું. તે ગંગોત્રી સોસાયટી પાસેની મંદીરની ગલીમાંથી મુસ્લીમ સ્ત્રીઓને હાકીથી નીકાળતો હતો. હું પછી પેલા કહસાઈના ધાબે જઈને બેસી ગયેલો. હું પછી પેલા કસાઈના ધાબે જઈને બેસી ગયેલો. હુમ મારી સાથે કસાઈના ધાબે સલીમની પત્ની તથા બાળકોને પણ લઈ ગયેલો.

આ સાહેદે પોલીસસ અને સીટના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી મુસ્લીમ સ્ત્રીઓને હોકી થી ખેતરની તરફ ઘકેલતો હતો. આમ આ સાહેદની જુબાની ઉપરતી ફલીત થાય છે કે આરોપી બ નાવના દિવસે ટોળામાં હાજર હતો અને સ્ત્રીઓને ખેતરે ધકેલતો હતો. આ આરોપીએ આ બનાવમાં સ્ત્રીએ ઉપર બળાત્કાર કરેલ છે.

આ આરોપીને સાહેદે ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૭) શબાના બુન્દુભાઈ કુરેશી, સાહેદ નં. ૨૦૯, આંક-૧૪૬૩

- તા ૨૩.૫.૦૮ તથા ૧૪.૯.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૨</u>

અમે પાછા આવતા હતા ત્યારે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટી પાસે ઉભેલા ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર, હોકી વગેરે હતા તેઓ અમારી પાછળ રહી ગયેલ મુસ્લીમોને મારવા લાગેલા. આ વખતે અમે તીસરા કુવાથી ગંગોત્રી તરફ ભાગતા હતા જયારે ગંગોત્રી ગોપીનાથવાળાઓ અમારી તરફ આવતા હતા. આ વખતે પબ્લીક આમતેમ ભાગવા લાગેલી. આ સમયે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટીની વચ્ચે એક ખાંચ આવેલો છે. ત્યાં ઉપર એક પાણીની ટાંકી છે. અમે આ ખાંચામાં ઘુસી ગયેલા. આ વખતે અમારા ઘરના બધા છુટા પડી ગયેલા. પરંતુ આ ખાચામાં ગયા ત્યારે હું, મારી મમ્મી, મારી બહેન નસીમ તથા મારો ભાઈ રાજાનાઓ સાથે હતા.

<u>- પેજ નં.૭ પેરા નં. ૧૩,</u>

અમે ખાંચામા ઘુસ્યા ત્યાં ચારેય તરફતી ટોળાએ અમને લોકોને ઘેરી લીધેલા. આ ટોળામાં મેં સુરેશ લંગડા, દલપતનો છોકરો, જયભવાનીનો છોકરો, નરેશ, હરેશ, મનુ, મરાઠીના બે છોકરા, જયભવાની, દલપત તથા ગુડ્ડુ છારા તેમજ બીજા અનેક લોકોને જોયેલા.

- પેજ નં. ૭ પેરા નં.૧૪

આ સમયે ખાંચાની સામેના રોડ પર ટોળાએ કે જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ પણ હતા તે ટોળાએ એક સીદ્દીક નામના છોકરાનું ખંજરથી તાવીજ કાપી તેના પર હુમલો કરેલો. આથી તેને ગળામાં ઈજા થયેલી તથા તાવીજ કાપતા ખંજર તુટીને પડેલું અને આ સીદ્દીકને પછી પાઈપથી મારવા લાગેલ ત્યારે માથે હાથ રાખીને તેણે બચાવ કરવા પ્રયત્ન કરેલો. જે તમામ મેં પોતે જોયેલુ છે. ત્યારપછી આ સીદ્દીક પર કાંઈક જવલનશીલ પ્રવાહી કેરોસીન નાંખી તેને સળગાવી દીધેલો. આ રીતે સીદ્દીક ત્યાં જ મરી ગયેલો.

- પેજ નં.૮ પેરા નં.૧૫

સીદ્દીકના બનાવ પછી મેં જોયેલું કે, ટોળાના માણસો જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ હતા તે ટોળાના માણસોએ એક હુસેનનગરની છોકરીને ખેંચીને લઈ ગયેલા. આ વખતે મારી બહેન નસીમને ઘેરી લીધેલી. પછી તેઓએ તેણીના માથામાં પાઈપ મારેલી. મારી બહેનને તેઓએ પછી તે જ જગ્યાએ કેરોસીન નાંખીને સળગાવી દીધેલી તેણી પણ મરણ ગયેલી.

- પેજ નં. ૮ પેરા નં.૧૬

આ વખતે મારી મા આ જોઈને બુમો પાડીને ભાગવા લાગેલી ત્યારે સુરેશ લંગડાએ મારી મા ને પકડી લીધેલી. સુરેશ લંગડાએ મારી મમ્મીને પકડીને પેટમાં ગુપ્તી મારેલી ત્યારપછી આ બધાએ કે જેઓના નામ હું જણાવી ગઈ તથા ટોળાના માણસોએ મળીને મારી મા ને જીવતી સળગાવી દીધેલી. મારી મમ્મી પછી ત્યાં જ મરી ગયેલી.

- પેજ નં.૯ પેરા નં. ૧૭

આ સમયે ખાંચામાં જે મુસ્લીમો હતા તેઓ બહાર નીકળતાં જ તેમને પકડીને આ ટોળાના માણસો મારીને સળગાવી દેતા હતા. આ સમયે ટોળાના માણસોને એવુ લાગતા કે કદાચ આ ખાંચામા મારામારી શરૂ કરી દીધેલી અને કેરોસીન નાંખીને તમામને એક સાથે સળગાવી દીધેલા.

- પેજ નં.૯ પેરા નં.૧૮

આ વખતે આગ લાગતાં ખાંચા પાસે એક દિવાલ હતી તે દિવાલ પર કુદીને હું બેસી ગયેલી. આ વખતે ટોળાના માણસોએ મારા પગ પર પથ્થર મારેલો. હું આ પથ્થર વાગતાં દિવાલની બીજી તરફ પડી ગયેલી. આ વખતે હું આ બધુ જોતા ડરી ગયેલી. ટોળાના માણસો

ખુબ જ ગંદી ગાળો બોલતા હતા તથા સળગાવતા હતા તેથી હું ગભરાઈ ગયેલી હતી. દિવાલની બીજીબાજુની દિવાલ પાસે બેએક મીનીટ બેસીને પછી ત્યાં આવેલ ઝાપામાથી નીકળી હું ગંગોત્રી સોસાયટીના એક ધાબા પર જતી રહેલી.

- પેજ ને. ૧૦ પેરા -૧૯

હું ધાબે ગઈ ત્યાં અન્ય મુસ્લીમો પણ હતા. ગંગોત્રી સોસાયટીના ત્રણ ધાબાઓ પર મુસ્લીમો હતા. ધાબા પર મોડી રાત સુધી અમે હતા.

આ સાહેદે તેમના તા.૨૩-૫-૦૮ તથા તા.૨૪-૯-૦૮ના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. આ બનાવમાં સાહેદની માતા – બહેન મરણ ગયેલ છે.

આ સાહેદે બનાવવાળી જગ્યાએ વર્ષોથી રહે છે. બનાવના દિવસે તેઓ ઘરે જ હતા અને બહાર નીકળી હથીયારો સાથે ટોળાને જોયેલ છે. આ સાહેદ તીસરા કુવા તરફ પોતાનો જીવ બચાવવા ભાગતા હતા ત્યાંથી ટોળું આવતા ગંગોત્રી તરફ ભાગેલ અને ગંગોત્રી ગોપીનાથ વચ્ચે પાણીની ટાંકીના ખાંચામાં જ્યાં નરસંહાર કરવામાં આવેલ તે જગ્યાએ ઘેરાઈ ગયેલ. આ જગ્યાએથી પાણીના ટાંકી પાસેના ટોળામાં સાહેદે આરોપીને જોયેલ છે. આ સાહેદ સીદીકનામના છોકરાનું ગળુ કાપી મારતા જોયેલ છે અને સિદીકને સળગાવતા પણ જોયેલ છે. આ સીદીક નામની વ્યક્તિને આરોપીએ ટોળાએ તેને મારી સળગાવેલ છે તે સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. ત્યારબાદ આજ આરોપી અને તેની સાથેના બીજા તો.દારોએ એક હુસેન નગરની છોકરીને ખેંચી લઈ જતા જોયેલ છે. તેમજ સાહેદની બહેન નસીમ ઉપર કેરોસીન નાંખી સળગાવતા સાહેદે જોયેલ છે. સાહેદની માતૃશ્રીને પણ આરોપી અને ટોળાના માણસોએ જીવતા સળગાવેલ છે. આ ખાંચામાં મુસ્લીમો જે બહાર નીકળતા આરોપી અને તેમની સાથેના માણસો પકડીને સળગાવી દેતા હતા અને આજ ખાંચામાં આરોપી અને સહ તો.દારોએ ઘણાખરા મુસ્લીમોને એક સાથે જ્વલનશીલ પ્રવાહી નાંખી સળગાવી દીધેલ છે. આમ આ આ આરોપીઓએ પાણીના ટાંકી પાસેના સામુહીક નરસંહારના બનાવમાં સક્રીય ભાગ ભજવેલ છે. તેવું આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે.

આ સાહેદને બનાવના દિવસે પાણીની ટાંકી પાસેની દિવાલ કુદતા પથ્થર વાગતા પગમાં ઈજા થયેલ છે. સમગ્ર બનાવ જોયા બાદ સાહેદ ગંગોત્રી સોસાયટીમાં ધાબા ઉપર જતા રહેલા અને મોડી રાત સુધી પોતાનો જીવ બચાવી બેસી રહેલા.

આ સાહેદને બનાવમાં તેના કહેવા મુજબ પગમાં ઈજા થયેલ છે. અને સાહેદે કેમ્પમા ંસારવાર લીધેલ છે જેથી સાહેદની બનાવવાળી જુબાની નકારી શકાય તેમ

નથી તેઓ બનાવના નજરે જોનાર સાક્ષી છે. તેમની હાજરી બનાવના સ્થળે સ્પષ્ટ થાય છે. અને સાહેદની સરતપાસમાં જણાવેલ હકીકતો નકારવા કોઈ કારણ ઉપસ્થિત થતો નથી અને સાહેદે ના.કોર્ટ રૂબરૂની પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીના નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

## (૮) જાવેદ ઈસ્માઈલભાઈ શેખ સાહેદ નં. ૨૨૮, આંક-૧૬૨૧

- તા.૨૮.૫.૦૮ ના સીટના નિવેદનમાં તોફાની ટોળા સાથે મુસ્લીમ સ્ત્રી-પુરૂષો બાળકો ઉપર તુટી પડેલા

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં  નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૫ પેરા નં, ૧૦

પછી અમને ભવાનીસીગે જણાવેલુ કે, તમે લોકો અહીંથી નકળી જાવ, તમારી તીસરાકુવા તરફ વ્યવસ્થા કરેલી છે. અમે તે તરફ જવા લાગતાં જોયુ તો, ત્યાં ટોળુ ઉભેલું હતુ. ત્યાં જોતા ટોળાના માણસો પાસે તલવાર, ધારીયા, ગુપ્તી, પેટ્રોલના ડબ્બાઓ વગેરે હથીયારો હતા. ટોળાના માણસોને જોઈને અમે મુસ્લીમ ચાલીમાં પાછા આવવા લાગેલા. આ ટોળાના માણસોને જોઈને અમે મુસ્લીમ ચાલીમાં પાછા આવવા લાગેલા. આ ટોળાએ અમારો પીછો કરેલો. બીજુ ટોળુ મુસ્લીમ ચાલીઓ યાને કે જવાનનગર તરફ અમે પરત આવતા હતા ત્યારે આવેલું. અમે જવાનનગર તરફ જતાં હતા. પરંતુ અમે જવાનનગર પહોંચી શકેલા નહીં. અમે જવાનનગર પહોંચીએ તે અગાઉ ગોપીનાથ ગંગોત્રી સોસાયટીની વચ્ચે પાણીની ટાંકી આવેલી છે તે ખાંચામાં અમે ફસાઈ ગયેલા.

- પેજ નં. ૬ પેરા નં.૧૧

કેટલાક લોકો આ પાણીની ટાંકી પાસેની દિવાલ કુદીને જઈ શકેલા. પરંતુ અમે જઈ શકેલા નહીં. અમોને ત્યાં બંને ટોળાના માણસોએ રોકી લીધેલા. આ ટોળામાં બાબુ બજરંગી હતા. તેમના હાથમાં તલવાર હતી. તેઓ અમને છાપુ બતાવીને જણાવતા હતા કે, આ ગોધરાના બનાવનો ફોટો છે. તમારા તમામની હાલત પણ આવી જ થશે. ત્યારપછી બાબુ બજરંગી જયસીયારામ કહી મુસલમાનોને મારવા કાપવાનું ચાલુ કરેલું. આ ટોળામાં મે ગુડ્ડુ છારા, ભવાનીસીગં, સુરેશ છારા તથા મનુભાઈને જોયેલા. આ તમામનાઓએ તથા ટોળાના અન્ય લોકોએ જય સીયારામ બોલી માર કાપ ચાલુ કરી દીધેલી. આ લોકોએ ટાંકીના ધાબા પરથી અમારા પર સળગતા કાકડા ફેંકેલા

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ બનાવમાં નાના નાના બાળકોને જીવતા સળગાવવામાં આવેલા. આ તમામ ફસાયેલા લોકોમાં હુ પણ હતો. આ બનાવમાં પથ્થરમારો પણ થયેલો. મને પોતાને જમણા કપાળમાં પથ્થર વાગેલો. હું ગંગોત્રી ગોપીનાથ સોસાયટીની વચ્ચે આવેલ ખાચામાં ઝાડીની પાછળ છુપાઈ ગયેલો

<u>- પેજ નં.૭ પેરા નં.૧૩</u>

હું તથા મારા પરીવારજનો આ બનાવ વખતે છુટા પડી ગયેલા. આ બનાવ સાંજના આશરે સાડા છ સાત વાગ્યે બનેલો. મેં જોયેલું કે, મારા માસીની છોકરી કૌશરબાનું વાઈફ ઓફ ખાલીદ નુરમહંમદ શેખ પણ આ બનાવ વખતે ત્યાં હતી. તેણી ટોળામાંથી બચવા માટે નીકળવાનો પ્રયત્ન કરતી હતી. તે વખતે તેણીને ચાર માણસોએ પકડી લીધેલી. મેં જોયેલું કે, બાબુ બજરંગીએ પેટમાંથી નવજાત બાળકને કાઢી તલવારની નોક પર બાળકને ગોળ ફેરવી ઉછાળી આગમાં ફેંકી દીધેલો. કૌશરબાનુને પણ બીજા લોકોએ આગમાં નાંખ્યા તેમ આગમાં નાંખી દીધેલી. મૈં આ ટોળામાં હું ઓળખતો નથી તેવી એક મહિલાને પણ જોયેલી. જેના કપડાં ફાડી તેના ગુપ્તાંગમાં ટોળાના માણસો લોખંડની પાઈપ નાંખતા હતા. તેણી બેહોશ હાલતમાં પડી હતી. એક મહિલાને પણ ત્યાં જોયેલી જે પુરેપુરી સળગી ગયેલી. તેણીનું નામ કુદરતબીબી હતુ તે પુરેપુરી સળગતી હાલતમાં બનાવના આ સ્થળે પડેલી હતી. ટોળાના કોઈક માણસે આ રીતે ત્યાં પડેલી કુદરતબીબીને પથ્થર મારેલો ત્યારે તેણીના માથામાંથી માસના લોચા જેવુ કાંઈક બહાર આવેલું. તેણી પુર્ણપણે સળગી ગયેલી.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૪</u>

ટોળાના માણસો બનાવના સ્થળે કોણ જીવતુ છે અને કોણ મરી ગયું છે તે સ્થળ પર પડેલા માણસોના શરીર પર માર મારી તપાસતા હતા. હું ઝાડીમાંથી નીકળવાનો પ્રયત્ન કરતો હતો ત્યાં ટોળાના માણસો આવી જતાં મે પણ આ સ્થળે પડેલી લાશો વચ્ચે હું પણ લાશ હોવું તેવો ઢોંગ કરી હું ત્યાં પડયો રહેલો. આ વખતે તેઓ કોણ જીવે છે તેની તપાસ કરતા હતા ત્યારે ગુડ્ડુ છારાએ મારા માથા પર પાઈપ મારેલી.

આ સાહેદે તેના શીટના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. અને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી તેની વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે. આ સાહેદને પાણીની ટાંકી પાસે જમણા કપાળમાં પથ્થર વાગેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે. આ આરોપી પાણીની ટાંકી પાસે બાબુ બજરંગી સાથે હિન્દુઓના ટોળામાં હાજર હતો અને આ આરોપીએ પાણીની ટાંકી પાસે બીજા તો.દારો સાથે મળી માર કાપ કરેલ છે. અને નાના

બાળકોને જીવવા સળગાવેલ છે. આમ આ ઓરાપી સામે પાણીની ટાંકી પાસે સર્જાયેલ સામુહીક હત્યાકાંડ કરવા અંગેનો પુરતો પુરાવો મળી આવે છે. આ આરોપી આ સામુહીક હત્યાકાંડમાં કરવામાં સામેલ હોવાનું ટોળાનું પુરતો પુરાવો જવા સાહેદની જુબાની ઉપરથી મળી આવે છે.

આ સાહેદે આરોપીને ના.દાર કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદ બનાવ નજરો નજર જોનાર સાહેદ છે તેમને નહી માનવાને કોઈ કારણ નથી.

## તોહમતદાર નં.(૩૦) શશીકાન્ત ઉર્ફે ટીનીયો મરાઠી ઉર્ફે યુવરાજ પાટીલ

### (૧) ફરીદા અબ્દુલ કાદર ખલીફા સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં
- તા.૩.૬.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી જુબાની આપેલ છે. આરોપી કોર્ટમાં હાજર

- પેજ નં. ૪ પેરા.૮

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપત છારાનો જમાઈ ટીનીયો છારા, સહેજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

- પેજ નં.૫ પેરા. ૧૧

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ધરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

- પેજ નં.૭ પેરા. ૧૪

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો

- પેજ નં.૮ પેરા.૧૫

આજ  ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

આ સાહેદે રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી સામે પુરતો પુરાવો આપી આરોપીની સંડોવણી નિશ્ચિત કરેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે બાબુ બજરંગી બનાવના દિવસે માયાબેન કોડનાની સાતે તથા બીજા તો.દારો સાથે બનાવના દીવસે સ્થળ ઉપર હાજર હતો. સાહેદે આરોપીનું નામ આપેલ છે અને તેમને નહી આંકે જોયેલ છે અને આરોપી જે ટોળામાં હતા તે ટોળા આગળ વધતા હતા અને ટોળુ માર કાપ, કરતા હતા અને ઘરો સળગાવતા હતા. તે ટોળામાં આરોપી સામેલ હતા તેવુ ફલીત થાય છે અને આરોપી જે ટોળામાં હતા તે ટોળાએ એક મુલ્લાજી નામના વ્યક્તિના દીકરાને તેના ઘર પાસે સળગાવી દીધેલ જે આ સાહેદે પોતાની નરી આંખે જોયેલ છે. આમ આ આરોપી મુલ્લાજીના છોકરાને મારવા વાળા ટોળામાં સામેલ હતુ તેવુ આ સાહેદની જુબાની ઉપર જણાઈ આવે છે.

આમ આ સાહેદની જુબાની ઉપરતી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બનાવના દીવસે સ્થળ ઉપર હાજર હતા અને તેમણે માયાબેન કોડનાની જે ટોળામાં હતા તે ટોળામાં રહી બીજા તો.દારો સાથે મળી  એક સંપ થઈ માર કાપ કરેલો અને મુસ્લીમોના ઘરો સળગાવેલ છે તેવુ સ્પષ્ટપણે ફલીત થાય છે તેથી  સાહેદને ન માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદ આરોપીને ના.દાર કોર્ટના ઓળખી શક્યા નથી કારણ કે તેમણે ઘણાં તો.દારોના નામ આપ્યા હતા અને આટલા બધા તો.દારોને ઓળખવામાં સાહેદત આ આરોપીને ઓળખવામાં ચુકી ગયેલ છે તેથી આરોપીએ આચરેલ ગુનાની ગંભીરતા ઓછી થતી નથી.

## (૨) નઈમુદ્દીન ઈબ્રાહીમ શેખ, સાહેદ નં. ૧૫૮, આંક-૧૧૨૪

- તા.૧૯.૪.૦૨ ના પોલીસ નિવેદનમાં બનાવને સમર્થન આપેલ છે. બળાત્કાર, ખુન કરતા ટોળાને નજરોનજર જોયેલ છે.

- તા.૨૭.૫.૦૮ ના સીટના જવાબમાં બનાવમાં ખુન, બળાત્કાર કરતા ટોળાને નજરો-નજર જોયેલ છે તેવુ

- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી જુબાની માં ખુન બળાત્કારના તમામ બનાવ નજરો નજર જોયેલ છે જણાવી ટોળામાના સદર આરોપીને ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૧૦ પેરા નં.૧૫

આ વખતે મારી પત્ની જરીના, મારી દીકરી ફોજીયા, મારો પિતરાઈ ભાઈ અબ્દુલ અજીજ,અમારી ચાલીના હારૂન, યુનુસ, યુનુસની પત્ની વગેરે બચવા માટે આગળની ગલીમાં ત્યાં આવેલ કોટ કુડીને ભાગેલા. આ વખતે આ રીતે અમારાથી છુટા પડી જે લોકો ગયેલા તે લોકોને ટોળાએ ઘેરી લીધેલા તેમાં મારી પત્નીને ટોળાના ચાર માણસોએ ખેંચેલી અને તેણીને તેઓ મારવા લાગેલા. મેં મારી આંખોથી જોયેલું કે, મારી પત્નીને ડાબા હાથે તલવાર મારેલી. તેણીનો ડાબો હાથ કપાઈ ગયેલો અને તેણીના જમના હાથમાં તલવાર મારવામાં આવેલી, તેણીના માથામાં પણ તલવારથી ઘા કરવામાં આવેલો અને તેણીના પગમાં હોકી મારવામાં આવેલી.

-પેજ નં.૧૧ પેરા નં.૧૬

તેઓએ મારી પત્નીના કપડાં ખેંચવા માંડેલા અને તેઓમા મારી પત્નીના કપડાં ફાડવા લાગેલા જે તેઓએ મારા પત્નીના શરીર પર એક પણ કપડુ રહ્યું નહી ત્યાં સુધી ચાલુ રાખેલું. છેવટે તેણીને સદંતર નગ્ન કરી દીધેલી. આ તમામ ઘટનાઓ મેં જોયેલી.

- પેજ નં.૨૦ પેરા નં.૩૧

શાહઆલમ કેમ્પમાં આઠેક દિવસ પછી તેણીએ મને જણાવેલું કે તેણી ગોપીનાથ તથા ગંગોત્રીની ગલીમાં બનાવના દિવસે ભાગતી હતી ત્યારે ચાર છોકરાઓએ તેણીના હાથ પર તથા માથા પર હુમલો કરી તેણી પર તેઓએ બળાત્કાર કરેલો. તેણી આ બનાવ મને કહેતી વખતે ખુબ જ રડતી હતી. એવુ કહેતી હતી કે, આ બનાવ તમે કોઈને કહેશો નહી, નહીંતર આપણી આબરૂ જશે. તેણીએ મને જણાવેલુ કે, તેણી ઓળખતી નથી પરંતુ આ ચાર છોકરા મરાઠી જેવા લાગતા હતા.

- પેજ નં.૨૧ પેરા નં.૩૪

બનાવ વખતે જે ચારજણાંઓ મારી પત્નીને ખેચી ગયેલા તે ચારને હું આજે પણ ઓળખી શકું. આ ઉપરાંત હું જણાવી ગયો તે ટાંકી પાસે બનેલ બનાવો તથા હુમલામાં જે લોકો સંકળાયેલા હતા તેઓ તમામને હું ઓળખી શકું.

આ સાહેદ પાણીની ટાંકી પાસેનો બનાવ નજરો નજર જોનાર સાહેદ છે તેમને સામુહીક હત્યાકાંડ અંગેનો સમગ્ર બનાવ ના.દાર કોર્ટ રૂબરૂ વર્ણવેલ છે અને આ

સાહેદની પત્નિ ઝરીના ઉપર  બળાત્કાર કરી તેના હાથ ઉપર અને માથા ઉપર તલવાર મારવાનો બનાવ નજરો નજર જોયેલ છે. આ સાહેદે આ આરોપીનું નામ સીટના નિવેદનમાં પોલીસ નિવેદનમાં આપેલ નથી. પરંતુ કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેણે આ આરોપીને તેની પત્નિ ઉપર બળાત્કાર કરી તેના હાથ અને માથા ઉપર તલવાર જોયેલ તે રીતે ઓળખી બતાવેલ છે.

આ સાહેદે ના.દારે કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેની પત્નિને ચાર જણા ખેંચીને લઈ જતા હતા અને તેના કપડા ફાડી તેને નગન કરી તેના ઉપર બળાત્કાર કરેલાનું જણાવેલ છે. અને સાહેદે તેની પત્નિના બળાત્કારના બનાવમાં અને પાણીની ટાંકી પાસે બનેલ બનાવો અને હુમલામાં સંડોવાયેલા લોકોને હું ઓળખી શકુ તેમ કરી તેમણે આરોપીઓ માંથી આ આરોપીને ઓળખી બનાવેલ છે. આમ આ આરોપી સામે બળાત્કાર, માર  કાપ અને પાણીની ટાંકી પાસે થયેલ સામુહીક હત્યાંકાડમાં સંડોવણી અંગેનો પુરતો પુરાવો મળી આવે છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

(૩) સત્તારભાઈ મહંમદહુસેન શેખ , સાહેદ નં. ૨૦૧, આંક-૧૩૮૮

- ૧૩.૫.૦૨ ના પો.જવાબમાં નથી
- ૨૩.૬.૦૮ ના શીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૭</u>

ચાર વાગ્યાના સમયે અમો એસ.આર.પી. કવાર્ટસની દીવાલની બહાર બેઠા હતા ત્યારે ઉદય ગેસ એજન્સી તરફથી એક ટોળુ આવેલું. આ ટોળાના માણસોના હાથમાં તલવાર, ધારિયા વગેરે હતા. આ ટોળાએ આવીને પથ્થરમારો ચાલુ કરેલો. તેઓએ મારો કાપો કહીને મારકાપ ચાલુ કરેલી. પથ્થરમારો થતાં મુસ્લીમો વેરવિખેર થઈ ગયેલા. આ વખચે મારી પત્ની તથા મારા બાળકો મારાથી વિખુટા પડી ગયેલા. સલીમના બાળકો તથા પત્ની મારી સાથે રહી ગયેલા.

<u>- પેજ નં.૫ પેરા નં.૮</u>

આ પથ્થરમારો થયો ત્યારે ત્યાં સાલીયાબીબી નામક મારી ભાણી ત્યાં બેઠેલી હતી. તેણીને માથામાં આ પથ્થરમારામાં પથ્થર વાગી ગયેલો અને તેણીને લોહી નીકળેલું. આ રીતે આવેલ ટોળામાં ટીનીયો મરાઠી તથા ગુડ્ડુ છારાનાઓને મેં ઓળખેલા. આ બંનેના હાથોમાં તલવાર હતી. તેઓ મુસ્લીમોના ઘરો ટોળાને બતાવતા હતા તથા મારકાપ કરતા હતા. આ

વખતે ભાગીને અમે એક કસાઈના ધાબે જતાં રહેલા. કસાઈના ધાબે હું તથા સલીમની પત્ની તથા બાળકો જતાં રહેલા. આ ધાબા પરથી ઉતરી ગંગોત્રી સોસાયટીમાં જઈ એસ.આર.પી.કવાર્ટસ જવાનો એક રસ્તો પડે છે તે રસ્તેથી હું ગયેલો. હું એવુ વિચારીને ગયેલો કે, આ રસ્તેથી એસ.આર.પી. કવાર્ટસમાં જવાય છે ત્યાં પોલીસનો પોઈન્ટ હતો. મને પોલીસના પોઈન્ટ પરના આ પોલીસવાળાઓએ અંદર જવા દીધેલો નહીં. તેઓએ મને જણાવેલું કે, અંદર જવાની પરવાનગી નથી.

<u>- પેજ નં.૬ પેરા નં.૯</u>

મેં પોલીસવાળાઓને મને નહીં, પરંતુ મારી સાથે મારા નાના ભાઈની પત્ની તથા બાળકો છે તેઓને તો અંદર જવા દો, તેવી વિનંતી કરેલી. તેઓ માનેલા નહીં અને ઉપરથી બંદુંકના પાછળના ભાગથી મને મારવા આવેલા અને કહેલું કે, ભાગી જા નહીંતર મારીશ, તેથી હું ત્યાંથી ભાગેલો.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૦</u>

હું આ રીતે ભાગેલો ત્યારે સલીમના બાળકોને મેં ઉચકલા હતા. હું ત્યાંથી જયાં આવેલો ત્યાં પાછો જવા માંગતો હતો. હું ગંગોત્રી સોસાયટીના ધાબા પરથી ઉતરતો હતો ત્યાં સુધી આવ્યો ત્યારે સાદા કપડામાં આ ધાબા પાસે એક એસ.આર.પી.વાળા ઉભેલા હતા. તેણે મારી છાતી પર પિસ્તોલ તાકેલી. તેમણે કહેલું કે, 'તુ કયાં જાય છે' મેં જણાવેલું કે, હું જે ધાબેથી આવ્યો તે જ ધાબે જવું છું. તેમણે મને જણાવેલુ કે, તુ મેદાનમાં જઈને લડ અને જો તું બચીશ તો આ જ ગોળી તારા શરીરમાં ઉતારી દઈશ. આ વખતે મને સલીમની પત્નીએ કહેલું કે, ચાલો આપણે જે ધાબા પરથી આવ્યા તે જ ધાબા પર જઈને બેસીએ. હું આ વખતે છટકીને ધાબે જતો હતો ત્યારે મેં એક મનુભાઈ (સાહેદ મનુ ભંગા શબ્દનો ઉલ્લેખ કરે છે) મુસ્લીમ સ્રીઓને તેઓ હોકીથી ખેતરની તરફ ધકેલતા હતા તેવુ જોયેલું. તે ગંગોત્રી સોસાયટી પાસેની મંદીરની ગલીમાંથી મુસ્લીમ સ્ત્રીઓને હાકીથી નીકાળતો હતો. હું પછી પેલા કહસાઈના ધાબે જઈને બેસી ગયેલો. હું પછી પેલા કસાઈના ધાબે જઈને બેસી ગયેલો. હુમ મારી સાથે કસાઈના ધાબે સલીમની પત્ની તથા બાળકોને પણ લઈ ગયેલો.

આ સાહેદે શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને તો.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

આ આરોપીની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી ઉદય ગેસ એજન્સી તરફથી આપતા ટોળામાં સામેલ હતો અને આ આરોપીના હાથમાં તલવાર હતી. અને તેણે મુસ્લિમો ઉપર મારકાપ શરૂ કરેલ તેની સાથે બીજા તો.દારો પણ હતા.

અને આ આરોપી ટોળાના માણસોને મુસ્લિમોના ઘરો બતાવતો હતો અને મારકાપ કરતા આ સાહેદે નજરો નજર જોવી છે.

આમ કયા આરોપી સામે તલવાર સાથે હિન્દુઓના ટોળામાં સામેલ થઈ મારકાપ કરી ટોળાને મુસ્લિમોના ઘરો બતાવી મારકાપ કરવા અંગેનો પુરતો પુરાવો મળી આવે છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે ના.દાર કોર્ટ રૂબરૂ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૪) અ.મજીદ મો.ઉસ્માન શેખ, સાહેદ નં. ૧૫૬, આંક-૧૦૭૨

આ સાહેદ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નીચે મુજબના પેરા મુજબ આ આરોપી વિરુધ્ધ જુબાની આપેલ છે.

<u>- પેજ નં.૭,૮ પેરા નં.૧૫</u>

અમે તે વખતે તે દીવસે દસેય જણાં અમારૂ ઘર છોડીને નીકળી ગયેલા. મને ચોક્કસ સમય ખબર નથી. પરંતુ પછી અમે ગંગોત્રી સોસાયટીના ધાબે ગયેલા તે સમયે બપોરનો સમય હતો. આ ગંગોત્રીવાળા ધાબેથી મેં જોયેલું કે, ગુડ્ડુ છારાના બે ભાઈઓ, ટીનીયો તથા બીજાઓ હાજર હતા. આ તમામનાઓના હાથમાં તલવાર, લાકડી, કેરોસીનનો ડબ્બો વગેરે હતા. તેઓએ અલ્લાબક્ષના દીકરા ઐયુબ પર હુમલો કરેલો. તેને અમારી જવાનનગરની છેલ્લી ચાલીમાં આબેદાના ઘર પાસે તથા એસ.આર.પી. કવાર્ટસની દિવાલ પાસે રીક્ષામાં નાંખીને આ લોકોએ સળગાવી દીધેલો. જે મેં પોતે જોયેલું. જેમાં, ગુડ્ડુ છારાના હાથમાં તલવાર હતી, ગુડ્ડુના એક ભાઈના હાથમાં કેરોસીનનો કેરબો હતો તથા બીજા ભાઈના હાથમાં એક લાકડી હતી. ત્યાં પાંચ છ બીજા મરાઠીના છોકરાઓ પણ હતા, ટીનીયો કદમનો દીકરો થાય.

<u>*- પેજ નં.૧૦ પેરા નં.૧૯*</u>

મેં જોયેલું કે, મારા પત્ની સળગતી હતી અને મારી દીકરી સુપ્રિયાને લોકો ખેંચીને લઈ જતાં હતા જે લઈ જવામાં જયભવાની, તેનો છોકરો, ટીનીયો, સુરેશ લંગડો તથા અન્ય બે ચાર જણાં હતા. મે મારી દીકરીને આ રીતે ખેંચવામાં આવતી હતી ત્યારે અલ્લાહને યાદ કરીને પોકાર કરેલો કે, નારએ તકબીર અલ્લાહ અકબર આ વખતે મારા માથા પર પાછળથી કોઈએ હુમલો કરેલો તેથી હું ત્યા જ પડી ગયેલો.

આ સાહેદ તેની કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીને ટીનીયા તરીકે જણાવેલ છે. આ સાહેદ બનાવ વખતે બનાવના સ્થળે હાજર હતા સાહેદની દીકરી સુપ્રિયાને ટોળાના માણસો ઘસડીને લઈ ગયા હતા અને તેની ઉપર બળાત્કાર કરેલ છે અને તેને મારેલ છે. જે સારવાર દરમ્યાન ગુજરી ગયેલ છે. સાહેદની પત્નિ લાલબી, બે દિકરીઓ આફરીનબાનું, શાહીદબાનુ તથા બે દિકરા મો.હુસેન અને ખ્વાજાહુસેન વિગેરેને બાળીને મારી નાંખેલ છે. આમ આ સાહેદના કુટુંબના પાંચ વ્યક્તિઓ આ હિંચકારા બનાવમાં મરણ પામેલ છે. સાહેદનો દિકરો યાસીન સળગતો હાલતમાં હતો તેણે સાહેદે બતાવેલ જે સારવાર દરમ્યાન બચી ગયેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ તેમની જુબાની મુજબ સદર આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે સ્થળ ઉપર હાજર હતો અને તેના હાથમાં હથિયાર હતા અને આ આરોપી સહ આરોપી સાથે એક સંપ થઈ મળી ઐયુબ નામના છોકરાને નિર્દયતાથી રીક્ષામાં નાંખી સળગાવી દીધેલ છે. આ ઐયુબને મારી અને સળગાવવામાં આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે. તેથી આ સાહેદને નહી માનવાનું કોઈ કારણ નથી.

# તોહમતદાર નં.(૩૧) અંકુર ઉર્ફે ચીંટુ અશોકભાઈ પરમાર

## (૧) રૂકસાના બુન્દુ કુરેશી, સાહેદ નં. ૨૧૨, આંક-૧૫૦૭

- તા ૩.૬.૦૮ તથા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

- પેજ નં. ૫ પેરા નં.૮

હું હોલમાંથી નીકળતાં જ મારા ભાઈ,બહેન,તથા મા થી અલગ પડી ગયેલી. હુ છુટી પડી ગયેલી. અમારી કોમના લોકો તીસરા કુવા તરફ જવા લાગેલા. અમારામાં જે લોકો આગળ નીકળી ગયેલા તેઓ એકદમ ઝડપથી પાછા આવેલા અને જણાવેલું કે, ત્યાં હિન્દુઓનું મોટુ ટોળુ છે. તેઓના હાથમાં હથિયાર છે. હું ગભરાઈને ચારેબાજુ મમ્મી મમ્મી કરતી હતી. અમારી કોમના પાછા આવતા લોકોને મેં પુછેલું કે, શુ થયુ ત્યારે તેમણે હિન્દુઓનું મોટુ ટોળુ હાથમાં હથિયાર સાથે આવ્યું હોવાનું જણાવેલું.

- પેજ નં. ૫ પેરા નં. ૯

હું અમારી કોમના લોકો સાથે ભાગવા લાગેલી. ભાગતા ભાગતા એકદમ મારી નજર પડી તો મેં જોયેલું કે, સુરેશ લંગડો મારી માના પેટમાં ગુપ્તી મારી રહયો હતો. મારી મમ્મીને મારનાર ટોળામાં નરેશ, હરેશ, સુરેશ લંગડો, ગુડ્ડુ છારાના વગેરેનાઓ હતા. આ ટોળાના માણસોને જયભવાનીની દીકરી પાણી પીવડાવતી હતી. તેમાં જયભવાની, જયભવાનીનો દીકરો, દલપત, દલપતનો છોકરો, ચીન્ટુ તથા એક માંજરી આંખવાળો તથા વાંકડીયાવાળવાલો પણ હતો. આ માણસના હાથમાં લોખંડની પાઈપ હતી.

- પેજ નં ૬ પેરા નં, ૧૦

આ ટોળાના માણસો સાથે અન્ય લોકો પણ હતા. તેઓ અમારી કોમના લોકોને સળગાવતા હતા અને મારતા હતા અને જયભવાનીની દીકરી આ ટોળાના માણસોને કેરોસીન તથા ગોદડી સળગાવવા માટે આપતી હતી.

- પેજ નં. ૫ પેરા નં. ૧૧

તે વખતે અજવાળું હતું અને અંધારૂ ન હતુ. અને સમયના આશરે સાડા પાંચ છ વાગ્યા જેવો થયો હશે. હું રડતી રડતી ગંગોત્રીના ધાબે જઈને બેસી ગયેલી. ગંગોત્રીના ધાબે અમારી કોમના અન્ય લોકો પણ હતા. હું ધાબે હતી તે વખતે ધાબા પર એક સળગી ગયેલી સ્ત્રી હાથમાં નાનુ બાળક ઉચકીને આવેલી અને આ બાળક પણ દાઝી ગયેલું. આ સ્ત્રી બચાવો બચાવો એમ કહેતી હતી અને એવુ કહેતી હતી કે, અમારી કોમના ઘણાં લોકોને આ લોકોએ મારી નાંખ્યા છે તથા સળગાવી નાંખ્યા છે.

આ સાહેદે તા.૩-૬-૦૮ તથા ૧૪-૦૯-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ જણાવેલ છે. ૨૮-૨-૦૨ના નરોડા પાટીયાના ઓઝારા બનાવવામાં આ સાહેદની માતા ઝરીના બુન્દુભાઈ કુરેશી નું તીક્ષ્ણ હથીયારથી થયેલ ઈજાના કારણે મૃત્યુ થયેલ છે. જેમની પી.એમ. આંક-૫૮૫ થી સાહેદ નં.૯૬ ડો. જયેન્દ્ર રસીકલાલ મોદીની ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં રજુ થયેલ છે. તેમજ આ સાહેદની બહેન નસીમબાનું મૃત્યુ થયેલ છે. જેમની પી.એમ. આંક-૬૨૯ થી સાહેદ નં.૯૬ ડૉ.જયેન્દ્ર રસીકલાલ મોદીની ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં રજુ થયેલ છે. આ સાહેદની જુબાની મુજબ ના.કોર્ટમાં પુરાવો નોંધાયેલ છે.

તા. ૨૮-૨-૦૨ ના રોજ બંધનું એલાન હતુ તે દિવસે નટરાજ હોટલ તથા કૃષ્ણનગર તરફથી નું મ. તરફ ટોળા ચાલવા લાગેલા તે ટોળાઓના હાથમાં હથીયારો હતા. આ ટોળામાં આ આરોપી પણ સામેલ હતો આ ટોળાના માણસો અમારી કોમના લોકોને સળગાવતા હતા. આ આરોપી સાહેદની મમ્મી તથા બહેનને મારવા વાળા તતા સળગાવનારા ટોળામાં હાજર હતો  આ બનાવ આ સાહેદે નજરો નજર જોયેલ છે. તદ્ઉપરાંત આ સાહેદ જે પોલીસ ગાડીમાં બેસી કેમ્પ તરફ જતા હતા તે સમયે પણ રસ્તામાં નટરાજ હોટલ પાસે તથા સૈજપુર ટાવર પાસે ઉભેલા ટોળાએ આ પોલીસના વાહન ઉપર પથ્થરમારો કરેલ ત્યારે પોલીસે હવામાં ફાયરીંગ કરતા ટોળુ ભાગી ગયેલ જેથી આ સાહેદ તતા પોલીસ વાહનમાં બેસેલા અન્ય સાહેદોનો જીવ બચી જવા પામેલો. અન્યથા સાહેદનું મોત પણ નિશ્ચિત હતુ.

રૂમો આ સાહેદ નજરો નજર જોનારા સાક્ષી છે અને ગુનાહીત કૃત્ય કરતા ટોળામાં આ આરોપીને ઓળખેલા અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ નામ આપી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ ઉપસ્તિત થતુ નથી બનાવના દિવસે યા સાહેદની હાજરી બનાવના સ્થળ ઉપર જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે ત્યાં હાજર હતા અને ટોળામાં હાજર રહી સામાન્ય હેતુ પાર પાડવાના ઈરાદે ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય થઈ આ સાહેદની માતા તથા બહેનને મારવા વાળા ટોળામાં હાજર રહી ગુનાહીત કૃત્ય કરેલ છે. અને ચાલીઓના ઘરોને તોડ ફોડ કરી લુંટફાટ કરવામાં પણ સક્રીય ભાગ ભજવેલ હોય તેવું સ્પષ્ટ જણાય છે. તેથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## તોહમતદાર નં.(૩૩) બાબુભાઈ ઉર્ફે બાબુ વણઝારા જેઠાભાઈ સલાટ(મારવાડી)

### (૧) શૌકત નબીભાઈ મનસુરી, સાહેદ નં. ૨૦૦, આંક-૧૩૮૧

- તા. ૭.૬.૦૨ ના નિવેદનમાં ખુલાસા સાથે નામ છે.
- તા.૧૨.૭.૦૮ ના સીટના જવાબમાં તલવાર સાથે તોફાની ટોળામાં જોયેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૬

મારા ગ્રાહક ગોપાલભાઈ તેમની ગાડી લઈને મારા ગેરેજ પરથી નીકળી ગયા પછી નુરાની મસ્જીદ ઉપર પથ્થરમારો થયેલો. આ પથ્થરમારો વિશ્વ હિન્દુ પરીષદ તથા બજરંગદળવાળાઓનાં ટોળા કરતા હતા. આ ટોળાના માણસો મારો કાપોની બુમો પાડતા હતા. આ ટોળાના માણસોએ મસ્જીદ પર હુમલો કરી મસ્જીદ સળગાવેલી.

- પેજ નં.૩ પેરા નં.૭

આ ટોળાના માણસોમાં બિપીન પંચાલ તથા બાબુ વણઝારાનાઓ હતા. બિપીન પંચાલ પાસે આ વખતે રિવોલ્વોર હતી તથા બાબુ વણઝારા પાસે તલવાર હતી. આ વખતે કૃષ્ણનગરનું ટોળુ મસ્જીદ સામેના ચાર રસ્તા પાસે આવેલું. આ ટોળું મસ્જીદ પર પથ્થરમારો કરતું હતું. તથા ત્યાં ઉભેલી ગાડીઓને તોડફોડ કરવા લાગેલા તથા સળગાવવા લાગેલા.

આ સાહેદે તા.૭-૬-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં નામ આપેલ છે. તથા શીટ રૂબરૂના તા.૧૨-૭-૦૮ ના નિવેદનમાં તલવાર સાથે તોફાની ટોળામાં હાજર હતા તેવું જણાવેલ છે.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આપેલ જુબાનીથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે તા.૨૮-૨-૦૨ના રોજ બંધનું એલાન હતુ બનાવના દિવસે આ સાહેદે એસ.ટી. વર્કશોપ પાસે આવેલ તેમના ગેરેજ પર હાજર હતા ત્યારે ટોળાએ ભેગા થયેલ જોયેલા આ ટોળામાં આ આરોપી તલવાર સાથે હાજર હતો અને ટોળાના માણસો તોડ ફોડ કરી સળગાવવા લાગેલા અને ટોળા દ્વારા થયેલ પથ્થરમારાથી આ સાહેદને ઈજા થયેલ જેની સારવાર કરાવેલ તે સારવારનું સર્ટીફીકેટ આંક-૩૨૭ થી સાહેદ નં.૪૨ ડૉ.હીંમતભાઈ એફ. પટેલના ઓની ના.કોર્ટ રૂબરૂની જુબાનીથી રજુ થયેલ છે. જે ના.કોર્ટના રેકર્ડ ઉપર છે. આમ આ સાહેદ બનાવના દિવસે સ્થળ ઉપર હાજર હતા અને તેઓને ત્યાં ઈજા પણ થયેલ છે. અને તેમણે ટોળામાં આ આરોપીને તલવાર સાથે

નજરો નજર ગુનાહીત કૃત્ય કરતા જોયેલ છે. તેથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે આ આરોપીને ના.કોર્ટ રૂબરૂ ઓળખી શકેલ નથી તેનું કારણ તે બનાવને ઘણા વર્ષો થઈ ગયેલ હોઈ આરોપીના કદ – કાઠી માં ફેરફાર થયેલ હોય તેવુ સંભવીત છે. જેથી ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં ઓળખી શકેલ નથી. પરંતુ એ હકીકત ધ્યાને લેવી જરૂરી છે કે આ સાહેદે ઓળખપરેડ દરમ્યાન એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ આ આરોપીને ઓળખી બતાવેલા જે ઓળખ પરેડનું પંચનામું આંક ૨૪૦ થી ના.કોર્ટના રેકર્ડ પર છે.

આમ આ સાહેદની જુબાની નહી માનવાનું કોઈ કારણ થતુ નથી.

## (૨) હસીફખાન અચ્છનખાન પઠાણ, સાહેદ નં. ૨૧૩, આંક-૧૫૨૨

- તા. ૨.૬.૦૮ ના સીટના જવાબમાં તલવાર સાથે તોફાની ટોળામાં હાજર
- તા.૧૪.૯.૦૮ ના સીટના જવાબમાં નામ છે
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

ત્યારપછીની થોડી જ મીનીટોમાં નટરાજ હોટલ તરફથી ટોળાના માણસો નુરાની મસ્જીદ તરફ આવવાના શરૂ થઈ ગયેલા. આ ઉપરાંત કૃષ્ણનગર તરફથી પણ નુરાની મસ્જીદ પર ટોળા આવવા શરૂ થઈ ગયેલા. આ ટોળાઓની આગળ પોલીસવાળા હતા જે પોલીસવાળાઓ સવારે મારી સાથે હતા તેમાના લગભગ બધા પોલીસવાળા આ ટોળાની આગળ હતા. ટોળાઓ નુરાની મસ્જીદ પાસેના લારી,ગલ્લાની તોડફોડ કરવા લાગેલા. કૃષ્ણનગરબાજુથી આવેલા ટોળા રોડ પરની ચાલીઓ તથા મકાનોને સળગાવવા લાગેલા. આ બધાથી અમારા મુસ્લીમ કોમના થોડા લોકો ચાલીઓના નાકે ભેગા થયેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

ટોળામા પોલીસને જોયેલા અને કેટલાક આરોપીઓને જોયેલા. મેં આ ટોળામાં બિપીનભાઈ પંચાલ, મુકેશ ઉર્ફે ગુડુ છારો, બાબુભાઈ વણઝારા, સુરેશ લંગડો, નવીન છગન છારાનાઓને જોયેલા. હું જણાવી ગયો તે તમામનાઓ ટોળાની આગેવાની કરતા હતા અને તેઓના હાથમાં હથીયારો હતા. જેમાં, બીપીન પંચાલના હાથમાં તલવાર અને રિવાલ્વોર હતી, ગુડુના હાથમાં તલવાર, સુરેશ લંગડાના હાથમાં પાઈપ, નવીન છારા પાસે ગેસનો બાટલો હતો તે રીતના હથીયારો તેમની પાસે હતા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

બિપીન પંચાલ ચિચિયારીઓ તથા બુમો પાડી ટોળાના માણસોને બોલાવતા હતા. તેઓ રોડ પર ઉભા રહીને ટોળાના માણસોને નુરાની મસ્જીદ બાજુ બોલાવતા હતા. બાકીના આરોપીઓ પણ જેના હાથમાં જે આવે તે તોડફોડ કરતા હતા તથા લારી , ગલ્લા વગેરે તોડફોડ કરતા હતા. નવીન છારો ગેસનો બાટલો લાવી તેની પીન ખોલી કપડું વીંટી ગેસના બાટલા સળગાવીને નુરાની મસ્જીદ પર તેમજ મુસ્લીમોના મકાનમાં નાંખતો હતા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

આ વખતે મુસ્લીમો મસ્જીદને બચાવો તેવી બુમો પાડી પોલીસનું ધ્યાન દોરવા બુમો પાડતા હતા.પોલીસે ત્યારે મુસ્લીમો પર ફાયરીંગ કરેલું તથા ટિયરગેસ છોડેલા. આ સમયે આબીદ, પીરૂ, ખાલીદ વગેરેને ગોળી વાગેલી. આ વખતે નુરાની મસ્જીદથી પાંચ છ દુકાન છોડી અતીકખાનનું ધાબુ આવેલું છે તે અતીકખાનના ધાબે હું ગયેલો. હું ત્યાંથી તમામ બનાવો જોતો હતો.

આ સાહેદે તા.૧૪-૯-૦૮ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. ત્યારબાદ તા.૨-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં પણ આ આરોપી તોફાની ટોળામાં તલવાર સાથે હાજર હતો તેવુ સ્પષ્ટ જણાવેલ છે. તેમજ નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ આરોપી સામે આ સાહેદની જુબાની મુજબ પુરાવો નોંધાયેલ છે.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે તા.૨૭-૨-૦૨ના રોજ હિન્દુઓ ટોળાએ કૃષ્ણનગર માં મુસ્લીમોના લારી ગલ્લા સળગાવેલા તા.૨૮-૨-૦૨ ના રોજ બંધનું એલાન હતુ તે દિવસે નરોડા પો.સ્ટે.ના પી.આઈ. મૈસુરવાલા તથા સેકન્ડ પી.આઈ. ગોહીલ તથા તેમના સ્ટાફના માણસો આ સાહેદને લઈ મુસ્લીમ વિસ્તારોમાં અને ચાલીઓમાં તતા મસ્જીદોમાં જઈ સુયોજિત કાવતરા પ્રમાણે આ પોલીસવાળાઓએ મુસ્લીમો પાસે કોઈ હથીયાર છે કે નહી તેની જાણકારી મેળવી લીધેલ તેવુ નહી માનવાને કોઈ કારણ નથી કારણ કે આ રીતે ચેકીંગ કર્યા બાદ પોલીસ બાહર રોડ ઉપર આવેલ અને ત્યારબાદ હીંચકારો બનાવ બન્યો તે ના.કોર્ટના રેકર્ડ ઉપર છેત જે આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાનીથી સાબીત થાય છે અને જુબાની વંચાણે લેતા એવુ સ્પષ્ટપણે ફલીત થાય છે તે હિન્દુ ટોળાને પોલીસનો સંપુર્ણ સાથ સહકાર હતો અને પોલીસના સહકારથી આટલા મોટા આયોજનબદ્ધ કાવતરાને સફળતા અપાવેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

નુરાની મસ્જીદ પાસે ભેગા થયેલા ટોળાઓમાં આ આરોપી હાજર હતો અને ટોળામાં સાથે રહી લારી ગલ્લાની તોડફોડ કરેલ તથા ચાલીઓના મકાનોની તોડ ફોડ કરી સળગાવેલ

અને આ ટોળાઓની આગેવાની આ આરોપીએ કરેલ અને તે વખતે તેના હાથમાં તલવાર હતી અને આ આરોપીએ ટોળામાં સામેલ રહી ગુનાહીત કૃત્ય કરતા, તોડફોડ કરતા, મારકાપ કરતા નજરો નજર આ સાહેદે જોયેલા છે. આ સમયે મુસ્લીમો પોલીસને મદદ સારૂ પોકારતા પોલીસે મુસ્લિમો પર ફાયરીંગ કરેલ જેમાં ત્રણ મુસ્લીમોને ગોળી વાગેલ જે તમામ બનાવો નુરાની મસ્જીદ પાસે આવેલ અતીકખાનના ધાબા પરતી સાહેદે જોયેલ. આમ આ આરોપીએ હિન્દુ ટોળામાં તલવાર સાથે હાજર રહી ગેરકાયદેસર મંડળીના સભ્ય બની સામાન્ય ઈરાદો પાર પાડવાના ઉદ્દેશથી ગુનાહીત કૃત્ય કરતા આ સાહેદે જોયેલ તેવુ તેમની જુબાનીથી સ્પષ્ટ ફલીત થતુ હોઈ તેમની જુબાની નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

## (૩) જુબેરખાન ઈસ્માઈલખાન પઠાણ, સાહેદ નં. ૨૨૭, આંક-૧૬૧૪

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં હાથમાં લોખંડની પાઈપ હતી. તે રીતે ટોળામાં હતો
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

તે વખતે મેં કૃષ્ણનગર સાઈડના ટોળામાં બિપીન પંચાલને જોયેલા. આ બિપીન પંચાલના હાથમાં તલવાર હતી. આ જ ટોળામાં ગુડ્ડુ છારા પણ હતો, આ ટોળામાં બાબુ ગેરેજવાળા હતા. ગુડ્ડુ છારાના તથા બાબુ ગેરેજવાળા એમ બંનેના હાથમાં લોખંડની પાઈપો હતી. કૃષ્ણનગરવાળું આ ટોળું બુમો પાડતું હતુ, તોડફોડ કરતું હતું. ટાયર રોડની વચ્ચે સળગાવતા હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૪</u>

અમે આ રીતે બેઠા બતા ત્યારે ગુડ્ડુ છારા, બાબુ ગેરેજવાળા, સુરેશ લંગડાનાઓ અમોને જોઈને ગયેલા હતા ત્યારપછી આ ત્રણ જણાં હિન્દુઓના ટોળાને લઈને આવેલા જે ટોળાએ અમો મુસ્લીમ કોમના લોકો પર પથ્થરમારો કરેલો.અમે ત્યારપછી ગંગોત્રી સોસાયટી તરફ ગયેલા. ત્યાં અમે લોકોને મદદ કરવાનું કહેલું પરંતુ કોઈએમ મદદ કરેલી નહીં. તેઓના ઘરના દરવાજાઓ બંધ કરી દીધેલા. અમે પછી હુસેનનગર પરત આવેલા.

આ સાહેદે તા.૨૬-૫-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીને હાથમાં લોખંડની પાઈપ સાથે ટોળામાં જોયેલ તેવુ સ્પષ્ટપણે જણાવેલ છે. તેમજ નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ સાહેદે આ આરોપી તેના બંન્ને હાથોમાં પાઈપ સાથે ટોળામાં હાજર હતો તેવુ જણાવેલ છે. આ સાહેદની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ પુરાવો પડેલ છે.

તા.૨૮-૨-૦૨ના રોજ બંધનું એલાન હતુ. તે દિવસે નવ વાગે હું નું.મ. પાસે આવેલ મીલન હોટલ ઉપર હાજર હતો ત્યારે નટરાજ તથા કૃષ્ણનગર તરફથી ટોળા આવેલા અને

ટોળા પૈકી કૃષ્ણનગર તરફથી આવેલ ટોલામાં બાબુ ગેરેજ તેના બંન્ને હાથમાં લોખંડની પાઈપ સાથે હાજર હતો અને આ ટોળુ તોડફોટ કરતુ હતુ .નુરાની મસ્જીદ ઉપર પથ્થરમારો કરતુ હતુ તતા સળગતા કાકડા નાંખતુ હતુ તેમજ હિન્દુઓના ટોળા મુસ્લીમ કોમના માણસોને મારતા તથા મકાનોને સળગાવતા હતા તે ટોળામાં આ આરોપીએ પણ સક્રીય રીતે ભાગ ભજવેલ છે. આમ આ આરોપીએ પણ ગેરકાયદેસર મંડલીના સભ્ય બની સામાન્ય ઉદ્દેશ પાર પાડવાના ઈરાદે ગૂનાહીત કૃત્ય કરવામાં એકબીજાનો સાથ આપી સક્રીય ભાગ ભજવેલ છે. તેવુ જુબાની જોતા સ્પષ્ટ ફલીત થાય છે. આથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

વધુમાં જણાવવાનું કે આ સાહેદ આ આરોપીને ના.કોર્ટ રૂબરૂ ઓળખવામાં નિષ્ફળ ગયા છે તેનું કારણ કે બનાવને ઘણાં વર્ષો થઈ ગયેલ છે. અને આરોપીમાં શારીરીક ફેરફાર થયેલ હોય તેવું સંભવીત છે. જેથી સાહેદ આરોપીને ઓળખી શક્યા ન હોય તેવું સંભવ છે.

### (૪) સાહીદહુસેન અ.ગફુર શેખ, સાહેદ નં. ૨૩૨, આંક-૧૬૪૩

- તા. ૧૯.૬.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

<u>- પેજ નં. ૨ પેરા નં.૪</u>

હું તે દિવસે સવારે મારા ઘેર સુતેલો હતો. સવારે સાડા આઠ કે પોણા નવ વાગ્યે બુમાબુમ થયેલી. હુ આ બુમાબુમ સાંભળી નુરાની મસ્જીદની સામે, એસ.ટી.વર્કશોપના નાકે રોડ પર આવેલો. મે જોયેલું કે, કૃષ્ણનગર તથા નટરાજ હોટલ તરફથી ટોળું આવતું હતું તે એસ.ટી.વર્કશોપ પાસે આવેલું. મેં આ ટોળામાં બાબુ ગેરેજવાળાને જોયેલો.

<u>- પેજ નં.૨ પેરા નં.૫</u>

ટોળુ બુમાબુમ કરતું હતું. તેઓ શેની બુમો પાડતા હતા તે મને સમજાયેલું નહીં. હું થોડીવાર ત્યાં ઉભો રહેલો પણ પબ્લીક ખુબ ભેગી થઈ ગયેલી. હું ગભરાઈ ગયેલો. પછી હું સીધો હુસેનનગર મારા ઘર તરફ ભાગેલો. બાબુ ગેરેજવાળો ટોળાના આગળના ભાગે હતો તેથી મારૂ તેના પર ધ્યાન પડેલું. તે પણ બુમાબુમ કરતો હતો.

આ સાહેદે તા.૧૯-૬-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં પેરા ૪-૫ માં આ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

આ સાહેદે તેમની જુબાનીમાં જણાવે છે. તા.૨૮-૨-૦૨ ના રોજ બંધના એલાનના દિવસે સવારે પોણા નવના સુમારે એસ.ટી. વર્કશોપ પાસે આવી જોયેલ તો કૃષ્ણનગર તથા નટરાજ તરફથી ટોળા આવેલ તે ટોળામાં આ આરોપી આગેવાની કરતો હતો અને બુમા બુમ કરતો હતો આ સાહેદના મોટા ભાઈને બનાવમાં પથ્થરમારાથી ઈજા થયેલ છે. આ સાહેદ

બનાવના દિવસની હકીકતો દર્શાવે છે જે તેમની જુબાનીથી સ્પષ્ટ ફલીત થાય છે. વધુમાં આ સાહેદ ના.કોર્ટ રૂબરૂની જુબાની દરમ્યાન યા આરોપીને ઓળખી શકેલ નથી કારણ કે બનાવને ઘણા વર્ષો થઈ ગયા હોવાતી ઓળખી શકેલ નથી અને બનાવના દિવસનો ખ્યાલ આવતા સાહેદ અંદરને અંદર આરોપીઓથી ડરતા હોય તેવુ પણ સંભવ છે તેથી ઓળખવામાં ચુક થઈ હોય તેવું સંભવીત છે. જે હકીકત પણ ધ્યાને લેવી જરૂરી છે.

## (૫) સૈયદ સલ્લાઉદ્દીન શરફુદીન, સાહેદ નં. ૨૪૯, આંક-૧૭૨૫

- તા. ૨૧.૫.૦૮ ના સીટના જવાબમાં ટોળામાં લારી ગલ્લા સળગાવતા જોયેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

અમે બિપીનભાઈ સાથે વાતચીત કરીને આવ્યા પછી ટોળાએ બિપીનભાઈના ઓટો સેન્ટર સામે આવેલ એસ.ટી.ડી.નું બુથ સળગાવેલું. બિપીનભાઈ ઓટો સેન્ટરવાળા સાથે વાતચીત કરવા જે દસ પંદરજણા ગયેલા તેમાં હુ પણ સામેલ હતો. અમે બિપીન પાસે ગયો ત્યારે ત્યાં બાબુભાઈ વણઝારા પણ હતા. આ બાબુ વણઝારા ફોર વ્હીલર ગાડીનું ફોરમેનનું કામ કરે છે.

આ સાહેદે તા.૨૧-૫-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીને તોફાની ટોળામાં લારી ગલ્લા સળગાવતા જોયેલા ની હકીકત જણાવેલ છે.

આ સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે બનાવના દિવસે સવારે આઠ સાડા આઠે રોડ ઉપર આવેલા ત્યારે એસ.આર.પી. ક્વાર્ટસ તથા નટરાજ પાસે ટોળા ભેગા થયેલા અને તેઓ મુસ્લીમોના લારી ગલ્લા સળગાવતા હતા ત્યારે આ સાહેદ અન્ય મુસ્લીમો સાથે બીપીનભાઈ (તો.દાર ૪૪) ને મળવા ગયેલા ત્યારે બીપીનભાઈ સાથે આ આરોપી પણ હાજર હતો.

આ બાનાવમાં આ સાહેદની દીકરીને પણ ઈજા થયેલ જેની સારવાર કેમ્પમાં કરાવેલી તથા આ સાહેદનું ઘર પણ સળગાવી દીધેલ. આ આરોપીને સાહેદે ટોળામાં સામેલ જોયેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી. આ આરોપીને ઓળખવામાં સાહેદ નિષ્ફળ ગયેલ છે.

## <u>(૬) બાલુજી દીતાજી સોલંકી સાહેદનં. ૩૫ આંક – ૨૩૭</u>

આ સાહેદ ૨૦૦૭ની સાલમાં એક્ઝી.મેજી. તરીકે ફરજ બજાવતા હતા. તેમણે તા.૨૩.૧૧.૨૦૦૭ના રોજ આરોપીનં. ૩૩ ની ઓળખ પરેડ તેમની રુબરુ કરાવેલ છે અને

સાહેદ શોકતઅલી નબીભાઈ મનસુરી નાઓએ આરોપીનં. ૩૩ ને ખરા આરોપી તરીકે ઓળખી આપેલ છે. તેવુ આ સાહેદની જુબાની પરથી ફલિત થાય છે.

<u>પેજ નં.૬, ૭ પેરાનં.૭</u>

ત્યારબાદ પટાવાળા મારફતે સાહેદને બહારથી બોલાવવામાં આવેલા અને તેમનુ નામ સરનામુ વિગેરે પુછતા શોકતઅલી નબીભાઈ મનસુરી હોવાનુ તેઓએ મને જણાવેલુ. ત્યારબાદ સાહેદને ઓળખ પરેડની સમજ આપવામા આવેલી અને સાહેદને જણાવેલ કે, આ કામના આરોપી ઉભેલ માણસોની લાઈનમાં જો ઉભા હોય તો નજીક જઈ લાઈનમાં થી બહાર કાઢી તે આરોપીને ઓળખી બતાવવા મે આવી હકીકત સાહેદને જણાવતા સાહેદ માણસોની લાઈનમાં નજીક જઈ દરેક ના મોં જોતા જોતા એક ઈસમને હાથ પકડી બહાર કાઢેલ. આ લાઈનમાં બહાર કાઢેલ ઈસમને તેમનુ નામ,સરનામુ વિગેરે પુછતા બાબુભાઈ જેઠાભાઈ વણજારા જણાવેલ.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે શોકતઅલી નબીભાઈ મનસુરી એ આરોપીને ખરા આરોપી તરીકે ઓળખી બતાવેલા.આ સાહેદની જુબાનીમાં ઓળખ પરેડનુ પંચનામુ આંક – ૨૪૦ થી રજુ થયેલ છે.

## <u>તોહમતદાર નં.(૩૪) લક્ષ્મણભાઈ ઉર્ફે લખો બુધાજી ઠાકોર</u>

### (૧) મો.હુસેન કૈયુમભાઈ શેખ, સાહેદ નં. ૧૬૭, આંક-૧૧૬૩

- તા. ૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં હથિયાર સાથે હતા
- તા.૧૨.૬.૦૮ ના સીટના નિવેદનમા બીપીન ઓટો ગેરેજ તરફના ટોળામાં હાજર હતો
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૦૬ પેરા નં.૧૫</u>

કૃષ્ણનગર તરફથી આવતા ટોળામાં મેં લખાને જોયેલો. આ લખાના હાથમાં ત્રિશુલ હતુ તે પણ મિંયાઓને કાપી નાંખો, બાળી નાંખો, લુંટી લો, તેઓને છોડતા નહીં તેવુ કહેતો હતો.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં આ આરોપીને ટોળામાં હાજર હતા તેવુ જણાવેલ છે તથા શીટ રૂબરૂના તા.૧૨-૬-૦૮ નિવેદનમાં આ આરોપી બીપીન ઓટો તરફથી જુબાનીમાં આ આરોપીને હથીયાર સહીત જોયેલ તેવુ જણાવેલું છે અને તેમને ઓળખી બતાવેલ છે.

આ સાહેદ બનાવના દિવસે સવારે નવ વાગે પોતાના કામ પર જવા નીકળેલા ત્યારે એસ.ટી. વર્કશોપ પાસે પહોંચી જોયેલ તો નટરાજ, મહાજનીયાવાસ અને કૃષ્ણનગર તરફથી ટોળુ આવેલ. આ ટોળામાં ખાખી ચડ્ડી ધારી અને કૈસરી પટ્ટી પહેરેલા લોકો પણ હતા. આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર, ત્રીશુલ જેવા હથીયાર હતો તેઓ મીયાઓને મારો કાપો તેવુ કહેતા હતા આ બનાવમાં આ સાહેદના ફોઈના છોકરા પીરમહંમદને ગોળી વાગેલ જેમની સારવાર કરાવેલ જેમના સારવાર ના કાગળો આંકઃ૧૯૯૦ થી સાહેદ નં. ૨૯૦ ડૉ. દિનેશ સવજીભાઈ ચંદાનાની જુબાની થકી રજુ થયેલ છે. જે ના.કોર્ટના રેકર્ડ પર છે. આ સાહેદ પીરમહંમદને ઉઠાવવા જતા તેમને પણ ડાબા હાથના કોણી ઉપર ગોળી વાગેલી જે ગોળી ભીડમાંથી આવેલ જેની સારવાર આ સાહેદે વી.એસ. હોસ્પિટલમાં કરાવેલ જે અંગેના સારવારના કાગળો આંક-૧૯૯૧ થી સાહેદ નં.૨૯૦ ડૉ. દિનેશ રાવજીભાઈ ચંદાનાની જુબાની થકી રજુ થયેલ છે. જેના કોર્ટના રેકર્ડ ઉપર છે. આ સાહેદે બનાવના દિવસે ત્યાં હાજર હતા અને તે સમયે કૃષ્ણનગર તરફના ટોળામાં આ આરોપીને હાથમાં ત્રીશુલ સાથે જોયેલ અને તે મીંયાઓને કાપી નાંખો બાળી નાંખો, લુંટીલો, તેઓને છોડતા નહી તેવુ ટોળાના માણસોને કહેતો હતો.

આમ આ આરોપીએ હિન્દુઓના ટોળામાં હાજર રહી મુસ્લીમોને કાપી નાંખી, બાળી નાંખી, તેમની ઘરવખરી લુંટી લેવા સુયોજીત કાવતરૂ બનાવી તે કાવતરાને પાર પાડવાના

ઉદ્દેશને પુરો કરવાના આશયથી ટોળામાં આ આરોપી ત્રિશુલ સાથે હાજર રહી મુસ્લીમો વિરૂધ્ધ ગુનાહીત કૃત્ય કર્યા હોવાનું પણ ફલીત થાય છે તદ્ઉપરાંત આ સાહેદે આ આરોપીને હથીયાર સાથે ટોળામાં જોયેલ છે. અને આ ટોળામાંથી છુટેલી ગોળીથી આ કામના સાહેદને ઈજા થયેલ છે. આમ આ સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ આપેલ પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

## <u>તોહમતદાર નં.(૩૫) વિજય ઉર્ફે મુન્નો શેટ્ટી કેશરીસીંહ દીદાવાલા છારા</u>

**(૧) નસરીનબાનુ મો.રફીક શેખ, સાહેદ નં. ૨૩૮, આંક-૧૬૭૩**

**- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે તથા ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરુધ્ધ નીચે જણાવ્યા મુજબનો પુરાવો આપેલ છે.**

**<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>**

**બજરંગદળના ટોળાના માણસોએ માથામાં કેસરીપટ્ટી બાંધેલી જેના પર જયશ્રી રામ લખેલું હતું. રોડ પર ભેગા થયેલા ટોળામાં મેં મુન્ના શેટ્ટી તથા સહેજાદ છારાને પથ્થરમારો કરતા જોયેલા તથા ત્યારે સુરેશ લંગડાના હાથમાં તલવાર હતી. ત્યારપછી ખુબ પથ્થરમારો થવા લાગેલા ત્યારે પોલીસવાળાએ અમો મુસ્લીમો પર ફાયરીંગ કરેલું.**

**<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>**

**અમે ઘરના તમામ ડરી ગયેલા તેથી હું તથા મારા પરીવારજનો હુસેનનગરની ગલી નં.૪ માં અમારી સામે આવેલ એક મકાનમાં કે જે બંગલો છે તે બંગલામાં રક્ષણ માટે બંગલાના છેક ઉપરના માળે જતાં રહેલા. અમે છેક ધાબે જતાં રહેલા. ધાબા પરથી બનતા બનાવો મેં જોયેલા. સાંજના આશરે પાંચ સાડા પાંચ વાગ્યાના સમયગાળામાં જો કે મને ચોક્કસ ટાઈમ ખબર નથી પણ તે સાંજ હતી તેવા સમયે મેં જોયેલું કે, ટોળાના માણસો અમારી ચાલીઓમાં લુંટફાટ કરતા હતા તથા ઘરો સળગાવતા હતા. આ ટોળામાં મેં ચાર જણાંને જોયેલા.**

**<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>**

**આ વખતે મેં મુન્ના શેટ્ટી તથા સહેજાદ છારા, સુરેશ લંગડો તથા ગણપત છારાને જોયેલા. આમા મુન્ના શેટ્ટી તથા સહેજાદ ટોળામાં હતા. સુરેશ પાસે તલવાર હતી. તથા ગણપત છારા તેના હાથથી ઈશારાઓ કરતો હતો. હું રાતના બાર વાગ્યા સુધી આ ધાબે હતી. ત્યારપછી શાહઆલમ કેમ્પની ગાડી આવતાં તે ગાડીમાં અમે શાહઆલમ કેમ્પ જતાં રહેલા.**

**સાહેદ નં.૨૩૮ ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી સવારના સમયે અન્ય આરોપી સાથે ટોળામાં હાજર હતો અને આ આરોપીએ ચાલીઓમાં ઘુસી જઈ લુંટફાટ અને ઘરો સળગાવવાનું કૃત્ય કરેલ છે. આ બનાવ સાહેદે ધાબા ઉપરથી જોયેલ છે. આ બનાવ અંગે આરોપી સામે સીધો પુરાવો મળી આવે છે. આ આરોપી મરણ ગયેલ છે અને તેને એબેટ કરવાનો ના.કોર્ટે આંક -૧૨૯૬ નીચે હુકમ કરેલ છે.**

# <u>તોહમતદાર નં.(૩૬) જનકસીંહ ધરમસીંહ નેહરા ઉર્ફે જનક મરાઠી</u>

## (૧) ઈકબાલ ઈસ્માઈલભાઈ મનસુરી, સાહેદ નં. ૧૪૬, આંક-૧૦૦૭

- તા. ૧૯.૬.૦૮ ના શીટના જવાબમાં નામ છે.

- નામદાર કોરર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૨ પેરા નં.૪</u>

બનાવના દિવસે અમે બધા ઘરે હતા. હુ સવારે આઠ વાગે મારા બનેવીની રીક્ષા ધોતો હતો. ત્યારે બહાર રોડ ઉપર બુમાબુમ થવા માંડેલી. હું બહાર રોડ ઉપર જોવા નીકળેલો ત્યાં નટરાજ હોટલ તરફથી ટોળું આવેલું. ત્યાં ટોળાના માણસોએ મસ્જીદ ઉપર તથા ચાની લારીઓ ઉપર તોડફોડ કરેલી. ટોળાના માણસોના હાથમાં પાઈપો, તલવારો વગેરે હતા. આ જોઈને હું મારા ઘરે બાળકો પાસે જતો રહેલો.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

ગંગોત્રી સોસાયટી આગળ જનક મરાઠી ઉભેલ હતા. તેમના હાથમાં પાઈપ હતી. તેમણે અમને ઓળખીને એવુ કહેલું કે, તમે અહીંથી નીકળી જાવ. ત્યારપછી અમે ગંગોત્રી સોસાયટીના પાછળના ભાગે થઈ એસ.આર.પી.કવાર્ટસમાં જબરદસ્તીથી ધુસી ગયેલા. અમે એસ.આર.પી.કવાર્ટસમાં સવારે ચાર વાગ્યા સુધી હતા. સવારે અમને પોલીસની ગાડી શાહઆલમ કેમ્પમાં લઈ ગયેલી. હું તથા મારૂ પરીવાર છ મહીના કેમ્પમાં રહેલા.

આ સાહેદે તા.૧૯-૫-૦૮ના રોજ શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. અને કોર્ટ રૂબરૂની સાહેદની જુબાનીમાં સાહેદે આ આરોપીનું નામ આપી ઓળકી બતાવેલ છે અને સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીના પેરા નં.૪૭ મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો નોંધાયેલ છે.

તા.૨૮-૨-૦૨ના રોજ ગુજરાત બંધના દિવસે બનાવ બનેલ ત્યારે સવાર આઠ સાડા આઠે બુમા બુમ થતા રોડ ઉપર જઈ જોયેલ તો નટરાજ હોટલ તરફથી ટોળુ આવેલ જે ટોળાઓ હથીયારો સહીત હતા અને તોડફોડ કરવા લાગેલા. ત્યારબાદ સાંજના વાગ્યાના સુમારે ગંગોત્રી સોસાયટી ગયેલા ત્યાં આ આરોપીને પાઈપ સાથે ઉભેલા જોયેલા આ સાહેદના પિતાજીને ટોળાએ સળગાવી દીધેલા છે. જેઓની લાશ આજદીન સુધી મળેલ નથી. આમ સાહેદના પિતા મીસીંગ છે.

આમ આ આરોપીને ટોળામાં હથીયાર સહીત ગુનાહીત કૃત્ય કરવાના ઈરાદા સહીત કૃત્ય કરેલાનું સાહેદની જુબાનીથી સ્પષ્ટ ફલીત થાય છે અને આરોપી પાઈપ

**લઈને ઉભા હતા તે તેમનો ઈરાદો દર્શાવેલ છે. આમ આ સાહેદની જુબાનીમાંથી ફલીત થતી તમામ હકીકતો નહી માનવાને કોઈ કારણ નથી.**

# <u>તોહમતદાર નં.(૩૭)ડો.માયાબેન સુરેન્દ્રભાઈ કોડનાની</u>

આ આરોપી નરોડા પાટીયા વિસ્તારના ધારાસભ્ય છે. અને રાજકીય ઈસમ છે તેમને નરોડા પાટીયા વિસ્તારમાં હિન્દુ મુસ્લિમ લગભગ બધા ઓળકે છે.આ આરોપીએ નરોડા પાટીયા વિસ્તારમાં રાજકીય લાભ મેળવવા સરકારના ઈશારે એક ગુનાહીત કાવત્રુ પાર પાડવામાં સક્રિય ભુમીકા ભજવી છે.

નરોડા પાટીયા વિસ્તારમાં બનેલ આ બનાવ એક આકસ્મિક બનાવ નથી. આ બનાવ અગાઉથી નક્કી થયેલા પ્લાન મુજબનું છે. તા.૨૭-૨-૦૨ ના રોજ ગોધરાકાંડનો કહેવાતો બનાવ બપનવા પામ્યો તે બનાવબાદ તેનો બદલો લેવા સરકારે હિન્દુઓને તેમનો રાષ ઠાલવા પુરતો સમય આપેલુ અને આ હકીકત સરકારના જે તે વખતના આઈ.પી.એસ. અધિકારી શ્રી શ્રીકુમાર અને શ્રી સંજીવ ભટ્ટ નાઓએ ઉઘાડી પાડેલ છે અને તેમણે ના.દાર સુપ્રિમ કોર્ટના આ અંગે સોગંદનામું પણ ફાઈલ કરેલ છે.

આ આરોપી બનાવના સમયે ભાજપ સરકારના માનનીય મંત્રી હતા તેઓ તે સમયે રાજ કરતા હતા તેમની પ્રજા પ્રત્યે જવાબદારી હોય છે. પ્રજાનું રક્ષણ કરવું. પ્રજાના લાભ માટે કામ કરવા, પ્રજાના સુખ દુઃખમાં સાથ સહકાર આપવું આમ આ આરોપી સત્તા ઉપર હોવાથી બનાવના સમયે તેની ઘણી જવાબદારીઓ હતી. એક રાજા પોતાની પ્રજામાં હિન્દુ – મુસ્લિમોનો ભેદ રાખે નહી પરંતુ આ આરોપીએ રાજકીય વ્યક્તિત્વને શોભે તેવું કોઈ કામ નરોડા પાટીયા હત્યાકાંડ વખતે કરેલ નથી. ઉલ્ટાનું આટલુ મોટુ હત્યાકાંડ સર્જવામાં તેને સફળ બનાવવામાં આ આરોપીએ ટોળાના લોકોને પરીબળ આપેલ છે. તેમણે હિન્દુઓના ટોળાને ઉશ્કેરણી કરી તેમને તલવારો વિગેરે જેવા મારક હથીયારો વહેંચી કત્લેઆમ કરવા ખુલ્લો દ્વાર આપેલ છે. અને ટોળાના લોકોને કહેતા હતા કે આગળ વધો હું તમારી સાથે છું હત્યાકાંડ સફળ બનાવવામાં ખુબ જ મહત્વની અને ચાવી રૂપ ભુમિકા ભજવી છે.

આ આરોપીએ બનાવના દિવસે ટોળાની ઉશ્કેરણી ના કરી હોત, ટોળાના લોકોને તલવારો અને મારક હથીયારો નહી વહેંચ્યા હોત, ટોળાને પીઠબળ, આપી તેમનું મનોબળ ના વધાર્યુ હોત તો આટલુ મોટુ ૯૮ માનવોનું સામુહીક હત્યાકાંડ ના સર્જાયુ હોત પરંતુ આ આરોપીએ પોતાનું રાજધર્મ નીભાવેલ નથી અને આટલુ મોટુ હત્યાંકાડ આયોજન બદ્ધ રીતે સફળ બનાવવામાં ચાવી રૂપ ભુમિકા ભજવેલ છે. જે આ કેસમાં પડેલ પુરાવો વંચાણે લેતા સ્પષ્ટપણે જણાઈ આવે છે.

આ આરોપીએ બનાવના દિવસે નરોડાના પી.આઈ. મૈસુરવાલા સાથે પણ વાતચીત કરી છે અને આ વાતચીત તેમણે નુરાની મસ્જીદ સામે એસ.ટી. વર્કશોપ પાસે જાહેર રોડ ઉપર કરી છે. આ વાતચીત બાદ પોલીસે મુસ્લિમો ઉપર ફાયરીંગ કરેલ છે અને મુસ્લિમોએ જાન ગુમાવેલ છે. આ વાત ઉપરથી એક હકીકત સ્પષ્ટ થાય છે કે આ આરોપીએ પોલીસ સાથે વાતચીત કરી પોલીસને નિષ્ક્રીય બની મુસ્લિમો ઉપર ફાયરીંગ કરવા જણાવેલ હોય તેવું સ્પષ્ટ થાય છે કારણ કે માયાબેન પોલીસ સાથે વાતચીત કર્યા બાદ ટોળાએ કોઈ કામગીરી કરેલ નહી અને પોલીસે મુસ્લિમો ઉપર ફાયરીંગ કરેલ જેમાં મુસ્લિમો મરવા ગયા છે.

આ આરોપીએ ટોળાના માણસોને મુસ્લિમ વિસ્તાર ખત્મ કરી નાંખો તેવુ જણાવી ટોળાને આટલુ મોટુ વિનાશક હત્યાંકાડ કરવા પ્રેરયા છે. ડૉક્ટરનું કામ મનુષ્યની જીંદગી બચાવવાનું છે નહી મારવાનું મરાવી નાંખવાનું એક ડોક્ટર ક્યારેય હિન્દુ મુસ્લિમનો ભેદ રાખતો નથી પરંતુ આ આરોપીના કીસ્સામાં એવુ બનેલ નથી તેમણે લોકોને બચાવવાના બદલે ટોળાને મુસ્લિમ વિસ્તાર ખતમ કરી નાખવા સુચના આપી છે.આ વાક્ય આરોપીને બોલતા સાહેદ નં.૫૨ નાઓએ સાંભળેલ છે. આ સાહેદ આ વખતે ત્યાં આરોપીની પાસે ઉભા હતા અને તેમણએ નોકરી માટે ખાખી કપડા પહેરેલા હોવાથી તેમને કોઈ મુસ્લિમ તરીકે ઓળખી શક્યા ન હતા અને આ સાહેદે નં.૫૨ નાઓએ ના.દાર કોર્ટ રૂબરૂ આરોપી વિરૂધ્ધ પુરાવો પણ આપેલ છે.

આમ આરોપીએ નરોડા પાટીયા વિસ્તારમાં ૯૮ લોકોને મોતને ઘાટ ઉતારી તેમની ઉપર પેટ્રોલ કેરોસીન નાંખી બાળી નાંખવાના તેમજ મુસ્લિમોના ઘરો, દુકાનો લુંટી બાળી નાંખવાના તેમજ નુરાની મસ્જીદ ઉપર હુમલો કરી બાળી નાંખવાના હીંચકારા બનાવમાં સક્રીય ભુમિકા ભજવી છે. તેવું નહી માનવાને કોઈ કારણ નથી. કારણ કે તેમની વિરૂધ્ધ આ કામમાં કુલ-૧૧ સાહેદોએ પુરતો પુરાવો આપેલ છે. જે નહી માનવાને કોઈ કરાણ નથી.

આ આરોપી બનાવના દિવસે બનાવના સ્થળે આખો દિવસ હાજર હતા અને તેમની હાજરી બાબતે ના.દાર કોર્ટના કુલ ૧૧ સાહેદોએ ના.દાર કોર્ટમાં પુરતો પુરાવો આપેલ છે. આ તમામ ૧૧ સાહેદોએ આરોપીને બનાવના દિવસે ટોળામાં અલગ અલગ જગ્યાએ અને સમયે ઓળખી બતાવેલ છે અને તેમની નજરો નજર જોયેલ છે. જેથી આ આરોપીની બનાવના દિવસે પ્રત્યક્ષ હાજરી અને તેમણે કરેલ ગેરકાનુની કૃત્યો આ કામમાં પડેલ પુરાવા ઉપરથી ફલીત થાય છે.

આ આરોપી સામે ના.દાર કોર્ટના નીચે મુજબના ૧૧ સાહેદોએ પુરતો પુરાવો આપેલ છે.

### (૧) અમીના અબ્બાસભાઈ બેલીફ, સાહેદ નં. ૫૨, આંક-૪૨૫

- શીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે.- ઓળખેલ નથી

- પેજ નં.૫ પેરા નં.૧૦

આ સમયે માણસોના ટોળાની વચ્ચેથી નટરાજ હોટલ તરફથી નુરાની મસ્જીદ તરફ એક સફેદ ગાડી આવેલી. આ સફેદ ગાડી આઈસ ફેક્ટરી કે જે નુરાની મસ્જીદની ડાબી તરફ આવેલી છે ત્યાંથી નુરાની મસ્જીદ તરફ આવેલી. આ સફેદ ગાડી મસ્જીદ પાસે ઉભી રહી ત્યારે તેમાંથી માયાબેન તથા તેમનો આસીસ્ટન્ટ ઉતરેલા.

- પેજ નં.૫-૬ પેરા નં.૧૧

માયાબેન કોડનાની તરીકે ઓળખાય છે તેમણે તે દિવસે સફેદ સાડી પહેરેલી. આ બંને જણાં ગાડીમાંથી ઉતરેલા પછી માયાબેન ટોળાના લોકો સાથે વાત કરતા હતા. માયાબેન મસ્જીદ પાસે ઉભેલા ત્યાં નજીક ટોળાના માણસો આવતા તેઓને હાથના ઈશારાથી મુસ્લિમ વિસ્તાર બતાવતા હતા. માયાબેને ટોળાના માણસોને મારા સાંભળતા મસ્જીદ તથા મુસ્લિમ વિસ્તાર ખતમ કરી નાંખો તેવુ કીધેલું. મેં નોકરીમાં જવા માટે ખાખી કપડા પહેરેલા અને ખાખી સાડી બ્લાઉઝ પહેરેલા તેથી મને કોઈ મુસ્લિમ મહિલા તરીકે ઓળખી શકેલું નહી તેઓ મને પોલીસની વ્યક્તિ સમજતા મારી રૂબરૂમાં બોલેલા.

- પેજ નં.૬-૭ પેરા નં.૧૨

ત્યારબાદ ટોળાના માણસોએ પથ્થરમારો, તથા ઘરોની તોડફોડ શરૂ કરી દીધેલી. ટોળાના માણસોએ ચડ્ડી જેવું પહેરેલું જે હાફપેન્ટ હતુ તથા તેઓના માથે કેસરી પટ્ટી બાંધેલી હતી. આ તમામ માણસો નારાઓ લગાવતા હતા તેઓ જય શ્રી રામ તથા ગોધરાકાંડનો બદલો લેવાનો છે તેવુ બોલતા હતા. આ ટોળાના માણસોએ શરૂ કરેલો પથ્થરમારો નુરાની મસ્જીદની પાસે કરેલો. ટોળાના માણસોએ તોડફોડ વધારી દીધેલી ત્યાં મસ્જીદ પાસે પોલીસના માણસો પણ હતા. પોલીસના માણસો પણ ઉભા થઈ અમારા ઉપર ટીયરગેસ છોડતા હતા અને ગોળીબાર કરતા હતા. ત્યારબાદ મે જોયેલું તેમ માયાબેનના હાથમાં પિસ્તોલ જેવુ હતુ અને તેઓએ પણ

ફાયરીંગ કરેલુ. માયાબેને ફાયરીંગ કરેલુ ત્યારબાદ ટોળાળાને તમે ચાલુ રાખો તેવુ કહી આવેલા તે જ ગાડીમાં પરત જતા રહેલા.

આ સાહેદે શીટ રૂબરૂના જવાબમાં આરોપીઓનું નામ તેમના કરેલ કૃત્ય સહીત વર્ણવેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલો છે.

આ સાહેદની જુબાનીથી ફલીત થાય છે કે આ આસાહેદ એક પ્રાઈવેટ સીક્યુરીટીમાં નોકરી કરતા હતા અને તેમને તે કંપની તરફથી ખાખી સાડી અને બ્લાઉઝ આપેલ તે પહેરી બનાવના દિવસે નોકરી ઉપર જતા હતા પરંતુ તંગ વાતાવરણ લાગતા ગયેલ નહિ અને તેઓ નુરાની મસ્જીદ પાસે ઉભા હતા તે વખતે માયાબેન કોડનાની એક સફેદ ગાડીમાંથી ઉતરેલા તેમણે સફેદ સાડી પહેરેલી હતી માયાબેન મસ્જીદ પાસે ઉભા હતા તેમણે <u>ટોળાને મસ્જીદ તથા મુસ્લિમ વિસ્તાર ખતમ કરી નાંખો</u> તેવુ કહેતા હતા અને આવુ કહેતા સાહેદે સાંભળેલ છે સાહેદ તેમની પાસે ઉભા હતા પરંતુ તો.દારે તેમને પોલીસની વ્યક્તિ સમજીને તેમની રૂબરૂમાં ઉશ્કેરણી જનક શબ્દો બોલેલા અને ત્યારબાદ ટોળાએ તો.દારના દોરી સંચાર મુજબ તેમના કહેવા પ્રમાણે નુરાની મસ્જીદ અને મુસ્લિમો ઉપર હુમલો કરેલ ત્યારબાદ માયાબેને પણ તેમના હાથમાની પિસ્તોલ માંથી ફાયરીંગ કરેલુ ફાયરીંગ કરતા આ સાહેદે આરોપીને નજરો નજર જોયેલ છે અને ટોળાને સુચના આપેલ કે તમે ચાલુ રાખો તેવુ કહી આરોપી જતા રહેલા આમ આ આરોપીએ ટોળાની આગેવાની લઈ ટોળાને ઉશ્કેરણી કરી અને પોતાની હાથમાની પિસ્તોલમાંથી ફાયરીંગ કરી આમ આરોપી પોતે પિસ્તોલ સાથે ગેરકાયદેસરની મંડળી બનાવી તેની આગેવાની લઈ મુસ્લિમો ઉપર તેમની મિલ્કત, મસ્જીદ ઉપર હુમલો કરવામાં આરોપીએ મહત્વની ભુમિકા ભજવેલાનું ફલીત થાય છે.

સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૨) મો.સલીમ મો.હુસેન શેખ સાહેદ નં. ૧૦૪, આંક-૬૬૮

- સીટના ૧૨.૯.૦૮ ના જવાબમાં ટોળામાં હતા.
- સીટના ૨૯.૫.૦૮ ના જવાબમાં પણ નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે તથા ઓળખેલ છે.
- <u>પેજ નં. ૫ પેરા નં.૯</u>

ત્યારબાદ એક પોલીસની જીપ આવી જે એસ.ટી. વર્કશોપના ઝાંપા પાસે ઉભી રહેલ. આ જીપની પાછળ પાછળ કિશન કોરાણી, મનોજ વિડીયોવાળો અને મુરલી સીંધી આવેલા. થોડીવાર પછી ત્યાં એક સફેદ મારૂતી ફ્રન્ટી આવેલી. મેં જોયેલુ કે, આ ગાડીમાં ધારાસભ્ય માયાબેન કોડનાનીનાઓ હતા જેઓ આવી ગયા બાદ કિશન, મુરલી અને મનોજ અને પોલીસ સાથે વાતચીત કરેલી. આ વાતચીત માયાબેન્ુગ્ર સ્વરે કરતાં હતા. તેઓ અમારા વિસ્તાર તરફ ઈશારો કરી કાંઈક જણાવતાં હતા.

- પેજ નં.૫ પેરા નં.૧૦

આ તમામનાઓએ યાને કે માયાબેન, કિશન, મુરલી, મનોજ તથા પોલીસવાળાઓએ નટરાજ હોટલ તરફ ભાગી ગયેલું. તે ટોળાને હાથ દ્વારા ઈશારો કરી પરત બોલાવેલું. માયાબેને ટોળા સાથે એ જ ઉગ્ર સ્વરમાં ચર્ચા કરી ત્યારબાદ તેઓ જે ગાડીમાં આવેલા તે જ ગાડીમાં બેસીને તે જગ્યા પરથી રવાના થયેલા.

આ સાહેદે તેમના શીટ રૂબરૂના બંન્ને જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી સામે સબળ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી માયાબેન બનાવના દિવસે એસ.ટી. વર્કશોપના ઝાંપા પાસે હાજર હતા સાહેદ તેમને નજરો નજર જોયેલ છે. આ આરોપીની સાથે બીજા આરોપીઓ પણ હતા અને માયાબેન તેમની સાથે ઉગ્ર વાતચીત કરેલ અને મુસ્લિમો તરફ ઈશારો કરી કંઈક બતાવેલ ત્યારબાદ માયાબેન અને અન્ય આરોપીઓ સાથે નટરાજ તરફ ગયેલ ટોળાને ઈશારો કરી પરત બોલાવી તે ટોળા સાથે પણ ચર્ચા કરેલ.

આ ઉપરથી સ્પષ્ટપણે કહિ શકાય કે આરોપીએ જેનો તેમના સહ આરોપીઓ સાથે વાતચીત કરી અને પોલીસ સાથે વાતચીત કરી મુસ્લિમ વિસ્તારો ખતમ કરવા જણાવેલ આ વાતને સાહેદ નં.૫૨ સંપુર્ણ સમર્થન આપે છે અને આ આરોપીએ ટોળાને ઉશ્કેરણી કરી ટોળાને હુમલો કરવાની પ્રેરણા આપેલ તેવુ કહિ શકાય અત્રે ઉલ્લેખનીય છે કે આ ટોળામાં માયાબેનની ઉશ્કેરણી બાદ ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલ અને સમગ્ર મુસ્લિમ વિસ્તારમાં પોતાનું તાંડવ મચાવેલું.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે સાહેદની જુબાની નહિ માનવાનું કોઈ કારણ નથી.

## (૩) બસીરખાન નન્નેખાન મનસુરી, સાહેદ નં. ૧૩૬, આંક-૮૯૮

- પોલીસ જવાબમાં નામ નથી.

- ૨૭.૩.૦૮ નાસીટના જવાબમાં નામ છે

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલા છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૧૦</u>

એસ.ટી.વર્કશોપના ખુણા પાસે પોલીસની ગાડી ઉભી હતી ત્યાં એક સફેદ ગાડી આવેલી. તેમાંથી માયાબેન નીકળેલા તેમને ત્યાં ઉભેલા પોલીસના કોઈ અધીકારી સાથે વાતચીત થયેલી. ત્યારપછી થોડીવાર પછી અમે મુસ્લીમો ઉપર પોલીસે અંધાધુધ ગોળી ચલાવવાની ચાલું કરી દીધેલી. પોલીસ હિન્દુ ટોળાની આગળ આગળ ચાલતી હતી. પોલીસ ટિયરગેસ છોડતી હતી પાછળ પાછળ હિન્દુ ટોળુ આવતુ હતુ. તેથી અમે ગભરાઈ ગયેલ કારણ કે, સ્થિતિ ખુબ જ વણસી ગયેલી. અમે તેથી પીછેહટ કરવા લાગેલા આવા વખતે મને પોતાને ડાબા ખભે એક ગોળી વાગેલી. મને ગોળી વાગેલી તે સમય સવારે દસેક વાગ્યાનો હતો.

આ સાહેદે તેમના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ સાહેદે પુરતો પુરાવો આપેલા છે.

સાહેદને બનાવના દિવસે ડાબા ખભાના ભાગે ગોળી વાગેલી આ ઈજાપામતા અને બનાવને નજરો નજર જોનાર સાહેદ છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે બનાવના સ્થળે એસ.ટી. વર્કશોપના ખુણા પાસે તેમની સફેદગાડી લઈને આવેલા અને પોલીસ અધિકારી સાથે વાતચીત કરેલ અને આરોપીએ પોલીસ સાથે પોલીસ કર્યાબાદ પોલીસે મુસ્લિમો ઉપર અંધાધુંધ ફાયરીંગ કરી આંતકનું માહોલ ફેલાયેલ આ સાહેદે માયાબેનને પોલીસ સાથે વાતચીત કરતા જોયેલ છે ત્યારબાદ પોલીસે હિન્દુઓની આગેવાની લઈ મુસ્લિમો ઉપર હુમલો કરેલ છે. આ આરોપી જે તે વખતે સરકારના મંત્રી હતા સત્તા ઉપર ચાલુ હતા તેમણે પોલીસને નિષ્ક્રીય રહેવાની અને હિન્દુઓને સાથ આપી મુસ્લિમો ઉપર ગોળીબાર કરવાની સુચના આપેલી હોય તેવુ આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે.

આ સાહેદે નરોડા પાટીયા હત્યાકાંડના સમગ્ર બનાવમાં કીંગ મેકર તરીકેની ભુમિકા ભજવેલ છે તેવુ નહિ માનવાને કોઈ કારણ નથી તેવુ આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે આમ આ સાહેદની જુબાની નહિ માનવાને કોઈ કારણ નથી.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે સાહેદ નં.૫૨, અને સાહેદ નં.૧૦૪ ની કોર્ટ રૂબરૂની જુબાનીને સંપુર્ણ સમર્થન આપે છે.

(૪) દિલદાર ઉમરાવ સૈયદ સાહેદ નં. ૧૪૩, આંક-૯૭૫

- પોલીસ જવાબમાં નામ નથી
- ૧૪.૯.૦૮ ના શીટના જવાબમાં નામ છે
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં ના આપેલ છે – ઓળખ્યા છએ
- <u>પેજ નં.૪ પેરા નં.૭</u>

આ પછી દસમીનીટ પછી સફેદ કલરની એક મારૂતી ગાડી જીપની બાજુમાં આવીને ઉભી રહેલી. માયાબેન કોડનાની જે અમારા ધારાસભ્ય છે તે આ મારૂતીમાંથી ઉતરેલા. તેમણે સફેદ કલરની સાડી પહેરેલી અને માથે કેસરીપટ્ટી બાંધેલી. આ મારૂતિમાંથી ત્યારપછી બીપીન પંચાલ નીકળેલા, મુરલી સીંધી નીકળેલા, તેમાંથી ગુડ્ડુ છારો પણ નીકળેલ. આ મારૂતી ગાડીની પાછળ ટોળુ આવેલું. આ ટોળુ આશરે વીસહજાર માણસોનું હશે. આ ગાડીનો દરવાજો ખોલી તેમાંથી તલવારો કાઢી તે તલવારો વહેંચેલી. આ વખતે મને બીપીન પંચાલ જોઈ ગયેલો તો તેઓ મારી પાછળ ભાગેલા. તેમણે મને કહેલું કે, જતો રહે, સાલા નહીંતર કાપી નાંખીશ. આ વખતે હું ભાગીને મરાઠાના ઘરમાં જતો રહેલો. આ મરાઠાના ઘરમાં એક ડોસા, ડોસી હતા. ટોળાના માણસોએ મારી ગાડી ચાલુ કરવાની કોશિશ કરેલી. તેઓથી ગાડી ચાલુ થયેલી નહીં.

સાહેદે આરોપીનું નામ તેમના શીટ રૂબરૂના નિવેદનમાં આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ સાહેદે પુરતો પુરાવો આપેલ છે.

સાહેદે આ બનાવ પંચવટી એસ્ટેટ પાસે જવાન નગરના ખાડામાંથી જોયેલ છે. આ વખતે મુસ્લિમો મારી નાંખ્યા, મારી નાંખ્યા તેવી બુમો પાડી આવતા હતા આ વખતે આશરે ૧૧:૪૫ વાગ્યાનો સમય થયો હશે તે વખતે તે તેમણે જોયેલ કે નરોડા પાટીયા પો.સ્ટે. ના પી.આઈ. મૈસુરવાલા પંચવટી એસ્ટેટ પાસે આપેલા અને તેમની પાછળ દસ મિનીટ પછી માયાબેન સફેદગાડીમાં આવેલા તેમની ગાડીમાંથી બીજા તો.દારો ઉતરેલા અને તેમની પાછળ ૨૦૦૦૦ નું ટોળુ આવેલું અને માયાબેનની ગાડીમાંથી દરવાજો ખોલી તેમાંથી તલવારો કાઢિ ટોળાના માણસોને વહેંચણી આ ૨બનાવ સાહેદે જોતા હતા તે વખતે બીપીન પંચાલ (તો.દાર નં........) સાહેદને જોઈ જતા તેણે સાહેદને કહેલ જતો રહે નહી તો તને કાપી નાંખીશ. આમ આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે કે આરોપીએ પંચવટી એસ્ટેટ પાસે

પોલીસની મદદગારી લઈ પોલીસને બસમાં લઈટોળાના લોકોને તલવારો વહેંચેલી છે જે તલવારોથી ટોળાના માણસોએ મુસ્લિમોનો કત્લેઆમ કરેલ છે અને જેના ફળ સ્વરૂપે નરોડા પાટીયાના આ હિંચકારા બનાવમાં ૯૮ મુસ્લિમોના મોત નિપજેલા છે જે ૯૮ લોકોના મોત પાછળ આ આરોપી સીધી રીતે સંડોવાયેલા છે તેવુ આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે જે આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૫) ફરીદા અબ્દુલ કાદર ખલીફા સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા.૩.૬.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં. ૩ પેરા.૭

ટોળાના માણસો આસપાસની લારીઓ, ગલ્લા તથા રીક્ષાઓમાં તોડફોડ કરી રહયા હતા. આ ટોળાના માણસોએ કપાળ પર કેસરી રંગની પટ્ટી બાંધેલી હતી. આ વખતે નુરાની મસ્જીદ પાસે પોલીસવાળા તથા એસ.આર.પી.વાળા હાજર હતા અને એસ.ટી.વર્કશોપ પાસે કે.કે. મૈસુરવાલા સરકારી જીપ સાથે ઉપસ્થિત હતા. આ વખતે માયાબેન કોડનાની ટોળામાંથી કે.કે.મૈસુરવાલા પાસે આવેલા અને તેઓએ શ્રી મૈસુરવાલા સાથે કાંઈ વાતચીત કરેલી.

- પેજ નં. ૪ પેરા.૮

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપત છારાનો જમાઈ ટીનીયો છારા, સહેજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

- પેજ નં. ૪ પેરા.૯

માયાબેન શ્રી મૈસોરવાલા સાથે વાત કરીને નીકળી ગયા બાદ પોલીસ ફાયરીંગ તેમજ પ્રાઈવેટ ફાયરીંગ શરૂ થઈ ગયેલ તથા નુરાની મસ્જીદપાસે આગ લગાડવાનુ શરૂ થઈ ગયેલું. આ ફાયરીંગમાં આબીદ તથા હસન કુરેશીને ગોળીઓ વાગેલી જેઓ બંને સ્થળ પર જ મરણ ગયેલ, જયારે આ ફાયરીંગમાં મહંમદ, પીરૂ, ખાલીદ તથા મજીદને ગોળીઓ વાગેલી જેઓને ઈજાઓ થયેલી.

આ સાહેદે તેમના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી માયાબેન બનાવના દિવસે એસ.ટી. વર્કશોપ પાસે બીજા આરોપીઓ સાથે ટોળામાં હાજર હતા તેમજ નરોડાના પી.આઈ. મૈસુરવાલા સાથે તે સમયે વાતચીત કરેલી ત્યારબાદ પોલીસ ફાયરીંગ અને પ્રાઈવેટ ફાયરીંગ શરૂ થઈ ગયેલા જે ફાયરીંગમાં મોહંમદ, પીરૂ, ખાલીદ તથા મજીદ, આબીદ, હસનને ગોળીઓ વાગેલી આ બનાવમાં આ આરોપીની સંડોવણી નિશ્ચિત થાય છે કારણ કે આ આરોપીએ પોલીસ સાથે વાતચીત કરી પોલીસને ગોળીબાર કરવા જણાવ્યું નહોત તો ઉપરોક્ત છ જણાને ગોળીઓ વાગતી નહોત તેમજ પ્રાઈવેટ પાયરીંગપણ થયેલ ન હોત આ સમગ્ર ફાયરીંગ કરાવવા પાછળ આરોપીનો હાથ છે અને તેમનું મજબુત પીઠબળ છે તેવુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ ફાયરીંગમાં આબીદ, અને હસન કુરેશી મરણ ગયેલ છે આ બંન્નેની મોન માટે આ આરોપી જવાબદાર છે તેવુ નહિ માનવાને કોઈ કારણ નથી તેવુ આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે જેથી સાહેદની આરોપી વિરૂધ્ધની જુબાની નહિ માનવાને કોઈ કારણ નથી.

સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

### (૬) અ.મજીદ મો. ઉસ્માન શેખ, સાહેદ નં. ૧૫૬, આંક-૧૦૭૨

- તા.૨૦.૫.૦૮ ના સીટના નિવેદનમા નામ છે. ( ટોળાને અને પોલીસને કહેતા હતા કે મારો સાલાઓને)

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫-૬ પેરા નં.૧૦</u>

આ વખતે એસ.ટી.વર્કશોપ પર પોલીસની બે ગાડીઓ આવેલી જેમાંથી ત્રણ કાળા રંગની પેટી ઉતારવામાં આવેલી. ત્યારપછી એક સફેદ ગાડી આવેલી. ત્યારે બધા માયાબેન કોડનાનીનું નામ લેવા લાગેલા. આ ગાડીમાંથી માયાબેન કોડનાની ઉતરેલા.

માયાબેને એવુ કહેલું કે, મારો સાલાઓને પછી ટોળું અમારા ઉપર હુમલો કરવા લાગેલું. આ હુમલાથી અમે તમામ પાછળના ભાગે અમારી ચાલી તરફ ખસવા લાગેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

ત્યારપછી ટોળાએ અમારા ઉપર હુમલો કરેલો અને પોલીસે પણ ગોળી છોડેલી તથા ટિયરગેસ પણ છોડેલા. પોલીસે છોડેલી ગોળી હસન કુરેશીના માથામાં વાગેલી. જે ત્યાં જ પડી ગયેલો અને અમે આગળ નીકળી ગયેલા.

આ સાહેદે તેમના સીટના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે કેટલા ખુન્નસમાં હતા તેમણે પોતાની ગાડીમાંથી ઉતરતાની સાથે જ કહેલુ કે મારો સાલોને અને તેમના આવુ કહેતાની સાથે જ ટોળાએ મુસ્લિમો ઉપર હુમલો કરેલ અને પોલીસે ગોળીઓ, ટીયરગેસ છોડેલ જે ગોળીબારમાં હસનકુરેશીને ગોળી વાગતા ત્યાં જ મરણ પામેલ આ સાહેદની જુબાની ઉપરથી એવુ ચોક્કસ કહી શકાય કે નરોડા પાટીયાના ટોળાના લોકો આરોપીને ભગવાન જેવા સમજતા હતા અને તેમણે કહ્યુ કે મારો સાલોઓને તેવુ કહેતાની સાથે જ ટોળાએ હુમલો કરેલો અને આ આરોપીના આવા શબ્દ કહેવાથી ટોળાનું મનોબળ વધી ગયેલ તેમને આંતક કરવા પ્રેરણા મળેલ અને તેમને એવુ આભાસ થયેલ કે માયાબેન તેમની સાથે જ તેમને કોઈપણ નહિ થાય તેવુ સમજી આ કામના અન્ય તો.દારોએ સમગ્ર નરોડા પાટીયાએ આંતક મચાવેલું આ સમગ્ર બનાવ પાછળ મુખ્ય ભુમિકા આ આરોપીની જ છે તેને નહિ માનવાને કોઈ કારણ નથી જે આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૭) ઝુલેખા સરદારએહમદ ચૌધરી , સાહેદ નં. ૧૭૬, આંક-૧૨૧૨

- શીટ તથા પોલીસના જવાબમાં નામ નથી
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૧૦</u>

ટોળુ મિંયા લોકોને કાપો, કાઢો અને જીવતા સળગાવી દો તેવુ કહેતુ હતુ. હું અવાજ રોડની સામેની બાજુએથી આવેલો તેથી ત્યારે તે તરફ હું જોવા ગયેલી. હુ જોઈને પાછી મારી લારી પર આવી ગયેલી. હું લારી ત્યાં એમને એમ છોડી મારા ઘેર જઈ, મારા બાળકોને લઈ, ઘરને તાળુ મારી, મારા પતિને ઘર પાસે રહેવાનું કહીને મારા બાળકોને લઈને જવાનનગર ગંગોત્રી તરફ ગયેલી.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૮</u>

મેં સવારે સાડા નવથી પોણા દસ વાગ્યે રોડ ઉપર જે ટોળું જોયેલું તેમાં માયાબને કોડનાની પણ હતા મેં તેઓને ઓળખેલા.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી માયાબેનની હાજરી ગુનાવાળી જગ્યા ઉપર ફલીત થાય છે. આ સાહેદ હુસેનનગરની પહેલી ચાલી પાસે રોડથી થોડ અંદર શાકભાજીની લારી લગાવતા હતા અને તેમણે સવારના ૯:૩૦ , ૯:૪૫ વચ્ચે જે ટોળુ જોયેલ તે ટોળામાં સાહેદે આરોપીને જોયેલ છે. આમ આ આરોપી બનાવના દિવસે બનાવના સ્થળે હાજર હતા તેવું નહી માનવાને કોઈ કારણ નથી.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલા છે.

## (૮) રસીદાબાનુ ઈમ્તીયાઝહુસેન મોમીન, સાહેદ નં. ૧૯૨, આંક-૧૩૧૨

- તા.૨૪.૯.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

-<u>પેજ નં.૫ પેરા નં.૯</u>

કૃષ્ણનગર તરફથી આવેલ ટોળાના માણસો પણ અમારા ઉપર પથ્થરમારો તેમજ બોટલમારો કરતા હતા. નટરાજ તરફથી આવેલ ટોળાના માણસો પણ અમારા ઉપર પથ્થરમારો તથા બોટલમારો કરતા હતા. આ ટોળામાં માયાબેન કોડનાની હતા. આ ટોળામાં મનોજ હતો. તેનું નામ મારા ખ્યાલ મુજબ મનોજ વિડીયોવાળો છે. આ નટરાજવાળા ટોળામાં વધુમાં બિપીન ઓટોવાળો પણ હતા. આ ઉપરાંત આ ટોળામાં સંતોષ દુધવાળો હતા. આ સંતોષ દુધવાળાની દુકાન કુબેરનગર જતાં કમલા વેલ્ડીંગની બાજુમાં છે. નટરાજવાળા ટોળામા વધુમાં, ગુડ્ડુ છારા, નરેશ છારા, સુરેશ લંગડો તથા સુરેશ લંગડાનો નાનો ભાઈ પણ હતા. આ ટોળામાં માયાબેન ચલો આગળ તથા મારો તોવુ કહીને પબ્લીકને ઉશ્કેરતા હતા. આ સમયે પોલીસ ત્યાં આવીને નાકા પર ઉભેલા મુસ્લીમો પર જ ગોળીબાર તથા ટિયરગેસ છોડેલા. તેથી ચાર પાંચ મુસ્લીમ છોકરાઓને ગોળી વાગેલી.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

ટોળુ ધીમે ધીમે અમારી ચાલી તરફ અંદર આવવા લાગતાં હુ રોડ ઉપરથી મારા ઘરે આવી મારા બાળકોને લેવા મારા ઘરના ધાબે જતી રહેલી. મારા ઘરના ઉપરના ભાગેથી આખો રોડ દેખાય છે ત્યાંથી મેં જોયેલું તો, ટોળાના લોકો મારકાપ કરતા હતા. તેથી હું મારા

બાળકોને લઈને નીચે ઉતરી ગયેલી. હું ત્યારપછી ભાગદોડ કરવા લાગેલી અને ત્યારબાદ મારા બાળકોને લઈને રમજાની પિંજરાના ધાબે બાળકો સાથે જતી રહેલી.

આ સાહેદે તેમની શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી માયાબેન કોડનાની નટરાજ તરફતી આવેલ ટોળામાં હાજર હતા અને આ ટોળુ પથ્થર મારો અને બોટલ મારો કરતુ હતુ તે વખતે માયાબેન ટોળાને કહેલુ કે ચલો આગળ મારો તેવુ કહેતા હતા અને ટોળાના લોકોને ઉશ્કેરણી કરતા હતા તેવુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે કે આરોપી ગેરકાયદેસર મંડલીના આગેવાન હતા અને તેમણે ટોળાને ઉશ્કેરણી કરી ટોળાને મનોબળ પુરૂ પાડેલ તે ટોળો ચાલીઓમાં ઘુસી જઈ માર કાપ લુંટફાટ કરેલ છે આ તમામ કૃત્ય કરવા બદલ આરોપી આ ગુનામાં કસુરવાર કરતા હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જે આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે આમ આ સાહેદની જુબાનીને નહિ માનવાનું કોઈ કારણ નથી.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૯) હારૂન મોહંમદભાઈ શેખ, સાહેદ નં. ૧૯૮, આંક-૧૩૬૩

- તા.૨૮.૫.૦૮ તથા તા.૧૨.૯.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.(તોફાની ટોળામાં જોયેલ)
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ બંને તરફના ટોળાઓના લોકોએ કપાળ પર કેસરીપટ્ટી બાંધેલી હતી. આ ટોળામાં હું અમુક લોકોને ઓળખતો હતો. મેં ટોળાના કેટલાક લોકોના હાથમાં તલવાર, પાઈપ, ત્રિશુલ જોયેલા.

<u>-પેજ નં.૩ પેરા નં.૭</u>

મેં આ ટોળામાં માયાબેન, બાબુ બજરંગી, સચીન મોદી, અશોક પાનના ગલ્લાવાળો, મનોજ વિડીયોવાળો, સુરેશ લંગડો, હરેશ, ગુડ્ડુ તથા બિપીન ઓટોવાળાને જોયેલા. મેં આ તમામને સવારના આશરે સાડા નવ વાગ્યે બનાવવાળા દિવસે જોયેલા તેઓ એસ.ટી.વર્કશોપ

સામેના ઝાંપા પાસેના ટોળામાં પણ આગળ હતા અને એસ.આર.પી. ઝાપાવાળા ટોળામાં પણ હતા. જો કે, પછી બંને ટોળા એક થઈ ગયેલા.

- પેજ નં.૪ પેરા નં.૮

આ લોકો તથા ટોળાના માણસો આસપાસના લારી ગલ્લા, કેબીન, મકાન વગેરે સળગાવવા લાગેલા તથા તેઓ નુરાની મસ્જીદ પર હુમલો કરેલો. અમારા મુસ્લીમોમાંથી કેટલાક લોકો આ નવજણાઓને સમજાવવા માટે પણ ગયેલા પરંતુ તેઓએ કોઈની વાત સાંભળેલી નહી અને તેઓ મારો કાપો તેવા પોકારો કરવા લાગેલા અને અમારી કોમના માણસો પર પથ્થરમારો કરવા લાગેલા. અમે આ રીતે આ નવને સમજાવવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. પરંતુ તેઓ ન માનતા તથા અમારા ઉપર પથ્થરમારો કરતા અમે ગભરાઈને પરત હાલમાં પોલીસ ચોકી આવેલી છે ત્યાં પાછા આવી ગયેલા.

- પેજ નં.૫ પેરા નં.૯

અમે આ પોલીસ ચોકીવાળી જગ્યાએ પરત આવતા એસ.ટી.વર્કશોપના ઝાંપે હતી તે પોલીસની જીપમાંથી ટિયરગેસના શેલ તથા ફાયરીંગ કરવાનું શરૂ કરેલું. આ પોલીસના ફાયરીંગમાં ચાર જણાંઓને ગોળી વાગેલી. આ ગોળીબારમાં આબીદભાઈ, પીરૂ, મહંમદ તથા ખાલીદને ગોળીઓ વાગેલી. આબીદ સ્થળ પર જ મૃત્યુ પામેલો. આબીદ સિવાયના ત્રણજણાંઓને ગોળીઓ વાગેલી તે તમામને લઈને અમે ત્યાં ઉભેલા મુસ્લીમો અંદર આવેલી અમારી મુસ્લીમ ચાલીઓ તરફ ભાગતા હતા ત્યારે ટોળાના માણસો અમારી પાછળ પણ પડેલા.

આ સાહેદે તેમના શીટ રૂબરૂના બંન્ને નિવેદનોમાં આરોપીનું નામ તોફાની ટોળામાં જોયેલાનું જણાવેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આરોપી વિરૂધ્ધ સબળ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે બનાવના સ્થળે એસ.ટી. વર્કશોપના ઝાંપા પાસે પ્રાણઘાતક હથિયારોથી સજ્જ થયેલા ટોળામાં પ્રત્યક્ષ રીતે હાજર હતા અને આ આરોપી આ ટોળામાં આગળ પડતા હતા ડે ટોળાએ આસપાસની મુસ્લિમોની મિલ્કત અને મસ્જીદ ઉપર હુમલો કરેલો આ સમગ્ર બનાવમાં આરોપી સામે પુરતો પુરાવો છે કારણ કે આ ટોળામાં આ આરોપી આગળ પડતા હતા એટલે કે આગેવાન તરીકે હતા તેવુ કહી શકાય તેવુ આ સાહેદની જુબાની થી સ્પષ્ટપણે ફલીત થાય છે. આથી આ સાહેદની જુબાનીને નહિ માનવાનું કોઈ કારણ નથી.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૧૦) જુબેરખાન ઈસ્માઈલખાન પઠાણ, સાહેદ નં. ૨૨૭, આંક-૧૬૧૪

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં નટરાજ હોટેલ સામે રોડ ઉપર આરોપી ટોળામાં હતા અને ટોળાના માણસોને એવુ કહેતા હતા કે આગળ વધો હું તમારી સાથે છું.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૭

હું પછી સામે નટરાજ હોટલ ગયેલો. નટરાજ હોટલવાળા ટોળામાં મેં માયાબેન કોડનાનીને રોડ ઉપર જોયેલા. ત્યાં ટોળાના લોકો હતા જેઓ પાસે કેસરી ઝંડા હતા, તે માણસોએ ખાકી ચડ્ડી પહેરેલી હતી. આ ટોળાના માણસોને માયાબેન એવુ કહેતા હતા કે, તમે આગળ વધો, હું તમારી સાથે છું. આ પછી હું નુરાની મસ્જીદ પરત આવી ગયેલો.

આ સાહેદે તેમના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી માયાબેન કોડનાની નટરાજ હોટલ પાસેના ટોળાને એવુ કહતે હતા કે તમે આગળ વધો હું તમારી સાથે છું. રૂા વાક્ય કહેતા સાહેદે માયેબનને જોયેલ છે અને સાંભળેલ છે. આ આરોપી જેને વખતે ચાલુ સરકારમાં એટલે રાજકરતી વ્યક્તિના મંત્રી હતા અને એક રાજકરતી વ્યક્તિ એવુ કહે કે તમે આગળ વધો હું તમારી સાથે છું તેટલુ વાક્ય ટોળામાં આવેલ બીજા આરોપીકઓને માનસીક શારીરીક શક્તિ આપે છે અને તેઓ હુમલો કરવા સક્ષમ થઈ જાય છે કારણ કે રાજકરતી વ્યક્તિ તેમની સાથે હોય તો તેમને કોી કસુ જ નહી કરી શકે તેવું માની તેઓ હુમલો કરે અને આ ટોળો એવુ જ કરેલ છે આ ટોળો માયાબેનના એક વાક્ય ઉપરથી સમગ્ર વિસ્તારમાં ખુનની હોળી રમી છે મુસ્લિમોના કત્લેઆમ કરેલા છે. યુવાનસ્ત્રીઓને નગ્ન કરી તેમની ઉપર બળાત્કાર કરી જીવતા સળગાવેલા છે. મુસ્લિમોની મિલ્કતોને લુંટી આગ લગાડેલ છે અને સમગ્ર બનાવમાં સરેરાશ ૯૮ લોકોને મારી સળગાવેલા છે. આ સમગ્ર ગુનાઓના મુખ્ય ભેજાબાજ હોય તો તે માયાબેન છે કારણ કે જો તેમણે ઉપરોક્ત વાક્ય ના બોલ્યુ હોય ત તો આટલુ મોટુ હત્યાંકાડ ના સર્જાયુ હોત આ સાહેદની જુબાની ઉપરથી તેવુ ફલીત થાય છે.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૧૧) સીદ્દીકભાઈ અલાબક્ષ મનસુરી સાહેદ નં. ૨૩૬, આંક-૧૬૬૨

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં ટોળાની આગેવાની લઈ, ઉશ્કેરણી કરી સવારે ૧૧.૩૦ વાગે ટોળાને હથીયાર આપ્યા, મસ્જીદ તોડી નાંખવા ઉશ્કેરણી કરેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૬

હું મારા ઘરે હતો તે દરમ્યાન મને જાણવા મળેલું કે, ત્યારે બહાર રોડ પર બહુ પબ્લીક ભેગી થયેલી છે. આ વખતે સવારના આશરે સાડા આઠથી નવ વાગ્યાનો સમય થયેલો. આવુ જાણતાં હું મારા ઘરેથી નીકળી નટરાજ હોટલ પાસે ગયેલો. ત્યાં પાચ થી દસ હજાર માણસોનું ટોળું હતું. હું ત્યાં હાજર હતો તે દરમ્યાન મારૂતિ ફ્રન્ટીકારમાં માયાબેન ત્યાં આવેલા, તેમની સાથે તેમની કારમાં તેમનો પી.એ. આસીસ્ટન્ટ હાજર હતો. તેઓ બંને હું ઉભો હતો ત્યાં કારમાંથી સાથે ઉતરેલા. જે મે જોયેલું.

- પેજ નં.૩ પેરા નં.૭

તેમને જોઈને ત્યાં ઉભેલા ટોળાના માણસોએ જયશ્રી રામનો નારો લગાવેલો. અહીંયા માયાબેન લોકોને ઉશ્કેરણીનજક ભાષણ કરતા કહેલું કે, હું ગોધરા જઈને કારસેવકોની લાશો જોઈ આવી છું. અને તમે લોકો રામભક્તો અહીંના મિંયાઓને મારી નાંખો, કાપી નાંખો જેવી રીતે બાબરી મસ્જીદ તોડી છે તેવી રીતે અહીંની મસ્જીદ તોડી નાંખો તમારી સાથે હું છું અને નરેન્દ્ર મોદી છે. તેમને કોઈ તકલીફ નહીં પડે, આટલું બોલીને તેણી જતાં રહેલા.

- પેજ નં.૪ પેરા નં.૮

તેમના ગયા પછી પબ્લીક ઉશ્કેરાટમાં આવી ગયેલી અને અમારા વિસ્તાર તરફ તથા નુરાની મસ્જીદ તરફ પબ્લીક આવી ગયેલી. તેમની સાથે પોલીસ પણ હતી. તેથી મારા વિસ્તાર નુરાની મસ્જીદ તરફ પાછો જતો રહેલો. ટોળાના માણસો આ સમયે અમારા વિસ્તાર તરફ આવતા હતા. તે જોઈને હું ભાગી ગયેલો. આ વખતે નુરાની મસ્જીદ પાસે આવેલ ટોલાએ અમો મુસ્લીમો પર પથ્થરમારો કરેલો અને પોલીસે અમારા ઉપર ટિયરગેસના શેલો છોડેલા તથા ફાયરીંગ કરેલું.

- પેજ નં.૪,૫ પેરા નં. ૧૦

આ સમયે સવારે આશરે અગીયાર વાગ્યાની આસપાસ એસ.ટી.વર્કશોના ઝાંપે માયાબેન કોડનાની સફેદ કલરની મારૂતિ ફ્રન્ટી કાર અને તેની પાછળ ટેકસ જીપ હતી એ બંને લઈ આવી કૃષ્ણનગર તરફથી એસ.ટી. વર્કશોપ પાસે ઉભી રાખેલી જે એસ.ટી.વર્કશોપુપના ઝાંપા તરફ મોઢુ રાખીને ઉભેલી. આ મારૂતિ ગાડીમાંથી માયાબેન ઉતરેલા. ઉતરયા પછી તેણીએ આ ટોળાને ઈશારો કરી એસ.ટી.વર્કશોપના ઝાંપે બોલાવેલું. આ વખતે જે સાતેક આગેવાન માણસો આવેલા તેમાં માયાબેનનો પી.એ પણ હતો. માયાબેને તે લોકો સાથે કાંઈ વાતચીત, ચર્ચ જેવુ કરેલું. પછી તેમના પી.એ ને ઈશારો કરી સુચના આપેલી.

- પેજ નં.૫ પેરા નં.૧૧

આ સમયે માયાબેનના પી.એ.એ ટ્રેક્સ જીપમાંથી હથિયારો બહાર કાઢેલા. હથીયારોમાં તલવાર, ભાલા, ત્રિશુલ, રિવોલ્વોર જેવું દુરથી દેખાતુ હતું તે પણ હતું. માયાબેનની સુચનાથી માયાબેનના પી.એ.એ આ તમામ ટોળાના આગેવાનોને આપેલ. તે પછી માયાબેનની ગાડી તથા પેલી જીપ કૃષ્ણનગર તરફ જવા લાગેલી ત્યાં જતા ઉદય ગેસ સર્વિસની ગલીમાં ગાડીઓ વળી ગયેલી. માયાબેનના ગયા પછી પેલા ટોળાના માણસો કે જેમાં, તેમનો પી.એ. પણ હતો. તેઓએ નુરાની મસ્જીદમાં ટોળાના માણસોએ ગેસના બાટલા નાંખી તોડફોડ કરેલી અને કેરોસીનનું આખુ ટેન્કર નુરાની મસ્જીદ ની અંદર ઘુસાડી દીધેલું.

- પેજ નં.૬ પેરા નં.૧૨

ત્યારપછી નુરાની મસ્જીદની આસપાસ આવેલી દુકાનો ટોળાના માણસોએ સળગાવેલી. તે પછી તે આખુ ટોળુ હુસેનનગર, જવાનનગર જવાના રસ્તે અંદરના ભાગે ઘુસી ગયેલું. આ ટોળાએ જવાનનગર, હુસેનનગર વગેરેમાં મકાનો બાળી દીધેલા અને સ્ત્રી, પુરૂશ અને બાળકોને જીવતા સળગાવેલા જે હકીકત મેં જોયેલી યાને કે ટોળા જવાનનગર, હુસેનનગરમાં ધુસી ગયેલા ત્યાં સુધીની હકીકતો મેં જોયેલી છે.

આ સાહેદે તેમના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીએ આચરેલ કૃત્ય જણાવી તેમનું નામ આપેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આરોપી વિરૂધ્ધ પુરતો સબળ પુરાવો આપેલ છે.આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી માયાબેન કોડનાની એ સમગ્ર બનાવમાં એટલે કે નરોડા પાટીયા હત્યાકાંડમાં ખુબ જ ખતરનાક બુમિકા ભજવેલી છે તેમણે એવા એવા ઉશ્કેરણી જનક શબ્દો ઉચ્ચારેલા છે કે સામાન્ય વ્યક્તિ પણ ઝનુનમાં આવી ખુન કરી નાંખે અને આવા કઠોર ઉશ્કેરણી જનક વાક્યો બોલતા આ સાહેદે આરોપી ને નજરો નજર નિહાળી સાંભળેલ છે. આ આરોપીએ ધર્મના નામે બીજા આરોપીઓને ભડકાવેલા છે અને તેમણે જણાવેલ છે કે "હું ગોધરા કાર સેવોકની લાસો જોઈને આવેલી છું અને તમે લોકો રામ ભક્તો અહિંયાના મીંયાઓને મારી નાંખો કાપી નાંખો જેવી રીતે બાબરી મસ્જીદ તોડી છે એ રીતે અહિંની મસ્જીદ તોડી નાંખો હું તમારી સાથે છું અને નરેન્દ્રમોદી છે." આ ઉશ્કેરણી જનક શબ્દો સરકારની અને તોહમતદારોની ગુનાહિત કાવતરાની યોજના ખુલ્લી પાડેલી છે આ શબ્દો ઉપરથી એટલુ ચોક્કસ કહિ શકાય કે આ એક આયોજયન બદ્ધ કાવતરૂ હતુ અને ધર્મના નામે લોકોને ભડકાવી ખુની ખેલ ખેલવાનું કાવતરૂ હતુ તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે કે કારણ કે માયાબેને ફક્ત ઉશ્કેરણી જનક શબ્દો બોલેલ નથી તેની સાથે એવુ પણ જણાવેલ છે કે હું તમારી સાથે છું અને નરેન્દ્ર મોદી છે જો આટલુ મોટુ

મજબુત પીઠબળ ટોળાને આપવામાં આવે રાજા અને મંત્રી આરોપી સાથે હોય તો પછી આરોપીઓને ડર શાનો ? આમ કઆ આરોપીએ બીજા આરોપીઓને એટલે કે ટોળાના માણસોને નિશ્ચિત રહી માર-કાપ કરવા, લુંટ ફાટ કરવા, બળાત્કાર કરવા ખુલ્લેદોર આપેલો અને તેથી જ આરોપીઓ અને ટોળુ ઉશ્કેરાટમાં આવી ગયેલા અને મુસ્લિમો ઉપર હુમલા કરેલ ત્યારબાદ આ સાહેદે ૧૧:૦૦ વાગ્યાના આસપાસ એસ.ટી. વર્કશોપના ઝાંપા પાસે તેમની મારૂતી ફ્ન્ટીમાંથી ઉતરતા જોયેલા તેમની પાછળ એક ટ્રેક્ષ જીપ હતી અને તેમણે ટોળાને ઈશારો કરી એસ.ટી. વર્કશોપના ઝાંપે બોલાવેલ તે વખતે બીજા આગેવાનો જે આ કામમાં તો.દારો છે તેમની સાથે ચર્ચા કરી માયાબેને તેમના પી.એ. સાથે ચર્ચા કરી સુચના આપેલ આરોપી માયાબેનના પી.એ. (આરોપી નં.૬૧) છે તેમણે ટ્રેક્ષ ગાડી માંથી માયાબેનની સુચના પ્રમાણે તલવાર, ભાલા, ત્રિશુલ, રીવોલ્વર, જેવા પ્રાણઘાતક હથિયારો માયાબેનની સુચનાથી આરોપી નં.૬૧ નાએ માયાબેનના પી.એ. એ ટોળાના આગેવાનો જે આ કામના તો.દારો છે તેમને આપેલા અને ત્યારબાદ માયાબેન કૃષ્ણનગર તરફ ગયેલા અને ઉદય ગેસ તરફ ગાડીઓ બળી ગયેલી અત્રે ઉલ્લેખનીય છે કે સાહેદ નં.૧૪૩ નાઓએ માયાબેનને પંચવટી એસ્ટેટ પાસે તલવારો આપતા જોયેલલ છે. આમ માયાબેન એસ.ટી. વર્કશોપ પાસેથી હથિયારો આપી ઉદયગેસ એજન્સી ની પંચવટી એસ્ટેટ ગયેલા તેવું સ્પષ્ટ આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે આ એસ.ટી. વર્કશોપ પાસે હથિયારો આપ્યા બાદ ટોળો ઉગ્ર સ્વરૂપ ધારણ કરેલ અને ટોળાએ મસ્જીદ ઉપર હુમલો કરી મસ્જીદને આગ લગાડેલી અને મુસ્લિમોની મિલ્કતોને સળગાવેલી અને ત્યારબાદ આજ ટોળું હુસેનનગર, જવાનનગરના રસ્તે અંદરના ભાગે ઘુસી ગયેલું અને ત્યાં મકાનો બાળી સ્ત્રી, પુરુષ બાળકોને જીવતા સળગાવેલા આ સાહેદની જુબાની ઉપરથી એવુ ચોક્કસ કહી શકાય કે માયાબેને આ સમગ્ર બનાવમાં ખુની ખેલ ખેલી ટોળાની આગેવાની લઈ ટોળાને મારક હથીયારો આપે ટોળાને ઉશ્કેરણી કરી તેમની પીઠબળ અને મનોબળ મજબુત કરી સમગ્ર હત્યાકાંડ સર્જવા ગુનાહિત કાવતરાને પાર પાડવા ખુબ જ અગત્યની ભુમિકા ભજવેલ છે જે ગુનાહિત કાવતરૂ સફળ થયેલ છે જેના ફળ સ્વરૂપે નરોડા પાટીયાક હત્યાકાંડ સર્જાયેલ જેમાં ૯૮ સ્ત્રી, પુરુષ બાળકોને મારી અને સળગાવેલા છે જે સમગ્ર હિંચકારા બનાવમાં આ આરોપીએ ખુબ જ મહત્વની અને ચાવી રૂપ ભુમિકા ભજવી છે. જે આ સાહેદની જુબાની સ્પષ્ટ ફલીત થતુ હોઈ તેને નહિ માનવાને કોઈ કારણ નથી.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૧૨) <u>આશિષ સુરેશચંદ્ર ખેતાન સાહેદ નં.૩૨૨ આંક-૨૨૬૫.</u>

આ સાહેદે સ્ટીંગ ઓપરેશન દરમ્યાન આ આરોપી બાબુ બજરંગી, સુરેશ રિચાર્ડ, પ્રકાશ રાઠોડ સાથે વાતચીત કરી છે અને તે તમામ વાતચીત સીડીમાં રેકોર્ડ કરી છે. તે સીડી ના.દાર કોર્ટના પી. ડબ્લ્યુ.૩૧૯ થકી મુદ્દામાલ લીસ્ટથી રજુ થયેલ છે.

આ સાહેદની જુબાનીના કેટલાક અંશો માયાબેન કોડનાનીની સદર ગુનાના કામે સંડોવણી સ્પષ્ટ કરે છે જે નીચે મુજબ છે.

<u>પેજ નં.૩૮ પેરા નં.૪૮</u>

હું શ્રી પ્રકાશ રાઠોડને મળેલો તેમાં એવી વાતચીત થયેલી કે,

તહેલકાઃ- અબ વો જયદીપ પટેલ માયા કોડનાની કા નામ નિકાલ દિયા હૈ ઉન લોગોંને નરોડાકાંડ મેં સૈ. . . .

પ્રકાશઃ- માયાબેન કા નામ કયું નિકાલા . .. . કયુ નિકાલા કુછ કારણ. . . .. પૈસા બહુત ફેકાના ઉન્હોને. . . . .

તહેલકાઃ- વો કહ રહી હૈ હમ થે નહીં ઉસ દીન યહાં પર

પ્રકાશઃ- મેં બતાવું કે માયાબેન થી કે નહીં. .. . .

તહેલકાઃ- થી?

પ્રકાશઃ- હા

તહેલકાઃ- આઈ થી યહાં પે?

પ્રકાશઃ- પીછે આઈ થી. . . .. .હમ થે ના ધમાલ કે અંદર. . . . . મારો હમ તુમ્હારે પીછે હૈ. . . . ઐસા બોલતી હૈ વો . .. . . .

તહેલકાઃ- જીસ દિન નરોડા કાંડ હુવા થા?

પ્રકાશઃ- હં. .. . .

તહેલકાઃ- કિતને ઘંટે રહી?

પ્રકાશઃ- જયાદા નહીં ઘુમી થી. . . . . .

તહેલકાઃ- ઘંટે દે ઘંટે ?

પ્રકાશઃ- આધા પોના ઘંટા. . . .

તહેલકાઃ- લેકિન ઉસકા નામ નિકાલ દિયા ?

પ્રકાશઃ- સરકાર ઉસકે હાથ મેં હૈ. . . ..

<u>પેજનં.૪૩ પેરા નં.૫૧</u>

મારે તા.૧૧.૮.૨૦૦૭ ના રોજ સુરેશ રાઠોડ સાથે જે વાતચીત થઈ તેમાં વધુમાં એવી પણ વાતચીત થયેલી કે,

તહેલકાઃ- માયાબેન કોડનાની તો કહે રહી હે મેં તો ગાંધીનગર મેં થી. . . . .

પ્રકાશઃ- કયુ ભાષણ નહીં રોડીથી માયાબેન. . . . .

સુરેશઃ- થી ના. ..

તહેલકાઃ- પાટીયાકાંડ વાલે દીન થી?

સુરેશઃ-હા. . . . મેરી બાત સુનો યહાં પે જબ કાંડ હોને કે બાદ અપના ભાઈભી આયા થા.. . . . નરેન્દ્ર મોદી ભી. . .. . ફિર બોલે કી બડા ભાઈ બોલે જયશ્રી રામ જયશ્રી રામ . . . વો ખુદ બોલ કે ગયા યહાં રોડ સે ગાડી લે કે નિકલા. . . .

તહેલકાઃ- નરન્દ્રભાઈ. .. . . .

સુરેશઃ- ફિર ચાલી દેખા. . . . હમ કો યહાં પે ફુલહાર ડાલ કે ગયા. . . . બોલે શાબાશ. .. . . ધન્ય બોલે તુમ કો બોલે. . . . અબ હમ કો કયા પતા યહ ફુલહાર હમારી હથકડીયા બન ગઈ હૈ .. . . .યહ નરેન્દ્રભાઈ. . . .. . યે માયાબેન કોડનાની આખા દિન યહાં થી

તહેલકાઃ- જિસ દીન પાટીયા કાંડ હુવા થા . . . .

સુરેશઃ- આખા દિન સુબહ સે લે કે રાત કે આઠ બજે તક થી . . . .

પ્રકાશઃ- ચલી ગઈ થી ના. . . . .

સુરેશઃ- નહી વો તો ગાડી લે કે ફિરા કરે. . . . . રાઉન્ડ મારતે રહે રહીથી. .. . રાઉન્ડ લે કે આવે બોલે બરાબર કરો .. . . . યહં સે ટોલા લે ગઈ. . . . યે ટોલા એક નંબર આયા થા. .. . સબસે એક નંબર યહ. . . .

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે માયાબેન કોડનાની બનાવના દિવસે ગુનાવાળી જગ્યા ઉપર આખો દિવસ હાજર હતા. આ કામના માયાબેન સાથેના સહઆરોપીઓ આરોપી નં.૨૧ અને ૨૨ તેમના સ્ટીંગ ઓપરેશનમાં ગુનાની કબુલાત કરતાં જણાવે છે કે માયાબેન પણ ગુનાવાળી જગ્યાએ હાજર હતા. પ્રકાશ રાઠોડ આરોપી નં.૨૧ નાએ સ્ટીંગ ઓપરેશનમાં સ્પષ્ટપણે જણાવે છે કે માયાબેન આખો દિવસ હાજર હતા. પાટિયાકાંડ થયું તે દિવસે માયાબેન સવારથી લઈને રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી હાજર હતા. અને માયાબેન બનાવના સ્થળે ટોળા લઈને ગયેલા અને તે ટોળુ એક નંબર ઉપર આવેલું આ આરોપી માયાબેન કોડનાની સાથેના સહ આરોપીનં.૨૧,૨૨ નાઓએ પોતાના ગુનાની કબુલાત (એકસ્ટ્રા જયુડીશીયલ કન્ફેશન) કરતાં આરોપી માયાબેનની આ સમગ્ર કાંડમાં સંડોવણી સ્પષ્ટ કરી છે. આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલિત થાય છે કે માયાબેન નરોડા પાટિયા ખાતેના સમગ્ર હત્યાકાંડમાં સામેલ હતા.

આ સાહેદની જુબાની અને સ્ટીંગ ઓપરેશનમાં માયાબેનની સંડોવણી અને તેમણે ગુનામાં સક્રિય ભાગ ભજવેલ છે.તે વાતને સમર્થન આપતા આ કામે સાહેદ નં. ૫૨, ૧૦૪,૧૩૬, ૧૪૩, ૧૪૯, ૧૫૬, ૧૭૬, ૧૯૨, ૨૨૭, ૨૩૬ નાઓએ નામદાર કોર્ટમાં સોગંદ ઉપર જુબાની આપેલ છે. અને આ તમામ સાહેદો નજરોનજર જોનાર સાહેદ છે અને આ સાહેદો આશીષ ખેતાનની જુબાની અને સ્ટીંગ ઓપરેશનની તમામ હકીકતોને સંપુર્ણ સમર્થન આપે છે.

<u>પુરાવાની કાયદાની કલમ ૩૦ મુજબ,</u>

"કબુલાત કરનાર વ્યક્તિને તેમજ જેમના ઉપર એક જ ગુના માટે સંયુક્ત રીતે ઈન્સાફી કાર્યવાહી ચાલતી હોય તેવી બીજી વ્યક્તિઓને અસર કરતી અને સાબિત થયેલા કબુલાતની વિચારણા."

જયારે એક જ ગુના માટે એકથી વધારે વ્યક્તિઓ ઉપર સંયુકત રીતે ઈન્સાફી કાર્યવાહી ચાલી રહી હોય, અને તે પૈકી એકે પોતાના વિષે કરેલી કબુલાત સાબિત થાય, ત્યારે જેણે એવી કબુલાત કરી હોય તેની વિરૂધ્ધ તેમજ તેવી બીજી વ્યક્તિની વિરૂધ્ધ તે કબુલાત ન્યાયાલય વિચારણામાં લઈ શકશે.

આમ આ સાહેદ આશીષ ખેતાનની જુબાની અને તેમણે કરેલ સ્ટીંગ ઓપરેશનની ટ્રાન્સ્ક્રીપ્ટ પ્રમાણે આરોપી માયાબેન કોડનાની સામે પુરતો પુરાવો મળી આવે છે.

# <u>તોહમતદાર નં.(૩૮)અશોક હુંદલદાસ સિંધી (ખટવાણી)</u>

## (૧) બાસુદીન મૈયુદીન સૈયદ સાહેદ નં. ૭૩, આંક-૫૧૪

- ૪.૬.૦૮ ના સીટના જવાબમાં રીવોલ્વોર સાથે ટોળામાં હતા

- નામ આપ્યું – ઓળખ્યા

<u>પેજ નં.૫ પેરા નં.૯</u>

થોડા સમયમાં કુબેરનગર પાટીયા નટરાજ હોટલ તરફથી એક મોટુ ચોળુ આવતું હતુ. આ ટોળું નુરાની મસ્જીદ તરફ આવતું હતુ. આ ટોળુ સુત્રોચ્ચાર કરતુ હતુ. તેઓ જય શ્રી રામ ના નારા લગાવતા હતા. આ ટોળાની આગેવાની કિશન કોરાણી, અશોક સીંધી, સુરેશ લંગડો તથા મનોજ વીડીયોવાળો કરતા હતા. આ ટોળામાં મનોજ વિડીયોવાળો તથા કિશન કોરાણી પાસે રીવોલ્વર હતી. બીજા ટોળાના માણસો પાસે તલવારો, ત્રિશુલ, ભાલા, લોખંડની પાઈપ વગેરે હથીયારો હતા.

- <u>પેજ નં.૬ પેરા નં.૧૦</u>

આ ટોળાના માણસો મસ્જીદની બાજુમાં આવેલી મુસલમાનોની દુકાનને આગ લગાડતા હતા અને આ ટોળાના માણસો પથ્થરમારો પણ કરતા હતા. મે આ તમામ જોયુ ત્યારે આશરે સાડા નવ વાગ્યા હશે.

<u>પેજ નં.૬ પેરા નં.૧૧</u>

આ સમયે અમારા ચાલીના માણસો ગફુરભાઈના ઘર પાસે ઉભેલા હતા. ત્યાં નરોડાના પી.આઈ.શ્રી મેસોરવાલાના ઘર પાસે ઉભેલા હતા. ત્યાં નરોડાના પી.આઈ.શ્રી મેસોરવાલા પણ તેમની જીપ સાથે હાજર હતા.

<u>પેજ નં.૧૦-૧૧ પેરા નં.૧૭</u>

આ દરમ્યાન આશરે પાંચ વાગે એક ટોળું આવેલું. આ ટોળામાં કિશન કોરાણી, મનોજ વિડીયોવાળો, અશોક સીંધી અને સુરેશ લંગડો હતા. હુસેનનગરની છેલ્લી લાઈનમાં રહેતા મજીદ લંગડાના ઘરમાં આ ચારેય આરોપીઓની આગેવાની તથા રાહબરી હેઠળ મજીદના મકાનને આગ લગાડેલી..........મજીદના ઘરમાં લગાડેલ આગમાં આ ઘરના અંદર હતા તે બધા જ માણસો જીવતાં બળી ગયેલા, આ બધુ મેં મારી નજરે જોયેલું.

આ સાહેદે શીટ રૂબરૂના તા.૪-૬-૦૮ના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આ આરોપીનું નામ આપેલ છે. ઘણા વર્ષો થઈ ગયેલ હોઈ આરોપીને ના.કોર્ટ રૂબરૂ ઓળખવામાં નિષ્ફળ ગયેલ છે. આ સાહેદે આરોપી વિરૂદ્ધ ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરાવો આપેલ છે.

તા.૨૮-૨-૦૨ના રોજ ગુજરાત બંધના એલાનના દિવસે સવારમાં આઠ વાગ્યાના સુમારે કૃષ્ણનગરના ટોળામાં આ આરોપી હાજર હતો, સુત્રોચ્ચાર કરતો હતો અને ટોળાના માણસોના હાથમાં ઘાતક હથીયારો હતા અને તે મસ્જીદની આજુબાજુની દુકાનોમાં આગ લગાડતા હતા અને પથ્થરમારો કરતા હતા. આ સમયે નરોડાના પી.આઈ. મૈસુરવાલા પણ હાજર હતા. ત્યારબાદ સાંજના પાંચેક વાગે ટોળુ આવેલ તે ટોળામાં પણ આ આરોપી હાજર હતા અને આ આરોપીની તથા તેની સાથેના ટોળાના માણસો પૈકી ૪ નાએ અ.મજીદના ઘરને આગ લગાડેલી જેથી અ.મજીદના કુટુંબના ૬ થી ૭ માણસો આ મકાનમાં જીવતા બળી ગયેલા જે તમામ બનાવ આ આ સાહેદે પોતાની નજરો નજર જોયેલ છે. આમ આ આરોપીએ ગેરકાયદેસર મંડળીના સભ્ય બની તેઓનો સામાન્ય ઈરાદો, ગુનાહીત કાવતરૂ પાર પાડવાના આશયથી અ.મજીદના ઘરના આગ લાગીડ તેમના કુટુંબીજનોને જીવતા સળગાવી દઈ સાપરાધ ગુન્હો કરેલ છે. જે હકીકત આ સાહેદની જુબાનીથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું નથી.

### (૨) હૈદરઅલી નજફઅલી મીરઝા, સાહેદ નં. ૨૩૭, આંક-૧૬૬૯

- તા.૧૭.૪.૦૨ ના પોલીસ જવાબમાં સદર આરોપીનો મોબાઈલ જે બનાવ સ્થળે આરોપીના ખિસ્સામાંથી પડી ગયેલ તે મોબાઈલ હુસેનાબાનુએ ઉપાડી લઈ શાહેઆલમ કેમ્પમાં સાહેદને આપેલ.

આ આરોપીએ સાહેદ હુસેનાબાનુના ભાઈએ બનાવના સ્થળે મારી સળગાવવામાં મુખ્ય ભાગ ભજવેલ તે વખતે આરોપીનું મોબાઈલ પડી ગયેલ. મો.નં.૯૮૨૫૦૫૪૭૭૭ નો હતો. આ નંબર આરોપીનો છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પોલીસ જવાબ મુજબ જુબાની આપેલ છે. અને મુદ્દામાલ આંક નં.૧૩૯ ના લીસ્ટ અનુ. નં.૯ મુ.પા. નં,૮૮/૦૨ વાળો મુદ્દામાલ મોબાઈલ ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૩ પેરા નં.૬</u>

મેં આ પછી લોકોની તપાસ કરેલી મને જાણવા મળેલ કે, આ લોકોને શાહઆલમ કેમ્પમાં લઈ આવેલા છે. ત્યારપછી હું હુસેનાબાનુના શાહઆલમ રાહત કેમ્પમાં મળવા ગયેલો. મને તેણી ત્યાં મળી આવેલી. તેણીએ મને જણાવેલું કે, બનાવના દિવસે હિન્દુઓનું મોટુ ટોળુ આવી અમારા ઘર લુંટી, અમારા ઘરોમાં આગ લગાડી દીધેલી. આ ટોળાના

માણસો મને અને મારા ભાઈને ખેંચીને લઈ ગયેલા. તેઓએ મારા ભાઈને તલવારના ઘા મારી, ખાટલા સાથે બાંધી એસીડ તથા પેટ્રોલ નાંખી બાળી નાંખેલ છે. મેં આ દરમ્યાન મારા ભાઈને બચાવવા પ્રયત્ન કરેલો. હુ મારા ભાઈને બચાવવાનો પ્રયત્ન કરતી હતી ત્યારે ટોળામાંના એક માણસોનો મોબાઈલ પડી ગયેલો. જે મેં ઉપાડી લીધેલો અને પછી હું નાસી જઈ સંતાઈ ગયેલી. ત્યારપછી મને શાહઆલમ રાહત કેમ્પમાં લઈ આવેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૭</u>

મને તેણીએ આ વાત કર્યા પછી મોબાઈલ બતાવેલો. તેણીએ આ મોબાઈલ આપી યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરેલી. આ મોબાઈલ મેં લઈ લીધેલો પછી હું મારા ઘરે આવેલો. મને મોબાઈલ ઓપરેશન આવડતું ન હતું. મેં મારા બીજા ઓળખીતાઓને પુછીને તપાસ કરતા જાણવા મળેલું કે, જે વ્યક્તિને મોબાઈલનું કામ આવડતું હોય તથા જાણકારી હોય તેવા કોઈને બતાવવું પડે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

પછી દસબાર દિવસે મને ખબર પડેલી કે, એક નદીમ સૈયદ જે મોબાઈલના સીમકાર્ડ લે વેચનું કામ કરે છે તેને મોબાઈલ ઓપરેશન આવડે છે. આ નદીમભાઈ જુહાપુરા રહેતા હતા. મેં તેઓનો સંપર્ક કરેલો. મેં આ મોબાઈલ નદીમભાઈને આપીને કહેલું કે, આ મોબાઈલ જેનો હોય તે વ્યક્તિની તપાસ કરવી જરૂરી છે કારણ કે, આ મોબાઈલ ધારકે જ હુસેનાબાનુના ભાઈને મારી નાંખવામાં ભાગ ભજવેલો છે.

<u>- પેજ નં.પ પેરા નં.૯</u>

નદીમભાઈએ ફોન ચાલુ કરીને મને પાછો આપીને જણાવેલું કે, આ ફોન મારે ચાર પાંચ દિવસ રાખવો અને કોઈનો ફોન આવે તો ઉપાડવો. આ મોબાઈલમાં આવતા ફોનમાં મોબાઈલ પાછો આપવાની માંગ કરયા કરતા હતા અને તે સિવાયની વાત કરતા ન હતા. મને કાંઈ સમજાતું ન હતું.

<u>- પેજ નં.પ પેરા નં.૧૦</u>

મેં પછી બે ત્રણ દિવસ પછી નદીમભાઈને રૂબરૂ બોલાવી મોબાઈલ પાછો આપી દીધેલો. નદીમભાઈએ મને કહેલું કે, આ મોબાઈલનો નંબર -૯૮૨૫૦૫૪૭૭૭ છે અને આ ફોન કોઈ સીધી વ્યક્તિનો છે. મેં તેઓને આ ફોન પરત આપેલો.

<u>- પેજ નં.પ પેરા નં.૧૧</u>

તા.૧૨.૪.૨૦૦૨ ના રોજ નદીમભાઈએ મને કહેલું કે, આપણ આ મોબાઈલ પોલીસ કમિશ્નર કચેરીમાં તપાસ કરવા આપી દઈએ.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૨</u>

હું, હુસેનાબાનુ તથા નદીમભાઈ પોલીસ કમિશ્નર કચેરીમાં આ ફોન લઈને ગયેલા. અમે આ ફોન પોલીસ કમિશ્નરને આપી દીધેલો.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૩</u>

ત્યારપછીના ચાર પાંચ દિવસે પોલીસ મારૂ નિવેદને લીધેલું. હું જે મોબાઈલ પોલીસ કમિશ્નર કચેરીમાં નદીમભાઈ સાથે આપી આવ્યો છું. તે મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ હું ઓળખી શકું.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૪</u>

મને આંક-૧૩૯ વાળા મુદ્દામાલ લીસ્ટના અનુક્રમ નં.૯ વાળા કે જે મુદ્દામાલ પાવતી નંબર ૮૮।૦૨ થી આ કામે કબજે કરેલ મુદ્દામાલ છે તે મુદ્દામાલ મોટારોલા કંપનીનો મોબાઈલ ફોન છે જે મને બતાવવામાં આવે છે. આ મોબાઈલ ફોન જોઈને હું જણાવું છું કે, આ હુસેનાબાનુએ આપોલો તે જ મોબાઈલ ફોન છે.

આ સાહેદે તેમના તા.૧૭-૪-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનો મોબાઈલ બાનાવના સ્થળે સાહેદ હુસેનાબાનુંનામ ભાઈ હસનઅલીને જીવતો સળગાવી નાંખવાના બનાવ સમયે આરોપીના ખિસ્સામાંથી પડી ગયેલ મોબાઈલ સાહેદ હુસેનાબાનુંએ ઉપાડી લીધેલ તે મોબાઈલ આ સાહેદને હુસેનાબાનું એ આપેલ આ આરોપીએ સાહેદ હુસેનાબાનુંના ભાઈને કુરતાપુર્વક જીવતો સળગાવવામાં મુખ્ય ભાગ ભજવેલ છે. ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે આરોપીનો આ મોબાઈલ ઓળખી બતાવેલ છે.

આમ આ મોબાઈલ આરોપીનું હોવાનું સાહેદે આપેલ પુરાવાથી ચોક્કસ પણે ફલીત થાય છે. અને આ સાહેદ સાહેદ નં.૨૪૫ ના.કોર્ટમાં આપેલ પુરાવાને સમર્થન આપેલ છે.

## (૩) નદીમ મોહંમદઅલી સૈયદ, સાહેદ નં. ૨૪૫, આંક-૧૭૧૨

- તા.૧૯.૪.૦૨ ના પોલીસ જવાબમાં સાહેદ હૈદરઅલી નજકુઅલીએ આરોપીનો ફોન સાહેદને આપેલ તે મોબાઈલ ઉપર અશોક સીંધીનો ફોન પણ આવેલ તે મોબાઈલ સાહેદે પોલીસ કમિશ્નર શ્રી પી.સી.પાંડે સાહેબ સમક્ષ જમા કરાવેલ

- તા.૧૩.૬.૦૮ ના સીટના નીવેદનમાં મોબાઈલ આરોપીનો હતો તે પોલીસ કમિશ્નર સાહેબ સમક્ષ જમા કરાવેલસ

(નોંધઃ- સદર મોબાઈલ આરોપીનું હતુ તે મોબાઈલ આરોપી બનાવના સ્થળે સાહેદ હુસેનાબાનુના ભાઈને મારીને સળગાવતો હતો તે વખતે તેના ખીસ્સામાંથી મોબાઈલ પડી ગયેલ તે મોબાઈલ બનાવના સ્થળેતી સાહેદ હુસેનાબાનુએ ઉપાડી લીધેલ અને હૈદરઅલીને આપેલ અને હૈદરઅલીએ આ સાહેદને આપેલ. અને આ સાહેદે પો.કમિશ્નરમાં જમા કરાવેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં સદર મુદ્દામાલ મોબાઈલ ફોન અશોક સિંધીનો હતો તે રીતે નામ આપેલ છે અને ઓળખી બતાવેલ છે.

- નોંધ :- સાહેદને આરોપી અશોકસીંધીએ જાનથી મારી નાંખવાની ધમકી સદરકેસ સબબે આપેલ છે. જેની ફરીયાદ સાહેદે . .. .. . પોલીસ સ્ટેશનમાં લખાવેલ છે. જેનો ફર્સ્ટ ગુ.ર.નં.. . . . . .છે.

<u>- પેજ નં. ૨ પેરા નં.૪</u>

મારો પોતાનો મોબાઈલ લે વેચનો ધંધો હોવાથી મોબાઈલ હાથમાં આળતા તે મોબાઈલની અવસ્થા જોયેલી. આ મોબાઈલ ફોન સ્વીચ ઓફ હતો. મેં આ મોબાઈલ ફોનને ચાલુ કરેલો. મેં આ મોબાઈલ ફોન પરથી મારો મોબાઈલ નંબર ડાયલ કરેલો કે જેથી મને હૈદરઅલી દ્વારા આપવામાં આવેલ ફોનનો નંબર ખબર પડે. આ મોબાઈલ ફોન નંબર - ૯૮૨૫૦ ૫૪૭૭૭ હતો.

<u>- પેજ નં. ૩ પેરા નં.૫</u>

મેં ત્યારબાગ આ મોબાઈલ ફોનની ડીરેકટરીમાં સેવ કરેલા નંબરો હતા તે તમામ એક કાગળમાં નોંધી લીધેલા. મેં આ મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટમાં રેકોર્ડ થયેલા રીસીવ કોલ અને મીસ કોલની નોંધ કરેલી જો કે જે તે સમયે આ ઈન્સ્ટ્રુમેન્ટમાં રીસીલ કોલ અને મીસ કોલ અલગ અલગ રજીસ્ટર્ડ થતાં ન હતા પરંતુ તે કોમન લીસ્ટ તરીકે દેખાતા હતા જેની પણ નોંધ કરેલી.

<u>- પેજ નં. ૩ પેરા નં.૬</u>

મેં આ તમામ મારા પોલીસ રૂબરૂના નિવેદનોમાં લખાવેલા. આ મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ તા.૧૮.૩.૦૨ ના રોજ મારા હાથમાં આવી ગયેલો જે તા.૧૨.૪.૨૦૦૨ સુધી મારી પાસે જ રહેલો.

<u>- પેજ નં. ૩-૪ પેરા નં.૭</u>

તા.૧૮.૩.૦૨ થી તા.૧૨.૪.૦૨ ના સમયગાળામાં આ ફોન પર ઘણાં બધા ફોનો આવેલા, ઈનકમીંગ ટેલીફોન મે એટેન્ડ કરેલા. આ ફોન કરનારાઓ અશોકભાઈ છે. તેવુ ફોનમાં પુછતાં હતા. અશોકભાઈએ પોતે પણ મને ફોન કરેલા. મેં તેમનો ટેલીફોન નંબર યાને કે ઘરનો લેન્ડલાઈન નંબર મેળવીને તે નંબર પણ મારા સ્ટેટમેન્ટમાં લખાવેલો છે.

અશોકભાઈ મારી પાસે મોબાઈલ ફોન વાતચીતમાં ફોન પરત માંગતા હતા. આ ફોન પર પોલીસ કમીશ્નર કચેરીનો જે તે સમયનો કંટ્રોલ રૂમનો નંબર પણ હતો જે તે પરથી પણ આ નંબર પર ફોન આવેલા તેથી હતો. આ રીતે કંટ્રોલ રૂમમાંથી આવેલ ફોન લેન્ડલાઈન નંબર ૫૬૩૦૯૯૯ તથા ૫૬૩૦૯૯૫ પરથી આવેલા. આ કંટ્રોલ રૂમ કચેરીના ફોન પરથી એક બલવંતસિંહ ટેલીફોન પર વાત કરતા હતા. આ બલવંતસિંહ પણ અશોકને શોધતા હતા તેથી ફોન કરતા હતા. મને આ ફોન નંબર અશોકભાઈ સીંધીનો હોય તેમ લાગેલું.

<u>- પેજ નં. ૪ પેરા નં.૮</u>

આ નંબર પર સ્લોટર હાઉસમાંથી પણ એક ફોન આવેલો. આ નંબર પરથી પણ અશોકભાઈને ફોનમાં માંગતા હતા.

<u>- પેજ નં. ૪ પેરા નં.૯</u>

જે તે સમયે અમદાવાદ શહેરનું વાતાવરણ તંગ હતું. મારે જે તે સમયે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર સાથે સામાન્ય ઓળખાણ હોવાથી તેઓની એપોઈન્ટમેન્ટ મેળવી તા.૧૨.૪.૦૨ ના રોજ હું આ ફોન લઈને હૈદરઅલી સાથે કમિશ્નર કચેરી ગયેલો. જે તે સમયના પોલીસ કમિશ્નરનું નામ શ્રી પી.સી. પાંડે હતું.

<u>- પેજ નં. ૫ પેરા નં.૧૦</u>

મેં પોલીસ કમિશ્નરશ્રીને મળીને ફોન આપેલો અને જણાવેલું કે, આ ફોન અશોક સીંધીનો લાગે છે તથા મેં ચીઠ્ઠી પણ પોલીસ કમીશ્નરશ્રીને આપેલી. જે ચીઠ્ઠી મેં નોંધેલ ટેલીફોન નંબરોવાળી આપેલી કે જે મેં આ અશોક સીંધીના ટેલીફોન નંબર પર આવતા નંબરો નોંધી લીધેલા તે હતી.

<u>- પેજ નં. ૫ પેરા નં.૧૧</u>

હું તથા હૈદરઅલી પોલીસ કમીશ્નરશ્રી પાસે હાજર હતા ત્યારે જ પોલીસ કમિશ્નરશ્રીએ શ્રી ટંડનને બોલાવેલા, સેક્ટર-૨, શ્રી ટંડનના વિભાગમાં આવતું હોવાથી શ્રી પાંડેએ આ મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ શ્રી ટંડનને સોંપી દીધેલો.

<u>- પેજ નં. ૫ પેરા નં.૧૨</u>

મારા પર ત્યારબાદ એ.સી.પી. રાણા, જી-ડીવીઝનનો ફોન આવેલો જેમાં તેઓએ જણાવેલું કે, મેં પોલીસ કમિશ્નરશ્રીને આપેલ મોબાઈલ ફોન બાબતે મારે તેઓને મળવાનું છે. હું પછી શ્રી રાણાને મળેલો જયાં મારૂ નિવેદન નોંધવામાં આવેલું. મારૂ તા.૧૬.૪.૦૨ ના રોજ નોંધેલું,

<u>- પેજ નં. ૬ પેરા નં.૧૩</u>

તા.૧૬.૪.૦૨ ના મારા નિવેદન નોંધાવ્યા બાદ તા.૨૮.૪.૦૨ ના રોજ મારા પોતાના મોબાઈલ પર એક ટેલીફોન આવેલો. આ ફોન ૨૨૮૯ તથા પાછળના આંકડા મને હાલમાં મોઢે નથી તેવા નંબર પરથી આવેલો, જો કે, આ નંબર મેં જે તે સમયે મારા નિવેદનમાં લખાવેલો છે. આ ફોન મને અશોક સીંધીએ કરેલો. અશોકસીંધી મને મળવા માંગતા હતા, હું તેઓને મળેલો નહીં, મે તેઓને ફોન ડીસકનેક્ટ કરી નાંખેલો. મેં પછી તરત પોલીસ કમીશ્નર શ્રી પાંડેને ફોન કરેલો અને તેઓને મેં જણાવેલું કે, હું તમને જે ફોન આપી ગયેલો તેની તપાસ થવાના બદલે પેલો માણસ મને સિંધી મારો મોબાઈલ પર ફોન કરે છે.

<u>- પેજ નં. ૬ પેરા નં.૧૪</u>

શ્રી પાંડેએ ત્યારબાદ તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપેલી. તા.૨.૫.૦૨ ના રોજ પછી મારૂ નિવેદન ક્રાઈમ બ્રાંચમાં લખાવેલું. ત્યારપછી તા.૧૩.૬.૦૮ ના રોજ સીટવાળાઓએ મારૂ નિવેદન લીધેલું.

<u>- પેજ નં. ૭ પેરા નં.૧૫</u>

મેં જે મોબાઈલ ફોનમાંના સીમકાર્ડ સાથે પોલીસ કમીશ્નરશ્રીને જમા કરાવેલો તે મોટોરોલા કંપનીનો મોબાઈલ હતો. જે મને બતાવવામાં આવે તો તે હું ઓળખી શકું તેમ છે.

<u>- પેજ નં. ૭ પેરા નં.૧૬</u>

મને આંક-૧૩૯ વાળા મુદ્દામાલ લીસ્ટમાંના અનુક્રમ નંબર-૯ વાળો મોબાઈલ ફોન કે જે પર કાગળ વીંટી મીણીયા દોરો બાંધેલ છે તે મીણીયા દોરો ખુલ્લી અદાલતમાં ખોલી તેના પરનું કાગળ કાઢી તેમાનું ઈન્સ્ટ્રુમેન્ટ બતાવવામાં આવે છે. મને બતાવવામાં આવતો ઈન્સ્ટ્રુમેન્ટ જોઈને જણાવું છું કે, હું જણાવી ગયો તે અશોક સીંધીવાલો મોબાઈલ ઈન્સ્ટ્રુમેન્ટ આ જ છે જે હું અત્રે ઓળખી બતાવું છું.

આ સાહેદે તા.૧૯-૪-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ જણાવેલ છે કે સાહેદે હૈદરઅલી નજફઅલી (સા.નં.૨૩૩) નાઓએ આ આરોપીનો ફોન આ સાહેદને આપેલ અને તે મૌબાઈલ ફોન પો.કમી. અમદાવાદના શ્રી પાંડે સાહેબ સમક્ષ જમા કરાવેલ ત્યારબાદ શીટ રૂબરૂના તા.૧૩-૬-૦૮ ના નિવેદનમાં આ સાહેદે આરોપીનો ફોન પોલીસ કમિશ્નર સાહેદ સમક્ષ જમા કરાવેલાની હકીકતો જણાવેલી છે.

આ સાહેદ અન્ય સાહેદ હૈદરઅલીને ઓળખતા હતા તા.૨૮-૨-૦૨ના રોજના બનાવોમાં હસનઅલી નામની ઈસમને સળગાવી મારી નાંખવામાં આવેલ ત્યારે ત્યાં એક બહેન (હુસેનાબાનું સાહેદ નં.......) ઉભા હતા અને બનાવમાં સામેલ વ્યક્તિનો ફોન પડી ગયેલ તે તેમણે ઉપાડી લીધેલ અને તે ફોન તેમણે હૈદરઅલીને આપેલ અને હૈદરઅલીએ તે

ફોન આ સાહેદને આપેલ જે આ સાહેદે પો.કમિ. શ્રી પાન્ડે સાહેબ સમક્ષ જમા કરાવેલ તે ફોન આ આરોપીનો હતો તે રીતે આ સાહેદે નામદાર કોર્ટ રૂબરૂ મોબાઈલ ફોન ઓળખી બતાવેલ છે અને તે ફોન આ આરોપીનું હોવાનું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ આરોપીએ બનાવના દિવસે એક હસનઅલી નામની ઈસમને જીવતો સળગાવી દેવાના હિચંકારા હુમલામાં ભાગ લઈ તે ઈસમને જીવતો સળગાવી દઈ ખુનનો ગુન્હો કરેલ છે. જે નહી માનવાને કોઈ કારણ નથી આમ આ સાહેદની જુબાની થી સ્પષ્ટ ફલીત થાય છે કે જે મોબાઈલ ફોન બનાવના સ્થળે પડી ગયેલ તે આ આરોપીનો જ હતો અને તેથી તે આ બનાવમાં પુરેપુરી રીતે સંડોવાયેલ છે.

સાહેદ નં.૨૩૭, ૨૪૫ ની જુબાની ને સમર્થન આપે છે. અને આ સાહેદ સાહેદ નં.૨૪૫ ના.કોર્ટમાં આપેલ પુરાવાને સમર્થન આપે છે.

આ સાહેદે તા.૧૯-૪-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં એવુ જણાવેલ છે કે સાહેદે હૈદરઅલી નજફઅલી (સા.નં.૨૩૩) નાઓએ આ આરોપીનો ફોન આ સાહેદને આપેલ અને તે મૌબાઈલ ફોન પો.કમી. અમદાવાદના શ્રી પાંડે સાહેબ સમક્ષ જમા કરાવેલ ત્યારબાદ શીટ રૂબરૂના તા.૧૩-૬-૦૮ ના નિવેદનમાં આ સાહેદે આરોપીનો ફોન પોલીસ કમિશ્નર સાહેદ સમક્ષ જમા કરાવેલાની હકીકતો જણાવેલી છે.

આ સાહેદ અન્ય સાહેદ હૈદરઅલીને ઓળખતા હતા તા.૨૮-૨-૦૨ના રોજના બનાવોમાં હસનઅલી નામની ઈસમને સળગાવી મારી નાંખવામાં આવેલ ત્યારે ત્યાં એક બહેન (હુસેનાબાનું સાહેદ નં.......) ઉભા હતા અને બનાવમાં સામેલ વ્યક્તિનો ફોન પડી ગયેલ તે તેમણે ઉપાડી લીધેલ અને તે ફોન તેમણે હૈદરઅલીને આપેલ અને હૈદરઅલીએ તે ફોન આ સાહેદને આપેલ જે આ સાહેદે પો.કમિ. શ્રી પાન્ડે સાહેબ સમક્ષ જમા કરાવેલ તે ફોન આ આરોપીનો હતો તે રીતે આ સાહેદે નામદાર કોર્ટ રૂબરૂ મોબાઈલ ફોન ઓળખી બતાવેલ છે અને તે ફોન આ આરોપીનું હોવાનું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ આરોપીએ બનાવના દિવસે એક હસનઅલી નામની ઈસમને જીવતો સળગાવી દેવાના હિચંકારા હુમલામાં ભાગ લઈ તે ઈસમને જીવતો સળગાવી દઈ ખુનનો ગુન્હો કરેલ છે. જે નહી માનવાને કોઈ કારણ નથી આમ આ સાહેદની જુબાની થી સ્પષ્ટ ફલીત થાય છે કે જે મોબાઈલ ફોન બનાવના સ્થળે પડી ગયેલ તે આ આરોપીનો જ હતો અને તેથી તે આ બનાવમાં પુરેપુરી રીતે સંડોવાયેલ છે.

સાહેદ નં.૨૩૭, ૨૪૫ ની જુબાનીને સમર્થન આપે છે. અને આ સાહેદ સાહેદ નં.૨૪૫ ના.કોર્ટમાં આપેલ પુરાવાને સમર્થન આપે છે.

(૪) હુસેનાબાનું અસગરખાન પઠાન, સાહેદ નં. ૧૩૫, આંક-૮૭૯

આ સાહેદ પોતે ઈજા પામનાર સાહેદ છે. સાહેદના ભાઈને મારી નાંખવામાં આ આરોપી સામેલ હતો. અને આરોપીના ખીસ્સામાંથી તેનું મોબાઈલ પડી ગયેલ. તે મોબાઈલ સાહેદે ઉપાડેલ. આ સાહેદ તેની કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી તેના ભાઈનું ખુન કરવામાં હતો તેવો પૂરવાર કરે છે.

- પેજ નં. ૬,૭ પેરા નં.૧૨

ત્યારબાદ અમારા બંધ ઘરને ટોળાના માણસોએ કુહાડી મારી ધારિયાથી અમારો દરવાજો તોડી નાંખેલો. આ વખતે ટોળાના માણસોએ અમારા ઘરના કુલ્લે ત્રણ દરવાજા તોડેલા જેમાં આગળ પાછળનો એક એક દરવાજો તથા એક વચ્ચેનો દરવાજો જેમાંનો એક સીડીનો દરવાજો હતો તેવા ત્રણ દરવાજા તોડેલા.(નોંધઃ- આ તબક્કે સાહેદ ખુબ જ લાગણી સભર થઈ રડતા રડતા ગળગળા અવાજે જુબાની આપે છે. અદાલતે સાહેદને આશ્વાસન તથા પાણી આપી આગળ જુબાની નોંધી.) ટોળાના માણસો પછી દરવાજો તોડીને અમારા ઘરમાં ઘુસી આવેલા. તેઓ ચાર પાંચ જણાં હતા. આ ચાર પાંચ જણાંમાંથી એકના હાથમાં પોલીસનો ડંડો હતો. આ ડંડાથી મારા ભાઈને તે ભાઈએ મારવાનું ચાલુ કરેલું. હું તે વખતે મારા ભાઈને બચાવવા વચ્ચે પડેલી અને તેઓને મારા ભાઈને ન મારવા વિનંતી કરેલી. પરંતુ તે માણસ મારા ભાઈને મારવા જ લાગેલો. આ માણસે ગુલાબી શર્ટ તથા કથ્થાઈ પાટલુન પહેરેલા હતા.

- પેજ નં.૭,૮ પેરા નં.૧૩

ટોળનાં જે માણસો મારા ધરમાં આવી ગયેલા તેઓએ મારા ભાઈને ખેંચીને બહાર કાઢેલો. આ ટોળાના પંદર વીસ માણસો પછી મારા ભાઈને જાડીખાલાના મકાનના આંગણામાં લઈ ગયેલા. ટોળાના માણસો મારા ભાઈને ખેંચીને લઈ જઈ રહ્યા હતા. હું પણ તેઓની પાછળ પાછળ ગયેલી અને તેઓને 'મારા ભાઈને ન મારશો' તેવું કહેવા લાગેલી. હું મારા ભાઈને બચાવવા આવેલી.

- પેજ નં.૮ પેરા નં.૧૪

આ ટોળાના માણસોએ ત્યારપછી મારા ભાઈને ઘેરી લીધેલો અને પહેલો તલવારનો ઘા મારા ભાઈના ગળામાં મારેલો અને બીજો હાથમાં મારેલ જે તમામ મારી નજર સમક્ષ જ બનેલું. જાડીખાલાના આંગણામાં એક ખાટલો પડેલો હતો પછી મારા ભાઈને, ટોળાના માણસોએ ખાટલાને ઉંધો કરી તે ઉંધા કરેલા ખાટલા પર સુવડાવી દીધેલો.(નોંધઃ- સાહેદ ,સતત રડી રહ્યા છે તેથી તેમને પીવાનું પાણી આપી સાંત્વના આપેલ છે.)

- પેજ નં.૮,૯ પેરા નં.૧૫

પછી મારા ભાઈના બંન્ને પગો ખાટલા જોડે બાંધી દીધેલા. ત્યારપછી મારા ભાઈ પર ટોળાના માણસોએ એસીડ નાંખેલો. તે એસીડ એસ.ટી.વર્કશોપની દીવાલ પરથી એક માણસે આપેલો અને બીજા માણસે બહારની તરફે આ એસીડ લીધેલો. મારા ભાઈ પર આ જ એસીડ નાંખેલો. આ લોકોએ પછી મારા ભાઈ પર એક રૂનું ગાદલું નાંખી દીધેલુ. ત્યાં આબીદ નામના છોકરાને ગોળી વાગેલી અને આબીદને તે વખતે જે ગાદલા પર નાંખેલો અને જે ગાદલું લોહીવાળું થયેલુ તે જ ગાદલું મારા ભાઈ પર નાંખી દીધેલું. બાટલામાં કેરોસીન કે પેટ્રોલ શું લાવેલા તે મને ખબર નથી. પરંતુ તે મારા ભાઈના શરીર પર નાંખી ટોળાના માણસોએ મારા ભાઈને સળગાવી દીધેલો.

<u>- પેજ નં. ૯ પેરા નં.૧૬</u>

હું આ વખતે ત્યાંજ હતી. મારા ભાઈ પર અત્યાચાર કરનારનો મોબાઈલ ટેલીફોન આ વખતે ખીસ્સામાંથી પડેલો. આ મોબાઈલ લઈને હું જતી રહેલી અને એક સંડાસમાં છુપાઈ ગયેલી કારણ કે, મારા ભાઈને બાંધી દીધેલો અને સળગાવી દીધેલો તેથી મારા ભાઈને મારી જ નાંખશે અને મારો ભાઈ હવે મરી જ જશે તેવું માનીને હું ત્યાંથી ખસી ગયેલી.

<u>- પેજ નં. ૯,૧૦ પેરા નં.૧૭</u>

થોડીવાર પછી તે ટોળું જતું રહેલું પછી હું બહાર નીકળેલી. પછી મેં જોયું તો મારા ભાઈની લાશ સળગતી હતી. હું જે સંડાસમાં છુપાયેલી તે મકાનના માલીકનું નામ જાવેદ ભૈયા હતું. આ જાવેદ ભૈયાના ઘર માટેનું પાણી ભરેલું ડ્રમ ત્યાં પડેલું હતું. તેમાંથી મેં પાંચ ડોલ લઈને મારા ભાઈની સળગતી લાશ પર નાંખેલું. આટલા વર્ષ પછી આજે પણ મારી આંગળીઓ પર તે વખતે આગની ઝાળ લાગેલ તેના ચિહ્નો છે.

<u>- પેજ નં. ૧૧ પેરા નં.૨૧</u>

રાહતકેમ્પમાં આવ્યાના આશરે સાતેક દીવસ પછી મને અમારા ગામ ખંભાતના સુલતાનભાઈ મળેલા. મારી પાસે તે દિવસે મળેલો મોબાઈલ ફોન હતો અને આ મોબાઈલ ફોનનું શું કરવું તે મારી સમજમાં આવતું ન હતું. તેથી મેં સુલતાનભાઈને મારા ભાઈના બનેલ બનાવની વાત કરેલી. આ સુલતાનભાઈ સમોસા વેચવાનો ધંધો કરે છે. મેં તેઓને મને મોબાઈલ કેવી રીતે મળ્યો તથા મારા ભાઈવાળા બનાવની બધી વાત કહેલી ત્યારે તેઓએ તે વખતે તેઓ ધંધા પર જતા હોવાનું તથા ફરીથી સાંજે તેઓ મને મળવા આવશે તેવું જણાવેલું.

<u>- પેજ નં. ૧૨ પેરા નં.૨૨</u>

તેઓ તછી મને સાંજે મળવા આવેલા અને મને લઈને મોહસીનભાઈ વકીલ ના ત્યાં ગયેલાં.મેં ત્યારે મોબાઈલ સાથે રાખેલો તે મેં મોહસીનભાઈને આપી દીધેલો.મેં મોહસીનભાઈ વકીલને બધી હકીકત જણાવેલી.

- પેજ નં. ૧૨ પેરા નં.૨૩

બીજે દિવસે સવારે નવ વાગે મારા ગામના યાને કે ખંભાતના હૈદરભાઈ જે મારા સગા થાય છે તે મને સુલતાનભાઈની સાથે મળેલા તે મને શાહઆલમ કેમ્પના દરવાજે મળેલા.હૈદરભાઈને મેં નરોડો પાટીયા ખાતે તે દિવસે બનેલ બનાવની વિગત જણાવેલી.મેં મોહસીનભાઈ ને મોબાઈલ જમા કરાવવાની વાત કરેલી. આ હૈદરભાઈ એ મને મોહસીનભાઈ એ મને મોહસીનભાઈ ના ત્યાં મને લઈ જાવ તેવું કહેલું.હું પછી તેમને મોહસીનભાઈ વકીલ ના ત્યાં લઈ ગયેલી.

- પેજ નં. ૧૨-૧૩ પેરા નં.૨૪

મોહસીનભાઈ વકીલે આ મોબાઈલ મારા સગા હૈદરભાઈને આપેલો અને નરોડા પાટીયાનો બનાવ તથા મોબાઈલ મળ્યો તે બંને કેસ અલગ અલગ ચલાવવા જણાવેલું.હૈદરભાઈ એ આ મોબાઈલ ત્યારબાદ નદીમભાઈ ને આપેલો.ત્યારબાદ નદીમભાઈ એ આ મોબાઈલ લઈને પોલીસ કમિશ્નર કચેરી જઈ પોલીસ કમિશ્નર કચેરી એ તે જમા કરાવી દીધેલો.

- પેજ નં. ૧૩ પેરા નં.૨૫

ત્યાર પછી થોડા દિવસે મને નદીમભાઈ મળવા આવેલા ત્યારે મને જાણવા મળેલું કે, નદીમભાઈએ આ ફોન પોલીસ કમિશ્નરને જમા કરાવેલો છે.ત્યાર પછી મને નદીમભાઈ તથા હૈદરભાઈ પોલીસ કમિશ્નર પાસે લઈ ગયેલા.હું નદીમભાઈએ મોબાઈલ જમા કરાવેલો કે કેમ તેની ખાતરી કરવા પોલીસ કમિશ્નર કચેરી ગયેલી ત્યારે પોલીસ કમિશ્નર શ્રી ને મેં રુબરુ માં બનાવની હકીકતો જણાવેલી.તેઓએ મને ત્યાં પડેલા મોબાઈલમાંથી તે મોબાઈલ ઓળખવાનું કહેતાં મેં તે મોબાઈલ ઓળખી આપેલો.

- પેજ નં. ૧૩ પેરા નં.૨૬

મેં કમિશ્નરશ્રી રૂબરૂ આ મોબાઈલ ઓળખી બતાવેલો.ત્યારપછી મને નદીમભાઈ તથા હૈદરભાઈ શાહઆલમ કેમ્પ ખાતે લઈ આવેલા.

- પેજ નં. ૧૫ પેરા નં.૩૨

પછી મને અલીફનગર ખાતે હતી ત્યારે ઘીકાંટા ના પોલીસવાળા બોલાવવા આવેલા. તેઓ મને ઘીકાંટા લઈ આવેલા તેઓએ મને કહેલું કે, મારે આરોપીઓને ઓળખવા આવવાનું છે. મને કહેલું કે, તમે જેનો મોબાઈલ ટેલીફોન જમા કરાવ્યો છે તે માણસને તમારે ઓળખવાનો છે. ત્યાં ઓળખપરેડ થયેલી. મેં ત્યાં આરોપી ને ઓળખી બતાવેલો. તે વ્યકિત અશોક સીંધી હતા.

<u>- પેજ નં. ૧૭ પેરા નં.૩૬</u>

મે મેજીસ્ટ્રેટ કોર્ટ માં જેનો મોબાઈલ પડી ગયેલો તથા મારા ભાઈ પર જે અત્યાચાર કરતો હતો તે વ્યકિતને ઓળખી બતાવેલો.હું આજે પણ તે વ્યકિતને ઓળખી શકું તેમ છું.જે માટે સમય ખુબ થઈ ગયો હોવાથી હું કોશીશ કરી શકીશ. મારે હાલમાં બી.પી.ની ખુબ તકલીફ છે તેથી મને ખુબ જ મુશ્કેલી પડે છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી અશોક સીંધી બનાવના દિવસે સ્થળ ઉપર હાજર હતો તેવો સાહેદના ભાઈને મારી સળગાવેલ છે. તેવું પૂરવાર થાય છે.

સાહેદના ભાઈનું ખુન કરતી વખતે આ આરોપીના ખિસ્સામાથીં તેનો મોબાઈલ પડી ગયેલ તે મોબાઈલ આ સાહેદે લીધેલ અને કેમ્પમાં જતી રહેલ.

કેમ્પમાં જઈ આ સાહેદે મોબાઈલ મોહસીનભાઈને આપેલ અને ત્યારબાદ મોહસીનભાઈ પાસેથી પરત લઈ હૈદરઅલી નજફઅલી મીર્ઝા (સાહેદ નં.૨૩૭,આંક-૧૬૬૯) ને આપેલ અને હૈદરઅલીએ આ મોહાઈલ નદીમ મોહંમદ અલીને સૈયદ (સાહેદ નં.૨૪૫,આંક-૧૭૧૨)ને આપેલ અને નદીમ સૈયદે આ મોબાઈલ ચેક કરતા તે અશોક સીંધીનો જણાઈ આવેલ. ત્યારબાદ આ મોબાઈલ કમિશ્નર ઓફિસમાં જમા કરાવી કાયદેસર કાર્યવાહી કરેલ.

ત્યારબાદ પોલીસે અશોક સીંધીને પકડી સાહેદ મારફતે એકઝી મેજી. સમક્ષ ઓરખ પરેડ કરાવેલ જે ઓળખ પરેડમાં આ સાહેદે આરોપી અશોક સીંધીને ઓળખી બતાવેલ છે. (ઓળખ પરેડ પંચનામું – આંક-૨૩૩, સાહેદ નંબર ૩૪ દ્વારા રજુ થયેલ છે.)

આ સાહેદની જુબાનીમાં આ આરોપી વિરુધ્ધ પડેલ પુરાવાને સાહેદ નં.-૨૩૭ હૈદરઅલી નજફઅલી મીર્ઝા અને સાહેદ નં.-૨૪૫ નદીમ મોહંમદઅલી સૈયદ પુરેપુરૂ સમર્થન આપે છે. અને આ બંન્ને સાહેદ નં.-૨૩૭ અને ૨૪૫ આરોપીના મોબાઈલને પણ ઓળખી બતાવે છે. આમ પુરાવાની સાંકળ, કડીઓ, સંપર્ણ રીતે બંધબેસતી હોઈ આ આરોપી વિરુધ્ધનો પૂરાવો સાબીત થાય છે કે આ આરોપી અશોક સીંધી એકજ સાહેદના ભાઈનું ખુન કરેલ છે.

આ સાહેદે આરોપીને ના.કાર્ટ રૂબરૂ ઓળખેલ નથી તેનું કારણ સાહેદે જણાવેલ છે. તે મુજબ સાહેદે તેની જુબાનીના પેરા – ૩૬માં જણાવેલ છે કે ''ખુબ સમય થઈ ગયો હોવાથી હું કોશીશ કરીશ હાલમાં મને બી.પી.ની ખુબ તકલીફ છે તેથી મને ખુબ મુશ્કેલી પડે છે.'' આમ બનાવના ૯ વર્ષ બાદ અને સાહેદને બી.પી.ની તકલીફના કારણે સાહેદ આરોપીને ઓળખી શકી નથી. તેની આરોપી વિરુધ્ધ પડેલ પૂરાવામાં આરોપીને લાભ મળી શકે નથી.

આ સાહેદે આરોપીના મોબાઈલને પણ ઓળખી શકી નથી. આ સાહેદ અભણ છે, પછાત છે, ગરીબ છે, પરપ્રાંતની છે. તેથી તે બનાવના ૯ વર્ષ બાદ મુદ્દામાલ મોબાઈલ ઓળખી શકેલ નથી. પરંતુ આ સાહેદ સદર મુદ્દામાલ સાહેદ નં.- આ કામે તપાસાયેલા કનેકટેડ સાહેદ નં.-૨૩૭ અને ૨૪૫ નાઓએ સદર મોબાઈલ ઓળખી બતાવેલ છે.

## (૫) મો.હનીફ યુસુફભાઈ શેખ, સાહેદ નં. ૧૮૪, આંક-૧૨૭૧

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે પરંતુ ઘણો સમય વીતી ગયેલ હોય ઓળખી શકેલ નથી અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે આરોપી વિરુધ્ધ નીચે જણાવ્યા મુજબનું પુરાવો આપેલ છે.

*- પેજ નં. ૨ પેરા નં.૪*

બનાવ તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. જે તા.૨૭ મીએ ગોધરાકાંડ થયા પછી બનેલો. તે દિવસે વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા બંધનું એલાન હતું.

- પેજ નં.૨ પેરા નં.૫

તે દિવસે સવારે સાડા નવ વાગ્યે હું મારા ઘરે હતો. તે વખતે બહાર રોડ ઉપર અફરાતફરી થયેલી. તે દિવસે કૃષ્ણનગર તથા નટરાજ હોટલથી ટોળા આવેલા અને બંને ટોળા ભેગા થઈ ગયેલા

- પેજ નં.૩ પેરા નં.૮

આ ટોળામાં નરેશ છારા, હરેશ છારા, સહેજાદ છારા, મુરલી સીંધી, અશોક સીંધી પાનવાળો, સુરેશ છારા, બિપીન ઓટોવાળો, ભવાનીનો છોકરો જેનું નામ મને યાદ નથી તેઓના હતા. હું આ તમામને ઓળખું છું. આ તમામનાઓ ટોળાના લોકોને ઉશ્કેરણી કરતા હતા તથા અમો મુસ્લીમો ઉપર હુમલો કરતા હતા.

- પેજ નં. ૩ પેરા નં. ૯

આ વખતે પોલીસવાળાએ પણ ટિયરગેસ છોડેલા. કિશન કોરાણી તથા મનોજ સીંધીએ પોલીસ પાસેથી બંદુક ઝુટવીને ફાયરીંગ કરેલું જયારે બાકીના હું નામ જણાવી ગયો તેઓ પાસે પાઈપ, તલવાર, ધારીયા વગેરે હથીયારો હતા.

સાહેદ નં.૧૮૪ની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નટરાજ તરફથી આવેલા ટોળામાં હાજર હતો તે હથીયાર ધારણ કરેલ ટોળામાં સામેલ હતો તેવો મસ્જીદ ઉપર હુમલો કરેલ અને મુસ્લીમો ઉપર હુમલો કરેલ છે તેવુ સ્પષ્ટપણે જણાઈ આવે છે. આ

બનાવને ઘણો સમય વીતી ગયેલ હોય તથા આરોપીઓના શારીરિક બાંધામાં ફેરફાર થયેલ હોય તેને ના.કોર્ટ રૂબરૂ આ સાહેદ ઓળખી શકેલ નથી.

## (૬) મહંમદ યુનુસ અબ્બાસભાઈ મનસુરી સાહેદ નં. ૩૪ આંક – ૨૩૩

આ સાહેદ તા.૯.૧૦.૨૦૦૨ થી તા.૩૧.૧૦.૨૦૦૪ સુધી એક્ઝી. મેજીસ્ટ્રેટ તરીકે કોર્ટ નં. ૧ માં ફરજ બજાવતા હતા. આ સાહેદે તા.૩.૧૦.૨૦૦૨ના રોજ ની ઓળખ પરેડ કરાવેલ છે. આ સાહેદે જે ઓળખ પરેડ કરાવેલ છે તે સફળ ઓળખ પરેડ થયેલ છે. તેમાં સાહેદ હુસેનાબાનુ અજગરખાન પઠાણ નાઓએ આરોપી નં. ૩૮ ને ઓળખી કાઢેલ છે. તેવુ આ સાહેદની જુબાની પરથી ફલિત થાય છે.

પેજ. ૬ પેરા. ૮

ત્યારબાદ આ કામના સાહેદને મારા પટાવાળા મારફતે અદાલત ખંડમાં બોલાવેલા સાહેદને તેનુ નામ સરનામુ પુછી તે લખી લઈ કે જે હુસેનાબાનુ વાઈફ ઓફ અજગરખાન ગફુરખાન પઠાણ નાનુ તેણી એ જણાવેલ તે નામ નોંધ્યા બાદ તેણીને ઓળખ પરેડ ની કાર્યવાહી ની સમજ આપેલી. મે સાહેદ હુસેનાબાનુ ને જણાવેલ કે લાઈનમાં ઉભેલા માણસોમાં જો આરોપી હોય અને તેણી આરોપીને ઓળખતા હોય તો લાઈનમાં થી હાથ પકડી બહાર કાઢે. સાહેદ ત્યારબાદ આ લાઈનમાં ઉભેલા માણસોની નજીક જઈ તે બધામાંથી એક વ્યક્તિને બહાર કાઢેલા. આ બહાર કાઢેલ વ્યક્તિનુ નામ પુછતા તેઓએ પોતાનુ નામ અશોક હુંદલદાસ સીંધી જણાવેલુ. જેનુ નામ મે નોંધી લીધેલુ. સાહેદે ઓળખી બતાવેલ ઈસમ આ કામના આરોપી હતા. સાહેદનાઓ એ આરોપીને બહાર કાઢી એવુ જણાવેલુ કે બનાવના દિવસે આ આરોપી સાથે દસ પંદર માણસો હતા. આ આરોપીનુ મોબાઈલ ફોન બનાવ ની જગ્યાએ પડી ગયેલુ તેથી હુ તેમને ઓળખી બતાવુ છું. .............

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે હુસેનાબાનુએ આરોપીને ખરા આરોપી તરીકે ઓળખી બતાવેલા .આ સાહેદની જુબાનીમાં ઓળખ પરેડનુ પંચનામુ આંક – ૨૩૬ થી રજુ થયેલ છે.

# <u>તોહમતદાર નં.(૩૯)હર્ષદ ઉર્ફે મુંગડા જીલા ગોવિંદ છારા પરમાર</u>

## (૧) સરફરાજખાન મહેબુબખાન, સાહેદ નં. ૧૦૯, આંક-૭૦૪

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખેલ છે

<u>પેજ નં.૨ પેરા નં.૩</u>

બનાવ ફેબ્રુઆરી-૨૦૦૨ માં બનેલો. આગલા દિવસે બીજા દિવસે બંધનું એલાન આપેલું. બનાવના દિવસે હું સવારે મારા ઘરે હતો. હું સવારે નવ વાગે બહાર રોડ પર આવેલો. ત્યાં તે દીવસે પંદર વીસ હજાર માણસોનું ટોળું હતું. ટોળાના માણસો આગ લગાવતા હતા, મારા મારી કરતા હતા, સળગાવતા હતા, ત્યાં પુષ્કળ લોકો હતા. હું પરત મારા ઘેર જતો રહેલો. ત્યારપછી હું મારા પરિવારને લઈને ગંગોત્રી બાજુ ગયેલો. અમે ભાગતા ભાગતાં એસ.આર.પી. કવાર્ટસ બાજુ ગયેલો. ત્યાં અમને આશરો આપેલો નહીં.

<u>- પેજ નં.૩ પેરા નં.૫</u>

હું ઘરની બહાર આવ્યો ત્યારે જે ટોળું હતું તે ટોળામાં હું કેટલાક લોકોને ઓળખી શકું. આ ટોળામાં મેં મુગડો છારો, જયભવાની છારો, સહેજાદ છારો, મનોજ વીડીયોવાળો તથા સુરેશ લંગડા છારાને  જોયેલા તથા તેઓને મેં ઓળખેલા. આ પાંચેયના હાથમાં હથીયારો હતા.

આ સાહેદે તેમના તા.૧૨-૫-૦૨ના પોલીસ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમજ સાહેદે તેમની ના.કોર્ટ રૂબરૂની જુબાની ના પેરા ૩, ૫ મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

સાહેદનો જણાવ્યાનુસાર સાહેદ  બનાવના દિવસે સવારે ૯ વાગે ઘર બહાર રોડ ઉપર આવેલ અને ૧૫ થી ૨૦ હજારનું ટોળુ જોયેલુ આ ટોળુ મારકાપ આગ લગાડી માણસોને સળગાવતા હતા તે ટોળામાં આ સાહેદો આરોપીને હથિયાર સાથે જોયેલ તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ સાહેદનો આરોપી વિરૂધ્ધ સચોટ પુરાવો છે જયેને નહી માનવાનું કોઈ કારણ નથી.

## (૨) જલાલુદ્દીન ઈબ્રાહીમ શેખ,  સાહેદ નં. ૧૭૦, આંક-૧૧૭૪

- તા. ૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં તોફાની ટોળામાં હથિયાર સાથે (સીટનો જવાબ નથી)

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

નટરાજ હોટલ તરફથી આવેલું હિન્દુઓનું દસ થી પંદર હજાર માણસોનું ટોળુ મારો કાપોની બુમો પાડતુ હતું. આ ટોળાના માણસો તલવાર, ધારિયા, પાઈપ વગેરે સાથે આવેલા. આ ટોળું એસ.ટી.વર્કશોપ પાસે આવી ગયેલું. આ ટોળુ પથ્થરમારો કરતું હતુ.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

આ ટોળામાં મેં જોયલા લોકોમાં હું છએક જણાંને ઓળખું છું. આ ટોળામાં ભવાનીસીંગ, ગુડ્ડુ છારો, મુંગડો છારો, હરીયા છારા, સુરેશ લંગડો તથા બિપીન પંચાલનાઓ હતા.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

આ છ જમાં ટોળાની આગેવાની કરતા હતા તથા આ ટોળાને તેઓ સંચાલિત કરતા હતા. તેઓ જ નટરાજ હોટલથી આ ટોળાને એસ.ટી.વર્કશોપ સુધી લઈ આવેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૯</u>

આ ટોળાના લોકો નુરાની મસ્જીદ પાસેના ઘરો પર હુમલો કરતા હતા. ટોળાના માણસોએ નુરાની મસ્જીદ પાસે આવેલ લારી ગલ્લા તથા મકાનોમાં આગ લગાડેલી તેમજ હુમલો કરેલો. અમારામાના કેટલાક નુરાની મસ્જીદ બચાવવા આવેલા. ત્યારે આ ટોળુ એસ.ટી.વર્કશોપ બાજુ જતું રહેલું. હું આ બધુ એસ.ટી.વર્કશોપ પાસેના પાણીના નળો પાસેથી, જયાં હાલમાં પોલીસ ચોકી આવેલી છે ત્યાંથી જોતો હતો.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૫</u>

નુરાની મસ્જીદ તરફ જતાં ટોળામાં હરીયો છારો, મુંગડા છારા તથા સુરેશ લંગડાને મેં જોયેલા. આ વખતે હું એસ.ટી.વર્કશોપ પાસેના નળ પાસે ઉભો હતો ત્યારે કોઈએ મારા પર ગોળી છોડેલી પરંતુ મારી પાછળ ઉભેલ માણસને તે ગોળી વાગેલી. આ વખતે ફાયરીંગ ચાલું હતુ તેથી અમે તમામ ચાલી તરફ ભાગી રહયા હતા. મારા પછીના માણસને ગોળી વાગેલી. ત્યારપછી હું મારા ઘરે જતો રહેલો.

આ સાહેદે તેમના ૧૨-૫-૦૨ ના પોલીસ જવાબમાં આરોપીનું નામ આપેલ છે અને જણાવેલ છે ગુનાહિત કૃત્ય આચરતા ટોળામાં આરોપી હથિયાર સાથે તોફાની ટોળામાં હતાનું જણાવેલ છે. સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદે તેના ૧૨-૫-૦૨ ના પોલીસ જવાબમાં આરોપીને હથિયાર સાથે જોયેલ છે તેવુ નિવેદનમાં જણાવેલ છે. સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ પુરતો પુરાવો આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે નટરાજ હોટલ તરફથી પંદર હજાર માણસોનું ટોળુ આવેલ તેમની પાસે હથિયારો હતા તે ટોળામાં આરોપી પણ હાજર હતા અને આરોપીએ બીજા તો.દાર સાથે મળી નુરાની મસ્જીત ઉપર આગ લગાડેલ છે. આમ આ આરોપી ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવાનું પ્રસ્થાપિત થાય છે અને તેમણે  હથિયાર ધારણ કરી મસ્જીદ અને મુસ્લીમો ઉપર હુમલો કરેલ હતો તેમજ મિલ્કતોને આગ લગાડેલ છે. તેવુ સાબીત થાય છે. સાહેદનો આરોપી વિરૂધ્ધનો પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે તો.દારને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૩) સમસુદ્દીન શાહબુદ્દીન રાઠોડ, સાહેદ નં. ૨૦૨, આંક-૧૩૯૪

- તા.૧૩.૫.૦૨ ના  પોલીસ જવાબમાં નામ છે
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ છે.

<u>- પેજ નં.૨ પરા નં.૫</u>

બનાવ તા.૨૮.૨.૦૨ ના રોજ બનેલો. તે દિવસે સવારના આશરે નવેક વાગ્યે હું સવારે ચાની લારી કે જે નુરાની મસ્જીદ પાસે આવેલી છે ત્યાં ચા પીવા ગયેલો. તે દિવસે ત્યાં નુરાની મસ્જીદ પાસે પોલીસનો પોઈન્ટ હતો. મેં નટરાજ હોટલ તરફથી એક ટોળું નુરાની મસ્જીદ તરફ આવતું જોયેલું. ટોળાના માણસોના હાથમાં હથીયાર હતા, તેઓ પથ્થરમારો કરતા હતા તથા નુરાની મસ્જીદની દિશા તરફ આ ટોળાના માણસો આગળ વધતા હતા. આ ટોળું અમારા વિસ્તારમાં દુકાનો તથા મકાનોને આગ લગાડતુ હતુ. આ મેં જોયેલું. આ વખતે નુરાની મસ્જીદના ભાગે પોલીસ હતી.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

મેં જોયેલ ટોળામાં કિશન કોરાણી, મનોજભાઈ, બિપીન ઓટો, ગુડ્ડુ છારા, નરેશ છારા, સુરેશ છારા તથા મુંગડા છારાને મેં જોયેલા. ત્યારબાદ કૃષ્ણનગરબાજુથી એક ટોળું આવેલું

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

બીજુ એક ટોળુ અડધા કલાક પછી આવેલું જેની આગેવાની બિપીન ઓટોવાળાએ લીધેલી. આ બે ટોળા ભેગા થઈ ગયેલા. આ ટોળાએ અમારા સમગ્ર વિસ્તાકમાં લુંટફાટ કરેલી. મારા ઘરમાં પણ લુંટફાટ થયેલી. આ વખતે સવારે નવ સવા નવ વાગ્યે પોલીસે અમો મુસ્લીમોની ટોળા પર ફાયરીંગ કરેલું તેમાં આબીદહુસેનને ગોળી વાગેલી. આથી હું મારા ઘર તરફ જતો રહેલો. હું મારા ઘેર પાછો આવ્યો પછી મેં મારા ઘરની બાજુમાં રહેતા મીરાબેનને

મારી બે દિકરીઓ સોંપેલી. મીરાબેન અને મારા ઘર વચ્ચે બે મકાનો આવેલા છે. તેણીના ઘર પછી કોટ આવેલો છે.

આ સાહેદે તેમના તા.૧૩-૫-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં નામ આપેલ છે તેમજ આ સાહેદે કોર્ટ રૂબરૂની જુબાની મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે. તા. ૧૩-૫-૦૨ના પોલીસ જવાબમાં આરોપી ગંભીર પ્રકારનો ગુનો કરતા ટોળામાં સામેલ હોવાનું જણાવી નામ આપેલ છે.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

સાહેદે બનાવ નજરો નજર જોયેલ છે સાહેદે તેની જુબાનીમાં ટોળાઓ જુદી જુદી જગ્યાએથી આવતા હતા તેવો સ્પષ્ટ નિર્દેષ કરેલ છે. સાહેદ ટોળુ હથીયારો સાથે આવેલું, પથ્થર મારો કરતો આવેલું, મકાનો દુકાનોને આગ લગાડતા, લુંટફાટ કરતા ટોળાને જોયેલ છે. તે ટોળામાં આરોપીને સાહેદે જોયેલ છે. તેવો નિર્દેષ કરેલ છે. સાહેદ સાંજના ૬ વાગ્યા સુધી બનાવના સ્થળે જીવ બચાવવા લપાતા છુપાતા રહેલ છે અને બનાવ જોયેલ છે.

આ સાહેદે મજકુર આરોપીને ના.કોર્ટની રૂબરૂની જુબાનીમાં આરોપી ગુનાહિત કૃત્ય આચરતા ટોળામાં સામેલ હોવાનું જણાવી તેનું નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદે તો.દારને ના.કોર્ટ સમક્ષ ની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

# <u>તોહમતદાર નં.(૪૦)મુકેશ ઉર્ફે રતિલાલ રાઠોડ</u>

## (૧) જન્નતબીબી કલ્લુભાઈ સાહેદ નં. ૧૪૨, આંક-૯૬૧

- તા.૧૩.૪.૦૨ ના પો.જવાબમાં નામ છે.
- તા. ૨૮.૫.૦૮ ના સીટના જવાબમાં નામ નથી
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૮ પેરા નં. ૧૩</u>

હું ગોપીનાથનગર તથા ગંગોત્રી સોસાયટી વચ્ચેના એક ખાંચામાં હતી ત્યારે મેં જોયું કે, છોકરીઓના કપડાં ફાડી તેઓને સળગાવવામાં આવતી હતી. આ વખતે પાર્શ્વનાથનગર તથા સામેથી એમ બે બાજુથી બે ટોળા આવેલા. આ ટોળાઓમાં ભવાનીસીંહ, ગુડ્ડુ છારા, સુરેશ છારા, ભવાનીસીંગનો છોકરો તથા ભવાનીસીંગની મોટી છોકરી એમ હતા. જેમાં ભવાનીસીંગની મોટી છોકરી સફેદ કેરબામાં ટોળાના માણસોને પેટ્રોલ તથા કેરોસીન આપી રહી હતી. ભવાનીસીંગ, ગુડ્ડુ છારા, સુરેશ, ભવાનીસીંગનો દીકરો જે વકીલ છે તથા મોટી છોકરી સામેની સાઈડમાંથી આવેલ ટોળામાં હતી.

<u>- પેજ નં. ૮ પેરા નં. ૧૪</u>

જે છોકરીઓના કપડાં ફાડતા હતા તથા સળગાવતા હતા તેમાં ખેરૂનિશા, નશીમબાનું, સુફીયાબાનુ, નરગીસબાનું તથા અન્ય એક સ્ત્રી હતા. આ વખતે સાંજના ચારસાડા ચાર વાગ્યાનો સમય થયેલો.

આ સાહેદે તા.૧૩-૪-૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે આ આરોપીને નામ આપી ઓળખી બતાવેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાની મુજબ મુખ્ય પુરાવો આપેલ છે.

આ સાહેદની કોર્ટ રૂબરૂની જુબાની વંચાણે લેતા સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે તોફાની ટોળામાં હાજર હતા આ સાહેદે ગોપીનાથ ગંગોત્રી ના વચ્ચેના ખાંચામાં હતા ત્યારે પાર્શ્વનાથનગર તથા સામેની સાઈડથી ટોળુ આવેલ જેટોળામાં ત્યાં આરોપી સામેલ હતા આમ આ આરોપીએ ટોળામાં હાજર રહી ગેરકાયદેસર મંડળીના સભ્ય બની ગુનાહીત કૃત્ય કરવામાં ભાગ ભજવેલ છે. તેવું આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૨) અ.મજીદ મો.ઉસ્માન શેખ, સાહેદ નં. ૧૫૬, આંક-૧૦૭૨

- તા.૮.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં ભવાની ના છોકરા તરીકે નામ છે.

-તા. ૧૫.૪.૦૨ ના પોલીસ નિવેદનમાં ભવાનીના છોકરા તરીકે નામ છે (સાહેદની છોકરી સુફિયા ઉપર બળાત્કાર

- તા ૨૦.૫.૦૮ના સીટના નિવેદનમાં નામ છે. મુકેશ વકીલ તરીકે નામ છે. (સાહેદની છોકરી સુફિયા ઉપર બળાત્કાર કરેલ છે.

- તા. ૧૩.૯.૦૮ ના સીટના નિવેદનમાં ભવાનીનો છોકરો મુકેશ એ રીતે નામ છે.

- નામદાર કોર્ટ રૂબરૂ જુબાનીમાં ભવાનીના છોકરા તરીકે નામ આપેલ છે.

<u>- પેજ નં.૭,૮ પેરા નં.૧૫</u>

અમે તે વખતે તે દીવસે દસેય જણાં અમારૂ ઘર છોડીને નીકળી ગયેલા. મને ચોક્કસ સમય ખબર નથી. પરંતુ પછી અમે ગંગોત્રી સોસાયટીના ધાબે ગયેલા તે સમયે બપોરનો સમય હતો. આ ગંગોત્રીવાળા ધાબેથી મેં જોયેલું કે, ગુડ્ડુ છારાના બે ભાઈઓ, ટીનીયો તથા બીજાઓ હાજર હતા. આ તમામનાઓના હાથમાં તલવાર, લાકડી, કેરોસીનનો ડબ્બો વગેરે હતા. તેઓએ અલ્લાબક્ષના દીકરા ઐયુબ પર હુમલો કરેલો. તેને અમારી જવાનનગરની છેલ્લી ચાલીમાં આબેદાના ઘર પાસે તથા એસ.આર.પી. કવાર્ટસની દિવાલ પાસે રીક્ષામાં નાંખીને આ લોકોએ સળગાવી દીધેલો. જે મેં પોતે જોયેલું. જેમાં, ગુડ્ડુ છારાના હાથમાં તલવાર હતી, ગુડ્ડુના એક ભાઈના હાથમાં કેરોસીનનો કેરબો હતો તથા બીજા ભાઈના હાથમાં એક લાકડી હતી. ત્યાં પાંચ છ બીજા મરાઠીના છોકરાઓ પણ હતા, ટીનીયો કદમનો દીકરો થાય.

<u>*- પેજ નં.૧૦ પેરા નં.૧૯*</u>

મેં જોયેલું કે, મારા પત્ની સળગત હતા અને મારી દીકરી સુપ્રિયાને લોકો ખેંચીને લઈ જતાં હતા જે લઈ જવામાં જયભવાની, તેનો છોકરો, ટીનીયો, સુરેશ લંગડો તથા અન્ય બે ચાર જણાં હતા. મે મારી દીકરીને આ રીતે ખેંચવામાં આવતી હતી ત્યારે અલ્લાહને યાદ કરીને પોકાર કરેલો કે, નારએ તકબીર અલ્લાહ અકબર આ વખતે મારા માથા પર પાછળથી કોઈએ હુમલો કરેલો તેથી હું ત્યા જ પડી ગયેલો.

<u>*- પેજ નં.૧૧ પેરા નં.૨૦*</u>

મને હોશ આવતા અગાઉ મેં જોયેલું કે, મારી દીકરી સુપ્રિયાને ઘસડીને લઈ જતાં હતા અને મારી પત્ની લાલબી તથા આફરીનબાનું તથા સાહીનબાનું, દીકરો મહંમદહુસેન, દીકરો ખ્વાજાહુસેન અને દીકરી સુફીયાબાનુનાઓ ત્યાં સળગતા હતા. મને ભાન આવતા મને મારા બાકી રહેલા બાળકોનું શું થયું હશે તેવો વિચાર આવતા મેં બાકી રહેલા બાળકો ચાંદ, યાસીન અને મહેબુબના નામની બુમો પાડેલી.

<u>- પેજ નં.૧૧ પેરા નં.૨૧</u>

મને તે સમયે બીબીબાનું નામક સ્ત્રીનો પતિ મહેબુબ સળગી ગયેલી હાલતમાં મળેલો. ત્યારપછી મે મારા દીકરા યાસીનનો મને અબ્બા તરીકે બોલાવતો અવાજ સાંભળેલો. મારો દીકરો યાસીન સળગી ગયેલી હાલતમાં હતો. મારો દીકરો યાસીન દાઝી જવાની જલનને કારણે ત્યાં આવેલી ટાંકીમાં બેસી ગયેલો. મે તેને પાણીમાં બેસવાની ના પાડેલી, કારણકે, તેની ચામડી ફુલાઈ જાય. મે તેને ટાંકીની બહાર લઈ લીધેલો.

- પેજ નં.૧૪ પેરા નં.૨૭

સોનિયા ગાંધીની ચિઠ્ઠી લઈ હું સીવીલ હોસ્પીટલ ગયેલો. નર્સો થકી તપાસ કરતાં મને સુપ્રિયા મળી ગયેલી. હું સુપ્રિયાને મળેલો તેણીએ મને તેણીની વિતક કથા જણાવેલી. તેણીએ જણાવેલું કે, અબ્બા મે બચ નહીં શકી, મેરી ઈજ્જત ભી નહીં બચ શકી. મે તેણીને જણાવેલું કે, તને લઈ જતાં હતા તે મેં જોયેલું પરંતુ પછી મારા ઉપર પણ હુમલો થયેલો તેથી હું તને બચાવી શકેલો નહીં અને તારા પર શું વિત્યું તે હું જોઈ શક્યો નહીં. સુપ્રિયાએ મને જણાવેલુ કે, મારા પર બળાત્કાર થયેલો છે તેમાં ચાર પાંચ જણા હતા. તેણીએ મને જણાવેલું કે, ગુડ્ડુ છારા, જયભવાનીનો છોકરો તથા જયભવાનીનાઓ આ બળાત્કારમાં હતા. તેણીએ વધુમાં હરીજન મનુભાઈ પણ હતો તેમ જણાવેલુ. મને સુપ્રિયાએ જણાવેલું કે, મનુએ મારા કપડા કાઢેલા. મે તે જ દિવસે સુપ્રિયાને વી.એસ. હોસ્પીટલ લઈ જવાનો પ્રયત્ન કરેલો. સુપ્રિયા પણ મને તમારી સાથે લઈ જાવ તેમ કહેતી હતી. ત્યારે ડોકટર ગેરહાજર હોવાથી હું તેણીને લઈ જઈ શકેલો નહી. તેથી તેણીની સાથે વાતચીત કર્યા પછી હું પાછો વી.એસ. હોસ્પીટલ આવી ગયેલો. મારે મારી દીકરીને છોડીને વી.એસ.હોસ્પીટલ જવું પડેલું.

- પેજ નં.૧૯ પેરા નં.૩૮

મે બનાવના દિવસે જે આરોપીઓને જોયેલા તેમાં ગુડ્ડુ છારા, દલપત છારા તથા જયભવાનીનાઓ મરણ ગયેલ છે. હું બાકીના જે આરોપીઓને બનાવના દિવસે મેં જોયેલા જેમાં, માયાબેન, ગુડ્ડુના બે ભાઈઓ, ટીનીયો, મનુ, સુરેશ લંગડો તથા જયભવાનીનો છોકરો તથા નિલમ મરાઠી તે તમામને હું આજરોજ નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી શકીશ.

આ સાહેદે તા.૮-૫-૦૨ તથા ૧૫-૪-૦૨ ના પોલીસ રૂબરૂના ભવાનીના છોકરા તરીકે યા આરોપીનું નામ આપેલ છે અને તા.૧૫-૪-૦૨ ના નિવેદનમાં વધુમાં સાહેદે પોતાની પુત્રી સુફીયા ઉપર બળાત્કાર કરેલાની હકીકત જણાવેલ છે તથા તા.૨૦-૫-૦૮ ના તેમજ ૧૩-૮-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં મુકેશ વકીલ તરીકે તથા ભવાનીના છોકરા મુકેશ તરીકે આ આરોપી નું નામ આપેલ છે.તથા તા ૨૦-૫-૦૮ ના શીટના જવાબ માં આસાહેદ પોતાની પુત્રી સુફીયાબાનુ પર બળાત્કાર થયાની હકીકત પણ જણાવેલ છે. આ

સાહેદે નામદાર કોર્ટ રુબરુ ની જુબાનીમાં જણાવ્યા મુજબ પુરાવો આ આરોપી વિરુધ્ધ આપેલ છે. અને આ સાહેદે આ આરોપી ને ના.કોર્ટ રુબરુ ભવાનીના છોકરા તરીકે નામ આપેલ છે.

આ સાહેદ કોર્ટ રુબરુની જુબાની માં જણાવેલ છે કે તા.૨૮-૨-૦૨ના રોજ બંધના એલાનના દિવસે એસ.ટી.વર્કશોપના ઝાંપા પાસે આવેલા ત્યાં ૨૫ થી ૩૦ હજાર માણસોનું ટોળુ કુબેરનગર તરફથી આવેલ.અને સુત્રો પોકારતા હતા. આ ટોળા ના વ્યકિતઓ પાસે હથીયારો હતા.બીજુ ટોળું કૃષ્ણનગર તરફથી આવેલ.ત્યારે સવારના નવ વાગેલા ટોળાએ મસ્જીદ ઉપર હુમલો કરેલ.ત્યારબાદ અમારા માણસો પર હુમલો કરેલ જેમાં પોલીસ ગોળીબાર કરતા હસન કુરેશીને માથામાં ગોળી વાગેલ અને કદીર નામના રીક્ષા ચાલકને ટોળાએ તલવારથી ઘાયલ કરી સળગાવી મોતને ઘાટ ઉતારેલ છે.તદ્ઉપરાંત ટોળાએ ઐયુબ નામના ઈસમને પણ રીક્ષામાં નાખીને સળગાવી મારી નાખેલ છે.

આ સાહેદ વધુમાં જણાવેલ છે કે જયારે આ સાહેદ ગંયોત્રી ગોપીનાથના ખાચાં માં ગયેલ ત્યાં સાહેદની દીકરીને ખેંચીને લઈ જતા હતા તેમા જયભવાનીનો છોકરો યાને આ આરોપી યના આરોપીઓ સામેલ હતા અને તેઓએ સાહેદની પુત્રી પર બળાત્કાર કરેલ તેવું સાહેદને તેમની પુત્રી એ જણાવેલ.

આ સાહેદ ના ૬ કુંટુંબીજનોને જીવતા સળગાવી દઈ મોતને ઘાટ ઊતારવામાં આવેલ છે.જે પૈકી પુત્રી સુફીયાબાનું નીપી.એમ.આંક ૭૭૯ થી સાહેદ નંઃ-૧૨૧ ડો.હર્ષદકાંતીલાલ રાઠોડની જુબાની થકીરજુ થયેલ છે.તેમજ પુત્રી શાહીનબાનુની પી.એમ આંકઃ-૮૬૩ થી સાહેદ નંઃ-૧૩૨ ડો.અજય.એમે.પટેલની જુબાની થકી રજુ થયેલ છે.જે નામદાર કોર્ટ ના રેકર્ડ ઉપર છે તથા પુત્ર ખ્વાજાહુસેનની પી.એમ.આંકઃ-૬૨૩ થી સાહેદ નંઃ-૧૦૦ ડો.રાકેશ.એસ.ભાવસારની જેબાની થકી ના.કોર્ટ માં રજુ થયેલ છે.જે ના.કોર્ટ ના રેકર્ડ પર છે.

આમ આ આરોપીએ તોફાની ટોળામાં હાજર રહી તોફાનો કરવામાં સક્રીય રીતે ભાગ ભજવેલ છે.અને ગેરકાયદેસર મંડળી ના સભ્ય બની ગુનાહીત કાવતરુ કરવાના બદઈરાદા સાથે એકબીજા મેળાપીપણામાં ગુનાહીત કૃત્યો કરેલ છે.અને આ સાહેદની પુત્રી સુફીયા ઉપર બળાત્કાર કરી તેને જીવતી સળગાવી દીધેલ જે બાદમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામેલ આમ આ આરોપીએ તેમના સહઆરોપી સાથે મળીને સાહેદની પુત્રી ઉપર બળાત્કાર કરી મારી નાખવાની કોશીષ કરેલ હોય તેવું આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફરીત થાય છે.આમ આ આરોપીએ બળાત્કાર કરી ખુન કરવાનો સંગીન ગેનો આચરેલ છે.

જે આ સાહેદ ની જુબાની પરથી ફલીત થાય છે.આમ આ સાહદની જુબાની નહી માનવાનો કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

## (૩) મો.હનીફ યુસુફભાઈ શેખ, સાહેદ નં. ૧૮૪, આંક-૧૨૭૧

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ નથી.

- તા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ ભવાનીના છોકરા તરીકે નામ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલા છે.

*- પેજ નં. ૨ પેરા નં.૪*

બનાવ તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. જે તા.૨૭ મીએ ગોધરાકાંડ થયા પછી બનેલો. તે દિવસે વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા બંધનું એલાન હતું.

- પેજ નં.૨ પેરા નં.૫

તે દિવસે સવારે સાડા નવ વાગ્યે હું મારા ઘરે હતો. તે વખતે બહાર રોડ ઉપર અફરાતફરી થયેલી. તે દિવસે કૃષ્ણનગર તથા નટરાજ હોટલથી ટોળા આવેલા અને બંને ટોળા ભેગા થઈ ગયેલા

- પેજ નં. ૨ પેરા નં.૬

આ ટોળાવાળાઓએ મસ્જીદ પર હુમલો કરેલો. તે દિવસે એસ.ટી.વર્કશોપની સામે પોલીસનો પોઈન્ટ હતો. આ ટોળાવાળાઓએ મુસલમાનના ટોળા ઉપર પણ હુમલો કરેલો.

- પેજ નં.૩ પેરા નં. ૭

આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર તથા હથિયારો હતા. મેં આ ટોળામાં કિશન કોરાણી તથા મનોજ સીંધીને ફાયરીંગ કરતા જોયા છે. તેઓ મુસ્લીમના ટોળા ઉપર ફાયરીંગ કરતા હતા.

- પેજ નં.૩ પેરા નં.૮

આ ટોળામાં નરેશ છારા, હરેશ છારા, સહેજાદ છારા, મુરલી સીંધી, અશોક સીંધી પાનવાળો, સુરેશ છારા, બિપીન ઓટોવાળો, ભવાનીનો છોકરો જેનું નામ મને યાદ નથી તેઓના હતા. હું આ તમામને ઓળખું છું. આ તમામનાઓ ટોળાના લોકોને ઉશ્કેરણી કરતા હતા તથા અમો મુસ્લીમો ઉપર હુમલો કરતા હતા.

- પેજ નં. ૩ પેરા નં. ૯

આ વખતે પોલીસવાળાએ પણ ટિયરગેસ છોડેલા. કિશન કોરાણી તથા મનોજ સીંધીએ પોલીસ પાસેથી બંદુક ઝુટવીને ફાયરીંગ કરેલું જયારે બાકીના હું નામ જણાવી ગયો તેઓ પાસે પાઈપ, તલવાર, ધારીયા વગેરે હથીયારો હતા.

આ સાહેદે તા.૧૪/૯/૦૮ ના શીટ રુબરુના જવાબમાં ભવાનીના છોકરા તરીકે આ આરોપી નું નામ આપેલ છે.આ સાહેદે નામદાર કોર્ટ રુબરુ ની જુબાની મુજબનો આરોપી

વિરુધ્ધ પુરાવો આપેલ છે.અને આ સાહેદે કોર્ટ રુબરુ ની જુબાનીમાં આ આરોપી નું નામ આપી ઓળખી બતાવેલ છે.

તા.૨૮/૨/૦૨ ના રોજ બંધ ના એલાનના દિવસે કૃષ્ણનગર તથા નટરાજ હોટલ તરફથી ટોળાઓ આવેલા અને મસ્જીદ ઉપર હુમલો કરેલ.આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર, જેવા હથીયારો હતા.આ ટોળામાં અન્ય આરોપીઓ સાથે આ આરોપી મળી જઈ આગેવાની લઈ ટોળાની ઉશ્કેરણી કરતા હતા અને મુસ્લીમો પર હુમલો કરેલ. આમ આ આરોપીએ અન્ય આરોપી સાથે મળી ગેરકાયદેસર મંડળીના સભ્ય બની સામાન્ય હેતુ પાર પાડવાના ઈરાદે ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ છે.જે તમામ હકીકત આ સાહેદની જુબાની ઉપરથી સાફ ફલીત થાય છે.આમ આ સાહેદની જુબાનીને નહી માનવાનો કોઈ કારણ નથી.

## (૪) શરીફાબીબી ઈકબાલભાઈ શેખ, સાહેદ નં. ૨૦૩, આંક-૧૪૦૪

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે
- તા. ૨૭.૫.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ નથી

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

ગંગોત્રી સોસાયટીમાં મને એક ધાબુ દેખાયેલું તે ધાબા પર મારા બાકીના બાળકોને લઈને હું ચડી ગયેલી. ધાબે જઈને મેં મારા બાળકોનું મોં દબાવી દીધેલું. કારણ કે, તેઓ રડતા હતા. ધાબામાં પછી એક ખુણામાં મારા બાળકોને લઈને હું છુપાઈ ગયેલી.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

અમે ધાબામાં આવી રીતે છુપાયેલા હતા ત્યારે મારો કાપોના અવાજો આવતા હતા. એ સમયે ધાબા પરની જાળીમાંથી મેં જોયેલુ તો મારા દીકરા શરીફને તલવાર, હોકી, લાકડીઓ વગેરેથી મારતા હતા અને તેને મારીને પાડી દીધેલો. ત્યારપછી શરીફ પર કેરોસીન, પેટ્રોલ, નાંખીને તેને સળગાવી દીધેલો જે મેં જોયેલું. આ ટોળું કે જે મારા દીકરા શરીફને મારતુ હતુ તથ સાળગાવતુ હતા તે ટોળામાં ભવાની, ગુડ્ડુ છારા, સુરેશ લંગડો, દલપત, સહેજાદ છારો, ટીનીયા મરાઠી, રાજુ મરાઠી, કિશન મરાઠી તથા બીજાઓ હતા. બાકીનાનું નામ મને હમણાં યાદ આવશે તો હું કહીશ. મને યાદ આવી ગયું છે કે, આ ટોળામાં ભવાનીનો છોકરો પણ હતો.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ લોકોએ મારા દીકરાને મારી આંખો સામે મારી નાંખી અને મેં કહ્યુ તેમ સળગાવેલો. આ ટોળાના લોકો સળગતા આગમાં નાના બાળકોને ફેંકતા હતા તે મેં જોયેલું. આ જ લોકો મે જોયેલું કે, જુવાન છોકરીઓની ઈજ્જત પણ લેતા હતા.

- પેજ નં.૬ પેરા નં.૧૩

મેં જોયેલું આ જ ટોળાના માણસો નઈમની પત્નીને પણ નગ્ન કરી તેણીની ઈજ્જત લુંટતા હતા. આ સમયે સાંજના આશરે પાંચ થી છ વાગેલા. આ ધાબે મારા બાકીના બાળકો સાથે રાતના બાર વાગ્યા સુધી હું હતી.

આ સાહેદે તા.૧૩/૫/૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા તા.૨૭/૫/૦૮ ના શીટ રૂબરૂ ના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂ ની જુબાનીમાં પણ આ આરોપીનું નામ આપેલ છે. પરંતુ બનાવના ઘણાં વર્ષો થઈ ગયા હોઈ તથા આરોપીઓના શરીરના બાંધામાં ફેરફાર થયેલ હોઈ ના.કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખવામાં સફળ થયેલ નથી. પરંતુ આ સાહેદે આ આરોપી નું નામ પોલીસ તથા શીટના જવાબમાં તેમજ કોર્ટ રૂબરૂ ની જુબાનીમાં આપેલ છે. અને તેણે બનાવના દિવસે કરેલ કૃત્ય અને કૃત્યલોપનું વર્ણન કરેલ છે. જેને નજર અંદાજ કરવો ન જોઈએ.

તા.૨૮/૨/૦૨ ના રોજ બનાવના દિવસે આ સાહેદ માસ્તરના ધાબા પરથી નુરાની મસ્જીદ સળગતા જોયેલ અને રીક્ષા તથા ગલ્લા પણ સળગતા હતા. હુસેનનગરમાં ટોળુ આવી ગયેલ જે ટોળાના માણસોના હાથમાં હથીયારો હતા. ત્યાંથી આ સાહેદે લપાતા છુપાતા ગંગોત્રીના ધાબા ઉપર છુપાઈ ગયેલા તે ધાબા પરથી સાહેદે જોયેલ તો તેના પુત્ર શરીફ ને હથીયારોથી માર મારી તેના પર કેરોશીન પેટ્રોલ નાંખી સળગાવી દીધેલ. આ રીતે સાહેદના પુત્ર ને મારવામાં ટોળામાં આ આરોપી પણ સામેલ હતા. આ ટોળાના માણસો એ સાહેદના પુત્રને તેની નજરો સમક્ષ સળગાવેલ તથા નાના બાળકોને આગમાં ફેકતા પણ જોયેલ. તેમજ સાહેદ ઝરીના (પી.ડબ્લયુ નં:- ૨૦૫) ની પણ આ ટોળાએ ઈજ્જત લુટેલ. તે આ સાહેદે જોયેલ છે.

આમ આ કામના આરોપીએ અન્ય આરોપી સાથે ભેગા મળીને ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની મુસ્લીમોને બરબાદ કરી નાંખી તેમની માલમીલકતને લુંટી લઈ નુકશાન પહોંચાડવાના ઈરાદે તથા મુસ્લીમોને જાનથી મારી નાખવાના ઈરાદે તથા છોકરીઓની ઈજ્જત લુંટવાના ઈરાદાને પાર પાડવાના આશયથી બનાવના દિવસે ગુનાહીત કૃત્યો કરી સક્રીય રીતે ભાગ ભજવેલ છે.અને તેમના સામાન્ય ઉદેશ પાર પાડવામાં સફળ રહયા છે.આમ આ આરોપીએ આ સાહેદના પુત્ર શરીફનો ખુન કરવામાં ભાગ ભજવનાર તરીકે પુરતો પુરાવો મળી આવે છે.તેમજ છોકરીઓની ઈજ્જત લુંટવાનો પુરાવો પણ સાહેદ ની

જુબાની પરથી સ્પષ્ટ મળી આવે છે.આથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૫) શબાના બુન્દુભાઈ કુરેશી, સાહેદ નં. ૨૦૯, આંક-૧૪૬૩

(ઈજા પામનાર સાહેદ)

- તા ૨૩.૫.૦૮ તથા ૧૪.૯.૦૮ ના સીટના જવાબમાં ભવાનીના છોકરા તરીકે નામ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

- પેજ નં.૬ પેરા નં. ૧૨

અમે પાછા આવતા હતા ત્યારે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટી પાસે ઉભેલા ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર, હોકી વગેરે હતા તેઓ અમારી પાછળ રહી ગયેલ મુસ્લીમોને મારવા લાગેલા. આ વખતે અમે તીસરા કુવાથી ગંગોત્રી તરફ ભાગતા હતા જયારે ગંગોત્રી ગોપીનાથવાળાઓ અમારી તરફ આવતા હતા. આ વખતે પબ્લીક આમતેમ ભાગવા લાગેલી. આ સમયે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટીની વચ્ચે એક ખાંચ આવેલો છે. ત્યાં ઉપર એક પાણીની ટાંકી છે. અમે આ ખાંચામાં ઘુસી ગયેલા. આ વખતે અમારા ઘરના બધા છુટા પડી ગયેલા. પરંતુ આ ખાચામાં ગયા ત્યારે હું, મારી મમ્મી, મારી બહેન નસીમ તથા મારો ભાઈ રાજાનાઓ સાથે હતા.

- પેજ નં.૭ પેરા નં. ૧૩,

અમે ખાંચામા ઘુસ્યા ત્યાં ચારેય તરફતી ટોળાએ અમને લોકોને ઘેરી લીધેલા. આ ટોળામાં મેં સુરેશ લંગડા, દલપતનો છોકરો, જયભવાનીનો છોકરો, નરેશ, હરેશ, મનુ, મરાઠીના બે છોકરા, જયભવાની, દલપત તથા ગુડ્ડુ છારા તેમજ બીજા અનેક લોકોને જોયેલા.

- પેજ નં. ૭ પેરા નં.૧૪

આ સમયે ખાંચાની સામેના રોડ પર ટોળાએ કે જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ પણ હતા તે ટોળાએ એક સીદીક નામના છોકરાનું ખંજરથી તાવીજ કાપી તેના પર હુમલો કરેલો. આથી તેને ગળામાં ઈજા થયેલી તથા તાવીજ કાપતા ખંજર તુટીને પડેલું અને આ સીદીકને પછી પાઈપથી મારવા લાગેલ ત્યારે માથે હાથ રાખીને તેણે બચાવ કરવા પ્રયત્ન કરેલો. જે તમામ મેં પોતે જોયેલુ છે. ત્યારપછી આ સીદીક પર કાંઈક જવલનશીલ પ્રવાહી કેરોસીન નાંખી તેને સળગાવી દીધેલો. આ રીતે સીદીક ત્યાં જ મરી ગયેલો.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૫</u>

સીદ્દીકના બનાવ પછી મેં જોયેલું કે, ટોળાના માણસો જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ હતા તે ટોળાના માણસોએ એક હુસેનનગરની છોકરીને ખેંચીને લઈ ગયેલા. આ વખતે મારી બહેન નસીમને ઘેરી લીઘેલી. પછી તેઓએ તેણીના માથામાં પાઈપ મારેલી. મારી બહેનને તેઓએ પછી તે જ જગ્યાએ કેરોસીન નાંખીને સળગાવી દીધેલી તેણી પણ મરણ ગયેલી.

<u>- પેજ નં. ૮ પેરા નં.૧૬</u>

આ વખતે મારી મા આ જોઈને બુમો પાડીને ભાગા લાગેલી ત્યારે સુરેશ લંગડાએ મારી મા ને પકડી લીઘેલી. સુરેશ લંગડાએ મારી મમ્મીને પકડીને પેટમાં ગુપ્તી મારેલી ત્યારપછી આ બઘાએ કે જેઓના નામ હું જણાવી ગઈ તથા ટોળાના માણસોએ મળીને મારી મા ને જીવતી સળગાવી દીધેલી. મારી મમ્મી પછી ત્યાં જ મરી ગયેલી.

<u>- પેજ નં.૯ પેરા નં. ૧૭</u>

આ સમયે ખાંચામાં જે મુસ્લીમો હતા તેઓ બહાર નીકળતાં જ તેમને પકડીને આ ટોળાના માણસો મારીને સળગાવી દેતા હતા. આ સમયે ટોળાના માણસોને એવુ લાગતા કે કદાચ આ ખાંચામા મારામારી શરૂ કરી દીધેલી અને કેરોસીન નાંખીને તમામને એક સાથે સળગાવી દીધેલા.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૮</u>

આ વખતે આગ લાગતાં ખાંચા પાસે એક દિવાલ હતી તે દિવાલ પર કુદીને હું બેસી ગયેલી. આ વખતે ટોળાના માણસોએ મારા પગ પર પથ્થર મારેલો. હું આ પથ્થર વાગતાં દિવાલની બીજી તરફ પડી ગયેલી. આ વખતે હું આ બધુ જોતા ડરી ગયેલી. ટોળાના માણસો ખુબ જ ગંદી ગાળો બોલતા હતા તથા સળગાવતા હતા તેથી હું ગભરાઈ ગયેલી હતી. દિવાલની બીજીબાજુની દિવાલ પાસે બેએક મીનીટ બેસીને પછી ત્યાં આવેલ ઝાપામાથી નીકળી હું ગંગોત્રી સોસાયટીના એક ધાબા પર જતી રહેલી.

<u>- પેજ ને. ૧૦ પેરા -૧૯</u>

હું ધાબે ગઈ ત્યાં અન્ય મુસ્લીમો પણ હતા. ગંગોત્રી સોસાયટીના ત્રણ ધાબાઓ પર મુસ્લીમો હતા. ધાબા પર મોડી રાત સુધી અમે હતા.

આ સાહેદે તા.૨૩/૫/૦૮ ના શીટ રૂબરૂ ના નિવેદનમાં ભવાનીના છોકરા તરીકે આરોપીનું નામ આપેલ છે.અને કોર્ટ રૂબરૂ ની જુબાનીમાં પણ નામ આપેલ છે.અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં કોર્ટ રૂબરૂ આ સાહેદે આરોપીને ઓળખી બતાવેલ છે. અને આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરાવો આપેલ છે.

આ સાહેદે તેમના તા.૨૩-૫-૦૮ તથા તા.૨૪-૯-૦૮ના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. આ બનાવમાં સાહેદની માતા – બહેન મરણ ગયેલ છે.

આ સાહેદે બનાવવાળી જગ્યાએ વર્ષોથી રહે છે. બનાવના દિવસે તેઓ ઘરે જ હતા અને બહાર નીકળી હથીયારો સાથે ટોળાને જોયેલ છે. આ સાહેદ તીસરા કુવા તરફ પોતાનો જીવ બચાવવા ભાગતા હતા ત્યાંથી ટોળું આવતા ગંગોત્રી તરફ ભાગેલ અને ગંગોત્રી ગોપીનાથ વચ્ચે પાણીની ટાંકીના ખાંચામાં જ્યાં નરસંહાર કરવામાં આવેલ તે જગ્યાએ ઘેરાઈ ગયેલ. આ જગ્યાએથી પાણીના ટાંકી પાસેના ટોળામાં સાહેદે આરોપીને જોયેલ છે. આ સાહેદ સીદ્દીકનામના છોકરાનું ગળુ કાપી મારતા જોયેલ છે અને સિદ્દીકને સળગાવતા પણ જોયેલ છે. આ સીદ્દીક નામની વ્યક્તિને આરોપીએ ટોળાએ તેને મારી સળગાવેલ છે તે સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. ત્યારબાદ આજ આરોપી અને તેની સાથેના બીજા તો.દારોએ એક હુસેન નગરની છોકરીને ખેંચી લઈ જતા જોયેલ છે. તેમજ સાહેદની બહેન નસીમ ઉપર કેરોસીન નાંખી સળગાવતા સાહેદે જોયેલ છે. સાહેદની માતૃશ્રીને પણ આરોપી અને ટોળાના માણસોએ જીવતા સળગાવેલ છે. આ ખાંચામાં મુસ્લીમો જે બહાર નીકળતા આરોપી અને તેમની સાથેના માણસો પકડીને સળગાવી દેતા હતા અને આજ ખાંચામાં આરોપી અને સહ તો.દારોએ ઘણાં ખરા મુસ્લીમોને એક સાથે જ્વલનશીલ પ્રવાહી નાંખી સળગાવી દીધેલ છે. આમ આ આ આરોપીઓએ પાણીના ટાંકી પાસેના સામુહીક નરસંહારના બનાવમાં સક્રીય ભાગ ભજવેલ છે. તેવું આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે.

આ સાહેદને બનાવના દિવસે પાણીની ટાંકી પાસેની દિવાલ કુદતા પથ્થર વાગતા પગમાં ઈજા થયેલ છે. સમગ્ર બનાવ જોયા બાદ સાહેદ ગંગોત્રી સોસાયટીમાં ધાબા ઉપર જતા રહેલા અને મોડી રાત સુધી પોતાનો જીવ બચાવી બેસી રહેલા.

આ સાહેદને બનાવમાં તેના કહેવા મુજબ પગમાં ઈજા થયેલ છે. અને સાહેદે કેમ્પમા સારવાર લીધેલ છે જેથી સાહેદની બનાવવાળી જુબાની નકારી શકાય તેમ નથી તેઓ બનાવના નજરે જોનાર સાક્ષી છે. તેમની હાજરી બનાવના સ્થળે સ્પષ્ટ થાય છે. અને સાહેદની સરતપાસમાં જણાવેલ હકીકતો નકારવા કોઈ કારણ ઉપસ્થિત થતો નથી અને સાહેદે ના.કોર્ટ રૂબરૂની પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીના નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

## (૬) રૂકસાના બુન્દુ કુરેશી, સાહેદ નં. ૨૧૨, આંક-૧૫૦૭

- તા ૩.૬.૦૮ તથા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

<u>- પેજ નં. ૫ પેરા નં.૮</u>

હું હોલમાંથી નીકળતાં જ મારા ભાઈ,બહેન,તથા મા થી અલગ પડી ગયેલી. હુ છુટી પડી ગયેલી. અમારી કોમના લોકો તીસરા કુવા તરફ જવા લાગેલા. અમારામાં જે લોકો આગળ નીકળી ગયેલા તેઓ એકદમ ઝડપથી પાછા આવેલા અને જણાવેલું કે, ત્યાં હિન્દુઓનું મોટુ ટોળુ છે. તેઓના હાથમાં હથિયાર છે. હું ગભરાઈને ચારેબાજુ મમ્મી મમ્મી કરતી હતી. અમારી કોમના પાછા આવતા લોકોને મેં પુછેલું કે, શુ થયુ ત્યારે તેમણે હિન્દુઓનું મોટુ ટોળુ હાથમાં હથિયાર સાથે આવ્યું હોવાનું જણાવેલું.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૯</u>

હું અમારી કોમના લોકો સાથે ભાગવા લાગેલી. ભાગતા ભાગતા એકદમ મારી નજર પડી તો મેં જોયેલું કે, સુરેશ લંગડો મારી માના પેટમાં ગુપ્તી મારી રહયો હતો. મારી મમ્મીને મારનાર ટોળામાં નરેશ, હરેશ, સુરેશ લંગડો, ગુડ્ડુ છારાના વગેરેનાઓ હતા. આ ટોળાના માણસોને જયભવાનીની દીકરી પાણી પીવડાવતી હતી. તેમાં જયભવાની, જયભવાનીનો દીકરો, દલપત,દલપતનો છોકરો, ચીન્ટુ તથા એક માંજરી આંખવાળો તથા વાંકડીયાવાળવાલો પણ હતો. આ માણસના હાથમાં લોખંડની પાઈપ હતી.

<u>- પેજ નં ૬ પેરા નં, ૧૦</u>

આ ટોળાના માણસો સાથે અન્ય લોકો પણ હતા. તેઓ અમારી કોમના લોકોને સળગાવતા હતા અને મારતા હતા અને જયભવાનીની દીકરી આ ટોળાના માણસોને કેરોસીન તથા ગોદડી સળગાવવા માટે આપતી હતી.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૧૧</u>

તે વખતે અજવાળું હતું અને અંધારૂ ન હતુ. અને સમયના આશરે સાડા પાંચ છ વાગ્યા જેવો થયો હશે. હું રડતી રડતી ગંગોત્રીના ધાબે જઈને બેસી ગયેલી. ગંગોત્રીના ધાબે અમારી કોમના અન્ય લોકો પણ હતા. હું ધાબે હતી તે વખતે ધાબા પર એક સળગી ગયેલી સ્ત્રી હાથમાં નાનુ બાળક ઉચકીને આવેલી અને આ બાળક પણ દાઝી ગયેલું. આ સ્ત્રી બચાવો બચાવો એમ કહેતી હતી અને એવુ કહેતી હતી કે, અમારી કોમના ઘણાં લોકોને આ લોકોએ મારી નાંખ્યા છે તથા સળગાવી નાંખ્યા છે.

આ સાહેદે રૂબરૂના તા.૩/૬/૦૮ તથા ૧૪/૯/૦૮ ના નિવેદનમાં આ આરોપી નું નામ આપેલ છે.તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ નામ આપેલ છે. તથા નામદાર કોર્ટ રૂબરૂ આ આરોપીને ઓળખી બતાવેલ છે.અને આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાંથી આરોપી વિરુધ્ધ પુરાવો આપેલ છે.

આ સાહેદ પોતાના તા.૩-૬-૦૮ તથા ૧૪-૯-૦૮ ના સીટ રૂબરૂના નિવેદનમાં આરોપીના નામ આપેલ છે. બનાવના દિવસે સાહેદ સ્થળ ઉપર હાજર હતા તેઓ નાનપણથી ગલી નં.૧ જવાનનગરમાં રહે છે. સાહેદે બનાવ તેમના ઘરના ધાબા ઉપરથી જોયેલ છે. નુરાની મસ્જીદ પાસે ટોળા જોયેલા નીચે ઉતરી એસ.આર.પી. ક્વાટર્સ માં જવાની કોશીષ કરેલ એસ.આર.પી.વાળાઓએ અંદર જવા નહી દેતા તરફવાળાના ઘરે ગયેલા અને ત્યાંથી એક હોલમાં ગયેલા અને હોલમાંથી તીસરા કુવા તરફ ગયેલા ત્યાં હિન્દુઓનું મોટુ ટોળું હથીયારો સાથે ભાગતા ભાગતા સાહેદે આરોપીને જોયેલ છે જે આરોપી સાહેદની મમ્મીને મારનાર ટોળામાં સામેલ હતો સાહેદની માતા અને બહેનને આરોપી જે ટોળામાં હતા તે ટોળએ મારીને સળગાવી નાંખેલ છે જે બનાવ સાહેદે પોતાની નજરે નજર જોયેલ છે.

આ સાહેદે બનાવ નજરે જોયેલ છે. આરોપીને બનાવમાં માર કાપ કરતા સળગાવતા ઓળખેલ છે અને ના.કોર્ટ રૂબરૂ પણ આરોપીને નામ આપી ઓળખી આપેલ છે. આમા સાહેદને નહી માનવાનું કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૪૧) મનોજ ઉર્ફે મનોજ સિંધી રેણુમલ કુકરાણી</u>

## (૧) બાસુદ્દીન મૈયુદ્દીન સૈયદ સાહેદ નં. ૭૩, આંક-૫૧૪

**- પોલીસ જવાબમાં તથા સીટના જવાબમાં રીવોલ્વોર- તલવાર સાથે ટોળામાં હતા**

**- નામ આપ્યું – ઓળખ્યા**

**<u>પેરા નં.૯ પેજ નં.૫</u>**

**થોડા સમયમાં કુબેરનગર પાટીયા નટરાજ હોટલ તરફથી એક મોટુ ચોળુ આવતું હતુ. આ ટોળું નુરાની મસ્જીદ તરફ આવતું હતુ. આ ટોળુ સુત્રોચ્ચાર કરતુ હતુ. તેઓ જય શ્રી રામ ના નારા લગાવતા હતા. આ ટોળાની આગેવાની કિશન કોરાણી, અશોક સીંધી, સુરેશ લંગડો તથા મનોજ વીડીયોવાળો કરતા હતા. આ ટોળામાં મનોજ વિડીયોવાળો તથા કિશન કોરાણી પાસે રીવોલ્વર હતી. બીજા ટોળાના માણસો પાસે તલવારો, ત્રિશુલ, ભાલા, લોખંડની પાઈપ વગેરે હથીયારો હતા.**

**- <u>પેરા નં.૧૦ પેજ નં.૬</u>**

**આ ટોળાના માણસો મસ્જીદની બાજુમાં આવેલી મુસલમાનોની દુકાનને આગ લગાડતા હતા અને આ ટોળાના માણસો પથ્થરમારો પણ કરતા હતા. મે આ તમામ જોયુ ત્યારે આશરે સાડા નવ વાગ્યા હશે.**

**<u>પેરા નં.૧૧ પેજ નં.૬</u>**

**આ સમયે અમારા ચાલીના માણસો ગફુરભાઈના ઘર પાસે ઉભેલા હતા. ત્યાં નરોડાના પી.આઈ.શ્રી મેસોરવાલાના ઘર પાસે ઉભેલા હતા. ત્યાં નરોડાના પી.આઈ.શ્રી મેસોરવાલા પણ તેમની જીપ સાથે હાજર હતા.**

**<u>પેરા નં.૧૪ પેજ નં.૮</u>**

**ટોળાના માણસોમાંથી કોઈ દુકાન સળગાવતું હતુ, કોઈ મસ્જીદને નુકશાન કરતુ હતુ અને આ ટોળાના ઉભેલા એક માણસે મસ્જીદની નજીકમાં ઉભેલા ટેન્કરને ચાલુ કરી આ મસ્જીદના દરવાજાની અંદર ઘુસેડી દીધેલું. આનાથી મસ્જીદનો દરવાજો તથા તેની બાજુમાં આવેલ મિલન હોટલ તુટી ગયેલી.**

**<u>-પેરા નં.૧૭ પેજ નં.૧૦-૧૧</u>**

**આ દરમ્યાન આશરે પાંચ વાગે એક ટોળું આવેલું. આ ટોળામાં કિશન કોરાણી, મનોજ વિડીયોવાળો, અશોક સીંધી અને સુરેશ લંગડો હતા. હુસેનનગરની છેલ્લી લાઈનમાં રહેતા મજીદ લંગડાના ઘરમાં આ ચારેય આરોપીઓની આગેવાની તથા રાહબરી હેઠળ**

મજીદના મકાનને આગ લગાડેલી. આ મજીદ લંગડો પોતાના ઘરમાં બીડી, સીગરેટ જેવી છુટક વસ્તુઓનો વેપાર કરે છે. આ મજીદે પોતાનું ઘર છેલ્લા લાઈનમાં છે તેથી કાંઈ થશે નહીં તેમ માનીને પોતાની પત્ની તથા બાળકો ઘરમાં હતા ત્યારે ઘરને બહારથી તાળુ મારી દીધેલ. તેના કુટુંબના આશરે ૬-૭ માણસો હતા. મજીદના ઘરમાં લગાડેલ આગમાં આ ઘરના અંદર હતા તે બધા જ માણસો જીવતાં બળી ગયેલા, આ બધુ મેં મારી નજરે જોયેલું.

આ સાહેદના પોલીસ તથા શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. શીટ રૂબરૂના નિવેદનમાં આરોપવી રિવોલ્વર, અને તલવાર સાથે ટોળામાં સામેલ હોવાનું જણાવેલ છે અને ના.કોર્ટ સમક્ષની જુબાની મુજબ આરોપી સામે સજ્જડ પુરાવો આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદ બનાવનો નજરે જોનાર સાહેદ છે સાહેદના કહેવા મુજબ તેમને બનાવ વખતે પોતાનો જીવ બચાવવા દોડતી વખતે પડી જવાથી કમ્મરમાં ઈજા થયેલ છે તેમજ સાહેદના દીકરા અહેસાનને પણ જીવ બચાવવા ભાગતી વખતે ઘુંટણમાં ઈજા થયેલ છે તેમણે સહન કેમ્પમાં સારવાર લીધેલ છે આ સાક્ષી મોતના મુખમાંથી બચી ગયેલો સાક્ષી છે તેમણે સરતપાસમાં જણાવેલ હકીકતને ન માનવાનું કોઈ કારણ નથી.

## (૨) મો.સલીમ મો.હુસેન શેખ સાહેદ નં. ૧૦૪, આંક-૬૬૮

- સીટના ૧૨.૯.૦૮ ના જવાબમાં નામ છે.
- સીટના ૨૯.૫.૦૮ ના જવાબમાં ફાયરીંગ કરેલાનું જણાવે છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે તથા ઓળખેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

તે દરમ્યાન કુબેરનગર તરફથી આશરે પંદરસો માણસોનું ટોળુ આવેલુ આ ટોળાની આગેવાની કિશન કોરાણી, મનોજ વિડીયોવાળા અને મુરલી સીંધીનાઓએ લીધેલી.......આ ટોળુ મારાથી આશરે ત્રીસ ફુટના અંતરે હતુ જતા જતા મેં જોયેલુ કે, આ ટોળાના હાથમાં હથીયારો હતા, આમાં મેં કિશન કોરાણી પાસે તલવાર, મુરલી સીંધી તથા મનોજ પાસે રીવોલ્વર હોવાનું જોયેલું.

<u>- પેજ નં. ૫ પેરા નં.૯</u>

ત્યારબાદ એક પોલીસની જીપ આવી જે એસ.ટી. વર્કશોપના ઝાંપા પાસે ઉભી રહેલ. આ જીપની પાછળ પાછળ કિશન કોરાણી, મનોજ વિડીયોવાળો અને મુરલી સીંધી આવેલા. થોડીવાર પછી ત્યાં એક સફેદ મારૂતી ફ્રન્ટી આવેલી. મેં જોયેલુ કે, આ ગાડીમાં ધારાસભ્ય

માયાબેન કોડનાનીનાઓ હતા જેઓ આવી ગયા બાદ કિશન, મુરલી અને મનોજ અને પોલીસ સાથે વાતચીત કરેલી. આ વાતચીત માયાબેન ઉગ્ર સ્વરે કરતાં હતા. તેઓ અમારા વિસ્તાર તરફ ઈશારો કરી કાંઈક જણાવતાં હતા.

- પેજ નં.૫ પેરા નં.૧૦

આ તમામનાઓએ યાને કે માયાબેન, કિશન, મુરલી, મનોજ તથા પોલીસવાળાઓએ નટરાજ હોટલ તરફ ભાગી ગયેલું. તે ટોળાને હાથ દ્વારા ઈશારો કરી પરત બોલાવેલું. માયાબેને ટોળા સાથે એ જ ઉગ્ર સ્વરમાં ચર્ચા કરી ત્યારબાદ તેઓ જે ગાડીમાં આવેલા તે જ ગાડીમાં બેસીને તે જગ્યા પરથી રવાના થયેલા.

- પેજ નં.૬ પેરા નં.૧૨

મેં જોયેલું કે, મનોજ વિડીયોવાળાએ પ્રાઈવેટ ફાયરીંગ કરેલુ જેનાથી આબીદ નામનો એક રીક્ષા ડ્રાઈવરને પેશાબના ભાગ પર ગોળી વાગેલ. આ જ વખતે મેં જોયેલુ કે, મુરલી સીંધીએ પણ પ્રાઈવેટ ફાયરીંગ કરતાં મુસ્તાક રઝાકભાઈ કલાડીયાને ખભાના ભાગે ગોળી વાગેલ.

આ સાહેદે તેના શીટ રૂબરૂના તા.૧૨-૯-૦૮ ના નિવેદનમાં નામ આપેલ છે તથા તા.૨૯-૫-૦૮ના નિવેદનમાં આ આરોપીએ ફાયરીંગ કરેલાની હકીકત જણાવેલ છે તેમજ સાહેદ ના.કોર્ટ સમક્ષ આપેલ સોંગદ ઉપર જ જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે જેને નહિ માનવાને કોઈ કારણ નથી.

સાહેદે આરોપીનું નામ તેમની જુબાની આપી ઓળખી બતાવેલ છે.

તા.૨૮-૨-૦૨ના બનાવના દિવસે યા સાહેદ જોઈને એ મીલન હોટલ પાસે આવેલ ત્યારે જોયેલ તો પોલીસ વાળા આસીફખાન સાતે મસ્જીદમાં તથા આસપાસની દુકાનોમાં ચેકીંગ કરતા હતા તે સમયે કુબેરનગર તરફથી પંદરસો માણસોનું ટોળુ આવેલ. તે ટોળામાં આ આરોપી હાજર હતા અને તેના હાથમાં રીવોલ્વર હતી તે જોયેલ. સવારના નવ સાડા નવના સુમારે ટોળાએ અમારા વિસ્તારનામાં હુમલો કરેલ ત્યારબાદ સાહેદે જોયેલ તો આ આરોપીએ પ્રાઈવેટ ફાયરીંગ જેઓની સારવાર થયેલ તેના સારવાર સર્ટીફીકેટ નં.આંક-૧૯૭૬ થી સાહેદ નં.૨૮૬ ડૉ.યોગેશ એ. ગુપ્તાની જુબાનીથી નામદાર કોર્ટમાં રેકર્ડ ઉપર છે. અને આ સાહેદે આ સમયે ઘણા લોકોને ઈજા થયેલાનું પણ જણાવે છે. ત્યારબાદ રાત્રીના સમયે પોલીસની ગાડી આવતા તેમાં બેસીને જતા હતા ત્યારે કૃષ્ણનગર ખાતે લોકોએ આ ગાડીના કાચ તાડે નાંખેલ. આ બનાવમાં મારી ભાણી તથા તેણીના બે બાળકોનો જીવતા સળગાવી નાંખવામાં આવેલ છે. આમ આ આરોપી સમગ્ર બનાવ માટે જવાબદાર ગણાય અને આ આરોપીએ

અન્ય આરોપીઓ સાથે મળી જઈ ટોળાની ઉશ્કેરણી તેમના સામાન્ય ઈરાદો પાર પાડવાના આશયની ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની ગુનાહીત કૃત્ય કરેલાનું સ્પષ્ટ જણાઈ આવે છે. અમો આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

(૩) હુસેનભાઈ વલીભાઈ કલાડીયા, સાહેદ નં. ૧૦૫, આંક-૬૭૬

- તા.૨૮.૬.૦૮ ના સીટના જવાબમાં નામ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ ખુલેલ છે પરંતુ ઓળખેલ નથી

- પેજ નં.૬ પેરા નં.૧૦

નરોડા પાટીયા વિસ્તારના ઘણાં લોકો આ ટોળામાં હતા......આ ટોળામાં મનોજ સીંધી, સુરેશ લંગડો, બીપીન ઓટોવાળો, ગુડુ છારો, ભવાનીસીંગ તથા તિવારીનાઓના હતા.

આ સાહેદે તા.૨૮-૬-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ નામ સામેલ છે. પરંતુ બનાવને ઘણો સમય થયેલ હોઈ તથા સાહેદની ઉંમરને ધ્યાનમાં લઈએ તો અમુક વ્યક્તિઓના શારિરીક ફેરફારના કારણે ઓળખવામાં તકલીફ પડે તે સ્વાભાવિક જણાય છે. આ કારણો યા સાહેદે આ આરોપીને ના.કોર્ટ રૂબરૂ ઓળખી શકેલ નથી.

આ સાહેદ બનાવના દિવસે નોકરી પર જવા સારૂ રોડ ઉપર આવેલા ત્યારે જોયેલ તો નટરાજ હોટલ તરફથી ટોળુ આવેલ તે ટોળુ નુરાની મસ્જીદ પાસેના લારી ગલ્લા ને તોડફોડ કરેલ. ત્યારબાદ ગોળીબાર થયેલ જેમાં સાહેદના ભત્રીજા મુસ્તાક કલાડીયાને ગોળીથી ઈજા થયેલ આ ટોળામાં આ આરોપી સામેલ હતા અને ટોળામાં સાથે રહી બનાવમાં સક્રિય ભાગ ભજવેલ છે તેવુ આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

(૪) ઈકબાલહુસેન અમીરમીંયા કુરેશી, સાહેદ નં. ૧૦૮, આંક-૭૦૨

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.

-તા.૧૨.૬.૦૮ ના સીટના જવાબમાં પણ નામ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ ખુલેલ છે.

- પેજ નં.૨ પેરા નં.૪

હું પસાર થતો હતો ત્યારે મે ટોળામાં જોતાં એક પપ્પુ સીંધી, મનોજભાઈ, બીપીનભાઈનાઓ ટોળામાં હતા. ત્યારબાદ હું જતો હતો ત્યારે સામસામો પથ્થરમારો થતો હતો ત્યારે હું મારે ઘેર ગયેલો.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા તા.૧૨-૬-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂની જુબાનીના પેરા નં.૪ મુજબ આ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે. તેમજ નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે આ આરોપીને નામ આપી ઓળખી બતાવેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીથી થકી આરોપી વિરૂધ્ધમાં પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવના દિવસે કામ પરથી સવારના પરથી કરેલ ત્યારે પાટીયા સર્કલ પાસે પથ્થરમારો થતો જોયેલ તે ટોળામાં આરોપીને જોયેલ. આ ટોળુ જવાનનગર તરફ વધતા જોયેલ. આ બનાવમાં સાહેદની માતાને દાઝી જવાથી તતા પિતાને પથ્થરમારા થી ઈજા થયેલ જેમની સારવાર કેમ્પમાં કરાવેલ આ તોફાનોમાં સાહેદની ઘરવખરીને લુંટી લઈ નુકશાન કરેલ છે. આમ આ આરોપીએ ટોલામાં ભળી જઈ ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ હોય તેવુ સ્પષ્ટ જણાય છે. આથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

### (૫) સરફરાજખાન મહેબુબખાન, સાહેદ નં. ૧૦૯, આંક-૭૦૪

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખેલ નથી.

<u>-પેજ નં.૨ પેરા નં.૩</u>

બનાવ ફેબ્રુઆરી-૨૦૦૨ માં બનેલો. આગલા દિવસે બીજા દિવસે બંધનું એલાન આપેલું. બનાવના દિવસે હું સવારે મારા ઘરે હતો. હું સવારે નવ વાગે બહાર રોડ પર આવેલો. ત્યાં તે દીવસે પંદર વીસ હજાર માણસોનું ટોળું હતું. ટોળાના માણસો આગ લગાવતા હતા, મારા મારી કરતા હતા, સળગાવતા હતા, ત્યાં પુષ્કળ લોકો હતા. હું પરત મારા ઘેર જતો રહેલો. ત્યારપછી હું મારા પરિવારને લઈને ગંગોત્રી બાજુ ગયેલો. અમે ભાગતા ભાગતાં એસ.આર.પી. કવાર્ટસ બાજુ ગયેલો. ત્યાં અમને આશરો આપેલો નહીં.

<u>- પેજ નં.૩ પેરા નં.૫</u>

હું ઘરની બહાર આવ્યો ત્યારે જે ટોળું હતું તે ટોળામાં હું કેટલાક લોકોને ઓળખી શકું. આ ટોળામાં મેં મુગડો છારો, જયભવાની છારો, સહેજાદ છારો, મનોજ વીડીયોવાળો તથા સુરેશ લંગડા છારાને  જોયેલા તથા તેઓને મેં ઓળખેલા. આ પાંચેયના હાથમાં હથીયારો હતા.

આ સાહેદે તા.૧૨/૫/૦૨ના પોલીસ રૂબરૂના જવાબમાં આ આરોપી નું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂ ની જુબાનીમાં પણ આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.આ સાહેદ કોર્ટ રૂબરૂ ની જુબાનીમાં આરોપી વિરુધ્ધ પુરાવો આપેલ છે.

સાહેદનો જણાવ્યાનુસાર સાહેદ બનાવના દિવસે સવારે ૯ વાગે ઘર બહાર રોડ ઉપર આવેલ અને ૧૫ થી ૨૦ હજારનું ટોળુ જોયેલુ આ ટોળુ મારકાપ આગ લગાડી માણસોને સળગાવતા હતા તે ટોળામાં આ સાહેદો આરોપીને હથિયાર સાથે જોયેલ તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ સાહેદનો આરોપી વિરૂધ્ધ સચોટ પુરાવો છે જચેને નહી માનવાનું કોઈ કારણ નથી.

## (૬) જૈનુલ આબેદીન મહંમદખ્વાઝા શેખ, સાહેદ નં. ૧૧૩, આંક- ૭૧૯

- તા.૧૯.૪.૦૨ના પોલીસ જવાબમાં નામ આપેલ નથી
- તા.૩૦.૫.૦૮ ના સીટમાં જવાબમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટમાં નામ આપેલ છે- ઓળખેલ છે.

<u>પેજ નં.૪ પેરા નં.૮</u>

અને ડરીને અમે અંદર અમારા ઘર તરફ જતાં રહેલાં. ત્યારે ટોળુ પણ અંદર ઘુસી ગયેલું. આ વખતે બપોરના બારેક વાગ્યા હશે.

<u>પેજ નં.૪ પેરા નં.૯</u>

ટોળાના માણસો મારફાડ કરવા લાગેલા અને બધુ સળગાવવા લાગેલા.

<u>પેજ નં.૪ પેરા નં.૧૦</u>

મેં ટોળુ તથા ટોળાના માણસો જોયેલા જે ટોળાના માણસો પાસે હથીયારો હતા. આ ટોળાના માણસો પાસે તલવારો, પાઈપ તથા પિસ્તોલ વગેરે હતા. ત્યારે ગેસ સીલીન્ડર ફુટવાના અવાજો આવતા હતા. આ ટોળામાં મેં એકજણને જોયેલા. તે મનોજ વિડીયોવાળો હતો. તે મિંયાભાઈને કાપો તેવુ બોલતો હતો. ટોળાના લોકો ચાલી તરફ આગળ આવતાં હતા. પછી હું મારા ઘરે જતો રહેલો અને ત્યારપછી હું મારા પત્ની તથા બાળકોને લઈને જવાનનગર તરફ જતો રહેલો.

આ સાહેદ તા.૧૯/૪/૦૨ ના પોલીસ રૂબરૂ ના તથા ૩૦/૫/૦૮ ના શીટના રૂબરૂના નિવેદન માં આ આરોપીનું નામ આપેલ છે. અને કોર્ટ રૂબરૂ ની જુબાનીમાં પણ આ સાહેદે આ આરોપીનું નામ આપેલ છે અને ઓળખી બતાવેલ છે.આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ ની જુબાની મુજબ આરોપી વિરુધ્ધ પુરાવો આપેલ છે.

આ સાહેદ જન્મથી નરોડા પાટીયા રહે છે. તથા બનાવના દિવસે સવારે નવ વાગે એસ.ટી.વર્કશોપ પાસે ગયેલા ત્યાં હિન્દુઓના ટોળા જમા થયેલ હતા. તેમણે પથ્થર મારો કરેલો અને પોલીસે કરેલ ફાયરીંગમાં આબીદ નામનો ઈસમ નું મરણ થયેલ.અને બીજી ગોળી પુરુ તથા ત્રીજી ગોળી મહંમદ ને વાગેલી જેથી તેઓને ઈજા

થયેલ.આ સાહેદે બાર વાગે જોયેલ ટોળમાં માણસો પાસે હથીયારો હતા જેમા આ આરોપી હતા અને મીયાઓને કાપો તેવુ બોલતા હતા.ત્યારબાદ સાંજના સમયે ગાયત્રી ગંગોત્રીના ખાચામા મુસ્લીમ સ્ત્રી, પુરુષ, બાળકોને જીવતા સળગાવેલા તે તમામ આ સાહેદે નજરો નજર જોયેલ છે આ બનાવમાં સાહેદ પોતે પણ ઈજાગ્રસ્ત થયેલા જેની સારવાર કેમ્પમાં લીધેલ છે.તેવી તમામ હકીકતો સાહેદની જુબાની પરથી ફલીત થાય છે.આ કામના આરોપીએ અન્ય આરોપી સાથે મળી જઈ ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય થય ગુનાહીત કૃત્ય કરવાના સુયોજીત કાવતરા ને પાર પાડવાના આશયથી સક્રીય ભાગ ભજવેલ છે.જે આ જુબાની જોતા સ્પષ્ટ થયા છે.આ આ કામના સાહેદ ની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

(૭) શાહનવાઝ અબ્બાસખાન પઠાણ સાહેદ નં. ૧૪૫, આંક-૯૯૯

- તા.૯.૩.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે. તોફાની ટોળામાં
- નામદાર કોર્ટ રૂબરૂની  જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૨ પેરા.૩</u>

બનાવ બન્યો તે દિવસે ગુજરાત બંધનું એલાન હતું. બનાવના દીવસે સવારે સવાનવ વાગે મારા ઘરની બહાર ટોળુ આવી ગયેલું. તેઓ દુકાનો તોડતા હતા જે તમામ ૧૧ વાગ્યા સુધી ચાલતું હતુ. ત્યારબાદ પોલીસે ગોળીબાર કરેલો. ત્યાં અમારા મુસ્લીમોના ટોળા હતા તે અંદર ગલીમાં જતા રહેલા. ત્યારપછી હિન્દુઓના ટોળાના માણસો આગળ વધેલા. તે અમારી ચાલીમાં ઘુસી ગયેલા. આ હિન્દુઓના ટોળાએ હુકમસીંગના ચાલી તથા દિલીપની ચાલીમાં આગ લગાડેલી અને સરસામાન લુંટી લીધેલો. ટોળાના માણસો ચાલીઓમાં ઘુસી આવેલા.

<u>-પેજ નં.૩ પેરા .૪</u>

ટોળું નટરાજ હોટલ તરફથી આવેલું. એસ.ટી.વર્કશોપના સામેના પાટીયા તરફતી આ ટોળું આવેલું. આ ટોળુ પંદરથી વીસ હજાર માણસોનું હતું. ટોળાના માણસોએ મારૂ મકાન બાળી નાંખેલું તથા મારા મકાનમાં લુટફાટ કરેલી. બહારના ભાગે પથ્થરમારો તથા મારામારી ચાલતી હતી તેથી અમે અંદરના ભાગે હુસેનનગરમાં જતા રહેલા. અમે હુસેનનગરમાં સંતાઈ ગયેલા. ત્યારપછી રાત્રે પોલીસની ગાડી અમોને શાહઆલમ કેમ્પ ખાતે લઈ ગયેલી.. . . બનાવમાં મારા પિતાને પથ્થરમારથી પગમાં ઈજા થયેલી.

<u>- પેજ નં.૪ પેરા.૬</u>

જે ટોળુ ઘુસી ગયેલું તથા મે કહ્યું તેવા બનાવમાં તથા મારા ઘરને તોડફોડ કરી આગ લગાડતા હતા. તે ટોળામાં બિપીન પંચાલ, મનોજ સિંઘી, મુરલી સીંધી, કાળુ ભૈયા, સુરેશ છારો, હરેશ છારો તથા નરેશ છારાનાઓ એમ કુલ સાત જણાં હતા. ટોળામાના આ સાતને જ હુ ઓળખતો હતો. ટોળાના અન્ય વ્યક્તિને હું ઓળખતો ન હતો.

આ સાહેદે તા.૯-૩-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે તે તોફાની ટોળામાં સામેલ હોવાનું જણાવે છે.

આ સાહેદ તેમના ૯-૩-૦૨ ના પોલીસ જવાબમાં આરોપીનું નામ આપેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની સોગંદઉપરની જુબાનીમાં જણાવ્યા પ્રમાણે પુરતો પુરાવો આપેલ છે. . આ આરોપીએ જે હિન્દુના ટોળા ચાલીઓમાં ઘુસી ગયેલા સાહેદના મકાનને લુંટફાટ કરી કરી બાળી નાંખેલુ તે ટોળામાં આરોપી મુરલી સીંધીને સાહેદે જોયેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદની જુબાની વંચાણે લેતા આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે જેને નહિ માનવાને કોઈ કારણ નથી.

### (૮) ફરીદાબીબી અબ્દુલ કાદર ખલીફા સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં
- તા.૩.૬.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી જુબાની આપેલ છે. આરોપી કોર્ટમાં હાજર

<u>- પેજ નં. ૪ પેરા.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપત છારાનો જમાઈ ટીનીયો છારા, સહેજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ધરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા

ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

<u>- પેજ નં.૭ પેરા. ૧૪</u>

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો

<u>- પેજ નં.૮ પેરા.૧૫</u>

આજ ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

આ સાહેદે તા.૨-૫-૦૧ ના પોલીસ રૂબરૂના નિવેદન તથા તા.૩-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે યા આરોપીનું નામ આપી ઓળખ બતાવેલ છે. આ સાહેદે કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ પુરાવો આપેલ છે.

બનાવનાં દિવસે આ સાહેદ સવારે નવ સાડા નવ વાગે બહાર આવેલા ત્યારે નટરાજ તથા કૃષ્ણનગર તરફથી ટોળુ આવતા જોયેલ તે ટોળાના માણસોએ કેસરી પટ્ટી બાંધેલ હતી તે સમયે માયાબેન આવેલા અને તેમની સાથેના ટોળામાં આ આરોપી સામેલ હતા ત્યારબાદ ટોળાના માણસોએ તોડફોડ કરી ઘરોને સળગાવવા લાગેલા આ બનાવો માં થયેલ ફાયરીંગમાં બે ઈસમનું મરણ તથા ત્રણ ઈસમને ઈજા થેયલ તથા ઐયુબ નામના ઈસમને રીક્ષામાં નાંખી સળગાવી મુકેલ તેમજ સાહેદ પોતે યા બનાવમાં ઈજાગ્રસ્ત થયેલા. યા બનાવમાં સાહેદનું ઘર પણ તોડફોડ કરી લૂંટફાટ કરેલ છે. તેવી તમામ હકીકતો આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. આરોપીએ અન્ય આરોપીઓ સાતે ભેગા મળીને એક સંપ થઈ મુસ્લમાનોને મોતને

ઘાટ ઉતારવા સારૂ કાવતરૂ કરી કેટલાક ઈસમોને જીવતા સળગાવી મોતને ઘાટ ઉતારેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૯) યાકુબઅલી કાસમઅલી સૈયદ, સાહેદ નં. ૧૭૫, આંક-૧૨૦૫

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા. ૨૫.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલ છે.

- પેજ નં.૫ પેરા નં.૧૩

મે બપોરે દોઢ વાગે ઓટો સેન્ટરવાળા બિપીન પંચાલને, ગુડ્ડુ છારાને, હરીયા છારાને, મનોજ વિડીયોવાળાને તથા સુરેશ છારાને ટોળામાં જોયેલા. આ ટોળામાં બિપીન પંચાલના હાથમાં તલવાર હતી, ભવાનીસીંગ તથા મનોજ વિડીયોવાળાએ ટોળામાં આગેવાની કરેલી. સુરેશ તથા હરીયા છારાનાં હાથમાં પાઈપ હતી. આ ટોળાના માણસો પથ્થરમારો કરતા હતા, મકાનો સળગાવતા હતા. તેઓ કેરોસીનના કેરબા લાવેલા તથા જવલનશીલ પ્રવાહી નાખી સળગાવતા હતા. અમે રાત્રીના આશરે સાડા દસ વાગ્યા સુધી એસ.આર.પી. કવાર્ટસમાં જ રોકાયેલા. આ જગ્યાએ ત્યારબાદ સરકારી ગાડી લેવા આવતા હું તથા મારા પરિવારજનો જે તે દિવસે એસ.આર.પી. કવાટર્સ માં મારી સાથે હતા તે તમામનાઓ ત્યાંથી કેમ્પમાં ગયેલા.

આ સાહેદે તા.૧૨-૫-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી સામે સંચોટ પુરાવો થયેલ છે.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આ આરોપીએ બીજા આરોપીઓ સાતે ભેગા મળી જઈ ટોળાની આગેવાની કરેલી અને આ આરોપીની આગેવાનીમાં ટોળાના માણસો પથ્થરમારો કરતા હતા. મકાનો સળગાવતા હતા બનાવની દિવસે કૃષ્ણનગર તથા એસ.ટી. વર્કશોપ તરફથી ટોળા આવેલા તેમના હાથમાં હથીયારો હતા વગેરે તમામ હકીકતો સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ આરોપી સામે ટોળામાં સામેલ રહી ગુનાહીત કૃત્ય કરવાનો સીધો પુરાવો આવતો હોઈ યા સાહેદની જુબાની નહી માનવાને કોઈ વ્યાજબી કારણ નથી.

## (૧૦) મો.હનીફ યુસુફભાઈ શેખ, સાહેદ નં. ૧૮૪, આંક-૧૨૭૧

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલ છે.

*- પેજ નં. ૨ પેરા નં.૪*

બનાવ તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. જે તા.૨૭ મીએ ગોધરાકાંડ થયા પછી બનેલો. તે દિવસે વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા બંધનું એલાન હતું.

- પેજ નં.૨ પેરા નં.૫

તે દિવસે સવારે સાડા નવ વાગ્યે હું મારા ઘરે હતો. તે વખતે બહાર રોડ ઉપર અફરાતફરી થયેલી. તે દિવસે કૃષ્ણનગર તથા નટરાજ હોટલથી ટોળા આવેલા અને બંને ટોળા ભેગા થઈ ગયેલા.

- પેજ નં. ૨ પેરા નં.૬

આ ટોળાવાળાઓએ મસ્જીદ પર હુમલો કરેલો. તે દિવસે એસ.ટી.વર્કશોપની સામે પોલીસનો પોઈન્ટ હતો. આ ટોળાવાળાઓએ મુસલમાનના ટોળા ઉપર પણ હુમલો કરેલો.

- પેજ નં.૩ પેરા નં. ૭

આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર તથા હથિયારો હતા. મેં આ ટોળામાં કિશન કોરાણી તથા મનોજ સીંધીને ફાયરીંગ કરતા જોયા છે. તેઓ મુસ્લીમના ટોળા ઉપર ફાયરીંગ કરતા હતા.

- પેજ નં.૩ પેરા નં.૮

આ ટોળામાં નરેશ છારા, હરેશ છારા, સહેજાદ છારા, મુરલી સીંધી, અશોક સીંધી પાનવાળો, સુરેશ છારા, બિપીન ઓટોવાળો, ભવાનીનો છોકરો જેનું નામ મને યાદ નથી તેઓના હતા. હું આ તમામને ઓળખું છું. આ તમામનાઓ ટોળાના લોકોને ઉશ્કેરણી કરતા હતા તથા અમો મુસ્લીમો ઉપર હુલો કરતા હતા.

- પેજ નં. ૩ પેરા નં. ૯

આ વખતે પોલીસવાળાએ પણ ટિયરગેસ છોડેલા. કિશન કોરાણી તથા મનોજ સીંધીએ પોલીસ પાસેથી બંદુક ઝુટવીને ફાયરીંગ કરેલું જયારે બાકીના હું નામ જણાવી ગયો તેઓ પાસે પાઈપ, તલવાર, ધારીયા વગેરે હથીયારો હતા.

- પેજ નં. ૪ પેરા નં. ૧૦

આ રીતે કિશન તથા મનોજે કરેલ ફાયરીંગમાં એક આબીદ નામનો છોકરો ગુજરી ગયેલો. અમે તમામ પછી ગલીમાં છુપાઈ ગયેલા જયારે આ લોકોનું ટોળું વધુ ગયેલું. હુ જવાનનગર અંદરના ભાગે એસ.આર.પી.કવાર્ટસના કોટ પાસે જતો રહેલો. હુ આ રીતે પહોંચ્યો ત્યારે બપોરના આશરે બાર વાગેલા.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ ના પોલીસ રૂબરૂના જવાબમાં તથા તા.૧૯-૫-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે. અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે આરોપીનું નામ આપી ઓળકી બતાવેલ છે. અને આ સાહેદે કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીની વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે આરોપી નુરાની મસ્જિદ પાસો ટોળામાં હાજર હતો અને નુરાની મસ્જીદ ઉપર હુમલો કરેલો તેમજ આ આરોપીએ ટોળાને ઉશ્કેરણી કરેલ તેવુ સાબીત થાય છે અને તે ઉશ્કેરણી બાદ ટોળો મુસ્લિમો ઉપર હુમલો કરેલ જેમાં આરોપી હાજર હતો આમ આરોપીએ સદરહુ બનાવમાં ઓવર એક્ટ કર્યા ઉપરાંત ટોળાને ઉશ્કેરણી કરી મુસ્લિમો ઉપર હુમલો કરાવેલ છે જે ખુબ જ ઘૃણાસ્પદ કૃત્ય છે. આ ઉશ્કેરણીથી આરોપી સાથે મળી નરોડા પાયીટામાં મુસ્લિમોના જાન, માલને નુકશાન પહોંચાડેલ છે. જે સાહેદની જુબાની ઉપરતી ફલીત થાય છે. સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખેલા છે.

આમ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

### (૧૧) સમસુદ્દીન શાહબુદ્દીન રાઠોડ, સાહેદ નં. ૨૦૨, આંક-૧૩૯૪

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ છે.

<u>- પેજ નં.૨ પરા નં.૫</u>

બનાવ તા.૨૮.૨.૦૨ ના રોજ બનેલો. તે દિવસે સવારના આશરે નવેક વાગ્યે હું સવારે ચાની લારી કે જે નુરાની મસ્જીદ પાસે આવેલી છે ત્યાં ચા પીવા ગયેલો. તે દિવસે ત્યાં નુરાની મસ્જીદ પાસે પોલીસનો પોઈન્ટ હતો. મેં નટરાજ હોટલ તરફથી એક ટોળું નુરાની મસ્જીદ તરફ આવતું જોયેલું. ટોળાના માણસોના હાથમાં હથીયાર હતા, તેઓ પથ્થરમારો કરતા હતા તથા નુરાની મસ્જીદની દિશા તરફ આ ટોળાના માણસો આગળ વધતા હતા. આ ટોળું અમારા વિસ્તારમાં દુકાનો તથા મકાનોને આગ લગાડતુ હતુ. આ મેં જોયેલું. આ વખતે નુરાની મસ્જીદના ભાગે પોલીસ હતી.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

મેં જોયેલ ટોળામાં કિશન કોરાણી, મનોજભાઈ, બિપીન ઓટો, ગુડુ છારા, નરેશ છારા, સુરેશ છારા તથા મુંગડા છારાને મેં જોયેલા. ત્યારબાદ કૃષ્ણનગરબાજુથી એક ટોળું આવેલું

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

બીજુ એક ટોળુ અડધા કલાક પછી આવેલું જેની આગેવાની બિપીન ઓટોવાળાએ લીધેલી. આ બે ટોળા ભેગા થઈ ગયેલા. આ ટોળાએ અમારા સમગ્ર વિસ્તાકમાં લુંટફાટ કરેલી. મારા ઘરમાં પણ લુંટફાટ થયેલી. આ વખતે સવારે નવ સવા નવ વાગ્યે પોલીસે અમો મુસ્લીમોની ટોળા પર ફાયરીંગ કરેલું તેમાં આબીદહુસેનને ગોળી વાગેલી. આથી હું મારા ઘર તરફ જતો રહેલો. હું મારા ઘેર પાછો આવ્યો પછી મેં મારા ઘરની બાજુમાં રહેતા મીરાબેનને મારી બે દિકરીઓ સોંપેલી. મીરાબેન અને મારા ઘર વચ્ચે બે મકાનો આવેલા છે. તેણીના ઘર પછી કોટ આવેલો છે.

આ સાહેદના તા.૧૩-૫-૦૨ ના પોલીસ રૂબરૂ નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ આ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે. તા.૧૩-૫-૦૨ના પોલીસ જવાબમાં આરોપી ગંભીર પ્રકારનો ગુનો કરતા ટોળામાં સામેલ હોવાનું જણાવી નામ આપેલ છે.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

સાહેદે બનાવ નજરો નજર જોયેલ છે સાહેદે તેની જુબાનીમાં ટોળાઓ જુદી જુદી જગ્યાએથી આવતા હતા તેવો સ્પષ્ટ નિર્દોષ કરેલ છે. સાહેદ ટોળુ હથીયારો સાથે આવેલું, પથ્થર મારો કરતો આવેલું, મકાનો દુકાનોને આગ લગાડતા, લુંટફાટ કરતા ટોળાને જોયેલ છે. તે ટોળામાં આરોપીને સાહેદે જોયેલ છે. તેવો નિર્દેષ કરેલ છે. સાહેદ સાંજના ૬ વાગ્યા સુધી બનાવના સ્થળે જીવ બચાવવા લપાતા છુપાતા રહેલ છે અને બનાવ જોયેલ છે.

આ સાહેદે મજકુર આરોપીને ના.કોર્ટની રૂબરૂની જુબાનીમાં આરોપી ગુનાહિત કૃત્ય આચરતા ટોળામાં સામેલ હોવાનું જણાવી તેનું નામ આપી ઓળખી બતાવેલ છે.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ ના પોલીસ રૂબરૂના નવિદેનમાં તથા તા.૧૨-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં તોફાની ટોળામાં આરોપીનું નામ આપી આગેવાની લીધેલાનું જણાવેલ છે અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આ આરોપી સામે સચોટ પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવના દિવસે સવારે નવ વાગે પોતાના કામ પર જવા નીકળેલા ત્યારે એસ.ટી. વર્કશોપ પાસે પહોંચી જોયેલ તો નટરાજ, મહાજનીયાવાસ અને કૃષ્ણનગર તરફથી ટોળુ આવેલ. આ ટોળામાં ખાખી ચડ્ડી ધારી અને કેસરી પટ્ટી પહેરેલા લોકો પણ હતા. આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર, ત્રીશુલ જેવા હથીયાર હતો તેઓ મીયાઓને મારો કાપો તેવુ કહેતા હતા આ બનાવમાં આ સાહેદના ફોઈના છોકરા પીરમહંમદને ગોળી વાગેલ જેમની સારવાર કરાવેલ જેમના સારવાર ના કાગળો આંકઃ૧૯૯૦ થી સાહેદ નં. ૨૯૦ ડૉ. દિનેશ સવજીભાઈ ચંદાનાની જુબાની થકી રજુ થયેલ છે. જે ના.કોર્ટના રેકર્ડ પર છે. આ સાહેદ પીરમહંમદને ઉઠાવવા જતા તેમને પણ ડાબા હાથના કોણી ઉપર ગોળી વાગેલી જે ગોળી ભીડમાંથી આવેલ જેની સારવાર આ સાહેદે વી.એસ. હોસ્પિટલમાં કરાવેલ જે અંગેના સારવારના કાગળો આંક-૧૯૯૧ થી સાહેદ નં.૨૯૦ ડૉ. દિનેશ રાવજીભાઈ ચંદાનાની જુબાની થકી રજુ થયેલ છે. જેના કોર્ટના રેકર્ડ ઉપર છે. આ સાહેદે બનાવના દિવસે ત્યાં હાજર હતા અને તે સમયે કૃષ્ણનગર તરફના ટોળામાં આ આરોપીને હાથમાં ત્રીશુલ સાથે જોયેલ અને તે મીંયાઓને કાપી નાંખો બાળી નાંખો, લુંટીલો, તેઓને છોડતા નહી તેવુ ટોળાના માણસોને કહેતો હતો.

આમ આ આરોપીએ હિન્દુઓના ટોળામાં હાજર રહી મુસ્લીમોને કાપી નાંખી, બાળી નાંખી, તેમની ઘરવખરી લુંટી લેવા સુયોજીત કાવતરૂ બનાવી તે કાવતરાને પાર પાડવાના ઉદ્દેશને પુરો કરવાના આશયથી ટોળામાં આ આરોપી ત્રિશુલ સાથે હાજર રહી મુસ્લીમો વિરૂધ્ધ ગુનાહીત કૃત્ય કર્યા હોવાનું પણ ફલીત થાય છે તદ્ઉપરાંત આ સાહેદે આ આરોપીને હથીયાર સાથે ટોળામાં જોયેલ છે. અને આ ટોળામાંથી છુટેલી ગોળીથી આ કામના સાહેદને ઈજા થયેલ છે. આમ આ સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ આપેલ પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૨) મો.હુસેન કૈયુમભાઈ શેખ, સાહેદ નં. ૧૬૭, આંક-૧૧૬૩

- તા. ૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં ટોળાની આગેવાની લીધેલ
- તા.૧૨.૬.૦૮ ના સીટના નિવેદનમા ટોળાની આગેવાની લીધેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.
- <u>પેજ નં.૦૫ પેરા નં.૧૪</u>

આ દિવસે નટરાજ હોટલ તરફથી જે ટોળું આવેલું તે ટોળામાં મે મનોજ વિડીયોવાળાને જોયેલો જે મિંયાભાઈને કાપી નાંખો, મારી નાંખો જીવતા ન છોડતા તેવુ કહેતો હતો.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ ના પોલીસ રૂબરૂના નવિદેનમાં તથા તા.૧૨-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં તોફાની ટોળામાં આરોપીનું નામ આપી આગેવાની લીધેલાનું જણાવેલ છે અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આ આરોપી સામે સચોટ પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવના દિવસે સવારે નવ વાગે પોતાના કામ પર જવા નીકળેલા ત્યારે એસ.ટી. વર્કશોપ પાસે પહોંચી જોયેલ તો નટરાજ, મહાજનીયાવાસ અને કૃષ્ણનગર તરફથી ટોળુ આવેલ. આ ટોળામાં ખાખી ચડ્ડી ધારી અને કેસરી પટ્ટી પહેરેલા લોકો પણ હતા. આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર, ત્રીશુલ જેવા હથીયાર હતો તેઓ મીયાઓને મારો કાપો તેવુ કહેતા હતા આ બનાવમાં આ સાહેદના ફોઈના છોકરા પીરમહંમદને ગોળી વાગેલ જેમની સારવાર કરાવેલ જેમના સારવાર ના કાગળો આંકઃ૧૯૯૦ થી સાહેદ નં. ૨૯૦ ડૉ. દિનેશ સવજીભાઈ ચંદાનાની જુબાની થકી રજુ થયેલ છે. જે ના.કોર્ટના રેકર્ડ પર છે. આ સાહેદ પીરમહંમદને ઉઠાવવા જતા તેમને પણ ડાબા હાથના કોણી ઉપર ગોળી વાગેલી જે ગોળી ભીડમાંથી આવેલ જેની સારવાર આ સાહેદે વી.એસ. હોસ્પિટલમાં કરાવેલ જે અંગેના સારવારના કાગળો આંક-૧૯૯૧ થી સાહેદ નં.૨૯૦ ડૉ. દિનેશ રાવજીભાઈ ચંદાનાની જુબાની થકી રજુ થયેલ છે. જેના કોર્ટના રેકર્ડ ઉપર છે. આ સાહેદે બનાવના દિવસે ત્યાં હાજર હતા અને તે સમયે કૃષ્ણનગર તરફના ટોળામાં આ આરોપીને હાથમાં ત્રીશુલ સાથે જોયેલ અને તે મીંયાઓને કાપી નાંખો બાળી નાંખો, લુંટીલો, તેઓને છોડતા નહી તેવુ ટોળાના માણસોને કહેતો હતો.

આમ આ આરોપીએ હિન્દુઓના ટોળામાં હાજર રહી મુસ્લીમોને કાપી નાંખી, બાળી નાંખી, તેમની ઘરવખરી લુંટી લેવા સુયોજીત કાવતરૂ બનાવી તે કાવતરાને પાર પાડવાના ઉદ્દેશને પુરો કરવાના આશયથી ટોળામાં આ આરોપી ત્રિશુલ સાથે હાજર રહી મુસ્લીમો વિરૂધ્ધ ગુનાહીત કૃત્ય કર્યા હોવાનું પણ ફલીત થાય છે તદ્ઉપરાંત આ સાહેદે આ આરોપીને હથીયાર સાથે ટોળામાં જોયેલ છે. અને આ ટોળામાંથી છુટેલી ગોળીથી આ કામના સાહેદને ઈજા થયેલ છે. આમ આ સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ આપેલ પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

### (૧૩) અ.અલીમ અ.મજીદ ચૌધરી, સાહેદ નં. ૧૭૪, આંક-૧૧૯૮

- તા.૧૬.૬.૦૮ ના સીટના નિવેદનમા ત્રિશુલ સાથે તોફાની ટોળામાં જોયેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

આ સાંભળીને હું તથા અમારી ચાલીવાળાઓ ઘરની બહાર નીકળેલા. અમે તમામ જોવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. ત્યાં શોરબકોર ચાલતો હતો તથા પથ્થરમારો થતો હતો.

<u>- પેજ નં, ૩ પેરા નં.૮</u>

ત્યાં આગળ ટોળાના માણસો મિંયાને મારો તેવુ કહેતા હતા. આ ટોળામાં આગળ હતા તેઓમાં દલપતસીંગ, ભવાનીસીંગ, ગુડ્ડુ, સુરેશ અને મનોજ વિડીયોવાળા હતા. મે આ ટોળામાં બાબુભાઈ બજરંગીને પણ જોયેલા. તેઓ પણ ટોળામાં આગળ પડતા હતા. આ ટોળામાના ગુડ્ડુ પાસે તલવાર હતી. સુરેશ પાસે ભાલો હતો તથા તેમની પાસે ત્રિશુલ પણ હતું, મનોજ પાસે રીવોલ્વોર હતી, આ મનોજ વિડીયોવાળો એસ.ટી.વર્કશોપની દીવાલની આડમાંથી ફાયરીંગ કરતો હતો.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

આ તમામ ટોળામાં આગળ હતા તે તમામ ટોળાના માણસોને અંદર બોલાવતા હતા તથા મિંયાઓને મારો, કાટો, જલાવો તેવુ કહેતા હતા. હુ આ જગ્યાએથી સીધો જ હુસેનનગર ખાતે મારા સાસુ, સસરાના ઘરે ગયેલો. હું મારા સાસુ, સસરાને લઈને પાછો મારા ઘેર આવતો હતો ત્યારે સાંજના સાડા ચાર પાંચ વાગ્યાના સમયે ગાયત્રી અને ગંગોત્રી સોસાયટી પાસે ભવાનીસીંગ હતા તેમણે કહેલું કે, તમારા લોકો માટે ખીચડી પકાવી છે, તમે બધા સોસાયટીમાં અંદર જતા રહો. પરંતુ હું ત્યાં ગયેલો નહીં. હું એટલા માટે નહીં ગયેલો કે, ત્યાં કોઈકે કહેલું કે, અંદર વધારે બબાલ થાય છે તેથી અંદર કોઈ જતાં નહીં તેથી હું ભવાનીસીંગે કહેલુ ત્યાં ગયેલો નહીં.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

હું બહાર નીકળ્યો ત્યારે કેટલાક લોકો સીંધી ભાષામાં તથા કેટલાક લોકો છારા ભાષામાં વાત કરતા હતા. હું આ બંને ભાષા મારા રીક્ષા ડ્રાઈવીંગના ધંધાને કારણે જાણું છું. તેઓ મને જોઈન શકે તે રીતે હું ઉભો રહેતો ત્યારે મેં તેમને તેમની ભાષામાં વાત કરતા સાંભળેલા કે, હવે આપણો સંમય પુરો થયો, મુખીને ત્યાં જઈને પૈસા લઈ લઈએ, આઠથી આઠના બાર કલાકનો સમય પુરો થયો છો. આવી વાત કરનારામાં સુરેશ, દલપત, ભવાનીસીંગ, મનોજ વિડીયોવાળો તથા ત્યાં બીજા પણ હતા તેઓને હું ઓળખતો ન હતો. પરંતુ આટલા લોકોને મેં આવી વાત કરતા સાંભળેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ તમામનાઓ ધાબા પર જઈને કભી ખુશી કભી ગમ પીકચરના ગીતો વગાડતા હતા. સીંધીઓ ઝુલેલાલના ગીતો વગાડતા હતા. તેઓ તમામ બધા મિંયાઓ પતી ગયા છે તેવી ખુશી વ્યક્ત કરતા હતા.

આ સાહેદ તા.૧૬-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીના હાથમાં રીવોલ્વર હતી અને ફાયરીંગ કરતા જોયેલ તેવી હકીકત આપી નામ આપેલ છે. તેમજ આ સાહેદે કોર્ટ રૂબરૂની જુબાનીમાં યા સાહેદે આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે કોર્ટ રૂબરૂની જુબાનીમાંથી આરોપી વિરૂધ્ધ પુરાવો ---- જુબાની આપેલ છે.

બનાવના દિવસે આ સાહેદ નુરાની મસ્જીદ પાસે આવેલા ત્યારે જોયુ તો ટોળાના માણસો મીયાઓને મારો કાપોના સુત્રો બોલતા હતા તેટોળામાં આ આરોપી રીવોલ્વર સાથે હાજર હતો અને ફાયરીંગ કરતો હતો ત્યારબાદ સાંજના સાડા સાત સાઠના સુમારે આ આરોપીને અન્ય આરોપીની સાથે કાવતરૂ કરતા જોયેલા આ બનાવમાં આ સાહેદને તથા તેના નાનો દીકરાને પણ ઈજા થયેલ છે. જેની સારવાર કેમ્પમાં કરાવેલી સાહેદના ઘરમાં પણ તોડફોડ લુંટફાટ થયેલ વગેરે તમામ હકીકતો સાહેદની જુબાનીમાં સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ કામના આરોપીએ અન્ય આરોપીઓ સાથે ભેગા મળીને મુસ્લીમોને ચાલીઓ ઉપર હુમલો કરવાના કાવતરાને અંજામ આપવા સુયોજીત કાવતરૂ કરી તેને પાર પાડવાના આશયથી અંજાણ આપેલ છે. આમ આ આરોપી સામે પુરતો પુરાવો આવતો હોઈ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૪) મહંમદભાઈ બચુભાઈ બેલીમ, સાહેદ નં. ૧૮૮, આંક-૧૨૮૨

- તા.૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.ટોળાની આગેવાની કરતા હતા
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

મેં સવારે આ જ સમયે અન્ય એક ટોળું નટરાજ હોટલ તરફથી આવતું પણ જોયેલું. આ ટોળાની આગેવાની મનોજ વિડીયોવાળાએ, સુરેશ લંગડા છારાએ તથા એક સીંધી આગેવાનનાઓએ લીધેલી. આ સિંધી આગેવાનોના મોઢા પર શીતળાના ડાઘ છે, તે રંગે કાળા છે તથા તેઓની સાડા પાંચ થી છ ફુટ જેટલી ઉંચાઈ છે. આ ટોળાના હાથમાં પણ તલવાર, ત્રિશુળ તથા કેમીકલ ભરેલા કેરબાઓ હતા.

<u>- પેજ નં.૩, પેરા નં,૯</u>

કૃષ્ણનગર તરફથી આવતા ટોળાએ એક કેરોસીન ભરેલ ટેન્કર નુરાની મસ્જીદ પાસે ઉભું રાખેલું તેમજ આ સમયે એક ક્રેન પણ નુરાની મસ્જીદ પાસે લાવીને ઉભી રાખેલ. નટરાજ તરફથી આવતા ટોળાએ નુરાની મસ્જીદ પર તોડફોડ કરી હુમલો કરેલ. આ ટોળાએ નુરાની મસ્જીદના મૌલાનાને પણ માર મારેલો. આ જોઈ યુસુફ લાઈટવાલાનાઓએ ત્યાં આવેલ એસ.આર.પી. ના પોઈન્ટ પર બેઠેલ એસ.આર.પી.વાળાઓએ આ ટોળાને સમજાવવા વિનંતી કરેલ. એસ.આર.પી. વાળાઓએ ટોળાને રોકવાને બદલે યુસુફને દંડાથી માર મારેલ. મસ્જીદ સળગતી હોઈ પંડીતની ચાલી પાસે છોકરાઓ ભેગા થયેલા

- પેજ નં.૫ પેરા નં.૧૧

ચાલીમાં આવેલ ટોળાએ તોડફોડ કરી આગ લગાડવા લાગેલા. નુરાની મસ્જીદની આજુબાજુની ચાલી, પંડિતની ચાલી તથા હુકમસીંગની ચાલી, ચેતનદાસની ચાલી, બાદરસીંગની ચાલીમાં ટોળાના માણસો ધુસવા લાગેલા.

- પેજ નં.૬ પેરા નં.૧૪

આ સમય પછી હુસેનનગરમાં ધીમે ધીમે એસ.ટી.ની દિવાલ પાસેના ભાગે ટોળાઓ વધતા ગયેલા. આ ટોળાના માણસો લોકોને મારકાપ કરતા હતા તેમજ બાળી નાંખતા હતા. આ સ્થિતિમાં ભયના કારણે હું સાંજે આશરે પાંચ વાગ્યે હુસેનનગરમાંથી ગંગોત્રી સોસાયટીના એક મકાનના ધાબા પર જઈને છુપાઈ ગયેલો ત્યાં બીજા ઘણાં મુસ્લીમો હતા. આ સમયે મારા પરીવારજનો મારાથી છુટા પડી ગયેલા.

- પેજ નં.૬ પેરા નં. ૧૫

મેં ગંગોત્રીના આ મકાનના ધાબા પરથી જોયેલું કે, જયભવાની છારો તથા તિવારી કંડકટર લોકોના ટોળાને ઈશારો કરી અમો છુપાયા હતા તે જગ્યા બતાવતા હતા. આ ટોળાના માણસોએ તલવારોથી માણસોને કાપેલા અને સળગતા કાકડા નાંખી જીવતા સળગાવેલા. હું રાત્રે બાર વાગ્યા સુધી આ ધાબે જ રહેલો.

આ સાહેદે તા.૨૬-૫-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનો આ આરોપીને ટોળાની આગેવાની કરતા નામ આપેલ અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ આ આરોપી વિરૂધ્ધ સચોટ પુરાવો આપેલ છે.

બનાવના દિવસે આ સાહેદ ચાલીના નાકે આવેલા ત્યારે કૃષ્ણનગર તરફથી ટોળુ આવેલ જે ટોળાના હાથમાં હથીયારો હતા તે સમયે નટરાજ તરફથી ટોળુ આવેલ તે ટોળામાં પણ આ આરોપી હાજર હતા તેમના હાથમાં પણ હથીયારો હતા તેમજ એસ.આર.પી. થી આવેલ ટોળા બાજુથી ફાયરીંગ થતા આબીદ તથા મુસ્તાકને ગોળી

વાગેલી તેમજ ટોળાના માણસો લોકોને મારીને સળગાવતા હતા વગેરે હકીકતો આ સાહેદની જુબાનીથી ફલીત થાય છે. આ આરોપી અન્ય આરોપીઓ સાથે મળી જઈ આખા વિસ્તારમાં ગુનાહીત કૃત્યો કર્યાનું સ્પષ્ટ જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૫) મો. ઈમરાન ઈમ્તીયાઝ હુસેન મોમીન, સાહેદ નં. ૧૮૯, આંક-૧૨૮૯

- તા ૧૦.૬.૦૮ના સીટના જવાબમાં તોફાની ટોળામાં તલવાર સાથે નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૭

એસ.ટી.વર્કશોપની બાજુમાં નટરાજ હોટલ તરફ આગળ ટોળાઓ હતા. તેઓ મારો કાપો ની બુમો પાડતા હતા. અને નુરાની મસ્જીદ પાસે લારી, ગલ્લા અને દુકાનો બાળતા હતા. તેઓએ પછી અમારા તરફ પથ્થરમારો કરેલો. પછી પોલીસવાળાએ અમારા પર ગોળીબાર કરેલો. ત્યારે પ્રિયા ટોકીઝવાળા પીરૂભાઈને ગોળી વાગેલી. અમે પીરૂભાઈને ઉપાડીને મારા મમ્મીના ઘરના ઓટલા પર લઈ ગયેલા. આ ઉપરાંતસ આ સમયે પ્રિયા ટોકીઝવાળા મહંમદભાઈને, એક મુસ્તાકભાઈ તથા બીજાઓને ગોળી વાગેલી. જે ગોળી કુલ્લે ચાર વ્યક્તિઓને વાગેલી. ગોળી વાગી તેમાંથી આબીદભાઈને કમરના ભાગે ગોળી વાગેલી. મહંમદભાઈને પણ અમારા ઓટલે લઈ ગયેલા.

- પેજ નં.૪ પેરા નં.૮

મેં નુરાની મસ્જીદ પાસેના ટોળામાં સુરેશ તથા મનોજ વિડીયોવાળોને જોયેલા. જેમા, સુરેશના હાથમાં તલવાર હતી તથા મનોજ વિડીયોવાળાના હાથમાં ત્રિશુલ તથા ખાનગી હથીયાર હતું. આ તમામનાઓ પથ્થરમારો કરતા હતા. તેમજ મારો કાપોની બુમો પાડતા હતા. પછી હું મારા મમ્મીના ઘેર જતો રહેલો.

આ સાહેદે તા.૧૩-૫-૦૨ ના પોલીસ રૂબરૂના જવાબમાં તથા તા.૧૦-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીને તોફાની ટોળામાં જોયેલા તે રીતે નામ આપેલ છે. અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ પુરાવો આપેલ છે.

બનાવના દિવસે આ સાહેદ સવારે નવ સાડા નવ વાગે એસ.ટી. વર્કશોપ પાસે હાજર હતા ત્યારે નટરાજ તરફથી હિન્દુઓનું ટોળુ મારો કાપોના સુત્રો બોલતુ આવેલ અને નુ.મ.ની આસપાસના લારી ગલ્લા બાળેલા અને અમારી ઉપર પથ્થર મારો

કરેલ. આ ટોળામાં આ આરોપી હાજર હતો તેના હાથમાં ત્રીશુલ હતુ આ સાહેદે સરતપાસમાં બતાવ્યા મુજબનો બનાવ નજરો નજર જોયેલ છે આ આરોપી અન્ય આરોપીઓ સાથે મલી ગુનાહીત કૃત્ય કરતી મંડલીમાં સભ્ય થઈ સમાન ઉદ્દેશ પાર પાડવાના આશયથી ગુનાહીત કૃત્યો કરવામાં સક્રીય ભાગ ભજવેલ છે તે તમામ હકીકતો સાહેદની જુબાની વંચાણે લેતા સ્પષ્ટ થાય છે આમ આ સાહેદ બનાવના સમયે ત્યાં હાજર હતા અને તમામ બનાવ નજરે જોયેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૬) સલાઉદ્દીન અ.કરીમ શેખ, સાહેદ નં. ૧૯૦, આંક-૧૨૯૫

- તા ૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
- સીટનો જવાબ નથી.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.
- <u>પેજ નં.૭ પેરા નં.૧૫</u>

આ ટોળામા મે મનોજ વિડીયોવાળા તથા ગુડ્ડુ છારાને જોયેલો. મે ગુડ્ડુ છારાને ત્રણ વાગ્યે મેદાનમાં જોયેલો. મને ઈજા થઈ તે સમયે જોયેલ ટોળામાં મેં મનોજ વિડીયોવાળાને જોયેલો. મનોજ તથા ગુડ્ડુના હાથમાં તે સમયે તલવારો હતી તથા તેઓ પથ્થરમારો કરતા હતા.

આ સાહેદે તા.૧૩-૫-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આ આરોપીનું નામ આપેલ છે.

બનાવના દિવસે સવારના સમયે આ સાહેદ એસ.ટી.ના ઝાંપા પાસે આવેલ ત્યારે જોયુ તો નટરાજ તરફથી ટોળુ આવેલ તે નુરાની મસ્જીદ પર પથ્થર મારો કરતુ હતુ. ત્યારબાદ કૃષ્ણનગર તરફથી આવેલ ટોળુ પણ પથ્થર મારો કરતુ હતુ તે સમયે પોલીસે ફાયરીંગ કરતા ચાર મુસ્લીમોને ગોળી વાગેલ ત્યારબાદ બપોરના દોઢ વાગે જવાનનગર પાસેના મેદાનમાંથી ટોળુ આવેલ તે પથ્થરમારો કરતુ હતુ આ ટોળામાં આ આરોપીને તલવાર સાથે જોયેલ. એસ.ટી. પાસેના બનાવમાં સાહેદને પથ્થરમારાથી ઈજા થયેલ છે. આમ આ આરોપી અન્ય આરોપીઓ સાથે મલી જઈ ગેરકાયદેસર મંડલીના સભ્ય બની ગુનાહીત કૃત્યો કરવાના સામાન્ય ઈરાદાને પાર પાડવાના આશયથી બનાવમાં સક્રીય ભાગ ભજવેલ છે. તેવુ આ સાહેદની જુબાનીમાં સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૭) રસીદાબાનુ ઈમ્તીયાઝહુસેન મોમીન, સાહેદ નં. ૧૯૨, આંક-૧૩૧૪

- તા.૧૦.૬.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.
- હાજકી મુક્તિની અરજી આંક-૧૩૧૨. ઓળખની તકરાર નથી

-<u>પેજ નં.૫ પેરા નં.૯</u>

કૃષ્ણનગર તરફથી આવેલ ટોળાના માણસો પણ અમારા ઉપર પથ્થરમારો તેમજ બોટલમારો કરતા હતા. નટરાજ તરફથી આવેલ ટોળાના માણસો પણ અમારા ઉપર પથ્થરમારો તથા બોટલમારો કરતા હતા. આ ટોળામાં માયાબેન કોડનાની હતા. આ ટોળામાં મનોજ હતો. તેનું નામ મારા ખ્યાલ મુજબ મનોજ વિડીયોવાળો છે. આ નટરાજવાળા ટોળામાં વધુમાં બિપીન ઓટોવાળો પણ હતા. આ ઉપરાંત આ ટોળામાં સંતોષ દુધવાળો હતા. આ સંતોષ દુધવાળાની દુકાન કુબેરનગર જતાં કમલા વેલ્ડીંગની બાજુમાં છે. નટરાજવાળા ટોળામા વધુમાં, ગુડ્ડુ છારા, નરેશ છારા, સુરેશ લંગડો તથા સુરેશ લંગડાનો નાનો ભાઈ પણ હતા. આ ટોળામાં માયાબેન ચલો આગળ તથા મારો તોવુ કહીને પબ્લીકને ઉશ્કેરતા હતા. આ સમયે પોલીસ ત્યાં આવીને નાકા પર ઉભેલા મુસ્લીમો પર જ ગોળીબાર તથા ટિયરગેસ છોડેલા. તેથી ચાર પાંચ મુસ્લીમ છોકરાઓને ગોળી વાગેલી.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

ટોળુ ધીમે ધીમે અમારી ચાલી તરફ અંદર આવવા લાગતાં હું રોડ ઉપરથી મારા ઘરે આવી મારા બાળકોને લેવા મારા ઘરના ધાબે જતી રહેલી. મારા ઘરના ઉપરના ભાગેથી આખો રોડ દેખાય છે ત્યાંથી મેં જોયેલું તો, ટોળાના લોકો મારકાપ કરતા હતા. તેથી હું મારા બાળકોને લઈને નીચે ઉતરી ગયેલી. હું ત્યારપછી ભાગદોડ કરવા લાગેલી અને ત્યારબાદ મારા બાળકોને લઈને રમજાની પિંજરાના ધાબે બાળકો સાથે જતી રહેલી.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૩</u>

મે રમજાની ભાઈના ધાબા પરથી જોયેલું કે, રમજાનીભાઈ રહે છે તે ગલીનું પહેલુ મકાન ટોળાના માણસોએ સળગાવેલું. આ ટોળાના માણસો ગમે તેમ બોલતા હતા અને બુમો પાડતા હતા. તેઓ મારો કાપો તેવી બુમો પાડતા હતા. રમજાનીભાઈના મકાનમાં કાયમ લાગેલા હતા તે પડદાની પાછળના ભાગેથી મેં આ બધુ જોયેલું. પછી હું મારા બાળકને લઈને રમજાનીભાઈના ધાબા પર જતી રહેલી. આ ધાબા પરથી મેં જવાનનગરમાં આવેલ જાહેર શૌચાલય તરફ જોયેલું ત્યારે મેં જોયેલુ કે, ટોળાના લોકો બધું જ સળગાવતા હતા. આ ટોળાના

માણસોને અમે મારતા તથા સળગાવતા જોયેલા. આ ટોળાના માણસો મુસ્લીમોને માર કાપ કરતા હતા. મને આ સમયે કેટલા વાગેલા તે ખબર નથી.

આ સાહેદે તા.૧૦-૬-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે આરોપીનું નામ આપીને ઓળખી બતાવેલા છે. આ સાહેદની જુબાનીમાં જણાવ્યા મુજબ આ આરોપી વિરૂધ્ધ સચોટ પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવવાળા સ્થળે વર્ષોથી વસવાટ કરતા હતા અને બનાવવાળી જગ્યામાં કરીયાણાની દુકાન આવેલી છે. આ સાહેદ બનાવના દિવસે સ્થળ ઉપર હાજર હતા તેમણે સમગ્ર બનાવ નજરો નજર જોયેલ છે તેમણે તોફાની ટોળામાં આરોપીને જોયેલ છે. સરતપાસમાં જણાવ્યા મુજબ સાહેદે તો.દારને જોયેલ છે. આ સાહેદે રમજાનીભાઈના ધાબા ઉપરથી જોયેલ છે.

સાહેદના જણાવ્યા મુજબ આરોપી જે ટોળામાં હતા તે ટોળાના માણસો મારોકાપો ની બુમો પાડતા હતા, મકાનોને આગ લગાડતા હતા, અને માર કાપ કરતા હતા આ ટોળામાં આરોપી સામેલ હોવાનું સાહેદની જુબાની ઉપરતી સાબીત થાય છે. આ સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૧૮) હારૂન મોહંમદભાઈ શેખ, સાહેદ નં. ૧૯૮, આંક-૧૩૬૩

- તા. ૨૮.૫.૦૮ અને તા.૧૨.૯.૦૮ ના સીટના નિવેદનમાં આરોપીને તોફાની ટોળામાં નજરોનજર જોયેલ છે

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

- <u>પેજ નં.૩ પેરા નં.૬</u>

આ બંને તરફના ટોળાઓના લોકોએ કપાળ પર કેસરપટ્ટી બાંધેલી હતી. આ ટોળામાં હું અમુક લોકોને ઓળખતો હતો. મેં ટોળાના કેટલાક લોકોના હાથમાં તલવાર, પાઈપ, ત્રિશુળ વગેરે જોયેલા.

- <u>પેજ નં.૩ પેરા નં.૭</u>

મેં આ ટોળામાં માયાબેન, બાબુ બજરંગી, સચીન મોદી, અશોક પાનના ગલ્લાવાળો, મનોજ વિડીયોવાળો, સુરેશ લંગડો, હરેશ, ગુડ્ડુ તથા બિપીન ઓટોવાળળાને જોયેલા. મેં આ તમામને સવારના આશરે સાડા નવ વાગ્યે બનાવવાળા દીવસે જોયેલા તેઓ એસ.ટી.વર્કશોપ સામેના ઝાંપા પાસેના ટોળામાં પણ આગળ હતા અને એસ.આર.પી. ઝાંપાવાળા ટોળામાં પણ હતા. જો કે, પછી બંને ટોળા એક થઈ ગયેલા.

- <u>પેજ નં.૪ પેરા નં.૮</u>

આ લોકો તથા ટોળાના માણસો આસપાસના લારી ગલ્લા, કેબીન, મકાન વગેરે સળગાવવા લાગેલા તથા તેઓએ નુરાની મસ્જીદ પર હુમલો કરેલો. અમારા મુસ્લીમોમાંથી કેટલાક લોકો આ નવજણાંઓને સમજાવવા માટે પણ ગયેલા પરંતુ તેઓએ કોઈની વાત સાંભળેલ નહીં અને તેઓ મારો કાપો તેવા પોકારો કરવા લાગેલા અને અમારી કોમના માણસો પર પથ્થરમારો કરવા લાગેલા. અમે આ રીતે આ નવને સમજાવવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. અમે આ રીતે આ નવને સમજાવવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. પરંતુ તેઓ ન માનતા તથા અમારા ઉપર પથ્થરમારો કરતા અમે ગભરાઈને પરત હાલમાં પોલીસ ચોકી આવેલી છે ત્યાં પાછા આવી ગયેલા.

- પેજ નં.૬ પેરા નં.૧૨

આ તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડ્ડુ અમારા વિસ્તારમાં રહેતા હોવાથી અમે તેમની વાત માનીને અમે તેમની સાથે જવા લાગેલા. અમે નીકળતા હતા ત્યારે ગોપીનાથનગરના ઝાંપાની પાસે ટોળાના લોકો છુપાઈને બેઠેલા હતા અને અમે બહાર નીકળતા તે તમામ ટોળાના માણસોએ અમોને ઘેરી લીધેલા. આ છુપાઈ રહેલા ટોળામાં સચીન તથા સુરેશ લંગડો હતા. આ બનાવ વખતે અમે ગોપીનાથનગર સોસાયટીમાં બચવા માટે પાછા આવી ગયેલા અને ગોપીનાથનગરની સોસાયટીની પાણીની ટાંકી પાસે એક ખાંચો પડે છે તે ખાંચામાં જતા રહેલા. અમે ખાંચામાં એવુ વિચારીને ગયેલા કે, ટોળું સામેથી નીકળી જશે. પરંતુ ટોળાએ આ ખાંચવાળા ભાગમાં જ અમારી મારકાપ શરૂ કરેલી. ટોળના માણસોએ ત્યાં મારકાર કરીને અમારામાના લોકોને સળગાવી દીધેલા.

- પેજ નં.૭ પેરા નં.૧૩

આ રીતે મારકાપ થઈ તેમાં મારા પરીવારની ત્રણ વ્યક્તિઓ હતી. જેમાં મારી માતા મુમતાજબાનુ, મારી પત્ની ગોસિયાબાનુ તથા મારો દીકરો અકરમનાઓ હતા જેઓ ત્રણેય આ બનાવમાં મરી ગયેલા. આ ઉપરાંત અમારી કોમના અન્ય લોકો પણ આ મારકાપનો ભોગ બનેલા જેમાં મારી માસી રાબિયા, મારી ભાણી ફરહાના તથા અમારી આજુબાજુ રહેતા લોકોમાં રેશ્મા વગેરે હતા.

આ સાહેદે તા.૨૮-૫-૦૬ ના તથા ૧૨-૯-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. તેમજ નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદે આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે તેમજ આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

તા.૨૮-૨-૦૨ ના બનાવના દિવસે આ સાહેદ પોલીસ ચોકી પાસે આવેલા ત્યારે જોયેલ તો એસ.ટી. ના ઝાંપા પાસે તથા બીપીન ઓટો સેન્ટર તરફ ટોળાઓ

ભેગા થયેલા તેમણે કેસરી પટ્ટી બાંધેલ હતી હાથમાં હથીયારો હતા. આ ટોળામાં આરોપીને અન્ય આરોપીઓ સાથે જોયેલા ત્યારે સવારના સાડા નવનો ટાઈમ થયેલ. આ ટોળાના માણસો નુરાની મસ્જીદ તથા મુસ્લીમ ચાલીઓના ઘરો પર પથ્થરમારો કરી, સળગાવતા હતા. એસ.ટી.ના ઝાંપા પાસે થયેલ ફાયરીંગમાં ચાર મુસ્લીમોને ગોળી વાગેલ ગંગોત્રી ગોપીનાથ પાસે આવેલ પાણીની ટાંકી વાળા ખાંચાના બનાવનું વર્ણન પણ આ સાહેદ તેમની જુબાનીમાં કરે છે. આ ખોટા વાળા બનાવમાં આ સાહેદની માતા મુમતાજબાનું પત્નિ ગોસીયાબાનું તથા દીકરો અકરમ નાઓ મરણ પામેલા. આ બનાવમાં સાહેદ પોતાના દિકરાને બચાવવા જતા ઈજાગ્રસ્ત થયેલા વગેરે તમામ હકીકતો આ સાહેદની જુબાની વંચાણે લેતા ફલીત થાય છે.

આમ આ આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળીને સમાન ઈરાદોપાર પાડવાના આશયથી પાણીની ટાંકી ના ખાંચાવાળા બનાવમાં તથા અન્ય બનાવોમાં સક્રીય ભાગ ભજવેલ છે. અને તે ખાંચામાં બનેલ સામુહીક હત્યાકાંડમાં મુખ્ય ભૂમિકા ભજવી હોય તેવું આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. આથી આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

## (૧૯) અ.રઝાક અ.રહેમાન સૈયદ, સાહેદ નં. ૨૦૪, આંક-૧૪૧૦

- તા.૧૩.૫.૦૨ માં પોલીસ જવાબમાં નામ છે.

- તા. ૨૨.૬.૦૮ ના સીટના જવાબમાં નામ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલા છે.

-પેજ નં.૩ પેરા નં.૫

એસ.ટી.વર્કશોપના ઝાંપાની બહાર લીમડાનું ઝાડ આવેલું હતુ ત્યાં તે દિવસે પોલીસ પોઈન્ટ હતો. આ પોલીસવાળાઓ સામેની બાજુએ આવેલ એસ.ટી.વર્કશોપના ઝાંપા પાસે જતા રહેલા. ત્યાંથી પોલીસે ફાયરીંગ કરેલું. ત્યારપછી મનોજભાઈએ પણ રાયફલ લઈને ફાયરીંગ કરેલું. કિશન કોરાણીએ પણ પિસ્તોલથી ફાયરીંગ કરેલું. આ ફાયરીંગમાં આબીદભાઈને તથા મહેબુબ કુરેશીના જમાઈને ગોળી વાગેલી. મને આ લોકોને કોની ગોળી વાગી તે ખબર નથી.

આ સાહેદે તા.૧૩-૫-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા ૨૨-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં નામ આપેલ છે. અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપેલ છે. આ સાહેદે કોર્ટ રૂબરૂની જુબાનીના આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવના દિવસે સવારે સાડા નવ વાગ્યાના સુમારે એસ.ટી. ની બાજુમાં આવેલ લીમડાના ઝાડ પાસે આવી જોતાં નટરાજ તરફથી ટોળુ આવેલ જે ચાલીઓ પર પથ્થર મારો કરતુ હતુ સાહેદ લીમડા ના ઝાડ પાસે હતા ત્યારે ત્યાંના પોલીસ પોઈન્ટના કરેલ આ ફાયરીંગ થી બે મુસ્લીમ ઈસમને ઈજા થયેલ. ત્યારબાદ ટોળુ ચાલીઓમાં ઘુસેલ આમ એસ.ટી.ના ઝાંપા પાસેના ટોળામાં આ આરોપીને ગુનાહીત કૃત્ય કરતા અને અમો મુસ્લિમો પર ફાયરીંગ કરતા જોયેલ છે. આમ આ આરોપી અન્ય આરોપીઓ સાથે મળી જઈ, ગુનાહીત કૃત્ય કરવાના ઈરાદે સામાન્ય હેતુ પાર પાડવાના આશયથી ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ છે. તેવી હકીકતો આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

(૨૦) મો.રફીક અ.કરીમ શેખ, સાહેદ નં. ૨૩૦, આંક-૧૬૩૫

- તા. ૧૮.૬.૦૮ ના સીટના જવાબમાં તોફાની ટોળામા જોયેલા હતા મુસ્લિમોને આગ લગાડી સળગાવીને મારી નાંખેલ છે. પાણીની ટાંકી પાસે

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

આ ભીડમાં મનોજ વિડીયોવોળા હાજર હતો. મનોજ વિડીયોવાળાએ પોલીસવાળાની રીવોલ્વોર લઈ તેણે પોતે એ રીવોલ્વોરમાંથી ફાયરીંગ ચાલુ કરેલું, આ ફાયરીંગથી મહંમદઆબીદને કમરના ભાગે ગોળી વાગેલી. પીરૂભાઈને જમણા પગમાં ગોળી વાગેલી.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

ત્યારપછી નટરાજ તથા કૃષ્ણનગરથી ટોળાના માણસો અમારી ચાલીમાં ઘુસવા લાગેલા. તેઓએ ચાલીમાં આવીને તોડફોડ, માર કાપ, લુંટફાટ કરેલી. તેઓએ અમારી ચાલીઓમાં આગ પણ લગાડેલી. ત્યારે ભાગદોડ થવા લાગેલી. આવ ભાગદોડ બપોરના આશરે ચાર થી પાંચના અરસામાં થયેલી. ત્યારે અમે ખુબ ડરી ગયેલા.

<u>- પેજ નં.૫ પેરા નં.૯</u>

હું પણ ડરીને મારા બે બાળકો તથા મારી પત્નીને લઈને ગંગોત્રી સોસાયટી કે ગોપીનાથનગરના એક ધાબે ચડી ગયેલો. મારા બીજા બે બાળકો સવારથી જ એસ.આર.પી.કવાર્ટસમાં જતાં રહેલા. હું મારા પરીવારને લઈને આ રીતે એક ધાબે ગયો ત્યાંથી મેં જોયેલું કે, ૨૭ થી ૨૮ માણસોને ગુડ્ડુ છારા તથા સુરેશનાઓ ધક્કો મારીને એક પાણીની ટાંકી બાજુ લઈ જતા હતા. આ વખતે સાંજના પાંચથી છ વાગ્યાનો સમય થયો હશે.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

આ માણસોને પાણીની ટાંકી પાસે લઈ ગયા બાદ ટાંકીના ઉપરના ભાગમાંથી કોઈક જવલનશીલ પ્રવાહી નાંખી ત્યાં જે ૨૭-૨૮ સ્ત્રી, પુરૂષો તથા બાળકોને લઈ ગયા હતા તેઓ પર આગ ચાંપી દીધેલી. આ ૨૭-૨૮ જણાં બચાવો- બચાવોની બુમો પાડતા હતા. મેં આ બધુ જોયેલું. તથા મેં તેઓના અવાજો પણ સાંભળેલા. પરંતુ હું પોતે ખુબ ડરી ગયો હોવાથી તથા મને પોતાને એવુ થયેલુ કે, મને પણ મારી નાંખશે તેથી હું પેરાફીટની અંદર ધાબામાં જ સંતાઈ ગયેલો.

આ સાહેદે તા.૧૮-૬-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીએ પોલીસની રાયફલ ઝુંટવી અમો મુસ્લીમો તરફ ફાયરીંગ કરેલ તે રીતે ઓળખી નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આ સાહેદે આ આરોપીને નામ આપી ઓળકી બતાવેલ છે અને આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની સરતપાસમાં પણ આરોપી વિરૂધ્ધ સબબ પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવના દિવસે બનાવના સ્થળે હાજર હતા ત્યારે નટરાજ તરફથી આવેલ ટોળાએ નુ.મ. ને તતા તેની આસપાસની દુકાનોમાં આગ લગાડી બાદ માં પથ્થરમારો કરેલ આ સમયે આ આરોપીએ પોલીસવાળાની રીવોલ્વર છીનવીને ફાયરીંગ કરતા બે મુસ્લીમ ઈસમોને ગોળી વાગેલ ત્યારબાદ સાંજના સમયે નટરાજ તથા કૃષ્ણનગર તરફથી આવેલ ટોળાએ ચાલીઓમાં લુંટફાટ કરી મારકાપ કરી, ચાલીઓમાં આગ લગાડેલી અને આ સમયે પાણીની ટાંકીના ખાંચા વાળો બનાવ બનેલ જે મે નજરો નજર જોયેલ આમ આ આરોપી અન્ય આરોપીઓ સાથે મળી જઈને એક ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય વતી તે તમામ ભેગા મળીને તેમનો સમાન ઉદ્દેશા પાર પાડવા ટોળામાં સામેલ હતી મુસ્લીમો પર હુમલો કરવા પ્રેરવા તથા મુસ્લીમોની ચાલીઓને લુંટફાટ તથા આગ લગાડી નેસ્તનાબુદ કરવાનો પુરતો પુરાવો મળી આવેલ છે. આમ આ સાહેદને પણ નહી માનવાને કોઈ કારણ નથી. આ સાહેદ અન્ય સાહેદ ના પાણીની ટાંકી વાળા બનાવને સમર્થન પણ આપે છે.

## (૨૧) રાજાબક્ષ ઉર્ફે રાજેશ નબીશા સૈયદ, સાહેદ નં. ૨૩૩, આંક-૧૬૪૪

- તા. ૨૨.૬.૦૮ ના સીટના જવાબમાં જોયેલા તે રીતે નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ વખતે ટોળુ કુબેરનગરથી તથા કૃષ્ણનગરથી આવતું હતું. આ ટોળુ પથ્થરમ મારતુ નુરાની મસ્જીદ પાસે આવેલું. ત્યા તેઓ પથ્થરમારો કરતા હતા. ટોળાના માણસો નુરાની

મસ્જીદમાં ઘુસી ગયેલા. નુરાની મસ્જીદ સામે મારી તથા ઉસ્માનભાઈની કેરોસીનની લારી કેરોસીન સાથે પડેલી હતી. જેમાં મારી લારીમાં પચાસ લીટર કેરોસીન હતુ. ટોળાના માણસોએ આ બંને કેરોસીનની લારીઓ નુરાની મસ્જીદમાં નાંખીને સળગાવી દીધેલી.

- પેજ નં.૩ પેરા નં.૭

જે ટોળાએ આ રીતે અમારી કેરોસીનની લારી મસ્જીદની અંદર નાંખી દીધેલી તે ટોળામાં મનોજ સીંધી વિડીયોવાળો હતો તથા આ ટોળામાં બિપીન પંચાલ હતો. તે ટોળાના માણસોને બિપીન પંચાલ તથા મનોજ સિંધી બોલાવી લાવેલા. આ દરમ્યાન પોલીસે ટિયરગેસ છોડતાં મારા ઘરે જતો રહેલો.

આ સાહેદ તા.૨૨-૬-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીને તોફાની ટોળામાં હાજર હતા તે રીતે નામ આપેલ છે. અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આ આરોપીના નામ આપી ઓળખી બતાવેલ છે અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરાવો આપીને સબળ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાનીથી પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આ સાહેદ બનાવના દિવસે આઠ સાડા આઠે નુરાની મસ્જીદની સામે ગયેલ. ત્યારે કુબેરનગર તથા કૃષ્ણનગર તરફથી ટોળુ આવેલ જે નુરાની મસ્જીદ ઉપર પત્થરમારો કરતુ હતુ તથા નુરાની મસ્જીદને સળગાવેલ. નુરાની મસ્જીદમાં કેરોસીન લાટી નાંખવાવાળા ટોળામાં આ આરોપી હાજર હતો અને લારી મસ્જીદમાં નાંખવાના ધિર્નાના કૃત્યમાં સક્રીય ભાગ ભજવેલ હોય તેનું સ્પષ્ટ જણાય છે. આમ આ આરોપીએ કરેલ ગુનાહીત કૃત્ય ખુબ જ ગંભીર પ્રકારનો ગુનો હોઈ અને તે બાબતે તેમની વિરૂધ્ધ સબળ પુરાવો આ સાહેદની જુબાનીમાં મળી આવે છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

## (૨૨) મો. ઉસ્માન મહેમુદભાઈ શેખ, સાહેદ નં. ૨૫૮, આંક-૧૭૫૫

- તા. ૨૨.૬.૦૮ ના સીટના જવાબમાં આરોપી તોફાની ટોળાની આગેવાની કરતા હતા તે રીતે જોયેલ છે નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૭

ટોળા હિન્દુ લોકોના હતા. આ ટોળાના માણસો અમો મુસ્લીમો પર પથ્થરમારો કરતા હતા તથા સળગતા કાકડા ફેંકતા હતા. ત્યાં પોલીસ પણ હતી. પોલીસ અમારા પર ટિયરગેસ છોડતી હતી. અમે આ બધુ જોતા ડરી ગયેલા અને ગલીમાં જઈને છુપાઈને ઉભેલા. આ વખતે

ટોળાના માણસો અમારી લારીઓમાંનું કેરોસીન કાઢી મસ્જીદ પર નાંખીને સળગાવતા હતા. ટોળાના માણસો નુરાની મસ્જીદની અંદર ઘુસી ગયેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

મેં આ વખતે કૃષ્ણનગરના ટોળામાં બિપીન પંચાલને જોયેલા. નટરાજ બાજુ આવતા ટોળામાં રીક્ષા ચલાવનાર એક છોકરો જેનું નામ મનોજભાઈ સીંધી હતુ તેને પણ મેં જોયેલો. આ ધમાલમાં અમે મુસ્લીમો ખુબ ગભરાઈ ગયેલા. મારા પરીવારજનો જીગરહસનની ચાલીમાં જતાં રહેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

આ ટોળામાં બિપીનભાઈ પંચાલ તથા મનોજ સિંધી ટોળાના માણસોને ઉશ્કેરણી કરતા હતા. હું પછી મારા કુટુંબ પાસે જીગરહસનની ચાલીમાં ટોળાથી બચવા જતો રહેલો. અમે રાત સુધી જીગરહસનની ચાલીમાં જ હતા. રાતના અગીયાર સાડા અગીયારવાગ્યે અમારી કોમના બે ત્રણજણાં તથા હું બહાર આવેલા. ત્યારે એસ.ટી.વર્કશોપના ઝાંપાની સામે એક અધિકારી પોલીસની ગાડી ઉભી હતી ત્યાં બેઠેલા હતા. મેં તે અધીકારીને અમને પણ કેમ્પમાં પહોંચાડવાની વ્યવસ્થા કરવા જણાવેલું. તેમણે કહેલું કે, અત્યારે થઈ શકશે નહીં, ખુબ મોડુ થયું છે, તેથી સવારે વ્યવસ્થા કરીશું.

આ સાહેદે તા.૨૨-૬-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપી તોફાની ટોળામાં આગેવાની કરતા હતા તે રીતે જોયેલ તે રીતે નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે આ આરોપીનું નામ આપેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદો આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની વંચાણે લેતા સ્પષ્ટપણે ફલીત થાય છે કે બનાવના દિવસે સવારે નવ સાડા નવ વાગ્યાના સુમારે આ સાહેદ નુ.મ. પાસે આવેલા ત્યારે નટરાજ તથા કૃષ્ણનગર તરફ ટોળા જોયેલા. આ ટોળાના માણસો મુસ્લીમો પર પથ્થરમારો કરતા અને સળગતા કાકડા ફેંકતા હતા. કૃષ્ણનગર તરફના ટોળામાં આ આરોપીને જોયેલ તેઓ ટોળાની આગેવાની લઈ ટોળાંના માણસોને ઉશ્કેરણી કરતા હતા. આમ આ આરોપી મુસ્લીમો પર આક્રમણ કરવાના બદ્ઈરાદાને પાર પાડવા હેતુથી ટોળાના માણસોને ઉશ્કેરી ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવ્યા હોવાનું આ સાહેદની જુબાનીથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ સમગ્ર બનાવના સાહેદો મુખ્યત્વે અભણ અને પરપ્રાંતના છે. તેઓ રિવોલ્વોર અને બંદુક વચ્ચેનો ભેદ સમજી ના શકે તે સ્વાભાવિક છે. તેથી સાહેદ નં.૭૨ નાઓએ જણાવેલ છે કે, મનોજ વિડીયોવાળા પાસે રીવોલ્વોર હતી. જયારે સાહેદ નં. ૧૦૪ પણ

જણાવે છે કે, મનોજ પાસે રીવોલ્વોર હતી અને તેણે ફાયરીંગ કરેલું તે ફાયરીંગ થી આબીદને પેશાબના ભાગે ગોલી વાગેલી. આ કામના વધુ એક સાહેદ નં. ૧૮૪ તેમની જુબાનીમાં જણાવેલ છે કે મનોજ સિંધીને ફાયરીંગ કરતા જોયા છે તેઓ મુસ્લીમોના ટોળા ઉપર ફાયરીંગ કરતા હતા અને સદર સાહેદ વધુમાં એવુ પણ જણાવે છે કે મનોજ સિંધીએ પોલીસ પાસેથી બંદુક જુંટવીને ફાયરીંગ કરેલુ જેમાં આબીદ  નામનો છોકરો ગુજરી ગયેલ.

વધુમાં સાહેદ નં. ૨૩૦ જણાવે છે કે મનોજ વિડીયોવાળાએ પોલીસવાળાની રિવોલ્વોર લઈ તેણે પોતે આ રીવોલ્વોરમાંથી ફાયરીંગ ચાલુ કરેલું. આ ફાયરીંગમાં મો.આબીદને કમરના ભાગે ગોળી વાગેલી, પીરૂભાઈને જમણા પગમાં ગોળી વાગેલી.

આ ઉપરોક્ત ચારેય સાહેદોની જુબાની વંચાણે લેતા એક હકીકત સ્પષ્ટ થાય છે કે આ આરોપી મનોજ સીંધીએ બનાવના દીવસે ફાયરીંગ કરેલું અને તેમાં આબીદ નામના ઈસમને ગોળી વાગેલી અને તે ગોળી વાગતા આબીદ મરણ ગયેલ છે.

આ ઉપરોક્ત ચારેય સાહેદો સાહેદ નં.૭૩, સાહેદ નં.૧૦૪, સાહેદ નં. ૧૮૪ તથા સાહેદ નં. ૨૩૦  ની જુબાની ઉપર થી સ્પષ્ટપણે ફલિત થાય છે કે આરોપી મનોજ સિંધીએ બનાવના દિવસે ફાયરીંગ કરેલ છે અને તે ફાયરીંગથી આબીદનું મરણ થયેલ છે. આમ, આબીદના ખુન અંગેનું સીધો પુરાવો આરોપી વિરૂધ્ધ મળી આવેલ છે.

# તોહમતદાર નં.(૪૨) હીરાજી ઉર્ફે હીરો મારવાડી ઉર્ફે સોનાજી દાનાજી મેઘવાન (મારવાડી)

(૧) ઈશાકખાન સરદારખાન પઠાણ, સાહેદ નં. ૧૫૦, આંક-૧૦૪૧

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં
- તા.૧૧.૬.૦૮ ના સીટના નિવેદનમા નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

<u>- પેજ નં. ૬ પેરા નં.૧૪</u>

અમે આ રીતે એસ.આર.પી.કવાર્ટસ પહોંચ્યા અને અમને ગાળો આપી તે અગાઉ જવાનનગરના કોર્નર પાસે ૫૦-૬૦ માણસોનું એક ટોળુ હતુ. જેમાં અગાઉના ભાગે હીરા મારવાડી, જય ભવાની છારો, સુરેશ છારો તથા સહેજાદનાઓ હતા. જે મેં પોતે જોયેલું. આ ચાર તથા અન્યોએ અમોને ગાળો દીધેલી અને કાપી નાંખો, મારી નાંખો તેવું બધો બોલતા હતા અને તેઓએ એવુ પણ કહેલું કે,કયા જાવ છો, મિંયાઓ હવે કયાં જશો, હવે તમારો અંત છે, આજે અમે તમોને કાપી જ નાંખીશું. આ ચારેયના હાથમાં તલવારો હતી.

<u>- પેજ નં. ૮ પેરા નં.૧૮</u>

ત્યાં પહોચતા મેં જોયુ કે, જયભવાની, સુરેશ છારો, હીરા મારવાડી તથા સહેજાદનાઓ કે જેઓના હાથમાં હથીયારો હતા તેઓ તમામ એક નગીના નામની છોકરીની બહેન તથા માં સાથે છીનાઝપટી કરતા હતા અને તેઓ બંનેને નોંચતા હતા. હું તે જોઈને ભાગેલો. આ રીતે ભાગીને હું ગંગોત્રી સોસાયટીના ધાબે આવેલો. ત્યાં આવી મેં મારી પત્નીને કહ્યું કે, નીકળવાની કોઈ શક્યતા નથી.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા તા.૧૧-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. તેમજ નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીને નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરતો પુરાવો આરોપી વિરૂધ્ધ આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી એસ.આર.પી. ક્વાર્ટસ પાસે બીજા તો.દારો સાથે હાજર હતો અને આરોપી મુસ્લિમોને ગાળો આપી મારી નાંખો, કાપી નાંખો, એવુ બોલતો હતો અને એવુ પણ કહેલ કે 'મીંયાઓ હવે ક્યાં જાવ છો, મીંયાઓ હવે ક્યાં જશો હવે તમારો અંત છે આજે હમે તમને કાપી નાંખશું' તેવુ જણાવેલ છે સાહેદે આરોપીતે તલવાર સાથે જોયેલ છે આમ આ આરોપી હથિયાર ધારણ કરી ગેરકાયદેસર મંડળી સામેલ હોવાનું તેમજ જાહેરમાં ગાળો

બોલી, જાનથી મારી નાંખવાની ધમકી આપતો હોવાનું તેમજ માર કાપ કરતો હોવાનું પુરતો પુરાવો મળી આવે છે. સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે આમ આરોપી વિરૂદ્ધ સાહેદે આપેલ પુરાવો નહિ માનવાને કોઈ કારણ નથી.

(૨) બશીરભાઈ ઉસ્માનભાઈ , સાહેદ નં. ૧૮૩, આંક-૧૨૬૩

- ૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં  નામ આપેલ છે – ઓળખેલા છે.

- પેજ નં.૨ પેરા નં.૪

બનાવ તા.૨૮.૨.૦૨ ના રોજ બનેલો. તે દિવસે મારી નાઈટ ડયુટી હતી. હું સવારના સાતેક વાગ્યે મારી નોકરી પરથી મારા ઘેર આવી સુઈ ગયેલો. સવારે આશરે નવ વાગ્યે અમારી ચાલીવાળાઓએ ટોળું આવ્યું છે તેવું જણાવતા મેં બહાર આવીને જોયુ તો ટોળું હતુ. મેં બહાર હાઈવે પર આવીને જોયેલું. ટોળુ નુરાની મસ્જીદ, કૃષ્ણનગર એમ ચારે બાજુ હતુ. આ ટોળુ પથ્થરમારો કરતું હતું. તેઓ અમારા લોકો પર પથ્થરમારો કરતું હતું. પથ્થરમારો થતો હોવાથી હું અમારી ચાલીમાં પાછો ગયેલો અને મારી પત્ની તથા બાળકોને લઈને ગંગોત્રી સોસાયટી તરફ જતો રહેલો.

- પેજ નં.૨ પેરા નં.૫

આ ટોળામાં સહેજાદ છારો, ગુડ્ડુ છારો, ભવાની તથા હીરા મારવાડીનાઓ હતા. હીરા મારવાડી તથા ગુડ્ડુ છારાના હાથમાં તલવાર હતી.

આ સાહેદે તા.૧૩-૫-૦૨ ના પોલીસ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી એવુ ફલીત થાય છે કે બનાવના દિવસે સવારના આ સાહેદે બહાર હાઈવે પર આવીને જોયું તો કૃષ્ણનગર તરફતી ટોળુ આવેલ અને તે પથ્થરમારો કરતુ હતુ આ ટોળામાં આ આરોપીને નજરો નજર જોયેલ. આ ટોળાએ બનાવના દિવસે આ સાહેદનું ઘર તોડફોડ કરી લુંટફાટ કરી નુકશાન કરેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૪૩) હરેશ પરશુરામ રોહરા</u>

## (૧) વિનુભાઈ ખેમાભાઈ દલવાડીયાં(ફરીયાદી) (વી.કે.સોલંકી) સાહેદ નં. ૨૬૨, આંક-૧૭૭૦

- તા. ૨૮.૨.૦૨ ની ફરીયાદ માં (એફ.આઈ.આર) નામ આપેલ છે.- ટોળામાં આગેવાની કરતા બતાવેલ

- તા.૨૬..૦૨ ના નિવેદનમાં ઓળખનો ખુલાસો કરેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૮,</u>

આ દરમ્યાન અમારા જે તે સમયના નાયબ પોલીસ કમિશ્નરશ્રી, પી.બી.ગોંદિયા સાહેબ તેમજ જી ડીવીઝનના એ.સી.પી. શ્રી એમ.ટી.રાણા સાહેબ તેમજ નરોડા પોલીસ સ્ટેશનના સીનીયર પો.ઈ.શ્રી કે.કે.મૈસોરવાલાનાઓ પણ આ જગ્યા પર આવી ગયેલા. તે વખતે કૃષ્ણનગર, સૈજપુર ફદેલી, કુબેરનગર, છારાનગર એમ તમામ જગ્યાથી લોકોના ટોળેટોળા નુરાની મસ્જીદ તેમજ હુસેનનગરના છાપરા પાસે આવી એકઠા થઈ ગયેલા.

<u>- પેજ નં.૫-૬ પેરા નં,૯</u>

આ ટોળામાં તે સમયે આગેવાન તરીકે વી.એચ.પી. તેમજ ભાજપ ના સક્રિય કાર્યકરો કિશન કોરાણી, પી.જે.રાજપુર, હરેશ રોહેરા, બાબુ બજરંગી તેમજ રાજુ ચૌમલનાઓ હતા. તેઓ ટોળાઓની આગેવાની લઈ ટોળાઓને ઉશ્કેરતા હતા અને જોત જોતમાં મુસ્લીમ કોમની દુકાનો, મકાનો તેમજ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તોડફોડ કરતા હતા સળગાવી નાંખી લુટફાટ કરતા હતા.

હું જણાવી ગયો તેમ તે પાંચેય જણાં મારી નાખો કાપી નાંખો તેવી બુમો પાડી ટોળાના માણસોની ઉશ્કેરણી કરતા હતા. જેથી ટોળાંને વિખેરી નાંખવા માટે અમારી જીપમાંના લાઉડ સ્પીકરમાંથી વારંવાર એનાઉન્સમેન્ટ કરી ટોળાને વિખેરાઈ જવાની વોર્નીગ આપેલી. આવી વોર્નીગ આપી હોવા છતાં ટોળાના માણસો બેફાન બની દુકાનો, મકાનો સળગાવવાનો તથા નુરાની મસ્જીદને સળગાવવાનું ચાલુ રાખેલ અને આ ટોળાના માણસો આ તમામ જગ્યાએ લુંટફાટ પણ કરતા હતા.

આ સાહેદે સમગ્ર બનાવ સમયે તે એફ.આઈ.આર. માં આરોપીનું નામ ટોળાંની આગેવાની કરતા બતાવેલ છે અને ના.કોર્ટની રૂબરૂની જુબાનીમાં આરોપી સામે પુરાવો આપેલ છે.

આ સાહેદે આરોપીનું નામ શરૂઆતથી જ બનાવના પ્રથમ દિવસથી જ હોવાની આગેવાની કરતા બતાવેલ છે અને એફ.આઈ.આર.માં પણ એ રીતે જણાવેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે સાહેદે આરોપીને નુરાની મસ્જીદ પાસે તેમજ હુસેનનગરના છાપરા પાસે ના ટોળામાં ટોળાની આગેવાની કરતા જોયેલ છે તેમની સાથે બીજા તો.દારો પણ હાજર હતા. આ સાહેદે આ સમગ્ર બનાવ તેમની ફરજ ઉપર હાજર પેટ્રોલીંગ કરતી વખતે નુરાની મસ્જીદ પાસેથી જોયેલ છે તેવુ આ સાહેદની જુબાની ઉપરતી સ્પષ્ટપણે જણાઈ આવેલ છે. આમ સાહેદ નજરે નજર જોનાર સાહેદ છે આ સાહેદે આરોપીને ટોળાની આગેવાની કરતા તેમજ ટોળાને ઉશ્કેરણી કરતા તેમજ મુસ્લીમોની દુકાનો મકાનો તેમજ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તોડફોડ કરી સળગાવી નાંખી લુંટપાટ કરતા સાહેદે આરોપીને પોતાની નરી આંખે જોયેલ છે.

આમ સાહેદની જુબાની પ્રમાણે આરોપી નુરાની મસ્જીદ પાસેના ટોળામાં હાજર હતો અને ટોળાને ઉશ્કેરણી કરતા હતા જેથી ટોળાને મનોબળ મળેલ અને ટોળુ વધુ ઉગ્ર બનેલ અને ત્યારબાદ આરોપીએ નુરાની મસ્જીદને ટાર્ગેટ બનાવી તેમાં તોડફોડ કરી મકાનો દુકાનોને આગ લગાવી લુંટફાટ કરેલ છે તેવુ સ્પષ્ટપણે સાહિત થાય છે જે નહી માનવાને કોઈ કારણ જણાઈ આવતુ નથી.

આ સાહેદને ના.કોર્ટને જુબાનીમાં સાહેદનું નામ આપી ઓળખી બતાવેલ છે.

## <u>તોહમતદાર નં.(૪૪) બીપીનભાઈ ઉર્ફે બીપીન ઓટોભાઈ ઉમેદરાય પંચાલ</u>

### (૧) બાસુદ્દીન મૈયુદ્દીન સૈયદ સાહેદ નં. ૭૩, આંક-૫૧૪

- નામ આપ્યુ ઓળખ્યા નથી
- સીટના જવાબમાં નામ છે.
- પોલીસ જવાબમાં નામ છે.- તલવાર અને રિવોલ્વોર હાથમાં હતી
- <u>પેજ નં.૫ પેરા નં.૮</u>

તે દીવસે સવારે આઠ વાગ્યાના સુમારે કૃષ્ણનગર તરફથી એક મોટુ હિન્દુઓનું ટોળુ આવતું હતુ. આ ટોળાના અવાજો સાંભળી હું નેશનલ હાઈવે રોડ ઉપર આવી ગયેલો. હું બહાર આવી જય અંબે પાનના ગલ્લા પાસે ઉભો રહેલો. મારી સાથે ચાલીના મુન્નાભાઈ પણ હાજર હતા. આ હિન્દુઓનું ટોળુ કૃષ્ણનગરથી નુરાની મસ્જીદ તરફ આવતું હતુ. આ ટોળાંની આગેવાની બીપીન પંચાલ, ગુડ્ડુ છારા અને તેના બે સગાભાઈઓની હતી. આ હિન્દુ ટોળાના માણસો પાસે તલવારો, ત્રિશુલ, ભાલા, રીવોલ્વર તથા લોખંડની પાઈપો જેવા હથીયારો હતા.

આ સાહેદે તા............ના રોજ પોલીસ રૂબરૂના નિવેદનમાં આ આરોપી તલવાર તથા રીવોલ્વર સાથે ટોળામાં હતા તે રીતે તથા તા...........ના રોજ શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. તથા નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આ આરોપીનું નામ આપેલ છે. અને આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની પરતી એવુ સ્પષ્ટપણે ફલીત થાય છે કે બનાવના દિવસે સવારે ૮ વાગ્યાના સુમારે કૃષ્ણનગર તરફથી હિન્દુઓનું ટોળુ આવેલ તે ટોળાની આગેવાની આ આરોપી કરતા હતા. આ ટોળાના માણસો પાસે હથીયારો હતા. આ આરોપી અન્ય આરોપીઓ સાથે મળી જઈ સમાન ઉદ્દેશ્ય પાર પાડવાના ગુનાહીત કાવતરાના ભાગ રૂપે બનાવમાં સક્રિય ભાગ ભજવેલ છે. આ આરોપીની આ સાહેદ નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી શકેલ નથી કારણ કે બનાવના ઘણાં વર્ષે થઈ ગયેલ હોઈ આરોપીનો શારિરીક વર્ણનમાં ફેરફાર થયેલ હોય તે સ્વભાવીક છે. પરંતુ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપેલ છે. અને પુરતો પુરાવો આપેલ છે. જેને નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતું નથી.

### (૨) સલીમ રોશનઅલી શેખ, સાહેદ નં. ૩૭, આંક-૨૫૬

- શીટના જવાબમાં તોહમતદારના નામ છે. હથીયાર સહિત

- તોહમતદારે તેના પુત્રને , કઝીન શરીફને મારી નાંખી સળગાવી દીધેલ હકીકત છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપ્યુ તથા આરોપી નં.૨૨ ને ઓળખ્યા.

<u>- પેજ નં.૫ પેરા નં.૮</u>

આ ટોળાની આગેવાની ગુડુ છારો, સુરેશ લંગડો કે જે પણ છારો છે, દરબાર નામનો એક માણસ બીપીન ઓટોવાળા, પીન્ટુ તથા પીન્ટુના પિતા દલપતનાઓએ લીધેલી. આ ટોળાના હું જણાવી ગયો તે ગુડુ છારાના હાથમાં તલવાર, સુરેશ લંગડાના હાથમાં ધારીયું, દરબારના હાથમાં ધારીયું, બીપીન ઓટોવાળાના હાથમાં પાઈપ, પીન્ટુ તથા દલપતના હાથમાં પણ પાઈપો હતી. હું છેલ્લા દસ વર્ષથી નરોડા પાટીયા ખાતે રહેતો હોઈ આ ટોળામાંના હું જણાવી ગયો તે નામધારી વ્યક્તિઓને ઓળખું છું.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૨</u>

ત્યારે જવાનનગર ગંગોત્રી સોસાટીના ઝાંપા પાસે મોટુ હિન્દુઓનું ટોળું આવી ગયેલું......તે વખતે ટોળુ વધી ગયેલું સાંજના છ સાડા છ વાગ્યાનો સમય થઈ ગયેલો, અને પોલીસે ટીયરગેસ છોડેલો ત્યારે મારો દીકરો સીદીક મારાથી છુટો પડી ગયેલો. હું ધાબા પરથી નીચે આવતો હતો ત્યારે મેં જોયું કે, હું ઉપર જણાવી ગયો તે ૬ જણાં જેમાં ગુડ્ડુ, સુરેશ, દરબાર, બીપીન ઓટોવાળા, પીન્ટુ, દલપત વગેરે હતા તેમણે મારા દીકરા સીદીકને આ ટોળામાં યાને કે હિન્દુઓના ટોળામાં ખેંચી લીધેલો.

ગોપીનાથ સોસાયટીની પાણીની ટાંકી પાસે મારા દીકરા સીદીકને ગુડ્ડુએ પાછળથી માથામાં પાઈપ મારેલો, દરબારે ધારીયું પેટમાં મારીને સીદીકને નીચે પાડી દીધેલો તથા બીપીન તથા અન્ય ત્રણનાઓએ તેને ખેંચીને કેરોસીન નાંખી ગોદડા વગેરે નાંખી જ્વલનશીંલ પ્રવાહી નાંખી સળગાવેલો. આ મેં જોયેલું મારો દીકરો સીદીક ગુજરી ગયેલો. આ વખતે મારા દીકરાને આ રીતે મારતા હતા તે જોવાથી મારા મોઢામાંથી ચીસ નીકળી ગઈ ત્યારે ટોળામાંથી કોઈકે આ રહ્યો મીંયો એવુ કીધું ટોળામાંથી કોઈકે પકડો પકડો આ રહ્યો મીંયો તેવું કહેતા હું ગંગોત્રી સોસાયટી બાજુ ભાગી જઈ સંતાઈ ગયેલો.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૩</u>

પાણીની ટાંકી પાસે બનેલ બનાવમાં મારો મામાનો દીકરો શરીફ હતો. તેને પણ આ ટોળાંએ મારા દીકરા સીદીકને માર્યો તે રીતે મારી નાંખેલો, આ વખતે આશરે સાડા છ પોણા સાતનો સાંજનો સમય હતો.

આ સાહેદો શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીને હથીયાર સહીત જોયેલા તે રીતે નામ આપેલ છે. અને સાહેદના પુત્ર તથા ભત્રીજા શરીફને મારી સળગાવી દીધેલાની હકીકત આ જવાબમાં જણાવેલ છે. તેમજ આ સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની

જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે બનાવના દિવસે સવાર નવ વાગ્યાના સુમારે નટરાજ હોટલ તરફથી હિન્દુઓનું ટોળું આવેલ અને નુરાની મસ્જીદ ઉપર હુમલો કરેલ અને મસ્જીદને નુકશાન કરેલ તે સમયે સાહેદ એસ.ટી.ના ખુણાં પાસે ઉભા હતા આ ટોળાના માણસોમાં ખાખી ચડ્ડી કેસરી પટ્ટી, સફેદ બનીયાન ધારી લોકો હતા તેમના હાથોમાં ઘાતક હથીયારો હતા જ્વલનશીલ પદાર્થો પણ હતા. આ ટોળામાં આ આરોપી હાથમાં પાઈપ સાથે અન્ય આરોપી સાથે હાજર હતો. આ ટોળાએ અમારી ચાલીઓના ઘરો પર તોડફોડ કરી નુકશાન કરેલ ત્યારબાદ સાંજના પુત્ર સીદ્દીક અલગ પડી ગયેલ પછી સાહેદે જોયેલ તો આ આરોપી અન્ય આરોપી સાથે મળી જઈ પાણીના ટાંકીના ખાંચા પાસે ખેંચી લઈ માથામાં પાઈપ મારી નીચે પાડી દઈ જીવતો સળગાવી દીધેલ અને તેમજ કરવામાં આ આરોપી તથા અન્ય આરોપીઓ પણ હતા તે જ રીતે આ આરોપીએ મારા ભત્રીજા શરીને પણ પાણીની ટાંકી પાસે અન્ય આરોપી સાથે મળીને જાનથી મારી નાંખેલા તેની હકીકત સ્પષ્ટ રીતે ફલીત થયા છે. આમ આ આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી જઈ એક સંપ થઈ તેમનો સમાન ઈરાદો પાર પાડવાના આશયથી તથા મુસ્લીમોને મોતને ઘાટ ઉતારવાના ઈરાદાને પાર પાડવાના આશયથી ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની એક સંપ થઈ મનુષ્ય વધનો ગુનો કરી ગુનાહીત કૃત્ય કરેલ છે. તેવુ આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. તે નહી માનવા કોઈ કારણ નથી.

### (૩) અમીના અબ્બાસભાઈ બેલીફ, સાહેદ નં. પર, આંક-૪૨૫

- શીટના તા. ૩૦.૫.૦૮ ના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે.- ઓળખેલ નથી
- <u>પેજ નં.૧૧પેરા નં.૨૨</u>

મસ્જીદની ચાલી છે જે ધનુરધારી માતાના રોડ પર આવેલી છે તેમાં જતી રહેલી. ત્યાં હું રોડ ઉપર ઉભી રહેલી મેં ત્યાં બીપીનભાઈને ગોળીબાર કરતાં જોયેલા. આ બીપીનભાઈનું ગેરેજ બોમ્બે નેશનલ હાઈવે પર ધનુરધારી માતાની રોડ પર આગળની સાઈડે આવેલું છે. આ બીપીનભાઈ ગેરેજની ઉધારથી ગોળીબાર કરતા હતા તેઓ ધાબા પર હતા.

આ સાહેદે શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂદ્ધ સબબ પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આ સાહેદ બનાવના દિવસે સવારે નવ વાગ્યાના સુમારે ખાલી યુનીફોર્મ પહેરી બહાર આવેલા ત્યારે જોયુ તો ટોળાઓ હતા તેમની પાસે હથીયારો હતા ટોળાના માણસો કેસરી પટ્ટી ધારણ કરેલ હતા, નારાઓ લગાવતા હતા. તેઓએ નુરાની મસ્જીદ પર પત્થરમારો કરેલ, તોડફોડ કરેલ ત્યારબાદ આ સાહેદ ધર્નુરધારી માતાના મંદીર પાસે આવેલ મસ્જીદની ચાલી પાસે ઉભી હતી. ત્યારે આ આરોપીને ગોળીબાર કરતા જોયેલાં અને તેઓ તેમના ગેરેજ પરથી ગોળીબાર કરતા હતા. આમ આ સાહેદે આ આરોપીને બનાવના સ્થળે નજરો નજર ગોળીબાર કરતા અને મુસ્લીમો પર આંતક ગુજરાતા જોયેલ છે. આ આરોપીએ મુસ્લીમોને મારી નાંખવાના ઈરાદે ફાયરીંગ કરેલ છે. આમ આ આરોપીએ બનાવના દિવસે ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ છે. તે આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે.

### (૪) હુસેનભાઈ વલીભાઈ કલાડીયા, સાહેદ નં. ૧૦૫, આંક-૬૭૬

- તા.૨૮.૬.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખેલ નથી
- <u>પેજ નં.૬ પેરા નં.૧૦</u>

નરોડા પાટીયા વિસ્તારના ઘણાં લોકો આ ટોળામાં હતા......આ ટોળામાં મનોજ સીંધી, સુરેશ લંગડો, બીપીન ઓટોવાળો, ગુડુ છારો, ભવાનીસીંગ તથા તિવારીનાઓના હતા.

આ સાહેદે તા.૨૮-૬-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે. તેમજ કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આ સાહેદે આરોપીનું નામ આપેલ છે. તેમજ આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ સાહેદે બનાવ નજરો નજર જોયેલ છે અને તેઓ નરોડા પાટીયા વિસ્તારના કેટલાક લોકો ને ઓળખેલા છે. જેઓ બનાવના દિવસે મુસ્લિમોને મારકાપ કરતા જીવતા સળગાવતા હતા તે ટોળામાં સામેલ હોવાનું જણાવેલ છે આરોપીનું નામ આપેલ છે આ આરોપી પણ ગુનાહિત

કૃત્ય કરતા ટોળામાં સામેલ હોવાનું જણાઈ આવે છે આમ આ સાહેદની જુબાની નહિ માનવાને કોઈ કારણ નથી.

### (૫) મહંમદ કલુભાઈ ખલીફા, સાહેદ નં. ૧૦૭, આંક-૬૯૮

- તા.૩૧.૫.૦૮ ના સીટના જવાબમાં નામ છે. રિવોલ્વોર સાથે હતો.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખેલ નથી
- પેજ નં.૩ પેરા નં.૭

હું જે તોફાની ટોળું જણાવી ગયો તેમાં ભવાની હતો, દલપત છારો હતો, બીપીન ઓટોવાળો હતો, પી.એમ. શાહ જે એસ.ટી. ના કર્મચારી છે તે તથા ગોહેલ જમાદાર હતા. જેમાં ભવાની પાસે પાઈપ હતી. દલપત પાસે તલવાર હતી, બીપીન ઓટોવાળા પાસે રીવોલ્વોર હતી. ગોહેલ જમાદાર તથા પી.એમ.શાહ ટોળાના માણસોને ડીઝલ અને કેરોસીન આપતા હતા તથા તેઓ મારો કાપો ની બુમો પાડતા હતા. મેં આ તમામને જોયેલા.

- પેજ નં.૪ પેરા નં.૧૧

દલપત છારો તથા જયભવાની મને જાણ થઈ છે તેમ મરણ ગયેલ છે. હાલમાં બીપીન ઓટોવાળા છે. હું તેમને ઓળખી શકું. હું પી.એમ. શાહને પણ ઓળખી શકું.

આ સાહેદે તા.૩૧-૫-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપી રીવોલ્વર સાથે ટોળામાં હતો તેવુ જણાવેલ છે. તેમજ નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની પરથી એવુ સ્પષ્ટ ફલીત થાય છે કે બનાવના દિવસે દસ વાગ્યના સુમારે હિન્દુઓના ટોળા ભેગા થયેલા અને પથ્થરમારો કરતા હતા. આ ટોળામાં અન્ય આરોપી સાથે આ આરોપી પણ સામેલ હતા. આ આરોપી પાસે રીવોલ્વર હતી આમ આ આરોપી રીવોલ્વર સાથે ટોળામાં હાજર હતા તે સાબીત કરે છે કે તેઓ મુસ્લીમોને મારી નાંખવાના ઈરાદા સહીત આવેલ અને તેઓ અન્ય આરોપી સાથે મલી ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

### (૬) ઈકબાલહુસેન અમીરમીંયા કુરેશી, સાહેદ નં. ૧૦૮, આંક-૭૦૨

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
-તા.૧૨.૬.૦૮ ના સીટના જવાબમાં પણ નામ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ ખુલેલ છે પરંતુ ઓળખેલ છે.

- <u>પેજ નં.૨ પેરા નં.૪</u>

હું પસાર થતો હતો ત્યારે મે ટોળામાં જોતાં એક પપ્પુ સીંધી, મનોજભાઈ, બીપીનભાઈનાઓ ટોળામાં હતા. ત્યારબાદ હું જતો હતો ત્યારે સામસામો પથ્થરમારો થતો હતો ત્યારે હું મારે ઘેર ગયેલો.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ના પોલીસ રૂબરૂના જવાબમાં તથા ૧૨-૬-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે આ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવના દિવસે કામ પરથી સવારના પરથી કરેલ ત્યારે પાટીયા સર્કલ પાસે પથ્થરમારો થતો જોયેલ તે ટોળામાં આરોપીને જોયેલ. આ ટોળુ જવાનનગર તરફ વધતા જોયેલ. આ બનાવમાં સાહેદની માતાને દાઝી જવાથી તતા પિતાને પથ્થરમારા થી ઈજા થયેલ જેમની સારવાર કેમ્પમાં કરાવેલ. આ તોફાનોમાં સાહેદની ઘરવખરીને લુંટી લઈ નુકશાન કરેલ છે. આમ આ આરોપીએ ટોલામાં ભળી જઈ ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ હોય તેવુ સ્પષ્ટ જણાય છે. આથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

### (૭) ઈબ્રાહીમ છોટુભાઈ શેખ, સાહેદ નં. ૧૧૫, આંક-૭૪૭

- ૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે

- ૧૮.૬.૦૮ ના સીટના જવાબમાં નામ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખ્યા છે

<u>- પેજ નં.૨ પેરા નં.૩</u>

બનાવ તા. ૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. હું સવારે સાડા નવ દસ વાગે મારે ઘેર હતો. . .. . હું રોડ પર એસ.ટી. વર્કશોપની બાજુમાં જોવા આવેલો. ત્યાં હિન્દુઓનું ટોળું મેં જોયુ ત્યારે ભેગુ થયેલું હતું. આ ટોળું નુરાની મસ્જીદ પાસે ભેગું થયેલું. આ ટોળાના માણસો મસ્જીદની પાસે તથા મસ્જીદની અંદર તોડફોડ કરતા હતા અને મારો કાપોની બુમો પાડતા હતા.

<u>- પેજ નં.૨ પેરા નં.૪</u>

આ ટોળામાં આગેવાનમાં બિપીન ઓટોવાળો, મુરલી સીંધી, ગુડ્ડુ છારાનાઓ હતો. આ ત્રણજણાં હિન્દુઓના ટોળાને ઉશ્કેરતા હતા અને મારો કાપો કરતા હતા.. . . . . . મે મારા

ઘરે ફાયરીંગના અવાજ સાંભળેલા. ટોળું અમારી ચાલીમાં ધુસી ગયેલું. તેઓ મારા ઘર પાસેના રોડની દુકાનો સળગાવતા હતા.

આ સાહેદે તા.૧૩-૪-૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા તા. ૧૮-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ સાહેદે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો સામેલ છે.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાની આપ્યા મુજબ સાહેદ સવારે ૯:૦૦ – ૧૦:૦૦ વાગે રોડ ઉપર ગયેલા ત્યાં તેમણે મસ્જિદને તોડફોડ કરતા મારો કાપોની બૂમો પાડતા જોયેલા આ ટોળાની આગેવાની બીજા આરોપી સાથે આ આરોપીએ લીધેલી અને ટોળાને ઉશ્કેરણી કરી મારો-કાપોની બુમો પાડતા હતા. આ સમગ્ર બનાવ સાહેદ એસ.ટી.વર્કશોપની બાજુમાંથી જોયેલ છે. અને ત્યારબાદ ટોળાં ચાલીઓમાં ઘુસી ગયેલા અને દુકાનોને સળગાવેલ આમ સદર આરોપીએ સદર બનાવમાં સક્રિય ભાગ ભજવેલ છે તેઓએ બીજા તો.દારો સાથે મળી ટોળાની આગવાની લઈ ગુનાહિત કાવતરાને સફળ બનાવેલ છે. જેના ફળસ્વરૂપે સદર બનાવમાં ૯૮ જેટલા મુસ્લિમોના મે મારી નાંખેલ છે. સ્ત્રીઓ ઉપર બળાત્કાર થયેલ છે. મકાનો દુકાનોને આગ લગાડેલ છે. જો આ આરોપી ટોળાની આગેવાની લઈ ટોળાને સહકાર ન આપ્યો હોત તો આટલી મોટી ખુંવારી ન થઈ હોત આમ આ સાહેદની જુબાની જોતા આરોપી સામે ગંભીર પુરાવો આવે છે. આ સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

આમ આ સાહેદની સરતપાસ નહી માનવાને કોઈ કારણ નથી.

### (૮) બસીરખાન નન્નેખાન મનસુરી, સાહેદ નં. ૧૩૬, આંક-૮૯૮

- ઈન્જર્ડ વિટ્નેસ
- ૧૮.૩.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- ૨૭.૩.૦૮ નાસીટના જવાબમાં નામ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલા છે.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

હિન્દુ ટોળાઓ પહેલા નુરાની મસ્જીદ પાસેની દુકાનોમાં લુંટફાટ કરી સળગાવી દીધેલું. ત્યારપછી તેઓ અમારી વસ્તી તરફ આવેલા અને હુસેનનગરમાં ઘુસેલા. આ વખતે અમે ખુબ જ ગભરાયેલા હતા. અમારા ઘરવાળા આવીને અમને લઈને ગયેલો. તેઓ પાછળ અમને જવાનનગર ગંગોત્રી સોસાયટી તરફ લઈ ગયેલા. અમે જવાનનગરમાં રોકાયેલા. ત્યાં પણ અમને એસ.આર.પી.વાળા અંદર જવા દેતા ન હતાં.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૭</u>

મે એસ.ટી.વર્કશોપ પાસે જોયેલ ટોળામાં સહેજાદ છારાને, બીપીન ઓટોવાળાને તથા ગુડુ છાપાને જોયેલા. તેઓ ટોળાની આગેવાની કરતા હતા.

આ સાહેદે તા.૧૮-૩-૦૨ના પોલીસ રૂબરૂના જવાબમાં તથા તા. ૨૭-૫-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં નામ આપેલ છે. તેમજ કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂદ્ધ સબબ પુરાવો આપેલ છે.

આ સાહેદે બનાવના નજરો જોનાર સાહેદ છે તેમને બનાવના દિવસે ખભાના ભાગે ગોળી વાગેલી છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી નુરાની મસ્જિદ પાસે મુસ્લિમોની મિલ્કતને લુંટફાટ, આગ લગાડવામાં સામેલ હતો અને તેણે સહ તો.દારો સાથે મળી હોવાની આગેવાની લઈ લુંટફાટ, અને મિલ્કતોને નુકશાન પહોંચાડેલનું સાબીત થાય છે સાહેદે આરોપીને ગુનાહિત કૃત્ય આચરતા નજરો નજર જોયેલા છે.

સાહેદે ના. કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલા છે.

## (૯) જન્નતબીબી કલ્લુભાઈ શેખ, સાહેદ નં. ૧૪૨, આંક-૯૬૧

- તા.૧૩.૪.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા. ૨૮.૫.૦૮ શીટ રૂબરૂના જવાબમાં છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

ત્યારબાદ સવારના અગીયાર સવા અગ્યાર વાગ્યાના સમયે અમારી ચાલીમાં ભવાનીસીંગે એવું જણાવેલું કે, તપેલુ આપો, તમારા માટે કઢી ખીચડી બનાવીશ, મેં તેઓને કહ્યું કે, અમને અમારા જીવની પડી છે, ત્યારે તુ તપેલાની વાત કરે છે, અમે તને તપેલું કયાંથી

લાવી દઈએ. ત્યારે ભવાનીસીંગે એવુ કહેલું કે, તમે કઢી ખીચડી ખાઈને આરામથી સુધી જજો. પછી ભવાનીસીંગ અમને તમારે મરવાનું જ છે. બચવાનું નથી, તેવુ કહી ગાળો દઈ જતો રહેલો.

- પેજ નં.૫ પેરા નં. ૯

તેણે જતાં જતાં ઈશારો કરેલો જેથી ટોળું આવેલું. આ ટોળામાં સુરેશ છારો, ગુડ્ડુ છારો, સહેજાદ છારો તથા બિપીન પંચાલ હતા. જેમાં સુરેશ, ગુડ્ડુ તથા સહેજાદ પાસે તલવાર હતી અને બિપીનને ગુડ્ડુ બુમ પાડીને કહેતો હતો કે, બિપીન ગોળી માર. આ બિપીનના હાથમાં પિસ્તોલ હતી. આ ચારજણાં ટોળામાંથી આગળ હતા.

આ સાહેદે તા.૧૩-૪-૦૨ના પોલીસ રૂબરૂના જવાબમાં તથા તા. ૨૮-૫-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી સામે સાહેદે સબબ પુરાવો આપેલ છે.

સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે ભવાનીસીંગે જે ટોળાને ઈશારો કરી બોલાવેલ તે ટોળામાં આ આરોપી તલવાર સાથે આવેલો અને આ સાહેદે આરોપીને ગુનાહિત કૃત્ય કરતા ટોળામાં હથિયાર સાથે જોયેલ છે. સાહેદે એવુ પણ જણાવેલ છે કે આરોપી ટોળામાં સૌથી આગળનો આમ આરોપી ટોળાની ાગેવાની કરતો હોવાનું સાબીત થાય છે તેની આગેવાની હેઠળના ટોળો મારકાપ અને મિલ્કતને નુકશાન પહોંચાડવાનું કૃત્ય કરેલ છે. આમ આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે.

સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદને નહિ માનવાનું કોઈ કારણ નથી.

(૧૦) દિલદાર ઉમરાવ સૈયદ સાહેદ નં. ૧૪૩, આંક-૯૭૫

- પોલીસ જવાબમાં નામ નથી.

- ૧૪.૯.૦૮ ના શીટના જવાબમાં નામ છે

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં ના આપેલ છે – ઓળખ્યા છએ

- પેજ નં.૪ પેરા નં.૭

આ પછી દસમીનીટ પછી સફેદ કલરની એક મારૂતી ગાડી જીપની બાજુમાં આવીને ઉભી રહેલી. માયાબેન કોડનાની જે અમારા ધારાસભ્ય છે તે આ મારૂતીમાંથી ઉતરેલા. તેમણે સફેદ કલરની સાડી પહેરેલી અને માથે કેસરીપટ્ટી બાંધેલી. આ મારૂતિમાંથી ત્યારપછી બીપીન પંચાલ નીકળેલા, મુરલી સીંધી નીકળેલા, તેમાંથી ગુડ્ડુ છારો પણ નીકળેલ. આ મારૂતી

ગાડીની પાછળ ટોળુ આવેલું. આ ટોળુ આશરે વીસહજાર માણસોનું હશે. આ ગાડીનો દરવાજો ખોલી તેમાંથી તલવારો કાઢી તે તલવારો વહેંચેલી. આ વખતે મને બીપીન પંચાલ જોઈ ગયેલો તો તેઓ મારી પાછળ ભાગેલા. તેમણે મને કહેલું કે, જતો રહે, સાલા નહીંતર કાપી નાંખીશ. આ વખતે હું ભાગીને મરાઠાના ઘરમાં જતો રહેલો. આ મરાઠાના ઘરમાં એક ડોસા, ડોસી હતા. ટોળાના માણસોએ મારી ગાડી ચાલુ કરવાની કોશિશ કરેલી. તેઓથી ગાડી ચાલુ થયેલી નહીં.

- પેજ નં. ૪ પેરા નં. ૮

તેઓએ આ ગાડીને ધક્કો મારીને જવાનનગરની દીવાલ તોડેલી. તેઓએ પછી ગાડીને સળગાવી મુકેલી. આ બધુ હું મરાઠીના મકાનમાંથી જોતો હતો. હું ત્યારપછી એસ.આર.પી.ના કોટના સહારે સહારે નીકળેલો અને આ કોટ કુદીને મારા ઘરે જતો રહેલો. મારા ઘર પાસે જઈને જોતા ત્યાં ગેસના બાટલા ફોડવાનો અવાજ આવતો હતો, અમારા મુસ્લીમોના મકાનો બાળી નાંખેલા. આ સમયે બપોરના આશરે બે વાગ્યા હશે.

- પેજ નં.૭ પેરા નં. ૧૨

આ વખતે હું ભાગવા જતા મારા જમણા પગ પર કોઈએ તલવાર મારેલી, જેથી મારો પગ છોલાઈ ગયેલો. હું તે વખતે ત્યાં નજીકમાં આવેલી સીડીના પગથિયા પર જઈને બેસી ગયેલો. આ બનાવમાં ઐયુબ ધાબા પરથી આ બનાવમાં બીકના માર્યો કુદતા તેના બંને પગે ફ્રેકચર થયેલું. આ ઐયુબને દાતણીયા, બીપીન, મુરલી તથા ગુડુએ ઉંચકીને ત્યાં પડેલી રીક્ષામાં નાંખીને રીક્ષા સાથે ઐયુબને સળગાવેલો. આ બનાવ વખતે હુ સીડી પાસે હતો.

આ સાહેદે તા.૪-૫-૦૨ના પોલીસ રૂબરૂના જવાબમાં તથા તા.૧૪-૯-૦૮ના શીટ રૂબરૂના જ વાબમાં આ આરોપીનું નામ આપેલ છે તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આપેલ છે. આ સાહેદ વર્ષોથી નરોડા પાટીયા વિસ્તારમાં રહે છે.

આ સાહેદે પણ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેમણે માયાબેન કોડનાની સાથે આવેલા આગેવાનોમાં મજકુર તો.દારનું નામ આપેલ છે અને તેમની પાછળ ટોળા આવેલા અને ટોળા ૨૦૦૦૦ માણસોનું હશે અને તેની સાથેના તો.દારોએ ટોળાંને તલવારો વહેંચેલી જે તલવારોથી ટોળાએ કત્લેઆમ કરેલ છે. ત્યારબાદ આજ સાહેદે સાંજના ૫ઃ૩૦ વાગ્યાના સમયે જે ટોળા જોયેલા તે ટોળામાં તે વખતે પણ આરોપીને જોયેલ ને ટોળામાં આરોપી પાસે તલવાર હતી અને આરોપી ભાગવા જતા તેના પગ ઉપર કોઈએ તલવાર મારેલ આજ વખતે સાહેદે વધુમાં એવુ પણ જોયેલ કે ઐયુબ

નામનો છોકરો દાદરા ઉપરથી કુદી ગયેલો તેને આ આરોપી તથા તેની સાથેના દાંતણીયા, આ આરોપી, ગુડ્ડુ જેઓ આ કેસના તો.દારો છે તેમણે રીક્ષામાં નાંખી ઐયુબને સળગાવેલ આમ આરોપીને ઐયુબને ખુબ જ નિર્દયતાથી મારી નાંખેલ છે. આ બનાવ સાહેદે નજરો નજર જોયેલ છે. સદર સાહેદની જુબાની વંચાણે લેતા સદર આરોપી સાથે ખુન ઉપરાંત, ટોળાની ઉશ્કેરણી, ટોળાને તલવાર આપી, ટોળાનું મનોબળ મજબુત કરી સમગ્ર કાવતરાને આખરી અંજામ આપવામાં સફળ બનાવેલ છે. આરોપીએ ટોળાની આગેવાની લઈ સક્રિય ભુમિકા ભજવેલ છે તે ફલીત થાય છે.

આ સાહેદે ઉપર મુજબનો પુરાવો આપી આરોપીને ના.કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદને નહીમાનવાનું કોઈ કારણ નથી.

**(૧૧) સરફરાજ અબ્બાસખાન પઠાણ, સાહેદ નં. ૧૪૪, આંક- ૯૯૮**

- તા.૯.૩.૦૨ના પોલીસ જવાબમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટમાં નામ આપેલ છે.

<u>- પેજ નં.૨ પેરા નં.૪</u>

ગુજરાત બંધના દિવસે યાને કે તા.૨૮મીએ હું તથા ઘરના માણસો ઘરે જ હતા તે વખતે સવારે દસથી અગીયારવાગ્યાના સમયે હુસેનનગરખાતે માણસોનું ટોળું આવેલું.આ ટોળું આશરે દસ થી વીસ હજાર માણસોનું હતું. આ ટોળુ પથ્થરમારો કરવા લાગેલું અને ગેસના બાટલા ફોડવા લાગેલું. આ ટોળાએ અમારા ઘરમાં આવી આગ લગાડી દીધેલી અને મારા સ્કુટરને પણ આગ લગાડી દીધેલ. મારૂ સ્કુટર મારા ઘર આગળ રોડ પર પડેલ હતું,

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

જે ટોળાએ અમારા ઘરમાં આગ લગાડી ચાલીમાં આવી અમારા ઘરમાં આવી નુકશાન કરેલું તે ટોળામાં કાળુ ભૈયા, સુરેશ છારા, ગુડ્ડુ છારો અને બિપીનભાઈ પંચાલનાઓ હતા. ટોળામાં અન્ય માણસો પણ હતા જેઓને હું ઓળખતો હતો.

આ સાહેદે તા.૯-૩-૦૨ ના પોલીસ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે. તતા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળકી બતાવેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની કોર્ટ રૂબરૂની જુબાની ઉપરથી ફલીત થાય છે કે સવારે ૧૦:૦૦ – ૧૧:૦૦ વાગ્યાના સુમારે હુસેનનગરમાં ટોળુ આવેલ તેમાં મજકુર આરોપી હાજર હતો અને તેમણે બીજા આરોપીઓ સાથે મળી સાહેદના ઘર અને સ્કૂટરને આગ

લગાડેલ છે અને આ ટોળામાં આરોપીએ સક્રીય ભુમીકા ભજવેલ છે. તેવુ આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે.

આ આરોપીને સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

(૧૨) શાહનવાઝ અબ્બાસખાન પઠાણ સાહેદ નં. ૧૪૫, આંક-૯૯૯

- તા.૯.૩.૦૨ ના પોલીસ જવાબમાં નામ આપેલ છે. તોફાની ટોળામાં

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૨ પેરા.૩</u>

બનાવ બન્યો તે દિવસે ગુજરાત બંધનું એલાન હતું. બનાવના દીવસે સવારે સવાનવ વાગે મારા ઘરની બહાર ટોળુ આવી ગયેલું. તેઓ દુકાનો તોડતા હતા જે તમામ ૧૧ વાગ્યા સુધી ચાલતું હતુ. ત્યારબાદ પોલીસે ગોળીબાર કરેલો. ત્યાં અમારા મુસ્લીમોના ટોળાં હતા તે અંદર ગલીમાં જતા રહેલા. ત્યારપછી હિન્દુઓના ટોળાના માણસો આગળ વધેલા. તે અમારી ચાલીમાં ઘુસી ગયેલા. આ હિન્દુઓના ટોળાંએ હુકમસીંગના ચાલી તથા દિલીપની ચાલીમાં આગ લગાડેલી અને સરસામાન લુંટી લીધેલો. ટોળાના માણસો ચાલીઓમાં ઘુસી આવેલા.

<u>-પેજ નં.૩ પેરા .૪</u>

ટોળું નટરાજ હોટલ તરફથી આવેલું. એસ.ટી.વર્કશોપના સામેના પાટીયા તરફથી આ ટોળું આવેલું. આ ટોળુ પંદરથી વીસ હજાર માણસોનું હતું. ટોળાના માણસોએ મારૂ મકાન બાળી નાંખેલું તથા મારા મકાનમાં લુટફાટ કરેલી. બહારના ભાગે પથ્થરમારો તથા મારામારી ચાલતી હતી તેથી અમે અંદરના ભાગે હુસેનનગરમાં જતા રહેલા. અમે હુસેનનગરમાં સંતાઈ ગયેલા. ત્યારપછી રાત્રે પોલીસની ગાડી અમોને શાહઆલમ કેમ્પ ખાતે લઈ ગયેલી.. . . બનાવમાં મારા પિતાને પથ્થરમારથી પગમાં ઈજા થયેલી.

<u>- પેજ નં.૪ પેરા.૬</u>

જે ટોળુ ઘુસી ગયેલું તથા મે કહ્યું તેવા બનાવમાં તથા મારા ઘરને તોડફોડ કરી આગ લગાડતા હતા. તે ટોળામાં બિપીન પંચાલ, મનોજ સિંધી, મુરલી સીંધી, કાળુ ભૈયા, સુરેશ છારો, હરેશ છારો તથા નરેશ છારાનાઓ એમ કુલ સાત જણાં હતા. ટોળામાંના આ સાતને જ હુ ઓળખતો હતો. ટોળાના અન્ય વ્યક્તિને હું ઓળખતો ન હતો.

આ સાહેદે તા.૯-૩-૦૨ના પોલીસ રૂબરૂના જવાબમાં તોફાની ટોળામાં આરોપી હાજર હતા તેવુ જણાવેલ છે તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું

નામ આપી ઓળખી બતાવેલ છે. અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી સામે પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ કોર્ટ રૂબરૂની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આ આરોપી સાહેદના ઘરની બહાર જે ટોળું આવેલ તે ટોળામાં સામેલ હતો આ આરોપીને સાહેદે ટોળામાં ઓળખી કાઢેલ છે. આરોપી ટોળામાં રહી દુકાનો તોડતા હતા અને મસ્જીદ તોડતા હતા અને ત્યારબાદ આરોપી ટોળા સાથે ચાલીઓમાં ઘુસી ગયેલ અને મકાનોને આગ લગાડેલ અને સાહેદના ઘરને પણ આગ લગાડી સરસામાન લુંટી લીધેલ તે મુજબનો પુરાવો આરોપી વિરૂધ્ધ મળી આવે છે.

આ સાહેદે આરોપીને ના.દાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૧૩) ફરીદાબીબી અબ્દુલ કાદર ખલીફા સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં
- તા.૩.૬.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી જુબાની આપેલ છે. આરોપી કોર્ટમાં હાજર

<u>- પેજ નં. ૪ પેરા.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપત છારાનો જમાઈ ટીનીયો છારા, સહેજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા. તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ધરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

- પેજ નં.૭ પેરા. ૧૪

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાંને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો.

- પેજ નં.૮ પેરા.૧૫

આજ  ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ના પોલીસ રૂબરૂના જવાબમાં તથા તા.૩-૬-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

બનાવનાં દિવસે આ સાહેદ સવારે નવ સાડા નવ વાગે બહાર આવેલા ત્યારે નટરાજ તથા કૃષ્ણનગર તરપથી ટોળું આવતા જોયેલ તે ટોળાના માણસોએ કેસરી પટ્ટી બાંધેલ હતી તે સમયે માયાબેન આવેલા અને તેમની સાથેના ટોળામાં આ આરોપી સામેલ હતા ત્યારબાદ ટોળાના માણસોએ તોડફોડ કરી ઘરોને સળગાવવા લાગેલા આ બનાવો માં થયેલ ફાયરીંગમાં બે ઈસમનું મરણ તથા ત્રણ ઈસમને ઈજા થેયલ તથા ઐયુબ નામના ઈસમને રીક્ષામાં નાંખી સળગાવી મુકેલ તેમજ સાહેદ પોતે યા  બનાવમાં ઈજાગ્રસ્ત થયેલા. યા બનાવમાં સાહેદનું ઘર પણ તોડફોડ કરી લૂંટફાટ કરેલ છે. તેવી તમામ હકીકતો આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. આરોપીએ અન્ય આરોપીઓ સાતે ભેગા મલીને એક સંપ થઈ મુસ્લમાનોને મોતને ઘાટ ઉતારવા સારૂ કાવતરૂ કરી કેટલાક ઈસમોને જીવતા સળગાવી મોતને ઘાટ ઉતારેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૪) મો.શફી અલ્લાબક્ષ મનસુરી, સાહેદ નં. ૧૫૭, આંક-૧૧૦૮

- તા.૧૩.૪.૦૨ ના પોલીસ રૂબરૂ ના નિવેદનમાં નામ છે. ટોળામાં હતા

- તા.૨.૬.૦૮ ના સીટના નિવેદનમા નામ આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- હાજરી મુક્તિની અરીજ ૧૧૦૭, ઓળખની તકરાર નથી.

<u>- પેજ નં. ૩-૪ પેરા નં.૭</u>

બહાર આવી મેં જોતા નુરાની મસ્જીદ પાસે મોટુ ટોળું હતું. બીજુ એક ટોળુ કૃષ્ણનગર તરફથી પણ આવતુ હતુ. જયારે એક ટોળુ નટરાજ હોટલ તરફથી પણ આવતું હતુ. મેં નટરાજ તરફનું તથા કૃષ્ણનગર તરફનું ટોળુ જોયેલું. નુરાની મસ્જીદમાં ટોળા દ્વારા પથ્થરમારો ચાલુ હતો તથા તેઓ ત્યાં તોડફોડ કરી રહેલા હતા. હું જણાવું છુ તે નુરાની મસ્જીદવાળું ટોળું એસ.ટી.વર્કશોપ સુધી માણસો છુટાછવાયા ગ્રુપમાં ઉભેલા તે રીતનું હતું. નટરાજ અને કૃષ્ણનગરવાળા ટોળામાં મેં જોતા તે ટોળાના માણસોના હાથમાં હથિયારો હતા. ટોળા પાસે જે હથીયારો હતા તેમાં તલવાર, ધારિયા, સળીયા, પાઈપ વગેરે હતા. આ ટોળાના કોઈક કોઈક માણસોના કપાળમાં તથા ગળામાં લાલ તથા કેસરી પટ્ટીઓ બાંધેલી હતી.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

આ ટોળામાં બિપીન ઓટોવાળા હતા. પોલીસ હતી તેની પાછળ કિરપાલસીંગ હતા કે જે નુરાની મસ્જીદની સામે આવેલ વર્કશોપના ઝાંપા પાસેના ટોળામાં હતા. આ ટોળામાં નુરાની મસ્જીદ તરફના ટોળામાં ગુડુ છારો તથા સુરેશ લંગડો પણ હતા. નુરાની મસ્જીદ પાસે તોડફોડ ચાલુ હતી તે દરમ્યાન મુસ્લીમ લોકો ચેતનદાસની ચાલી જે નુરાની મસ્જીદના સામેના ભાગમાં આવેલી છે. ત્યાં એકત્રીત થવા લાગેલા.

આ સાહેદે તા.૧૩-૪-૦૨ના પોલીસ જવાબમાં તથા તા.૨-૬-૦૮ના શીટના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે. તતા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની કોર્ટ રૂબરૂની જુબાનીમાં સ્પષ્ટ ફલીત થાય છે કે સાહેદ બનાવના દિવસે સવારે નવ સાડા નવના સુમારે હાલ પોલીસ ચોકી છે ત્યાં આવીને જોયેલ તો નુરાની મસ્જીદ પાસે ટોળુ હતુ અને કૃષ્ણનગર તથા નટરાજ તરફથી ટોળુ આવતું હતુ. આ ટોળાના હાથમાં તલવાર, ધારીયા, પાઈપ, સળીયા જેવા હથીયારો હતા. આ ટોળામાં આરોપી અન્ય આરોપી સાથે હાજર હતા અને નુરાની મસ્જીદ પાસે તોડ ફોડ કરતા હતા અને મુસ્લીમો પર પથ્થર મારો કરતા હતા ત્યારે પોલીસે પણ તેમની સાથે રહી મુસ્લીમો પર ફાયરીંગ કરેલ આ સમયે નરોડા પો.સ્ટે. ના બંન્ને પી.આઈ. પણ હાજર હતા તે ફાયરીંગમાં આબીદ, ખાલીદ, પીરૂ તથા કલાડીયા ને ગોળીથી ઈજા

થયેલ. આથી આ સાહેદ ડરી જતા સાંજના ચાર સાડા ચાર સુધી ગલીઓમાં લપાતા છુપાતા ફરતા હતા અને થાકીને એસ.આર.પી.ના કોટ પાસે બેસી ગયેલા ત્યારે ઉદય ગેસ એજન્સી તરફથી એક ટોળુ આવેલ જે હથીયાર સહીત આવેલ તે ટોળામાં અન્ય આરોપીઓ સાથે આ આરોપી પણ હાજર હતા. આમ આ કામના આરોપીએ અન્ય આરોપી સાથે મળી જઈ ગેરકાયદેસર મંડલી રચી ગુનાહીત કાવતરા કરવાના સમાન ઉદ્દેશને પાર પાડવાના આશયથી બનાવના દિવસે બનાવના જુદા જુદા સ્થળે અન્ય આરોપીઓ સાથે હાજર રહી ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ છે. તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદની જુબાનીના ના.કોર્ટમાં થઈ ત્યારે આ આરોપી ગેરહાજર હતા અને તેમના વકીલ મારફતે તેઓની હાજરી મુક્તિની અરજી ઓળખની તકરાર નથી તેવુ જણાવી ને આપેલ જે ના.કોર્ટ મંજુર કરેલ જે અરજીને આંક : ૧૧૦૭ આપવામાં આવેલ છે.

(૧૫) જુબેદાબાનુ મો.ઈદીશ બેલીમ, સાહેદ નં. ૧૬૯, આંક-૧૧૬૯

- તા. ૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં તોફાની ટોળામાં હતા.
- તા.૨૩.૫.૦૮ ના સીટના જવાબમા તોફાની ટોળામાં હતા.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

- પેજ નં.૭ પેરા નં. ૧૯

આ તોફાની ટોળામાં હું ચારજણાંને ઓળખી શકેલી. તેઓ ઘાતક હથીયારો સાથે ટોળામાં ઉભેલા હતા. આ ટોળામાં બિપીન, ગુડ્ડુ, સુરેશ લંગડો તથા ભવનીસીંગને મેં જોયેલા અને ઓળખેલા.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા તા. ૨૩ -૫ - ૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપી ટોળામાં હાજર હતા તેવુ જણાવેલ છે અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આરોપીનું નામ આપેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરાવો પણ આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની પરથી ફલીત થાય છે કે સાહેદ બનાવના દિવસે સવારે નવ વાગ્યાના સુમારે હાલમાં પોલીસ ચોકી આવેલ છે. ત્યાં જોવા આવેલા ત્યારે ટોળાના માણસો બુમાબુમ કરતા હતા તેઓ હથીયાર સાથે હતા અને તેમણે હુમલો કરેલ અને લારી, ગલ્લા, મકાનો, તોડફોડ કરવા લાગેલા બનાવના દિવસે આ સાહેદને પાઈપ થી પગમાં ઈજા થયેલ તથા તેમની દીકરીને લાકડીથી ઈજા

થયેલી તથા સાહેદના ભાઈ અને ભાભીને પણ ઈજા થયેલી બનાવના દિવસના બનાવમાં આ આરોપીને હથીયાર સાથે અન્ય આરોપીઓ સાથે જોયેલા આમ આ આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળીને એક સંપ થઈ મુસ્લીમોના ઘરોને તથા અન્ય માલ મીલ્કતને નુકશાન પહોંચાડવાના ઈરાદે તથા મુસ્લીમોને જાનથી મારી નાંખવાના ઈરાદા સાથે મુસ્લીમો ઉપર ટોળા સાથે ઘસી આવી તેમના સમાન ઉદ્દેશને પાર પાડવાના ઈરાદા સાથે બનાવના દિવસે ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ હોય તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૬) મહંમદજલાલુદ્દીન ઈબ્રાહીમ શેખ, સાહેદ નં. ૧૭૦, આંક-૧૧૭૪

- તા. ૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- સીટનો જવાબ નથી
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

આ ટોળામાં મેં જોયલા લોકોમાં હું છએક જણાંને ઓળખું છું. આ ટોળામાં ભવાનીસીંગ, ગુડ્ડુ છારો, મુંગડો છારો, હરીયા છારા, સુરેશ લંગડો તથા બિપીન પંચાલનાઓ હતા.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

આ છ જણા ટોળાની આગેવાની કરતા હતા તથા આ ટોળાને તેઓ સંચાલિત કરતા હતા. તેઓ જ નટરાજ હોટલથી આ ટોળાને એસ.ટી.વર્કશોપ સુધી લઈ આવેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૯</u>

આ ટોળાંના લોકો નુરાની મસ્જીદ પાસેના ઘરો પર હુમલો કરતા હતા. ટોળાના માણસોએ નુરાની મસ્જીદ પાસે આવેલ લારી ગલ્લા તથા મકાનોમાં આગ લગાડેલી તેમજ હુમલો કરેલો. અમારામાંના કેટલાક નુરાની મસ્જીદ બચાવવા આવેલા. ત્યારે આ ટોળું એસ.ટી.વર્કશોપ બાજુ જતુ રહેલું. હું આ બધુ એસ.ટી.વર્કશોપ પાસેના પાણીના નળો પાસેથી, જયાં હાલમાં પોલીસ ચોકી આવેલી છે ત્યાંથી જોતો હતો.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૫</u>

નુરાની મસ્જીદ તરફ જતાં ટોળામાં હરીયો છારો, મુંગડા છારા તથા સુરેશ લંગડાને મેં જોયેલા. આ વખતે હું એસ.ટી.વર્કશોપ પાસેના નળ પાસે ઉભો હતો ત્યારે કોઈએ મારા પર ગોળી છોડેલી પરંતુ મારી પાછળ ઉભેલ માણસને તે ગોળી વાગેલી. આ વખતે ફાયરીંગ ચાલું

હતુ તેથી અમે તમામ ચાલી તરફ ભાગી રહયા હતા. મારા પછીના માણસને ગોળી વાગેલી. ત્યારપછી હું મારા ઘરે જતો રહેલો.

આ સાહેદે તા.૨-૫-૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં નામ આપેલ છે અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે નટરાજ હોટલ તરફથી પંદર હજાર માણસોનું ટોળુ આવેલ તેમની પાસે હથિયારો હતા. તે ટોળામાં આરોપી પણ હાજર હતા અને આરોપીએ બીજા તો.દાર સાથે મળી નુરાની મસ્જીદ ઉપર આગ લગાડેલ છે. આમ આ આરોપી ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવાનું પ્રસ્થાપિત થાય છે અને તેમણે હથિયાર ધારણ કરી મસ્જીદ અને મુસ્લીમો ઉપર હુમલો કરેલ હતો તેમજ મિલ્કતોને આગ લગાડેલ છે. તેવુ સાબીત થાય છે. સાહેદનો આરોપી વિરૂધ્ધનો પુરાવો નહી માનવાને કોઈ કારણ નથી.

(૧૭) યાકુબઅલી કાસમઅલી સૈયદ, સાહેદ નં. ૧૭૫, આંક-૧૨૦૫

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા. ૨૫.૫.૦૮ ના શીટના જવાબમાં નામ છે
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલ છે
- <u>પેજ નં.૫ પેરા નં.૧૩</u>

મે બપોરે દોઢ વાગે ઓટો સેન્ટરવાળા બિપીન પંચાલને, ગુડ્ડુ છારાને, હરીયા છારાને, મનોજ વિડીયોવાળાને તથા સુરેશ છારાને ટોળામાં જોયેલા. આ ટોળામાં બિપીન પંચાલના હાથમાં તલવાર હતી, ભવાનીસીંગ તથા મનોજ વિડીયોવાળાએ ટોળામાં આગેવાની કરેલી. સુરેશ તથા હરીયા છારાનાં હાથમાં પાઈપ હતી. આ ટોળાના માણસો પથ્થરમારો કરતા હતા, મકાનો સળગાવતા હતા. તેઓ કેરોસીનના કેરબા લાવેલા તથા જવલનશીલ પ્રવાહી નાંખી સળગાવતા હતા. અમે રાત્રીના આશરે સાડા દસ વાગ્યા સુધી એસ.આર.પી. કવાર્ટસમાં જ રોકાયેલા. આ જગ્યાએ ત્યારબાદ સરકારી ગાડી લેવા આવતા હું તથા મારા પરિવારજનો જે તે દિવસે એસ.આર.પી. કવાટર્સ માં મારી સાથે હતા તે તમામનાઓ ત્યાંથી કેમ્પમાં ગયેલા.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ના પોલીસ રૂબરૂના જવાબમાં તથા ૨૧-૫-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે કે આરોપીએ બીજા આરોપી સાથે મળી ટોળાની આગેવાની કરેલી છે અને આરોપીના હાથમાં તલવાર હતી અને આરોપીએ ટોળાની આગેવાની લઈ મકાનો દુકાનોને આગ લગાડેલ છે. આમ આ આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે જેને નહિ માનવાને કોઈ કારણ નથી.

## (૧૮) મો.હનીફ યુસુફભાઈ શેખ, સાહેદ નં. ૧૮૪, આંક-૧૨૭૧

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે.
- તા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલ છે.

*- પેજ નં. ૨ પેરા નં.૪*

બનાવ તા.૨૮.૨.૨૦૦૨ ના રોજ બનેલો. જે તા.૨૭મીએ ગોધરાકાંડ થયા પછી બનેલો. તે દિવસે વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા બંધનું એલાન હતું.

- પેજ નં.૨ પેરા નં.૫

તે દિવસે સવારે સાડા નવ વાગ્યે હું મારા ઘરે હતો. તે વખતે બહાર રોડ ઉપર અફરા-તફરી થયેલી. તે દિવસે કૃષ્ણનગર તથા નટરાજ હોટલથી ટોળાં આવેલા અને બંને ટોળાં ભેગા થઈ ગયેલા.

- પેજ નં. ૨ પેરા નં.૬

આ ટોળાવાળાઓએ મસ્જીદ પર હુમલો કરેલો. તે દિવસે એસ.ટી.વર્કશોપની સામે પોલીસનો પોઈન્ટ હતો. આ ટોળાવાળાઓએ મુસલમાનનાં ટોળા ઉપર પણ હુમલો કરેલો.

- પેજ નં.૩ પેરા નં. ૭

આ ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર તથા હથિયારો હતા. મેં આ ટોળામાં કિશન કોરાણી તથા મનોજ સીંધીને ફાયરીંગ કરતા જોયા છે. તેઓ મુસ્લીમના ટોળા ઉપર ફાયરીંગ કરતા હતા.

- પેજ નં.૩ પેરા નં.૮

આ ટોળામાં નરેશ છારા, હરેશ છારા, સહેજાદ છારા, મુરલી સીંધી, અશોક સીંધી પાનવાળો, સુરેશ છારા, બિપીન ઓટોવાળો, ભવાનીનો છોકરો જેનું નામ મને યાદ નથી તેઓના હતા. હું આ તમામને ઓળખું છું. આ તમામનાઓ ટોળાના લોકોને ઉશ્કેરણી કરતા હતા તથા અમો મુસ્લીમો ઉપર હુલો કરતા હતા.

- પેજ નં. ૩ પેરા નં. ૯

આ વખતે પોલીસવાળાએ પણ ટિયરગેસ છોડેલા. કિશન કોરાણી તથા મનોજ સીંધીએ પોલીસ પાસેથી બંદુક ઝુટવીને ફાયરીંગ કરેલું જયારે બાકીના હું નામ જણાવી ગયો તેઓ પાસે પાઈપ, તલવાર, ધારીયા વગેરે હથીયારો હતા.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા ૧૪-૯-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી એવુ ફલીત થાય છે આરોપી નુરાની મસ્જિદ પાસો ટોળામાં હાજર હતો અને નુરાની મસ્જીદ ઉપર હુમલો કરેલો તેમજ આ આરોપીએ ટોળાને ઉશ્કેરણી કરેલ તેવુ સાબીત થાય છે અને તે ઉશ્કેરણી બાદ ટોળો મુસ્લિમો ઉપર હુમલો કરેલ જેમાં આરોપી હાજર હતો આમ આરોપીએ સદરહુ બનાવમાં ઓવર એક્ટ કર્યા ઉપરાંત ટોળાને ઉશ્કેરણી કરી મુસ્લિમો ઉપર હુમલો કરાવેલ છે જે ખુબ જ ઘૃણાસ્પદ કૃત્ય છે. આ ઉશ્કેરણીથી આરોપી સાથે મળી નરોડા પાટીયામાં મુસ્લિમોના જાન, માલ, ને નુકશાન પહોંચાડેલ છે. જે સાહેદની જુબાની ઉપરતી ફલીત થાય છે. સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખેલા છે.

આમ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૧૯) તાહેરાબાનુ મહંમદકાસમ અબ્દુલ્લા શેખ, સાહેદ નં. ૧૮૬, આંક-૧૨૭૭

- તા.૧૨.૫.૦૨ ના પોલીસ જવાબમાં તોફાની ટોળામાં નામ આપેલ છે.
- સીટે નિવેદન લીધેલ નથી.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલ છે.

-પેજ નં.૨-૩ પેરા નં.૬

બનાવના દિવસે જુમેરાત હતી. તે દિવસે હું તથા મારા બે દીકરાઓ અમારા કામ પર ગયેલા. અમે સવારે ઉઠીને ચા પાણી પીને અમારા કામ પર ગયેલા. અમે ત્રણે જણાં કામ પર ગયા પછી ખબર પડેલી કે, બંધનું એલાન છે. તેથી અમે પરત આવેલા. ત્યારે રોડ પર અમે કૃષ્ણનગર તરફથી આવતુ તથા નટરાજ તરફથી ટોળું આવતું અમે જોયેલું.

- પેજ ન.૩ પેરા નં.૭

આ ટોળામાં એક ટોળાના આગેવાન બિપીનીભાઈ હતા તથા બીજા ટોળાંનો આગેવાન સહેજાદ હતો.આ તમામ જોઈને અમે ખુબ ગભરાઈ ગયેલા. બનાવના દીવસે અમારી રીક્ષા

તથા બીજુ ઘણું ટોળાના લોકોએ આગ લગાડી સળગાવી દીધેલું. તેઓ મસ્જીદ પાસે સળગાવતા હતા. અમે ખુબ ગભરાઈ ગયેલા તેથી અમે ઘર તરફ ગયેલા પરંતુ ધમાલના કારણે અમે ઘરમાં જઈ શકેલા નહીં અને સાંજના સાત વાગ્યા સુધી એસ.આર.પી. કવાર્ટસ પાસે ઉભા રહેલા.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તોફાની ટોળામાં નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે બનાવના દિવસે આ સાહેદ તેમના કામ પર ગયેલા ત્યાં બંધના એલાનની ખબર પડતા ઘરે પરત આવતા હતા ત્યારે રોડ પર નટરાજ તરફથી તથા કૃષ્ણનગર તરફથી ટોળુ આવતા જોયેલ તે ટોળામાં આ આરોપી આગેવાની કરતા હતા. આ ટોળાએ સાહેદની રીક્ષા તથા અન્ય મિલ્કતો સળગાવેલ આમ આ કામના આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી જઈ આ સાહેદની તથા અન્ય મિલ્કતોને સળગાવી નુકશાન કરવાના ગુનાહીત કૃત્યો કરવામાં સક્રીય ભાગ ભજવી ગુનો આચરેલ તેવું સ્પષ્ટ જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૨૦) મહંમદભાઈ બચુભાઈ બેલીમ, સાહેદ નં. ૧૮૮, આંક-૧૨૮૨

- તા.૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.ટોળાની આગેવાની કરતા હતા
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

મેં જોયેલું કે, એક ટોળુ કૃષ્ણનગર તરફથી આવતુ હતુ જે ટોળાના હાથમાં તલવારો, ત્રિશુલ અને કેમીકલ ભરેલા કેરબાઓ હતા. આ ટોળાની આગેવાની બિપીન ઓટોવાળાએ લીધેલી.

<u>- પેજ નં.૩ પેરા નં.૮</u>

મેં સવારે આ જ સમયે અન્ય એક ટોળું નટરાજ હોટલ તરફથી આવતું પણ જોયેલું. આ ટોળાની આગેવાની મનોજ વિડીયોવાળાએ, સુરેશ લંગડા છારાએ તથા એક સીંધી આગેવાનનાઓએ લીધેલી. આ સિંધી આગેવાનોના મોઢા પર શીતળાના ડાઘ છે, તે રંગે કાળા છે તથા તેઓની સાડા પાંચ થી છ ફુટ જેટલી ઉંચાઈ છે. આ ટોળાના હાથમાં પણ તલવાર, ત્રિશુળ તથા કેમીકલ ભરેલા કેરબાઓ હતા.

<u>- પેજ નં.૩ પેરા નં,૯</u>

કૃષ્ણનગર તરફથી આવતા ટોળાએ એક કેરોસીન ભરેલ ટેન્કર નુરાની મસ્જીદ પાસે ઉભું રાખેલું તેમજ આ સમયે એક ક્રેન પણ નુરાની મસ્જીદ પાસે લાવીને ઉભી રાખેલ. નટરાજ તરફથી આવતા ટોળાએ નુરાની મસ્જીદ પર તોડફોડ કરી હુમલો કરેલ. આ ટોળાએ નુરાની મસ્જીદના મૌલાનાને પણ માર મારેલો. આ જોઈ યુસુફ લાઈટવાલાનાઓએ ત્યાં આવેલ એસ.આર.પી. ના પોઈન્ટ પર બેઠેલ એસ.આર.પી.વાળાઓએ આ ટોળાને સમજાવવા વિનંતી કરેલ. એસ.આર.પી. વાળાઓએ ટોળાને રોકવાને બદલે યુસુફને દંડાથી માર મારેલ. મસ્જીદ સળગતી હોઈ પંડીતની ચાલી પાસે છોકરાઓ ભેગા થયેલા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

ચાલીમાં આવેલ ટોળાએ તોડફોડ કરી આગ લગાડવા લાગેલા. નુરાની મસ્જીદની આજુબાજુની ચાલી, પંડિતની ચાલી તથા હુકમસીંગની ચાલી, ચેતનદાસની ચાલી, બાદરસીંગની ચાલીમાં ટોળાના માણસો ધુસવા લાગેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૪</u>

આ સમય પછી હુસેનનગરમાં ધીમે ધીમે એસ.ટી.ની દિવાલ પાસેના ભાગે ટોળાંઓ વધતા ગયેલા. આ ટોળાના માણસો લોકોને મારકાપ કરતા હતા તેમજ બાળી નાંખતા હતા. આ સ્થિતિમાં ભયના કારણે હું સાંજે આશરે પાંચ વાગ્યે હુસેનનગરમાંથી ગંગોત્રી સોસાયટીના એક મકાનના ધાબા પર જઈને છુપાઈ ગયેલો ત્યાં બીજા ઘણાં મુસ્લીમો હતા. આ સમયે મારા પરીવારજનો મારાથી છુટા પડી ગયેલા.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૫</u>

મેં ગંગોત્રીના આ મકાનના ધાબા પરથી જોયેલું કે, જયભવાની છારો તથા તિવારી કંડકટર લોકોના ટોળાને ઈશારો કરી અમો છુપાયા હતા તે જગ્યા બતાવતા હતા. આ ટોળાંના માણસોએ તલવારોથી માણસોને કાપેલા અને સળગતા કાકડા નાંખી જીવતા સળગાવેલા. હું રાત્રે બાર વાગ્યા સુધી આ ધાબે જ રહેલો.

આ સાહેદે તા.૨૬-૫-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપી તોફાની ટોળામાં આગેવાની કરતા હોવાનું જણાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની પરથી ફલીત થાય છે કે બનાવના દિવસે સાહેદે ચાલીના નાકેથી જોયેલ તો કૃષ્ણનગર તરફથી ટોળુ આવેલ તે ટોળાના હાથમાં હથીયારો હતો તે ટોળાની આગેવાની આ આરોપી કરતા હતા. અને આ ટોળાંના માણસોએ આરોપીની આગેવાની હેઠળ નુરાની મસ્જીદને તોડફોડ કરી આગ

લગાવવાના આશયથી. એક કેરોસીન ભરેલી ટ્રક લાવેલ તથા એક કેન પણ લાવેલ અને તોડફોડ કરવા લાગેલા ત્યારબાદ હુસેનનગર તરફ ટોળાના માણસો મારકાપ કરતા હતા અને જીવતા બાળતા હતા. આમ આ કામના આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી જઈ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી નુરાની મસ્જીદને નુકશાન કરવાના તથા મુસ્લીમ વિસ્તારોને તથા મુસ્લિમોને મારી નાંખવાના સમાન ઈરાદાને પાર પાડવાના આશયથી બનાવના દિવસે ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૨૧) રસીદાબાનું ઈમ્તિયાઝહુસેન મોમીન, સાહેદ નં. ૧૯૨, આંક-૧૩૧૪

- તા ૧૦.૬.૦૮ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫-૬ પેરા નં.૯</u>

કૃષ્ણનગર તરફથી આવેલ ટોળાના માણસો મસ્જીદ પર તથા અમારા ઉપર પથ્થરમારો તેમજ બોટલમારો કરતા હતા. નટરાજ તરફથી આવેલ ટોળાના માણસો પણ અમારા ઉપર પથ્થરમારો તથા બોટલમારો કરતા હતા. આ ટોળામાં માયાબેન કોડનાની હતા. આ ટોળામાં મનોજ હતો. તેનું નામ મારા ખ્યાલ મુજબ મનોજ વિડીયોવાળો છે. આ નટરાજવાળા ટોળામાં વધુમાં બિપીન ઓટોવાળો પણ હતા. આ ઉપરાંત આ ટોળામાં સંતોષ દુધવાળો હતા. આ સંતોષ દુધવાળાની દુકાન કુબેરનગર જતાં કમલા વેલ્ડીંગની બાજુમાં છે. નટરાજવાળા ટોળામાં વધુમાં ગુડ્ડુ છારા, નરેશ છારા, સુરેશ લંગડો તથા સુરેશ લંગડાનો નાનો ભાઈ પણ હતા. આ ટોળામાં માયાબેન ચલો આગળ તથા મારો તેવુ કહીને પબ્લીકને ઉશ્કેરતા હતા. આ સમયે પોલીસ ત્યાં આવી ગયેલી. પોલીસે ત્યાં આવીને નાકા પર ઉભેલા મુસ્લીમો પર જ ગોળીબાર તથા ટિયરગેસ છોડેલા. તેથી ચાર પાંચ મુસ્લીમ છોકરાઓને ગોળી વાગેલી.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

ટોળુ ધીમે ધીમે અમારી ચાલી તરફ અંદર આવવા લાગતાં હુ રોડ ઉપરથી મારા ઘરે આવી મારા બાળકોને લેવા મારા ઘરના ધાબે જતી રહેલી. મારા ઘરના ઉપરના ભાગેથી આખો રોડ દેખાય છે ત્યાંથી મેં જોયેલું તો, ટોળાના લોકો મારકાપ કરતા હતા. તેથી હું મારા બાળકોને લઈને નીચે ઉતરી ગયેલી. હું ત્યારપછી ભાગદોડ કરવા લાગેલી અને ત્યારબાદ મારા બાળકોને લઈને રમજાની પિંજરાના ધાબે બાળકો સાથે જતી રહેલી.

<u>- પેજ નં.૭ પેરા નં. ૧૩</u>

મે રમજાનીભાઈના ધાબા પરથી જોયેલું કે, રમજાનીભાઈ રહે છે તે ગલીનું પહેલું મકાન ટોળાના માણસોએ સળગાવેલું. આ ટોળાના માણસો ગમે તેમ બોલતા હતા અને બુમો પાડતા હતા. તેઓ મારો કાપો તેવી બુમો પાડતા હતા. રમજાનીભાઈના મકાનમાં કાયમ લાગેલા તે પડદાની પાછળના ભાગેથી મેં આ બધુ જોયેલું. પછી હું મારા બાળકોને લઈને રમજાનીભાઈના ધાબા પર જતી રહેલી. આ ધાબા પરથી મેં જવાનનગરમાં આવેલ જાહેર શૌચાલય તરફ જોયેલું કે, ટોળાના લોકો બધું જ સળગાવતા હતા. આ ટોળાના માણસોને અમે મારતા તથા સળગાવતા જોયેલા. આ ટોળાના માણસો મુસ્લીમોને માર કાપ કરતા હતા. મને આ સમયે કેટલા વાગેલા તે ખબર નથી.

આ સાહેદે તા.૧૦-૬-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે તથા ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે તેમજ નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ સબળ પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવવાળા સ્થળે વર્ષોથી વસવાટ કરતા હતા અને બનાવવાળી જગ્યામાં કરીયાણાની દુકાન આવેલી છે. આ સાહેદ બનાવના દિવસે સ્થળ ઉપર હાજર હતા તેમણે સમગ્ર બનાવ નજરો નજર જોયેલ છે તેમણે તોફાની ટોળામાં આરોપીને જોયેલ છે. સરતપાસમાં જણાવ્યા મુજબ સાહેદે તો.દારને જોયેલ છે. આ સાહેદે રમજાનીભાઈના ધાબા ઉપરથી જોયેલ છે.

સાહેદના જણાવ્યા મુજબ આરોપી જે ટોળામાં હતા તે ટોળાના માણસો મારોકાપો ની બુમો પાડતા હતા, મકાનોને આગ લગાડતા હતા, અને માર કાપ કરતા હતા આ ટોળામાં આરોપી સામેલ હોવાનું સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે.

આ સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

## (૨૨) ઈબ્રાહીમભાઈ હસનભાઈ શેખ, સાહેદ નં. ૧૯૩, આંક-૧૩૨૫

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૫</u>

આ સમયે સવારના અગિયાર સાડા અગીયારવાગ્યાની આસપાસ મે જોયેલું કે, કૃષ્ણનગરથી પબ્લીક આવવા માંડેલી. મેં આ વખતે બિપીન ઓટોવાળાને તેમના ગેરેજ પરથી કૃષ્ણનગર તરફ જતાં જોયેલા. ત્યારપછી કૃષ્ણનગર તરફથી વધુ માણસો આવેલા. ત્યારપછી પોલીસની જીપ પણ આવેલી. આ તરફથી કૃષ્ણનગર તરફથી આવેલા માણસોએ અમારા પર ફાયરીંગ તથા શેલ છોડેલા. ત્યારપછી પોલીસની જીપમાંથી અમારા ઉપર ફાયરીંગ તથા શેલ

છોડેલા. કૃષ્ણનગરથી બિપીન ઓટોવાળાએ કીધું હશે તેથી પબ્લીક આવેલી અને પાછળ પોલીસની જીપ આવેલી.

<u>- પેજ નં.૪ પેરા નં.૬</u>

ત્યારપછી ઉદય ગેસ એજન્સીમાંથી ગેસના બાટલા કૃષ્ણનગરથી આવેલ પબ્લીકના માણસોએ લીધેલા અને મુસ્લીમોની ચાલી પર અંદરના ભાગે રોડ પર નાંખેલા.

આ સાહેદે પોલીસ રૂબરૂ તથા શીટ રૂબરૂ નિવેદન આપેલ છે. અને કોર્ટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને કોર્ટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે તેમના ગેરેજ પરથી કૃષ્ણનગર તરફ ગયેલા ત્યારબાદ કૃષ્ણનગર તરફથી ફાયરીંગ થયેલ ત્યારબાદ કૃષ્ણનગર વાળા ટોળાંએ ઉદય ગેસ એજન્સીમાંથી ગેસના બાટલા લઈ મુસ્લીમોની ચાલીઓમાં નાંખેલા. આમ આ આરોપીએ ટોલા સાથે મળીને મુસ્લીમોની ચાલીઓના ઘરો સળગાવી મુકવાનો ઉદ્દેશ પાર પાડવાના હેતુથી ગેસના બાટલા ચાલીઓમાં નાંખી ગુનાહીત કૃત્ય કરી તેમાં સક્રીય ભાગ ભજવ્યાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૨૩) હારૂન મોહંમદભાઈ શેખ, સાહેદ નં. ૧૯૮, આંક-૧૩૬૩

- તા.૨૮.૫.૦૮ તથા તા.૧૨.૯.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ બંને તરફના ટોળાઓના લોકોએ કપાળ પર કેસરીપટ્ટી બાંધેલી હતી. આ ટોળામાં હું અમુક લોકોને ઓળખતો હતો. મેં ટોળાના કેટલાક લોકોના હાથમાં તલવાર, પાઈપ, ત્રિશુલ જોયેલા.

<u>-પેજ નં.૩ પેરા નં.૭</u>

મેં આ ટોળામાં માયાબેન, બાબુ બજરંગી, સચીન મોદી, અશોક પાનના ગલ્લાવાળો, મનોજ વિડીયોવાળો, સુરેશ લંગડો, હરેશ, ગુડુ તથા બિપીન ઓટોવાળાને જોયેલા. મેં આ તમામને સવારના આશરે સાડા નવ વાગ્યે બનાવવાળા દિવસે જોયેલા તેઓ એસ.ટી.વર્કશોપ સામેના ઝાંપા પાસેના ટોળામાં પણ આગળ હતા અને એસ.આર.પી. ઝાપાવાળા ટોળામાં પણ હતા. જો કે, પછી બંને ટોળા એક થઈ ગયેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

આ લોકો તથા ટોળાના માણસો આસપાસના લારી ગલ્લા, કેબીન, મકાન વગેરે સળગાવવા લાગેલા તથા તેઓ નુરાની મસ્જીદ પર હુમલો કરેલો. અમારા મુસ્લીમોમાંથી કેટલાક લોકો આ નવજણાઓને સમજાવવા માટે પણ ગયેલા પરંતુ તેઓએ કોઈની વાત સાંભળેલી નહી અને તેઓ મારો કાપો તેવા પોકારો કરવા લાગેલા અને અમારી કોમના માણસો પર પથ્થરમારો કરવા લાગેલા. અમે આ રીતે આ નવને સમજાવવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. પરંતુ તેઓ ન માનતા તથા અમારા ઉપર પથ્થરમારો કરતા અમે ગભરાઈને પરત હાલમાં પોલીસ ચોકી આવેલી છે ત્યાં પાછા આવી ગયેલા.

- પેજ નં.૬ પેરા નં.૧૨

આ તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડુ અમારા જ વિસ્તારમાં રહેતા હોવાથી અમે તેમની વાત માનીને તેમની સાથે જવા લાગેલા. અમે નીકળતા હતા ત્યારે ગોપીનાથનગરના ઝાંપાની પાસે ટોળાના લોકો છુપાઈને બેઠેલા હતા અને અમે બહાર નીકળતા તે તમામ ટોળાના માણસોએ અમોને ઘેરી લીઘેલા. આ છુપાઈ રહેલા ટોળામાં સચીન તથા સુરેશ લંગડો હતા. આ બનાવ વખતે અમે ગોપીનાથનગર સોસાયટીમાં બચવા માટે પાછા આવી ગયેલા અને ગોપીનાથનગરની સોસાયટીની પાણીની ટાંકી પાસે એક ખાંચો પડે છે તે ખાંચામાં જતા રહેલા. અમે ખાંચામાં એવું વિચારીને ગયેલા કે, ટોળું સામેથી નીકળી જશે. પરંતુ ટોળાએ આ ખાંચાવાળા ભાગમાં જ અમારી મારકાપ શરૂ કરેલી. ટોળાના માણસોએ ત્યાં મારકાપ કરીને અમારામાંના લોકોને સળગાવી દીધેલા.

- પેજ નં.૭ પેરા નં.૧૩

આ રીતે મારકાપ થઈ તેમાં મારા પરીવારની ત્રણ વ્યક્તિઓ હતી. જેમાં, મારી માતા મુમતાજબાનુ, મારી પત્ની ગોસિયાબાનુ તથા મારો દીકરો અકરમનાઓ હતા જેઓ ત્રણેય આ બનાવમાં મરી ગયેલા. આ ઉપરાંત અમારી કોમના અન્ય લોકો પણ આ મારકાપનો ભોગ બનેલા જેમાં મારી માસી રાબીયા, મારી ભાણી ફરહાના તથા અમારી આજુબાજુ રહેતાં લોકમાં રેશ્મા વગેરે હતા.

- પેજ નં. ૭ પેરા નં.૧૫

આ મારકાપ કરતા ટોળામાં મે પાંચ જણાંને જોયેલા. જેમાં તિવારી હતો જેના હાથમાં તલવાર હતી, જયભવાની હતો જેના હાથમાં તલવાર હતી. મને હવે યાદ આવે છે તેમ જયભવાનીના હાથમાં લાકડી હતી. ગુડુ હતો જેના હાથમાં તલવાર હતી. સુરેશ લંગડો હતો જેના હાથમાં ધારિયું હતુ, સચીન ઉર્ફે મોદી પણ હતો જેના હાથમાં પાઈપ હતી.

- પેજ નં.૮ પેરા નં.૧૬

આ રીતે મારામારી થતી હતી તેમાં હું મારા દીકરા અકરમને બચાવા વચ્ચે પડેલો ત્યારે મારા જમણા હાથમાં ધારિયું વાગેલું તથા જમણા આંખે નીચે હું દાઝી ગયેલો જે રીતની ઈજાઓ મને પણ થયેલી. આ તમામમાંથી બચી હું ગંગોત્રી સોસાયટીમાં જઈને છુપાઈ ગયેલો. ત્યાં થોડો સમય હું બેસી રહેતા મારા ધ્યાનમાં આવેલું કે, અમારા મુસ્લીમ કોમના અન્ય લોકો પણ ત્યાં બેઠેલા હતા. આ સમયે મગરીબનો સમય હતો યાને કે સાંજનો સમય હતો.

આ સાહેદે તા.૨૮-૫-૦૬ ના તથા ૧૨-૯-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. તેમજ નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં સાહેદ`આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે તેમજ આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી સામે પુરાવો આપેલ છે.

તા.૨૮-૨-૦૨ ના બનાવના દિવસે આ સાહેદ પોલીસ ચોકી પાસે આવેલા ત્યારે જોયેલ તો એસ.ટી. ના ઝાંપા પાસે તથા બીપીન ઓટો સેન્ટર તરફ ટોળાઓ ભેગા થયેલા તેમણે કેસરી પટ્ટી બાંધેલ હતી હાથમાં હથીયારો હતા આ ટોળામાં આરોપીને અન્ય આરોપીઓ સાથે જોયેલા ત્યારે સવારના સાડા નવનો ટાઈમ થયેલ. આ ટોળાના માણસો નુરાની મસ્જીદ તથા મુસ્લીમ ચાલીઓના ઘરો પર પથ્થરમારો કરી, સળગાવતા હતા. એસ.ટી.ના ઝાંપા પાસે થયેલ ફાયરીંગમાં ચાર મુસ્લીમોને ગોળી વાગેલ ગંગોત્રી ગોપીનાથ પાસે આવેલ પાણીની ટાંકી વાળા ખાંચાના બનાવનું વર્ણન પણ આ સાહેદ તેમની જુબાનીમાં કરે છે. આ ખોટા વાળા બનાવમાં આ સાહેદની માતા મુમતાજબાનું પત્નિ ગોસીયાબાનું તથા દીકરો અકરમ નાઓ મરણ પામેલા. આ બનાવમાં સાહેદ પોતાના દિકરાને બચાવવા જતા ઈજાગ્રસ્ત થયેલા વગેરે તમામ હકીકતો આ સાહેદની જુબાની વંચાણે લેતા ફલીત થાય છે.

આમ આ આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળીને સમાન ઈરાદો પાર પાડવાના આશયથી પાણીની ટાંકી ના ખાંચાવાળા બનાવમાં તથા અન્ય બનાવોમાં સક્રીય ભાગ ભજવેલ છે. અને તે ખાંચામાં બનેલ સામુહીક હત્યાકાંડમાં મુખ્ય ભુમિકા ભજવી હોય તેવું આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. આથી આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

## (૨૪) શૌકત નબીભાઈ મનસુરી, સાહેદ નં. ૨૦૦, આંક-૧૩૮૧

- તા. ૧૩.૫.૦૨ ના પોલીસ નિવેદનમાં નામ છે.

- તા.૨૨.૩.૦૮ ના સીટના જવાબમાં ટોળાની આગેવાની કરતા હાથમાં પિસ્તોલ સાથે જોયેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

મારા ગ્રાહક ગોપાલભાઈ તેમની ગાડી લઈને મારા ગેરેજ પરથી નીકળી ગયા પછી નુરાની મસ્જીદ ઉપર પથ્થરમારો થયેલો. આ પથ્થરમારો વિશ્વ હિન્દુ પરીષદ તથા બજરંગદળવાળાઓનાં ટોળાં કરતા હતા. આ ટોળાના માણસો મારો કાપોની બુમો પાડતા હતા. આ ટોળાના માણસોએ મસ્જીદ પર હુમલો કરી મસ્જીદ સળગાવેલી.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

આ ટોળાના માણસોમાં બિપીન પંચાલ તથા બાબુ વણઝારાનાઓ હતા. બિપીન પંચાલ પાસે આ વખતે રિવોલ્વોર હતી તથા બાબુ વણઝારા પાસે તલવાર હતી. આ વખતે કૃષ્ણનગરનું ટોળુ મસ્જીદ સામેના ચાર રસ્તા પાસે આવેલું. આ ટોળું મસ્જીદ પર પથ્થરમારો કરતું હતું. તથા ત્યાં ઉભેલી ગાડીઓને તોડફોડ કરવા લાગેલા તથા સળગાવવા લાગેલા.

આ સાહેદે તા.૧૩-૫-૦૨ના રોજ પોલીસ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તથા તા.૨૨-૩-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં ટોળાની આગેવાની કરતા તથા હાથમાં પીસ્તોલ સાથે જોયેલાનું જણાવે છે તેમજ નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. બનાવમાં આ આ સેહદને ઈજા પણ થયેલ છે. ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદે તા.૭-૬-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં નામ આપેલ છે. તથા શીટ રૂબરૂના તા.૧૨-૭-૦૮ ના નિવેદનમાં રીવોલ્વર સાથે તોફાની ટોળામાં હાજર હતા તેવું જણાવેલ છે.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આપેલ જુબાનીથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે તા.૨૮-૨-૦૨ ના રોજ બંધનું એલાન હતુ, બનાવના દિવસે આ સાહેદે એસ.ટી. વર્કશોપ પાસે આવેલ તેમના ગેરેજ પર હાજર હતા ત્યારે ટોળાએ ભેગા થયેલ જોયેલા. આ ટોળામાં આ આરોપી રીવોલ્વર સાથે હાજર હતો અને ટોળાંના માણસો તોડ ફોડ કરી સળગાવવા લાગેલા અને ટોળાં દ્વારા થયેલ પથ્થરમારાથી આ સાહેદને ઈજા થયેલ જેની સારવાર કરાવેલ તે સારવારનું સર્ટીફીકેટ આંક-૩૨૭ થી સાહેદ નં.૪૨ ડૉ.હીંમતભાઈ એફ. પટેલના ઓની ના.કોર્ટ રૂબરૂની જુબાનીથી રજુ થયેલ છે. જે ના.કોર્ટના રેકર્ડ ઉપર છે. આમ આ સાહેદ બનાવના દિવસે સ્થળ ઉપર હાજર

હતા અને તેઓને ત્યાં ઈજા પણ થયેલ છે. અને તેમણે ટોળામાં આ આરોપીને રીવોલ્વર સાથે નજરો નજર ગુનાહીત કૃત્ય કરતા જોયેલ છે. તેથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે આ આરોપીને ના.કોર્ટ રૂબરૂ ઓળખી શકેલ નથી તેનું કારણ તે બનાવને ઘણા વર્ષો થઈ ગયેલ હોઈ આરોપીના કદ – કાઠી માં ફેરફાર થયેલ હોય તેવુ સંભવીત છે. જેથી ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં ઓળખી શકેલ નથી. પરંતુ એ હકીકત ધ્યાને લેવી જરૂરી છે કે આ સાહેદે ઓળખપરેડ દરમ્યાન એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ રૂબરૂ આ આરોપીને ઓળખી બતાવેલા જે ઓળખ પરેડનું પંચનામું આંક ૨૪૦ થી ના.કોર્ટના રેકર્ડ પર છે.

આમ આ સાહેદની જુબાની નહી માનવાનું કોઈ કારણ થતુ નથી.

## (૨૫) સમસુદ્દીન શાહબુદ્દીન રાઠોડ, સાહેદ નં. ૨૦૨, આંક-૧૩૯૪

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ છે.

<u>- પેજ નં.૨ પરા નં.૫</u>

બનાવ તા.૨૮.૨.૦૨ ના રોજ બનેલો. તે દિવસે સવારના આશરે નવેક વાગ્યે હું સવારે ચાની લારી કે જે નુરાની મસ્જીદ પાસે આવેલી છે ત્યાં ચા પીવા ગયેલો. તે દિવસે ત્યાં નુરાની મસ્જીદ પાસે પોલીસનો પોઈન્ટ હતો. મેં નટરાજ હોટલ તરફથી એક ટોળું નુરાની મસ્જીદ તરફ આવતું જોયેલું. ટોળાના માણસોના હાથમાં હથીયાર હતા, તેઓ પથ્થરમારો કરતા હતા તથા નુરાની મસ્જીદની દિશા તરફ આ ટોળાના માણસો આગળ વધતા હતા. આ ટોળું અમારા વિસ્તારમાં દુકાનો તથા મકાનોને આગ લગાડતુ હતુ. આ મેં જોયેલું. આ વખતે નુરાની મસ્જીદના ભાગે પોલીસ હતી.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

મેં જોયેલ ટોળામાં કિશન કોરાણી, મનોજભાઈ, બિપીન ઓટો, ગુડ્ડુ છારા, નરેશ છારા, સુરેશ છારા તથા મુંગડા છારાને મેં જોયેલા. ત્યારબાદ કૃષ્ણનગરબાજુથી એક ટોળું આવેલું

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

બીજુ એક ટોળુ અડધા કલાક પછી આવેલું જેની આગેવાની બિપીન ઓટોવાળાએ લીધેલી. આ બે ટોળા ભેગા થઈ ગયેલા. આ ટોળાએ અમારા સમગ્ર વિસ્તાકમાં લુંટફાટ

કરેલી. મારા ઘરમાં પણ લુંટફાટ થયેલી. આ વખતે સવારે નવ સવા નવ વાગ્યે પોલીસે અમો મુસ્લીમોની ટોળા પર ફાયરીંગ કરેલું તેમાં આબીદહુસેનને ગોળી વાગેલી. આથી હું મારા ઘર તરફ જતો રહેલો. હું મારા ઘેર પાછો આવ્યો પછી મેં મારા ઘરની બાજુમાં રહેતા મીરાબેનને મારી બે દિકરીઓ સોંપેલી. મીરાબેન અને મારા ઘર વચ્ચે બે મકાનો આવેલા છે. તેણીના ઘર પછી કોટ આવેલો છે.

<u>- પેજ નં. ૪ પેરા નં. ૮</u>

મેં મીરાબેનને એવુ કહેલું કે, હું અને મારી પત્ની જો તોફાનો વધુ થશે તો મારા દિકરાને આવી લઈ જઈશું. તે દિવસે બપોરે દોઢ વાગ્યે હું મારા ઘર પાસે હતો ત્યારે મારી સાથે મીરાબેનનો દિકરો તથા પતિ પણ હતા. તે સમયે કૃષ્ણનગર તરફથી એક ટોળું આવેલું. આ ટોળુ જવાનનગરના ખાડામાં આવેલું. આ ખાડો મારા ઘરથી અંદાજે ૩૦-૩૫ ફુટના અંતરે આવેલો છે. જેની વચ્ચે તે વખતે કોટ હતો. આ ટોળાની આગેવાની બિપીન ઓટોવાળાએ લીધેલી. મને આ વખતે મીરાબેનના પતિએ તે સમયે ટોળુ નજીક આવી જવાથી એવુ કહેલું કે, તમારૂ શરીર ભારે છે, તમે જતાં રહો તેથી હું મારી પત્ની તથા મારા દીકરાને લઈને ગંગોત્રી સોસાયટી બાજુ જતો રહેલો. હું ગંગોત્રી સોસાયટીમાં મારા મિત્રના સાઢુભાઈના ત્યાં જે એસ.ટી. માં નોકરી કરતા હતા તેમને ત્યાં ગયેલો. તે દિવસના સાંજના આશરે સાડા છ વાગ્યા સુધી હું રોકાયેલો.

આ સાહેદે તા.૧૩-૫-૦૨ ના પોલીસ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે. કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો સામેલ છે.

આ સાહેદે બનાવને નજરો નજર જોયેલ છે. બનાવના દિવસે બનાવના સ્થળે હાજર હતા. હિન્દુઓના ટોળાઓ જુદી જુદી દિશામાંથી આવાતા હોવાનો સ્પષ્ટ નિર્દેષ સાહેદે જુબાનીમાં કરેલ છે. આ આરોપીએ ટોળાની આગેવાની લીધેલ હતી અને ટોળાને ગુનાહીત કૃત્ય કરવા સારૂ પ્રોત્સાહન પુરૂ પાડેલ વધુમાં સાહેદે જણાવેલ છે કે ટોળું હથીયારો સહીત હતુ તેઓ પથ્થરમારો કરતા હતા મુસ્લીમોની દુકાનો, મકાનો ને આગ લગાડતા હતા, લુંટફાટ કરતા હતા આમ આ આરોપીએ અન્ય આરોપીઓ સાથે ટોળામાં ભળી જઈને ગુનાહીત કૃત્ય કરવાના ઈરાદાને પાર પાડવાના આશયથી બનાવમાં સક્રીય ભાગ ભજવી મુસ્લીમોના ઘરો – મકાનો દુકાનોને નુકશાન પહોંચાડેલ છે. તેવુ આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૨૬) હસીફખાન અચ્છનખાન પઠાણ, સાહેદ નં. ૨૧૩, આંક-૧૫૨૨

- તા. ૨.૬.૦૮ ના સીટના જવાબમાં હાથમાં રીવોલ્વોર તથા તલવાર સાથે તોફાની ટોળાની આગેવાની કરતા હતા.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

ત્યારપછીની થોડી જ મીનીટોમાં નટરાજ હોટલ તરફથી ટોળાના માણસો નુરાની મસ્જીદ તરફ આવવાના શરૂ થઈ ગયેલા. આ ઉપરાંત કૃષ્ણનગર તરફથી પણ નુરાની મસ્જીદ પર ટોળાં આવવા શરૂ થઈ ગયેલા. આ ટોળાઓની આગળ પોલીસવાળા હતા જે પોલીસવાળાઓ સવારે મારી સાથે હતા તેમાના લગભગ બધા પોલીસવાળા આ ટોળાની આગળ હતા. ટોળાઓ નુરાની મસ્જીદ પાસેના લારી,ગલ્લાની તોડફોડ કરવા લાગેલા. કૃષ્ણનગરબાજુથી આવેલા ટોળા રોડ પરની ચાલીઓ તથા મકાનોને સળગાવવા લાગેલા. આ બધાથી અમારા મુસ્લીમ કોમના થોડા લોકો ચાલીઓના નાકે ભેગા થયેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

ટોળામા પોલીસને જોયેલા અને કેટલાક આરોપીઓને જોયેલા. મેં આ ટોળામાં બિપીનભાઈ પંચાલ, મુકેશ ઉર્ફે ગુડુ છારો, બાબુભાઈ વણઝારા, સુરેશ લંગડો, નવીન છગન છારાનાઓને જોયેલા. હું જણાવી ગયો તે તમામનાઓ ટોળાની આગેવાની કરતા હતા અને તેઓના હાથમાં હથીયારો હતા. જેમાં, બીપીન પંચાલના હાથમાં તલવાર અને રિવાલ્વોર હતી, ગુડુના હાથમાં તલવાર, સુરેશ લંગડાના હાથમાં પાઈપ, નવીન છારા પાસે ગેસનો બાટોલ હતો તે રીતના હથીયારો તેમની પાસે હતા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

બિપીન પંચાલ ચિચિયારીઓ તથા બુમો પાડી ટોળાના માણસોને બોલાવતા હતા. તેઓ રોડ પર ઉભા રહીને ટોળાના માણસોને નુરાની મસ્જીદ બાજુ બોલાવતા હતા. બાકીના આરોપીઓ પણ જેના હાથમાં જે આવે તે તોડફોડ કરતા હતા તથા લારી, ગલ્લા વગેરે તોડફોડ કરતા હતા. નવીન છારો ગેસનો બાટલો લાવી તેની પીન ખોલી કપડું, વીંટી, ગેસના બાટલા સળગાવીને નુરાની મસ્જીદ પર તેમજ મુસ્લીમોના મકાનમાં નાંખતો હતા.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

આ વખતે મુસ્લીમો મસ્જીદને બચાવો તેવી બુમો પાડી પોલીસનું ધ્યાન દોરવા બુમો પાડતા હતા.પોલીસે ત્યારે મુસ્લીમો પર ફાયરીંગ કરેલું તથા ટિયરગેસ છોડેલા. આ સમયે આબીદ, પીરૂ, ખાલીદ વગેરેને ગોળી વાગેલી. આ વખતે નુરાની મસ્જીદથી પાંચ છ દુકાન

છોડી અતીકખાનનું ધાબુ આવેલું છે તે અતીકખાનના ધાબે હું ગયેલો. હું ત્યાંતી તમામ બનાવો જોતો હતો.

આ સાહેદે તા.૨-૬-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આરોપી રીવોલ્વર તથા તલવાર સાથે તોફાની ટોળાની આગેવાની કરતો હતો તેવું જણાવેલ છે તથા ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપીને ઓળખી બતાવેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે તા.૨૭-૨-૦૨ના રોજ હિન્દુઓ ટોળાએ કૃષ્ણનગરમાં મુસ્લીમોના લારી ગલ્લા સળગાવેલા તા.૨૮-૨-૦૨ ના રોજ બંધનું એલાન હતુ તે દિવસે નરોડા પો.સ્ટે.ના પી.આી. મૈસુરવાલા તથા સેકન્ડ પી.આઈ. ગોહીલ તથા તેમના સ્ટાફના માણસો આ સાહેદને લઈ મુસ્લીમ વિસ્તારોમાં અને ચાલીઓમાં તથા મસ્જીદોમાં જઈ સુયોજિત કાવતરા પ્રમાણે આ પોલીસવાળાઓએ મુસ્લીમો પાસે કોઈ હથીયાર છે કે નહી તેની જાણકારી મેળવી લીધેલ તેવુ નહી માનવાને કોઈ કારણ નથી કારણ કે આ રીતે ચેકીંગ કર્યા બાદ પોલીસ બાહર રોડ ઉપર આવેલ અને ત્યારબાદ હીંચકારો બનાવ બન્યો તે ના.કોર્ટના રેકર્ડ ઉપર છેત જે આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાનીથી સાબીત થાય છે અને જુબાની વંચાણે લેતા એવુ સ્પષ્ટપણે ફલીત થાય છે તે હિન્દુ ટોળાને પોલીસનો સંપુર્ણ સાથ સહકાર હતો અને પોલીસના સહકારથી આટલા મોટા આયોજનબદ્ધ કાવતરાંને સફળતા અપાવેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

નુરાની મસ્જીદ પાસે ભેગા થયેલા ટોળાઓમાં આ આરોપી હાજર હતો અને ટોળામાં સાથે રહી લારી ગલ્લાંની તોડફોડ કરેલ તથા ચાલીઓના મકાનોની તોડ ફોડ કરી સળગાવેલ અને આ ટોળાઓની આગેવાની આ આરોપીએ કરેલ અને તે વખતે તેના હાથમાં તલવાર હતી અને આ આરોપીએ ટોળામાં સામેલ રહી ગુનાહીત કૃત્ય કરતા, તોડફોડ કરતા , મારકાપ કરતા નજરો નજર આ સાહેદે જોયેલા છે. આ સમયે મુસ્લીમો પોલીસને મદદ સારૂ પોકારતા પોલીસે મુસ્લિમો પર ફાયરીંગ કરેલ જેમાં ત્રણ મુસ્લીમોને ગોળી વાગેલ જે તમામ બનાવો નુરાની મસ્જીદ પાસે આવેલ અતીકખાનના ધાબા પરતી સાહેદે જોયેલ. આમ આ આરોપીએ હિન્દુ ટોળામાં રીવોલ્વર સાથે હાજર રહી ગેરકાયદેસર મંડળીના સભ્ય બની સામાન્ય ઈરાદો પાર પાડવાના ઉદ્દેશથી ગુનાહીત કૃત્ય કરતા આ સાહેદે જોયેલ તેવુ તેમની જુબાનીથી સ્પષ્ટ ફલીત થતુ હોઈ તેમની જુબાની નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

(૨૭) જુબેરખાન ઈસ્માઈલખાન પઠાણ, સાહેદ નં. ૨૨૭, આંક-૧૬૧૪

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં તોફાની ટોળામાં જોયેલ

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૬

તે વખતે મેં કૃષ્ણનગર સાઈડના ટોળામાં બિપીન પંચાલને જોયેલા. આ બિપીન પંચાલના હાથમાં તલવાર હતી. આ જ ટોળામાં ગુડ્ડુ છારા પણ હતો, આ ટોળામાં બાબુ ગેરેજવાળા હતા. ગુડ્ડુ છારાના તથા બાબુ ગેરેજવાળા એમ બંનેના હાથમાં લોખંડની પાઈપો હતી. કૃષ્ણનગરવાળું આ ટોળું બુમો પાડતું હતુ, તોડફોડ કરતું હતું. ટાયર રોડની વચ્ચે સળગાવતા હતા.

- પેજ નં.૪ પેરા નં.૧૦

હું જયારે અમારી કોમના લોકોને આ રીતે લઈ જતો હતો ત્યારે મેં જોયેલું કે, હિન્દુ કોમના માણસો નુરાની મસ્જીદ પર પથ્થરમારો કરતા હતા તથા સળગતા કાકડા નાંખતા હતા. આ સમયે પોલીસવાળાઓએ અમારી કોમના લોકો પર ટિયરગેસ છોડેલા. પોલીસે અમોને કોઈ મદદ કરેલી નહીં. પોલીસે ટિયરગેસ છોડેલો ત્યારે ટોળાના માણસો એવુ કહેતાં હતા કે, બાડીયાઓ તમે બચવાના નથી, તમે જયશ્રી રામ બોલો આ વખતે જાન બચાવવા માટે ભાગમભાગ થઈ ગયેલી. ટોળાના માણસો આ વખતે મારો કાપો એવી બુમો પણ પાડતા હતા.

- પેજ નં.૫ પેરા નં.૧૧

ટોળાના માણસો રોડ પરના ટ્રાફીકને રોકતા હતા, ગાડીઓ તથા રીક્ષાઓ સળગાવતા હતા તથા તોડફોડ કરતા હતા. હું આ સમય સુધી નુરાની મસ્જીદ ખાતે હતો. ત્યારપછી હું રોડ ક્રોસ કરીને હુસેનનગર બાજુ જતો રહેલો. હુસેનનગર એસ.ટી.વર્કશોપની બાજુમાં આવેલું છે.

આ સાહેદે તા.૨૬-૫-૦૮ના પોલીસ રૂબરૂના નિવેદનમાં આ ઓરોપીને તોફાની ટોળામાં જોયેલ તેવુ જણાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની જોતા ફલીત થાય છે કે આ સાહેદ બનાવના દિવસે સવારે ૯:૦૦ વાગે નુરાની મસ્જીદ પાસે મિલન હોટલ પાસે ચા પીવા આવેલ ત્યારે જોયુ તો નટરાજ હોયલ તથા કૃષ્ણનગર તરફથી ટોળાઓ આવેલા કૃષ્ણનગર તરફના ટોળામાં આ આરોપી તલવાર સાથે હાજર હતો અન્ય આરોપીઓ સાથે મળી જઈ

તોડફોડ કરતો હતો. આ ટોળાના માણસો નુરાની મસ્જીદ ઉપર પથ્થરમારો કરતા હતા સળગતા કાકડા ફેંકતા હતા અને ટોળાના માણસો ટ્રાફીક રોકવા ગાડીઓ તથા રીક્ષાઓ સળગાવતા હતા. આમ આ કામના આરોપીઓ અન્ય આરોપીઓ સાથે મળીને ગેરકાયદેસર મંડળી રચી એકબીજાની મદદગીરી કરી નુરાની મસ્જીદ તથા મુસ્લિમોના મકાનો, ઉપર હુમલો કરેલ તેવું આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે તે રીતે આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૨૮) રાજાબક્ષ ઉર્ફે રાજેશ નબીશા સૈયદ, સાહેદ નં. ૨૩૩, આંક-૧૬૪૪

- તા. ૨૨.૬.૦૮ ના સીટના જવાબમાં જોયેલા તે રીતે નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ વખતે ટોળુ કુબેરનગરથી તથા કૃષ્ણનગરથી આવતું હતું. આ ટોળુ પથ્થરમ મારતુ નુરાની મસ્જીદ પાસે આવેલું. ત્યા તેઓ પથ્થરમારો કરતા હતા. ટોળાના માણસો નુરાની મસ્જીદમાં ઘુસી ગયેલા. નુરાની મસ્જીદ સામે મારી તથા ઉસ્માનભાઈની કેરોસીનની લારી કેરોસીન સાથે પડેલી હતી. જેમાં મારી લારીમાં પચાસ લીટર કેરોસીન હતુ. ટોળાના માણસોએ આ બંને કેરોસીનની લારીઓ નુરાની મસ્જીદમાં નાંખીને સળગાવી દીધેલી.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

જે ટોળાએ આ રીતે અમારી કેરોસીનની લારી મસ્જીદની અંદર નાંખી દીધેલી તે ટોળામાં મનોજ સીંધી વિડીયોવાળો હતો તથા આ ટોળામાં બિપીન પંચાલ હતો. તે ટોળાના માણસોને બિપીન પંચાલ તથા મનોજ સિંધી બોલાવી લાવેલા. આ દરમ્યાન પોલીસે ટિયરગેસ છોડતાં મારા ઘરે જતો રહેલો.

આ સાહેદે તા.૨૨-૬-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં તોફાની ટોળામાં હાજર હતા તેવું જણાવેલ છે અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની પરથી ફલીત થાય છે કે આ સાહેદ બનાવના દિવસે સવારે આઠ સાડા આઠના સુમારે નુરાની મસ્જીદ પાસે આવેલા અને જોયુ તો કુબેરનગર તથા કૃષ્ણનગર તરફતી ટોળા આવેલા અને આ ટોળાએ સાહેદની તતા અન્ય ઉસ્માનભાઈની કેરોસીન લાટી નુરાની મસ્જીદમાં નાંખી સળગાવેલ આ કૃત્ય કરવાવાળા ટોળામાં આ આરોપી હાજર રહી કૃત્ય કરવામાં મદદરૂપ બનેલા. આમ આ આરોપીએ અન્ય આરોપીઓ સાતે મળીને આ વિસ્તારમાં આતંક ફેલાવવામાં એકબીજાને મદદરૂપ બની ગેરકાયદેસર મંડલી રચી તેના સભ્ય થઈ ગુનાહીત કૃત્યો

કરવામાં એકબીજાને મદદરૂપ બનેલા છે. તેવુ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૨૯) મો.યુનુસ બસીર એહમજ, સાહેદ નં. ૨૩૪, આંક-૧૬૫૨

- તા. ૦૪.૬.૦૮ ના સીટના જવાબમાં આરોપી ટોળાની ઉશ્કેરણી કરતા હતા તે રીતે નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

હું મારી ચાલીના નાકા તરફ પાછો આવતો હતો ત્યાર બિપીન ઓટો સેન્ટર પાસે ઉભો હતો ત્યારે મેં ત્યાં ટોળાના માણસોમાં બિપીન પંચાલને તેમના ગેરેજ પાસે જોયેલા. આ બિપીન પંચાલ ટોળાના માણસોને એવુ કહેતો હતો કે, મુસ્લીમો પાસે કોઈ સાધનો નથી, તમે લોકો ઉદય ગેસ એજન્સી તરફથી ચાલીઓમાં ધુસી જાવ, અને મારના કાટના શુરૂ કર દો, એક ભી ઈન્સાન જીંદા નહી રહેના ચાહીયે. તેમણે આમ કહેતા ટોળાના માણસો ચાલીઓમાં અંદર ધુસવા લાગેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

હું આ વખતે પરત મારી ચાલીના નાકે આવી ગયેલો. મેં જોયેલું કે, બિપીન ઓટો તરફથી એક ટેન્કરમાં આગ લગાવી તે ટેન્કરને નુરાની મસ્જીદ તરફ મોકલેલું. આ સળગતી ટેન્કર નુરાની મસ્જીદ તરફ મોકલેલું. આ સળગતી ટેન્કર નુરાની મસ્જીદની બહારના રસ્તા પર એક ખાડામાં જઈને ઉભી રહી ગયેલ. આ ટેન્કર ફસાઈ ગયેલ. આ વખતે પથ્થરમારો તથા ગોળીબાર ચાલતા હતા. આ ઉપરાંત ટિયરગેસ પણ ચાલુ હતા. આ વખતે લોકો પોતપોતાના બચાવ માટે દોડમદોડ કરતા હતા. મને પછી મારો ભાઈ મળેલો નહીં.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ ટોળાંના માણસો અમારા આખા વિસ્તારમાં ઘુસી ગયેલા. આ સમયે આશરે અગીયાર સાડા અગીયાર જેવો સમય થયો હશે. હુ આ વખતે ઉભેલા મુસ્લીમો જોડે ટોળામાં ઉભો રહી ગયેલો.

આ સાહેદે તા.૪-૬-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીને ટોળાની ઉશ્કેરણી કરતા જોયેલા તેવુ જણાવેલ છે અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે અને આરોપી સામે પુરતો પુરાવો પણ આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ સમક્ષની જુબાની જોતા સ્પષ્ટ ફલીત થાય છે કે બનાવના દિવસે આ સાહેદ સવારે નવ વાગ્યાના સુમારે નુરાની મસ્જીદની સામે બહાર આવેલ ત્યાં

જોયુ તો નટરાજ તથા કૃષ્ણનગર તરફ ટોળાઓ હતા. આ ટોળાના માણસોએ નુરાની મસ્જીદ તથા તેના આસપાસની દુકાનોમાં તોડફોડ કરતા અને પથ્થરમારો કરતા હતા. આ સાહેદ બીપીન ઓટો પાસે ઉભેલા ત્યારે આ આરોપીને જોયેલા અને તે ટોળાના માણસોને કહેતા હતા કે મુસ્લીમો પાસે કોઈ સાધનો નથી, મારવાનું કાપવાનું શરૂ કરી દો, એક પણ જીવતો બચવો ન જોઈએ. આમ કહી આ આરોપીએ ટોળાના માણસોને ઉગ્ર ઉશ્કેરણી કરી અને તેઓને મુસ્લમીઓને મારી નાંખવા પ્રેરતા હતા અને તેમાં તેઓ કામયાબ પણ થયેલ. આમ આ આરોપીએ આવુ કૃત્ય ન કર્યુ હોત તો ઘણા મુસ્લીમોનો જાન બચવા પામત આ સાહેદના પિતા બશીર અહેમદ આ બનાવમાં ઈજા પામેલ તેમની સારવાર કરાવેલ તેમના ઈજા પ્રમાણપત્રને આંક-૩૩૪ થી ફરીયાદ પક્ષના સાહેદ નંબર ૪૩ થકી ના.કોર્ટમાં રજુ થયેલ છે. આમ આરોપી વિરૂધ્ધ આ સાહેદની જુબાનીમાં પુરતો પુરાવો પડે છે અને આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૩૦) નઈમુદ્દીન શરીફુદ્દીન શેખ, સાહેદ નં. ૨૩૫, આંક-૧૬૫૪

- તા. ૨૮.૮૦૮ ના સીટના જવાબમાં ટોળામાં જોયેલા તે રીતે નામ આપેલ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.
- <u>પેજ નં.૩ પેરા નં.૬</u>

એસ.આર.પી.કવાર્ટસ આ લોકોને મુકીને હું રોડ પર નુરાની મસ્જીદ તરફ આવેલો. ત્યારે મેં ત્યાં કૃષ્ણનગરબાજુ પબ્લીકનું મોટું ટોળુ જોયેલું. આ ટોળામાં હું ઓળખુ તેવા ચાર માણસોને મેં જોયેલા. આ ટોળામાં બિપીનભાઈ પંચાલ, રમેશભાઈ છારા, ગુડ્ડુ છારા તથા એક લાલીયા છારાનાઓ હતા. આ ટોળુ પથ્થરમારો કરતું હતું તથા લુંટફાટ કરતું હતું, આ ટોળું મે જોયેલું તો, મારા ઘર ઈમામબીબીની ચાલી તરફ જવા લાગેલું મેં સામેની સાઈડ ઉભા રહીને જોયેલું તો આ ટોળુ મારા ઘરને તોડફોડ કરી લુંટફાટ કરવા લાગેલું.

આ સાહેદને તા.૨૨-૮-૦૮ ના રોજ શીટ રૂબરૂના નિવેદનમાં આરોપી ટોળામાં હાજર હતા તેવુ જણાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આરોપીનું નામ આપી પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે કે બનાવના દિવસે આ સાહેદે સવારના સાડા નવ વાગે જોયેલ તો કૃષ્ણનગર તરફ ટોળુ ભેગુ થયેલ તે ટોળામાં આ આરોપી અન્ય આરોપીઓ સાથે હાજર હતા અને આ ટોળાના માણસો પથ્થરમારો કરતા, લુંટફાટ કરતા હતા સાહેદના ઘરને પણ તોડફોડ કરી લુંટાફાટ કરેલ છે. આ

સાહેદે ના.કોર્ટ રૂબરૂ આ આરોપીને નામ જોગ ઓળખેલા છે. પરંતુ રૂબરૂ ઓળખવામાં આરોપી નં.૧૭ ને ઓળખી ભુલ કરેલ છે. તેનું કારણ એ છે કે સાહેદે જેમને ઓળખ્યા તે અને આ આરોપી બંન્ને શારીરીક સામ્યતા ધરાવતા હતા તેથી ખોટા આરોપીને ઓળખેલ હોય તેવુ સ્પષ્ટ જણાય છે. આમ આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ નથી.

## (૩૧) સીદીકભાઈ અલાબક્ષ મનસુરી સાહેદ નં. ૨૩૬, આંક-૧૬૬૨

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઉલ્લેખ કરેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪,૫ પેરા નં. ૧૦</u>

આ સમયે સવારે આશરે અગીયાર વાગ્યાની આસપાસ એસ.ટી.વર્કશોના ઝાંપે માયાબેન કોડનાની સફેદ કલરની મારૂતિ ફ્રન્ટી કાર અને તેની પાછળ ટેકસ જીપ હતી એ બંને લઈ આવી કૃષ્ણનગર તરફથી એસ.ટી. વર્કશોપ પાસે ઉભી રાખેલી જે એસ.ટી.વર્કશોપના ઝાંપા તરફ મોઢુ રાખીને ઉભેલી. આ મારૂતિ ગાડીમાંથી માયાબેન ઉતરેલા. ઉતર્યા પછી તેણીએ આ ટોળાને ઈશારો કરી એસ.ટી.વર્કશોપના ઝાંપે બોલાવેલું. આ વખતે જે સોએક આગેવાન માણસો આવેલા તેમાં માયાબેનનો પી.એ પણ હતો. માયાબેને તે લોકો સાથે કાંઈ વાતચીત, ચર્ચ જેવુ કરેલું. પછી તેમના પી.એ ને ઈશારો કરી સૂચના આપેલી.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

આ સમયે માયાબેનના પી.એ.એ ટ્રેક્સ જીપમાંથી હથિયારો બહાર કાઢેલા. હથીયારોમાં તલવાર, ભાલા, ત્રિશુલ, રિવોલ્વોર જેવું દુરથી દેખાતુ હતું તે પણ હતું. માયાબેનની સુચનાથી માયાબેનના પી.એ.એ આ તમામ ટોળાના આગેવાનોને આપેલ. તે પછી માયાબેનની ગાડી તથા પેલી જીપ કૃષ્ણનગર તરફ જવા લાગેલી ત્યાં જતા ઉદય ગેસ સર્વિસની ગલીમાં ગાડીઓ વળી ગયેલી. માયાબેનના ગયા પછી પેલા ટોળાના માણસો કે જેમાં, તેમનો પી.એ. પણ હતો. તેઓએ નુરાની મસ્જીદમાં ટોળાના માણસોએ ગેસના બાટલા નાંખી તોડફોડ કરેલી અને કેરોસીનનું આખુ ટેન્કર નુરાની મસ્જીદ ની અંદર ઘુસાડી દીધેલું.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

ત્યારપછી નુરાની મસ્જીદની આસપાસ આવેલી દુકાનો ટોળાના માણસોએ સળગાવેલી. તે પછી તે આખુ ટોળુ હુસેનનગર, જવાનનગર જવાના રસ્તે અંદરના ભાગે ઘુસી

ગયેલું. આ ટોળાએ જવાનનગર, હુસેનનગર વગેરેમાં મકાનો બાળી દીધેલા અને સ્ત્રી, પુરૂષ અને બાળકોને જીવતા સળગાવેલા જે હકીકત મેં જોયેલી યાને કે ટોળા જવાનનગર, હુસેનનગરમાં ધુસી ગયેલા ત્યાં સુધીની હકીકતો મેં જોયેલી છે.

- પેજ નં.૮ પેરા નં.૧૯

મને માયાબેનના પી.એ.નું નામ ખબર નથી પરંતુ હું તેઓને દીઠે ઓળખું છું. હુ ટોળાંના આગેવાનોને જોયે ઓળખું છુ. મને તેઓના નામ ખબર નથી. હું આજરોજ પણ આ તમામને ઓળખી આપીશ. હું આરોપીઓ બેઠા છે ત્યાં નજીક જઈને તેઓને ઓળખી આપીશ.

- પેજ નં. ૧૦ પેરા નં. ૨૦

આરોપીઓ બેઠા છે ત્યા ંજઈ મેં જેઓને નામજોગ વારાફરતી ઓળખી બતાવ્યા તે અનુક્રમે માયાબેનના પી.એ. તથા માયાબેનનાઓ છે.

આ ઉપરાંત હું જણાવી ગયો તે ટોળાના આગેવાન તરીકે હતા તેમાં મે ઓળખી બતાવયા તેઓ અનુક્રમે આરોપી નં. ૨૪,૨૦,૧૭,૨ તથા ૪૪ નાઓ હતા. આ બનાવ પછી મને ધમકી આપેલી હતી તે હું આરોપી બેઠા છે ત્યાં જઈ આવ્યો ત્યાં આ સહેજાદ અત્રે નામદાર કોર્ટમાં ઉપસ્થિત નથી પણ હું તેને ઓળખું છું.

આ સાહેદે તા.૨૬-૫-૦૮ ના રોજના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપી માયાબેન સાથે આવેલ આગેવાન તરીકે હાજર હતા તેવુ જણાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી ફલીત થાય છે કે આરોપી માયાબેન કોડનાની સાથે આવેલ સાત આગેવાનોમાંથી એક હતો અને તેમણે માયાબેન સાથે ચર્ચા પણ કરેલી અને ત્યારબાદ માયાબેન સાથે આવેલા ટ્રેક્સ ગાડીમાંથી હથિયારો કાઢી આ આરોપી તથા બીજા આગેવાનોને આપેલા આમ આ આરોપીએ હથીયાર ધારણ કરેલ અને ત્યારબાદ નુરાની મસ્જીદમાં તોડફોડ કરી આગ લગાડેલ અને દુકાનો મકાનો બાળી નાંખેલા સ્ત્રી, પુરુષ, બાળકોને જીવતા સળગાવેલા સમગ્ર બનાવમાં આરોપી સામેલ હોવાનું જણાઈ આવે છે.

આમ આ સાહેદની જુબાની વંચાણે લેતા આરોપીએ મસ્જીદ ઉપર હુમલો કરી, મુસ્લિમોના હુસેનનગરમાં મકાનોને આગ લગાડી, સ્ત્રી , પુરુષ, બાળકોને જીવતા સળગાવેલા છે જે હકીકત આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે.

અને આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૩૨) શબ્બીરઅલી નિવાસઅલી અન્સારી, સાહેદ નં. ૨૪૩, આંક-૧૬૯૪

- તા. ૪.૬.૦૮ ના સીટના નિવેદનમાં ટોળામાં હથિયાર સાથે જોયેલા છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

આ ટોળામાં મેં સુરેશ લંગડા, જયભવાની તથા ગુડ્ડુ છારાનાઓને જોયેલા. આ ઉપરાંત કૃષ્ણનગરથી બીજું ટોળુ આવેલુ. આ ટોળામાં મેં બિપીન પંચાલને જોયેલા. આ વખતે બિપીનભાઈ પાસે રિવોલ્વોર જેવુ હતું. ટોળા સાથે પોલીસ પણ હતી. આ કૃષ્ણનગરવાળું ટોળું પણ નુરાની મસ્જીદ તરફ આવેલું. ટોળાના માણસોએ પથ્થરમારો કરેલો. તેઓએ મુસ્લીમો પર પથ્થરમારો કરેલો.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૭</u>

મેં ત્યારબાદ જેઓને ઓળખી બતાવ્યા તે બિપીન પંચાલ છે.

<u>- પેજ નં.૮ નોંધ</u>

આરોપી નં.૪૪ તથા ૧૭ નાઓ દેખાવમાં ઘણા અંશે સમાન છે માત્ર તેઓની ચામડીના રંગમાં જ તફાવત છે.

આ સાહેદે તા.૪-૬-૦૮ ના રોજના શીટ રૂબરૂના નિવેદને હાથમાં રીવોલ્વર સાથે ટોળામાં જોયેલ તેવું જણાવેલ છે અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે અને આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો આપેલ છે અને સાહેદે કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીની ઓળખ સમયે તો.દારને ૧૭ ને ઓળખેલા તેનું કારણ એ હતુ તે આ આરોપી તથા તો.દાર નં.૧૭ બંન્ને શરીરે દેખાવમાં ઘણી સામ્યતા ધરાવતા હોઈ સાહેદેથી આ ભુલ થયેલ છે. આજ પ્રકારની ભુલ અગાઉના સાહેદ નં. ૨૩૪ નઈમુદ્દીન શરીફુદ્દીન સૈયદ દ્વારા પણ થયેલ છે. આથી એવુ માનવું વ્યાજબી લેખાય કે આ આરોપી તતા આરોપી નં.૧૭ ઘણી સામ્યતા ધરાવે છે અને તેથી તેમને ઓળખવામાં બુલ થઈ જાય તે વ્યાજબી છે. તેથી તે વાતને પણ ધ્યાનમાં લેવી ઘટે.

આ સાહેદની કોર્ટ રૂબરૂની જુબાની પરથી ફલીત થાય છે કે આ સાહેદે બનાવના આગલા દિવસે રાત્રીના નવવાગે કૃષ્ણનગર પર ટોળાએ જોયેલ ત્યારબાદ બનાવના દિવસે નુરાની મસ્જીદ પાસે આવેલ ત્યાં જોયેલ તો નટરાજ હોટલ તરફતી

ટોળાો ભેગા થયેલા અને દુકાનોમાં લુંટફાટ કરી તોડફોડ કરતા હતા. આ ટોળાના માણસો પાસે લાકડી, તલવાર, ધારીયા વગેરેના કૃષ્ણનગરથી પણ ટોળુ આવેલ તે ટોળામાં યા આરોપીને રીવોલ્વર સાથે અન્ય આરોપીઓ સાથે હાજર જોયેલા આમ આ આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી ગેરકાયદેસર મંડળી બનાવી તેના સભ્ય બની ગુનાહીત કાવતરૂ તોડફોડ કરી લુંટફાટ કરી સળગાવેલ ગુનાહીત કૃત્યો કરેલા છે. જે આથી સ્પષ્ટ થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૩૩) સૈયદ સલ્લાઉદ્દીન શરફુદ્દીન, સાહેદ નં. ૨૪૯, આંક-૧૭૨૫

- તા. ૨૧.૫.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૩ પેરા નં.૬

અમે નવ સાડા નવ વાગ્યે ભેગા થયેલા. અમે તમામ પંડીતની ચાલી પાસે રોડ પર ભેગા થયેલા માણસોમાંથી દસ પંદર માણસો બિપીનભાઈ ઓટો શો રૂમ પાસે ગયેલા. અમે બિપીનભાઈ ઓટો સેન્ટરવાળાને એવુ સમજાવેલું કે, અહીંયા ગરીબ વસ્તીના માણસો છે, કોઈ ઝગડો ફસાદ કરવાવાળો માણસ નથી. બીપીન ભાઈએ કહેલું કે, તમે જાવ, અહીંયા કશું થશે નહીં.

- પેજ નં.૪ પેરા નં.૮

અમે બિપીનભાઈ સાથે વાતચીત કરીને આવ્યા પછી ટોળાએ બિપીનભાઈના ઓટો સેન્ટર સામે આવેલ એસ.ટી.ડી.નું બુથ સળગાવેલું. બિપીનભાઈ ઓટો સેન્ટરવાળા સાથે વાતચીત કરવા જે દસ પંદર જણા ગયેલા તેમાં હુ પણ સામેલ હતો. અમે બિપીન પાસે ગયો ત્યારે ત્યાં બાબુભાઈ વણઝારા પણ હતા. આ બાબુ વણઝારા ફોર વ્હીલર ગાડીનું ફોરમેનનું કામ કરે છે.

આ સાહેદે તા.૨૧-૫-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ જોગ ઓળખેલ છે. અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આ સાહેદ બનાવના દિવસે સવારે નવ સાડા નવ વાગે પંડીતની ચાલી પાસે ભેગા થયેલા ત્યારબાદ ચાલીમાં જતા હતા ત્યારે ટોળો, તોડફોડ કરતા જોયેલા તે ધમાલમાં સાહેદની દીકરી નવાઝુન્નીશા ને કાંચની બાટલીથી ઈજા થયેલ તેની સારવાર કેમ્પમાં કરાવેલી આમ આ

આરોપીએ અન્ય આરોપીઓ સાથે ભેગા મળીને ગુનાહીત કૃત્યો કર્યા હોય તેવુ જણાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૩૪) મો. ઉસ્માન મહેમુદભાઈ શેખ, સાહેદ નં. ૨૫૮, આંક-૧૭૫૫

- તા. ૨૨.૬.૦૮ ના સીટના જવાબમાં આરોપી તોફાની ટોળાની આગેવાની કરતા હતા તે રીતે જોયેલ છે નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

ટોળા હિન્દુ લોકોના હતા. આ ટોળાના માણસો અમો મુસ્લીમો પર પથ્થરમારો કરતા હતા તથા સળગતા કાકડા ફેંકતા હતા. ત્યાં પોલીસ પણ હતી. પોલીસ અમારા પર ટિયરગેસ છોડતી હતી. અમે આ બધુ જોતા ડરી ગયેલા અને ગલીમાં જઈને છુપાઈને ઉભેલા. આ વખતે ટોળાના માણસો અમારી લારીઓમાંનું કેરોસીન કાઢી મસ્જીદ પર નાંખીને સળગાવતા હતા. ટોળાના માણસો નુરાની મસ્જીદની અંદર ઘુસી ગયેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

મેં આ વખતે કૃષ્ણનગરના ટોળામાં બિપીન પંચાલને જોયેલા. નટરાજ બાજુ આવતા ટોળામાં રીક્ષા ચલાવનાર એક છોકરો જેનું નામ મનોજભાઈ સીંધી હતુ તેને પણ મેં જોયેલો. આ ધમાલમાં અમે મુસ્લીમો ખુબ ગભરાઈ ગયેલા. મારા પરીવારજનો જીગરહસનની ચાલીમાં જતાં રહેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૯</u>

આ ટોળામાં બિપીનભાઈ પંચાલ તથા મનોજ સિંધી ટોળાના માણસોને ઉશ્કેરણી કરતા હતા. હું પછી મારા કુટુંબ પાસે જીગરહસનની ચાલીમાં ટોળાથી બચવા જતો રહેલો. અમે રાત સુધી જીગરહસનની ચાલીમાં જ હતા. રાતના અગીયાર સાડા અગીયાર વાગ્યે અમારી કોમના બે ત્રણ જણાં તથા હું બહાર આવેલા. ત્યારે એસ.ટી.વર્કશોપના ઝાંપાની સામે એક અધિકારી પોલીસની ગાડી ઉભી હતી ત્યાં બેઠેલા હતા. મેં તે અધીકારીને અમને પણ કેમ્પમાં પહોંચાડવાની વ્યવસ્થા કરવા જણાવેલું. તેમણે કહેલું કે, અત્યારે થઈ શકશે નહીં, ખુબ મોડુ થયું છે, તેથી સવારે વ્યવસ્થા કરીશું.

આ સાહેદે તા.૨૨-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીને ટોળામાં આગેવાની કરતા જોયેલા તે રીતે નામ જણાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને તેમના વિરૂધ્ધ સબબ પુરાવો પણ સામેલ છે.

આ સાહેદની જુબાની વંચાણે લેતા સ્પષ્ટપણે ફલીત થાય છે કે બનાવના દિવસે સવારે નવ સાડા નવ વાગ્યાના સુમારે આ સાહેદ નુ.મ. પાસે આવેલા ત્યારે નટરાજ તથા કૃષ્ણનગર તરફ ટોળા જોયેલા. આ ટોળાના માણસો મુસ્લીમો પર પથ્થરમારો કરતા અને સળગતા કાકડા ફેંકતા હતા. કૃષ્ણનગર તરફના ટોળામાં આ આરોપીને જોયેલ તેઓ ટોળાની આગેવાની લઈ ટોળાના માણસોને ઉશ્કેરણી કરતા હતા. આમ આ આરોપી મુસ્લીમો પર આક્રમણ કરવાના બદ્ઈરાદાને પાર પાડવા હેતુથી ટોળાના માણસોને ઉશ્કેરી ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવ્યા હોવાનું આ સાહેદની જુબાનીથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૩૫) રસુલબી અઝમુદીન શેખ, સાહેદ નં. ૨૬૦, આંક-૧૭૬૨

- તા. ૨૧.૫.૦૮ ના સીટના જવાબમાં નામ છે. (ટોળામાં હાજર)
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૩ પેરા નં.૫</u>

આ ટોળાએ કરેલ પથ્થરમારામાં મને માથામાં પથ્થર વાગેલો. મારી દીકરી મહેમુદાનો દીકરો તોફીકને પણ આ બનાવમાં પગમાં પથ્થર વાગેલો. આ રીતે અમોને બનાવમાં પથ્થરમારાની ઈજા થતાં અમે યાને કે હું અને મારા બાળકો મારા ઘરની બે ચાલીઓ છોડીને આવેલ બેકરીવાળાના મકાનમાં જઈને સંતાઈ ગયેલા. અમે અમારો જીવ બચાવવા માં મુસ્લીમો પણ હતા. અમે બેકરીવાળાના મકાનમાં ઉપર બેઠા હતા. આ મકાન નીચેથી બંધ કરી દીધેલું.

<u>- પેજ નં.૪ પેરા નં.૬</u>

આ બેકરીવાળાના મકાનમાં ઉપરથી મેં જોયેલું કે, ટોળુ આવતુ હતુ. ટોળું અમારી ચાલીઓમાં ઘુસી ગયેલું. આ ટોળામાં બિપીનભાઈ હતા. તેઓ આગેવાની કરતા હતા. બીજા એક સુરેશભાઈ હતા. આ ટોળામાં ગુડુ છારો અને ભવાની પણ હતા તેઓ મરણ ગયેલ છે. ટોળાના માણસો બધુ સળગાવતા હતા, તેઓ ટાયર પણ સળગાવીને અમારા છાપરાઓ ઉફર ફેંકતા હતા. માર ઘર પણ ટોળાના માણશોએ સળગાવેલું. હું છુપતા છુપાવતા મારા ઘરની આગ બુઝાવવા ગયેલી પણ મારા ઘરની આગ બુજેલી નહી પરંતુ મારા ઘરનું બધુ સળગી ગયેલું.

<u>- પેજ નં.૪ પેરા નં.૭</u>

મારૂ ઘર બિપીનભાઈ હતા તે ટોળાએ સળગાવેલું. હું મારૂ ઘર બચાવવા આવી હતી અને પરત આ બેકરીવાળાના ધાબે જઈને જાન બચાવવા બેસી ગયેલી.

આ સાહેદે તા.૨૧-૫-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને આરોપી વિરૂધ્ધ કોર્ટ રૂબરૂની જુબાનીમાં પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની જોતા સ્પષ્ટ ફલીત થાય છે કે બનાવના દિવસે આ સાહેદ પબ્લીક નળ જે એસ.ટી. વર્કશોપના ઝાંપે આવેલ છે ત્યાં સવારે આઠ વાગે આવેલા ત્યારે જોયુ તો કૃષ્ણનગર તરફ ગલ્લાઓ સળગતા હતા રોડ પર ટોળાઓ કૃષ્ણનગર તથા પાટીયા તરફથી આવેલા અને પથ્થરમારામાં આ સાહેદને માથામાં પથ્થર વાગવાની ઈજા થયેલ દીકરી મહેમુદાને કપાળમાં પથ્થર વાગવાથી ઈજા થયેલ તથા મહેમુદાના દિકરા તૌફીકને પગમાં ઈજા થયેલ તેથી કરીને આ સાહેદ બેકરીવાળાના મકાનમાં જતા રહેલ ત્યાં ઉપરથી જોયેલ તો ટોળુ ચાલીમાં ઘુસી ગયેલ તેમાં આ આરોપી આગેવાની કરતો હતો અને અન્ય આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી તે મંડળીની આગેવાની આ આરોપીએ લઈ, જુબાનીમાં જણાવેલા તમામ ગુનાહીત કૃત્યો આ આરોપીએ કરેલ હોય તેવુ સ્પષ્ટ જણાય છે. આમ આ સાહેદની જુબાની નથી માનવાને કોઈ કારણ નથી.

(૩૬) દીલીપભાઈ ખેંગારજી ચૌહાણ, સાહેદ નં. ૨૧૦, આંક-૧૪૯૩

- રીકવરી પંચ (તલવાર કબજે કર્યાનું પંચનામું)
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે- ઓળખેલા છે.

આ સાહેદની રૂબરૂમાં આ કામના આરોપીએ આ ગુનામાં ઉપયોગમાં લીધેલ હથિયાર (તલવાર) પોલીસ રૂબરૂ બતાવેલ છે. અને આરોપી એ આ પંચ સાહેદની રુબરુમાં પંચનામા ની વિગતે બતાવેલ છે જે પોલીસે આ સાહેદ રુબરુ કબજે કરેલ છે. તેથી પોલીસે આ આરોપી પાસેથી ગુનામાં વપરાયેલ હથિયાર (તલવાર) પંચો રૂબરૂ કબજે લીધેલ. જેમાનાં આ સાહેદ એક પંચ હતા. અને આસાહેદની રૂબરૂમાં આ તો.દારે ગુનામાં વાપરેલ હથિયાર પોલીસે કબજે કરેલ છે. તે તલવાર કબજે કરેલ પંચનામાને આંક ૧૪૯૪ થી ના.કોર્ટમાં રજૂ થયેલ છે. જે નહી માનવાને કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૪૫) અશોકભાઈ ઉત્તમચંદ કોરાણી (સીંધી)</u>

## (૧) ફરીદાબીબી અ.કાદર રસુલભાઈ ખલીફા સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા ૧૨.૫.૦૨ ના પોલીસ જવાહમાં
- તા.૩.૬.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે,
- નામદાર સુપ્રીમ કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપતભાઈનો જમાઈ ટીનીયો છારા, સેહજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ધરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

<u>- પેજ નં.૭ પેરા. ૧૪</u>

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો.

<u>- પેજ નં.૮ પેરા.૧૫</u>

આજ  ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તા.૩-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે તથા ના.કોર્ટ રૂબરૂની જુબાનીયા આ આરોપીનું નામ આપીને ઓળખી બતાવેલ છે તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો પણ આપેલ છે.

આ સાહેદે રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવ્યા મુજબ આરોપી સામે પુરતો પુરાવો આપી આરોપીની સંડોવણી નિશ્ચિત કરેલ છે.

આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે બાબુ બજંરગી બનાવના દિવસે માયાબેન કોડનાની સાથે તથા બીજા તો.દારો સાથે બનાવના દીવસે સ્થળ ઉપર હાજર હતો. સાહેદે આરોપીનું નામ આપેલ છે અને તેમને નહી આંકે જોયેલ છે અને આરોપી જે ટોળામાં હતા તે ટોળા આગળ વધતા હતા અને ટોળુ માર કાપ, કરતા હતા અને ઘરો સળગાવતા હતા. તે ટોળામાં આરોપી સામેલ હતા તેવુ ફલીત થાય છે અને આરોપી જે ટોળામાં હતા તે ટોળાએ એક મુલ્લાજી નામના વ્યક્તિના દીકરાને તેના ઘર પાસે સળગાવી દીધેલ જે આ સાહેદે પોતાની નરી આંખે જોયેલ છે. આમ આ આરોપી મુલ્લાજીના છોકરાને મારવા વાળા ટોળામાં સામેલ હતુ તેવુ આ સાહેદની જુબાની ઉપર જણાઈ આવે છે.

આમ આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આરોપી બનાવના દીવસે સ્થળ ઉપર હાજર હતા અને તેમણે માયાબેન કોડનાની જે ટોળામાં હતા તે ટોળામાં રહી બીજા તો.દારો સાથે મળી  એક સંપ થઈ માર કાપ કરેલો અને મુસ્લીમોના ઘરો સળગાવેલ છે તેવુ સ્પષ્ટપણે ફલીત થાય છે તેથી  સાહેદને ન માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે.

**(૨) હારૂન મોહંમદભાઈ શેખ, સાહેદ નં. ૧૯૮, આંક-૧૩૬૩**

- તા.૨૮.૫.૦૮ તથા તા.૧૨.૯.૦૮ ના  સીટના જવાબમાં નામ આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ બંને તરફના ટોળાઓના લોકોએ કપાળ પર કેસરીપટ્ટી બાંધેલી હતી. આ ટોળામાં હું અમુક લોકોને ઓળખતો હતો. મેં ટોળાના કેટલાક લોકોના હાથમાં તલવાર, પાઈપ, ત્રિશુલ જોયેલા.

<u>-પેજ નં.૩ પેરા નં.૭</u>

મેં આ ટોળામાં માયાબેન, બાબુ બજરંગી, સચીન મોદી, અશોક પાનના ગલ્લાવાળો, મનોજ વિડીયોવાળો, સુરેશ લંગડો, હરેશ, ગુડ્ડુ તથા બિપીન ઓટોવાળાને જોયેલા. મેં આ તમામને સવારના આશરે સાડા નવ વાગ્યે બનાવવાળા દિવસે જોયેલા તેઓ એસ.ટી.વર્કશોપ સામેના ઝાંપા પાસેના ટોળામાં પણ આગળ હતા અને એસ.આર.પી. ઝાપાવાળા ટોળામાં પણ હતા. જો કે, પછી બંને ટોળા એક થઈ ગયેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

આ લોકો તથા ટોળાના માણસો આસપાસના લારી ગલ્લા, કેબીન, મકાન વગેરે સળગાવવા લાગેલા તથા તેઓ નુરાની મસ્જીદ પર હુમલો કરેલો. અમારા મુસ્લીમોમાંથી કેટલાક લોકો આ નવજણાઓને સમજાવવા માટે પણ ગયેલા પરંતુ તેઓએ કોઈની વાત સાંભળેલી નહી અને તેઓ મારો કાપો તેવા પોકારો કરવા લાગેલા અને અમારી કોમના માણસો પર પથ્થરમારો કરવા લાગેલા. અમે આ રીતે આ નવને સમજાવવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. પરંતુ તેઓ ન માનતા તથા અમારા ઉપર પથ્થરમારો કરતા અમે ગભરાઈને પરત હાલમાં પોલીસ ચોકી આવેલી છે ત્યાં પાછા આવી ગયેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડ્ડુ અમારા જ વિસ્તારમાં રહેતા હોવાથી અમે તેમની વાત માનીને તેમની સાથે જવા લાગેલા. અમે નીકળતા હતા ત્યારે ગોપીનાથનગરના ઝાંપાની પાસે ટોળાના લોકો છુપાઈને બેઠેલા હતા અને અમે બહાર નીકળતા તે તમામ ટોળાના માણસોએ અમોને ઘેરી લીધેલા. આ છુપાઈ રહેલા ટોળામાં સચીન તથા સુરેશ લંગડો હતા. આ બનાવ વખતે અમે ગોપીનાથનગર સોસાયટીમાં બચવા માટે પાછા આવી ગયેલા અને ગોપીનાથનગરની સોસાયટીની પાણીની ટાંકી પાસે એક ખાંચો પડે છે તે ખાંચામાં જતા રહેલા. અમે ખાંચામાં એવું વિચારીને ગયેલા કે, ટોળું સામેથી નીકળી

જશે. પરંતુ ટોળાએ આ ખાંચાવાળા ભાગમાં જ અમારી મારકાપ શરૂ કરેલી. ટોળાના માણસોએ ત્યાં મારકાપ કરીને અમારામાંના લોકોને સળગાવી દીધેલા.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૩</u>

આ રીતે મારકાપ થઈ તેમાં મારા પરીવારની ત્રણ વ્યક્તિઓ હતી. જેમાં, મારી માતા મુમતાજબાનુ, મારી પત્ની ગોસિયાબાનુ તથા મારો દીકરો અકરમનાઓ હતા  જેઓ ત્રણેય આ બનાવમાં મરી ગયેલા. આ ઉપરાંત અમારી કોમના અન્ય લોકો પણ આ મારકાપનો ભોગ બનેલા જેમાં મારી માસી રાબીયા, મારી ભાણી ફરહાના તથા અમારી આજુબાજુ રહેતાં લોકમાં રેશ્મા વગેરે હતા.

આ સાહેદે તા.૨૮-૫-૦૮ ના તથા ૧૨-૯-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપીને ઓળખી બતાવેલ છે. તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો પણ આપેલ છે.

તા.૨૮-૨-૦૨ ના બનાવના દિવસે આ સાહેદ પોલીસ ચોકી પાસે આવેલા ત્યારે જોયેલ તો એસ.ટી. ના ઝાંપા પાસે તથા બીપીન ઓટો સેન્ટર તરફ ટોળાઓ ભેગા થયેલા તેમણે કેસરી પટ્ટી બાંધેલ હતી હાથમાં હથીયારો હતા આ ટોળામાં આરોપીને અન્ય આરોપીઓ સાથે જોયેલા ત્યારે સવારના સાડા નવનો ટાઈમ થયેલ. આ ટોળાના માણસો નુરાની મસ્જીદ તથા મુસ્લીમ ચાલીઓના ઘરો પર પથ્થરમારો કરી, સળગાવતા હતા. એસ.ટી.ના ઝાંપા પાસે થયેલ ફાયરીંગમાં ચાર મુસ્લીમોને ગોળી વાગેલ ગંગોત્રી ગોપીનાથ પાસે આવેલ પાણીની ટાંકી વાળા ખાંચાના બનાવનું વર્ણન પણ આ સાહેદ તેમની જુબાનીમાં કરે છે. આ ખોટાવાળા બનાવમાં આ સાહેદની માતા મુમતાજબાનું પત્નિ ગોસીયાબાનું તથા દીકરો અકરમ નાઓ મરણ પામેલા. આ બનાવમાં સાહેદ પોતાના દિકરાને બચાવવા જતા ઈજાગ્રસ્ત થયેલા વગેરે તમામ હકીકતો આ સાહેદની જુબાની વંચાણે લેતા ફલીત થાય છે.

આમ આ આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળીને સમાન ઈરાદો પાર પાડવાના આશયથી પાણીની ટાંકી ના ખાંચા વાળા  બનાવમાં તથા અન્ય બનાવોમાં સક્રીય ભાગ ભજવેલ છે. અને તે ખાંચામાં બનેલ સામુહીક હત્યાકાંડમાં મુખ્ય ભુમિકા ભજવી હોય તેવું આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. આથી આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

# <u>તોહમતદાર નં.(૪૬) વિજય તખુભાઈ પરમાર</u>

## (૧) ફરીદાબીબી અ.કાદર શેખ સાહેદ નં. ૧૪૯, આંક-૧૦૨૮

- તા ૧૨.૫.૦૨ ના પોલીસ જવાહમાં
- તા.૩.૬.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે,
- નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે. (આરોપીની એકઝામશન અરજી આંક-૧૦૨૬ ઓળખની તકરાર નથી)

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપતભાઈનો જમાઈ ટીનીયો છારા, સેહજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ધરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

<u>- પેજ નં.૭ પેરા. ૧૪</u>

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો.

<u>- પેજ નં.૮ પેરા.૧૫</u>

આજ  ટોળાએ જવાનનગરની છેલ્લી લાઈનમાં આવેલ મજીદભાઈના ઘરને આગ લગાડી દીધેલ ત્યારે આ મજીદભાઈના પરીવારજનો ઘરની અંદર હતા. આ વખતે અમને એવુ લાગેલું કે, અમે હવે બચીશું નહીં, તેથી ધાબા પરથી ગંગોત્રી સોસાયટીમાં ઉતારી, ખેતરમાં થઈ, મેદાનમાં હું તથા મારા બાળકો જતાં રહેલા. મારી સાથે અન્ય લોકો પણ હતા.

આ સાહેદે તા.૧૨-૫-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા તા.૩-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે તથા નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આરોપી નું નામ આપેલ છે. આ સાહેદની ના.કોર્ટ રૂબરૂ જુબાની ચાલુ હતી તે દિવસે આ આરોપીના વકીલશ્રી આરોપીની તકરાર નથી તેમ જણાવી ના.કોર્ટમાં આપેલ જે આંક ૧૦૨૬ થી ના.કોર્ટના રેકર્ડ ઉપર છે. અને તે રીતે આરોપીની ઓળખ સાબીત થાય છે અને સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ સબળ  પુરાવો આપેલ છે.

બનાવનાં દિવસે આ સાહેદ સવારે નવ સાડા નવ વાગે બહાર આવેલા ત્યારે નટરાજ તથા કૃષ્ણનગર તરફથી ટોળુ આવતા જોયેલ તે ટોળાના માણસોએ કેસરી પટ્ટી બાંધેલ હતી તે સમયે માયાબેન આવેલા અને તેમની સાથેના ટોળામાં આ આરોપી સામેલ હતા ત્યારબાદ ટોળાના માણસોએ તોડફોડ કરી ઘરોને સળગાવવા લાગેલા આ બનાવો માં થયેલ ફાયરીંગમાં બે ઈસમનું મરણ તથા ત્રણ ઈસમને ઈજા થેયલ તથા ઐયુબ નામના ઈસમને રીક્ષામાં નાંખી સળગાવી મુકેલ તેમજ સાહેદ પોતે યા  બનાવમાં ઈજાગ્રસ્ત થયેલા. યા બનાવમાં સાહેદનું ઘર પણ તોડફોડ કરી લૂંટફાટ કરેલ છે. તેવી તમામ હકીકતો આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. આરોપીએ અન્ય આરોપીઓ સાતે ભેગા મળીને એક સંપ થઈ મુસ્લમાનોને મોતને ઘાટ ઉતારવા સારૂ કાવતરૂં કરી કેટલાક ઈસમોને જીવતા સળગાવી મોતને ઘાટ ઉતારેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૪૭) રમેશ કેશવલાલ દીદાવાલા (છારા)</u>

## (૧) નઈમુદ્દીન શરીફુદ્દીન સૈયદ નં. ૨૩૫, આંક-૧૬૫૪

- તા. ૨૮.૮૦૮ ના સીટના જવાબમાં ટોળામાં જોયેલા તે રીતે નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

એસ.આર.પી.કવાર્ટસ આ લોકોને મુકીને હું રોડ પર નુરાની મસ્જીદ તરફ આવેલો. ત્યારે મેં ત્યાં કૃષ્ણનગરબાજુ પબ્લીકનું મોટું ટોળુ જોયેલું. આ ટોળામાં હુ ઓળખુ તેવા ચાર માણસોને મેં જોયેલા. આ ટોળામાં બિપીનભાઈ પંચાલ, રમેશભાઈ છારા, ગુડ્ડુ છારા તથા એક લાલીયા છારાનાઓ હતા. આ ટોળુ પથ્થરમારો કરતું હતું તથા લુંટફાટ કરતું હતું, આ ટોળું મે જોયેલું તો, મારા ઘર ઈમામબીબીની ચાલી તરફ જવા લાગેલું મેં સામેની સાઈડ ઉભા રહીને જોયેલું તો આ ટોળુ મારા ઘરને તોડફોડ કરી લુંટફાટ કરવા લાગેલું.

આ સાહેદે તા.૨૨-૮-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીને તોફાની ટોળામાં જોયેલા તે રીતે નામ આપેલ છે અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીને નામ આપી ઓળખી બતાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુવાનીયા આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવના દિવસે સવારના સાડા નવ વાગ્યાના સુમારે બહાર આવીને જોયેલ તો કૃષ્ણનગર તરફ ટોળુ હતુ તે ટોળામાં આ આરોપી અન્ય ટોળાના માણસો સાથે હાજર હતા અને આ ટોળાના માણસોએ સાથે હાજર હતા અને આ ટોળાના માણસોએ પથ્થરમારો કરેલ તથા મિલ્કતોમાં લુંટફાટ કરેલ. આમ આ આરોપી અન્ય આરોપીઓ સાથે ભેગા મળીને ગેરકાયદેસર મંડળી બનાવી તેના સભ્ય બની સમાન ઉદ્દેશ પાર પાડવાના હેતુથી ગુનાહીત કૃત્ય કરી ગુનો કરેવાનું આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. જે નહી માનવાને કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૪૮) કીશનભાઈ શંકરભાઈ મહાડીક</u>

# <u>(કિશન માણેક)</u>

(૧) શરીફાબીબી ઈકબાલભાઈ બાદરભાઈ શેખ, સાહેદ નં. ૨૦૩, આંક-૧૪૦૪

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે

- તા. ૨૭.૫.૦૮ ના સીટના જવાબમાં નામ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ નથી

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

ગંગોત્રી સોસાયટીમાં મને એક ધાબુ દેખાયેલું તે ધાબા પર મારા બાકીના બાળકોને લઈને હું ચડી ગયેલી. ધાબે જઈને મેં મારા બાળકોનું મોં દબાવી દીધેલું. કારણ કે, તેઓ રડતાં હતા. ધાબામાં પછી એક ખુણામાં મારા બાળકોને લઈને હું છુપાઈ ગયેલી.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

અમે ધાબામાં આવી રીતે છુપાયેલા હતા ત્યારે મારો કાપોના અવાજો આવતા હતા. એ સમયે ધાબા પરની જાળીમાંથી મેં જોયેલુ તો મારા દીકરા શરીફને તલવાર, હોકી, લાકડીઓ વગેરેથી મારતા હતા અને તેને મારીને પાડી દીધેલો. ત્યારપછી શરીફ પર કેરોસીન, પેટ્રોલ, નાંખીને તેને સળગાવી દીધેલો જે મેં જોયેલું. આ ટોળું કે જે મારા દીકરા શરીફને મારતુ હતુ તથ સાળગાવતુ હતા તે ટોળામાં ભવાની, ગુડ્ડુ છારા, સુરેશ લંગડો, દલપત, સહેજાદ છારો, ટીનીયા મરાઠી, રાજુ મરાઠી, કિશન મરાઠી તથા બીજાઓ હતા. બાકીનાનું નામ મને હમણાં યાદ આવશે તો હું કહીશ. મને યાદ આવી ગયું છે કે, આ ટોળામાં ભવાનીનો છોકરો પણ હતો.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ લોકોએ મારા દીકરાને મારી આંખો સામે મારી નાંખી અને મેં કહ્યુ તેમ સળગાવેલો. આ ટોળાના લોકો સળગતા આગમાં નાના બાળકોને ફેંકતા હતા તે મેં જોયેલું. આ જ લોકો મે જોયેલું કે, જુવાન છોકરીઓની ઈજ્જત પણ લેતા હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૩</u>

મેં જોયેલું આ જ ટોળાના માણસો નઈમની પત્નીને પણ નગ્ન કરી તેણીની ઈજ્જત લુંટતા હતા. આ સમયે સાંજના આશરે પાંચ થી છ વાગેલા. આ ધાબે મારા બાકીના બાળકો સાથે રાતના બાર વાગ્યા સુધી હું હતી.

આ સાહેદે તા.૧૩/૫/૦૨ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા તા.૨૭/૫/૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આ આરોપીનું નામ આપેલ છે. પરંતુ બનાવના ઘણાં વર્ષો થઈ ગયા હોઈ તથા આરોપીઓના શરીરના બાંધામાં ફેરફાર થયેલ હોઈ ના.કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખવામાં સફળ થયેલ નથી. પરંતુ આ સાહેદે આ આરોપી નું નામ પોલીસ તથા શીટના જવાબમાં તેમજ કોર્ટ રૂબરૂ ની જુબાનીમાં આપેલ છે. અને તેણે બનાવના દિવસે કરેલ કૃત્ય અને કૃત્યલોપનું વર્ણન કરેલ છે. જેને નજર અંદાજ કરવો ન જોઈએ.

તા.૨૮/૨/૦૨ ના રોજ બનાવના દિવસે આ સાહેદ માસ્તરના ધાબા પરથી નુરાની મસ્જીદ સળગતા જોયેલ અને રીક્ષા તથા ગલ્લા પણ સળગતા હતા. હુસેનનગરમાં ટોળુ આવી ગયેલ જે ટોળાના માણસોના હાથમાં હથીયારો હતા. ત્યાંથી આ સાહેદે લપાતા છુપાતા ગંગોત્રીના ધાબા ઉપર છુપાઈ ગયેલા તે ધાબા પરથી સાહેદે જોયેલ તો તેના પુત્ર શરીફ ને હથીયારોથી માર મારી તેના પર કેરોશીન પેટ્રોલ નાંખી સળગાવી દીધેલ. આ રીતે સાહેદના પુત્ર ને મારવામાં ટોળામાં આ આરોપી પણ સામેલ હતા. આ ટોળાના માણસો એ સાહેદના પુત્રને તેની નજરો સમક્ષ સળગાવેલ તથા નાના બાળકોને આગમાં ફેકતા પણ જોયેલ. તેમજ સાહેદ ઝરીના (પી.ડબ્લયુ નંઃ- ૨૦૫) ની પણ આ ટોળાએ ઈજ્જત લુટેલ. તે આ સાહેદે જોયેલ છે.

આમ આ કામના આરોપીએ અન્ય આરોપી સાથે ભેગા મળીને ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની મુસ્લીમોને બરબાદ કરી નાંખી તેમની માલમીલકતને લુંટી લઈ નુકશાન પહોંચાડવાના ઈરાદે તથા મુસ્લીમોને જાનથી મારી નાખવાના ઈરાદે તથા છોકરીઓની ઈજ્જત લુંટવાના ઈરાદાને પાર પાડવાના આશયથી બનાવના દિવસે ગુનાહીત કૃત્યો કરી સક્રીય રીતે ભાગ ભજવેલ છે.અને તેમના સામાન્ય ઉદેશ પાર પાડવામાં સફળ રહયા છે.આમ આ આરોપીએ આ સાહેદના પુત્ર શરીફનો ખુન કરવામાં ભાગ ભજવનાર તરીકે પુરતો પુરાવો મળી આવે છે.તેમજ છોકરીઓની ઈજ્જત લુંટવાનો પુરાવો પણ સાહેદ ની જુબાની પરથી સ્પષ્ટ મળી આવે છે.આથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૪૯) રણછોડભાઈ મણીલાલ પરમાર</u>

(૧) પંકજ પ્રદ્યુમનભાઈ ભટ્ટ, સાહેદ નં. ૨૭૩, આંક-૧૮૧૨

આ સાહેદ વહીવટી અધિકારી તરીકે મધ્યસ્થ યંત્રાલય નરોડા ખાતે ફરજ બજાવતા હતા. તદઉપરાંત આ મધ્યસ્થ યંત્રાલયમાં ટેકનીકલ સ્ટાફ તથા વહીવટી સ્ટાફ પોતાની ફરજ બજાવતો હોય છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. અને નીચે મુજબ પુરાવા આપેલ છે.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૩</u>

હવે મને નિશાની-૧૮૧૩/૩ વાળું કોચ સોપ મેન્યુફેકચરીંગ ગ્રુપ-૪નું ફેબ્રુઆરી - ૨૦૦૨નું હાજરી પત્રક બતાવવામાં આવે છે. હું આ ફેબ્રુઆરી ૨૦૦૨નું આ ખાતાનું અસલ મસ્ટર મારી સાથે લાવેલ છું. જેની નિશાની-૧૮૧૩/૩થી આ કામે રજુ કરવામાં આવેલું છે. આ રજીસ્ટર જોતા તા.૨૮-૨-૦૨ના રોજ આર.એમ.પરમાર આર્ટીઝન-બી નોકરી પર હાજર છે. જેમાં તેઓના નામ સામે 'પી' કરવામાં આવેલું છે. આ આર.એમ. પરમારનું આખુ નામ રણછોડભાઈ એમ પરમાર છે. આ અસલ રજીસ્ટર અમારા ઓફિસ રૂટીનમાં મેઈન્ટેન કરવામાં આવતું રજીસ્ટર છે તેમાં લખેલી હકીકતો ખરી છે............. નિશાની - ૧૮૧૩/૩ વાળી પ્રમાણીત નકલને પાકો – આંક ૧૮૧૬ આપવામાં આવેલ છે.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૪</u>

હું અમારા એસ.ટી.કર્મચારી શ્રી પી. એમ. શાહ, એસ.જે.દરજી તથા આર.એમ. પરમારનાઓને ઓળખું છું. હું તેઓ ત્રણેય નામદાર કોર્ટમાં હોય તો ઓળખી શકું. હું આ ત્રણેય આરોપીઓને અહીંથી જ તેઓ છેલ્લી બેંચે બેઠેલ છે તે છે તેમ તેઓને ઓળખી આપું છું. જો કે, શ્રી સુભાષ દરજીને દાઢી વધી ગઈ હોઈ ઓળખવા અઘરા છે પરંતુ હું તેમને ઓળખી શક્યો છું.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આ આરોપી બનાવના દિવસે એસ.ટી.વર્કશોપમાં નોકરી પર હાજર હતા. અને આ સાહેદ વહીવટી અધિકારી તરીકે ફરજ બજાવતા હોઈ આ આરોપીને સારી રીતે ઓળખે છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આ સાહેદે આ આરોપીને ઓળખી બતાવેલ છે. આ કામના ઘણાં સાહેદોએ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે એસ.ટી.વર્કશોપના અંદરના ભાગેથી પથ્થરમારો થતો હતો તથા ઓઈલના સળગતા કાકડા તથા લોખંડના ટુકડાઓ મુસ્લીમોની ચાલીઓ ઉપર ફેંકવામાં આવતા હતા. અને મુસ્લીમ ચાલીઓને સળગાવી નાંખવાના તથા નુકશાન કરવાના હેતુથી ગેરકાયદેસર મંડળીમાં આ આરોપી અન્ય આરોપીઓ સાથે મળીને ગુનાહિત કૃત્યો કરેલા

**હોય તેવું સ્પષ્ટ જણાવે છે. આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે. આમ આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ નથી.**

# તોહમતદાર નં.(૫૧) નવીન છગનભાઈ ભાગેકર (છારા)

## (૧) હસીફખાન અચ્છનખાન પઠાણ, સાહેદ નં. ૨૧૩, આંક-૧૫૨૨

- તા. ૨.૬.૦૮ ના સીટના જવાબમાં પાઈપ સાથે તોફાની ટોળામાં હાજર
- તા.૧૪.૯.૦૮ ના સીટના જવાબમાં નામ છે
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૪ પેરા નં.૮

ત્યારપછીની થોડી જ મીનીટોમાં નટરાજ હોટલ તરફથી ટોળાના માણસો નુરાની મસ્જીદ તરફ આવવાના શરૂ થઈ ગયેલા. આ ઉપરાંત કૃષ્ણનગર તરફથી પણ નુરાની મસ્જીદ પર ટોળા આવવા શરૂ થઈ ગયેલા. આ ટોળાઓની આગળ પોલીસવાળા હતા જે પોલીસવાળાઓ સવારે મારી સાથે હતા તેમાના લગભગ બધા પોલીસવાળા આ ટોળાની આગળ હતા. ટોળાઓ નુરાની મસ્જીદ પાસેના લારી,ગલ્લાની તોડફોડ કરવા લાગેલા. કૃષ્ણનગરબાજુથી આવેલા ટોળા રોડ પરની ચાલીઓ તથા મકાનોને સળગાવવા લાગેલા. આ બધાથી અમારા મુસ્લીમ કોમના થોડા લોકો ચાલીઓના નાકે ભેગા થયેલા.

- પેજ નં.૪ પેરા નં.૯

ટોળામા પોલીસને જોયેલા અને કેટલાક આરોપીઓને જોયેલા. મેં આ ટોળામાં બિપીનભાઈ પંચાલ, મુકેશ ઉર્ફે ગુડુ છારો, બાબુભાઈ વણઝારા, સુરેશ લંગડો, નવીન છગન છારાનાઓને જોયેલા. હું જણાવી ગયો તે તમામનાઓ ટોળાની આગેવાની કરતા હતા અને તેઓના હાથમાં હથીયારો હતા. જેમાં, બીપીન પંચાલના હાથમાં તલવાર અને રિવાલ્વોર હતી, ગુડુના હાથમાં તલવાર, સુરેશ લંગડાના હાથમાં પાઈપ, નવીન છારા પાસે ગેસનો બાટોલ હતો તે રીતના હથીયારો તેમની પાસે હતા.

- પેજ નં.૫ પેરા નં.૧૦

બિપીન પંચાલ ચિચિયારીઓ તથા બુમો પાડી ટોળાના માણસોને બોલાવતા હતા. તેઓ રોડ પર ઉભા રહીને ટોળાના માણસોને નુરાની મસ્જીદ બાજુ બોલાવતા હતા. બાકીના આરોપીઓ પણ જેના હાથમાં જે આવે તે તોડફોડ કરતા હતા તથા લારી , ગલ્લા વગેરે તોડફોડ કરતા હતા. નવીન છારો ગેસનો બાટલો લાવી તેની પીન ખોલી કપડું વીંટી ગેસના બાટલા સળગાવીને નુરાની મસ્જીદ પર તેમજ મુસ્લીમોના મકાનમાં નાંખતો હતા.

- પેજ નં.૫ પેરા નં.૧૧

આ વખતે મુસ્લીમો મસ્જીદને બચાવો તેવી બુમો પાડી પોલીસનું ધ્યાન દોરવા બુમો પાડતા હતા.પોલીસે ત્યારે મુસ્લીમો પર ફાયરીંગ કરેલું તથા ટિયરગેસ છોડેલા. આ સમયે

આબીદ, પીરૂ, ખાલીદ વગેરેને ગોળી વાગેલી. આ વખતે નુરાની મસ્જીદથી પાંચ છ દુકાન છોડી અતીકખાનનું ધાબુ આવેલું છે તે અતીકખાનના ધાબે હું ગયેલો. હું ત્યાંથી તમામ બનાવો જોતો હતો.

આ સાહેદે તા.૨-૬-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપી ગેસના બાટલા સાથે ટોળાની આગેવાની કરતા હતા તેવુ જણાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. તેમજ આરોપી વિરૂધ્ધ સબળ પુરાવો પણ આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે તા.૨૭-૨-૦૨ના રોજ હિન્દુઓ ટોળાએ કૃષ્ણનગર માં મુસ્લીમોના લારી ગલ્લા સળગાવેલા તા.૨૮-૨-૦૨ ના રોજ બંધનું એલાન હતુ તે દિવસે નરોડા પો.સ્ટે.ના પી.આઈ. મૈસુરવાલા તથા સેકન્ડ પી.આઈ. ગોહીલ તથા તેમના સ્ટાફના માણસો આ સાહેદને લઈ મુસ્લીમ વિસ્તારોમાં અને ચાલીઓમાં તતા મસ્જીદોમાં જઈ સુયોજિત કાવતરા પ્રમાણે આ પોલીસવાળાઓએ મુસ્લીમો પાસે કોઈ હથીયાર છે કે નહી તેની જાણકારી મેળવી લીધેલ તેવુ નહી માનવાને કોઈ કારણ નથી કારણ કે આ રીતે ચેકીંગ કર્યા બાદ પોલીસ બાહર રોડ ઉપર આવેલ અને ત્યારબાદ હીંચકારો બનાવ બન્યો તે ના.કોર્ટના રેકર્ડ ઉપર છેત જે આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાનીથી સાબીત થાય છે અને જુબાની વંચાણે લેતા એવુ સ્પષ્ટપણે ફલીત થાય છે તે હિન્દુ ટોળાને પોલીસનો સંપુર્ણ સાથ સહકાર હતો અને પોલીસના સહકારથી આટલા મોટા આયોજનબદ્ધ કાવતરાને સફળતા અપાવેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી.

નુરાની મસ્જીદ પાસે ભેગા થયેલા ટોળાઓમાં આ આરોપી હાજર હતો અને ટોળામાં સાથે રહી લારી ગલ્લાની તોડફોડ કરેલ તથા ચાલીઓના મકાનોની તોડ ફોડ કરી સળગાવેલ અને આ ટોળાઓની આગેવાની આ આરોપીએ કરેલ અને તે વખતે તેઓ ગેસના બાટલા સાથે આરોપીએ ટોળામાં સામેલ રહી ગુનાહીત કૃત્ય કરતા, તોડફોડ કરતા , મારકાપ કરતા નજરો નજર આ સાહેદે જોયેલા છે.  આ સમયે મુસ્લીમો પોલીસને મદદ સારૂ પોકારતા પોલીસે મુસ્લિમો પર ફાયરીંગ કરેલ જેમાં ત્રણ મુસ્લીમોને ગોળી વાગેલ જે તમામ બનાવો નુરાની મસ્જીદ પાસે આવેલ અતીકખાનના ધાબા પરથી સાહેદે જોયેલ. આમ આ આરોપીએ હિન્દુ ટોળામાં ગેસના બાટલા સાથે હાજર રહી ગેરકાયદેસર મંડળીના સભ્ય બની સામાન્ય ઈરાદો પાર પાડવાના ઉદ્દેશથી ગુનાહીત કૃત્ય કરતા આ સાહેદે જોયેલ તેવુ તેમની જુબાનીથી સ્પષ્ટ ફલીત થતુ હોઈ તેમની  જુબાની નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

# <u>તોહમતદાર નં.(૫૨) સચીન નગીનદાસ મોદી</u>

## (૧) હારૂન મોહંમદભાઈ શેખ, સાહેદ નં. ૧૯૮, આંક-૧૩૯૬

- તા. ૨૮.૫.૦૮ અને તા.૧૨.૯.૦૮ ના સીટના નિવેદનમાં આરોપીને તોફાની ટોળામાં નજરોનજર જોયેલ છે

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

આ બંને તરફના ટોળાઓના લોકોએ કપાળ પર કેસરપટ્ટી બાંધેલી હતી. આ ટોળામાં હું અમુક લોકોને ઓળખતો હતો. મેં ટોળાના કેટલાક લોકોના હાથમાં તલવાર, પાઈપ, ત્રિશુળ વગેરે જોયેલા.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

મેં આ ટોળામાં માયાબેન, બાબુ બજરંગી, સચીન મોદી, અશોક પાનના ગલ્લાવાળો, મનોજ વિડીયોવાળો, સુરેશ લંગડો, હરેશ, ગુડ્ડુ તથા બિપીન ઓટોવાળળાને જોયેલા. મેં આ તમામને સવારના આશરે સાડા નવ વાગ્યે બનાવવાળા દીવસે જોયેલા તેઓ એસ.ટી.વર્કશોપ સામેના ઝાંપા પાસેના ટોળામાં પણ આગળ હતા અને એસ.આર.પી. ઝાંપાવાળા ટોળામાં પણ હતા. જો કે, પછી બંને ટોળા એક થઈ ગયેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

આ લોકો તથા ટોળાના માણસો આસપાસના લારી ગલ્લા, કેબીન, મકાન વગેરે સળગાવવા લાગેલા તથા તેઓએ નુરાની મસ્જીદ પર હુમલો કરેલો. અમારા મુસ્લીમોમાંથી કેટલાક લોકો આ નવજણાંઓને સમજાવવા માટે પણ ગયેલા પરંતુ તેઓએ કોઈની વાત સાંભળેલ નહીં અને તેઓ મારો કાપો તેવા પોકારો કરવા લાગેલા અને અમારી કોમના માણસો પર પથ્થરમારો કરવા લાગેલા. અમે આ રીતે આ નવને સમજાવવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. અમે આ રીતે આ નવને સમજાવવા માટે નુરાની મસ્જીદ પાસે ગયેલા. પરંતુ તેઓ ન માનતા તથા અમારા ઉપર પથ્થરમારો કરતા અમે ગભરાઈને પરત હાલમાં પોલીસ ચોકી આવેલી છે ત્યાં પાછા આવી ગયેલા.

<u>- પેજ નં.૫ પેરા નં,૧૧</u>

અમે સાંજના આશરે ચાર વાગ્યા સુધી આ રીતે ગોપીનાથનગર સોસાયટીમાં રહેલા. અમે આ જગ્યાએ બેઠેલા હતા ત્યારે તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડ્ડુએ અમે ૧૫-

૨૦ મુસ્લીમો બેઠેલા હતા ત્યાં આવીને અમને જણાવેલું કે, તમે પાછલના રસ્તે એસ.આર.પી.કવાર્ટસ જતા રહો. આ વખતે અમે સ્ત્રી, પુરૂષો બાળકો એમ તમામ સાથે હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ તિવારી, સહેજાદ, જયભવાની તથા ગુડ્ડુ અમારા વિસ્તારમાં રહેતા હોવાથી અમે તેમની વાત માનીને અમે તેમની સાથે જવા લાગેલા. અમે નીકળતા હતા ત્યારે ગોપીનાથનગરના ઝાંપાની પાસે ટોળાના લોકો છુપાઈને બેઠેલા હતા અને અમે બહાર નીકળતા તે તમામ ટોળાના માણસોએ અમોને ઘેરી લીધેલા. આ છુપાઈ રહેલા ટોળામાં સચીન તથા સુરેશ લંગડો હતા. આ બનાવ વખતે અમે ગોપીનાથનગર સોસાયટીમાં બચવા માટે પાછા આવી ગયેલા અને ગોપીનાથનગરની સોસાયટીની પાણીની ટાંકી પાસે એક ખાંચો પડે છે તે ખાંચામાં જતા રહેલા. અમે ખાંચામાં એવુ વિચારીને ગયેલા કે, ટોળું સામેથી નીકળી જશે. પરંતુ ટોળાએ આ ખાંચવાળા ભાગમાં જ અમારી મારકાપ શરૂ કરેલી. ટોળના માણસોએ ત્યાં મારકાર કરીને અમારામાના લોકોને સળગાવી દીધેલા.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૩</u>

આ રીતે મારકાપ થઈ તેમાં મારા પરીવારની ત્રણ વ્યક્તિઓ હતી. જેમાં, મારી માતા મુમતાજબાનુ, મારી પત્ની ગોસિયાબાનુ તથા મારો દીકરો અકરમનાઓ હતા જેઓ ત્રણેય આ બનાવમાં મરી ગયેલા. આ ઉપરાંત અમારી કોમના અન્ય લોકો પણ આ મારકાપનો ભોગ બનેલા જેમાં મારી માસી રાબીયા, મારી ભાણી ફરહાના તથા અમારી આજુબાજુ રહેતાં લોકમાં રેશ્મા વગેરે હતા.

<u>- પેજ નં. ૭ પેરા નં.૧૫</u>

આ મારકાપ કરતા ટોળામાં મે પાંચ જણાંને જોયેલા. જેમાં તિવારી હતો જેના હાથમાં તલવાર હતી, જયભવાની હતો જેના હાથમાં તલવાર હતી. મને હવે યાદ આવે છે તેમ જયભવાનીના હાથમાં લાકડી હતી. ગુડ્ડુ હતો જેના હાથમાં તલવાર હતી. સુરેશ લંગડો હતો જેના હાથમાં ધારિયું હતુ, સચીન ઉર્ફે મોદી પણ હતો જેના હાથમાં પાઈપ હતી.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૬</u>

આ રીતે મારામારી થતી હતી તેમાં હું મારા દીકરા અકરમને બચાવા વચ્ચે પડેલો ત્યારે મારા જમણા હાથમાં ધારિયું વાગેલું તથા જમણા આંખે નીચે હું દાઝી ગયેલો જે રીતની ઈજાઓ મને પણ થયેલી. આ તમામમાંથી બચી હું ગંગોત્રી સોસાયટીમાં જઈને છુપાઈ ગયેલો. ત્યાં થોડો સમય હું બેસી રહેતા મારા ધ્યાનમાં આવેલું કે, અમારા મુસ્લીમ કોમના

અન્ય લોકો પણ ત્યાં બેઠેલા હતા. આ સમયે મગરીબનો સમય હતો યાને કે સાંજનો સમય હતો.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૮</u>

અમે આ રીતે જવા લાગેલા ત્યારે અમે જોયેલું કે, તીસરા કુવા પાસેના મેદાનમાં બાબુ બજરંગી ટોળું લઈને ઉભેલા. અમે ઘબરાઈને ત્યાં જ ઉભા રહેલા. આ સમયે ટોળાના માણસોએ અમારી મારકાપ ચાલુ કરી દીધેલી. આ ટોળાના માણસોએ આ જગ્યાએ મારી સામે જ અમારી કોમના ચાર માણસોને મારી નાંખેલા. આ તમામમાં હુ ગભરાઈને પાછો ગોપીનાથ સોસાયટી જતો રહેલો. ગોપીનાથ સોસાયટીમાં પછી હું છુપાઈ ગયેલો.

આ સાહેદે તા.૨૮-૫-૦૮ ના તથા ૧૨-૯-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે તથા નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું પાઈપ સાથે હતા તે રીતે નામ આપી ઓળખી બતાવેલ છે અને આરોપી વિરૂધ્ધ સબળ અને પુરતો પુરાવો આપેલ છે.

તા.૨૮-૨-૦૨ ના બનાવના દિવસે આ સાહેદ પોલીસ ચોકી પાસે આવેલા ત્યારે જોયેલ તો એસ.ટી. ના ઝાંપા પાસે તથા બીપીન ઓટો સેન્ટર તરફ ટોળાઓ ભેગા થયેલા તેમણે કેસરી પટ્ટી બાંધેલ હતી હાથમાં હથીયારો હતા આ ટોળામાં આરોપીને અન્ય આરોપીઓ સાથે જોયેલા ત્યારે સવારના સાડા નવનો ટાઈમ થયેલ. આ ટોળાના માણસો નુરાની મસ્જીદ તથા મુસ્લીમ ચાલીઓના ઘરો પર પથ્થરમારો કરી, સળગાવતા હતા. એસ.ટી.ના ઝાંપા પાસે થયેલ ફાયરીંગમાં ચાર મુસ્લીમોને ગોળી વાગેલ ગંગોત્રી ગોપીનાથ પાસે આવેલ પાણીની ટાંકી વાળા ખાંચાના બનાવનું વર્ણન પણ આ સાહેદ તેમની જુબાનીમાં કરે છે. આ ખોટા વાળા બનાવમાં આ સાહેદની માતા મુમતાજબાનું પત્નિ ગોસીયાબાનું તથા દીકરો અકરમ નાઓ મરણ પામેલા. આ બનાવમાં સાહેદ પોતાના દિકરાને બચાવવા જતા ઈજાગ્રસ્ત થયેલા વગેરે તમામ હકીકતો આ સાહેદની જુબાની વંચાણે લેતા ફલીત થાય છે.

આમ આ આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળીને સમાન ઈરાદો પાર પાડવાના આશયથી પાણીની ટાંકી ના ખાંચા વાળા બનાવમાં તથા અન્ય બનાવોમાં સક્રીય ભાગ ભજવેલ છે. અને તે ખાંચામાં બનેલ સામુહીક હત્યાકાંડમાં મુખ્ય ભુમિકા ભજવી હોય તેવું આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. આથી આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી.

## (૨) સલીમ રહીમભાઈ શેખ , સાહેદ નં.૨૧૭, આંક-૧૫૬૨

- ૨૦.૬.૦૮ ના શીટના જવાબમાં તોફાની ટોળામાં ડંડો લઈને ઉભો હતો.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.
- હાજરી મુક્તિની અરજી આંક-૧૫૬૧ ઓળખની તકરાર નથી.
- સાહેદ ૨૧૮ ની જુબાનીને સમર્થન આપે છે.

- પેજ નં.૩ પેરા નં. ૪

ત્યારપછી સાંજના આશરે પાંચ છ વાગ્યાના સુમારે તીસરા કુવા તરફથી હિન્દુઓનું ટોળુ હથીયાર લઈને આવેલું. તેઓના હાથમાં પાઈપ, તલવાર વગેરે હતા. ત્યારે ત્યાં એસ.આર.પી.વાળાઓએ ટિયરગેસ છોડેલો ત્યાં પછી ભાગમભાગ થયેલી. આ વખતે ધમાલમાં મારી મમ્મીનો હાથ મારા હાથમાંથી છુટો પડી ગયેલો. હું પછી ગંગોત્રી સોસાયટીના એક મકાનના ધાબા પર જઈને બેસી ગયેલો. ત્યા અન્ય મુસલમાનો પણ બેઠેલા હતા.

- પેજ નં.૩ પેરા નં.૫

આ ધાબા પર હું ગયો પછી આશરે દોઢ બે કલાકે મારો ભાઈ રાસીદ ધાબા પર આવેલો. હું ધાબા પર જવું તે પહેલા ટોળામાં તિવારી કંડકટર, ભવાની તથા બીજાઓ નીચે ઉભેલા જ હતા તેઓ દંડા લઈને ઉભેલા. હું પછી ધાબે ગયેલો. ત્યાં ધાબે મને રાસીદ મળેલો. રાસીદનું માથું તથા બંને હાથ દાઝેલા હતા. ત્યાર પછી મારો ભાઈ સાબીર આવી ગયેલો

-પેજ નં.૪ પેરા નં.૭

મને મારા ભાઈ રાસીદે મારી મા ને તેણે ટોળામાં સચીને સળગાવી દીધેલી હોવાનું જણાવેલું. તેણે એવુ પણ જણાવ્યું હતું કે, મારી મા ને આ સચીને ગંગોત્રી ગોપીનાથ સોસાયટીની વચ્ચે આવેલ પાણીની ટાંકી પાસે આવેલ ખુલ્લી જગ્યામાં પાઈપ મારી, પેટ્રોલ છાંટીને સળગાવીને મારી નાંખેલ. મેં પોતે આ બનાવ જોયેલો નથી પરંતુ મારા ભાઈ રાસીદના કહેવાથી તથા મને જાણ કરવાથી મને આ બનાવની જાણકારી થયેલી.

આ સાહેદે તા.૨૦-૬-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે. સાહેદની ના.કોર્ટમાં જુબાનીના દિવસે આ આરોપી ગેરહાજર હતા તેથી તેમના વકીલે ઓળખની તકરાર નથી તેવુ જણાવી એક્ઝીમ્પશન અરજી આપેલ જે આંક : ૧૫૬૧ થી કોર્ટના રેકર્ડ પર છે. તે રીતે આરોપીની ઓળખ સાબીત થાય છે.

આ સાહેદની જુબાની ઉપરતી ફલીત થાય છે કે બનાવના દિવસે બનાવવાળા દિવસે વાતાવરણ તંગ હોવાના કારણે સાહેદ નોકરી ઉપરથી પરત આવી ગયેલા અને ધમાલ ચાલુ હોઈ ગંગોત્રી સોસાયટીમાં પોતાનો જીવ બચાવવા સંતાઈ રહેલા ત્યારબાદ સાંજના ૫:૦૦ ૬:૦૦ વાગ્યાના સુમારે હિન્દુઓનું ટોળુ ઘાતક હથીયારો સાથે તીસરા કુવા તરફથી આવેલ સાહેદના ભાઈએ જણાવેલ કે માં ને ટોળામાં આ આરોપીએ સળગાવી દીધેલ. આમ આ ટોળામાં ગોપીનાથ ગંગોત્રી વચ્ચે આવેલ પાણીની ટાંકી પાસેથી ખુલ્લી જગ્યામાં પાઈપ મારી પેટ્રોલ નાંખી સળગાવી દીધેલ છે.

આમ આ આરોપીએ અન્ય આરોપી સાથે મળી જઈ ગુનાહિત કૃત્ય કરવામાં સક્રિય ભાગ ભજવેલ છે અને આ આરોપી સદરહુ ટોળામાં હાજર હતા તેવુ સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ આરોપી વિરૂધ્ધનો સાહેદનો પુરાવો નહિ માનવાને કોઈ કારણ નથી.

## (૩) અ.રાસીદ રહીમભાઈ શેખ , સાહેદ નં.૨૧૮, આંક-૧૫૬૪

- તા. ૩.૭.૦૮ તથા ૨૫.૯.૦૮ ના શીટના જવાબમાં આરોપીને લોહીવાળી હોકી સાથે તોફાની ટોળામાં જોયેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ અને ઓળખેલા છે.
- હાજરી મુક્તિની અરજી આંક-૧૫૬૧  ઓળખની તકરાર નથી.
- સાહેદ ૨૧૭ ની જુબાનીને સમર્થન આપે છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

સાંજના આશરે  પાંચ છ વાગ્યાના સમયગાળામાં અમે તીસરાકુવા તરફ ભાગવા જતાં ત્યાંથી પણ હિન્દુઓનું ટોળું આવેલું. તેથી અમે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટી પાસે આવેલ પાણીની ટાંકી પાસે આવેલ જગ્યામાં છુપાઈ જવા લાગેલ ત્યારે એસ.ટી.વર્કશોપ તરફથી હિન્દુઓનું તોફાની ટોળું આવેલું જેમાં સચીન પણ હતો. સચીનના હાથમાં લોહીવાળી હોકી હતી. આ ભાગ દોડમાં અમારા ઘરના માણસો છુટા પડી ગયેલા.હું અને મારા મમ્મી સાથે હતા. હિન્દુઓનુ ટોળુ બંને તરફથી આવી ગયેલું. પાણીની ટાંકી પાસે હું, મારી માં તથા અન્ય મુસ્લીમો ટોળાના માણસોથી ઘેરાઈ ગયેલા. આ વખતે અમારા ઉપર પાણીની ટાંકીની ઉપરથી તથા સળંગ દુકાનોના ધાબાઓ ઉપરથી કેરોસીન તથા જલદ પદાર્થો નાંખવામાં આવતા હતા અને આવા પદાર્થો નાંખીને અમોને સળગાવી દેવામાં આવતા હતા. હિન્દુઓના ટોળાઓ તેઓની પાસેથી તલવાર, પાઈપ વગેરે હથીયારોથી અમોને માર મારતા હતા.

<u>- પેજ નં.૪ પેરા નં.૭</u>

આ વખતે સચીને તેના હાથમાંહતી તે પાઈપથી મારી મા ને મારેલી. જે મેં જોયેલું. ટોળાના બીજા માણસોએ પણ મારી મા ને મારેલી. પછી મારી મા પર કેરોસીન પેટ્રોલ નાંખી તેણીને સળગાવી દીધેલી. આ વખતે મારા માથા પર કેરોસીન નાંખી મારૂ માથુ સળગાવતા મારી મમ્મીનો હાથ મારા હાથમાંથી છુટી ગયેલો અને બંને હાથથી હું મારો માથુ ખંજવાળવા લાગતાં હું મારા બંને હાથ દાઝી ગયેલો.

- પેજ નં.૫ પેરા નં.૮

મારી મા આ બનાવના સ્થળે જ મરણ ગયેલ, મને તક મળતા પછી હું ગંગોત્રી સોસાયટી તરફ ગયેલો અને ત્યાં એક ધાબે ગયેલો. આ જગ્યાએ મને મારો ભાઈ સલીમ તથા સાબીર મળેલા. આ જગ્યાએ મેં મારા ભાઈ સલીમને મારી મા કેવી રીતે મરણ ગયેલ તે તમામ હકીકતો જણાવેલી. હું આ ધાબે મોડી રાત્રે પોલીસની ગાડી આવી ત્યાં સુધી રોકાયેલો. ત્યારપછી પોલીસની ગાડીમાં અમે શાહઆલમ જતા રહેલા.

- પેજ નં.૫ પેરા નં.૧૦

હું સચીન મોદીને ઓળખું છું. હું આજે પણ સચીનને ઓળખી શકું. હું આરોપીઓ બેઠા છે ત્યાં જઈને આરોપીઓને ઓળખી શકીશ.

આ સાહેદે પોતાના ૩-૭-૦૮ અને ૨૫-૯-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આરોપીને લોહી વાળી હોકી સાથે હોવાનું ટોળામાં જોયેલાનું જણાવી નામ આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. આરોપી સાહેદની જુબાની વખતે હાજર ન હોઈ આરોપીના વકીલશ્રીએ આરોપીની એક્ઝમ્પશન અરજી આપી ઓળખ અંગે તકરાર ન હોવાનું જણાવી રજુ કરેલ જેને ના.કોર્ટ આંક-૧૫૬૧ થી રેકર્ડ ઉપર છે. તે રીતે આરોપીની ઓળખ સાબીત થાય છે.

આ સાહેદે બનાવના દિવસે બહાર નીકળી જોયેલ હતા એસ.ટી. વર્કશોપ પાસે હિન્દુઓના ટોળા ઉભેલા હતા તે સમયે પોલીસે મુસ્લિમો તરફ ફાયરીંગ કરેલ જેમાં મુસ્તાક નામના ઈસમને ગોળી વાગેલ અને અમો અમારો જીવ બચાવવા આખો દિવસ લપાતા છુપાતા ભાગતા રહેલ ત્યારબાદ સાંજના પાંચ-છ વાગ્યાના સુમારે તીસરા કુવા તરફથી હિન્દુઓનું ટોળુ આવેલ તેથી સાહેદ પાણીની ટાંકી પાસે આવેલ જગ્યામાં સંતાઈ ગયેલા ત્યારે એસ.ટી.વર્કશોપ પાસેથી ટોળુ આવેલ તેમાં આરોપી લોહી વાળી હોકી સાથે હાજર હોવાનું સાહેદે જણાવેલ આ સમયે પાણીની ટાંકી પાસે મુસ્લીમો ઘેરાઈ ગયેલ અને હિન્દુઓનું ટોળુ તલવાર, પાઈપ, જ્વલનશીલ પદાર્થોનો ઉપયોગ કરી મારતા હતા ત્યારે આ આરોપી સચીને તેના હાથમાની પાઈપ સાહેદની માતાને મારેલી અને ત્યારબાદ તેમની ઉપર પેટ્રોલ, કેરોસીન નાંખી સળગાવી દીધેલ તે સમયે તે સમયે સાહેદના માથામાં પણ કેરોસીન નાંખી સળગાવતા

મારી મમ્મીનો હાથ મારાથી છુટી ગયેલ અને સાહેદ પોતાના માથાની આગ બુઝાવવા જતા બંન્ને હાથે દાઝી ગયેલ આ મરણની હકીકત સાહેદે તેમના ભાઈ સાહેદ નં.૨૧૭ નાઓને જણાવેલ આમ આ કામના આરોપીએ અન્ય આરોપી સાથે મળી જઈ સાહેદની નજર સમક્ષ તેમની માતાને ધાક હથિયારથી મારી નિર્દયતા પુર્વક જ્વલનશીલ પદાર્થ નાંખી જીવતા બાળી નાંખવામાં સક્રિય ભાગ ભજવેલાનું ફલીત થાય છે. આ સાહેદની જુબાની નહી માનવાનું કોઈ કારણ નથી.

# તોહમતદાર નં.(૫૩) વિલાશ ઉર્ફે વીલીયો પ્રકાશભાઈ સોનાર

## (૧) શબાના બુન્દુભાઈ કુરેશી, સાહેદ નં. ૨૦૯, આંક-૧૪૬૩

- તા ૨૩.૫.૦૮ તથા ૧૪.૯.૦૮ ના સીટના જવાબમાં નામ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

- પેજ નં.૬ પેરા નં. ૧૨

અમે પાછા આવતા હતા ત્યારે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટી પાસે ઉભેલા ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર, હોકી વગેરે હતા તેઓ અમારી પાછળ રહી ગયેલ મુસ્લીમોને મારવા લાગેલા. આ વખતે અમે તીસરા કુવાથી ગંગોત્રી તરફ ભાગતા હતા જયારે ગંગોત્રી ગોપીનાથવાળાઓ અમારી તરફ આવતા હતા. આ વખતે પબ્લીક આમતેમ ભાગવા લાગેલી. આ સમયે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટીની વચ્ચે એક ખાંચ આવેલો છે. ત્યાં ઉપર એક પાણીની ટાંકી છે. અમે આ ખાંચામાં ઘુસી ગયેલા. આ વખતે અમારા ઘરના બધા છુટા પડી ગયેલા. પરંતુ આ ખાચામાં ગયા ત્યારે હું, મારી મમ્મી, મારી બહેન નસીમ તથા મારો ભાઈ રાજાનાઓ સાથે હતા.

- પેજ નં.૭ પેરા નં. ૧૩,

અમે ખાંચામા ઘુસ્યા ત્યાં ચારેય તરફતી ટોળાએ અમને લોકોને ઘેરી લીધેલા. આ ટોળામાં મેં સુરેશ લંગડા, દલપતનો છોકરો, જયભવાનીનો છોકરો, નરેશ, હરેશ, મનુ, મરાઠીના બે છોકરા, જયભવાની, દલપત તથા ગુડ્ડુ છારા તેમજ બીજા અનેક લોકોને જોયેલા.

- પેજ નં. ૭ પેરા નં.૧૪

આ સમયે ખાંચાની સામેના રોડ પર ટોળાએ કે જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ પણ હતા તે ટોળાએ એક સીદીક નામના છોકરાનું ખંજરથી તાવીજ કાપી તેના પર હુમલો કરેલો. આથી તેને ગળામાં ઈજા થયેલી તથા તાવીજ કાપતા ખંજર તુટીને પડેલું અને આ સીદીકને પછી પાઈપથી મારવા લાગેલ ત્યારે માથે હાથ રાખીને તેણે બચાવ કરવા પ્રયત્ન કરેલો. જે તમામ મેં પોતે જોયેલુ છે. ત્યારપછી આ સીદીક પર કાંઈક જવલનશીલ પ્રવાહી કેરોસીન નાંખી તેને સળગાવી દીધેલો. આ રીતે સીદીક ત્યાં જ મરી ગયેલો.

- પેજ નં.૮ પેરા નં.૧૫

સીદીકના બનાવ પછી મેં જોયેલું કે, ટોળાના માણસો જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ હતા તે ટોળાના માણસોએ એક હુસેનનગરની છોકરીને ખેંચીને લઈ ગયેલા. આ વખતે મારી બહેન નસીમને ઘેરી લીધેલી. પછી તેઓએ તેણીના માથામાં પાઈપ મારેલી. મારી

બહેનને તેઓએ પછી તે જ જગ્યાએ કેરોસીન નાંખીને સળગાવી દીધેલી તેણી પણ મરણ ગયેલી.

<u>- પેજ નં. ૮ પેરા નં.૧૬</u>

આ વખતે મારી મા આ જોઈને બુમો પાડીને ભાગા લાગેલી ત્યારે સુરેશ લંગડાએ મારી માં ને પકડી લીધેલી. સુરેશ લંગડાએ મારી મમ્મીને પકડીને પેટમાં ગુપ્તી મારેલી ત્યારપછી આ બધાએ કે જેઓના નામ હું જણાવી ગઈ તથા ટોળાના માણસોએ મળીને મારી માં ને જીવતી સળગાવી દીધેલી. મારી મમ્મી પછી ત્યાં જ મરી ગયેલી.

<u>- પેજ નં.૯ પેરા નં. ૧૭</u>

આ સમયે ખાંચામાં જે મુસ્લીમો હતા તેઓ બહાર નીકળતાં જ તેમને પકડીને આ ટોળાના માણસો મારીને સળગાવી દેતા હતા. આ સમયે ટોળાના માણસોને એવુ લાગતા કે કદાચ આ ખાંચામા મારામારી શરૂ કરી દીધેલી અને કેરોસીન નાંખીને તમામને એક સાથે સળગાવી દીધેલા.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૮</u>

આ વખતે આગ લાગતાં ખાંચા પાસે એક દિવાલ હતી તે દિવાલ પર કુદીને હું બેસી ગયેલી. આ વખતે ટોળાના માણસોએ મારા પગ પર પથ્થર મારેલો. હું આ પથ્થર વાગતાં દિવાલની બીજી તરફ પડી ગયેલી. આ વખતે હું આ બધુ જોતા ડરી ગયેલી. ટોળાના માણસો ખુબ જ ગંદી ગાળો બોલતા હતા તથા સળગાવતા હતા તેથી હું ગભરાઈ ગયેલી હતી. દિવાલની બીજીબાજુની દિવાલ પાસે બેએક મીનીટ બેસીને પછી ત્યાં આવેલ ઝાપામાથી નીકળી હું ગંગોત્રી સોસાયટીના એક ધાબા પર જતી રહેલી.

<u>- પેજ ને. ૧૦ પેરા -૧૯</u>

હું ધાબે ગઈ ત્યાં અન્ય મુસ્લીમો પણ હતા. ગંગોત્રી સોસાયટીના ત્રણ ધાબાઓ પર મુસ્લીમો હતા. ધાબા પર મોડી રાત સુધી અમે હતા.

આ સાહેદે પોલીસ રૂબરૂ અને શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે અને આ સાહેદને જુબાની ઉપરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે આ સાહેદે બનાવવાળી જગ્યાએ વર્ષોથી રહે છે. બનાવના દિવસે તેઓ ઘરે જ હતા અને બહાર નીકળી હથીયારો સાથે ટોળાને જોયેલ છે. આ સાહેદ તીસરા કુવા તરફ પોતાનો જીવ બચાવવા ભાગતા હતા ત્યાંથી ટોળું આવતા ગંગોત્રી તરફ ભાગેલ અને ગંગોત્રી ગોપીનાથ વચ્ચે પાણીની ટાંકીના ખાંચામાં જ્યાં નરસંહાર કરવામાં આવેલ તે જગ્યાએ ઘેરાઈ ગયેલ. આ જગ્યાએથી પાણીના ટાંકી પાસેના ટોળામાં સાહેદે આરોપીને જોયેલ છે. આ સાહેદ સીદીકનામના છોકરાનું ગળુ કાપી મારતા જોયેલ છે

અને સિદ્દીકને સળગાવતા પણ જોયેલ છે. આ સીદ્દીક નામની વ્યક્તિને આરોપીએ ટોળાએ તેને મારી સળગાવેલ છે તે સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. ત્યારબાદ આજ આરોપી અને તેની સાથેના બીજા તો.દારોએ એક હુસેન નગરની છોકરીને ખેંચી લઈ જતા જોયેલ છે. તેમજ સાહેદની બહેન નસીમ ઉપર કેરોસીન નાંખી સળગાવતા સાહેદે જોયેલ છે. સાહેદની માતૃશ્રીને પણ આરોપી અને ટોળાના માણસોએ જીવતા સળગાવેલ છે. આ ખાંચામાં મુસ્લીમો જે બહાર નીકળતા આરોપી અને તેમની સાથેના માણસો પકડીને સળગાવી દેતા હતા અને આજ ખાંચામાં આરોપી અને સહ તો.દારોએ ઘણાખરા મુસ્લીમોને એક સાથે જ્વલનશીલ પ્રવાહી નાંખી સળગાવી દીધેલ છે. આમ આ આ આરોપીઓએ પાણીના ટાંકી પાસેના સામુહીક નરસંહારના બનાવમાં સક્રીય ભાગ ભજવેલ છે. તેવું આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે.

આ સાહેદને બનાવના દિવસે પાણીની ટાંકી પાસેની દિવાલ કુદતા પથ્થર વાગતા પગમાં ઈજા થયેલ છે. સમગ્ર બનાવ જોયા બાદ સાહેદ ગંગોત્રી સોસાયટીમાં ધાબા ઉપર જતા રહેલા અને મોડી રાત સુધી પોતાનો જીવ બચાવી બેસી રહેલા.

આ સાહેદને બનાવમાં તેના કહેવા મુજબ પગમાં ઈજા થયેલ છે. અને સાહેદે કેમ્પમાં સારવાર લીધેલ છે જેથી સાહેદની બનાવવાળી જુબાની નકારી શકાય તેમ નથી તેઓ બનાવના નજરે જોનાર સાક્ષી છે. તેમની હાજરી બનાવના સ્થળે સ્પષ્ટ થાય છે. અને સાહેદની સરતપાસમાં જણાવેલ હકીકતો નકારવા કોઈ કારણ ઉપસ્થિત થતો નથી અને સાહેદે ના.કોર્ટ રૂબરૂની પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીના નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

## <u>(૨) લક્ષમણ કેશવલાલ પારધી સાહેદનં. ૩૬ આંક - ૨૪૨</u>

આ સાહેદ તેની જુબાની થઈ તેના અઢી વર્ષ પહેલાથી અમદાવદ શહેરમાં એક્ઝી.મેજી. તરીકે ફરજ બજાવતા હતા. તેમણે તા.૧૦.૧૧.૨૦૦૮ના રોજ આરોપીનં. ૫૩ ની ઓળખ પરેડ તેમની રુબરુ કરાવેલ છે અને સાહેદ શબાના બંદુભાઈ કુરેશી નાઓએ આરોપીનં. ૫૩ ને ખરા આરોપી તરીકે ઓળખી આપેલ છે. તેવુ આ સાહેદની જુબાની પરથી ફલિત થાય છે.

<u>પેજ નં.૮ પેરાનં.૧૩ સબ પેરા ૩</u>

...... . . . . . આ ઓળખ પરેડનુ પંચનામુ આરોપી વિલાસ પ્રકાશભાઈ સોનાર તથા પ્રફુલ પ્રકાશભાઈ સોનાર નામના આરોપીનુ ઓળખ પરેડનુ પંચનામુ હતુ. આ કામે આરોપીને

ઓળખનાર સાહેદ શબાના બંદુભાઈ કુરેશીનાઓ હતા. સાહેદે આરોપી વિલાસ પ્રકાશભાઈ સોનારને મારી રુબરુ એવુ કહીને ઓળખી બતાવેલ છે કે, આ ભાઈ ટોળાઓમાં પથ્થર મારતા હતા. હું ધાબા ઉપર થી જોતી હતી આ બનાવ બપોરે બનેલ છે એટલે હુ આ ભાઈને ઓળખું છું.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટપણે ફલીત થાય છે કે શબાના બંદુભાઈ કુરેશીએ આરોપીને ખરા આરોપી તરીકે ઓળખી બતાવેલા .આ સાહેદની જુબાનીમાં ઓળખ પરેડનુ પંચનામુ આંક – ૨૪૬થી રજુ થયેલ છે.

આ કામમાં સાહેદ નં.૨૦૯ શબાના બુન્દુભાઈ કુરેશીનાઓએ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીને નામ આપી ઓળખી બતાવેલ છે.

# તોહમતદાર નં.(૫૪) નીલમ મનોહર ચૌબળ (મરાઠી)

## (૧) અ.મજીદ મો. ઉસ્માન શેખ, સાહેદ નં. ૧૫૬, આંક-૧૦૭૨

- તા. ૮.૫.૦૨ નો પોલીસ જવાબમાં નામ આપેલ છે
- તા.૧૩.૯.૦૮ ના સીટના નિવેદનમા નામ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

- પેજ નં.૧૯ પેરા નં.૩૭

આ ઉપરાંત એસ.આઈ.ટી.વાળાઓએ મને આરોપીઓને ઓળખવા માટે કોર્ટમાં બોલાવેલો. મને તેઓએ ઘીકાંટા કોર્ટમાં બોલાવેલો. મેં ત્યાં નિલમ મરાઠીને ઓળખી બતાવેલો કે જેને મેં ટોળામા બનાવના દિવસે જોયેલા અને પછી નામદાર કોર્ટમાં પણ જોયેલો.

- પેજ નં.૧૯ પેરા નં.૩૮

મેં બનાવના દિવસે જે આરોપીઓને જોયેલા તેમાં ગુડુ છારા, દલપત છારા તથા જયભવાનીનાઓ મરણ ગયેલ છે. હું બાકીના જે આરોપીઓને બનાવના દીવસે મેં જોયેલા જેમાં, માયાબેન, ગુડુના બે ભાઈઓ, ટીનીયો, મનુ, સુરેશ લંગડો તથા જયભવાનીનો છોકરો તથા નિલમ મરાઠી તે તમામને હું આજરોજ નામદાર કોર્ટ રૂબરૂ ઓળખી શકીશ.

આ સાહેદના ૮-૫-૦૨ ના પોલીસ જવાબ તથા ૧૩-૯-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ જણાવેલ છે તેમજ ના.કોર્ટ સમક્ષની જુબાનીમાં સાહેદે આરોપી વિરૂધ્ધ સબળ પુરાવો આપેલો છે.

સાહેદની જુબાની જોતા એવુ ફલીત થાય છે કે બનાવના દિવસે સાહેદ બનાવના સ્થળે હાજર હતા આ બનાવમાં સાહેદની દિકરી સુપ્રિયાને ટોળાના માણસો ઘસડી લઈ ગયેલ અને તેની ઉપર પાશવી બળાત્કાર કરેલ અને તેની ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટેલ જેનાથી સાહેદ ની પુત્રી ઈન્જર્ડ થયેલ જે સારવાર દરમ્યાન મરણ પામેલ આ સાહેદના પરિવારના પત્નિ, પુત્ર, પુત્રીઓ વિગેરેનાઓને ઘુમાવેલ છે જે બનાવમાં જીવતા માળી નાંખી મારી નાંખેલ છે.

સાહેદના જણાવ્યા પ્રમાણે બપોરના ૧૨ વાગ્યાના સુમારે પોતાનો જીવ બચાવવા સારૂ ગંગોત્રીના ધાબા ઉપર જતા રહેલા ત્યાંથી જોયેલ તો આ આરોપી અન્ય આરોપીઓ સાથે હાથમાં તલવાર સાથે હાજર હતો અને તેઓએ ઐયુબ નામના ઈસમ ઉપર હુમલો કરી તેને રીક્ષામાં નાંખી જીવતો સળગાવી દીધેલ જે સાહેદે નજરો નજર જોયેલ છે. આ હિચકારુ કૃત્ય કરવામાં આ આરોપીઓ સામેલ હતા તેવુ સાહેદે જણાવેલ છે.

સાહેદે ના.કોર્ટ સમક્ષ એવો પુરાવો પણ આપેલ છે કે સાહેદની વ્હાલસોયી પુત્રી સુપ્રિયાને પણ ટોળાના માણસોએ ઘસડીને લઈ જતા હતા તે ટોળામાં આ આરોપી પણ સામેલ હતાનું જણાવેલ છે.

આમ આ આરોપીએ જુદી જુદી જગ્યાએ અન્ય આરોપીઓ સામે મળી જઈ ગેરકાયદેસર મંડળી રચી તેમનો સામાન્ય ઈરાદો પાર પાડવાના ઉદ્દેશથી ગુનાહીત કૃત્યો કરેલા છે. અને બનાવના દિવસે આ આરોપીને બનાવના સ્થળ ઉપર સાહેદે નજરો નજર જોયેલ છે.

સાહેદે ના.એક્ઝીક્યુટીવ સાહેબ સમક્ષ થયેલ ઓળખ પરેડમાં પણ આરોપીને સાહેદે ખરી રીતે ઓળખી બતાવેલ છે તેમજ ના.કોર્ટની રૂબરૂની જુબાનીમાં પણ નામ આપી આ આરોપીને ઓળખી બતાવેલ છે.

આમ આ આરોપી વિરૂદ્ધ સાહેદના સબળ પુરાવો હોઈ જેને ન માનવાને કોઈ કારણ નથી.

## તોહમતદાર નં.(૫૫) દિનેશ ઉર્ફે ટીનીયો ગોવિંદભાઈ બરગે (મરાઠી)

### (૧) બાસુદ્દીન મૈયુદ્દીન સૈયદ સાહેદ નં. ૭૩, આંક-૫૧૪

- ૪.૬.૦૮ ના સીટના જવાબમાં એસ.આર.પી ના છોકરા ટીનીયા મરાઠી તરીકે નામ છે.
- પોલીસ જવાબમાં નામ નથી.
- જુબાનીમાં પણ એસ.આર.પી ના છોકરા ટીનીયા મરાઠી તરીકે નામ આપેલ.
- ઓળખેલ નથી.

- પેજ નં.૧૧-૧૨, પેરા નં.૧૯

અગાઉ ગોડાઉનમાં બાકી રહ્યા હતા તે આશરે પંદર વીસ જણાં તથા એસ.ટી.ની દિવાલ પાસે જેઓ ચઢી શક્તા ન હતા તેવા લોકો દીવાલ પાસે બેઠેલા હતા તેઓ તમામને ટીનીયો મરાઠી એસ.આર.પી. વાળાના છોકરાએ ભગાડી મુકેલા. આ તમામ ભાગેલા માણસો પછી પરત આવેલા નહી તેઓને એક સુકા કુવામાં મારીને નાંખી દીધેલા.

આ સાહેદના તા.૪-૬-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમાં એસ.આર.પી.નો છોકરો ટીનીયો મરાઠી તરીકે નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ એ રીતેજ નામ આપેલ છે.

આ સાહેદે બનાવ નજરો નજર જોનાર સાહેદ છે. સાહેદના જણાવ્યા મુજબ સાહેદ હિન્દુ ટોળાથી બચવા તેમનો જીવ બચાવવા દોડતા પડી જતા સાહેદના કમ્મરમાં ઈજા થયેલ છે. તેમજ સાહેદના દિકરા અહેસાનને પણ ઘુંટણમાં ઈજા થયેલ છે. સાહેદે રાહત કેમ્પમાં સારવાર લીધેલ છે. આ સાક્ષી મોતના મુખમાંથી જીવ બચાવવામાં સફળ રહેલ સાહેદ છે. સાહેદે તેમણે ના.કોર્ટ સમક્ષ જણાવેલ હકીકતને ન માનવાને કોઈ કારણ નથી.

### (૨) દિલદાર ઉમરાવ સૈયદ સાહેદ નં. ૧૪૩, આંક-૯૭૫

- પોલીસ જવાબમાં નામ નથી
- ૧૪.૯.૦૮ ના શીટના જવાબમાં ગોવિંદના છોકરો ટીનીયાનું નામ આપેલ છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં ના આપેલ છે – ઓળખ્યા છે.

- પેજ નં. ૬ પેરા નં. ૧૦

સાંજના આશરે સાડા પાંચ વાગ્યાના સમયે અમે એસ.આર.પી. કોર્ટમાં હતા ત્યારે ખેતરમાંથી તથા ગંગોત્રીમાંથી એમ ત્રણ ટોળા આવેલા. મેં આ ટોળાઓ જોયેલા. આ ટોળામાં ગુડ્ડુ છારો, મુરલી સીંધી, ગોવિંદ યાને કે ગોંવિદનો છોકરો ટીનાયોનાઓને જોયેલા. આમા

ગુડ્ડુ, મુરલી અને ટીનીયા પાસે તલવાર હતી. આ ટોળાના માણસો પાસે ત્રિશુલ, લાકડી, ધારીયા, પાઈપો જેવા હથિયારો હતા.

<u>- પેજ નં.૭ પેરા નં. ૧૨</u>

આ વખતે હું ભાગવા જતા મારા જમણા પગ પર કોઈએ તલવાર મારેલી, જેથી મારો પગ છોલાઈ ગયેલો. હું તે વખતે ત્યાં નજીકમાં આવેલી સીડીના પગથિયા પર જઈને બેસી ગયેલો. આ બનાવમાં ઐયુબ ધાબા પરથી આ બનાવમાં બીકના માર્યો કુદતા તેના બંને પગે ફ્રેકચર થયેલું. આ ઐયુબને દાતણીયા, બીપીન, મુરલી તથા ગુડ્ડુએ ઉંચકીને ત્યાં પડેલી રીક્ષામાં નાંખીને રીક્ષા સાથે ઐયુબને સળગાવેલો. આ બનાવ વખતે હુ સીડી પાસે હતો.

આ સાહેદે તા.૧૪-૬-૦૮ ના શીટ રૂબરૂના નિવેદનમાં ગોવિંદના ઠોકરા ટીનીયા તરીકે આ આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદે પણ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેમણે માયાબેન કોડનાની સાથે આવેલા આગેવાનોમાં મજકુર તો.દારનું નામ આપેલ છે અને તેમની પાછળ ટોળા આવેલા અને ટોળાં ૨૦૦૦૦ માણસોનું હશે અને તેની સાથેના તો.દારોએ ટોળાને તલવારો વહેંચેલી જે તલવારોથી ટોળાએ કત્લેઆમ કરેલ છે. ત્યારબાદ આજ સાહેદે સાંજના ૫ઃ૩૦ વાગ્યાના સમયે જે ટોળા જોયેલા તે ટોળામાં તે વખતે પણ આરોપીને જોયેલ ને ટોળામાં ારોપી પાસે તલવાર હતી અને આરોપી ભાગવા જતા તેના પગ ઉપર કોઈએ તલવાર મારેલ આજ વખતે સાહેદે વધુમાં એવુ પણ જોયેલ કે ઐયુબ નામનો છોકરો દાદરા ઉપરથી કુદી ગયેલો તેને આ આરોપી તથા તેની સાથેના દાંતણીયા, બિપીન, ગુડ્ડુ જેઓ આ કેસના તો.દારો છે તેમણે રીક્ષામાં નાંખી ઐયુબને સળગાવેલ આમ આરોપીને ઐયુબને ખુબ જ નિર્દયતાથી મારી નાંખેલ છે. આ બનાવ સાહેદે નજરો નજર જોયેલ છે. સદર સાહેદની જુબાની વંચાણે લેતા સદર આરોપી સાથે ખુન ઉપરાંત, ટોળાની ઉશ્કેરણી, ટોળાને તલવાર આપી, ટોળાનું મનોબળ મજબુત કરી સમગ્ર કાવતરાને આખરી અંજામ આપવામાં સફળ બનાવેલ છે. આરોપીએ ટોળાની આગેવાની લઈ સક્રિય ભુમિકા ભજવેલ છે તે ફલીત થાય છે.

આ સાહેદે ઉપર મુજબનો પુરાવો આપી આરોપીને ના.કોર્ટ રૂબરૂ નામ આપી ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદને નહીમાનવાનું કોઈ કારણ નથી.

### (૩) અ.મજીદ મો. ઉસ્માન શેખ, સાહેદ નં. ૧૫૬, આંક-૧૦૭૨

- તા.૫.૯.૦૨ તથા ૮.૫.૦૨ ના પોલીસ રૂબરૂ નિવેદનમાં નામ આપેલ.

- તા૧૩.૯.૦૮ ના સીટના નિવેદનમાં નામ આપેલ છે.

- તા.૨૦.૫.૦૮ ના સીટના જવાબમાં ટીનીયા બરંગે તેજ ટીનીયા મરાઠી તરીકે ખુલાસો આપેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૭ પેરા નં.૧૩</u>

ત્યારપછી આ જ ગોળીબારમાં આબીદ નામના એક છોકરાને તેના ગુપ્તાંગ પાસે ગોળી વાગેલી. તે પણ ત્યાં જ પડી ગયેલો. ત્યારપછી અમે લોકો પાછળના ભાગે વધુ હટેલા. ત્યારપછી ચાલીની લાઈનમાં આવેલ જાજરૂઓની પાસે ખદીર નામના એક રીક્ષા ચાલકને તલવારથી ધાયલ કરી તેને ત્યાં જ સળગાવી દીધેલો. આ પછી હું મારા ઘરમાં જતો રહેલો.

<u>- પેજ નં.૭,૮ પેરા નં.૧૫</u>

અમે તે વખતે તે દીવસે દસેય જણાં અમારૂ ઘર છોડીને નીકળી ગયેલા. મને ચોક્કસ સમય ખબર નથી. પરંતુ પછી અમે ગંગોત્રી સોસાયટીના ધાબે ગયેલા તે સમયે બપોરનો સમય હતો. આ ગંગોત્રીવાળા ધાબેથી મેં જોયેલું કે, ગુડ્ડુ છારાના બે ભાઈઓ, ટીનીયો તથા બીજાઓ હાજર હતા. આ તમામનાઓના હાથમાં તલવાર, લાકડી, કેરોસીનનો ડબ્બો વગેરે હતા. તેઓએ અલ્લાબક્ષના દીકરા ઐયુબ પર હુમલો કરેલો. તેને અમારી જવાનનગરની છેલ્લી ચાલીમાં આબેદાના ઘર પાસે તથા એસ.આર.પી. કવાર્ટસની દિવાલ પાસે રીક્ષામાં નાંખીને આ લોકોએ સળગાવી દીધેલો. જે મેં પોતે જોયેલું. જેમાં, ગુડ્ડુ છારાના હાથમાં તલવાર હતી, ગુડ્ડુના એક ભાઈના હાથમાં કેરોસીનનો કેરબો હતો તથા બીજા ભાઈના હાથમાં એક લાકડી હતી. ત્યાં પાંચ છ બીજા મરાઠીના છોકરાઓ પણ હતા, ટીનીયો કદમનો દીકરો થાય.

*<u>- પેજ નં.૧૦ પેરા નં.૧૯</u>*

મેં જોયેલું કે, મારા પત્ની સળગતા હતા અને મારી દીકરી સુપ્રિયાને લોકો ખેંચીને લઈ જતાં હતા જે  લઈ જવામાં જયભવાની, તેનો છોકરો, ટીનીયો, સુરેશ લંગડો તથા અન્ય બે ચાર જણાં હતા. મે મારી દીકરીને આ રીતે ખેંચવામાં આવતી હતી ત્યારે અલ્લાહને યાદ કરીને પોકાર કરેલો કે, નારએ તકબીર અલ્લાહ અકબર આ વખતે મારા માથા પર પાછળથી કોઈએ હુમલો કરેલો તેથી હું ત્યા જ પડી ગયેલો.

*<u>- પેજ નં.૧૧ પેરા નં.૨૦</u>*

મને હોશ આવતા અગાઉ મેં જોયેલું કે, મારી દીકરી સુપ્રિયાને ઘસડીને લઈ જતાં હતા અને મારી પત્ની લાલબી તથા આફરીનબાનું તથા સાહીનબાનું, દીકરો મહંમદહુસેન, દીકરો ખાજાહુસેન અને દીકરી સુફીયાબાનુનાઓ ત્યાં સળગતા હતા. મને ભાન આવતા મને મારા

બાકી રહેલા બાળકોનું શું થયું હશે તેવો વિચાર આવતા મેં બાકી રહેલા બાળકો ચાંદ, યાસીન અને મહેબુબના નામની બુમો પાડેલી.

<u>- પેજ નં.૧૧ પેરા નં.૨૧</u>

મને તે સમયે બીબીબાનું નામક સ્ત્રીનો પતિ મહેબુબ સળગી ગયેલી હાલતમાં મળેલો. ત્યારપછી મે મારા દીકરા યાસીનનો મને અબ્બા તરીકે બોલાવતો અવાજ સાંભળેલો. મારો દીકરો યાસીન સળગી ગયેલી હાલતમાં હતો. મારો દીકરો યાસીન દાઝી જવાની જલનને કારણે ત્યાં આવેલી ટાંકીમાં બેસી ગયેલો. મે તેને પાણીમાં બેસવાની ના પાડેલી, કારણકે, તેની ચામડી ફુલાઈ જાય. મે તેને ટાંકીની બહાર લઈ લીધેલો.

<u>- પેજ નં.૧૪ પેરા નં.૨૭</u>

સોનિયા ગાંધીની ચિઠ્ઠી લઈ હું સીવીલ હોસ્પીટલ ગયેલો. નર્સો થકી તપાસ કરતાં મને સુપ્રિયા મળી ગયેલી. હું સુપ્રિયાને મળેલો તેણીએ મને તેણીની વિતક કથા જણાવેલી. તેણીએ જણાવેલું કે, અબ્બા મે બચ નહીં શકી, મેરી ઈજ્જત ભી નહીં બચ શકી. મે તેણીને જણાવેલું કે, તને લઈ જતાં હતા તે મેં જોયેલું પરંતુ પછી મારા ઉપર પણ હુમલો થયેલો તેથી હું તને બચાવી શકેલો નહીં અને તારા પર શું વિત્યું તે હું જોઈ શક્યો નહીં. સુપ્રિયાએ મને જણાવેલુ કે, મારા પર બળાત્કાર થયેલો છે તેમાં ચાર પાંચ જણા હતા. તેણીએ મને જણાવેલું કે, ગુડ્ડુ છારા, જયભવાનીનો છોકરો તથા જયભવાનીનાઓ આ બળાત્કારમાં હતા. તેણીએ વધુમાં હરીજન મનુભાઈ પણ હતો તેમ જણાવેલુ. મને સુપ્રિયાએ જણાવેલું કે, મનુએ મારા કપડા કાઢેલા. મે તે જ દિવસે સુપ્રિયાને વી.એસ. હોસ્પીટલ લઈ જવાનો પ્રયત્ન કરેલો. સુપ્રિયા પણ મને તમારી સાથે લઈ જાવ તેમ કહેતી હતી. ત્યારે ડોકટર ગેરહાજર હોવાથી હું તેણીને લઈ જઈ શકેલો નહી. તેથી તેણીની સાથે વાતચીત કર્યા પછી હું પાછો વી.એસ. હોસ્પીટલ આવી ગયેલો. મારે મારી દીકરીને છોડીને વી.એસ.હોસ્પીટલ જવું પડેલું.

આ સાહેદે તા.૫-૯-૦૨ ના તથા તા.૮-૫-૦૨ ના પોલીસ રૂબરૂના નિવેદનમાં તથા તા.૧૩-૯-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આરોપીનું નામ આપેલ છે. તેમજ તા. ૨૦-૫-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ ટીનીયા બરંગે તે જ ટીનીયા મરાઠી છે. તેવો ખુલાસો આપેલ છે તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આ આરોપીનું નામ આપેલ છે.

સાહેદની જુબાની જોતા એવુ ફલીત થાય છે કે બનાવના દિવસે સાહેદ બનાવના સ્થળે હાજર હતા આ બનાવમાં સાહેદની દિકરી સુપ્રિયાને ટોળાના માણસો ઘસડી લઈ ગયેલ અને તેની ઉપર પાશવી બળાત્કાર કરેલ અને તેની ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટેલ જેનાથી સાહેદ

ની પુત્રી ઈન્જર્ડ થયેલ જે સારવાર દરમ્યાન મરણ પામેલ આ સાહેદના પરિવારના પત્નિ, પુત્ર, પુત્રીઓ વિગેરેનાઓને ઘુમાવેલ છે જે બનાવમાં જીવતા માળી નાંખી મારી નાંખેલ છે.

સાહેદના જણાવ્યા પ્રમાણે બપોરના ૧૨ વાગ્યાના સુમારે પોતાનો જીવ બચાવવા સારૂ ગંગોત્રીના ધાબા ઉપર જતા રહેલા ત્યાંથી જોયેલ તો આ આરોપી અન્ય આરોપીઓ સાથે હાથમાં તલવાર સાથે હાજર હતો અને તેઓએ ઐયુબ નામના ઈસમ ઉપર હુમલો કરી તેને રીક્ષામાં નાંખી જીવતો સળગાવી દીધેલ જે સાહેદે નજરો નજર જોયેલ છે. આ હિચકારુ કૃત્ય કરવામાં આ આરોપીઓ સામેલ હતા તેવુ સાહેદે જણાવેલ છે.

સાહેદે ના.કોર્ટ સમક્ષ એવો પુરાવો પણ આપેલ છે કે સાહેદની વ્હાલસોયી પુત્રી સુપ્રિયાને પણ ટોળાના માણસોએ ઘસડીને લઈ જતા હતા તે ટોળામાં આ આરોપી પણ સામેલ હતાનું જણાવેલ છે.

આમ આ આરોપીએ જુદી જુદી જગ્યાએ અન્ય આરોપીઓ સામે મળી જઈ ગેરકાયદેસર મંડળી રચી તેમનો સામાન્ય ઈરાદો પાર પાડવાના ઉદ્દેશથી ગુનાહીત કૃત્યો કરેલા છે. અને બનાવના દિવસે આ આરોપીને બનાવના સ્થળ ઉપર સાહેદે નજરો નજર જોયેલ છે.

સાહેદે ના.એક્ઝીક્યુટીવ સાહેબ સમક્ષ થયેલ ઓળખ પરેડમાં પણ આરોપીને સાહેદે ખરી રીતે ઓળખી બતાવેલ છે તેમજ ના.કોર્ટની રૂબરૂની જુબાનીમાં પણ નામ આપી આ આરોપીને ઓળખી બતાવેલ છે.

આમ આ આરોપી વિરૂદ્ધ સાહેદના સબળ પુરાવો હોઈ જેને ન માનવાને કોઈ કારણ નથી.

### (૪) શરીફાબીબી ઈકબાલભાઈ બાદરભાઈ શેખ,સાહેદ નં.૨૦૩,આંક-૧૪૦૪

- તા.૧૩.૫.૦૨ ના પોલીસ જવાબમાં નામ છે
- તા. ૨૭.૫.૦૮ ના સીટના જવાબમાં નામ છે.
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે- ઓળખેલ છે

<u>- પેજ નં.૫ પેરા નં.૧૦</u>

ગંગોત્રી સોસાયટીમાં મને એક ધાબુ દેખાયેલું તે ધાબા પર મારા બાકીના બાળકોને લઈને હું ચડી ગયેલી. ઘાબે જઈને મેં મારા બાળકોનું મોં દબાવી દીધેલું. કારણ કે, તેઓ રડતા હતા. ધાબામાં પછી એક ખુણામાં મારા બાળકોને લઈને હું છુપાઈ ગયેલી.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

અમે ધાબામાં આવી રીતે છુપાયેલા હતા ત્યારે મારો કાપોના અવાજો આવતા હતા. એ સમયે ધાબા પરની જાળીમાંથી મેં જોયેલુ તો મારા દીકરા શરીફને તલવાર, હોકી, લાકડીઓ

વગેરેથી મારતા હતા અને તેને મારીને પાડી દીધેલો. ત્યારપછી શરીફ પર કેરોસીન, પેટ્રોલ, નાંખીને તેને સળગાવી દીધેલો જે મેં જોયેલું. આ ટોળું કે જે મારા દીકરા શરીફને મારતુ હતુ તથ સાળગાવતુ હતા  તે ટોળામાં ભવાની, ગુડ્ડુ છારા, સુરેશ લંગડો, દલપત, સહેજાદ છારો, ટીનીયા મરાઠી, રાજુ મરાઠી, કિશન મરાઠી તથા બીજાઓ હતા. બાકીનાનું નામ મને હમણાં યાદ આવશે તો હું કહીશ. મને યાદ આવી ગયું છે કે, આ ટોળામાં ભવાનીનો છોકરો પણ હતો.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

આ લોકોએ મારા દીકરાને મારી આંખો સામે મારી નાંખી અને મેં કહ્યુ તેમ સળગાવેલો. આ ટોળાના લોકો સળગતા આગમાં નાના બાળકોને ફેંકતા હતા તે મેં જોયેલું. આ જ લોકો મે જોયેલું કે, જુવાન છોકરીઓની ઈજ્જત પણ લેતા હતા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૩</u>

મેં જોયેલું આ જ ટોળાના માણસો નઈમની પત્નીને પણ નગ્ન કરી તેણીની ઈજ્જત લુંટતા હતા. આ સમયે સાંજના આશરે પાંચ થી છ વાગેલા. આ ધાબે મારા બાકીના બાળકો સાથે રાતના બાર વાગ્યા સુધી હું હતી.

આ સાહેદે તા.૧૩-૫-૦૨ ના પોલીસ રૂબરૂના જવાબમાં તથા ૨૭-૫-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તેમજ કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીપમાં પણ આ સાહેદની વિરૂધ્ધ સબળ પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની જોતા આ તો.દારે બનાવના દિવસે સાહેદના દીકરા શરીફને મારી પેટ્રોલ, કેરોસીન છાંટી સળગાવી દીધા અંગેનો સીધો પુરાવો આપે છે. આરોપીને સાહેદના દીકરાને મારીને સળગાવતા અંગેનો બનાવ આ સાહેદે ગંગોત્રી સોસાયટીના ધાબા ઉપરથી જાળીમાંથી તેમની નજરો નજર જોયેલ છે. આ સાહેદને નહીં માનવાનું કોઈ કારણ નથી.

વધુમાં આ આરોપી સામે નાના બાળકોને આગમાં ફેંકતા અને છોકરીઓની ઈજ્જત લુંટતા પણ સાહેદે જોયેલ છે તેમજ સાહેદ નઈમુદ્દીનની પત્નિ ઝરીનાબાનુંને નગ્ન કરી તેની ઈજ્જત લુંટતા પણ આ સાહેદે તો.દારને જોયેલ છે.

આ આરોપી સામે ખુન અને બળાત્કાર અંગે ના સીધા પુરાવા મળી આવેલ જે નહી માનવાને કોઈ કારણ નથી.

(૫) રફીકનબાનું રહેમાનભાઈ સૈયદ  સાહેદ નં.૧૩૭, આંક-૯૧૫.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂ ઓળખી  બતાવેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરુધ્ધ નીચે જણાવ્યા મુજબનો પુરાવો આપેલ છે. આ સાહેદને આ બનાવમાં ઈજા થયેલ છે આમ આ સાહેદ ઈજાગ્રસ્ત સાહેદ છે.

<u>પેજ નં.૩ પેરા નં.૬</u>

તીસરાકુવા પાસે મોટુ ટોળુ હતુ તે ટોળામાં કોઈને પાસે ગુપ્તી, કોઈની પાસે તલવાર, કોઈની પાસે કેરોસીનના કેરબા હતા. તેઓ અમને ગોધરાકાંડના સમાચારવાળા છાપા બતાવી બતાવીને મારતા હતા. ત્યાંથી પણ અમને કાઢી મુકાતા અમને ડરના માર્યા ગોપીનાથ સોસાયટીમાં આવેલા.

<u>પેજ નં.૪ પેરા નં.૭</u>

ત્યાં ભવાનીએ ઈશારો કરતા તથા સુરેશ ગુડ્ડુ, સહેજાદ તથા ટીનીયાએ તથા ટોળાના માણસોએ અમોને મારેલા. ગુડ્ડુ છારાએ મને થાપાના ભાગે ગુપ્તી મારેલી. અમે ભવાની પાસે પીવાનું પાણી માંગેલુ ભવાનીએ ત્યારે ગ્લાસમાં મારી દીકરાને પેટ્રોલ આપી દીધેલુ. મારા દીકરાના ગળામાં પેટ્રોલની અસર થતા મેં આંગળી નાંખી મારા દીકરાને પેટ્રોલની ઉલ્ટી કરાવેલી.

<u>પેજ નં.૫ પેરા નં.૧૦</u>

રૂકશાના તથા જરીનાને તે દીવસે ગુડ્ડુ, સુરેશ, ભવાની તથા ટીનીયાએ સળગાવેલા અને મારી નાંખેલા.

<u>પેજ નં.૬ પેરા નં.૧૨</u>

મને જે ઈજાઓ થયેલી તેની સારવાર શાહઆલમ રાહત કેમ્પમાં કરેલી મને થાપામાં ૨૮ ટાંકાઓ લેવા પડેલા જરીના, રૂકશાના તથા સમસાદવાળો બનાવના દીવસે સાંજના ૭ સાડા ૭ વાગે બનેલો.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આ સાહેદ બનાવના દિવસે તીસરાકુવા તરફ જીવ બચાવવા ભાગતા હતા ત્યારે સામેથી ટોળું આવતા ગંગોત્રી તરફ ભાગેલ. અને તે સમયે આરોપીઓએ અમોને માર મારેલ. અને આ સાહેદના દિકરા સમશાદને જીવતો આગમાં નાંખી સાહેદની નજરો સમક્ષ બાળી નાંખેલ. આ બનાવમાં સાહેદનો દિકરો સમશાદ, દિકરી રૂકશાના તથા જરીના આ બનાવમાં મરી ગયેલ છે. અને

દિકરી અફસાનાને સળગાવેલ તેથી તે પણ ખૂબજ દાઝી ગયેલ અને તેથી તે ઈજાગ્રસ્ત થયેલ. આમ આ સાહેદની દિકરી રૂકશાના તથા ઝરીનાને સળગાવીને મારી નાંખવામાં આ આરોપીએ સીધો ભાગ ભજવેલ છે. આ સાહેદે પોતાની બે પુત્રી તથા એક પુત્રને જીવતા સળગતા જોયેલ છે તથા દિકરી અફસાનાને ઈજાગ્રસ્ત હાલતમાં બુમો પાડતા જોયેલ છે. આમ આ સાહેદના ઉપર જણાવેલ કુટુંબીજનો આ હીંચકારા બનાવવામાં મરણ પામેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આ આરોપી નં.૫૫ ના નામે ટીનીયાને ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

(૬) ફરીદાબીબી અબ્દુલ કાદર રસુલભાઈ ખલીફા સાહેદ નં.૧૪૯,આંક-૧૦૨૮ - નામદાર કોર્ટ રૂબરૂ નામ આપી જુબાની આપેલ છે તથા આરોપી વિરુધ્ધ નીચે મુજબનો પુરાવો આપેલ છે.

<u>- પેજ નં. ૪ પેરા.૮</u>

માયાબેન કોડનાની હતા તે જ ટોળામાં અન્ય કેટલીક વ્યક્તિઓ પણ હાજર હતી જેમાં કિશન કોરાણી, બાબુ બજરંગી, મુરલી, મનોજ વિડીયોવાળો, અશોક પાનના ગલ્લાવાળો, બિપીન પંચાલ, જયભવાની, દલપત છારા, દલપત છારાનો જમાઈ ટીનીયો છારા, સહેજાદ છારા, સહેજાદ છારાનો જમાઈ વિજય છારા, સુરેશ લંગડો, ગુડ્ડુ, હરીયો, નરીયો, ટીનીયો મરાઠી, સુભાષ રમેશનાઓ પણ હાજર હતા.

<u>- પેજ નં.૫ પેરા. ૧૧</u>

ત્યારપછી ટોળાના માણસો આગળ વધતા તથા તોડફોડ કરતા હતા તેમજ ઘરો સળગાવતા હતા તેમજ ધરો સળગાવતા હતા તથા માર કાપ કરતા હતા તેથી અમોને ખુબ જ બીક લાગેલી. પછી હું મારી દીકરી જે જવાનનગરમાં રહેતી હતી તેના ઘરે ગયેલી. હું મારા ઘરે લોક મારીને મારી દીકરી અફસાનાબાનુંને ઘેર જવાનનગર ખાતે જતી રહેલી. હું મારી દીકરીના ઘેરથી બે ત્રણવાર મારે ઘેર મારૂ ઘર જોવા આવેલી. આ રીતે બપોરના બે વાગ્યે હું મારૂ ઘર જોવા આવેલી ત્યારે મુલ્લાજી નામક એક વ્યક્તિનો દીકરો જે બંને પગથી અપંગ છે તેને મેં તેના ઘર પાસે સળગતો જોયેલો. આ જોઈને હું ગભરાઈ ગયેલી અને તરત જ મારી દીકરી અફસાનાબાનુંના ઘરે પાછી જતી રહેલી.

<u>- પેજ નં.૭ પેરા. ૧૪</u>

આ સમયે ઐયુબ નામનો છોકરો જવાનનગર પાસે આવેલ તેન ઘર પાસે ટોળાને જોઈને ગભરાઈ ગયેલો. તેથી તે ધાબા પરથી કુદી ગયેલ અને તેથી તેના બંને પગમાં ઈજાઓ થયેલી. આ ઐયુબ આ ઈજાઓને કારણે ઉભો થઈ શકયો નહીં. ટોળાના માણસોએ પડી

ગયેલા ઐયુબને ઉંચકીને રીક્ષામાં નાંખી રીક્ષાને આગ લગાવી દીધેલી. ઐયુબને તેઓએ જીવતો સળગાવી દીધેલો જે મેં મારી આંખોથી જોયેલો. આ વખતે ટોળામાં એક ખાખી વરધીવાળો તથા હેલ્મેટ પહેરેલ એક માણસ પણ હતો.

આ સાહેદે કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

બનાવનાં દિવસે આ સાહેદ સવારે નવ સાડા નવ વાગે બહાર આવેલા ત્યારે નટરાજ તથા કૃષ્ણનગર તરપથી ટોળુ આવતા જોયેલ તે ટોળાના માણસોએ કેસરી પટ્ટી બાંધેલ હતી તે સમયે માયાબેન આવેલા અને તેમની સાથેના ટોળામાં આ આરોપી સામેલ હતા ત્યારબાદ ટોળાના માણસોએ તોડફોડ કરી ઘરોને સળગાવવા લાગેલા આ બનાવો માં થયેલ ફાયરીંગમાં બે ઈસમનું મરણ તથા ત્રણ ઈસમને ઈજા થેયલ તથા ઐયુબ નામના ઈસમને રીક્ષામાં નાંખી સળગાવી મુકેલ તેમજ સાહેદ પોતે યા બનાવમાં ઈજાગ્રસ્ત થયેલા. આ બનાવમાં સાહેદનું ઘર પણ તોડફોડ કરી લૂંટફાટ કરેલ છે. તેવી તમામ હકીકતો આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. આરોપીએ અન્ય આરોપીઓ સાતે ભેગા મલીને એકસંપ થઈ મુસલમાનોને મોતને ઘાટ ઉતારવા સારૂ કાવતરૂ કરી કેટલાક ઈસમોને જીવતા સળગાવી મોતને ઘાટ ઉતારેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

# તોહમતદાર નં.(૫૬) ગીતાબેન રતિલાલ ઉર્ફે જયભવાની રાઠોડ

## (૧) ઈસરતજહાં પરવેઝહુસેન, સાહેદ નં. ૧૭૭, આંક-૧૨૧૮

- પોલીસ જવાબમાં નામ નથી.

- સીટના તા.૨૩.૫.૦૮ માં બે છોકરી હતી તેવું જણાવેલ છે

-કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલ છે

<u>- પેજ નં. ૫ પેરા નં.૧૦</u>

બપોરના આશરે બે અઢી વાગ્યાના સમયગાળામાં ટોળું તોડફોડ કરતું, આગ લગાડતુ તથા લુંટફાટ કરતું અમારી ચાલીઓમાં ઘુસેલું. અમે ઉપરથી જોયેલું કે, ટોળું અમારી ચાલીમાં ઘુસી ગયેલું. આ ટોળામાં સૌથી આગળ સહેજાદ છારા, ગણપત છારા તથા બે છારા સ્ત્રીઓ હતી. બે છારા સ્ત્રીઓ લુંટફાટ કરતી હતી. સહેજાદ છારાએ અમારી ચાલીના પહેલા ઘર કે જે જાયેદાઆપાનું ઘર છે ત્યાં દિવાસળી ચાંપેલી. સહેજાદે આગ લગાડયા પછી અમારી ચાલીમાં ટોળાના માણસો ફરવા લાગેલા. ટોળાના માણસોએ પાછા આવી અમે જયાં છુપાયોલા તે રૂમનો દરવાજો ખખડાવેલો. ત્યાં સહેજાદ છારાએ મોટેથી બોલીને એવુ કહેલું કે, તમે જેટલા પુરૂષો અંદર છો, તેટલા લોકો બહાર આવે. અમે અંદર ખુબ જ ડરી ગયેલા. મારો અવાજ જ બંધ થઈ ગયોલો. અન્ય મુસ્લીમ સ્રીઓએ સહેજાદ છારાને એવો જવાબ આપ્યો કે અંદર માત્ર સ્ત્રીઓ અને બાળકો જ છીએ ત્યારે સહેજાદ છારાએ એવુ કહેલું કે, તમારા બાળકો આપી દો. ત્યારે અંદરની સ્રીઓ કરગરીને કહેવા લાગેલી કે, અમે તમારૂ શુ બગાડયું છે અમારા બાળકોને લઈને તમે શું કરશો. ત્યારે સહેજાદે કહેલું કે, અમે આ બાળકોને રોડ પર લઈ જઈને જીવતા સળગાવી દઈશું. અમે અંદરના રૂમમાં હતી. તે તમામ સ્ત્રીઓ ડરના માર્યા ચુપ થઈ ગયેલા પણ બધા રડવા લાગેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

આ ટોળાના માણસો થોડીવાર ઉભા રહેલા અને જતા જતા એવુ કહેલા લાગેલા કે, તમે આજે બચવાના નથી, અને જો બાયચાન્સ બચી પણ જા તો તમે પાકિસ્તાન જતાં રહેજો.

આ સાહેદે તા.૨૩-૫-૦૮ ના શીટ રૂબરૂના જવાબમાં બે છોકરી હતી તેવુ જણાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આરોપી ગુનાહિત કૃત્ય કરનાર ટોળામાં બે થી અઢી વાગ્યાના સુમારે સૌથી આગળ હતો અને મુસ્લીમ

ચાલીઓમાં ઘુસી લુંટ ફાટ કરવામાં અને મુસ્લિમોની માલ મિલ્કતને આગ લગાડવામાં સક્રીય ભુમિકા ભજવેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

ઉપરાંત આ આરોપીએ જાયદા નામની સ્ત્રીના ઘરને દીવાસળી ચાંપતા આ સાહેદે નજરો નજર જોયેલ છે અને સાહેદ જે જગ્યાએ છુપાયેલા ત્યાં દરવાજો ખખડાવી અને બધાને બહાર આવવા જણાવેલ અને કહેલ કે અમે બાળકોને રોડ પર લઈ જઈને જીવતા સળગાવી દઈશું આમ આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે.

આ સાહેદે મજકુર આરોપીને કોર્ટ રૂબરૂ નામ આપી અને ઓળખી પણ બતાવેલ છે.

## (૨) નુરબાનુ જાકીરહુસેન સૈયદ, સાહેદ નં. ૨૧૯, આંક-૧૫૬૮

- તા. ૩.૬.૦૮ ના સીટના જવાબમાં આરોપી ગોદડીમાં કેરોસીન નાંખી મુસ્લીમોને સળગાવનારા ટોળામાં હાજર

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૭-૮ પેરા નં.૧૫</u>

હું પિંજારાના ઘરમાં હતી ત્યારે મારો દીકરો જાવેદ ન હોવાથી હું ખુબ ગભરામણમાં હતી. હું તેથી પિંજારાના ઘરમાંથી બહાર નીકળેલી. મને બહાર ભવાની મળેલા. મેં આ ભવાનીભાઈને કહેલું કે, કેવુ બધુ બની રહ્યું છે, તમે કાંઈક કરો ને મારી વાત સાંભળતા ભવાનીભાઈએ જણાવેલું કે, મેં પોલીસને ફોન કરેલો છે અને બધુ શાંત થઈ જશે. મેં તેથી ભવાનીભાઈને કહેલું કે, પોલીસ જ ગોળીબાર કરે છે તો પોલીસ શું કરવાની હતી. ત્યારે ભવાનીએ મને કહેલું કે, ચિંતા ન કરતાં તમને કઢી ખીચડી બનાવીને ખવડાવીશ. આ વખતે ભવાનીભાઈની નાની દીકરી કહેવા લાગેલી કે, તમારા લોકોના ત્યાં કોઈ મરી જાય તો, કઢી ખીચડી બનાવે છે ને, તેથી મેં કહેલું કે કેમ આવુ બોલે છે. ત્યારપછી તે બંને જતા રહેલા. હું મારા દીકરા જાવેદને શોધવા ગયેલી.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૭</u>

પાનના ગલ્લાની નીચેથી મેં જોયેલું કે, ટોળાના ઘણા આવતા હતા અને અમારી કોમના લોકો આમતેમ ભાગતા હતા. ટોળુ જયભવાનીના ઘર પાસે ઉભેલું તે મેં જોયેલું. મેં જોયેલુ કે, નુરી, જાડીખાલા તથા તેમના દીકરાનો દીકરો યાને કે જાડીખાલાનો પૌત્ર જે તેમની સાથે હતો તે તમામ જયભવાનીના ઘર પાસે હતા. આ વખતે મેં જોયેલું કે, જયભવાનીના ઘર પાસે હતા. આ વખતે મેં જોયેલું કે, જયભવાની તથા તેમની દીકરી બધાને બહાર કાઢતા હતા અને એવુ કહેતા હતા કે, ટોળું આવી જશે તો મુશકેલી થશે. તેઓએ બધાને બહાર કાઢેલા પરંતુ પછીથી

તેમણે ટોળાને બોલાવી લીધેલું. ટોળાને તેમને પોતાના ઘરની પાછળ જ બોલાવી લીધેલું. જયભવાની તથા તેમની નાની દીકરીએ કેરોસીનવાળી ગોદડીઓ ટોળાને આપેલી તેઓ કેરોસીનમાં ગોદડીઓ પલાળીને આપતા હતા. વધુમાં, ટોળાના કેટલાક માણસો પાસે પણ કેરોસીન હતું.

- પેજ નં.૯ પેરા નં.૧૮

ત્યાં ટોળામાં ગુડ્ડુ હતો તથા બીજા લોકો પણ હતા તેઓએ કેરોસીનવાળી ગોદડીઓનો ઉપયોગ કરી જાડીખાલા, નુરી તેમજ જાડીખાલાના પૌત્રને સળગાવેલો. આ રીતે સળગાવવામાં જયભવાની તથે તેની નાની દીકરી પણ હતા. હું આ તમામ પેલા ગલ્લા નીચેથી જોતી હતી. મેં ગલ્લા નીચેથી જોયેલું કે, ટોળાના માણસો ત્યાં ઘણા જીવતા માણસોને પકડી પકડીને સળગાવતા હતા. આ તમામ જોઈને હું મારા હોશ ખોઈ બેઠેલી યાને કે ખુબ જ ગભરાઈ ગયેલી.

- પેજ નં.૧૨ પેરા નં.૨૬

મારી માસી જાડીખાલા, તેના પૌત્ર તથા નુરીને સળગાવતા હતા તે જગ્યાએ જે ટોળુ હતુ તે ટોળામાં એક સુરેશ નામક છોકરો પણ હતો. સુરેશનું આખુ નામ મને ખબર નથી. પરંતુ જયભવાનીની છોકરીએ સુરેશને નામ લઈને તેને બોલાવેલો તથા વાતચીત કરેલી તેથી તેનું નામ સુરેશ છે તેવી મને ખબર પડેલી. હું આ સુરેશને પણ ઓળખુ છુ. સુરેશ આ તમામને સળગાવ્યા તેમાં સામેલ હતો. હું સુરેશને પણ આરોપીઓ બેઠા છે ત્યાં જઈને ઓળખી આપીશ.

આ સાહેદે તા.૩-૬-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપી ગોદડીમાં કેરોસીન નાંખી મુસ્લીમોને બાળતા હતા તે રીતે હાજર હતા અને નામ આપેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો કોર્ટ રૂબરૂની જુબાનીમાં આપેલ છે.

આ સાહેદ બનાવના દિવસે સવારે એસ.ટી. વર્કશોપ પાસે શાકભાજી લેવા ગયા ત્યારે ખાખી ચડ્ડી ધારી સફેદ બનીયાન વાળા લોકોને હથીયારો સાથે જોયેલા ટોળુ મસ્જીદને તથા ચાલીના મકાનોને તોડફોડ કરી સળગાવતુ હતુ સાહેદ પોતાના દીકરાને લપાતા છુપાતા સોધવા જવાનનગર ગયેલ ત્યાંથી પરત આવતા પિંજારાના ઘરમાં ખુબ જ પબ્લીક હોઈ સાહેદ પાનના ગલ્લા નીચે છુપાયેલા ત્યાંથી જોયેલ તો આ આરોપીએ અન્ય આરોપી સાથે ત્યાંથી જોયેલ તો આ આરોપીએ અન્ય આરોપી સાથે મલી જઈ મુસ્લીમોને બહાર કાઢતા હતા અને ટોળાના માણસોને આ આરોપી કેરોસીન વાળી ગોદડીઓ કરી મુસ્લીમોને સળગાવી મુકવામાં મદદરૂપ બનતા હતા અને તેમ કરી

ગુનાહીત કૃત્યમાં સીધેસીધી રીતે સક્રિય ભાગ ભજવેલ છે. આ કેરોસીન વાલી ગોદડીનો ઉપયોગ કરી ટોળાના માણસોએ જાડીખાલા તતા તેના પૌત્ર તથા એક નુરીને સળગાવેલ આ રીતે સળગાવવામાં આ આરોપી તેમના પિતા જયભવાની સાથેના ટોળામાં સામેલ રહતી. આમ આ આરોપીએ તેમના પિતા તથા અન્ય આરોપીઓ સાથે મલીને મુસ્લીમોને જીવતા સળગાવી મુકવાના ભયંકર ઈરાદા સહીત ગોદડીઓ કેરોસીન વાળી કરીને અન્ય આરોપીઓને આપી ઉપર જણાવેલ ત્રણ મુસ્લીમો સહીત અન્યને પણ જીવતા સગાવી મોતને ઘાટ ઉતારેલ છે. આમ આ આરોપીએ સ્ત્રી હોવા છતા નિર્દયપણે ઘાતકી કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ છે. અને તે તમામ હકીકતો આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

(૩) રફીકનબાનું રહેમાનભાઈ સૈયદ સાહેદ નં.૧૩૭, આંક-૯૧૫.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરુધ્ધ નીચે જણાવ્યા મુજબનો પુરાવો આપેલ છે. આ સાહેદને આ બનાવમાં ઈજા થયેલ છે આમ આ સાહેદ ઈજાગ્રસ્ત સાહેદ છે.

<u>પેજ નં.૩ પેરા નં.૬</u>

તીસરાકુવા પાસે મોટુ ટોળુ હતુ તે ટોળામાં કોઈને પાસે ગુપ્તી, કોઈની પાસે તલવાર, કોઈની પાસે કેરોસીનના કેરબા હતા. તેઓ અમને ગોધરાકાંડના સમાચારવાળા છાપા બતાવી બતાવીને મારતા હતા. ત્યાંથી પણ અમને કાઢી મુકાતા અમને ડરના માર્યા ગોપીનાથ સોસાયટીમાં આવેલા.

<u>પેજ નં.૪ પેરા નં.૯</u>

મારી સાથે રૂકશાના,જરીના,અફસાના એમ ત્રણેય દિકરીઓ હતી. તેઓને ભવાનીની દિકરીઓ રમીલા તથા ગીતાએ મારી દિકરી અફસાનાને સળગાવી દીધેલી. મારી દિકરી અફસાના બચી ગઈ જ્યારે મારો દિકરો સમશાદ તથા દિકરી રૂકશાના તથા જરીના એમ ત્રણેય આ બનાવમાં મરેલ ગયેલ છે. મારા આ ત્રણેય બાળકોએ મારી નજર સમક્ષજ તેમનો છેલ્લો શ્વાસ લીધેલો. રમીલા તથા ગીતાએ મારી દિકરી અફસાના પર પેટ્રોલ તથા ડીઝલવાળી ગોદળીઓ તેણીના કમ્મરના ભાગ પર નાંખી તેણીને સળગાવેલી.

<u>-પેજ નં.૫ પેરા નં.૧૦</u>

રૂકશાના તથા જરીનાને તે દીવસે ગુડ્ડુ, સુરેશ, ભવાની તથા ટીનીયાએ સળગાવેલા અને મારી નાંખેલા.

<u>પેજ નં.૬ પેરા નં.૧૨</u>

મને જે ઈજાઓ થયેલી તેની સારવાર શાહઆલમ રાહત કેમ્પમાં કરેલી મને થાપામાં ૨૮ ટાંકાઓ લેવા પડેલા જરીના, રૂકશાના તથા સમસાદવાળો બનાવના દીવસે સાંજના છ સાડા છ વાગે બનેલો.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આ સાહેદ બનાવના દિવસે તીસરાકુવા તરફ જીવ બચાવવા ભાગતા હતા ત્યારે સામેથી ટોળું આવતા ગંગોત્રી તરફ ભાગેલ. અને તે સમયે આરોપીઓએ અમોને માર મારેલ. અને આ સાહેદના દિકરા સમશાદને જીવતો આગમાં નાંખી સાહેદની નજરો સમક્ષ બાળી નાંખેલ. આ બનાવમાં સાહેદનો દિકરો સમશાદ, દિકરી રૂકશાના તથા જરીના આ બનાવમાં મરી ગયેલ છે. અને દિકરી અફસાનાને સળગાવેલ તેથી તે પણ ખૂબજ દાઝી ગયેલ અને તેથી તે ઈજાગ્રસ્ત થયેલ. આમ આ સાહેદની દિકરી રૂકશાના તથા ઝરીનાને સળગાવીને મારી નાંખવામાં આ આરોપીએ સીધો ભાગ ભજવેલ છે. આ સાહેદે પોતાની બે પુત્રી તથા એક પુત્રને જીવતા સળગતા જોયેલ છે તથા દિકરી અફસાનાને ઈજાગ્રસ્ત હાલતમાં બુમો પાડતા જોયેલ છે. આમ આ સાહેદના ઉપર જણાવેલ કુટુંબીજનો આ હીંચકારા બનાવવામાં મરણ પામેલ છે. ના.કોર્ટ રૂબરૂ આ આરોપી નં.૫૬ ના નામે ગીતાબેનની મુકતી અરજી આંક – ૯૧૪થી રેકર્ડ પર છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદ નજરે જોનાર સાહેદ છે તની નજરો સમક્ષ તેના ત્રણ બાળકો એ આખરી શ્વાસ લીધેલ છે. સાહેદ પોતે ઈજાગ્રસ્ત છે. આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટ પણે જણાઈ આવે છે કે આ કામ ના આરોપીએ તેના ત્રણ સંતાનો ને નજર સમક્ષ સળગાવી નાખેલ છે. આમ આ સાહેદની જુબાની ઉપરથી સદર આરોપી સામે સાહેદ ના ત્રણ સંતાનોનું ખૂન કરવા અંગેનો સીધો પુરાવો મળી આવેલ છે.આમ આ સાહેદને નહીં માનવાનું કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૫૭) પંકજકુમાર મોહનલાલ શાહ (જેલમાં)</u>

## (૧) મહંમદ કાલુભાઈ ખલીફા, સાહેદ નં. ૧૦૭, આંક-૬૯૮

- તા.૩૧.૫.૦૮ ના સીટના જવાબમાં નામ છે. એસ.ટી.વર્કશોપમાંથી પેટ્રોલ ડીઝલ આપતો હતો.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.- ઓળખેલ નથી

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

હું જે તોફાની ટોળું જણાવી ગયો તેમાં ભવાની હતો, દલપત છારો હતો, બીપીન ઓટોવાળો હતો, પી.એમ. શાહ જે એસ.ટી. ના કર્મચારી છે તે તથા ગોહેલ જમાદાર હતા. જેમા ભવાની પાસે પાઈપ હતી. દલપત પાસે તલવાર હતી, બીપીન ઓટોવાળા પાસે રીવોલ્વોર હતી. ગોહેલ જમાદાર તથા પી.એમ.શાહ ટોળાના માણસોને ડીઝલ અને કેરોસીન આપતા હતા તથા તેઓ મારો કાપો ની બુમો પાડતા હતા. મેં આ તમામને જોયેલા.

આ સાહેદે તા.૩૧-૫-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે. અને એસ.ટી.વર્કશોપમાંથી પેટ્રોલ ડીઝલ આપતા હતા તેવુ જણાવેલ છે તેમજ નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ જોગ ઓળકી આપેલ છે. અને કોર્ટ રૂબરૂ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની પરથી ફલીત થાય છે કે બનાવના દિવસે દસ વાગ્યાના સુમારે હિન્દુઓના ટોળા ભેગા થયેલા અને પથ્થરમારો કરતા હતા. આ ટોળામાં આરોપી હાજર હતા આ આરોપી આ ટોળાના માણસોને ડીઝલ અને કેરોસીન આપતા હતા અને મુસ્લીમોની માલ મિલ્કતનો સળગાવી મુકવાના ઈરાદા સાથે ટોળાના માણસોને કેરોસીન આપી ગુનો કરવામાં સીધી રીતે હજાર રહી સક્રીય ભાગ ભજવેલ છે અને ગુનાહીત કૃત્યો આચરેલા છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૨) ઈકબાલહુસેન સમીરમીંયા કુરેશી, સાહેદ નં. ૧૦૮, આંક-૭૦૨

-તા.૧૨.૬.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે. પણ ઓળખતો નથી તેમ જણાવે છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે પરંતુ ઓળખેલ નથી

આ સાહેદે તા.૧૨-૬-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપીનું નામ આપેલ છે. અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ નામ આપેલ છે.

આ સાહેદ બનાવના દિવસે કામ પરથી સવારના પરથી કરેલ ત્યારે પાટીયા સર્કલ પાસે પથ્થરમારો થતો જોયેલ તે ટોળામાં આરોપીને જોયેલ. આ ટોળુ જવાનનગર તરફ વધતા જોયેલ. આ બનાવમાં સાહેદની માતાને દાઝી જવાથી તતા પિતાને પથ્થરમારા થી ઈજા થયેલ જેમની સારવાર કેમ્પમાં કરાવેલ આ તોફાનોમાં સાહેદની ઘરવખરીને લુંટી લઈ નુકશાન કરેલ છે. આમ આ આરોપીએ ટોલામાં ભળી જઈ ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ હોય તેવુ સ્પષ્ટ જણાય છે. આથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

(૩) પંકજ પ્રદ્યુમનભાઈ ભટ્ટ, સાહેદ નં. ૨૭૩, આંક-૧૮૧૨

આ સાહેદ વહીવટી અધિકારી તરીકે મધ્યસ્થ યંત્રાલય નરોડા ખાતે ફરજ બજાવતા હતા. તદઉપરાંત આ મધ્યસ્થ યંત્રાલયમાં ટેકનીકલ સ્ટાફ તથા વહીવટી સ્ટાફ પોતાની ફરજ બજાવતો હોય છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. અને નીચે મુજબ પુરાવા આપેલ છે.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

નિશાની-૧૮૧૩/૧ થી ફેબ્રુઆરી -૨૦૦૨નું અમારી કચેરીના હિસાબી શાખાના કર્મચારીના રજીસ્ટરની પ્રમાણીત નકલ રજુ કરું છું.આ નિશાની-૧૮૧૩/૧ થી પ્રમાણીત નકલ છે તેની અસલ મારા હાથમાં છે જેમાં જોઈને જણાવું છું કે, શ્રી,પી.એમ.શાહ. તા.૨૮-૨-૦૨ ના રોજ તેમની ફરજ પર નરોડા એસ.ટી. વર્કશોપ પર નોકરી પર હાજર હતા. હું તા.૨૮-૨-૦૨ ના રોજની તેઓની સહી ઓળખું છું. આ અસલ રજીસ્ટર અમારી ઓફિસ રૂટીનમાં રાખવામાં આવતુ રજીસ્ટર છે. આ રજીસ્ટરમાં લખેલી હકીકતો ખરી છે.............. આ અસલ રજીસ્ટર તથા નિશાની - ૧૮૧૩/૧ વાળી પ્રમાણીત નકલને પાકો – આંક ૧૮૧૪ આપવામાં આવેલ છે.

<u>- પેજ નં.૯ પેરા નં.૧૪</u>

હું અમારા એસ.ટી.કર્મચારી શ્રી પી. એમ. શાહ, એસ.જે.દરજી તથા આર.એમ. પરમારનાઓને ઓળખું છું. હું તેઓ ત્રણેય નામદાર કોર્ટમાં હોય તો ઓળખી શકું. હું આ ત્રણેય આરોપીઓને અહીંથી જ તેઓ છેલ્લી બેંચે બેઠેલ છે તે છે તેમ તેઓને ઓળખી આપું છું. જો કે, શ્રી સુભાષ દરજીને દાઢી વધી ગઈ હોઈ ઓળખવા અઘરા છે પરંતુ હું તેમને ઓળખી શક્યો છું.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આ આરોપી બનાવના દિવસે એસ.ટી.વર્કશોપમાં નોકરી પર હાજર હતા. અને આ સાહેદ વહીવટી અધિકારી તરીકે ફરજ

બજાવતા હોઈ આ આરોપીને સારી રીતે ઓળખે છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આ સાહેદે આ આરોપીને ઓળખી બતાવેલ છે. આ કામના ઘણાં સાહેદોએ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં જણાવેલ છે કે એસ.ટી.વર્કશોપના અંદરના ભાગેથી પથ્થરમારો થતો હતો તથા ઓઈલના સળગતા કાકડા તથા લોખંડના ટુકડાઓ મુસ્લીમોની ચાલીઓ ઉપર ફેંકવામાં આવતા હતા. અને મુસ્લીમ ચાલીઓને સળગાવી નાંખવાના તથા નુકશાન કરવાના હેતુથી ગેરકાયદેસર મંડળીમાં આ આરોપી અન્ય આરોપીઓ સાથે મળીને ગુનાહિત કૃત્યો કરેલા હોય તેવું સ્પષ્ટ જણાવે છે. આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે. આમ આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ નથી.

# તોહમતદાર નં.(૫૮) સંતોષકુમાર કોડુમલ મુલચંદાની

## (૧) મો.સલીમ મો.હુસેન શેખ સાહેદ નં. ૧૦૪, આંક-૬૬૮

- પોલીસ જવાબમાં નથી
- સીટના ૧૨.૯.૦૮ ના જવાબમાં નામ છે.
- સીટના ૨૯.૫.૦૮ ના જવાબમાં ટોળામાં હાજર રીવોલલ્વર સાથે
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે તથા ઓળખેલ છે.

પેરા નં.૨૯ પેજ નં.૧૩-૧૪

આ ઉપરાંત જે તે સમયે આ ટોળામાં ઉપસ્થિત એક વ્યક્તિને પણ મેં ઓળખી બતાવ્યા છે.....આ વ્યક્તિ પણ બનાવના દિવસે ટોળામાં હતી. સાહેદે આરોપી નં.૫૮ સંતોષકુમાર કોઠુમલને ઓળખી બતાવેલા છે.

આ સાહેદે નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીને ટોળામાં હાજર હતા તે રીતે વર્ણવેલ છે તેમનું નામ જાણતા નથી પરંતુ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીને ઓળખી બતાવેલ છે. આથી આ આ સાહેદે આરોપી વિરૂધ્ધ સબળ પુરાવો આપેલ છે.

આ સાહેદે આ આરોપીને બનાવના દિવસે ટોળાના માણસોમાં હાજર જોયેલા અને તેઓ ટોળા સાથે રહી અન્ય આરોપીઓ સાથે મળીને ગુનાહીત કૃત્યો કરવામાં આ આરોપીએ સક્રીય ભાગ ભજવેલ છે. તેવું આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૨) રસીદાબાનુ ઈમ્તીયાઝહુસેન મોમીન, સાહેદ નં. ૧૯૨, આંક-૧૩૧૪

- તા.૨૪.૯.૦૮ ના સીટના જવાબમાં નામ આપેલ છે.
- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

-પેજ નં.૫ પેરા નં.૯

કૃષ્ણનગર તરફથી આવેલ ટોળાના માણસો પણ અમારા ઉપર પથ્થરમારો તેમજ બોટલમારો કરતા હતા. નટરાજ તરફથી આવેલ ટોળાના માણસો પણ અમારા ઉપર પથ્થરમારો તથા બોટલમારો કરતા હતા. આ ટોળામાં માયાબેન કોડનાની હતા. આ ટોળામાં મનોજ હતો. તેનું નામ મારા ખ્યાલ મુજબ મનોજ વિડીયોવાળો છે. આ નટરાજવાળા ટોળામાં

વધુમાં બિપીન ઓટોવાળો પણ હતા. આ ઉપરાંત આ ટોળામાં સંતોષ દુધવાળો હતા. આ સંતોષ દુધવાળાની દુકાન કુબેરનગર જતાં કમલા વેલ્ડીંગની બાજુમાં છે. નટરાજવાળા ટોળામા વધુમાં, ગુડુ છારા, નરેશ છારા, સુરેશ લંગડો તથા સુરેશ લંગડાનો નાનો ભાઈ પણ હતા. આ ટોળામાં માયાબેન ચલો આગળ તથા મારો તોવુ કહીને પબ્લીકને ઉશ્કેરતા હતા. આ સમયે પોલીસ ત્યાં આવીને નાકા પર ઉભેલા મુસ્લીમો પર જ ગોળીબાર તથા ટિયરગેસ છોડેલા. તેથી ચાર પાંચ મુસ્લીમ છોકરાઓને ગોળી વાગેલી.

- પેજ નં.૬ પેરા નં.૧૧

ટોળુ ધીમે ધીમે અમારી ચાલી તરફ અંદર આવવા લાગતાં હુ રોડ ઉપરથી મારા ઘરે આવી મારા બાળકોને લેવા મારા ઘરના ધાબે જતી રહેલી. મારા ઘરના ઉપરના ભાગેથી આખો રોડ દેખાય છે ત્યાંથી મેં જોયેલું તો, ટોળાના લોકો મારકાપ કરતા હતા. તેથી હું મારા બાળકોને લઈને નીચે ઉતરી ગયેલી. હું ત્યારપછી ભાગ-દોડ કરવા લાગેલી અને ત્યારબાદ મારા બાળકોને લઈને રમજાની પિંજરાના ધાબે બાળકો સાથે જતી રહેલી.

- પેજ નં.૭ પેરા નં.૧૩

મે રમજાની ભાઈના ધાબા પરથી જોયેલું કે, રમજાનીભાઈ રહે છે તે ગલીનું પહેલું મકાન ટોળાના માણસોએ સળગાવેલું. આ ટોળાના માણસો ગમે તેમ બોલતા હતા અને બુમો પાડતા હતા. તેઓ મારો કાપો તેવી બુમો પાડતા હતા. રમજાનીભાઈના મકાનમાં કાયમ લાગેલા હતા તે પડદાની પાછળના ભાગેથી મેં આ બધુ જોયેલું. પછી હું મારા બાળકને લઈને રમજાનીભાઈના ધાબા પર જતી રહેલી. આ ધાબા પરથી મેં જવાનનગરમાં આવેલ જાહેર શૌચાલય તરફ જોયેલું ત્યારે મેં જોયેલુ કે, ટોળાના લોકો બધું જ સળગાવતા હતા. આ ટોળાના માણસોને અમે મારતા તથા સળગાવતા જોયેલા. આ ટોળાના માણસો મુસ્લીમોને માર કાપ કરતા હતા. મને આ સમયે કેટલા વાગેલા તે ખબર નથી.

આ સાહેદે તા.૨૪-૯-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં આરોપીનું નામ આપેલ છે તથા કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે. અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદ બનાવવાળા સ્થળે વર્ષોથી વસવાટ કરતા હતા અને બનાવવાળી જગ્યામાં કરીયાણાની દુકાન આવેલી છે. આ સાહેદ બનાવના દિવસે સ્થળ ઉપર હાજર હતા તેમણે સમગ્ર બનાવ નજરો નજર જોયેલ છે તેમણે તોફાની ટોળામાં આરોપીને જોયેલ છે. સરતપાસમાં જણાવ્યા મુજબ સાહેદે તો.દારને જોયેલ છે. આ સાહેદે રમજાનીભાઈના ધાબા ઉપરથી જોયેલ છે.

સાહેદના જણાવ્યા મુજબ આરોપી જે ટોળામાં હતા તે ટોળાના માણસો મારો-કાપો ની બુમો પાડતા હતા, મકાનોને આગ લગાડતા હતા, અને માર કાપ કરતા હતા આ ટોળામાં આરોપી સામેલ હોવાનું સાહેદની જુબાની ઉપરતી સાબીત થાય છે.

આ સાહેદે આરોપીને ના.કોર્ટ રૂબરૂની જુબાનમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

# તોહમતદાર નં.(૫૯) સુભાષચંદ્ર ઉર્ફે દરજી જગન્નાથ દરજી (જેલમાં)

## (૧) પંકજ પ્રદ્યુમનભાઈ ભટ્ટ, સાહેદ નં. ૨૭૩, આંક-૧૮૧૨

આ સાહેદ વહીવટી અધિકારી તરીકે મધ્યસ્થ યંત્રાલય નરોડા ખાતે ફરજ બજાવતા હતા. તદઉપરાંત આ મધ્યસ્થ યંત્રાલયમાં ટેકનીકલ સ્ટાફ તથા વહીવટી સ્ટાફ પોતાની ફરજ બજાવતો હોય છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. અને નીચે મુજબ પુરાવા આપેલ છે.

- પેજ નં.૬ પેરા નં.૧૨

અમારી અન્ય શાખા ડીસ્પોઝલ શાખાનું પણ આ જ રીતે મસ્ટર રાખવામાં આવે છે. જેમાં ફેબ્રુઆરી-૨૦૦૨નું અમારું અસમ મસ્ટર હું અત્રે લાવેલ છું. તેમજ નિશાની-૧૮૧૩/૨ થી તેની પ્રમાણીત નકલ પણ મેં આ કામે રજુ કરેલી છે.

સને ૨૦૦૨ની સાલમાં અમારા ડીસ્પોઝલ શાખામાં એક શ્રી એસ.જે.દરજી આર્ટીઝન-બી ના હોદ્દા પર તરીકે કામ કરતા હતા. આ રજીસ્ટરમાં તેઓ ફેબ્રુઆરી – ૨૦૦૨માં નોકરી પર હાજર હતા તે મતલબની તેમની હાજરી દર્શાવતી હાજર હોવા અંગેની નોંધ જે તે ખાતાના અધીકારી દ્વારા કરવામાં આવેલી છે. અમારી કચેરીમાં ટેકનીકલ સ્ટાફ પુરતું કર્મચારી હાજર હોય તો 'પી' લખતાં હોય છે તેવી જ રીતે આ એસ.જે.દરજીનાઓ તા.૨૮-૨-૦૨ ના રોજ હાજર હતા તે દિવસે સામે 'પી' લખેલું છે. આ એસ.જે.દરજીનું ખરું નામ સુભાષ દરજી છે. આ અસલ રજીસ્ટર અમારી ઓફિસ રૂટીનમાં મેઈન્ટન કરવામાં આવતું રજીસ્ટર છે. તેમાં લખેલ હકીકતો ખરી છે.........નિશાની ૧૮૧૩/૨ વાળી પ્રમાણીક નકલને પાક-આંક ૧૮૧૫ આપવામાં આવેલ છે.

- પેજ નં.૯ પેરા નં.૧૪

હું અમારા એસ.ટી.કર્મચારી શ્રી પી. એમ. શાહ, એસ.જે.દરજી તથા આર.એમ. પરમારનાઓને ઓળખું છું. હું તેઓ ત્રણેય નામદાર કોર્ટમાં હોય તો ઓળખી શકું. હું આ ત્રણેય આરોપીઓને અહીંથી જ તેઓ છેલ્લી બેંચે બેઠેલ છે તે છે તેમ તેઓને ઓળખી આપું છું. જો કે, શ્રી સુભાષ દરજીને દાઢી વધી ગઈ હોઈ ઓળખવા અઘરા છે પરંતુ હું તેમને ઓળખી શક્યો છું.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આ આરોપી બનાવના દિવસે એસ.ટી.વર્કશોપમાં નોકરી પર હાજર હતા. અને આ સાહેદ વહીવટી અધિકારી તરીકે ફરજ બજાવતા હોઈ આ આરોપીને સારી રીતે ઓળખે છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ આ સાહેદે આ આરોપીને ઓળખી બતાવેલ છે. આ કામના ઘણાં સાહેદોએ ના.કોર્ટ રૂબરૂની

જુબાનીમાં જણાવેલ છે કે એસ.ટી.વર્કશોપના અંદરના ભાગેથી પથ્થરમારો થતો હતો તથા ઓઈલના સળગતા કાકડા તથા લોખંડના ટુકડાઓ મુસ્લીમોની ચાલીઓ ઉપર ફેંકવામાં આવતા હતા. અને મુસ્લીમ ચાલીઓને સળગાવી નાંખવાના તથા નુકશાન કરવાના હેતુથી ગેરકાયદેસર મંડળીમાં આ આરોપી અન્ય આરોપીઓ સાથે મળીને ગુનાહિત કૃત્યો કરેલા હોય તેવું સ્પષ્ટ જણાવે છે. આ સાહેદ સ્વતંત્ર સાહેદ છે. આમ આ સાહેદની જુબાનીને નહી માનવાને કોઈ કારણ નથી.

# તોહમતદાર નં.(૬૦) પીન્ટુ દલપતભાઈ જાડેજા (છારા)

## (૧) સલીમ રોશનઅલી શેખ, સાહેદ નં. ૩૭, આંક-૨૫૬

- શીટના જવાબમાં તોહમતદારના નામ છે. હથીયાર સહિત
- તોહમતદારે તેના પુત્રને , કઝીન શરીફને મારી નાંખી સળગાવી દીધાનું શીટના જવાબમાં છે.
- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપ્યુ તથા આરોપી નં.૨૨ ને ઓળખ્યા.

- પેજ નં.૫ પેરા નં.૮

આ ટોળાની આગેવાની ગુડુ છારો, સુરેશ લંગડો કે જે પણ છારો છે, દરબાર નામનો એક માણસ બીપીન ઓટોવાળા, પીન્ટુ તથા પીન્ટુના પિતા દલપતનાઓએ લીધેલી. આ ટોળાના હું જણાવી ગયો તે ગુડુ છારાના હાથમાં તલવાર, સુરેશ લંગડાના હાથમાં ધારીયું, દરબારના હાથમાં ધારીયું, બીપીન ઓટોવાળાના હાથમાં પાઈપ, પીન્ટુ તથા દલપતના હાથમાં પણ પાઈપો હતી. હું છેલ્લા દસ વર્ષથી નરોડા પાટીયા ખાતે રહેતો હોઈ આ ટોળામાંના હું જણાવી ગયો તે નામધારી વ્યક્તિઓને ઓળખું છું.

- પેજ નં.૭ પેરા નં.૧૨

ત્યારે જવાનનગર ગંગોત્રી સોસાટીના ઝાંપા પાસે મોટુ હિન્દુઓનું ટોળું આવી ગયેલું......તે વખતે ટોળુ વધી ગયેલું સાંજના છ સાડા છ વાગ્યાનો સમય થઈ ગયેલો, અને પોલીસે ટીયરગેસ છોડેલો ત્યારે મારો દીકરો સીદીક મારાથી છુટો પડી ગયેલો. હું ધાબા પરથી નીચે આવતો હતો ત્યારે મેં જોયું કે, હું ઉપર જણાવી ગયો તે ૬ જણાં જેમાં ગુડ્ડુ, સુરેશ, દરબાર, બીપીન ઓટોવાળા, પીન્ટુ, દલપત વગેરે હતા તેમણે મારા દીકરા સીદીકને આ ટોળામાં યાને કે હિન્દુઓના ટોળામાં ખેંચી લીધેલો.

ગોપીનાથ સોસાયટીની પાણીની ટાંકી પાસે મારા દીકરા સીદીકને ગુડુએ પાછળથી માથામાં પાઈપ મારેલો, દરબારે ધારીયું પેટમાં મારીને સીદીકને નીચે પાડી દીધેલો તથા બીપીન તથા અન્ય ત્રણનાઓએ તેને ખેંચીને કેરોસીન નાંખી ગોદડા વગેરે નાંખી જ્વલનશીંલ પ્રવાહી નાંખી સળગાવેલો. આ મેં જોયેલું મારો દીકરો સીદીક ગુજરી ગયેલો. આ વખતે મારા દીકરાને આ રીતે મારતા હતા તે જોવાથી મારા મોઢામાંથી ચીસ નીકળી ગઈ ત્યારે ટોળામાંથી કોઈકે આ રહ્યો મીંયો એવુ કીધું ટોળામાંથી કોઈકે પકડો પકડો આ રહ્યો મીંયો તેવું કહેતા હું ગંગોત્રી સોસાયટી બાજુ ભાગી જઈ સંતાઈ ગયેલો.

- પેજ નં.૮ પેરા નં.૧૩

પાણીની ટાંકી પાસે બનેલ બનાવમાં મારો મામાનો દીકરો શરીફ હતો તેને પણ આ ટોળાએ મારા દીકરા સીદીકને માર્યો તે રીતે મારી નાંખેલો, આ વખતે આશરે સાડા છ પોણા સાતનો સાંજનો સમય હતો.

આ સાહેદે શીટ રૂબરૂના નિવેદનમાં આ આરોપી હથીયાર સાથે બનાવના દિવસે હાજર હતા તેવુ જણાવેલ છે. અને સાહેદના પુત્ર તથા ભત્રીજાને સળગાવી દીધાની હકીકત પણ જણાવે છે અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ જોગ ઓળખી આપેલ. આ સાહેદની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે બનાવના દિવસે સવાર નવ વાગ્યાના સુમારે નટરાજ હોટલ તરફથી હિન્દુઓનું ટોળુ આવેલ અને નુરાની મસ્જીદ ઉપર હુમલો કરેલ અને મસ્જીદને નુકશાન કરેલ તે સમયે સાહેદ એસ.ટી.ના ખુણા પાસે ઉભા હતા આ ટોળાના માણસોમાં ખાખી ચડ્ડી કેસરી પટ્ટી, સફેદ બનીયાન ધારી લોકો હતા તેમના હાથોમાં ઘાતક હથીયારો હતા જ્વલનશીલ પદાર્થો પણ હતા. આ ટોળામાં આ આરોપી હાથમાં પાઈપ સાથે અન્ય આરોપી સાથે હાજર હતો. આ ટોળાએ અમારી ચાલીઓના ઘરો પર તોડફોડ કરી નુકશાન કરેલ ત્યારબાદ સાંજના પુત્ર સીદીક અલગ પડી ગયેલ પછી સાહેદે જોયેલ તો આ આરોપી અન્ય આરોપી સાથે મળી જઈ પાણીના ટાંકીના ખાંચા પાસે ખેંચી લઈ માથામાં પાઈપ મારી નીચે પાડી દઈ જીવતો સળગાવી દીધેલ અને તેમજ કરવામાં આ આરોપી તથા અન્ય આરોપીઓ પણ હતા તે જ રીતે આ આરોપીએ મારા ભત્રીજા શરીને પણ પાણીની ટાંકી પાસે અન્ય આરોપી સાથે મલીને જાનથી મારી નાંખેલા તેની હકીકત સ્પષ્ટ રીતે ફલીત થયા છે. આમ આ આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી જઈ એક સંપ થઈ તેમનો સમાન ઈરાદો પાર પાડવાના આશયથી તથા મુસ્લીમોને મોતને ઘાટ ઉતારવાના ઈરાદાને પાર પાડવાના આશયથી ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની એક સંપ થઈ મનુષ્ય વધનો ગુનો કરી ગુનાહીત કૃત્ય કરેલ છે. તેવુ આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે. તે નહી માનવા કોઈ કારણ નથી.

### (૨) બાસુદ્દીન મૈયુદ્દીન સૈયદ સાહેદ નં. ૭૩, આંક-૫૧૪

- પોલીસ જવાબમાં નામ છે.
- નામ આપ્યું – ઓળખ્યા નથી

<u>પેરા નં.૯ પેજ નં.૫</u>

થોડા સમયમાં કુબેરનગર પાટીયા નટરાજ હોટલ તરફથી એક મોટુ ચોળુ આવતું હતુ. આ ટોળું નુરાની મસ્જીદ તરફ આવતું હતુ. આ ટોળુ સુત્રોચ્ચાર કરતુ હતુ. તેઓ જય શ્રી રામ ના નારા લગાવતા હતા. આ ટોળાની આગેવાની કિશન કોરાણી, અશોક સીંધી, સુરેશ લંગડો તથા મનોજ વીડીયોવાળો કરતા હતા. આ ટોળામાં મનોજ વિડીયોવાળો તથા કિશન કોરાણી પાસે રીવોલ્વર હતી. બીજા ટોળાના માણસો પાસે તલવારો, ત્રિશુલ, ભાલા, લોખંડની પાઈપ વગેરે હથીયારો હતા.

આ સાહેદે ૨૦૦૨માં આપેલ પોલીસ રૂબરૂના નિવેદનમાં આપોરીનું નામ આપેલ છે. અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે.

આ સાહેદની કોર્ટ રૂબરૂની જુબાની જોતા એવુ ફલીત થાય છે કે આ સાહેદ બનાવના દિવસે બનાવના સ્થળે હાજર હતા. બનાવના દિવસે સાહેદને તથા તેમના દીકરા અહેસાનને ઈજા થયેલ છે. સાહેદે સારવાર કેમ્પમાં કરાવેલ, આમ આ સાહેદ બનાવને સમર્થન આપે છે. આમ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આપેલ સરતપાસ મુજબ પુરાવો આપેલ હોઈ તે નહી માનવાને કારણ નથી.

(૩) શબાના બુન્દુભાઈ કુરેશી, સાહેદ નં. ૨૦૯, આંક-૧૪૬૩

- તા ૨૩.૫.૦૮ તથા ૧૪.૯.૦૮ ના સીટના જવાબમાં દલપતના છોકરા તરીકે નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

<u>- પેજ નં.૬ પેરા નં. ૧૨</u>

અમે પાછા આવતા હતા ત્યારે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટી પાસે ઉભેલા ટોળાના માણસોના હાથમાં પાઈપ, તલવાર, હોકી વગેરે હતા તેઓ અમારી પાછળ રહી ગયેલ મુસ્લીમોને મારવા લાગેલા. આ વખતે અમે તીસરા કુવાથી ગંગોત્રી તરફ ભાગતા હતા જયારે ગંગોત્રી ગોપીનાથવાળાઓ અમારી તરફ આવતા હતા. આ વખતે પબ્લીક આમતેમ ભાગવા લાગેલી. આ સમયે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટીની વચ્ચે એક ખાંચ આવેલો છે. ત્યાં ઉપર એક પાણીની ટાંકી છે. અમે આ ખાંચામાં ઘુસી ગયેલા. આ વખતે અમારા ઘરના બધા છુટા પડી ગયેલા. પરંતુ આ ખાચામાં ગયા ત્યારે હું, મારી મમ્મી, મારી બહેન નસીમ તથા મારો ભાઈ રાજાનાઓ સાથે હતા.

<u>- પેજ નં.૭ પેરા નં. ૧૩,</u>

અમે ખાંચામા ઘુસ્યા ત્યાં ચારેય તરફથી ટોળાએ અમને લોકોને ઘેરી લીધેલા. આ ટોળામાં મેં સુરેશ લંગડા, દલપતનો છોકરો, જયભવાનીનો છોકરો, નરેશ, હરેશ, મનુ, મરાઠીના બે છોકરા, જયભવાની, દલપત તથા ગુડ્ડુ છારા તેમજ બીજા અનેક લોકોને જોયેલા.

- પેજ નં. ૭ પેરા નં.૧૪

આ સમયે ખાંચાની સામેના રોડ પર ટોળાએ કે જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ પણ હતા તે ટોળાએ એક સીદ્દીક નામના છોકરાનું ખંજરથી તાવીજ કાપી તેના પર હુમલો કરેલો. આથી તેને ગળામાં ઈજા થયેલી તથા તાવીજ કાપતા ખંજર તુટીને પડેલું અને આ સીદ્દીકને પછી પાઈપથી મારવા લાગેલ ત્યારે માથે હાથ રાખીને તેણે બચાવ કરવા પ્રયત્ન કરેલો. જે તમામ મેં પોતે જોયેલુ છે. ત્યારપછી આ સીદ્દીક પર કાંઈક જવલનશીલ પ્રવાહી કેરોસીન નાંખી તેને સળગાવી દીધેલો. આ રીતે સીદ્દીક ત્યાં જ મરી ગયેલો.

- પેજ નં.૮ પેરા નં.૧૫

સીદ્દીકના બનાવ પછી મેં જોયેલું કે, ટોળાના માણસો જેમાં હું નામ જણાવી ગઈ તે તમામ હતા તે ટોળાના માણસોએ એક હુસેનનગરની છોકરીને ખેંચીને લઈ ગયેલા. આ વખતે મારી બહેન નસીમને ઘેરી લીધેલી. પછી તેઓએ તેણીના માથામાં પાઈપ મારેલી. મારી બહેનને તેઓએ પછી તે જ જગ્યાએ કેરોસીન નાંખીને સળગાવી દીધેલી તેણી પણ મરણ ગયેલી.

- પેજ નં. ૮ પેરા નં.૧૬

આ વખતે મારી મા આ જોઈને બુમો પાડીને ભાગા લાગેલી ત્યારે સુરેશ લંગડાએ મારી મા ને પકડી લીધેલી. સુરેશ લંગડાએ મારી મમ્મીને પકડીને પેટમાં ગુપ્તી મારેલી ત્યારપછી આ બધાએ કે જેઓના નામ હું જણાવી ગઈ તથા ટોળાના માણસોએ મળીને મારી મા ને જીવતી સળગાવી દીધેલી. મારી મમ્મી પછી ત્યાં જ મરી ગયેલી.

- પેજ નં.૯ પેરા નં. ૧૭

આ સમયે ખાંચામાં જે મુસ્લીમો હતા તેઓ બહાર નીકળતાં જ તેમને પકડીને આ ટોળાના માણસો મારીને સળગાવી દેતા હતા. આ સમયે ટોળાના માણસોને એવુ લાગતા કે કદાચ આ ખાંચામા મારામારી શરૂ કરી દીધેલી અને કેરોસીન નાંખીને તમામને એક સાથે સળગાવી દીધેલા.

- પેજ નં.૯ પેરા નં.૧૮

આ વખતે આગ લાગતાં ખાંચા પાસે એક દિવાલ હતી તે દિવાલ પર કુદીને હું બેસી ગયેલી. આ વખતે ટોળાના માણસોએ મારા પગ પર પથ્થર મારેલો. હું આ પથ્થર વાગતાં

દિવાલની બીજી તરફ પડી ગયેલી. આ વખતે હું આ બધુ જોતા ડરી ગયેલી. ટોળાના માણસો ખુબ જ ગંદી ગાળો બોલતા હતા તથા સળગાવતા હતા તેથી હું ગભરાઈ ગયેલી હતી. દિવાલની બીજીબાજુની દિવાલ પાસે બેએક મીનીટ બેસીને પછી ત્યાં આવેલ ઝાપામાથી નીકળી હું ગંગોત્રી સોસાયટીના એક ધાબા પર જતી રહેલી.

- પેજ ને. ૧૦ પેરા -૧૯

હું ધાબે ગઈ ત્યાં અન્ય મુસ્લીમો પણ હતા. ગંગોત્રી સોસાયટીના ત્રણ ધાબાઓ પર મુસ્લીમો હતા. ધાબા પર મોડી રાત સુધી અમે હતા.

આ સાહેદે તા.૨૩-૫-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીનું દલપત છારાના છોકરા તરીકે આપેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપીનું નામ આપી ઓળખેલા છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદે બનાવવાળી જગ્યાએ વર્ષોથી રહે છે. બનાવના દિવસે તેઓ ઘરે જ હતા અને બહાર નીકળી હથીયારો સાથે ટોળાને જોયેલ છે. આ સાહેદ તીસરા કુવા તરફ પોતાનો જીવ બચાવવા ભાગતા હતા ત્યાંથી ટોળું આવતા ગંગોત્રી તરફ ભાગેલ અને ગંગોત્રી ગોપીનાથ વચ્ચે પાણીની ટાંકીના ખાંચામાં જ્યાં નરસંહાર કરવામાં આવેલ તે જગ્યાએ ઘેરાઈ ગયેલ. આ જગ્યાએથી પાણીના ટાંકી પાસેના ટોળામાં સાહેદે આરોપીને જોયેલ છે. આ સાહેદ સીદીકનામના છોકરાનું ગળુ કાપી મારતા જોયેલ છે અને સિદ્દીકને સળગાવતા પણ જોયેલ છે. આ સીદીક નામની વ્યક્તિને આરોપીએ ટોળાએ તેને મારી સળગાવેલ છે તે સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. ત્યારબાદ આજ આરોપી અને તેની સાથેના બીજા તો.દારોએ એક હુસેન નગરની છોકરીને ખેંચી લઈ જતા જોયેલ છે. તેમજ સાહેદની બહેન નસીમ ઉપર કેરોસીન નાંખી સળગાવતા સાહેદે જોયેલ છે. સાહેદની માતૃશ્રીને પણ આરોપી અને ટોળાના માણસોએ જીવતા સળગાવેલ છે. આ ખાંચામાં મુસ્લીમો જે બહાર નીકળતા આરોપી અને તેમની સાથેના માણસો પકડીને સળગાવી દેતા હતા અને આજ ખાંચામાં આરોપી અને સહ તો.દારોએ ઘણાખરા મુસ્લીમોને એક સાથે જ્વલનશીલ પ્રવાહી નાંખી સળગાવી દીધેલ છે. આમ આ આ આરોપીઓએ પાણીના ટાંકી પાસેના સામુહીક નરસંહારના બનાવમાં સક્રીય ભાગ ભજવેલ છે. તેવું આ સાહેદની જુબાની ઉપરથી સાબીત થાય છે.

આ સાહેદને બનાવના દિવસે પાણીની ટાંકી પાસેની દિવાલ કુદતા પથ્થર વાગતા પગમાં ઈજા થયેલ છે. સમગ્ર બનાવ જોયા બાદ સાહેદ ગંગોત્રી સોસાયટીમાં ધાબા ઉપર જતા રહેલા અને મોડી રાત સુધી પોતાનો જીવ બચાવી બેસી રહેલા.

આ સાહેદને બનાવમાં તેના કહેવા મુજબ પગમાં ઈજા થયેલ છે. અને સાહેદે કેમ્પમા ંસારવાર લીધેલ છે જેથી સાહેદની બનાવવાળી જુબાની નકારી શકાય તેમ નથી તેઓ બનાવના નજરે જોનાર સાક્ષી છે. તેમની હાજરી બનાવના સ્થળે સ્પષ્ટ થાય છે. અને સાહેદની સરતપાસમાં જણાવેલ હકીકતો નકારવા કોઈ કારણ ઉપસ્થિત થતો નથી અને સાહેદે ના.કોર્ટ રૂબરૂની પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીના નામ આપી ઓળખી પણ બતાવેલ છે.

## (૪) રૂકસાના બુન્દુ કુરેશી, સાહેદ નં. ૨૧૨, આંક-૧૫૦૭

- તા ૩.૬.૦૮ તથા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં નામ આપેલ છે.

- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

<u>- પેજ નં. ૫ પેરા નં.૮</u>

હું હોલમાંથી નીકળતાં જ મારા ભાઈ,બહેન,તથા મા થી અલગ પડી ગયેલી. હુ છુટી પડી ગયેલી. અમારી કોમના લોકો તીસરા કુવા તરફ જવા લાગેલા. અમારામાં જે લોકો આગળ નીકળી ગયેલા તેઓ એકદમ ઝડપથી પાછા આવેલા અને જણાવેલું કે, ત્યાં હિન્દુઓનું મોટુ ટોળુ છે. તેઓના હાથમાં હથિયાર છે. હું ગભરાઈને ચારેબાજુ મમ્મી મમ્મી કરતી હતી. અમારી કોમના પાછા આવતા લોકોને મેં પુછેલું કે, શુ થયુ ત્યારે તેમણે હિન્દુઓનું મોટુ ટોળુ હાથમાં હથિયાર સાથે આવ્યું હોવાનું જણાવેલું.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૯</u>

હું અમારી કોમના લોકો સાથે ભાગવા લાગેલી. ભાગતા ભાગતા એકદમ મારી નજર પડી તો મેં જોયેલું કે, સુરેશ લંગડો મારી માના પેટમાં ગુપ્તી મારી રહયો હતો. મારી મમ્મીને મારનાર ટોળામાં નરેશ, હરેશ, સુરેશ લંગડો, ગુડ્ડુ છારાના વગેરેનાઓ હતા. આ ટોળાના માણસોને જયભવાનીની દીકરી પાણી પીવડાવતી હતી. તેમાં જયભવાની, જયભવાનીનો દીકરો, દલપત, દલપતનો છોકરો, ચીન્ટુ તથા એક માંજરી આંખવાળો તથા વાંકડીયાવાળવાલો પણ હતો. આ માણસના હાથમાં લોખંડની પાઈપ હતી.

<u>- પેજ નં ૬ પેરા નં, ૧૦</u>

આ ટોળાના માણસો સાથે અન્ય લોકો પણ હતા. તેઓ અમારી કોમના લોકોને સળગાવતા હતા અને મારતા હતા અને જયભવાનીની દીકરી આ ટોળાના માણસોને કેરોસીન તથા ગોદડી સળગાવવા માટે આપતી હતી.

- પેજ નં. ૫ પેરા નં. ૧૧

તે વખતે અજવાળું હતું અને અંધારૂ ન હતુ. અને સમયના આશરે સાડા પાંચ છ વાગ્યા જેવો થયો હશે. હું રડતી રડતી ગંગોત્રીના ધાબે જઈને બેસી ગયેલી. ગંગોત્રીના ધાબે અમારી કોમના અન્ય લોકો પણ હતા. હું ધાબે હતી તે વખતે ધાબા પર એક સળગી ગયેલી સ્ત્રી હાથમાં નાનુ બાળક ઉચકીને આવેલી અને આ બાળક પણ દાઝી ગયેલું. આ સ્ત્રી બચાવો બચાવો એમ કહેતી હતી અને એવુ કહેતી હતી કે, અમારી કોમના ઘણાં લોકોને આ લોકોએ મારી નાંખ્યા છે તથા સળગાવી નાંખ્યા છે.

આ સાહેદે તા.૩-૬-૦૮ના તથા ૪-૯-૦૮ના શીટના જવાબમાં આ આરોપીનું નામ આપેલ છે અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ સબળ પુરતો પુરાવો આપેલ છે.

આ આરોપીનું નામ જણાવેલ છે. ૨૮-૨-૦૨ના નરોડા પાટીયાના ઓઝારા બનાવવામાં આ સાહેદની માતા ઝરીના બુન્દુભાઈ કુરેશી નું તીક્ષ્ણ હથીયારથી થયેલ ઈજાના કારણે મૃત્યુ થયેલ છે. જેમની પી.એમ. આંક-૫૮૫ થી સાહેદ નં.૯૬ ડો. જયેન્દ્ર રસીકલાલ મોદીની ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં રજુ થયેલ છે. તેમજ આ સાહેદની બહેન નસીમબાનું મૃત્યુ થયેલ છે. જેમની પી.એમ. આંક-૬૨૯ થી સાહેદ નં.૯૬ ડૉ.જયેન્દ્ર રસીકલાલ મોદીની ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં રજુ થયેલ છે. આ સાહેદની જુબાની મુજબ ના.કોર્ટમાં પુરાવો નોંધાયેલ છે.

તા. ૨૮-૨-૦૨ ના રોજ બંધનું એલાન હતુ તે દિવસે નટરાજ હોટલ તથા કૃષ્ણનગર તરફથી નું મ. તરફ ટોળા ચાલવા લાગેલા તે ટોળાઓના હાથમાં હથીયારો હતા. આ ટોળામાં આ આરોપી પણ સામેલ હતો આ ટોળાના માણસો અમારી કોમના લોકોને સળગાવતા હતા. આ આરોપી સાહેદની મમ્મી તથા બહેનને મારવા વાળા તતા સળગાવનારા ટોળામાં હાજર હતો આ બનાવ આ સાહેદે નજરો નજર જોયેલ છે. તદ્ઉપરાંત આ સાહેદ જે પોલીસ ગાડીમાં બેસી કેમ્પ તરફ જતા હતા તે સમયે પણ રસ્તામાં નટરાજ હોટલ પાસે તથા સૈજપુર ટાવર પાસે ઉભેલા ટોળાએ આ પોલીસના વાહન ઉપર પથ્થરમારો કરેલ ત્યારે પોલીસે હવામાં ફાયરીંગ કરતા ટોળુ

ભાગી ગયેલ જેથી આ સાહેદ તતા પોલીસ વાહનમાં બેસેલા અન્ય સાહેદોનો જીવ બચી જવા પામેલો. અન્યથા સાહેદનું મોત પણ નિશ્ચિત હતુ.

અમો આ સાહેદ નજરો નજર જોનારા સાક્ષી છે અને ગુનાહીત કૃત્ય કરતા ટોળામાં આ આરોપીને ઓળખેલા અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ નામ આપી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ ઉપસ્તિત થતુ નથી બનાવના દિવસે યા સાહેદની હાજરી બનાવના સ્થળ ઉપર જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે ત્યાં હાજર હતા અને ટોળામાં હાજર રહી સામાન્ય હેતુ પાર પાડવાના ઈરાદે ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય થઈ આ સાહેદની માતા તથા બહેનને મારવા વાળા ટોળામાં હાજર રહી ગુનાહીત કૃત્ય કરેલ છે. અને ચાલીઓના ઘરોને તોડફોડ કરી લુંટફાટ કરવામાં પણ સક્રીય ભાગ ભજવેલ હોય તેવું સ્પષ્ટ જણાય છે. તેથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૬૧) રમીલાબેન રતિલાલ ઉર્ફે જયભવાની સોમાભાઈ રાઠોડ</u>

### (૧) જન્નતબીબી કલ્લુભાઈ સાહેદ નં. ૧૪૨, આંક-૯૬૧

- પોલીસ જવાબમાં નામ નથી

- તા.૨૮.૫.૦૮ ના સીટના જવાબમાં ભવાનીની છોકરી તરીકે નામ છે

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં  નામ આપેલ છે – ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૮ પેરા નં. ૧૩</u>

હું ગોપીનાથનગર તથા ગંગોત્રી સોસાયટી વચ્ચેના એક ખાંચામાં હતી ત્યારે મેં જોયું કે, છોકરીઓના કપડાં ફાડી તેઓને સળગાવવામાં આવતી હતી. આ વખતે પાર્શ્વનાથનગર તથા સામેથી એમ બે બાજુથી બે ટોળા આવેલા. આ ટોળાઓમાં ભવાનીસીંહ, ગુડ્ડુ છારા, સુરેશ છારા, ભવાનીસીંગનો છોકરો તથા ભવાનીસીંગની મોટી છોકરી એમ હતા. જેમાં ભવાનીસીંગની મોટી છોકરી સફેદ કેરબામાં ટોળાના માણસોને પેટ્રોલ તથા કેરોસીન આપી રહી હતી. ભવાનીસીંગ, ગુડ્ડુ છારા, સુરેશ, ભવાનીસીંગનો દીકરો જે વકીલ છએ તથા મોટી છોકરી સામેની સાઈડમાંથી આવેલ ટોળામાં હતા.

<u>- પેજ નં. ૮ પેરા નં. ૧૪</u>

જે છોકરીઓના કપડાં ફાડતા હતા તથા સળગાવતા હતા તેમાં ખેરૂનિશા, નશીમબાનું, સુફીયાબાનુ, નરગીસબાનું તથા અન્ય એક સ્ત્રી હતા. આ વખતે સાંજના ચારસાડા ચાર વાગ્યાનો સમય થયેલો.

<u>- પેજ નં.૮ પેરા નં. ૧૫</u>

ત્યારપછીની થોડીવારે ભવાનીસીંગ કૌશરબાનુંને પકડીને લઈ આવેલો. તેણી બુમો પાડતી હતી કે, મારા પુરા દીવસો જાય છે, મને છોડી દો, મને અલ્લાહ ખાતર છોડી દો. તેણીને છોડેલી નહીં પરંતુ તે વખતે બાબુ બજરંગી આવેલ અને તેણીના પેટ પર તલવાર મારેલી અને તેણીના બાળકને તલવાર મારી બહાર કાઢી તલવારમાં ભરાવી ઉંચુ કરી અને કહેલું કે, જો દુનિયામાં આવ્યા પહેલા તારા છોકરાને મારી નાંખ્યું. ત્યારપછી ભવાનીસીંગને તેની દીકરીએ કેરોસીન લાવી આપ્યું તે કૌશરબાનુ ઉપર નાંખી કૌશરબાનુ તથા તેના બાળકને ત્યાં જ સળગાવી નાંખેલી.

આ સાહેદે તા.૨૮-૫-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં ભવાનીની છોકરી તરીકે આ આરોપીનું નામ આપેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ

આપી ઓળખી બતાવેલ છે. તેમજ કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની ના.કોર્ટ રૂબરૂની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે બનાવના દિવસે આ સાહેદ બનાવના સ્થળે હાજર હતા અને આ આરોપીને અન્ય આરોપીઓ સાથે મળીને ગુનાહીત કૃત્ય કરતા જોયેલ છે. બનાવના દિવસે ગોપીનાથ ગંગોત્રી સોસાયટીના વચ્ચે એક ખાંચામાં આરોપીએ મુસ્લીમ છોકરીઓના કપડા ફાડતા હતા અને તેઓને સળગાવતા હતા આ ટોળામાં આરોપીઓ સાથે આ આરોપી પણ હાજર હતી. આ વખતે સાંજના ચાર સાડા ચારનો સમય થયેલ ત્યારબાદ આ ારોપીનો પિતા ભવાનીસીંગ કૌસરબાનું નામની સ્ત્રીને પકડી લાવેલ તે સમયે બાબુ બજરંગી આવેલ અને તેણીના પેટ પર તલવાર મારી પેટાનું બચ્ચુ બહાર કાઢી તલવારમાં ભરાવી ફેરવી તેને મારી નાંખેલ અને કૌસર તથા તેના ગર્ભમાના બાળકને મારી નાંખ્યા બાદ તેના ઉપર કેરોસીન નાંખેલ તે કેરોસીન આ આરોપીએ લાવીને આપેલ અને તેણીના ઉપર નાંખી જીવતા સળગાવી દીધેલ. આમ આ આરોપીએ કૌસરબાનું તથા તેના ગર્ભમાના બાળકને જીવતા સળગાવી નાંખવાના હિંચકારા બનાવમાં, સહભાગી બની સક્રીય ભાગ ભજવી આ હીચકારૂ કૃત્ય કરવામાં એક બીજાની મદદગારી કરી બનાવોમાં ભાગ ભજવેલ છે. જે નકારી શકાય તેમ નથી અને તે તમામ હકીકતો આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૨) ઈસરતજહાં પરવેઝહુસેન, સાહેદ નં. ૧૭૭, આંક-૧૨૧૮

- પોલીસ જવાબમાં નામ નથી.
- તા.૨૩.૫.૦૮ સીટના જવાબમાં બે છોકરી હતી તેવું જણાવેલ
-કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ છે – ઓળખેલ છે.

<u>- પેજ નં. ૫ પેરા નં.૧૦</u>

બપોરના આશરે બે અઢી વાગ્યાના સમયગાળામાં ટોળું તોડફોડ કરતું, આગ લગાડતુ તથા લુંટપાટ કરતું અમારી ચાલીઓમાં ઘુસેલું. અમે ઉપરથી જોયેલું કે, ટોળું અમારી ચાલીમાં ઘુસી ગયેલું. આ ટોળામાં સૌથી આગળ સહેજાદ છારા, ગણપત છારા તથા બે છારા સ્ત્રીઓ હતી. બે છારા સ્ત્રીઓ લુંટફાટડ કરતી હતી. સહેજાદ છારાએ અમારી ચાલીના પહેલા ઘર કે જે જાયેદાઆપાનું ઘર છે ત્યાં દિવાસળી ચાંપેલી. સહેજાદે આગ લગાડયા પછી અમારી

ચાલીમાં ટોળાના માણસો ફરવા લાગેલા. ટોળાના માણસોએ પાછા આવી અમે જયાં છુપાયોલા તે રૂમનો દરવાજો ખખડાવેલો. ત્યાં સહેજાદ છારાએ મોટેથી બોલીને એવુ કહેલું કે, તમે જેટલા પુરૂષો અંદર છો, તેટલા લોકો બહાર આવે. અમે અંદર ખુબ જ ડરી ગયેલા. મારો અવાજ જ બંધ થઈ ગયોલો. અન્ય મુસ્લીમ સ્ત્રીઓએ સહેજાદ છારાને એવો જવાબ આપ્યો કે અંદર માત્ર સ્ત્રીઓ અને બાળકો જ છીએ ત્યારે સહેજાદ છારાએ એવુ કહેલું કે, તમારા બાળકો આપી દો. ત્યારે અંદરની સ્ત્રીઓ કરગરીને કહેવા લાગેલી કે, અમે તમારૂ શું બગાડયું છે અમારા બાળકોને લઈને તમે શું કરશો. ત્યારે સહેજાદે કહેલું કે, અમે આ બાળકોને રોડ પર લઈ જઈને જીવતા સળગાવી દઈશું. અમે અંદરના રૂમમાં હતી. તે તમામ સ્ત્રીઓ ડરના માર્યા ચુપ થઈ ગયેલા પણ બધા રડવા લાગેલા.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૧</u>

આ ટોળાના માણસો થોડીવાર ઉભા રહેલા અને જતા જતા એવુ કહેલા લાગેલા કે, તમે આજે બચવાના નથી, અને જો બાયચાન્સ બચી પણ જા તો તમે પાકિસ્તાન જતાં રહેજો.

આ સાહેદે શીટ રૂબરૂના જવાબમાં બે છોકરીઓ હાજર હતી તેવું જણાવેલ છે. અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે. અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આરોપી ગુનાહિત કૃત્ય કરનાર ટોળામાં બે થી અઢી વાગ્યાના સુમારે સૌથી આગળ હતો અને મુસ્લીમ ચાલીઓમાં ઘુસી લુંટ ફાટ કરવામાં અને મુસ્લિમોની માલ મિલ્કતને આગ લગાડવામાં સક્રીય ભુમિકા ભજવેલ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

ઉપરાંત આ આરોપીએ જાયદા નામની સ્ત્રીના ઘરને દીવાસળી ચાંપતા આ સાહેદે નજરો નજર જોયેલ છે અને સાહેદ જે જગ્યાએ છુપાયેલા ત્યાં દરવાજો ખખડાવી અને બધાને બહાર આવવા જણાવેલ અને કહેલ કે અમે બાળકોને રોડ પર લઈ જઈને જીવતા સળગાવી દઈશું આમ આરોપી સામે પુરતો પુરાવો મળી આવે છે.

આ સાહેદે મજકુર આરોપીને કોર્ટ રૂબરૂ નામ આપી અને ઓળખી પણ બતાવેલ છે.

## (૩) રૂકસાના બુન્દુ કુરેશી, સાહેદ નં. ૨૧૨, આંક-૧૫૦૭

- તા ૩.૬.૦૮ તથા ૧૪.૯.૦૮ના સીટના જવાબમાં ભવાનીની દીકરી તરીકે નામ છે
- ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપેલ - ઓળખેલા છે.

<u>- પેજ નં. ૫ પેરા નં.૮</u>

હું હોલમાંથી નીકળતાં જ મારા ભાઈ,બહેન,તથા મા થી અલગ પડી ગયેલી. હુ છુટી પડી ગયેલી. અમારી કોમના લોકો તીસરા કુવા તરફ જવા લાગેલા. અમારામાં જે લોકો આગળ નીકળી ગયેલા તેઓ એકદમ ઝડપથી પાછા આવેલા અને જણાવેલું કે, ત્યાં હિન્દુઓનું મોટુ ટોળુ છે. તેઓના હાથમાં હથિયાર છે. હું ગભરાઈને ચારેબાજુ મમ્મી મમ્મી કરતી હતી. અમારી કોમના પાછા આવતા લોકોને મેં પુછેલું કે, શુ થયુ ત્યારે તેમણે હિન્દુઓનું મોટુ ટોળુ હાથમાં હથિયાર સાથે આવ્યું હોવાનું જણાવેલું.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૯</u>

હું અમારી કોમના લોકો સાથે ભાગવા લાગેલી. ભાગતા ભાગતા એકદમ મારી નજર પડી તો મેં જોયેલું કે, સુરેશ લંગડો મારી માના પેટમાં ગુપ્તી મારી રહયો હતો. મારી મમ્મીને મારનાર ટોળામાં નરેશ, હરેશ, સુરેશ લંગડો, ગુડુ છારાના વગેરેનાઓ હતા. આ ટોળાના માણસોને જયભવાનીની દીકરી પાણી પીવડાવતી હતી. તેમાં જયભવાની, જયભવાનીનો દીકરો, દલપત,દલપતનો છોકરો, ચીન્ટુ તથા એક માંજરી આંખવાળો તથા વાંકડીયાવાળવાલો પણ હતો. આ માણસના હાથમાં લોખંડની પાઈપ હતી.

<u>- પેજ નં ૬ પેરા નં, ૧૦</u>

આ ટોળાના માણસો સાથે અન્ય લોકો પણ હતા. તેઓ અમારી કોમના લોકોને સળગાવતા હતા અને મારતા હતા અને જયભવાનીની દીકરી આ ટોળાના માણસોને કેરોસીન તથા ગોદડી સળગાવવા માટે આપતી હતી.

<u>- પેજ નં. ૫ પેરા નં. ૧૧</u>

તે વખતે અજવાળું હતું અને અંધારૂ ન હતુ. અને સમયના આશરે સાડા પાંચ છ વાગ્યા જેવો થયો હશે. હું રડતી રડતી ગંગોત્રીના ધાબે જઈને બેસી ગયેલી. ગંગોત્રીના ધાબે અમારી કોમના અન્ય લોકો પણ હતા. હું ધાબે હતી તે વખતે ધાબા પર એક સળગી ગયેલી સ્ત્રી હાથમાં નાનુ બાળક ઉચકીને આવેલી અને આ બાળક પણ દાઝી ગયેલું. આ સ્ત્રી બચાવો બચાવો એમ કહેતી હતી અને એવુ કહેતી હતી કે, અમારી કોમના ઘણાં લોકોને આ લોકોએ મારી નાંખ્યા છે તથા સળગાવી નાંખ્યા છે.

આ સાહેદે તા.૩-૬-૦૮ તથા ૧૪-૯-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં ભવાનીની દિકરી તરીકે આ આરોપીનું નામ આપેલ છે અને કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપેલ છે અને ઓળખી બતાવેલ છે અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ઓળખે છે.

આ આરોપીનું નામ જણાવેલ છે. ૨૮-૨-૦૨ના નરોડા પાટીયાના ઓઝારા બનાવવામાં આ સાહેદની માતા ઝરીના બુન્દુભાઈ કુરેશી નું તીક્ષ્ણ હથીયારથી થયેલ ઈજાના કારણે મૃત્યુ થયેલ છે. જેમની પી.એમ. આંક-૫૮૫ થી સાહેદ નં.૯૬ ડો. જયેન્દ્ર રસીકલાલ મોદીની ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં રજુ થયેલ છે. તેમજ આ સાહેદની બહેન નસીમબાનું મૃત્યુ થયેલ છે. જેમની પી.એમ. આંક-૬૨૯ થી સાહેદ નં.૯૬ ડૉ.જયેન્દ્ર રસીકલાલ મોદીની ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં રજુ થયેલ છે. આ સાહેદની જુબાનીમાં જણાવ્યા મુજબ ના.કોર્ટમાં પુરાવો નોંધાયેલ છે.

તા. ૨૮-૨-૦૨ ના રોજ બંધનું એલાન હતુ તે દિવસે નટરાજ હોટલ તથા કૃષ્ણનગર તરફથી નું મ. તરફ ટોળા ચાલવા લાગેલા તે ટોળાઓના હાથમાં હથીયારો હતા. આ ટોળામાં આ આરોપી પણ સામેલ હતો આ ટોળાના માણસો અમારી કોમના લોકોને સળગાવતા હતા. આ આરોપી સાહેદની મમ્મી તથા બહેનને મારવા વાળા તતા સળગાવનારા ટોળામાં હાજર હતો  આ બનાવ આ સાહેદે નજરો નજર જોયેલ છે. તદ્ઉપરાંત આ સાહેદ જે પોલીસ ગાડીમાં બેસી કેમ્પ તરફ જતા હતા તે સમયે પણ રસ્તામાં નટરાજ હોટલ પાસે તથા સૈજપુર ટાવર પાસે ઉભેલા ટોળાએ આ પોલીસના વાહન ઉપર પથ્થરમારો કરેલ ત્યારે પોલીસે હવામાં ફાયરીંગ કરતા ટોળુ ભાગી ગયેલ જેથી આ સાહેદ તથા પોલીસ વાહનમાં બેસેલા અન્ય સાહેદોનો જીવ બચી જવા પામેલો. અન્યથા સાહેદનું મોત પણ નિશ્ચિત હતુ.

અમો આ સાહેદ નજરો નજર જોનારા સાક્ષી છે અને ગુનાહીત કૃત્ય કરતા ટોળામાં આ આરોપીને ઓળખેલા અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં પણ નામ આપી કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલા આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ ઉપસ્તિત થતુ નથી બનાવના દિવસે યા સાહેદની હાજરી બનાવના સ્થળ ઉપર જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આરોપી બનાવના દિવસે ત્યાં હાજર હતા અને ટોળામાં હાજર રહી સામાન્ય હેતુ પાર પાડવાના ઈરાદે ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય થઈ આ સાહેદની માતા તથા બહેનને મારવા વાળા ટોળામાં હાજર રહી ગુનાહીત કૃત્ય કરેલ છે. અને ચાલીઓના ઘરોને તોડ ફોડ કરી લુંટફાટ કરવામાં પણ સક્રીય ભાગ ભજવેલ હોય તેવું સ્પષ્ટ જણાય છે. તેથી આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૪) રફીકનબાનું રહેમાનભાઈ સૈયદ સાહેદ નં.૧૩૭, આંક-૯૧૫.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપેલ છે. તથા કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તેમજ ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરુધ્ધ નીચે જણાવ્યા મુજબનો પુરાવો આપેલ છે. આ સાહેદને આ બનાવમાં ઈજા થયેલ છે આમ આ સાહેદ ઈજાગ્રસ્ત સાહેદ છે.

-પેજ નં.૩ પેરા નં.૬

તીસરાકુવા પાસે મોટુ ટોળુ હતુ તે ટોળામાં કોઈને પાસે ગુપ્તી, કોઈની પાસે તલવાર, કોઈની પાસે કેરોસીનના કેરબા હતા. તેઓ અમને ગોધરાકાંડના સમાચારવાળા છાપા બતાવી બતાવીને મારતા હતા. ત્યાંથી પણ અમને કાઢી મુકાતા અમને ડરના માર્યા ગોપીનાથ સોસાયટીમાં આવેલા.

પેજ નં.૫ પેરા નં.૯

મારી સાથે રૂકશાના, જરીના, અફસાના એમ મારી ત્રણેય દિકરીઓ હતી તેઓને ભવાનીની દિકરીઓ રમીલા તથા ગીતાએ મારી દીકરી અફસાનાને સળગાવી દીધેલી. મારી દીકરી અફસાના બચી ગઈ જ્યારે મારો દીકરો સમસાદ તથા દીકરી રૂકશાના તથા જરીના એમ ત્રણેય આ બનાવમાં મરણ ગયેલ છે. મારા આ ત્રણેય બાળકોએ મારી નજર સમક્ષ જ તેમનો છેલ્લો શ્વાસ લીધેલો. રમીલા તથા ગીતાએ મારી દીકરી અફસાના પર પેટ્રોલ તથા ડીઝલવાળી ગોદડીઓ તેણીના કમ્મરના ભાગ પર નાંખી તેણીને સળગાવેલી.

પેજ નં.૫ પેરા નં.૧૦

રૂકશાના તથા જરીનાને તે દીવસે ગુડ્ડુ, સુરેશ, ભવાની તથા ટીનીયાએ સળગાવેલા અને મારી નાંખેલા.

પેજ નં.૬ પેરા નં.૧૨

મને જે ઈજાઓ થયેલી તેની સારવાર શાહઆલમ રાહત કેમ્પમાં કરેલી મને થાપામાં ૨૮ ટાંકાઓ લેવા પડેલા જરીના, રૂકશાના તથા સમસાદવાળો બનાવના દીવસે સાંજના છ સાડા છ વાગે બનેલો.

આ સાહેદની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે કે આ સાહેદ બનાવના દિવસે તીસરાકુવા તરફ જીવ બચાવવા ભાગતા હતા ત્યારે સામેથી ટોળું આવતા ગંગોત્રી તરફ ભાગેલ. અને તે સમયે આરોપીઓએ અમોને માર મારેલ. અને આ સાહેદના દિકરા સમશાદને જીવતો આગમાં નાંખી સાહેદની નજરો સમક્ષ બાળી નાંખેલ. આ બનાવમાં સાહેદનો દિકરો સમશાદ, દિકરી રૂકશાના તથા જરીના આ બનાવમાં મરી ગયેલ છે. અને દિકરી અફસાનાને સળગાવેલ તેથી તે પણ ખૂબજ દાઝી ગયેલ અને તેથી તે ઈજાગ્રસ્ત થયેલ.

આમ આ સાહેદની દિકરી રૂકશાના તથા ઝરીનાને સળગાવીને મારી નાંખવામાં આ આરોપીએ સીધો ભાગ ભજવેલ છે. આ સાહેદે પોતાની બે પુત્રી તથા એક પુત્રને જીવતા સળગતા જોયેલ છે તથા દિકરી અફસાનાને ઈજાગ્રસ્ત હાલતમાં બુમો પાડતા જોયેલ છે. આમ આ સાહેદના ઉપર જણાવેલ કુટુંબીજનો આ હીંચકારા બનાવવામાં મરણ પામેલ છે. આ સાહેદે ના.કોર્ટ રૂબરૂ આ આરોપી નં.૬૧ ના નામે રમીલાને ઓળખી બતાવેલ છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદ નજરે જોનાર સાહેદ છે તની નજરો સમક્ષ તેના ત્રણ બાળકો એ આખરી શ્વાસ લીધેલ છે. સાહેદ પોતે ઈજાગ્રસ્ત છે. આ સાહેદની જુબાની ઉપરથી સ્પષ્ટ પણે જણાઈ આવે છે કે આ કામ ના આરોપીએ તેના ત્રણ સંતાનો ને નજર સમક્ષ સળગાવી નાખેલ છે. આમ આ સાહેદની જુબાની ઉપરથી સદર આરોપી સામે સાહેદ ના ત્રણ સંતાનોનું ખૂન કરવા અંગેનો સીધો પુરાવો મળી આવેલ છે.આમ આ સાહેદને નહીં માનવાનું કોઈ કારણ નથી.

# <u>તોહમતદાર નં.(૬૨) કિરપાલસિંહ જંગબહાદુર સિંહઃ-</u>

## (૧) અમીના અબ્બાસભાઈ બેલીફ, સાહેદ નં. ૫૨, આંક-૪૨૫

- શીટના જવાબમાં નામ છે.

- કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ છે.- આસિસ્ટન્ટ તરીકે નામ આપેલ છે.

-<u>પેજ નં.૫ પેરા નં.૧૦</u>

આ સમયે માણસોના ટોળાની વચ્ચેથી નટરાજ હોટલ તરફથી નુરાની મસ્જીદ તરફ એક સફેદ ગાડી આવેલી. આ સફેદ ગાડી આઈસ ફેક્ટરી કે જે નુરાની મસ્જીદની ડાબી તરફ આવેલી છે ત્યાંથી નુરાની મસ્જીદ તરફ આવેલી. આ સફેદ ગાડી મસ્જીદ પાસે ઉભી રહી ત્યારે તેમાંથી માયાબેન તથા તેમનો આસીસ્ટન્ટ ઉતરેલા.

<u>- પેજ નં.૫-૬ પેરા નં.૧૧</u>

માયાબેન કોડનાની તરીકે ઓળખાય છે તેમણે તે દિવસે સફેદ સાડી પહેરેલી. આ બંને જણાં ગાડીમાંથી ઉતરેલા પછી માયાબેન ટોળાના લોકો સાથે વાત કરતા હતા. માયાબેન મસ્જીદ પાસે ઉભેલા ત્યાં નજીક ટોળાના માણસો આવતા તેઓને હાથના ઈશારાથી મુસ્લિમ વિસ્તાર બતાવતા હતા. માયાબેને ટોળાના માણસોને મારા સાંભળતા મસ્જીદ તથા મુસ્લિમ વિસ્તાર ખતમ કરી નાંખો તેવુ કીધેલું. મેં નોકરીમાં જવા માટે ખાખી કપડા પહેરેલા અને ખાખી સાડી બ્લાઉઝ પહેરેલા તેથી મને કોઈ મુસ્લિમ મહિલા તરીકે ઓળખી શકેલું નહી તેઓ મને પોલીસની વ્યક્તિ સમજતા મારી રૂબરૂમાં બોલેલા.

આ સાહેદે ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલો છે.

આ સાહેદની જુબાનીથી ફલીત થાય છે. આ આરોપીએ ટોળાની આગેવાની લઈ ટોળાને ઉશ્કેરણી કરી અન્ય આરોપીઓ સાથે મળી જઈ ગેરકાયદેસરની મંડળી બનાવી તેની આગેવાની લઈ મુસ્લિમો ઉપર તેમની મિલ્કત, મસ્જીદ ઉપર હુમલો કરવામાં આરોપીએ ભુમિકા ભજવેલાનું ફલીત થાય છે.

## (૨) મો.શફી અલ્લાબક્ષ મનસુરી, સાહેદ નં. ૧૫૭, આંક-૧૧૦૮

- તા.૨.૬.૦૮ ના સીટના નિવેદનમા સાહેદે ટોળામાં નજરોનજર જોયેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં નામ આપી ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં. ૩ પેરા નં.૭</u>

બહાર આવી મેં જોતા નુરાની મસ્જીદ પાસે મોટુ ટોળુ હતું. બીજુ એક ટોળુ કૃષ્ણનગર તરફથી પણ આવતુ હતુ. જયારે એક ટોળુ નટરાજ હોટલ તરફથી પણ આવતું હતુ. મે

નટરાજ તરફનું તથા કૃષ્ણનગર તરફનું ટોળુ જોયેલું. નુરાની મસ્જીદમાં ટોળા દ્વારા પથ્થરમારો ચાલુ હતો તથા તેઓ ત્યાં તોડફોડ કરી રહેલા હતા. હું જણાવું છુ તે નુરાની મસ્જીદવાળું ટોળું એસ.ટી.વર્કશોપ સુધી માણસો છુટાછવાયા ગ્રુપમાં ઉભેલા તે રીતનું હતું. નટરાજ અને કૃષ્ણનગરવાળા ટોળામાં મેં જોતા તે ટોળાના માણસોના હાથમાં હથિયારો હતા. ટોળા પાસે જે હથીયારો હતા તેમાં તલવાર, ધારિયા, સળીયા, પાઈપ વગેરે હતા. આ ટોળાના કોઈક કોઈક માણસોના કપાળમાં તથા ગળામાં લાલ તથા કેસરી પટ્ટીઓ બાંધેલી હતી.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

આ ટોળામાં બિપીન ઓટોવાળા હતા. પોલીસ હતી તેની પાછળ કિરપાલસીંગ હતા કે જે નુરાની મસ્જીદની સામે આવેલ વર્કશોપના ઝાંપા પાસેના ટોળામાં હતા. આ ટોળામાં નુરાની મસ્જીદ તરફના ટોળામાં ગુડ્ડુ છારો તથા સુરેશ લંગડો પણ હતા. નુરાની મસ્જીદ પાસે તોડફોડ ચાલુ હતી તે દરમ્યાન મુસ્લીમ લોકો ચેતનદાસની ચાલી જે નુરાની મસ્જીદના સામેના ભાગમાં આવેલી છે. ત્યાં એકત્રીત થવા લાગેલા.

<u>- પેજ નં.૮ પેરા નં.૧૫</u>

આ વખતે થોડીવાર પછી ઉદય ગેસ એજન્સી તરફતી એક ટોળું આવેલું જે ટોળાના માણસો હથીયારધારી હતા. આ ટોળામાં પણ બિપીન ઓટોવાળો, ગુડ્ડુ છારા તથા કિરપાલસીંગ તથા સુરેશ છારાનાઓ હતા. આ વ્યક્તિઓમાંથી કેટલીક વ્યક્તિઓ એસ.આર.પી. કોટ પાસે ટીનીયા મરાઠીનું ધાબાવાળું ઘર આવેલું છે તેના ધાબા પર ચઢી ગયેલા અને અમે લોકો જેમાં સ્ત્રી, પુરૂષો બાળકો તમામ હતા તેમના પર ધાબા પરથી પથ્થરમારો કરવા લાગેલા.

મને એમ લાગેલ કે, જો અમને ત્યાંજ બેઠા રહેવા દીધા હોત તો બનેલ બનાવો કદાચ ન બનત. પરંતુ, એસ.આર.પી. વાળાઓ સાથે મળી જઈ ટોળાના માણસોનો પ્લાન એવો હતો કે, ગમે તેમ કરીને અમો તમામના પાછળના ભાગે ખુલ્લુ ખેતર કે જે ગંગોત્રી તથા ગોપીનાથ સોસાયટીની પાછળ આવેલું છે ત્યાં મોકલી આપવા અને અમારા પરનો પથ્થરમારો અમોને ખુલ્લી જગ્યામાં ભગાડવા માટે કરવામાં આવેલો.

આ સાહેદે તા.૨-૬-૦૮ના શીટ રૂબરૂના જવાબમાં આ આરોપીને ટોળામાં નજરો નજર જોયેલા તે રીતે જણાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આ આરોપીનું નામ આપી ઓળખી બતાવેલ છે જેને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની કોર્ટ રૂબરૂની જુબાનીમાં સ્પષ્ટ ફલીત થાય છે કે સાહેદ બનાવના દિવસે સવારે નવ સાડા નવના સુમારે હાલ પોલીસ ચોકી છે ત્યાં આવીને જોયેલ તો

નુરાની મસ્જીદ પાસે ટોળુ હતુ અને કૃષ્ણનગર તથા નટરાજ તરફથી ટોળુ આવતું હતુ. આ ટોળાના હાથમાં તલવાર, ધારીયા, પાઈપ, સળીયા જેવા હથીયારો હતા. આ ટોળામાં  આરોપી અન્ય આરોપી સાથે હાજર હતા અને નુરાની મસ્જીદ પાસે તોડ ફોડ કરતા હતા અને મુસ્લીમો પર પથ્થર મારો કરતા હતા ત્યારે પોલીસે પણ તેમની સાથે રહી મુસ્લીમો પર ફાયરીંગ કરેલ આ સમયે નરોડા પો.સ્ટે. ના બંન્ને પી.આઈ. પણ હાજર હતા તે ફાયરીંગમાં આબીદ, ખાલીદ, પીરૂ તથા કલાડીયા ને ગોળી થી ઈજા થયેલ. આથી આ સાહેદ ડરી જતા સાંજના ચાર સાડા ચાર સુધી ગલીઓમાં લપાતા છુપાતા ફરતા હતા અને થાકીને એસ.આર.પી.ના કોટ પાસે બેસી ગયેલા ત્યારે ઉદય ગેસ એજન્સી તરફથી એક ટોળુ આવેલ જે હથીયાર સહીત આવેલ તે ટોળામાં અન્ય આરોપીઓ સાથે આ આરોપી પણ હાજર હતા આમ આ કામના આરોપીએ અન્ય આરોપી સાથે મળી જઈ ગેરકાયદેસર મંડલી રચી ગુનાહીત કાવતરા કરવાના સમાન ઉદ્દેશને પાર પાડવાના આશયથી બનાવના દિવસે બનાવના જુદા જુદા સ્થળે અન્ય આરોપીઓ સાથે હાજર રહી ગુનાહીત કૃત્ય કરવામાં સક્રીય ભાગ ભજવેલ છે. તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

આ સાહેદની જુબાનીના ના.કોર્ટમાં થઈ ત્યારે આ આરોપી ગેરહાજર હતા અને તેમના વકીલ મારફતે તેઓની હાજરી મુક્તિની અરજી ઓળખની તકરાર નથી તેવુ જણાવી ને આપેલ જે ના.કોર્ટ મંજુર કરેલ જે અરજીને આંક : ૧૧૦૭ આપવામાં આવેલ છે.

આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે કે બનાવના દિવસે આ સાહેદ બનાવના સ્થળે હાજર હતા અને કૃષ્ણનગર તથા નટરાજ તરફથી ટોળુ આવેલ તેમણે નુરાની મસ્જીદ તથા આસપાસ તોડફોડ કરેલ. આ ટોળાના માણસો ઘાતક હથીયારો સાથે હાજર હતા અને કપાળે કેસરી પટ્ટી બાંધેલી હતી આ ટોળામાં અન્ય આરોપી સાથે આ આરોપી હાજર હતા ત્યારબાદ ઉદય ગેસ એજન્સી તરફથી હિન્દુઓનું ટોળુ આવેલ તે હથીયાર ધારી હતુ આ ટોળામાં પાછા આ આરોપી હાજર હતા આ લોકો અમો સાહેદ તથા અન્ય મુસ્લીમોને પાછળ ખેતરમાં મોકલી ત્યાં જાનથી મારી નાંખવાનો પ્લાન હતો આમ આ આરોપીએ જુદા જુદા સ્થળોએ અન્ય આરોપીઓ સાથે મળી જઈ ગેરકાયદેસર મંડળી રચી તેના સભ્ય બની અન્ય આરોપીઓને હુમલો કરવા ઉશ્કેરીને મુસ્લીમો ઉપર હિચકારો હુમલો કરવામાં સક્રીય ભાગ ભજવેલ છે.

તેવુ સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## (૨) સીદીકભાઈ અલાબક્ષ મનસુરી સાહેદ નં. ૨૩૬, આંક-૧૬૬૨

- તા. ૨૬.૫.૦૮ ના સીટના જવાબમાં ટોળાની આગેવાની લઈ, ઉશ્કેરણી કરી સવારે ૧૧.૩૦ વાગે ટોળાને હથીયાર આપ્યા, મસ્જીદ તોડી નાંખવા ઉશ્કેરણી કરેલ છે.

- નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં માયાબેન કોડનાની સાથેના આગેવાનો તરીકે ઓળખી બતાવેલ છે.

<u>- પેજ નં.૩ પેરા નં.૬</u>

હું મારા ઘરે હતો તે દરમ્યાન મને જાણવા મળેલું કે, ત્યારે બહાર રોડ પર બહુ પબ્લીક ભેગી થયેલી છે. આ વખતે સવારના આશરે સાડા આઠથી નવ વાગ્યાનો સમય થયેલો. આવુ જાણતાં હું મારા ઘરેથી નીકળી નટરાજ હોટલ પાસે ગયેલો. ત્યાં પાચ થી દસ હજાર માણસોનું ટોળું હતું. હું ત્યાં હાજર હતો તે દરમ્યાન મારૂતિ ફ્રન્ટીકારમાં માયાબેન ત્યાં આવેલા, તેમની સાથે તેમની કારમાં તેમનો પી.એ. આસીસ્ટન્ટ હાજર હતો. તેઓ બંને હું ઉભો હતો ત્યાં કારમાંથી સાથે ઉતરેલા. જે મે જોયેલું.

<u>- પેજ નં.૩ પેરા નં.૭</u>

તેમને જોઈને ત્યાં ઉભેલા ટોળાના માણસોએ જયશ્રી રામનો નારો લગાવેલો. અહીંયા માયાબેન લોકોને ઉશ્કેરણીનજક ભાષણ કરતા કહેલું કે, હું ગોધરા જઈને કારસેવકોની લાશો જોઈ આવી છું. અને તમે લોકો રામભક્તો અહીંના મિંયાઓને મારી નાંખો, કાપી નાંખો જેવી રીતે બાબરી મસ્જીદ તોડી છે તેવી રીતે અહીંની મસ્જીદ તોડી નાંખો તમારી સાથે હું છું અને નરેન્દ્ર મોદી છે. તેમને કોઈ તકલીફ નહીં પડે, આટલું બોલીને તેણી જતાં રહેલા.

<u>- પેજ નં.૪ પેરા નં.૮</u>

તેમના ગયા પછી પબ્લીક ઉશ્કેરાટમાં આવી ગયેલી અને અમારા વિસ્તાર તરફ તથા નુરાની મસ્જીદ તરફ પબ્લીક આવી ગયેલી. તેમની સાથે પોલીસ પણ હતી. તેથી મારા વિસ્તાર નુરાની મસ્જીદ તરફ પાછો જતો રહેલો. ટોળાના માણસો આ સમયે અમારા વિસ્તાર તરફ આવતા હતા. તે જોઈને હું ભાગી ગયેલો. આ વખતે નુરાની મસ્જીદ પાસે આવેલ ટોલાએ અમો મુસ્લીમો પર પથ્થરમારો કરેલો અને પોલીસે અમારા ઉપર ટિયરગેસના શેલો છોડેલા તથા ફાયરીંગ કરેલું.

<u>- પેજ નં.૪,૫ પેરા નં. ૧૦</u>

આ સમયે સવારે આશરે અગીયાર વાગ્યાની આસપાસ એસ.ટી.વર્કશોના ઝાંપે માયાબેન કોડનાની સફેદ કલરની મારૂતિ ફ્રન્ટી કાર અને તેની પાછળ ટેકસ જીપ હતી એ બંને લઈ આવી કૃષ્ણનગર તરફથી એસ.ટી. વર્કશોપ પાસે ઉભી રાખેલી જે એસ.ટી.વર્કશોપુપના ઝાંપા તરફ મોઢુ રાખીને ઉભેલી. આ મારૂતિ ગાડીમાંથી માયાબેન ઉતરેલા. ઉતરયા પછી તેણીએ આ ટોળાને ઈશારો કરી એસ.ટી.વર્કશોપના ઝાંપે બોલાવેલું. આ વખતે જે સાતેક આગેવાન માણસો આવેલા તેમાં માયાબેનનો પી.એ પણ હતો. માયાબેને તે લોકો સાથે કાંઈ વાતચીત, ચર્ચ જેવુ કરેલું. પછી તેમના પી.એ ને ઈશારો કરી સુચના આપેલી.

<u>- પેજ નં.૫ પેરા નં.૧૧</u>

આ સમયે માયાબેનના પી.એ.એ ટ્રેક્સ જીપમાંથી હથિયારો બહાર કાઢેલા. હથીયારોમાં તલવાર, ભાલા, ત્રિશુલ, રિવોલ્વોર જેવું દુરથી દેખાતુ હતું તે પણ હતું. માયાબેનની સુચનાથી માયાબેનના પી.એ.એ આ તમામ ટોળાના આગેવાનોને આપેલ. તે પછી માયાબેનની ગાડી તથા પેલી જીપ કૃષ્ણનગર તરફ જવા લાગેલી ત્યાં જતા ઉદય ગેસ સર્વિસની ગલીમાં ગાડીઓ વળી ગયેલી. માયાબેનના ગયા પછી પેલા ટોળાના માણસો કે જેમાં, તેમનો પી.એ. પણ હતો. તેઓએ નુરાની મસ્જીદમાં ટોળાના માણસોએ ગેસના બાટલા નાંખી તોડફોડ કરેલી અને કેરોસીનનું આખુ ટેન્કર નુરાની મસ્જીદ ની અંદર ઘુસાડી દીધેલું.

<u>- પેજ નં.૬ પેરા નં.૧૨</u>

ત્યારપછી નુરાની મસ્જીદની આસપાસ આવેલી દુકાનો ટોળાના માણસોએ સળગાવેલી. તે પછી તે આખુ ટોળુ હુસેનનગર, જવાનનગર જવાના રસ્તે અંદરના ભાગે ઘુસી ગયેલું. આ ટોળાએ જવાનનગર, હુસેનનગર વગેરેમાં મકાનો બાળી દીધેલા અને સ્ત્રી, પુરૂશ અને બાળકોને જીવતા સળગાવેલા જે હકીકત મેં જોયેલી યાને કે ટોળા જવાનનગર, હુસેનનગરમાં ધુસી ગયેલા ત્યાં સુધીની હકીકતો મેં જોયેલી છે.

આ સાહેદે તા.૨૬-૫-૦૮ના શીટ રૂબરૂના નિવેદનમાં માયાબેન કોડનાની (તો.દાર નં.૩૭) ના સાગરીત તરીકે આ આરોપીનું નામ આપેલ છે. અને તેમની સાથે ઉશ્કેરણી કરતા ટોળામાં આ આરોપી હાજર હતા અને નામદાર કોર્ટ રૂબરૂની જુબાનીમાં માયાબેન કોડનાની (તો.દાર નં.૩૭) ના પી.એ. આસીસ્ટન્ટ તરીકે નામ આપેલ છે અને ના.કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે અને ના.કોર્ટ રૂબરૂની જુબાનીમાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો આપેલ છે.

આ સાહેદની જુબાની પરથી ફલીત થાય છે કે બનાવના દિવસે સવારના નવ વાગ્યાના સુમારે નટરાજ હોટલ તરફથી ટોળુ આવે ત્યારે માયાબેન (તો.દાર નં.૩૭) ત્યાં આવેલા તેમની સાથે કારમાં આ આરોપી હાજર હતા અને કારમાંથી ઉતરેલા તે

સાહેદે જોયેલ ટોળાના માણસોને માયાબેને ઉશ્કેરણી જનક ભાષણ કરેલ. મુસ્લીમોને મારી નાંખો કાપી નાંખો તેમ ઉશ્કેરતા હતા. આ તમામ સમય દરમ્યાન આ આરોપી તેમની સાથે હાજર હતા. એસ.ટી. વર્કશોપ પાસેના ઝાંપા પાસે સવારના અગીયાર વાગ્યાના સુમારે માયાબેન મારૂતી લઈને આવ્યા તેમની સાથે આ આરોપી હાજર હતા અને આ આરોપીએ ટ્રેક્સ જીપમાંથી તલવાર ભાલા, ત્રીશુલ જેવા હથીયારો કાઢીને ટોળાના આગેવાનોને આપેલ. ત્યારબાદ આ આરોપી ટોળાની સાથે મળીને નુરાની મસ્જીદમાં ગેસના બાટલા નાંખો તોડફોડ કરી કેરોસીન ભરેલ ટેન્કર મસ્જીદમાં ઘુસાડી દીધેલ અને તેમ કરવામાં સક્રીય ભુમીકા આ આરોપીએ અન્ય આરોપી સાથે મળી જઈ ભજવેલ છે. જે નકારી શકાય તેમ નથી.

ત્યારબાદ આ આરોપીએ અન્ય આરોપી સાથે મળી નુરાની મસ્જીદની આસપાસની દુકાનો સળગાવેલ તથા એસ.ટી.વર્કશોપ સામેની મુસ્લીમ ચાલીઓમાં મકાનો તોડફોડ કરી બાળી મુકવા વાળા ટોળામાં પણ આ આરોપી હાજર હતા. આમ આ આરોપી એ અન્ય આરોપીઓ સાથે મળી જઈ તેમનું રાજકીય પીઠબળ તેમને પુરૂ પાડી, ગુનાહીત કૃત્યો કરવામાં સક્રિય ભાગ ભજવેલ હોય તેનું સ્પષ્ટ ફલીત થાય છે. આમ આ સાહેદની જુબાની નહી માનવાને કોઈ કારણ નથી.

## મેડીકલ એવીડન્સ

આ કામે મેડીકલ પુરાવો લેવામાં આવેલ છે.જેમાં મેડીકલ ઓફીસરોની નામદાર કોર્ટ રૂબરૂની જુબાની દ્વારા તેઓએ કરેલ પોસ્ટમોર્ટમ નોટ નીચે જણાવ્યા મુજબના આંક થી સાબીત થયેલ છે.

આ કામમાં મરણોતર ફોર્મ અને મરણ ના કારણો જવાબના સર્ટીફીકેટ પણ રજુ કરવામાં આવેલ છે. તેમજ ઘણી લાશોના ઈન્કવેસ્ટ પંચનામાઓ પણ નામદાર કોર્ટ માં રજુ થયેલા છે. મરણ જનાર ઈસમોના લાશ ઉપરથી કબજે લીધેલ વસ્તુઓ બાબતના પંચનામા પણ આ કામે રજુ થયેલ છે.

આમ આ સમગ્ર મેડીકલ પુરાવાથી ફરીયાદ પક્ષે સ્પષ્ટ પણે સાબીત કરેલ છે કે આ તમામ માનવ ઈસમોનું મૃત્યુ અકુદરતી કારણોસર થયેલ છે. અને તે રીતે ઈ.પી.કો કલમ ૩૦૨ ને લગતો મહત્વનો પુરાવો સાબીત થયેલ છે.

આ કામે ગુજરનાર વ્યકિતઓના મેડીકલ પુરાવા અને પી.એમ.નોટ ના.કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે તેમજ દફનવિધિની પહોંચો પણ ના.કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે. તેમજ ગુમ થયેલી ઈસમોની યાદી પણ નીચે જણાવ્યા મુજબ છે.

આ કામમાં ના.કોર્ટને જણાવવાનું કે એવા પણ મહત્વના ચુકાદાઓ છે કે જેમાં સ્પષ્ટ ઉલ્લેખ થયેલ છે કે નજરે જોનારે સાહેદો અને મેડીકલ પુરાવો એકબીજા સાથે ટકરાતા હોય ત્યારે મેડીકલ પુરાવાના બદલે નજરે જોનાર સાહેદોનો પુરાવો વધુ મહત્વનો અને માન્ય ગણાશે.

**મેડીકલ એવીડન્સ**

**સદર કામે ગુજરનાર અંગેની મેડીકલ પુરાવા અને પી.એમ. ની યાદી નીચે મુજબ છે.**

| અનુ. નં | પી.એમ ને આંક | ગુજરનાર ઈસમનુ નામ | ઉંમર | મોતનું કારણ | પી.એમ કરનાર ડોકટર | ડોકટર ની જુબાની ને આંક |
|---|---|---|---|---|---|---|
| | ૩૪૮ | હાજરાબાનુ ઉર્ફે જાડી ખાલા અબ્દુલ રહીમ સૈયદ | | માથા માં થયેલ ઈજા ની શોક થી મરણ | ૪૩ | ૩૩૨ |
| ૨ | ૩૮૯ | શરીફ ઈકબાલભાઈ શેખ (PW -37 નો ભત્રીજો) | | પુરુ શરીર બળી જવા થી મરણ | ૪૬ | ૩૮૮ |
| ૩ | ૩૯૩ | આબીદઅલી હામીદઅલી પઠાણ | | અતિશય દાઝી જવાના કારણે | ૪૭ | ૩૯૨ |
| ૪ | ૪૦૦ | અજાણ્યા પુરુષની લાશ | | બળી જવા થી થયેલ આઘાત ના કારણે મૃત્યુ | ૪૮ | ૩૯૯ |
| ૫ | ૪૦૪ | હસનઅલી મોહબેઅલી મીર્ઝા | | બળી જવા થી થયેલ આઘાત ના કારણે મૃત્યુ | ૪૯ | ૪૦૩ |
| ૬ | ૪૧૧ | મોહંમદ આશીફ સબ્બીરભાઈ | | લોહીમાં ઝેરી તત્વો નો પ્રવેશ, લોહીમાં બગાડ થવાથી | ૫૦ | ૪૧૦ |
| ૭ | ૪૨૧ | હમીદ રજા મોહંમદ મારૂફ | | અતિશય બળી જવાના કારણે | ૫૧ | ૪૨૦ |
| ૮ | ૫૭૮ | સોફીયાબાનુ મહેમુદભાઈ શેખ | ૧૯ | વધુ પડતા દાઝી જવાથી લાગેલ | ૯૫ | ૫૭૭ |
| ૯ | ૫૭૯ | આબેદાબીબી સરમુદ્દીન શેખ | ૪૦ | અતિશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૯૫ | ૫૭૭ |
| ૧૦ | ૫૮૨ | રેશ્મા સલામભાઈ કુરેશી | ૩૦ | દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૯૬ | ૫૮૧ |
| ૧૧ | ૫૮૩ | સઈદાબાનું ઈબ્રાહીમ શેખ | ૨૩ | દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૯૬ | ૫૮૧ |
| ૧૨ | ૫૮૪ | જુબેદાબાનું શબ્બીર અહેમદ શેખ | ૨૨ | દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૯૬ | ૫૮૧ |
| ૧૩ | ૫૮૫ | ઝરીનાબાનું બુન્દભાઈ કુરેશી | ૩૫ | ઝીક્ષ્ણ હથીયાર થી થયેલ ઈજા ના કારણે | ૯૬ | ૫૮૧ |
| ૧૪ | ૫૯૭ | સમીર સલામભાઈ કુરેશી | ૧૦ | દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૯૭ | ૫૯૬ |
| ૧૫ | ૬૦૧ | સીદીક સલામભાઈ શેખ | ૨૫ | દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૯૮ | ૬૦૦ |
| ૧૬ | ૬૦૨ | મેહરાજ સલામભાઈ શેખ | ૭ | દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૯૮ | ૬૦૦ |
| ૧૭ | ૬૦૩ | આશીફ સરમુદ્દીન શેખ | ૧૨ | દાઝી જવાથી | ૯૮ | ૬૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | લાગેલ આઘાતના કારણે | | |
| ૧૮ | ૬૦૪ | શબનમબાનું મો.ખુરશીદ શેખ | | દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૯૮ | ૬૦૦ |
| ૧૯ | ૬૦૫ | અજાણ્યા પુરુષની લાશ | ૩૫ | દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૯૮ | ૬૦૦ |
| ૨૦ | ૬૧૭ | અ.વહાબ અ.કરીમ શેખ | ૨૦ | આઘાત લાગવાથી તથા અતીશ્ય દાઝી જવાના કારણે | ૯૯ | ૬૧૬ |
| ૨૧ | ૬૧૮ | અબ્દુલ્લા અ.ગની શેખ | ૩૨ | અતીશ્ય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૯૯ | ૬૧૬ |
| ૨૨ | ૬૧૯ | નસીમબાનું બુન્દુભાઈ કુરેશી | ૧૨ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૯૯ | ૬૧૬ |
| ૨૩ | ૬૨૩ | ખ્વાજાહુસેન અ.મજીદ શેખ | ૭ | અતીશ્ય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૦૦ | ૬૨૨ |
| ૨૪ | ૬૨૬ | શબ્બીર એહમદ ખુરશીદ એહમદ શેખ | | | ૧૦૦ | ૬૨૨ |
| ૨૫ | ૬૨૪ | મોહંમદ ઐયુબ અલાબક્ષ શેખ | ૩૦ | શરીર પર દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૦૦ | ૬૨૨ |
| ૨૬ | ૬૨૫ | ફરહાના ઐયુબભાઈ કુરેશી | ૩૫ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૦૦ | ૬૨૨ |
| ૨૭ | ૬૩૩ | ખેરુન્નીસા મો.મારૂફ અ.રઉફ | ૧૫ | માથામાં થયેલ ઈજા ના કારણે આઘાત થી | ૧૦૧ | ૬૩૨ |
| ૨૮ | ૬૩૪ | બીલ્કીશબાનું મો.મારુફ અ.રઉફ | ૩૨ | માથામાં થયેલ ઈજા ના આઘાતના કારણે | ૧૦૧ | ૬૩૨ |
| ૨૯ | ૬૩૮ | સલામભાઈ અબ્દુલ્લા કુરેશી | ૩૦ | માથામાં થયેલ ઈજા ના આઘાતના કારણે | ૧૦૨ | ૬૩૭ |
| ૩૦ | ૬૩૯ | શાહજહાં સરમોદીન શેખ | ૨૫ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૦૨ | ૬૩૭ |
| ૩૧ | ૬૪૨ | સોહેલ એહમદ ઐયુબભાઈ | ૫ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૦૨ | ૬૩૭ |
| ૩૨ | ૬૪૩ | ઝરીનાબાનું રહેમાનભાઈ સૈયદ | ૧૨ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૦૨ | ૬૩૭ |
| ૩૩ | ૬૫૭ | કોશરબાનું ખાલીદ નુરમહંમદ શેખ | ૨૫ | આખા શરીરે અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૦૩ | ૬૫૬ |
| ૩૪ | ૬૫૮ | હુસેન મોહંમદ મશાક કુરેશી | ૨૦ | આખા શરીરે | ૧૦૩ | ૬૫૬ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | | |
| ૩૫ | ૬૫૯ | ગોસીયાબાનું મો.હારુન શેખ | ૨૫ | આખા શરીરે અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૦૩ | ૬૫૬ |
| ૩૬ | ૭૬૦ | શકીના બાબુભાઈ ભટ્ટી | ૨૨ | દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૧૮ | ૭૫૯ |
| ૩૭ | ૭૬૨ | શકીના મહેબુબભાઈ | ૧૨ | દાઝી જવાથી તથા તેનાથી થયેલ કોમ્પલીકેશનના કારણે | ૧૧૯ | ૭૬૧ |
| ૩૮ | ૭૬૩ | મેહબુબ ખુરશીદભાઈ શેખ | ૩૦ | દાઝી જવાથી તથા તેનાથી થયેલ કોમ્પલીકેશનના કારણે | ૧૧૯ | ૭૬૧ |
| ૩૯ | ૭૭૪ | હનીફાખાતુન અબ્દુલ વહાબ શેખ | ૪૫ | આખા શરીરે અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૦ | ૭૭૩ |
| ૪૦ | ૭૭૫ | અકરમ મો.હારુન શેખ | ૨ | આખા શરીરે અતીશ્ય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૦ | ૭૭૩ |
| ૪૧ | ૭૭૬ | ફાતમાબીબી ગનીભાઈ શેખ | | આખા શરીરે અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૦ | ૭૭૩ |
| ૪૨ | ૭૭૭ | શમીનાબાનું શબ્બીર એહમદ શેખ | ૭ | આખા શરીરે અતીશ્ય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૦ | ૭૭૩ |
| ૪૩ | ૭૭૯ | સુપ્રિયા અબ્દુલ મજીદ શેખ | ૩૫ | લોહીમાં ઝેરી તત્વો નો પ્રવેશ, લોહીમાં બગાડ થવાથી | ૧૨૧ | ૭૭૮ |
| ૪૪ | ૭૮૨ | સલીમાબાનું સરદાર સૈયદ | ૩૫ | દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૨ | ૭૮૧ |
| ૪૫ | ૭૮૭ | મો.યુનુસ મો.રજાક અન્સારી | ૩૦ | માથામાં થયેલ ઈજાથી થયેલ હેમરેજ ના કારણે | ૧૨૩ | ૭૮૬ |
| ૪૬ | ૭૮૮ | નુરજહાં મોહમદ હુસેન શેખ | ૨૫ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૩ | ૭૮૬ |
| ૪૭ | ૭૮૯ | મોહસીન મેબલા હુસેન શેખ | ૭ | આખા શરીરે અતીશ્ય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૩ | ૭૮૬ |
| ૪૮ | ૭૯૫ | ઈસ્માઈલભાઈ સરમુદીન | ૪૦ | શરીરે દાઝી | ૧૨૪ | ૭૯૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | શેખ | | જવાથી લાગેલ આઘાતના કારણે | | |
| ૪૯ | ૭૯૬ | નુરજહાં કબીરઅલી શેખ | ૩૦ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૪ | ૭૯૪ |
| ૫૦ | ૭૯૭ | સરમુદીન મો.મુનવર શેખ | ૩૦ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૪ | ૭૯૪ |
| ૫૧ | ૭૯૯ | મો.હુસેન અ.કાદર કુરેશી | ૨૨ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૫ | ૭૯૮ |
| ૫૨ | ૮૦૦ | ઈરફાન ઈનાયત સૈયદ | ૮ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૫ | ૭૯૮ |
| ૫૩ | ૮૦૧ | સલમાન ઈનાયત સૈયદ | ૫ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૫ | ૭૯૮ |
| ૫૪ | ૮૦૪ | અજાણ્યા પુરુષની લાશ | ૧૪ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાતના કારણે | ૧૨૬ | ૮૦૨ |
| ૫૫ | ૮૦૭ | મહેબુબ અબ્દુલ મજીદ શેખ | ૨૨ | દાઝી જવાથી થયેલ આઘાત ના કારણે | ૧૨૬ | ૮૦૨ |
| ૫૬ | ૮૧૩ | રઝાક બાબુભાઈ ભટ્ટી | ૧૩ | દાઝી જવાથી થયેલ કોમ્પલીકેશન ના આઘાત ના કારણે | ૧૨૭ | ૮૧૨ |
| ૫૭ | ૮૧૫ | સુબ્હાન જૈનુલ આબેદીન શેખ | ૧ | દાઝી જવાના આઘાત ના કારણે મૃત્યુ | ૧૨૮ | ૮૧૪ |
| ૫૮ | ૮૧૬ | અબ્દુલ કદીર અબ્દુલ રશીદ શેખ | ૪૦ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૧૨૮ | ૮૧૪ |
| ૫૯ | ૮૧૮ | કુદરતબીબી ખુરશીદભાઈ | ૪૫ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૧૨૮ | ૮૧૪ |
| ૬૦ | ૮૧૯ | સરમુદીન ખાલીદ નુરમહંમદ શેખ | ૨૫ | લોહીમાં ઝેરી તત્વો નો પ્રવેશ, લોહીમાં બગાડ થવાથી | ૧૨૮ | ૮૧૪ |
| ૬૧ | ૮૨૧ | સુફીયાબેગમ અબ્દુલ અહદ | ૨૫ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૧૨૯ | ૮૨૦ |
| ૬૨ | ૮૨૨ | મહંમદ શાહરુખ જાકીરહુસેન શેખ | ૫ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૧૨૯ | ૮૨૦ |
| ૬૩ | ૮૨૫ | ફિરોજ એહમદ ઐયુબ શેખ | | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૧૨૯ | ૮૨૦ |
| ૬૪ | ૮૬૨ | મુસ્કાન જૈનુલ આબેદીન શેખ | ૫ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૧૩૨ | ૮૬૧ |
| ૬૫ | ૮૬૩ | શાહીનબાનું અબ્દુલ મજીદ શેખ | ૪ | અતીશય દાઝી જવાથી લાગેલ | ૧૩૨ | ૮૬૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | આઘાત ને કારણે | | |
| ૬૬ | ૮૬૬ | લાલબીબી અબ્દુલ મજીદ શેખ | ૩૫ | માથામાં અને પેટમાં થયેલ ઈજાના કારણે | ૧૩૨ | ૮૬૧ |
| ૬૭ | ૧૯૪૨ | આદમઅલી મોહંમદભાઈ શેખ | ૪૦ થી ૫૦ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૬૮ | ૧૯૪૩ | ગુલનાઝબાનુ ઐયુબમીયા મલેક | ૧૦ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૧૨૨ | ૭૮૧ |
| ૬૯ | ૧૯૪૫ | વસીમ અબ્દુલ અજીજભાઈ શેખ | ૧૦ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૭૦ | ૧૯૪૬ | સલીમ અબ્દુલ અજીજ શેખ | ૫ થી ૭ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૭૧ | ૧૯૪૭ | નિલોફરબાનું ઈબ્રાહીમભાઈ મનસુરી | ૫ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૭૨ | ૧૯૪૯ | ઈમરાન સલીમભાઈ | ૧૦ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૭૨ | ૧૯૫૧ | નદીમ શબ્બીરભાઈ શેખ | ૧૦ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૭૪ | ૧૯૫૨ | મૈયુદ્દીન હસનભાઈ સૈયદ | ૧૮ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૭૫ | ૧૯૫૩ | શમશાદ રહેમાનભાઈ સૈયદ | ૧૦ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૭૬ | ૧૯૫૪ | રુકસાના રહેમાનભાઈ સૈયદ | ૧૦ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૭૭ | ૧૯૬૧ | રફીક સરમુદીન શેખ | ૨ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૭૮ | ૧૯૬૨ | નુરજહાં ઈસ્માઈલભાઈ | ૪૦ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૭૯ | ૧૯૬૩ | સાલીયાબીબી જેનુલઆબેદીન શેખ | ૨૬ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૮૦ | ૧૯૬૪ | મો.હુસેન અ.મજીદ શેખ | ૧૫ | અતીશય દાઝી જવાથી લાગેલ આઘાત ને કારણે | ૨૮૫ | ૧૯૪૧ |
| ૮૧ | ૧૯૬૮ | રામ સુરત બાબુભાઈ શર્મા | | | ૧૦૧ | ૬૩૨ |
| | દફનની પહોંચને આંક | **દફનવિધિની પહોંચના આધારે** | | | | |
| ૮૨ | ૨૩૫૨ | આફરીનબાનું અ.મજીદ શેખ | | | | |

| | | |
|---|---|---|
| ૮૩ | ૨૩૫૩ | ઝારકીશબીબી અ.ગની ઈબ્રાહીમભાઈ |
| ૮૪ | ૨૩૫૪ | આફરીનબાનું મેબલાહુસેન શેખ |
| ૮૫ | ૨૩૫૫ | મહેબુબ બી. મેબલાહુસેન શેખ |
| ૮૬ | ૨૩૫૬ | જૈનબી ખાલીદ નુર મોહંમદ શેખ |
| ૮૭ | ૨૩૫૭ | રાબીયાબીબી રહીમભાઈ શેખ |
| ૮૮ | ૨૩૫૮ | મુમતાજબાનું મોહંમદભાઈ શેખ |
| ૮૯ | ૨૩૫૯ | કલીમુદ્દીન એહમદભાઈ કુરેશી |
| ૯૦ | ૨૩૬૦ | ઈસ્માઈલભાઈ પુજાભાઈ મનસુરી |
| ૯૧ | ૨૩૮૨ | અ.કાદર અ.રશીદ અનોરી |
| ૯૨ | ૨૩૬૧ | રેશ્માબાનું ઈકબાલ એહમદ શેખ |
| ૯૩ | બનાવના દિવસથી ગુમ | બાબુભાઈ અ.રસુલ ભટ્ટી |
| ૯૪ | બનાવના દિવસથી ગુમ | મદીનાબીબી બાબુભાઈ ભટ્ટી |
| ૯૫ | બનાવના દિવસથી ગુમ | મો.શકીલ અ.અલીમ ચૌધરી |

આ કામે બનાવમાં ઈજા પામેલા વ્યકિતઓની નામદાર કોર્ટ રૂબરૂ લઈને તેમને થયેલ ઈજાઓ તથા બનેલ બનાવોની હકીકતો સાબીત કરેલ છે.ઈજા પામનાર વ્યકિતઓના નામ તથા તેમણે કરાવેલ સારવાર ના સર્ટીફીકેટ નામદાર કોર્ટમાં રજુ થયેલ છે.જે નીચેની વિગતે રજુ થયેલ છે.

**ઈજા પામનાર વ્યકિતઓના નામ તથા સર્ટીફીકેટ ને આંક**

| સાહેદ નં. | સાહેદ નામ | સર્ટીફીકેટ ને આંક | ઈજા ની વિગત | ડોકટર સાહેદ ને. |
|---|---|---|---|---|
| ૧૬૫ | પીરમહંમદ અલાબક્ષ | ૧૯૯૦ | ગોળીબારથી ઈજા | ૧૩૪ અને ૨૯૦ |
| ૧૬૭ | મહંમદહુસેન કેયુમભાઈ શેખ | ૧૯૯૧ | ગોળીબાર થી ઈજા | ૨૯૦ |
| ૧૫૪ | એહમદ ઉર્ફે બાદશાહ મહેબુબ હુસેન શેખ | ૨૮૫ | ગોળી નો ઘસરકો તથા જવલંત પદાર્થ નાંખવાથી બળવા થી ઈજા | ૩૯ |
| ૨૫૫ | મહંમદ ખાલીદ સૈયદઅલી સૈયદ | ૧૯૭૯ | ફાયરીંગ થી ઈજા | ૨૮૭ |
| ૨૦૦ | શોકતભાઈ નબીભાઈ મનસુરી | ૩૨૭ | મુઢમાર પથ્થરમારા થી | ૪૨ |
| ૧૦૬ | ફરજાના w\o ઐયુબખાન કાલેખાન પઠાણ (DD) | ૩૬૬ | કેરોસીન નાંખેલ હોઈ દાઝી જવાથી ઈજા | ૪૪ |
| ૧૫૩ | કુલસુમબાનું ઈબ્રાહીમભાઈ | ૮૭૮ | લાકડી થી ઈજા | ૧૩૪ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | (ફ્રેકચર) | |
| ૨૦૫ | ઝરીનાબાનુ નઈમુદીન શેખ | ૫૪૪ | દાઝી જવાથી ઈજા તથા તીક્ષ્ણ હથીયાર થી ઈજા | ૧૩૨ |
| ૧૫૧ | રજીયાબાનું w\o ઐયુબ શેખ | ૨૮૩ | દાઝી જવાથી ઈજા કારણઃ- કેરોસીન ફેકી બળવાથી ઈજા | ૩૯ |
| | સોયેબ મો.ઐયુબ શેખ (૨૦ દિવસ નું બાળક) | ૨૭૯ | દાઝી જવાથી ઈજા કારણઃ- બળવાથી ઈજા | ૩૯ |
| ૧૬૦ | અફસાના રહેમાનભાઈ સૈયદ | ૩૪૨ | દાઝી જવાથી ઈજા કારણઃ- કેરોસીન નાંખી, છાંટી ને બાળેલા ની ઈજા | ૪૩ |
| ૧૬૪ | યાસીન ઊસ્માનભાઈ મનસુરી | ૩૭૪ | દાઝી જવાથી એસીડ તથા કેરોસીન નાખવાથી દાઝી જવા ની ઈજા | ૪૪ |
| ૨૫૧ | સુફીયાબાનુ ઈનાયત સૈયદ (DD)(પતિ ઈનાયત અ.રહેમાન સૈયદ) | ૩૪૬ | દાઝી જવાથી ઈજા કારણઃ- કેરોસીન નાંખી, છાંટી ને બાળેલા ની ઈજા | ૪૩ |
| ૧૬૩ | ઊસ્માનભાઈ વલીભાઈ મન્સુરી (DD) | ૩૭૨ | દાઝી જવાથી ઈજા તથા લાકડી થી માર મારેલા ની ઈજા | ૪૪ |
| ૨૧૪ | સાબેરાબાનુ અ.અજીજ (DD) | ૩૭૦ | દાઝી જવાથી ઈજા કેરોસીન, પેટ્રોલ થી દાઝવાની ઈજા | ૪૪ |
| ૧૬૧ | શાહજહાં કબીર એહમદ | ૩૭૬ | દાઝી જવાથી ઈજા | ૪૪ |
| ૧૫૮ | નઈમુદીન ઈબ્રાહીમ શેખ | ૩૬૨ | દાઝી જવાથી તથા પથ્થરમારા થી માથામાં ઈજા | ૪૪ |
| ૧૫૯ | શબ્બીર એહમદ મુનીર અહેમદ શેખ | ૩૪૪ | કેરોસીન, પેટ્રોલ નાંખી છાંટી બાળેલા ની ઈજા | ૪૩ |
| ૭૬ | અહેમદહુસેન મોહમદ હુસેન (પિતા મોહમદ હુસેન મુનીરભાઈ) | ૨૭૭ | શરીર પર કેમીકલ નાંખી બાળેલ છે. માથામાં પથ્થર ની ઈજા | ૩૯ |
| ૧૫૫ | શહેનાઝ મુનવ્વર શેખ | ૨૮૧ | બળવાથી ઈજા પેટ્રોલ નાંખવાથી | ૩૯ |
| ૨૦૭ | બશીર એહમદ ધોબી | ૩૩૪ | બોથડ પદાર્થની ઈજા દાઝી જવાથી ઈજા | ૪૩ |
| ૬૫ | શબાના અબ્દુલ રહીમ (પતિ અ.રહીમ) | ૩૩૬ | દાઝી જવાથી ઈજા | ૪૩ |
| ૧૯૧ | કમર રઝા મો.મારુફ (પિતા મોં, મારૂફ) | ૩૩૯ | કેરોસીન નાંખી બાળવાથી ઈજા | ૪૩ |
| ૧૯૧ | આયશા મો.મારુફ (આઠ વર્ષે નું બાળક) (પિતા - મોં. મારૂફ) | ૩૪૦ | કેરોસીન નાંખી બાળવાથી ઈજા | ૪૩ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦૬ | જેતુનબીબી અસ્લમીયાં | ૩૬૪ | લાકડીથી માર મારવાથી ઈજા | ૪૪ |
| ૧૦૬ | રેશમા ઐયુબખાન | ૩૬૮ | લાકડીથી માર મારવાથી ઈજા | ૪૪ |
| ૫૭ | બબલુ મેહબુબભાઈ | ૫૦૭ | | ૭૧ |
| ૧૭૧ | મુસ્તાક રઝાક | ૧૯૭૬ | ગોળીવાગવાથી ઈજા | ૨૮૬ |
| ૧૯૧ | મોં.મારુફ રઉફ વલીઉલ્લા પઠાણ | ૧૯૬૫ | આ દર્દી ને જે તપાસેલ તે ડોકટર pw૪૩ ના છે. | ૪૪ (૨૮૫) |
| ૧૮૧ | શાહરુખ શબ્બીર (માતા - અફસરા બેગમ કબીર અલી શેખ) | ૧૯૬૬ | | ૪૪ (૨૮૫) |
| ૧૫૬ | યાસીન અ.મજીદ (પિતા- અ.મજીદ મોં. ઉસ્માન) | ૫૦૪ | | ૭૧ |
| | અ.મજીદ સૈયદ | ૧૯૮૭ | | ૨૮૯ |
| ૧૫૪ | એહમદ બાદશાહ | ૧૦૬૫ | | ૨૮૬ |

આમ આ કામે બનાવ નજરે જોનાર તથા આ બનાવમાં ઈજા પામનાર સાહેદોની જુબાની નામદાર કાર્ટે રૂબરૂ લેવામાં આવેલ જેમાં તેમના પુરાવાથી સ્પષ્ટ પણે સાબીત થયેલ છે કે હાલના આરોપીઓ તથા નાસતા ફરતા આરોપીઓ તથા મરણ ગયેલ આરોપીઓ વગેરે એ ગોધરા મુકામે બનેલ બનાવનો બદલો લેવાના ઈરાદાથી પુર્વે આયોજીત કાવત્રુ ઘડી નરોડા પાટીયા વિસ્તારમાં આવેલ મુસ્લીમ ચાલીઓ તથા ધાર્મિક સ્થળો તર્થોમુસ્લિમોની માલમિલ્કતોને નુકશાન પહોંચાડી, લુંટફાટ કરી, નાશ કરવામાં આવેલ છે.અને તમામ તો.દારોએ ભેગા મળી ગેરકાયદેસર મંડળી રચી આ મંડળી એ જીવલેણ ઘાતક હથીયારો જેવા કે તલવાર, ધારીયા, લોખંડ ની પાઈપ, લાકડી, પથ્થરો, જ્વલન શીલ પદાર્થે કેરોસીન, પેટ્રોલ જેવા પ્રવાહી થી ભરેલા કેરબાઓ તથા રીવોલ્વર જેવા હથીયારો લઈને નરોડા પાટીયા વિસ્તારની મુસ્લીમ ચાલીઓ અને ધાર્મિક સ્થળો પર હુમલો કરેલો અને તેમ કરી નરોડા પાટીયાના અસંખ્ય મુસ્લીમોને શારીરીક ઈજાઓ પહોંચાડેલ તેમજ મોતને ઘાટ ઊતારેલ છે.તે તમામ હકીકતો સાહેદોની જુબાની પરથી સ્પષ્ટ ફલીત થાય છે.જે નહી માનવાને કોઈ કારણ નથી.

## આ સીવાય પ્રોસીક્યુશન તરફથી તો.દારો વિરૂધ્ધ પુરાવામાં

**(૧)ગુનાવાળી જગ્યા,વિવિધ વસ્તુઓની રીકવરીના પંચનામા,**

**(૨)એફ.એસ.એલ રિપોર્ટસ અને ડોકટરી પુરાવા**

**(૩)ગુન્હાવાળી જગ્યાની વિડિયોગ્રાફી અને રજુ થયેલ ફોટોગ્રાફ્સ**

(૪) લાશોના P.M. નોટસ બાબતે પ્રોસીક્યુશન તરફથી રજુ કરવામા આવેલ દલીલો અને દસ્તાવેજી તમામ પુરાવા અને તે અંગેની દલીલોને અમો Adopt કરીએ છીએ.

# ક્રિ.પ્રો.કોડ. કલમ ૩૫૭ મુજબ વળતર

આ કામના તો.દારોએ બનાવના દિવસે ખૂબજ મોટા પ્રમાણમા હુલ્લડ, તોફાન, આગ, લૂંટફાટ,બળાત્કાર તેમજ નાના બાળકોને આગમાં નાંખી જીવતા સળગાવી દીધેલ છે. અને નરોડા પાટીયાની મુસ્લીમ ચાલીઓમાં વસતા મુસ્લિમ પરિવારોને ખૂબજ મોટા પ્રમાણમા જાન-માલનુ નુકશાન પહોંચાડેલ છે આ કામના  તોહમતદારોએ તેમની ઉપર આચરેલ જુલ્મનો તેઓ ભોગ બનેલ છે અને આ ગરીબ લોકોએ પોતાની તમામ મિલ્કત તો.દારોના ગુનાહિત કૃત્યોના કારણે ગુમાવેલ છે. આવા સંજોગોમા ના.કોર્ટ મજકુર તો.દારોને સખત દંડ અન સજા કરે તથા ક્રિમીનલ પ્રો.કોડ કલમ ૩૫૭ પ્રમાણે અસરગ્રસ્તોને પુરતુ વળતર અપાવે તે ન્યાયના હિતમાં છે નરોડા પાટીયા વિસ્તારની મુસ્લીમ ચોલીઓમાંના રહીશોએ ૨૦૦૨ માં તેમના ઉપર મજકુર તો.દારો તરફથી કરવામા આવેલ જુલ્મના કારણે અમૂક કુટુંબો આજદીન સુધી તેઓ ફરી પોતાના ઘરે જઈ રહી શકેલ નથી. કમનસીબે સરકાર તરફથી પણ તેમને ફરી વસાવવા કોઈ પગલા આજદીન સુધી ભરવામા આવેલ નથી. આ સંજોગોમાં આ કામમાં નરોડા પાટિયા વિસ્તારમાં રહેતા મુસ્લીમ ચાલીઓના અસરગ્રસ્ત રહીશોને ક્રિ.પ્રો.કોર્ડની કલમ ૩૫૭ મુજબ યોગ્ય વળતર મળે તે ન્યાયના હિતમાં હોઈ આ કામે અસરગ્રસ્તોને યોગ્ય વળતરમાં અપાવવા ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવા અરજ છે.આ કોમી હુલ્લડમાં જે સાહેદોને ગંભીર પ્રકારનો જાનમાલનો નુકશના થયેલ છે તે બાબતે તે અસરગ્રસ્તોએ ના.કોર્ટ રૂબરૂમાં પોતાની જુબાનીમાં તેમને થયેલ નુકશાનની હકીકતો જણાવેલ છે.

## <u>સાહેદો ને ખોટી રીતે ડીસક્રેડીટ કરવાના પ્રયત્નોઃ-</u>

આ કામમા ના.કોર્ટમાં તો.દારો વિરૂધ્ધ તેમણે આચરેલા ગંભીરગુનાઓ સંખ્યાબંધ સાહેદોએ જુબાની આપેલ છે. તે સાહેદો બનાવ બન્યો તે જ વિસ્તારના રહેવાસીઓ છે ગોજારો બનાવ બન્યો તે નરોડા પાટિયાની ચાલીઓના રહેવાસીઓ છે. તેમના ઉપર હિંચકારો હુમલો કરનાર તે તો.દારો તેમના વિસ્તારનાજ હોવાથી સારી રીતે ઓળખેલ છે સાહેદોએ બનાવ બાદ વહેલામા-વહેલી તકે તેમણે જોયેલ તો.દારોના નામ પોલીસને  આપેલ છે.  સાહેદોએ ના.કોર્ટમા ખૂબજ મહત્વની અને શંકા રહિત વિશ્વાસપડે તેવી જુબાની આપેલ છે, ગુનામાં સામેલ તો.દારોને ના.કોર્ટમા ઓળખી બતાવેલ છે. પરંતુ, બનાવ આઠ વર્ષ ઉપરાંતના સમયે બનેલ હોઈ તેમજ સાહેદો ખૂબજ ગરીબ-અભણ, અને અશકત હોવાના કારણે તેમજ તો.દારોના દેખાવમાં પણ અને તેમના ચેહરા ઉપર સમયના વહેણની અસર થયેલ હોઈ કેટલાક સાહેદોએ તો.દારોને ઓળખી શકવામા મૂશ્કેલી અનૂભવેલ છે.

આવા સંજોગોમા સાહેદોને તેમની નાતના કોઈ આગેવાનોએ ચઢવણી કરેલાના સુજાવ કે તેમને મદદરૂપ થનાર અને કાનૂની સહાય આપી ન્યાય મેળવવામા મદદરૂપ સંસ્થાઓને વગોવી સાહેદોની બનાવ અંગેની ખૂબજ સરળ અને કુદરતી જુબાનીને ન માનવા અને તેમની જુબાની ઉપર ખોટા શંકાના વાદળો ઉભા કરવા બચાવપક્ષ તરફથી પ્રયત્નો કરવામા આવેલ છે. આવા પ્રયત્નો અને તેમની સામેના આક્ષેપો ખૂબજ બાલીસ ગેરકાયદેસરના અને બનાવના દિવસે  સાહેદોએ જાતે જોયેલ બનાવ તેમના પોલીસ સમક્ષના એ બાબતના જવાબ અને ના.કોર્ટ સમક્ષની તેમની જુબાનીનુ મૂલ્યાંકન કરવામાં કોઈ રીતે મહત્વના નથી.

અસરગ્રસ્તોને તેમની સામે થયેલ અત્યાચાર બાબતે પૂરતો ન્યાય મળી શકશે કે કેમ તે બાબત જ શંકાના ઘેરાવામાં હતી. અને અસરગ્રસ્તોને તપાસ કરનાર એજન્સી અને શક્તિશાળી પીઠ બળ પુરૂ પાડતા સ્થાપિત હિતો તરફથી ન્યાય નહિ મળે તે હકિકત તરફ ના.સુપ્રિમકોર્ટનુ ધ્યાન દોરાતા સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ ની રચના કરવા હુકમ કરવામા આવેલ.

આમ, ગોધરાકાંડ પછી એક કોમે વ્યવસ્થિત કાવતરાના ભાગરૂપે થયેલ કોમી હુલ્લડમાં ગંભીર રીતે માલ અને જાનની હાની સહન કરેલ છે તેમને મદદરૂપ થતી સંસ્થાઓ તરફ સમાજમાં કોમી વયમન્સ્વ સર્જી લાભ ખાટતા તત્વોને આવી સામાજીક સંસ્થાઓ આંખમા કણાની જેમ ખૂંચે છે આવા સ્થાપિત હિતો તરફથી અસરગ્રસ્તોને ના.કોર્ટમાંથી પણ ન્યાય ન મળે તે માટે ગંભીર પ્રકારના ગુનાઓ આચરનાર તો.દારો સામે ના.કોર્ટ ન્યાય આપવાની તૈયારીમા છે ત્યારે તેવી સંસ્થાઓ સામે ખોટા અને આ બનાવ ઉપર કે સાહેદોએ તે બનાવ નજરે જોયેલ છે કે કેમ ? અથવા આ તો.દારો ગુનામા સામેલ હતા કે કેમ તે બાબતે ખૂબજ સહજ અને કુદરતી એવા સાહેદોની જુબાની ઉપર કોઈપણ રીતે અસર ન કરતા ખોટા અને વજુદ વગરના આક્ષેપોનો મારો સ્થાપિત હિતોએ તો.દારના બચાવ મારે ગેરકાયદેસર રીતે કરેલ છે. આ પ્રકારના આક્ષપો અસરગ્રસ્ત સાહેદોની જુબાની ન માનવા અને તેમણે જોયેલ બનાવ બાબતે તેમની સામે કોઈપણ રીતે શંકા તે આક્ષેપોના કારણોસર કરી શકાય તેમ નથી.

- **<u>આ પ્રકારના ગુનાઓમાં ના.દાર ઉપરી અદાલતોએ આપેલ મહત્વના ચુકાદાઓ અંગે:-</u>**

૧) (1995),4, Supreme Court Case 392 રનબીર યાદવ વિ.સ્ટેટ ઓફ બિહાર

આ કામમા બનાવના દિવસે તો.દારોએ ગોધરાકાંડ બાદ મુસ્લીમો ઉપર હુમલો કરવા જાણે તેમને છુટો દોર આપી દેવામા આવેલ તે રીતે વર્તી ગેરકાદેસર મંડળી રચી, મુસ્લીમોને મારો,કાપો,બાંડીયાઓને જીવતા સળગાવી દો એક પણ જીવતો બચવો જોઈએ નહિ મારો સાલાઓને વિગેરે જેવા તેવા વાંધાજનક સૂત્રોચ્ચારો કરી પોતાનો સામાન્ય ઈરાદો પુરો પાડવા ગંભીર પ્રકારના ગુનાઓ આચરેલ છે અને ૯૮ જેટલા મુસ્લીમ સ્ત્રી,બાળકો અને પુરુષોને જીવતા બાળીનાંખી ગુનાઓ કરેલ છે.તેમજ મુસ્લીમ સ્ત્રીઓ ઉપર બળાત્કાર કરી તેમને ખૂબજ નિર્દયતાથી મારી નાંખવામાં આવેલ છે. આ હુલ્લડ અને તોફાન દરમ્યાન હિચકારા કૃત્યો અને ગુનાઓ કરતા ટોળામાં સાહેદોએ ના.કોર્ટમા જુબાનીમા આવેલ છે અને તે તો.દારોને તે ગુનાહિત ટોળામાં સામેલ જોંયેલ છે. તેથી બનાવ વખતે ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે તેમનું સામાન્ય ઈરાદો મુસ્લીમોને મારીનાંખવા, આગ,લૂંટફાટ કરવાનો તેમજ બળાત્કાર કરવાનો હતો. અને તે પાર પાડવા તે ટોળાએ જે ગંભીર ગુનાઓ કરેલ છે તે તમામ ગુનાઓ માટે તે ટોળામાં સામેલ દરેક તો.દાર જવાબદાર છે અને તે ટોળાએ આચરેલ દરેક ગંભીર ગુનાઓ માટે વ્યકિતગત રીતે જવાબદાર અને સજાને પાત્ર છે. આ માટે દરેક તો.દારે overtact કરેલ હોવુ જરૂરી નથી તે કાયદામા ખૂબજ સ્પષ્ટ થયેલ હકીકત છે.

(૨) આ ઉપરાંત કોઈ overt act તો.દારો તરફથી થયેલ નહોય છતા ટોળાનાં સામાન્ય ઈરાદો આગ,લૂંટફાટ અને ખૂન કરવાનો હોય તો ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે તો.દારને ટોળાએ આચરેલ ગંભીર પ્રકારના આઈ.પી.સી. કલમ-૩૦૨, ૪૩૬ પ્રમાણે પણ દોષીત ઠરાવી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો (1992) Supreme Court Case 727 મુક્તેસ્વરરાય તથા બીજા વિ. સ્ટેટ ઓફ બિહારનો ચૂકાદો આપણી સમક્ષ છે.

(૩) તો.દારો હુમલો કરતા ટોળામા સામેલ હોય અને એક કોમના માણસોનુ ખૂન કરી મૃત્યુ નીપજાવતા હોય તો વિસ્તૃત વર્ણન કે તે પછીના બનાવ મહત્વના નથી. અને તો.દારોએ તે ટોળામા હોવાથી તેમના ગુના સાબીત થયેલા ગણી શકાય.

આ બાબતે **AIR 1999 S.C. 382** નો ચુકાદો મહત્વનો છે

(૪) કોમી હુલ્લડમા ટોળાએ લાકડીઓ અને પથ્થરમારાથી હુમલો કરી એક જાતીના લોકોને જીવતા બાળી નાંખેલ અને તે ટોળામા સાહેદોએ જે તો.દારો ને જોયેલા તેમને કલમ ૧૪૭,૩૦૨/૧૪૯ ૪૩૬/૧૪૯ ૩૨૩/૧૪૯ તથા ૩૦૭/૧૪૯ પ્રમાણે ના.કોર્ટ સજા ફરમાવેલ આ બાબતે ના.સુપ્રિમ કોર્ટનુ **AIR 1997 S.C. Page 1654** સ્પષ્ટ છે.

(૫) તો.દારોએ કોઈ overt act નથી કરી કે, બનાવ વખતે કોઈ ચોકકસ ભૂમીકા નથી ભજવી તે બાબત મહત્વની ગણી શકાય નહિ અને તો.દારો ગંભીર ગુના આચરતા ટોળામાં સામાન્ય ઈરાદો પૂરો કરવા સારું તેમા સામેલ ગણી કલમ ૧૪૯ પ્રમાણે સજા કરી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો ચુકાદો. **AIR 2004 S.C. Page 4570** છે.

(૬) આ ઉપરાંત બનાવના નજરે જોનાર સાહેદો ઈજાગ્રસ્ત હોય તો બનાવ વખતે તેમની હાજરીને શંકાસ્પદ ગણી ન શકાય. આ ટ્રાયલમા પણ ના.કોર્ટમા જુબાની આપતા મોટાભાગના સાહેદો તેજ વિસ્તારમાં વર્ષોથી રહેનાર સાહેદો છે. બનાવ બન્યો છે તેજ ચાલીઓમાં વર્ષોથી રહે છે. તો.દારો પણ તેજ વિસ્તારના છે અને તેથી તેમને ઓળખે છે. વળી, જુબાની આપનાર મોટાભાગના સાહેદોને બનાવ વખતે થયેલ પથ્થમારા કે અન્ય રીતે ઈજાગ્રસ્ત થયેલ છે. તેથી તેમની બનાવ વખતે હાજરી અંગે શંકા કરવી નિરર્થક છે. આ સંબંધે ના.સુપ્રિમ કોર્ટનો ચુકાદો જે **AIR 1993 S.C. Page 1544** નોંધાવેલ છે તે મહત્વનો છે.

(૭) આ ઉપરાંત એક ખુબજ મહત્વના ચુકાદામાં ના.સુપ્રિમકોર્ટે જણાવ્યુ છે તેમ હુલ્લડના ગુન્હાઓમાં સજા કરવા માટે બે ત્રણ કે વધારે સાહેદોની સાતત્યપુર્ણ (CONSISTENCE) જુબાની જરૂરી ગણી શકાય જે WHOLLY RELIABLE WITNESSન હોય તોય ચંદ્રશેખર વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહાર **AIR 2001 S.C. Page 4024**

**<u>ના.કોર્ટમા સાહેદોની જુબાનીને સંપૂર્ણરીતે વિશ્વસનીય ગણવાના સબળ કારણો</u>**

ગોધરાકાંડ બાદ નરોડા પાટિયા વિસ્તારમાં મુસ્લીમોની ચાલીઆમાં જે કોમી તોફાન થયેલ છે તે તોફાનોમાં સામેલ આરોપીઓના નામ સાહેદોએ પોલીસ તપાસમાં આપેલ છે. તો.દારોના નામો ખોટી રીતે કોઈની ચઢવણી કે અદાવતના કારણે અપાયેલા હોવાની શકયતા કોઈપણ રીતે રહેતી નથી. આ કામના અસરગ્રસ્તો અને લઘુમતી કોમના લોકો ઉપર જે અત્યાચાર અને આગ,લૂંટફાટ, સામૂહિક હત્યા,બળાત્કારના કૃત્યો આચરવામા આવેલ તે કૃત્યો કરનાર વિસ્તારનાજ લોકો જ હતા. અસરગ્રસ્ત સાહેદોએ તેમને સ્પષ્ટ ઓળખેલ છે અને પોલીસ તપાસ અને સીટ રૂબરૂના જવાબોમાં પણ તો.દારોના નામ લખાવેલ છે. તે સમયે સાહેદો ઉપર કોઈપણ આગેવાનો કે સામાજીક કાર્યકારોની અસર કે ચઢવણીને અવકાશ હતો જ નહિ. બનાવ બન્યા બાદ વહેલામા-વહેલી તકે સાહેદોએ પોલીસ જવાબમા જે તો.દારોના નામ લખાવેલ છે તે ખોટા હોઈ ના શકે અને ખોટા માણસોના નામ લખાવવાનો સાહેદોનો કોઈ હેતુ જણાતો નથી.

સાહેદોએ તેમના વહાલસોયા કુટુંબના સભ્યોને પોતાની આંખ સામે મોતને ઘાટ ઉતારતા જે તો.દારોને જોયેલ છે.તેવા ખરા તો.દારોને જતાં કરી કોઈ નિર્દોષ માણસોને વગર કારણે સાહેદો સંડોવણી કરે તે શકય નથી અને માની શકાય નહિ.

તો.દારોએ ગુનાહિત કાતરાના ભાગરૂપે તેમના સામાન્ય ઈરાદાને વ્યવસ્થિત રીતે પાર પાડી શકાય તે હેતુથી બનાવના એક દિવસ અગાઉથી રિવોલ્વરો ઉઘરાવી અને બનાવના દિવસે હથિયારો વહેંચી નરોડા પાટિયા વિસ્તારમાં મુસ્લીમ ચાલીઓમાં મકાનોને આગ લગાડી , લુંટફાટ કરીને મુસ્લીમ સ્ત્રી, પુરુષ, અને બાળકોનો જીવતા સળગાવી મોટો હત્યાકાંડ સર્જવામાં આવેલ છે. અને મુસ્લીમ છોકરીઓ ઉપર બેરહેમીથી બળાત્કાર કરી તેમને મારી નાંખવામાં આવેલ છે. તે સમગ્ર બનાવમાં સાહેદોએ તો.દારોને સારી રીતે ઓળખેલ છે અને ના.કોર્ટમાં પણ તેવાં તો.દારોને ઓળખી બતાવે છે. મોટી સંખ્યામા તો.દારો જુદા-જુદા હથિયારો સાથે હુમલો કરતા અને સાહેદો બચવા સારુ જુદા-જુદા સ્થળે આશરો લેવા આમ તેમ ફરતા હતા. અને આશરો મેળવતા હતા અને પોતાની જાન બચાવતા હતા. તેવા સંજોગોમા સાહેદો તેમને થયેલ ઈજાઓ અને તેવી વિપરીત સ્થિતિના કારણે એકસુત્રતા જુબાનીમા જાળવી ન શકે તે સમજી શકાય તેમ છે તે મતલબનો ચુકાદો ના.સુપ્રિમકોર્ટનો (૮) **<u>1994 Cr.L.J. Page 1103</u>** નો આ બનાવમા પણ તેવી પરિસ્થિતિમા સંપૂર્ણરીતે માની સાહેદોએ જેમણે ખૂબ જ વિપરીત પરિસ્થિતિમા ઈજાગ્રસ્ત થઈને આમ

તેમઆશરો લઈ રહેલ હતા. તેવા સમયે તેમણે જોંયેલ તો.દારો વિરુદ્ધની જુબાનીનું મુલ્યાંકન કરવા નમ્ર વિનંતી છે.

ગેરકાયદેસર મંડળીના સભ્ય હોવા છતાં તે વ્યક્તિએ ટોળા દ્વારા આચરાવમા આવતા ગુનાઓમા સક્રિય ભાગ નથી લીધો તેવુ માની તેને નિર્દોષ ઠરાવી શકાય નહિ આવી સ્થિતિમા તો.દારને **I.P.C.** કલમ ૧૪૯ પ્રમાણે ગેરકાયદેસર મંડળીના સભ્યો હોવાના કારણે તે મંડળીએ આચરેલ ગુનાઓ બાબતે સજા કરી શકાય તે મતલબનો ના.સુપ્રિમ કોર્ટનો (૯) **1989 Cri L.J. Page 850** છે.

તો.દારે ટોળામા કોઈ સક્રિયભાગ ભજવ્યા હોવાની જરૂરીયાત રહેતી નથી અને ટોળાએ આચરેલ ગંભીર પ્રકારના ગુનાઓ બાબત ટોળામા સામેલ તે તો.દારોની જવાબદારી પણ થઈ પડે છે. અને F.I.R. માં તો.દારના નામ ગેરકાયદેસરની મંડળીમા હોવાનુ આવ્યુ હોય તે પણ મહત્વનુ બની રહેછે તે બાબતે પ્રકાશ પાડતુ ના.સુપ્રિમકોર્ટનો (૧૦) **(1994)4 S.C.C. 397** ચુકાદો સુવિદિત છે.

એક મહત્વના મુકાદામા ના.સુપ્રિમકોર્ટે રીપોર્ટ થયેલ (૧૧) **AIR 1995 S.C. Page 1748** માં તે ચુકાદાના પેરા-૧૮ મા સ્પષ્ટતા કરેલ છે તે પ્રમાણે મોટાપાયે અનેક તો.દારો હુમલો કરતા હોય ત્યારે તેઓએ ભજવેલ વ્યક્તિગત ભાગ બાબતે સાહેદો જણાવી શકે નહિ. પરંતુ, તો.દારો બનાવ વખતે હથિયારો સાથે ટોળુ રચી, હુમલો કરવા આગળ આવેલ ત્યારે તેઓનો સામાન્ય ઈરાદો ગેરકાયદેસર મંડળી બની સામાપક્ષના માણસોનુ કાસળ કાઢવાનુ જ હતુ અને પુરાવા પ્રમાણે ઈ.પી.કો. કલમ ૩૦૨,૧૪૯ પ્રમાણે સજા પાત્ર છે.

આ બનાવમા ના.કોર્ટને મદદરૂપ થઈ પડે તેવો એક મહત્વનો ચુકાદો. (૧૨) **1998 Cri L.J. Page 988 (Delhi High Court)** નો છે. જે પ્રમાણે તો.દાર ગેરકાયદેસર મંડળીરચી પોતાનો સમાન્ય ઈરાદો ખૂન, લૂંટફાટ અને મકાનો બાળવાનો હોઈ તે દરેકની વ્યક્તિગત સક્રિય ગુનાહિત કૃત્ય બતાવવુ જરૂરી નથી અને તો.દારોએ વિશેષ કોમના માણસોને મારી નાંખવા અને તેમની માલમીલ્કતને લૂંટવા અને બાળવાનો સામાન્ય ઈરાદો ધરાવતો હોય અને શંકાસ્પદ ઈન્વેસ્ટીગેશન

થયેલુ હોય અને જયાં લાશો કે ગુનામાં વપરાયેલ હથિયારો મળી આવ્યા ન હોય તો તેવી હકીકત અને સંજોગો પણ ગંભીર ગણાઈ શકાય નહિ.

કેટલાક તો.દારોના નામ F.I.R. માં ના લખાવ્યા હોય તે પણ આવા સંજોગોમા મહત્વપૂર્ણ ગણી શકાય નહિ.

આ કામના તો.દારોએ બનાવના દિવસે ગેરકાયદેસર મંડળી બની તેમનું ગેરકાયદેસર હેતુ પાર પાડવા ગંભીર પ્રકારના ગુનાઓ કરેલ છે. અને તે ગેરકાયદેસરની મંડળીએ જે ગુનાઓ આચરેલ છે તે માટે દરેક તો.દાર ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે કાયદેસર રીતે જવાબદાર છે. તેથી આ કામના દરેક તો.દારને કાયદેસર રીતે ગેરકાયદેસર મંડળીના સભ્ય તરીકે જવાબદાર ગણી તેઓએ આચરેલ ગુનાઓ બાબતે સજા કરવા ન્યાયના હિતમાં જરૂરી છે.

એકવધુ અતિમહત્વના ચુકાદામા ના.સુપ્રિમકોર્ટે (૧૩) **AIR 2002 S.C. 1965** માં ઉલ્લેખ કરેલ છે તે પ્રમાણે હિચકારા બનાવમા એકજ કોમના ૩૫ જેટલા માણસો મરણ પામ્યા હોય અને કેટલાકને ઈજાઓ થયેલ હોય અને તે વિસ્તારમાં ગભરાટ ફેલાયેલો હોય અને ખૂબજ ઉગ્ર ટોળાએ હુમલો કર્યો હોય તેવા સંજોગોમા એક કે બે સાહેદોની પણ જુબાની માની શકાય તેવી જુબાની મહત્વની થઈ પડે છે. આવા સંજોગોમા સાહેદોની સંખ્યા કરતા તેમના પુરાવાની ગુણવત્તા મહત્વની થઈ પડે છે. આજ ચુકાદામાં ના.સુપ્રિમ કોર્ટ ખૂબજ મહત્વનુ ઓબ્જર્વેશન કરેલ છે અને જસ્ટીસ શ્રી અરીજીત પસાયત સાહેબના તેમના ચુકાદાના પેરા-૯૪ માં જણાવ્યા પ્રમાણે બનાવના સમયને સારો એવો સમય વીતી ગયો હોય, માનસીક નિર્બળતા અને બનાવના વિકૃત દ્રશ્યો અને આઘાતના કારણે માનસીક આઘાત લાગેલ હોય તેવા સંજોગોમા સાહેદની જુબાનીમા સામાન્ય વિરોધાભાસ હોઈ શકે છે નામદાર કોર્ટોએ કયા પ્રકારના વિરોધાભાસને મહત્વનો ગણવો જોઈએ તે નકકી કરવુ જોઈએ.

(૧૪)**AIR 1997 S.C. 1654** માં ના સુપ્રિમ કોર્ટે આ કેસમા મદદરૂપ તે મતલબનુ એવુ ઓબ્જર્વેશન કરેલ છે કે જયારે

હુલ્લડમાં માણસો માર્યા ગયા હોય,ત્યારે બનાવને મોટો ચીતરવા મહત્વના ન ગણી શકાય તેવી વિરોધાભાસી જુબાની પ્રત્યક્ષદર્શી સાહેદોની જુબાનીમાં હોઈ શકે છે અને જયારે મોટા પ્રમાણમાં હુમલાખોર તો.દારો હોય, હુલ્લડનો કેસ હોય અને સંખ્યાબંધ સાહેદો હોય, ત્યારે સાક્ષીઓના પુરાવાને નકારી ન કાઢતા સાહેદોની જુબાની એક સરખી ન હોય તે કુદરતી રીતે શકય છે.

આ હકીકત ના.સુપ્રિમ કોર્ટ તેમના ચુકાદાના પેરા-૩ર મા નોંધેલ છે જે આ કામના સાહેદોની જુબાનીનું મૂલ્યાંકન કરતા પણ ધ્યાને લેવી જરૂરી છે.

તો.દારની ઓળખ બાબતમા ના.સુપ્રિમ કોર્ટે પોતાના (૧૫) **AIR 1997 S.C.Page 322** માં નોધ્યુ છે તે પ્રમાણે જયારે વધુ સાહેદો હોય તેવા સંજોગોમા એક સાહેદની જુબાની પણ તો.દારની ઓળખ માટે પૂરતી ગણી શકાય છતા મોટા પ્રમાણમાં ગેરકાયદેસર મંડળી બાબતમા કોર્ટ બે માનવા લાયક સાક્ષીઓની ઓળખનો પુરાવો તો.દારની ઓળખના પુરાવા તરીકે આગ્રહ રાખી શકે. આ કામમા તો.દારોને ના.કોર્ટમા એક કરતા વધારે સાહેદોએ ઓળખી બતાવેલ છે.

ના.કોર્ટ સમક્ષની જુબાનીમા સાહેદોએ તો.દારોને ઓળખી બતાવેલ હોઈ પરંતુ, તેમના નામ તેઓએ અગાઉ લખાવેલ ન હોય તેવા સંજોગોમા **Dana Yadav V/S State of Bihar** મા (૧૬)**AIR 2002 S.C. Page 3325** માં નોંધ્યા પ્રમાણે આવા સાહેદની જુબાની ન માનવી તેવો કોઈ કાયદો નથી.

તો.દારો સામે પડેલ સમગ્ર પુરાવો જોતા એ સ્પષ્ટ થાય છે કે, સાહેદો તો.દારોના વિસ્તારનાજ રહેવાસીઓ છે. તેમને તો.દારો સાથે કોઈ અદાવત નથી કે તેવો કોઈ કારણસર સાહેદો તેમના ખોટા નામ આપે વળી, બનાવ બન્યો તે બાદ મોટા ભાગના સાહેદોએનો વહેલામાં-વહેલી તકે પોલીસ જવાબ લખાવેલ છે. તેમાં પણ સંબંધીત તો.દારોના નામ તેમણે જાહેર કરેલ છે અને સીટની તપાસમાં પણ તો. દોરાનો નામ આપેલ છે. અને ના.કોર્ટમા તેવા તો.દારને ઓળખી પણ બતાવેલ છે.

આવા સાહેદોની જુબાનીનું મૂલ્યાંકન કરવામાં આવે ત્યારે તેઓએ ના.કોર્ટમા આપેલ જુબાની ખૂબજ વિશ્વાસનીય શંકા રહીત અને માની શકાય તેવો પૂરાવો પૂરી પાડતી જુબાનીઓ છે.

કેટલાક સાહેદોએ ના.કોર્ટમા તો.દારોને ઓળખી બતાવવા મૂશ્કેલી અનૂભવેલ છે. ઓળખવિધી વખતે ના.કોર્ટમા તો.દારો સાહેદો તેમને ન ઓળખે તે માટે કેવી-કેવી યુક્તિઓ અપનાવતા હતા તે બાબતે ના.કોર્ટે સાહેદોની જુબાની દરમ્યાન નોંધ પણ લીધી છે અને તે નોંધ સાહેદોની જુબાનીમાં  લખેલ છે. ના.કોર્ટમાં તો.દારોની બેઠક વ્યવસ્થા ખૂબજ ગીચ હોવાથી અમૂક સાહેદો તો.દારોને ઓળખી શકેલ નથી.

આ કામમા એ હકીકત સ્પષ્ટ છે કે, ૨૦૦૨મા બનેલ કમનસીબ કોમી હુલ્લડોમાં તપાસ કરનાર એજન્સીઓ અને રાજય જેવા શક્તિશાળી બળનું પક્ષપાતી અને દ્વેશપૂર્ણ વલણ હોવાને કારણે અસરગ્રસ્તોને ન્યાય મળી શકે તેવી કોઈ તપાસ જાણીબુઝીને થયેલ નહિ અને ખરા તો.દારો સુધી ન્યાયના હાથ પહોંચી શકે નહિ તે માટે પ્રયત્ન કરવામા આવેલ જેથી અસરગ્રસ્તોને દેશની સર્વોચ્ચ અદાલત સમક્ષ રાજયની તપાસ કરતી પોલીસ એજન્સી વિરૂધ્ધ રજુઆત કરાતા ના.સુપ્રીમકોર્ટને તે અરજમાં તથ્ય જણાતાં સીટની રચના કરેલ સીટની રચના થયા બાદ પણ તેના અમલદારો તરફથી થતી તપાસ બાબતમાં અનેક આશંકાઓ રહેલી છે આમ, આ સ્થિતિમા ખૂબજ હિત પ્રકારનાં ગંભીર પ્રકારના ગુનાઓમાં ભોગ બનેલ અસરગ્રસ્તોને તપાસ કરનાર એજન્સીઓની સાચી મદદ અને દોરવણીના બદલે હિન કૃત્યો અને ગંભીર ગુનાઓ કરતા તો.દારોને લાભ થાય તે પ્રકારનું ઈન્વેસ્ટીગેશન થયેલાનુ જણાય છે આવા સંજોગોમા ના.સુપ્રિમ કોર્ટ (૧૭) **Baladin and others V/S State of U.P. A.I.R. 1956 S.C. 181** માં નોંધેલ છે તે પ્રમાણે જયારે પોલીસ તપાસ શંકાશીલ રીતે થયેલ હોય તેવી સ્થિતિમા સાહેદોની જુબાનીમા Contradication, omissions, બહુ મહત્વના ન ગણી શકાય આ સંજોગોમા સાહેદે ના.કોર્ટમા આપેલ જુબાની જ મહત્વ ધારણ કરે છે અને તે જુબાની ના.કોર્ટ તે રીતે કેટલી વિશ્વાસપાત્ર અને માની

શકાય તેમ છે તે રીતે તેનુ મૂલ્યાંકન કરવુ જોઈએ. આ સિવાય ન્યાયની પ્રક્રિયાને આડે રસ્તે ચડાવવા એક યા બીજા પ્રકારના આક્ષેપો ઉભા કરી શક્તિશાળી પીઠબળ ધરાવતા સ્થાપિત હિતો તરફથી સાહેદોની જુબાની ઉપર યેનકેન પ્રકારે શંકાના વાદળો ઉભા કરવા જાત-જાતના પ્રયત્નો કરવામા કશુ બાકી રાખવામા આવ્યુ નથી તે ના.કોર્ટે સુક્ષ્મ રીતે જોવુ જોઈએ.ખૂબજ મોટા પ્રમાણમા થયેલ કોમી હુલ્લડોમા સાહેદોએ તેમના અનેક વ્હાલાસોયા પ્રીયજનોને ગુમાવેલ છે અને કોઈપણ જાતની રોકટોક વગર સમાજમાં આ રીતના અમાનવીય હત્યાકાંડ સર્જતા તત્વોને નશીયતરૂપ સજા થાય તે જરૂરી છે. આવા તત્વોને તેમના ગુનાઓ બદલ યોગ્ય સજા થાય તો જ સમાજમાં છાસવારે કોમી-તંગીદીલી ઉભી કરી પોતાનાં લાભ સારૂં નિર્દોષ લોકોની જાન અને માલ-મિલ્કત સાથે ખેલ ખેલતા તેમને રોકી શકાય. ગંભીર પ્રકારના કોમી હુલ્લડો કરવા દોડી આવતા તો.દારોને કાયદા તરફથી યોગ્ય સજાના અભાવે તેઓને હંમેશ ના માટે મોકળુ મેદાન મળી જવાનો જાણે કે, પરવાનો મળી જશે તેથી પોતાનુ સર્વસ્વ ગુમાવનાર ગરીબ, અભણ અને અશક્ત લોકોની ન્યાયની પોકાર સાંભળી ગુનેગાર તો.દારોને સખત સજા કરવા નમ્ર વિનંતી છે. તેમજ આ કામમાં સમગ્ર પુરાવો તેમજ ડોક્યુમેન્ટરી એવીડન્સ તેમજ મેડીકલ એવીડન્સ વંચાણે લેતા આ કામનાં આરોપી વિરુધ્ધ પ્રોસીક્યુશન તરફનો કેસ સંપુર્ણપણે સાબીત થાય છે. જેથી આ કામે પડેલ તમામ પુરાવો તેમજ અમારી લેખીત દલીલો વંચાણે લઈ તેમજ સરકારી વકીલ સાહેબે કરેલ દલીલો ધ્યાને લઈ આ કામનાં તો.દારોને સખત સજા કરવા નમ્ર વિનંતી છે.

અમદાવાદ

તા.૨૭-૨-૨૦૧૨

---------------------------

સાહેદો / વિક્ટીમના એડવોકેટ
*આર.એ.શેખ (રાજુ શેખ)*
*અલ્તાફખાન આઈ. જીદ્રાન*